


તી કાલમાં નાગરિકોનું માસિક

વર્ષ ૧૯મું અંક ૧ જાન્યુઆરી ૧૯૪૨

તંત્રી · રવિશંકર મ. રાવળ ૨૧૭ સંપાદક · બચુભાઈ રાવત



ચિત્રો—

કવિતા—

ચરિત્ર—


વાર્તા—

લેખો—

વિભાગો—

કુમાર પ્રત્યેક અંગ્રેજી મહિનાની પંદરમી તારીખે બહાર પડે છે

મુદ્રક બચુભાઈ રાવત, તંત્રી અને પ્રકાશક રવિશંકર રાવળ, કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય ૧૪૫૪ રાયપુર અમદાવાદ વાર્ષિક રૂ. ૫, પરદેશના ૧૨ શિ., છૂટક દસ આના, મુંબાઈમાં: કુમાર ઑફિસ, ૧૩૧-૧૪૨ મેડોઝ સ્ટ્રીટ, આર. આર. રેડની ક અથવા રાવત બ્રધર્સ પ્રિન્સેસ સ્ટ્રીટ. વડોદરામાં: નૂતન ફોટો સ્ટુડિયો, રાવપુરા.



ઝરૂખો

ફોટો: અસદમિયાં કે. સૈયદ

(કૅમેરા રોલીફ્લેક્સ ટ્રાયોટાર લેન્સ F ૨·૪ ૧/૧૧૦ at f ૧૧. લાઈટ યલો ફિલ્ટર કોડાક સુપર XX પૅન્ક્રો ફિલ્મ. એપ્રિલ ૩-૩૦ બપોરના)



ગ્રામસરિતા

ચિત્રકાર રસિકલાલ પરીખ

વર્ષ ૧૯ **કુમાર** અંક ૧

જાન્યુઆરી ૧૯૪૨

તારો જ તું જય થજે



• વસંતતિલકા •

સંમોહથી જીવનયુદ્ધ મહીં ય જ્યારે
હેઠાં પડે કરથી શસ્ત્ર અજાણ, તારી
શક્તિ હણાય; તુજ ભેરૂ કરીશ કોને?
તું પાર્થ છે,—જીવનમાં લડનાર સૌ યે
છે પાર્થ; તો ય નહિ સારથિ પાર્થનો એ
પામે બધા, કર મહીં ફરી શસ્ત્ર આપી
જે પ્રેરતો, વિજિગિષા બઢવે, રહીને
યુદ્ધે અદીઠ પણ જે જયપ્રેરણા છે,—
—ના, પ્રેરણા નહિ જ, એ સ્વયમેવ જેતા—
ને પાર્થ માત્ર જયનું હથિયાર એનું.


જીવ્યુ ભલે તુજ સદા કુરુક્ષેત્ર થાય:
એમાં જ પૌરુષની સિદ્ધિ બધાની છે ને?
તારો જ તું જય થજે, તુજ પ્રેરણા યે,
તું સારથિ, તું જ પરંતપ, વિશ્વજિત્ તું.

હરિશ્ચન્દ્ર ભ૰ ભટ્ટ

'ઝબૂકો અને ગોનેર' નામે તરતમાં પ્રકટ થનાર કાવ્યસંગ્રહમાંનું એક કાવ્ય

૧૯મે વર્ષે · થોડો ફેરફાર

લગભગ ચારગણી કિંમતે જઈ પહોંચેલી કાગળની મોંઘવારી 'કુમાર'ના દેહ-રૂપમાં થોડો ફેરફાર કરવાની અમને ફરજ પાડે છે. 'કુમાર' શરૂ થયું ત્યારથી બાર વર્ષ સુધી અમે નિયમિત ચાળીસ પાનાં આપ્યા કર્યાં છે. વચ્ચે ૧૩-૧૪ ને ૧૫-૧૬મા વર્ષમાં તો અમે સોળ ને આઠ પાનાનો વધારો તથા બેરંગી છપાઈની છાટ પણ ઉમેરી હતી. પણ આ નીચે છાપેલો આલેખ બતાવશે કે એ ચાર વર્ષમાં એટલો વધારો આપવા છતાં, ને ગયે વર્ષે ચાર પાનાનો ઘટાડો કરી નાખવા છતાં ગ્રાહકસંખ્યાનો આંક કેવી વિચિત્ર રીતે ચઢ્યો ઊતર્યો છે! એટલે



અમને તો વિશ્વાસ છે કે કપરા સંજોગોમાં આ વર્ષે થતો બીજો ચાર પાનાંનો ઘટાડો એની ગ્રાહકસંખ્યા પર અસર નહિ પહોંચાડે. એની સામે અમે ખાતરી આપવા માગીએ છીએ કે વાચકોને તો, એમને ગમ્યા કરતી સામગ્રી, એના ગુણ કે સંખ્યામાં ફેરફાર થયા વિના મળ્યા કરશે; અને એની પ્રતીતિ આ અંક તથા આ નીચેનો હિસાબ આપી રહેશે.

સામાન્યતઃ અપાતા ૪૦ પાનાંમાં અમે સરેરાશ ૨૪ પાનાંનું વાચન ચાલુ (પાઈકા) ટાઈપમાં અને ૧૬ પાનાંનું નાના (સ્મૉલ) ટાઈપમાં આપતા હતા. બ્લૉકો ન હોય તો તેની લીટીઓ, પાઈકાની પાના દીઠ ૭૬ ને હિસાબે ૧૮૨૪ થાય, અને સ્મૉલની પાના દીઠ ૮૬ને હિસાબે ૧૩૭૬ ગણી બંનેની કુલ ૩૨૦૦ થાય. આ અંકથી અમે બધાં જ પાનાં નાના બીબાંમાં આપવા સાથે લીટીઓને વધુ લાંબી કરી છે, વધુ પાસેપાસે આણી છે અને પૃષ્ઠની ઊંચાઈ પણ વધારી છે. એથી હવે (બ્લૉક વિના) પાના દીઠ ૯૮ લીટીને હિસાબે ૩૬ પાનાંમાં કુલ ૩૫૨૮ લીટીઓનું વાચન સમાય, જે બહુ મોટો ઘટાડો નથી

[ઉત્તર ભારતના કલાકેન્દ્રોના સંપર્ક અર્થે તંત્રીએ કરેલી સંસ્કાર-યાત્રાનું વર્ણન—ગયા અંકને અનુસંધાને શાન્તિનિકેતનનો પરિચય ચાલુ]

'વાલ્મિકી-પ્રતિભા'નો નાટ્યપ્રયોગ

● ૧૮૮૦માં કવિશ્રી ઇંગ્લંડથી આવ્યા પછી ત્યાંના આઇરિશ તજ્જ્ઞાની ઢબે એમણે આ આખું નાટક ગાનરચનામાં ઉતાર્યું હતું. તેમાં ત્યાંની સુરાવટો ભળેલી છે અને હિંદી સંગીતકળાને સત્કારયોગ્ય જરા નિર્બન્ધ બનાવી છે. સંગીતભવનના આચાર્ય શાન્તિદાના નેતૃત્વ નીચે સંગીત, ચિત્ર અને વિદ્યાભવનના વિદ્યાર્થીઓ તથા કન્યાઓએ તા. ૨૬મીની રાત્રે તે ભજવી બતાવ્યું. શ્રી શાન્તિદાએ પોતે તેમાં વાલ્મિકનું પાત્ર ઉપાડ્યું હતું અને તેના સ્વરોને શ્રી ગુરુદેવની વિધિ પ્રમાણે જ ઉતાર્યા હતા. નાટ્યભૂમિ ઉપર કશી જ તૈયારી કે ઠાઠમાઠ ન હતા. વિદ્યાભવનની ઓશરીમાં જ ઝાડના બેચાર મોટા ડાળખાં બાંધીને જંગલનો ખ્યાલ ઊભો કર્યો હતો. એક ડાળી સાથે ખુલ્લું ખડગ લોહિયાળ બનાવી લટકાવ્યું હતું. ત્રિશૂળ અને પથ્થરો મૂકી માતાનું થાનક બનાવ્યું હતું. થોડીક વીજળિક રોશની, એક મોટી ફાનસજ્યોત અને જવનિકા,—બસ. પણ વેશભૂષામાં, અભિનયમાં અને ભાવનિરૂપણમાં ઘણા પ્રયત્નપૂર્વક સૂક્ષ્મતાઓ જાળવી હતી. વાલ્મિકના ભેરુ બહારવટિયાઓની બીહામણી મુદ્રાઓ અને કરાળ તોફાનમસ્તી પ્રેક્ષકોને ત્રાસ ઉપજાવે એવાં હતાં. તેમને હાથે પકડાએલી હરિણી સમી બાલિકાનો માતાને ભોગ ધરાવવા તેઓ તૈયાર થાય છે ત્યારે તે બાળા દયા યાચે છે. તેથી વાલ્મિકનું હૃદય દ્રવે છે અને તે તેને છુટકારો આપે છે. વનની દેવીઓ તેનું અભિવાદન કરે છે. પછી તે વનમાં રખડતો થાય છે. ફરી વાર બહારવટિયા માતાને પ્રસન્ન કરવા પેલી બાલિકાને પકડી લાવે છે, ત્યાં વાલ્મિક આવી ચડે છે ને તેમને ખૂબ ધમકાવી બાલિકાને દૂર મૂકવા જાય છે. અહીં બાલિકાને ખરા ભાવાશ્રુ આવી રહ્યાં હતાં. છેવટ વાલ્મિક નામે તેમ રખડતો ફરે છે. એવામાં બહારવટિયાનું ટોળું આવી ક્રૌંચ જોડા પર તીર મારે છે, તેથી તેનું એક મરી જાય છે. તે જોઈ દુ:ખભારે વાલ્મિક શ્લોકમાં પારધીને શાપ આપી દે છે અને પછી આવી દિવ્ય વાણી પોતાને ક્યાંથી પ્રાપ્ત થઈ તેનું આશ્ચર્ય અનુભવે છે. તેને લાગે છે કે કોઈ દૈવી પ્રકાશ તેનામાં પ્રવેશ્યો છે. તે જ વખતે દેવી સરસ્વતી પ્રકટ થાય છે અને તેને વરદાન આપે છે. વનદેવીઓ સરસ્વતીનું ગાન કરે છે. વાલ્મિક કાવ્યની ઉપાસના તજી સરસ્વતીની ઉપાસના સ્વીકારે છે અને તેની શોધમાં નીકળી જાય છે. ત્યાં લક્ષ્મી તેને અનેક વૈભવો ને સુખસંપત્તિ આપવા પ્રકટ થાય છે. પણ તેને તો સરસ્વતીની એકની જ ઉપાસના જોઈતી હોવાથી એનો અસ્વીકાર કરે છે. રખડતા વાલ્મિકને આખરે સરસ્વતી ફરી વાર દર્શન દે છે અને વિશ્વ આખું કાવ્યમય બની જતું લાગે છે. સરસ્વતી તેને કહે છે કે વાલ્મિકના હૃદયની જડતા તોડી તેમાંથી માનવ પ્રેમનું ઝરણું વહાવવા પોતે જ પેલી અનાથ બાલિકાનું રૂપ લઈ આવી હતી. અને આમ કરી વાલ્મિકને પોતાની વીણા ભેટ આપે છે.

આખું નાટક એક જ સ્થાન પર માત્ર પ્રકાશના સૂચનો અને પાત્રોની આવજા પર જ કડીબદ્ધ આવ્યું ને સુરાવટ તેમજ ગાનના આરોહઅવરોહમાં જ ભાવાનુભવ કરાવાયો.

બીજે દિવસે સવારે મેં કલાભવનના જૂના ચિત્રસંગ્રહો અને હાલના વિદ્યાર્થીઓનું સતત ચિત્રપ્રદર્શન જોવામાં વખત ગાળ્યો. જૂના વિદ્યાર્થીઓનાં લીનોકટ, વૂડકટ, લીથોગ્રાફી વગેરે કામના નમૂના જોતાં એમ લાગે કે એ આગૂના વિદ્યાર્થીઓ આજે વિરલ થઈ ગયા છે. શ્રી નંદબાબુએ તો ઇચિંગ, લીનોકટ, લીથોગ્રાફી વગેરે બધી હાથમુદ્રામાં એક વાર સૂક્ષ્મ ઉત્કૃષ્ટતા પ્રાપ્ત કરી બતાવી છે. એમના એ પ્રથમ યુગના વિદ્યાર્થીઓ અને સહધર્મીઓ આજે જુદીજુદી કળાશાળાઓમાં અધ્યાપકપદો શોભાવી રહ્યા છે. કળાભવનનું પુસ્તકાલય પૂર્ણપણે અવલોકવાને તો મહીનાઓ જોઈએ, પણ અહીંના થોડા વિદ્વાન વિદ્યાર્થીઓ પૂર્વ અને પશ્ચિમની કલાચર્ચાઓના સાર રૂપ કાંઈ પુસ્તક હિંદીમાં તૈયાર કરે તો સારું એવી તેમની તીવ્ર ઇચ્છા છે. આ સિવાય સંપ્રદાયોના વાદ ઢબે એમનથી


વિનોદદા અને કિંકરદા

● એમના આ શાપકશાળમાંથી જ શ્રી વિનોદદા (દા=દાદા-મોટાભાઈ) હિંદી ચિત્રકળાનો અદ્યતન ઇતિહાસ એકઠો કરી રહ્યા છે. રવિવર્મા પછી ગુજરાતમાં પહેલું ઑઇલ પેઇન્ટિંગ કોણે ઉપાડ્યું તે એમનો એક પ્રશ્ન હતો. મારે પણ એ શોધ કરવાની છે. કિંકરદા (શ્રી રામકિંકર બૈજ) એક મસ્ત કલાકાર છે. તે ગાળામાં શીખવે છે ત્યારે વિદ્યાર્થીઓ તેની હિંદી છાપ પર મુગ્ધ બની જાય છે, અને તે જ હાથે ફ્રેન્ચ ઇમ્પ્રેશનિસ્ટ (ભાવછાયાવાદી) ચિત્રોના મોટા કૅનવાસ એકાંતે ચીતરતા જોઈ તેમની સ્ફુરણા ને સર્જનથી સૌને વિસ્મય થાય છે. હમણાં તો તે એકલા હાથે મોટા તોતીંગ પ્રતિમાસમૂહો માટી કે કોંક્રીટમાં કરી રહ્યા છે. દિવસે કે રાત્રે



'વાલ્મિકી પ્રતિભા' નાટકમાંનો [illegible] પ્રવેશ

કલાભવનમાં નંદબાબુ તથા બીજા વિદ્યાર્થીઓ વગેરેને ગુજરાતની કળાના નમૂના બતાવનાર શ્રી રવિશંકર રાવળ - એમની પાછળ [illegible] ત્રિવેદી



શાંતિનિકેતન આશ્રમમાંથી જણાતું 'ઉત્તરાયન'નું દૃશ્ય બાહ્ય તેમજ અંતરંગમાં સુંદર સ્થાપત્ય-રચનાઓ ધરાવતું એ ભવન નવી જ સૌંદર્યદૃષ્ટિ રજૂ કરે છે

તેમને તમે ફુરસદ લેતા જોઈ શકો જ નહિ. રાત્રે પણ એકાદ બાજુ પર મોટી ભીંત કે કોલા પાસે કડિયાઓની ગાડકથી રેતી કે સીમેન્ટની પ્રતિમાઓ પર ફિટસનના દીવે કામ કરતા જ જણાય. એમણે કરેલી બેચાર પ્રતિમાઓ સાકારરૂપ અને ભાવરૂપમાં ઉત્તરાયણ કે વિદ્યામંદિરની પાછળ જોઈ શકો. કોઈ તો એવી, કે તમે જોઈ રહો પણ શું જુઓ છો એ કહી શકો નહિ; પરંતુ કંઈક છે એમ કબૂલ કરો જ


ઉત્તરાયણ અને શ્યામલી

● મેં ઉત્તરાયણની વાત હજુ નથી કરી. શાંતિનિકેતનના વાસની બહાર એક જુદી જ વાડીમાં શ્રી ગુરુદેવનો વાસ હતો. પહેલાં તેમણે પોતાના માટે ગુપ્ત કાળના માટનું માટીનું એક સુંદર ઘર બંધાવેલું. તેનું નામ શ્યામલી છે. પણ તે ઘણું નાનું છે. તેમના પુત્રપરિવાર અને મહેમાનો માટેની સગવડ તેમાં ભાગ્યે જ હતી, એટલે તેમણે ઉત્તરાયણ નામનું એક સુંદર ભવન બાજુમાં જ બંધાવ્યું. તેના બાહ્ય તેમજ અંતરંગમાં બહુ જ સુંદર સ્થાપત્યરચનાઓ અને ગવાક્ષો છે; અને છતાં તે આધુનિક ભારતીય સ્વરૂપનું નિઃશંક કહી શકાય. એના મુખ્ય ખંડમાં ગુરુદેવની ચિત્રકળાના બધાય નમૂના (જે નકુરોથી પણ વધુ હશે) બહુ જ કલામય રીતે ભીંત પર મઢેલા છે. તેના દ્વારપ્રવેશો, અટારીઓ અને ગવાક્ષો નવી સૌંદર્યદૃષ્ટિ રજૂ કરે છે.

એ આખા મકાનના એક સુંદર પરિશિષ્ટ જેવું તો શ્રી પ્રતિમાદેવી (ગુરુદેવનાં પુત્રવધુ)નું કલાગૃહ છે. રૂઢ બાંધકામ અને શિલ્પબદ્ધ એન્જિનીઅરિંગની ઘણી અવગણના કરી તેમાં નવું રૂપવિધાન કરવામાં આવ્યું છે અને તે ન ભુલાય તેવું છે. શ્રી રથીન્દ્રનાથ ટાગોરનાં પત્ની એ શ્રી પ્રતિમાદેવી પોતે ઉત્તમ ચિત્રલેખા છે

ઉત્તરાયણનો બાગ અને વચ્ચેનું તળાવ જાપાનીઝ કલાના પર રચાયા છે. તેની મધ્યમાં કરેલા નાનકડા ટાપુ પર ગિરિતુંગ રૂપે શોભતું ગુરુદેવનું મસ્તક કિંકરદાની કલાકૃતિ છે.

ઉત્તરાયણની બીજી સ્થાપત્યરચનાઓમાં પણ કંઈક નવું દિગ્દર્શન છે, એમ છતાં પણ બાજુમાં આવેલી શ્યામલી જ




ડાબી બાજુ: 'ઉત્તરાયન'માં જાપાની ઢબે રચેલો સુંદર તળાવડીવાળો બાગ



જમણી બાજુ: એ બાગની વચ્ચે તળાવડીની મધ્યમાં ગિરિતુંગ રૂપે ગોઠવેલું કિંકરદાએ સીમેન્ટમાં કરેલું ગુરુદેવના મસ્તકનું શિલ્પ





પોતાની માટીની નાની ઝૂંપડીઓ વચ્ચે ગુરુદેવનો વાસ એમના જીવનની છેલ્લી ઘડી સુધી સાચવી રહીને ધન્ય અને સ્મરણીય બની છે આજે પણ એમાં ગુરુદેવ ક્યાં બેસી ચિત્રો કરતા, ક્યાં વાંચતા, ન્યાં સૂતા તે બધું જોઈ શકાય છે 'નુ એકાંત' કેવી શાન્તિ ! કેવી સાદાઈ ! ઉત્તરાયણના વાસ તેમણે કદી પસંદ નહોતો કર્યો એ શ્યામલીના દ્વારપ્રવેશે કાઠિયાવાડનું પાનતોરણ લટકાવેલું જોઈ હું હરખાયો હતો ગુજરાતે એને ગામડી કળા ગણી કાઢેલી તેને ગુરુદેવે પ્રથમ સન્માની છે

શિલ્પનો નવતર પ્રયોગ

● ચિત્રકળાની જેમ શાન્તિનિકેતનમાં શિલ્પના પણ અપાર પ્રયોગ થયા છે પણ તેને દૂર જઈ પ્રગટાવનાર કોઈ નથી નીકળ્યા તેમાંનો એક પ્રયોગ તે ભીંતને આધારે કે ઢીબા રૂપે, માટીની મોટી મૂર્તિઓ કે અવનવી પ્રતિમાઓ કરી તે પર ડામર અને છાણનું લીપણ કરવાનો છે એ લીંપણને લીધે એ કૃતિઓ વરસાદમાં પણ બેચાર ચોમાસ બરાબર ટકી રહે છે વિદ્યાર્થીઓ માટે પ્રયોગ કરવા આ સસ્તા સાધનવાળી પદ્ધતિ અનુકૂળ હોઈને અહીંના ઘણા નિવાસગૃહોની ભીંતો પર કે ખાલી ખૂણાઓમાં આસીરિયા, ઇજિપ્ત અને હિંદના શિલ્પની અવનવી પ્રતિમાઓ નમૂના રૂપે તૈયાર કરવામાં આવી છે અને તે બાગ અમરનાથ વાતાવરણ ઉપજાવે છે ગુજરાતમાંથી ભાઈ હરિવદને આ દિશામાં કાંઈક પ્રગતિ કરેલી અને ભોગ મનસુખ પણ કરેલા, પરંતુ દેવને કોણ સમજ્યું છે ?

ગુજરાતની કલાવાર્તા

● તા ૨૭મીની બપોરે શાન્તિનિકેતનની ગુજરાતી સંસદના સભ્યોએ નાનું સંમેલન ભરી મારું પ્રેમભર્યું આતિથ્ય કર્યું એ પ્રસંગ તો ન ભુલાય એવો બન્યો તેમાં સિંધી, કચ્છી, કાઠિયાવાડી અને ગુજરાતના ભાઈઓએ એકરૂપ બની જલપાન (એટલે અલ્પાહાર) અને ગાન સાથે તેને એક સુંદર અવસર બનાવી દીધો હતો નવ દસની સંખ્યામાં બહેનો પણ હતી આવા દૂર પ્રાંતમાં જુદી સગવડ કરતાં તેમને ઘણી મુશ્કેલી નડી હશે એ પ્રત્યેકનો હું ઋણી બન્યો છું


તે જ રાત્રે મારે ગુજરાતની કળાની રૂપરેખા શાન્તિનિકેતનના વિદ્યાર્થીસમાજ તેમજ અધ્યાપકસમૂહ આગળ રજૂ કરવાની હતી સભા ગ્યૂઝિયમ (કલાભવન)ના દ્વાર આગળ જ ગોઠવી હતી કલાભવનના પુસ્તકપાલ કલાકાર શ્રી ગિરિધારી અને શ્રી માસોજીએ મારા ચિત્રોની સ્લાઈડો બનાવવા માટે શ્રમપૂર્વક એપીડાયોસ્કોપ તૈયાર કર્યું હતું, પણ તેનો એક ગ્લોબ ગયો હોવાથી પ્રકાશ કમી પડ્યો, એટલે ચિત્રો તો બીજા દિવસે પ્રદર્શનમાં જ બહોળા જોવાનું







ભીંત ઉપર ડામર ને છાણનું લીપણ કરી તે પર આસીરિયન ઢબે માત્ર રેખાઓના હિસાબે રચેલી શિલ્પ પ્રતિમાઓ: શાન્તિનિકેતનમાં થએલો નવો પ્રયોગ









ડાબી બાજુએ ઉપરથી અનુક્રમે (૧) ગુરુદેવનું પ્રિય નિવાસસ્થાન 'શ્યામલી', (૨) ઉત્તરાયણના ચોકને ખૂણે આવેલો સુંદર મંડપ, (૩-૪) નાના વિદ્યાર્થીઓના ભવનની ભીંતો તથા છતો ઉપર કરેલાં રંગાલેખન. જમણી બાજુ શાન્તિનિકેતનના ભોજનગૃહ પાસેની કલાકુટિર એના વિશેષ પરિચય માટે જુઓ આ અંકની આર્ટ પ્લેટ પર શ્રી નંદબાબુએ કરેલા એ જ કુટિરના ડ્રોઈંગની સાથે આપેલું લખાણ



કરાવ્યું. આચાર્ય શ્રી ગુરુદયાળ મલ્લિકજીએ મારો પરિચય આપ્યા પછી મેં, તૈયાર કરેલું લખાણ બાજુએ રાખી સ્મૃતિના આધારે મારી તૂટીફૂટી અંગ્રેજીમાં એક સળંગ કથાનક રૂપે ગુજરાતની કલાવાર્તા લગભગ કલાક સુધીમાં પૂરી કરી યથાશક્તિ મારી ફરજ પૂરી કરી મેં તે રાત્રે નિરાંતનો શ્વાસ લીધો.

શ્રી મલ્લિકજી

● તા. ૧૮મીની સવારનો સમય શાન્તિનિકેતનનો બાકીનો વિસ્તાર જોવામાં ગાળ્યો. તેમાં શ્રી મલ્લિકજીની કુટિર અને તેની આસપાસનું વાતાવરણ મને બહુ જ ગમી ગયાં. મલ્લિકજીની કુટિર એટલી નાની છે કે પૂ. ગાંધીજીએ વિનોદમાં તેને ત્રણ પગલામાં માપી લીધી હતી. મલ્લિકજીનું સદા હસતું પ્રેમાળ મુખ વિદ્યાર્થીઓનું આશ્વાસન છે. તેમને આશ્રમની ત્રીજી દાઢીનું ઉપનામ મળ્યું છે. પહેલી દાઢી ગુરુદેવની, બીજી શ્રી ઍન્ડ્રૂઝની અને ત્રીજી મલ્લિકજીની. આપણા વ્રજલાલ ત્રિવેદી, નવીન અને ધીરેન્દ્ર ગાંધી ભાઈઓ તેમજ કલાગાર્દા તેમની આસપાસની કુટિરોમાં જ જામ્યા છે.

ત્યાર પછી ચીનની સરકારે બંધાવેલું મોટું ચીની ભવન જોયું. ચીનનું ઉત્તમ સાહિત્ય ત્યાં સંઘરાયું છે અને કેટલાક ચીની અધ્યાપકો તથા વિદ્વાનો કુટુંબ સહિત ત્યાં વસે છે. આ ઉપરાંત એક અતિથિગૃહ પણ છે, જેની બાજુમાં જ શિશુગૃહ છે. આ શિશુગૃહના વિશાળ વસતિગૃહમાં ભીંત પર કળાભવનના વિદ્યાર્થીઓએ મુઘલ, રાજપૂત અને જાપાનના કલાસમુદાયમાંથી ચૂંટેલાં પ્રાણીઓ અને પક્ષીઓ દોર્યાં છે અને એ રીતે પ્રાણીઓની એક અપૂર્વ ચિત્રશાળા અહીં બની ગઈ છે. આ પ્રકારે ચિત્રબોધ સાથે આનંદ આપવા માટે અહીં હરિપતાલ, ડૉર્મેટરીઓ, ધર્મશાળા વગેરે દરેક મકાન પર તે તે સ્થાનને મહત્ત્વને પ્રેરણા આપે એવાં ચિત્રો થયાં હતાં, પણ તેમાંનાં ઘણાં વિલય પામ્યાં છે.

બપોરે શ્રીમતી રતિ પિટિટનાં ચિત્રો જોયાં. તેમણે ભાવપૂર્વક 'કુમાર' માટે પોતાનાં કેટલાંક લીનોકટ ને ફોટોગ્રાફો આપ્યા, જેનો ઉપયોગ થતો છેલ્લા ત્રણ અંકથી વાચકો જોતા હશે. બપોરે ફરી કેટલાક વિદ્યાર્થીબંધુઓને મળ્યા. સાંજે મેદાન પર ફુટબૉલની મૅચ જોઈ. વિશ્વભારતીના વિદ્યાર્થીઓએ રમતના મેદાન ઉપર પણ ઠીક નામ કર્યું છે. સુરેનબાબુ ત્યાં રમત જોવા બેઠા હતા એટલે તેમની રજા ત્યાં જ માગી લીધી. સાથે સાથે કલામંડળે રાત્રે અમારે નીકળવાનું વખતે જરૂર પડવાની તે ટૅક્સીની અનુમતિ પણ માગી લીધી અને સૂર્યાસ્તની મજા લેવા નજીકનું એક સાનાલ ગામડું જોવા અમે ઊપડ્યા.


વિદાય

● રાત્રે 'બંગાળી-સમેલની'ના સપ્તાહ ઉત્સવમાં હાજરી આપી તેમના આતિથ્ય ને સદ્ભાવનો લહાવ લીધો. ત્યાં મુંબાઈનાં સુશીલાબેનનું નૃત્ય જોઈ આનંદ થયો. તેની શરીરસ્ફૂર્તિ તથા ભાવદીપ્તિમાં પ્રતિભા છે. રાત્રે નંદબાબુને મળવાનો ક્યાંય જોગ ન થયો, એટલે તેમને ઘેર ગયા; પણ ત્યાંયે ન મળ્યા. બીજી વાર છેલ્લી તક લેવા ગયા ત્યારે થાકથી સૂઈ ગયેલા, એટલે ચિઠ્ઠી મૂકી હું પાછો વળ્યો. પરંતુ જાગે તેમ પણ તેમને ખબર પડેલી, એટલે દસ સાડા દસ વાગ્યે તેમના સુપુત્ર વિશુદા અને શાસોજી તેમની ચિઠ્ઠી અને ભેટનું એક દર્શિન ચિત્ર

આપવા અહીં માઈલ દૂર મારા મુકામે આવ્યા ત્યારે તેમનું સૌજન્ય કેટલું છે તે સમજાયું. એ ઇમેજ આ અંકની આર્ટપ્લેટ પર પ્રકટ કર્યું છે.

ભાઈ મજલાલે નીકળવાની બધી ગોઠવણ કરી પોતે પણ પ્રવાસમાં જોડાઈ ઠેઠ બનારસ સુધી સાથ આપ્યો. રાત્રે સૌ વિદ્યાર્થી ભાઈબહેનોએ ભારે મને વિદાય આપી. થોડા કાપ લઇ એ વાગ્યે મોટર આવી ત્યારે જાગ્યા અને રાત્રિના અંધકારમાં સામાન ચડાવી એ કવિ-સર્જિત સંસ્થાનું સ્મરણ લઈ અમે કલકત્તા તરફ પ્રયાણ કર્યું. (ચાલુ)

શ્રી મહાવીર જૈન વિદ્યાલયનો રજત મહોત્સવ સ્મારક ગ્રંથ


રજત મહોત્સવ પ્રસંગના સૂચન રૂપ પચીસ ધ્વજનો કીર્તિસ્તંભ

● જૈન કોમના વિદ્યાર્થીઓની એકધારી સેવા આપનારી આ સંસ્થા ગુજરાતનું ભૂષણ બની છે. ગુજરાતના અનેક તરુણ પ્રસિદ્ધ જૈન વિદ્વાનો, ધારાશાસ્ત્રીઓ કે અધિકારીઓ ઓળખાવતા એ આ સંસ્થાના ઋણી બન્યા છે, અને તેનો સુંદર સવિસ્તર ઇતિહાસ આ ગ્રંથમાંથી મળી આવે છે. પણ તે સાથે જૈન કોમે પોતાની સંસ્કારદૃષ્ટિ કેટલી વિશાળ અને વ્યાપક બનાવી છે તેનું સુંદર દૃષ્ટાંત તો તેમાં વિવિધ વિષયો પર લખનારા ઇતર કોમના વિદ્વાનો અને કોવિદોની લેખસમૃદ્ધિ છે. સુંદર રૂપરંગ અને બાંધણીવાળો આ ગ્રંથ ગુજરાતી સાહિત્યમાં પણ એક આકર્ષણ બનશે. શ્રી મોતીચંદભાઈ કાપડિયા ને શ્રી ચંદુભાઈ મોદી જેવા એ સંસ્થાના ભાવિકોના પ્રયાસોનું એ સુંદર પુષ્પ છે. ૪૫૦ પૃષ્ઠના એ દળદાર ગ્રંથની કિંમત માત્ર રૂ. ૩. મળવાનું સ્થળ : મહાવીર જૈન વિદ્યાલય, ગોવાળીયા ટેંક, મુંબઈ—૨૬

પ્રકૃતિ

● ગુજરાતમાં કાવ્યો, કથાઓ, નાટકો અને વાર્તાઓનું સાહિત્ય એટલું તેમજ તેનો ઉપભોગ કરનારો વર્ગ આજે ઠેકઠેકાણે ઊભરાઈ ગયો છે, પણ પ્રાકૃતિક સૃષ્ટિની રચના, વ્યવહાર અને વૈવિધ્યનું યથાર્થ નિદર્શન કરાવનાર મોટા ગ્રંથો કે છૂટક સાહિત્ય પણ પ્રાપ્ત કરવું આજ સુધી મુશ્કેલ રહ્યું છે. એ કામ કંઈ ટેબલ ઉપર બેસી મનના ઘોડા દોડાવી મૂકતાં સિદ્ધ થઈ શકે એવું નથી. જગતમાં પ્રાકૃતિક સૃષ્ટિનો અભ્યાસ કરનારાઓએ એકાંત ખૂણે તેમજ સૃષ્ટિમાં રખડીને આયુભર મૂક તપશ્ચર્યા કરીને તેના સર્જન, વિકાસ અને વિલયના સ્વરૂપોનો બહોળો અભ્યાસભંડાર મૂક્યો છે. તેને અપનાવી તથા નજર આગળ રાખીને, ઘરઆંગણે તેમજ વનવગડાના અગોચર પ્રદેશોમાં રહેલી જીવ-કીટસૃષ્ટિ, પક્ષી-પ્રાણીસૃષ્ટિ અને જળચર સૃષ્ટિનો પદ્ધતિપુરઃસર અભ્યાસ કરનારા જે ગણ્યાગાંઠ્યા વિરલ અભ્યાસીઓ ગુજરાતમાં છે તેમણે અમદાવાદમાં ‘ગુજરાત પ્રકૃતિ મંડળ’ નામનું એક નાનકડું (પણ મોટા ધ્યેયવાળું) મંડળ ત્રણેક વર્ષથી સ્થાપ્યું છે, અને તેના આગેવાનોમાંના એક શ્રી હરિનારાયણ આચાર્ય (‘કુમાર’ના ‘વનેચર’)ના તંત્રીપણા નીચે આ કાર્તિક માસથી ‘પ્રકૃતિ’ નામનું આ ત્રૈમાસિક ગુજરાતી ભાષામાં તેમણે શરૂ કર્યું છે. તેમના આ આગેકદમ કાર્યને અભિનંદનનો અર્ઘ્ય આપ્યા વિના રહેવાશે નહિ. એ નાનકડું લાગતું ત્રૈમાસિક ગુજરાતના ભવિષ્યના વિશાળ પ્રાકૃતિક સાહિત્યનું ચેતનવંતુ પગરણ છે, અને ગુજરાતી સાહિત્યના ઇતિહાસમાં એક સમૃદ્ધાનીય અને પાઠ્ય સંગ્રહ બનવા તે સરજાયું છે. જે કોઈ પણ અભ્યાસસંસ્થા કે શિક્ષણસંસ્થા એની ફાઇલો સંઘરી રાખવી નહિ શકે તેને ભવિષ્યના વિદ્યાપિપાસુઓ ‘પ્રમાદી’નો શિરપાવ આપ્યા વિના નહિ રહે એવી અમારી દૃઢ માન્યતા છે.



સ્વ. ભિક્ષુ અખંડાનંદજી

● ભગવાં લૂગડાં પહેરીને તેને દીપાવનારા એમના જેવા થોડાક વધુ સંન્યાસીઓ જો ગુજરાતને મળ્યા હોત તો આજે ગુજરાતની જનતાની કેળવણી ચારે પાયે ઊંચી મેડી સુધી વધી હોત. સ્વ. મોતીભાઈ અમીન અને શ્રી ઠક્કર બાપા જેવા જ એ ગુજરાતના સમાજના મૂક અને સાચા સેવક હતા; અને એ ત્રણેની મૈત્રી પણ સેવાની ભૂમિકા પર જ રચાઈ હતી. કોઈ સાહિત્યસમારંભ કે પરિષદમાં ક્વચિત્ નજરે પડતા એ ભગવાં લૂગડાંવાળા સંન્યાસીને જોઈ ઘણા જુવાનોને આશ્ચર્ય થતું. પણ સ્વામી વિવેકાનંદનું વીર વેદાંત, શ્રી રામકૃષ્ણ પરમહંસનું પ્રેમામૃત, નેપોલિયનનું શૌર્યવંતું ચરિત કે રામાયણ, મહાભારત, ભાગવત, ગીતા અને આર્યભિષક જેવા મહાગ્રંથોની ગુજરાતમાં સસ્તી પરબો ઉઘાડી આપનાર એ સંન્યાસીના કાર્યનો સરવાળો સહજમાં નહિ કરી શકાય. સાક્ષરોના અપ્રાપ્ય પુસ્તકો અને અગ્રાહ્ય ભાષાકોષથી અલિપ્ત રહેલા ગામડિયાઓને તો એમના પુસ્તકભંડારે જીવનના ભાથાં ભરી આપ્યાં હતાં. પહિયારના ‘સ્વર્ગે’એ કંઈકના જીવનને ત્યાં પહોંચવાની સરણી બતાવી હતી. અને સ્વામી અખંડાનંદજીએ લોકોની એ ભૂખ પૂરી સમજી લીધી હતી, તેથી જ એમણે જીવનની તપસ્યા દ્વારા સસ્તું સાહિત્ય સર્જ્યું અને ફેલાવ્યું હતું. એમણે એક યુગનું કાર્ય પૂરું કરી આપ્યું છે. અનંત ધામમાં એમને જરૂર શાંતિ હશે. ર. મ. રા.

ક્લૉરૉફૉર્મની શીશી શોધીને માનવતા પર કાયમી ઉપકાર કરનાર

સર જેમ્સ યંગ સિમ્પસન



૧૮૪૭ના નવેમ્બરની ૪થી તારીખે બેએક ડાક્તરમિત્રોની સાથે મળી સિમ્પસને ક્લૉરૉફૉર્મનો પહેલો અખતરો જાત ઉપર કર્યો ને સૌ મૂર્છામાં પડ્યા. ક્લૉરૉફૉર્મની મૂર્છામાંથી સિમ્પસન પહેલો જાગ્યો

માંદાને સાજા કરવા અને જિંદગી બચાવવી; ઓગણીસમી સદીના વૈદકના ધંધાના આ બે મુખ્ય હેતુઓ હતા. એ બેની સાથે જે ત્રીજા એક આદર્શની જરૂર હતી છતાં જે ભાગ્યે જ વિચારાતો તે 'દર્દનું પ્રશમન'—દર્દ શમાવવું કે ઓછું કરવું.

એ કાળે સર્જન થનારમાં સફળ કસાઇના સર્વે ગુણો જરૂરી મનાતા! એના આંગળા એને કુશળ અને ઝડપી રાખવા પડતાં અને બીજાનાં દર્દ સામે બુઠ્ઠું બની રહેવું પડતુ આ ગુણ ન હોય તેનામાં કોઇને વિશ્વાસ ન બેસતો. એ વખતે લિનલિથગોના એક ભઠિયાગરના સાતમા છોકરા જેમ્સ સિમ્પસને એ વસ્તુસ્થિતિમાં પલટો આણ્યો ક્લૉરૉફૉર્મની શીશી વડે માનવતા પર એણે કાયમી ઉપકાર કર્યો.

એ વખતના ભયંકર અને ઘણીવાર ગંદા ઓજારો વડે માણસને શસ્ત્રક્રિયા કરાવવી પડતી ક્રિયા કશી હરકત વિના પાર પડે તે માટે રોગીના હાથપગ બાંધી દેવામાં આવતા. પોતાનુ શરીર ચીરાતુ એ ફફડમાં ખગતો જોઈ રહેતો ને જખમ રૂઝાવવા માટે સળગતા ડામરની દુર્ગંધ એ સહે જતો. એ ક્રિયા એટલી તો સાધારણ થઇ પડી હતી કે સિમ્પસને તે તરફ તિરસ્કાર બતાવ્યો ત્યારે એડિનબરોના ડૉક્ટરો અને વિદ્યાર્થીઓ બહુ નવાઇ પામેલા!

ઇ. ૧૮૧૧માં જૂનની ૭મીએ સ્કૉટલૅન્ડમાં લિનલિથગોના બાથગેટ મુકામે જન્મેલા સિમ્પસનનું બાળપણ સ્કૉટિશ ગ્રામજીવનના સામાન્ય વાતાવરણમાં વીત્યુ નાનપણથી જ એ ખૂબ હોશિયાર તથા દરેક બાબતમાં ચોક્કસ હતો. નિશાળેથી એ ઘેર આવતા જ એની મા બહાર જતી અને એ ભઠિયારું સંભાળતો. એના ગામડાની નિશાળમાં એ સૌથી તેજસ્વી વિદ્યાર્થી ગણાતો.

એનું કુટુંબ ગરીબ હતું, છતાં એની તેજસ્વિતાને કારણે ઉચ્ચ અભ્યાસની એને સગવડ કરી આપી ને તે એડિનબરો યુનિવર્સિટીમાં દાખલ થયો. ચૌદ જ વર્ષની ઉંમરે એ 'ફૅકલ્ટી ઑવ આર્ટ્સ'માં પ્રવેશ પામ્યો અને એકવીસ વર્ષની વયે તો ડૉક્ટરની ડિગ્રી મેળવી, સર્જ્યનોની કૉલેજનો લાઇસેન્શિયેટ બન્યો.

અને ત્યાર પછી જ તેને એ નસીબદારી સાંપડી જેણે એના જીવન ઉપર બહુ ઘેરી અસર કરી ડૉક્ટરેટ મેળવવા માટે એણે 'Death from Inflammat'on' નામે થીસીસ (મહાનિબંધ) લખેલી. સાવધ પૃથક્કરણ, સમતોલ પ્રમાણો અને દૂરદર્શી નિર્ણય વાળા આ નિબંધે પૅથોલૉજીના પ્રોફેસર ડૉ. જૉન ટૉમસન પર એટલી અસર ઉપજાવી કે તેણે એ તરુણ વિદ્યાર્થીને પોતાનો મદદનીશ બનાવ્યો. અને સિમ્પસને પણ એ જગ્યા એવી યોગ્યતાપૂર્વક સંભાળી કે ૧૮૩૭માં ડૉક્ટર ટૉમસને માંદગીની એક વરસની રજા લીધી ત્યારે તેણે વ્યાખ્યાનખંડમાં પણ તેની જગ્યા સંભાળી. પૅથોલૉજીમાં એક વરસનો એ અનુભવ તેને બહુ ઉપયોગી નીવડ્યો.

એડિનબરોમાં આ વ્યાખ્યાનો આપતી વખતે જ તેને લિવરપૂલના એક વેપારીની પુત્રી જેસી ગ્રિન્ડલેનો પરિચય થયો. ત્યારબાદ ઘણાં વૅકેશનોમાં તે લિવરપૂલમાં એના મહેમાન તરીકે જતો.

ઇ. ૧૮૩૯માં એડિનબરો યુનિવર્સિટીની દાયણવિદ્યાના પ્રોફેસરની ખુરશી ખાલી પડી અને સિમ્પસને તેની ઉમેદવારી કરી. પરંતુ અવિવાહિત માણસ એ સ્થાન પર ન આવી શકે એવી પ્રથા હોવાનો જવાબ મળતાં સિમ્પસન તરત લિવરપૂલ ઉપડ્યો ને એક મહિનામાં જેસી ગ્રિન્ડલેને પત્ની તરીકે લઇ હાજર થયો! તરત તેની ઉમેદવારી મંજૂર કરવામાં આવી.

વિદ્વાન અને પ્રોફેસર હોવા છતા સિમ્પસન સાવ સંશોધક જેવુ ન હતો. વિજ્ઞાનની માનવ બાજુ એને વિશેષ આકર્ષતી અને રોગ તથા તેથી જન્મતુ દુઃખ વિજ્ઞાનીના રસની વસ્તુઓ કરતા તેને મન તિરસ્કારપાત્ર હતી.

એ દાયણકામનો પ્રોફેસર થયા પછી થોડા જ વખતમાં એને કાને વાત આવી કે અમેરિકાના એક દંતવૈદ્ય મૉર્ટને દાત ખેંચવા માટે 'એનીસ્થેટિક' માટે ઈથરનો ઉપયોગ કરેલો. એણે પોતે પ્રખ્યાત સર્જન રૉબર્ટ લિસ્ટનના હાથ નીચે ઇથર વડે થએલું પહેલુ ઑપરેશન જોયુ અને એના મન પર એની એટલી બધી અસર થઇ કે સુવાવડના કેસોમાં તેણે એનો ઉપયોગ ચાલુ કર્યો અને તેના પરિણામ ખૂબ આશ્ચર્યકારક આવવા લાગ્યા.

પરંતુ કૃત્રિમ રીતે મૂર્છા પમાડીને દર્દીનુ દર્દ ઓછુ કરવા સામે ત્યારના ધર્મગુરુઓએ વાંધો લીધો ને સિમ્પસનની સામે બાઇબલનુ વાક્ય ટાંકી બતાવ્યુ કે 'In sorrow thou shalt bring forth Children'. પરંતુ એની સામે 'The Lancet'માં એક લેખ લખીને સિમ્પસને એમની સામે બાઇબલનું જ આ વાક્ય ટાંકી બતાવ્યું - 'And the Lord God caused a d ep sleep to fall upon Adam, and he slept. and he took one of his ribs, and closed up the flesh instead thereof.' પાદરીઓ આ સામે લાજવાબ બન્યા ને એમનો વિરોધ મોળો પડી ગયો.

છતાં સિમ્પસનને લાગ્યું કે ઇથર એ સર્વથા યોગ્ય પદાર્થ નહોતો. એ આખો દિવસ પ્રયોગશાળામાં અખતરા કરતો જ રહ્યો, અને સાંજે ઘેર આવીને પણ આરામ ન લેતા બેત્રણ ડાક્તરમિત્રોને લઇ એ જ વાતની ચર્ચાઓ કરતો, તથા દરરોજ નવાં નવાં પ્રવાહી બનાવી તેમની સામે મૂકતો. એક રાતે, ૧૮૪૭ના નવેમ્બરની ૪થીએ, પોતે અગાઉ એક વખત અજમાવેલી ક્લૉરૉફૉર્મની શીશી સિમ્પસનને એકાએક યાદ આવી અને તેણે તે કચરાપટીમાંથી ગોતી કાઢી બધાએ એનો ઉપયોગ કર્યો અને થોડી વારમાં જ સૌ મૂર્છામાં પડી ગયા.

સિમ્પસન સૌ પહેલો મૂર્છામાંથી જાગ્યો ત્યારે પહેલો જ વિચાર એને પોતાના અખતરાની સફળતાનો આવ્યો. માનવજીવનનું સંરક્ષણ કરવા સાથે એના દર્દના નાશનું આ ક્લૉરૉફૉર્મ (અનુસંધાન પૃ. ૨૫મે)

સૌંદર્યપિપાસુઓ અને સાહસખેડુઓને સાદ દેતા

પુરુષાર્થીઓના પિતામહ હિમાલયનાં પ્રદેશમાં



અફરવાટ શિખર ચડતા પ્રવાસીઓના પાછા ફરતા ગુલમર્ગનું દૃશ્ય

આસમાનમાંથી પ્રભાતના ફૂટતા તેજની આશા નીતરતી હતી ને જેલમ! કાશ્મીરના હૈયા સમી એ ઉપરાણી પ્રશાન્ત બની મૂક નિદ્રા લેતી હતી એના એ નિદ્રસ્થ સ્નેહાળ હૃદય ઉપર તરતા કાશ્મીરી સમણીઓના હુગા (હોડી-ઘર)ની પ્રતિચ્છાયા પવનની હળવી લહેરોમાં થથરતી હતી. દૂરની ગગનચુમ્બી ગિરિમાળાઓ હૂંફાળા જ જાણે ઝાંખરાથી ઢાંકી, જેલમના નીરમાં પોતાના વદન જોતી હોય, તેમ નમી રહી હતી. આ સભર મૌન વચ્ચેથી અમારી મોટરો હળવી ગતિએ સરી રહી હતી અને અમારી બન્ને બાજુ, પર્વતશિખરોની ઊંચાઈની હરીફાઈએ ચડ્યા હોય તેવા, સીધા સોટા જેવા પોપ્લર વૃક્ષોની આવી રહેલી હાર, જાણે મહારાજાના મહેમાનોને સલામી આપવા ઊભેલા સિપાઈઓની અડગ હારમાળની વિતરતા ચૉકીદારના એ પ્રતિબિંબ હતા. હું ને મારા બે બિહારી મિત્રો વહેલી સવારે ઊઠી, શ્રીનગરથી ગુલમર્ગના દર્શને નીકળ્યા હતા.

નવ માઈલ રસ્તો કાપ્યા બાદ શ્રીનગર-રાવલપીંડીનો મુખ્ય રસ્તો છોડી અમે પશ્ચિમના પહાડો તરફ સાઈકલો વાળી. બીજા પાંચ માઈલ આગળ વધતાં માગામ આવ્યું. નાનું એવું ગામ. લાકડાના બનેલાં મકાનો, વચમાં માટી-જંગલો એ ઠાંકિયાં કરતું ઘાસ, છાપરાં ઉપર ભૂખરા રંગનું ઘાસ જેવા ગરીબ મકાનો. પણ આ લાકડાની પજોનોની આંધી રહેનાર કાશ્મીરી નગીગર 'એમની આંગળીના ટેરવાની કળાએ તો માત્ર કાશ્મીરને જ નહિ, પરંતુ હિન્દભરની કીર્તિને જગમગતું બનાવી છે. પશ્ચિમની સુનારીઓના સુકુમાર દેહસૌન્દર્યને અહીંની શાલોએ ઓપ આપ્યો છે. જગતની કલાભૂમિ ગણાતા ફ્રાન્સના દીવાનખાનાંની સુન્દરતાને આજ સુધી અહીંની શેતરંજી અને ગાલીચા વધારતા આવ્યા છે. આપણી એ જગકીર્તિના ગાયકો ફાટેલા નરમ કપડામાં વીંટળાઈ હજી હમણાં જ ઊઠીને બહારની દુકાન ઉપર, કટોરામાં નમકીન ચા અને રોટીનો સ્વાદ માણતા હતા. પાછળથી વડીલના બાળકને દાઢી ઝૂલાવી ચહેરાવાળા બાળકો, તરતા બતકો સાથે રમત રમતા હતા.

રસ્તાનું ચઢાણ હવે અમને હંફાવતું હતું. અમારી સામે જ ઊભા હતા અફરવાટ પર્વતના ૧૫,૦૦૦ ફીટની ઊંચાઈના શિખરો. રસ્તાની ડાબી તરફની ખીણોમાં પાઈન, દેવદાર ને ચીડના સમૃદ્ધ જંગલોની લીલી ભૂખરી છાયા, તેના ઉપર જામી પડેલા ફરફરતા થાક ખાઈને આરામ લેતા મખમલી વાદળો, અને સૌથી ઉપર, પાછળથી આવતા કિરણોથી ઝગમગી રહેલા અફરવાટના નૈષ્ય મુકુટો!

ટનમર્ગ આવ્યું,—ગુલમર્ગનું પ્રવેશદ્વાર. અહીં સુધી મોટરો આવી શકે. અહીંથી ગુલમર્ગ ત્રણ માઈલ થાય. અમે તે દિવસે ટનમર્ગમાં જ પડાવ નાખ્યો. ટનમર્ગમાં લાકડાના બનેલા મકાનોની બે હાર છે. એક પંજાબી દુકાનદારનો મેડો ચાર આના આપી ભાડે રાખ્યો. સામે જ શીખ સરદારજીના ઢાબા (વીશી)માં જમવાનો પ્રબંધ કર્યો. કાશ્મીરમાં મોટા ભાગનો પરચુરણ વેપાર પંજાબીઓને હાથ છે.

ઢાબામાં પેસતા જ સૌથી આગળ બેઠા. તેના ઉપર ઢાળ ગાદલાં તપેલા બીજા બહુ ઉપર મોટા ઝાંખા તવાની ગરમીથી પરોઠા (ત્રિકોણાકાર પડવાળી ઘઉંની રોટલી) અને અમે સાંજે જમવા ગયા.

જૂની ખુરશીઓ પર અમે ત્રણે બેઠા. ત્રણ થાળી પીરસાઈને આવ્યા. બિહારી મિત્રોએ શરૂ કર્યું. મેં ચમચા ઉપાડી શાકથી શરૂઆત કરી, ત્યાં ચમચામાં હાડકાનો કકડો દેખાયો. 'શાક પાછું પડ્યું. સરદારજી ચમક્યા 'ક્યા હૈ બાબુજી? યે તો બિલકુલ સબ્જી શાક હૈ.' મેં કહ્યું, 'સબ્જી તો હૈ મગર ઉસકી સાથ હડ્ડી ભી હૈ. હમ ગુજરાતકે રહેનેવાલે, ઐસા ખાના હમારે લીયે હરામ હૈ હમ નહિ ખા સકતે?' ગુજરાતનું ગૌરવ આગળ ધર્યું. દુનિયામાં ગુજરાત જ એક એવો પ્રદેશ છે કે જ્યાં માંસાહાર આવકાર પામ્યો નથી. જગતભરના એ માનીતા ખોરાકને માત્ર ગુજરાત જ અવગણે છે.

'તો ફિર આપકે લિયે કુછ અંડે-શંડે બના દું?' સરદારજીએ ઇંડાંને સબ્જી (વનસ્પતિ) ગણી તે ખાવાનો આગ્રહ કર્યો તે પણ હું સ્વીકારી શક્યો નહિ. ફક્ત પરોઠા ને દૂધથી જ ચલાવ્યું. મારા બિહારી મિત્રો કહે કે કાલે પહાડ ઉપર ચડવું છે, માટે આજે તો ખૂબ ખાવું જોઈએ જાણે કોઈ મહાપ્રસ્થાનની પૂર્વ તૈયારી! તેમણે ઈંડાં પણ બહુ આરોગ્યા. મને તેમની આવી તૈયારી જોઈ હસવું આવ્યું. શું ઈંડાં ખાનાર જ ઠંડી જીરવી શકતા હશે ને પહાડ ઉપર ચડી શકતા હશે?

સાંજે કાશ્મીરના આકાશમાંથી જોરશોર કરતા વાદળ ધસી આવ્યા. હારીને નાસતા લશ્કરની માફક તે જ્યાંત્યાં વરસવા લાગ્યા. સાથેસાથે ઠંડીનું સામ્રાજ્ય અમને થીજવી રહ્યું. હાડકાં થથરવા લાગ્યાં, મેડા ઉપર પહોંચી અમે કામળામાં વીંટળાઈ ચૂપચાપ સૂઈ ગયા. બિહારી મિત્રો મારાથી પણ વધારે ધ્રૂજતા હતા. તેમણે ખૂબ ઠાંસી ઠાંસીને ખાવેલું દેહને વધારે આપેલો સંતોષ કે સુખ સહેજ મુશ્કેલી આવતા અકળાઈ ઊઠે છે તેમને માટે એવું જ બન્યું. કાશ્મીરી કામળાની આરપાર ઠંડી હડબડાટી ઓળખાતી નહી હતી. અમે તો ઠીક, પણ ઊંઘ પોતે પણ થથરતી હતી! ઠંડી સહ્યા સિવાય બીજો ઉપાય ન હતો. છેવટે કંટાળી અમે પણ નક્કટ બન્યા. કંઈ જ ઈલાજ ન હોય તો છેવટે મૌનમાં બનનારથી વિપત્તિ ખુદ નાસી જાય. મારે માટે પણ એમ જ બન્યું. રાત્રે કઈ ઘડીએ ઊંઘી ગયા તેની ખબર ન રહી.

સવારે બારીમાંથી આવતા સૂર્યકિરણે અમને જગાડ્યા. બારી બહાર નજર કરી તો સામે ભવ્ય અફરવાટ ધ્યાનમગ્ન ઊભો છે. શ્વેત હિમથી છવાયેલો એનો ભાલપ્રદેશ કે ઈ આર્ય તપસ્વીના લલાટ જેમ ઝગી રહ્યો છે. પ્રશાન્ત મૌન, ભવ્યતા અને અપાર્થિવ સૌન્દર્ય નીતરતા એના શિખરો શ્રોતાજનોને સભા આપે છે. જેનું પ્રાણ આપણી ગતિ તાલબદ્ધ વહેતુ જ રહ્યું છે. રાત્રિની ભવ્યતામાં એનું સંગીત "પ્રેરક" અને પ્રેમપ્રેરક હતું, નયનમાં મેઘ ભરતું હતું. અત્યારે એ જ સંગીત ઉન્માદ ને આનંદનાદ વાજતું હતું.

ટનમર્ગથી ગુલમર્ગ પગ રસ્તે જવાય છે. અમે ત્રણે ઘોડા ભાડે કરી ઊપડ્યા. પાસેની ખીણના નાના ગામડામાં વસતા ઘોડા

કાશ્મીરી કુટુંબો ઘોડાની આવક પર પોતાનો જીવનનિર્વાહ ચલાવે છે. શિયાળો બેસતા અહીં પ્રવાસીઓની સંખ્યા નહિવત્ બની જાય છે. હિંદીઓ તો દેખાતા જ નથી. ફક્ત પશ્ચિમી પ્રજાઓ અહીંની ઠંડીની મોજ માણે છે. ગુલમર્ગ ૮૭૦૦ ફીટની ઊંચાઈએ આવેલું અજોડ સ્થળ છે.

ઝરણું ઉપર બાંધેલો નાનકડો પૂલ ઓળંગી અમે ગુલમર્ગની કેડીએ ચડ્યા. ટનમર્ગથી ગુલમર્ગનો ત્રણ માઈલનો રસ્તો ખરેખર અદ્ભુત છે. સામે મનોહર નિર્ઝરો મળે છે. ઉન્નત વૃક્ષરાજિ આવકારે છે. વચ્ચે ઠંડા પવનનો એકાદ સખ્ત સુસવાટો કંપાવી જાય છે ને ઘોડાઓ હાંફતા, શ્વાસભેર છલંગ મારતા ચઢાણ ચડતા જાય છે. ડાબા હાથ તરફ ઊંડી ખીણ છે. પાછળ ફરીને નજર કરતા કાશ્મીરનું વિશાળ મેદાન પાંચ હજાર ફીટની ઊંચાઈએ ગિરિરાજોની ગોદમાં વિશ્રામ લેતું લાગે છે. કઈ તરફ જોવું? ચોતરફનું આકાશ પણ દૃષ્ટિને સ્તબ્ધ બનાવે છે. પોતાની સૌન્દર્યગરિમામાં અન્યને ડુબાવે છે.

ત્રણ માઈલનો રસ્તો ક્યારે પૂરો થયો તેની ખબર ન પડી. છેક ઉપર પહોંચતાં ગુલમર્ગ દેખાયું. નજર સામે, અફરવાટના શિખરોની છાયામાં, ઊઘડતા લીલા રંગની ઘાસની તાજી ચાદરો ઓઢીને સૂતેલાં ઊંચાનીચા ઢોળાવવાળાં મેદાનો દેખાય છે. વચ્ચે કાટખૂણે આવેલા રસ્તાઓ શેતરંજના પટ્ટા બિછાવ્યા હોય તેવા લાગે છે. પાસે ને દૂર દેવદાર, પાઈન ને ફરના વૃક્ષો નીચે, નાના બગીચાઓથી વીંટળાએલા લાલ છાપરાંવાળાં લાકડાનાં મકાનો દેખાય છે. કાચના બારીબારણાં પ્રકાશમાં ઝગમગે છે. રસ્તાની બાજુએ હૉટેલના કૉમ્પાઉન્ડમાં એકાદ બે યુરોપિયન પ્રવાસીઓ આરામખુરશીમાં બેસી પેલા ઊંચા શિખરો સાથે ગેલ કરતા વાદળોને જોઈ રહ્યા છે. આ શિખરોમાં શું જાદુ ભર્યું હશે? શું આકર્ષણ ભર્યું હશે? ખંડખંડની પ્રજા અહીં આવે છે. કોઈ નમવા માટે તો કોઈ નમાવવા માટે.

રસ્તા પર માણસોનો અવરજવર નથી. સખ્ત ઠંડીથી સૂર્યનાં કિરણ પણ જાણે થથરતાં હોય તેવા લાગે છે. દુકાનદારો નીચેના મેદાનોમાં ચાલ્યા ગયા છે. દુકાનો બંધ છે. એક ઊંચા ઢોળાવ ઉપર કાશ્મીરી મંદિરના પિત્તળ મઢેલા ગુંબજ ચમકારા મારે છે. મંદિરની ધર્મશાળામાં હિંદી પ્રવાસીઓ માટે વિનામૂલ્યે ઊતરવાની સગવડ છે.

બેસતા શિયાળામાં ગુલમર્ગનું આ દૃશ્ય. આ સમયે તો ગુલમર્ગ ગાંભીર્ય ધારણ કરે છે; પરંતુ વસંતમાં ગુલમર્ગની જીવનવસંત ટહુકી ઊઠે છે. વસંત બેસતાં દુનિયાના દેશદેશનાં પ્રતિનિધિઓ અહીં ઊતરી પડે છે. આ શૂન્ય દેખાતાં બજારોમાં ત્યારે ભીડ જામે; હૉટેલ ધર્મશાળા કે શીખના ગુરુદ્વારા સુદ્ધાંમાં રહેવાની જગ્યા ન મળે; વૃક્ષઝુંડોની નીચે નિર્ઝરોને કિનારે કે ઊંચા ઢોળાવ ઉપર જ્યાં જુઓ ત્યાં સફેદ તંબૂઓની કતાર નજરે પડે; પોલો ગ્રાઉન્ડ પ્રવાસીઓની ઘોડદોડથી ધમધમી ઊઠે, હવા અનેકવિધ દેશી ને વિદેશી રેકર્ડ-સંગીત ગુંજતી વહે; બગીચા અને હરિયાળાં મેદાન રંગબેરંગી ફૂલોથી મહેકવા લાગે; કોઈ ગોરાંદે તાકાતવાળા યુવાનો ખભે સ્કેટિંગ ભરાવી, હાથમાં બરફ ઉપર ચાલવાની અણીવાળી લાકડી પકડી, સીધ જેનલો તરફ, ગિરિકંદરાની રમણીયતા તરફ કે પછી ખુદ ગિરિશિખરો તરફ કૂચકદમ કરતા જણાય; ગેસ્ટબુકવાળા કલાકારો ને ખભે કૅમેરા લટકાવતા ફોટોકલાવિદો તો ઠેરઠેર નજરે પડે.

ગુલમર્ગનું જીવન દર દિવસે, દર અઠવાડિયે, દર મહિને વૈવિધ્યમય લાગે છે. જામેલા શિયાળામાં અહીં શ્વેત બરફના હિમના દળ પથરાઈ જાય છે ને હિમવર્ષાનો ગંજ છે. કેટલાક મરજીવા સહેલાણીઓ જ એ સમયે અહીંની મસ્તીની મઝા લૂંટી શકે છે.

ગુલમર્ગથી ખીલનમર્ગ ત્રણ માઈલ જેટલું થાય છે. ઢોળાવ પર આ-ળોટતી ને પછી પાઈન્સનાં જંગલમાં સમાઈ જતી પગદંડી ઉપર અમે ઘોડા દોડાવી મૂક્યા. પ્રકૃતિનો સુંદર નીચ તરુમંડપ અહીં રચાયો છે. વિખરાએલા શિલાખંડો વચ્ચેથી એક ઝરણું જિંદગીનું મુક્ત ગાન ગાતું દોડી જતું હતું. ચઢાણનો ઊંચો થાક વટાવી ઘોડા અમને ૮૭૦૦ ફીટ ઊંચાઈએ આવેલા ખીલનમર્ગના મેદાન ઉપર લઈ ગયા. અહીંથી ગુલમર્ગ તો કોઈ બાળકે બનાવેલી રમકડાની નગરી જેવું લાગતું હતું. અફરવાટનાં શિખરો જાણે અમારી પાસે જ ઊભેલા લાગ્યાં. એના ઢોળાવ ઉપર હિમના પટ પથરાઈ ગયાં હતા.

થાકેલા ત્રણે ઘોડાને અમે તાજું ઘાસ ચરવા છૂટા મૂકી દીધા. તેના રખેવાળો ટૂંક રસ્તે ત્યાં વહેલા આવી પહોંચેલા.

ખીલનમર્ગના મેદાન ઉપર પણ એ રમણીય નિર્ઝરો પોતાનું જીવન-મરવ વહાવે છે. કાશ્મીરનું જીવન આવા રમતિયાળ નિર્ઝરો વિના કેવું શૂન્ય અને નીરસ લાગત!

પાણી પી અમે ટટ્ટાર બન્યા, કોટનાં બટન બરાબર બંધ કર્યા, ગળે વીંટાળેલા મફલર ઠીકઠાક કર્યા અને અફરવાટના સ્મિત કરતા શિખરો તરફ નજર નાખી 'હમણાં જ આવી પહોંચીએ છીએ.' અમારાં હૃદય બોલી ઊઠ્યાં. અમે ઊપડ્યા. મારા વૃદ્ધ ઘોડાવાળાને મેં માર્ગ બતાવવા સાથે લઈ લીધો.

મનને થયું: 'ઓહો! આમાં તે શું ચડવું છે? કેટલું પાસે દેખાય છે!' 'હમમેં ક્યા દેર લગેગી?' બિહારી મિત્ર બોલી ઊઠ્યા. સૌ હોંશભેર ઊપડ્યા. અમને ખબર ન રહી કે શરૂઆતમાં ઝડપથી દોડનાર લાંબી અને એકધારી દોડમાં આખરે પાછળ પડી જાય છે.

પથ્થર ઉપર પથ્થર ખડકાયા છે. એક પથ્થર ઉપર પગ સ્થિર થાય પછી જ બીજો ઊપડે. એક મિત્રે કોટ ઉતાર્યો; ખીસામાંથી રૂમાલ કાઢી પસીનો લૂછવા લાગ્યો. 'ચલો યાર, ક્યા દેર લગેગી?' મેં તેમના શબ્દોનું પુનરુચ્ચારણ કર્યું. શિખરધાર જાણે અમારી કસોટી કરતી હોય તેમ દૂર ખસતી હતી. થોડી વારે બીજા મિત્રે કોટ ઉતાર્યો. તેમની છાતી લુહારની ધમણની સ્થિતિમાં શ્વાસના આરોહ-અવરોહની તીવ્ર તાનપલટામાં આવી ગઈ હતી. બન્ને મિત્રો ઘડીમાં શિખર તરફ તો ઘડીમાં નીચેના મેદાનો તરફ દૃષ્ટિ નાખે અને પછી મારી તરફ જોઈ અકળાયા કરે. તેમનામાંથી આગળ વધવાની હિંમત ઓસરી હતી. આ જોઈ બુઢ્ઢો ઘોડાવાળો હસવા લાગ્યો. બોલ્યો: 'બાબુજી ચલો; ક્યોં થક ગયે? ચલો ચલો, કૈસા શીન (બરફ) દિખાતા હૈ, ઉધર!'

મને પણ મિત્રોની મજાક કરવાનું મન થયું. મેં કહ્યું, 'શાબાશ! આપને બહુત બડે ખાયે થે, ફિર ભી થક ગયે? ચલો, દોસ્ત"

પણ શું ચાલે? ૮૮૦૦-ની તાકાત તો ક્યારની ઓગળી ગઈ હશે' બન્ને મિત્રો પછીથી વિશ્રામ લેવાને બહાને અર્ધે રસ્તે જ અટકી પડ્યા. હું ને બુઢ્ઢો કાશ્મીરી (હું તેને ચાચાજી કહેતો) બંને આગળ ચાલ્યા. ક્યાંક કોઈ મોટા પથ્થરની ધાર પકડીને, તો ક્યાંક વળી

(અનુસંધાન પૃ. ૨૫મે)


ચાચાજી : મારો વૃદ્ધ કાશ્મીરી ઘોડાવાળો

માણસ જ્યારે બધી મર્યાદાઓ લોપી દઇને બુદ્ધિનું સદંતર દેવાળું કાઢે છે ત્યારે

ઘોડા-મતિ

દ્વારા ઈશ્વર સાચો ન્યાય કરાવે છે



કેલે કટ કરતી ચાપ નીચે પાડી એક જ ક્ષણમાં પેલું ગાયાના-પિગ હાલતું બંધ થઈ અમળાયું અને નીચે ઢળી પડ્યું સ્ટેરિચ તો આભો બની મો ફાડી જોઈ જ રહ્યો

'આટલા જલદી તમે પાછા આવશો એવું મેં ધાર્યું નહોતું' આવનાર તરફ જોઇને કેલે કહ્યું એ સાંભળીને સ્ટેરીચ જરા હસ્યો તે કાળા વાળવાળો પાતળિયો જુવાન હતો તેની આંખો પીંગળી ને મોંફાડ ભારે હતી તેણે તુરત જવાબ વાળ્યો 'મિ કેલ, વખત બગાડવાનું અમને પાલવે એમ નથી હવે તમારી શોધનો દાવો સાબિત કરી શકો તો મારા દેશ તરફથી તુરત તે પર માગણી થશે'

'મારી પાસે "તો"ની વાત જ નથી. ચાલો, હું તમારી ખાત્રી કરી આપું' અદર થઈ તેઓ ઘરના પાછળના ભાગ તરફ ચાલ્યા ત્યારે સ્ટેરીચે ચારે તરફ ચોકસાઈથી નજર ફેરવી નજીકના ગામથી બે માઈલ છેટે આવેલું તે એક સુમસામ ખંડેર હતું અને એટલું અટૂલું પડી ગયું હતું કે ત્યાં સુધી રસ્તો શોધી પહોંચતા તેને કેટલીક મુસીબત પડેલી પણ તેના માલિક માટે તો તે જગ્યા સાવ અનુકૂળ હતી સ્ટેરીચને લાગેલું જ કે આવી ચમત્કારિક શોધનો દાવો કરનારો માનવી અરધો ગાંડો હોવો જોઇએ

'આ બાજુ' કહેતાકને કેલે બીડાયેલી ખડખડતી ફ્રેંચ બારીઓ ઉઘાડી તેમાંથી પાછળ ખુલ્લામાં નજર કરતાં ત્યાં કોઈ વખત એક બાગ હોય તેમ લાગ્યું આજે તો ત્યાં ગોઠણપૂર ઘાસ ઊગી નીકળ્યું હતું એ બગીચામાંથી પોતાના અતિથિને લઈ તે એક દરવાજા બહાર આવ્યો, ત્યાં તેમની નજર સામે પાંચેક એકરનું ખેતર આવી રહ્યું તેમાં લાકડાનું એક મજબૂત ઝૂંપડું ખડું કરેલું હતું ચપળ અવલોકન-ની ટેવવાળા સ્ટેરીચે જોયું કે ખેતરની પશ્ચિમ બાજુએ આશરે આઠ ફૂટ ઊંચો અને દસ ફૂટ પહોળો કોઇ વિચિત્ર ભૂખરા રંગે રંગેલો એક પડદો ખડો કરેલો હતો.

કેલ ઝૂપડા આગળ પહોંચતા જરા ખડખડ હસ્યો તેનો અવાજ સૂકો, લોહી વગરનો, જાણે રેતી ખરી હોય એવો લાગ્યો આ રીતે ઝૂંપડી સામે જોતો તે ઊભો ત્યારે સ્ટેરીચને ફરી તેનામાં ગાંડપણનો ચાળો લાગ્યો એનો બધો દેખાવ જ એવો હતો કે મગજ ઠેકાણે છે એવું કોઇ ન માની શકે તે ઊંચો કાઠીનો, અડીખમ, કડક સફેદ વાળવાળો પુરુષ હતો તેના ચપટા ચહેરા પર કોઇ રંગ કે ચમક કે સુંવાળપનું નામ નહોતું આંખો પણ ફિક્કીફચ હતી કોઈ પણ તેને હાડપિંજરના ખોખા જ સમજે લે.

'તદ્દન મસ્ત ને સલામત જગ્યા છે' કેલે કહ્યુઃ 'છેલ્લા ત્રીસ વર્ષથી હું અહીં જ કામ કરતો રહ્યો છું તમે ખરા ભાગ્યશાળી છો કેલિટિક કિરણોનો ચમત્કાર પહેલવહેલો હું તમને જ બતાવવાનો છું સૂર્યની ગરમી અને તેથી લાગતી લૂ તથા પડતમ્પાનો અભ્યાસ કરતાકરતા મને આ શોધ કરવાનું સૂઝ્યું છે' તેણે વાત કહેવા માંડી સૂર્યના actinic—મારકણા દાહક કિરણો લાગતાં Sun-stroke કે Heat stroke થઈ આવે છે તમને ખબર તો હશે કે અતિ ઉષ્ણ પ્રદેશોમાં માથા તેમજ ગરદનની પાછળનો ભાગ ઢાંકવાની જરૂર હોય છે એનું કારણ એ છે કે સૂર્યના મારકણાં કિરણો શરીરમાં પ્રવેશીને એક પ્રકારની રાસાયણિક ક્રિયા ઉત્પન્ન કરે છે અને લોહીને ઝેરી બનાવે છે

મારા મનમાં તે પરથી વિચાર આવ્યો કે એવું જ કિરણ ઉત્પન્ન ન થઈ શકે કે જે આપણા ધાર્યા પ્રમાણે ફેંકી શકાય અને કાબૂમાં રાખી શકાય? અને ઘણી જહેમતને અંતે મેં તેમાં સફળતા મેળવી છે હવે તમને તે બતાવું' આટલું કહેતા તે ઝૂંપડા તરફ ગયો સ્ટેરીચ અજબ થતો તેની પાછળપાછળ ચાલ્યો

એ ઝૂંપડાને બારી એક જ હતી બારણાની ડાબી બાજુ પર એક મેજ, એક ખુરશી ને એક નકામા કાગળની ટોપલી અરધી બળેલી રાખથી ભરેલી પડી હતી જમણી બાજુએ બારી પાસે ભીંતને અડીને જૂની ઢબના મેજિક લૅન્ટર્ન જેવું યંત્ર-ખોખું ગોઠવેલું હતું તેની નજીક ભીંતના એક ખૂંટા પર પાંજરું ભરવેલું હતું તેમાં નાના ગાયાના-પિગ (મોટા ઉંદર જેવડા ધોળા ભૂંડની જાત) હતા ભીંત પર કોઈક પ્રકારનો ભૂખરા રંગનો લેપ મારેલો હતો, જે બરાબર બહારના પતંગના પડદાને મળતો હતો.

કેલ સીધો પેલા યંત્ર પાસે ગયો એણે કંઇ બોલ્યા વગર એક ગાયાના-પિગને પાંજરામાંથી બહાર કાઢ્યું અને થોડા લીલા ઘાસની નાની પૂળી સાથે તેને મેજ ઉપર મૂક્યું એ ત્યાં જરા હરેફરે એટલે તે દરમિયાન તે યંત્ર પાસે ગયો અને તેનું કાચવાળું મોઢું બરોબર ગોઠવ્યું પછી બારી પાસે જરા ઊંચે ધાતુની એક ચાપ હતી તે કેલે કટ કરતી નીચે પાડી. એક જ ક્ષણમાં ગાયાના-પિગ હાલતું બંધ થયું અને અમળાયું બે સેકંડમાં તો માસ બળવાની વાસ આવી

સ્ટેરીચ તો આભો બની મો ફાડી જોઈ રહ્યો! તે આગળ આવી ગાયાના-પિગને તપાસવા જતો હતો, તેવામાં કેલની મોટી બૂમે તેને થંભાવી દીધો. 'સબૂર! મરવું છે શું?' એમ કહી કેલે ચાપ ઉપર કરી દીધી. 'હવે વાંધો નથી, પૂરી સલામતી છે જોઈ લો'

સ્ટેરીચે ગાયાના-પિગ ઊંચકી લીધું તે ભડથું થઇ ગયું હતું અલબત્ત, એક સ્થળે વાળ જરા દાઝી ગયા હતા. તેના વિચારો વાંચતો હોય એમ કેલ બોલી ઊઠ્યો 'મારા યંત્રની તાકાતના પ્રમાણમાં આ પ્રયોગ તો તદ્દન નાચીજ છે. તમે જરા વહેલા આવી ગયા

મેં એક ઘોડો ખરીદી લેવાની ગોઠવણ કરી છે અને તેનાથી ખરેખરો ખ્યાલ આવી શકશે.'

'ખરો ખ્યાલ, એટલે?' સ્ટેરીચ જરા ધ્રુજારી સાથે બોલ્યો: 'તમારા આ કિરણો દ્વારા શું શું કરી શકવાનો તમારો દાવો છે?'

'દાવો? દાવો એવો છે કે પંદર વીસ માઇલની હદમાં કોઇ પણ માણસને તે ત્રણ સેકંડમાં ખતમ કરી શકશે. પહેલી સેકંડે સંપૂર્ણ જડતા અને બીજી બે સેકંડમાં નિશ્ચિત મૃત્યુ! આ જે ભૂખરા રંગનો લેપ તમે બહારની દીવાલો પર જુઓ છો તે ક્લોનાઈટ છે. એ એક જ પદાર્થ કેલિટિક કિરણથી બચાવ આપી શકે એમ છે. આ યંત્ર-પેટીને પણ તે જ લગાડેલો છે. ક્લોનાઈટ ન હોય તો કિરણ નાખી શકાય જ નહિ, કારણ કે તે ઉત્પન્ન થતાં જ યંત્રને સાફ કરી નાખે. તમારા વાયરલેસ આંદોલનોને જેમ કોઇ રૂકાવટ નથી, તેમ મારાં કિરણો ક્યાંય પણ અટકશે નહિ. સિવાય કે જ્યાં ક્લોનાઇટ હોય. આથી ઝૂંપડાને પણ તેનો લેપ આપ્યો છે. જો એમ ના કર્યું હોત તો ત્રણ માઇલના વિસ્તારમાં કોઇ ને કોઇ બાપડા ગામડિયાના ભોગ મળી જાત.

સ્ટેરીચે ઊંચો શ્વાસ નીચો મૂકી જરા જીભ ફેરવી પોતાના હોઠ ભિંજવ્યા: 'પણ આ ગાયના-પિંજ વળ કેમ ખાઈ ગયું?'

'કિરણની ગરમીની અતિશયતાથી એમ થાય જ. પણ હવે પાણીના જથ્થામાંથી પસાર કરી તેને ઠંડાં પાડી શકીશ એવી ખાત્રી છે. એ પ્રયોગ પૂરો થયા પછી મારા હાથમાં એક એવું અદૃશ્ય કિરણ હશે કે જે ચોક્કસ જગ્યા પર નાખી શકાય અથવા પ્રસારી શકાય.'

'પ્રસારી શકાય એટલે શું?'

'એટલે તેને ફાવે તેટલા વિસ્તાર ઉપર નાખી શકાય,—જે રીતે તમે મોટરનું લાઈટ વધુઘટ કરો છો તેમ. દસ હજાર ફીટની ઊંચાઈ ઉપરથી એક એરોપ્લેન આખા શહેર ઉપર કેલિટિક કિરણો પ્રસારી શકે અને ત્રણ સેકંડમાં એક માઈલના વિસ્તારમાં પ્રત્યેક પ્રાણીનો નાશ કરી શકે!'

'પણ—' સ્ટેરીચે બેપરવાઇ રાખી પૂછ્યું: 'જો એ બધાને ક્લોનાઈટનું રક્ષણ મળ્યું હોય તો?'

'હાં બરાબર; જેઓ કિરણનો ગુપ્ત પ્રયોગ ખરીદશે તેઓને ક્લોનાઈટનો પ્રયોગ ખરીદ્યા વિના ચાલવાનું નથી.'

'તમે આ શોધો વેચવાને મારી સરકાર પાસે કેમ માગણી કરી?'

'કારણ કે બ્રિટિશરો સહકારનું ધ્યેય નથી રાખતા. તેઓ મારી શોધ ખરીદશે તો પે તેઓ એને હમેશાં માટે ગુપ્ત રાખશે. સોળ સોળ વર્ષથી હું અહીં તપ કરી રહ્યો છું ને જગતના ઇતિહાસમાં અદ્ભુત અને મહાન ગણાય એવી શોધ કરી છે તે શું નાખી દેવાની અને દફન કરવાની?'

સ્ટેરીચે પણ ડોકું હલાવ્યું. તેનામાં કલ્પનાશક્તિ નહોતી. પણ લંડન પારીસ જેવાં મોટાં શહેરો ક્ષણમાત્રમાં ભસ્મસાત્ થઇ શકે એવું તે જોઈ શક્યો અને તે દેખાવોથી તેનું મગજ ચક્કર ખાવા લાગ્યું.

'મારી સાથે કોઈ બાજી નહિ ચાલે, તેમ મને કોઈ બનાવી શકે એમ નથી.' કેવ કહેવા લાગ્યો: 'તમે તમારી સરકારને જઇને કહો કે કંઈ લખાણમાં નહિ મળે. હું જે કંઇ દાખલો કરું છું તે પણ તુરત બાળી દઉં છું. અને આ—' કહેતા તેણે યંત્ર બતાવ્યું: 'કોઇપણ વિજ્ઞાનવેત્તા તેની ખૂબી કે કરામત સમજી શકે એમ નથી. તે બધું આ એક જ ઠેકાણે બંધાયું છે.' આમ કહી તેણે પોતાના મગજ પર આંગળીઓ લગાડી. 'એટલે કોઈ બાબતમાં હું છેતરાઉં તેમ નથી. જો તમે શુક્રવારે ફરીવાર આવશો તો તમને જબ્બર પુરાવો આપીશ. એક મોટો ઘોડો ત્રણ સેકંડમાં જ—'

'જો ત્રણ સેકંડમાં એ ખતમ થાય તો મારી સરકાર તમારી મરજી તમારી શોધ જરૂર ખરીદશે.'

આટલી વાત કરી તેઓ ઝૂંપડાની બહાર નીકળ્યા અને સ્ટેરીચ લંડન તરફ વિદાય થઇ ગયો. માણસ પોતે જ પોતાનો વિનાશ કરશે એવી પ્રાચીન આગાહીમાં કંઇક સત્ય છે એવું ભાન આજે તેને પહેલી જ વાર થયું હતું. જનાવરોમાં પણ કંઈક સમજણની મર્યાદા રહી હતી, પરંતુ માનવીમાંથી તો તે સરી જતી દેખાઇ.

બીજે દિવસે સવારમાં કેવ ઘોડે દૂર આવેલા લિંગટાઇ ફાર્મ સુધી ચાલીને પહોંચી ગયો. ત્યાં વૃદ્ધ જેશુઅ હોડ પોતાની જિંદગીનાં છેલ્લાં વર્ષો પોતાના એકએક માનીતા ખેતર અને વાડ નચાવતો ગાળી રહ્યો હતો અને માલિકીનો બાપનો લહાવ માણી રહ્યો હતો.

કેવે તેને વાત કરી ત્યારે કહ્યું: 'હોવે, મારે એક ઘોડો વેચી નાખવો છે. મારો જૂનો ઘોડો જ્યૉર્જ જ. પણ હવે તમે તેની પાસેથી ભારે કામ લેવાની આશા ન જ રાખી શકો.' જરા ગંભીરાઇથી તેણે કહ્યું.

'તેની ફિકર ન કરો.'

હોડનો કરચલીઓવાળો પહોળો ચહેરો જરા નરમ થયો: 'તો ઠીક ભાઇ. જ્યૉર્જને અઢારમું વર્ષ ચાલે છે એટલે ઉંમર તો થઈ ને? તેને કાઢવો તો મને ય ગમતો નથી; પણ શું કરું?' અને ચારેકોર હાથ ફેરવતો એ બોલ્યો: 'આ બધું લાકડું પાખડું રાંખડું મારે કાઢી જ નાખવું છે. પછી મારો એક પોતરો લનન (લંડન)ની સામી બાજુએ રહે છે તેના ભેગો રહેવા જઈશ. ત્યાં જ્યૉર્જનું ઠેકાણું પડે એમ નથી.'

કેવની આંખો અધીરાઈથી ચકળવકળ બની: 'પણ ઘોડો ક્યાં?'

'જ્યૉર્જ!' હોડે હાક મારી: 'અરે એ જ્યૉર્જ—'

ત્યાં તો પાસેના નાનકડા ટેકરાના ઢાળ પરથી પહોળી છાતીનો અડીખમ સત્તર હાથની કાયાવાળો ઘોડો હણહણ્યો. એનું પટકંદ મોઢું વચમાં સફેદ તિલકથી શોભતું હતું. તેના આખા કદમાં મગરૂરી ઠાવકાઇ દેખાતી હતી. હળવી હણહણાટી કરતા આવી તેણે પોતાનું મખમલિયું મોઢું મોં હોડના મોટા ખીસા આગળ ઘુસાડ્યું અને રોજની ખાત્રીપૂર્વક સાકરનો એક ગાંગડો અંદરથી ઉપાડ્યો.

'એની કેટલી કિંમત ધારો છો?' કેવ તુરત વાત પર આવ્યો.

'કિંમતનું પૂછો તો ખરું કહું છું કે પૈસાની હું પરવા કરતો નથી. જ્યૉર્જ જુવાન ઘોડાના જેટલું કામ આપી શકતો નથી, એટલે હું તો તેને કોઇક લાયક જગ્યા પર રાખવા ધારું છું, અને તેની ખાત્રી મળે તો પાંચ પાઉન્ડ હું ઠીક ગણીશ.'

કેવે માથું હલાવી મંજૂરી આપી: 'તેને જરા યે કામ કરવું નહિ પડે.' કહેતાક ને પાંચ પાઉન્ડની નોટ તેણે કાઢી આપી. હોડે તે હાથમાં લઈ જ્યૉર્જ સામે જોયું અને તેનું મોઢું પ્રેમપૂર્વક પંપાળ્યું ને પાછી પોતે પીઠ ફેરવી ઊભો. તેનું પોતાનું ડોકું ખેદથી નમી પડ્યું હતું. 'જરા રહો, હું તેનું ચોકડું અને મોવડ લાવી આપું છું.' એટલું બોલતાં તેનો કંઠ ભરાઈ આવ્યો.

એક કલાક બાદ જ્યૉર્જ કેવના ઘરની પાછળના ખેતરમાં ચરતો થઈ ગયો. કેવ ઝૂંપડામાં ગયો અને બારી ઉઘાડી હાથમાં લીલા ગાજરની એક નાની પૂળી રાખી તેણે જ્યૉર્જને હાક મારી. તુરત જ્યૉર્જ ઝડપી ચાલે આવી પહોંચ્યો અને તેના હાથમાંનું ગાજર લઈ સંતોષથી ચાવતો ઊભો. એટલું પૂરું થયું એટલે બીજું વધારે મેળવવા તેણે મોઢું ઊંચું કર્યું અને તેની સમજદાર આંખો આતુરતાથી ઊંચાઈ રહી. કેવે તેને બીજું ગાજર આપ્યું અને ટાપલી પાછી હટ-

મૂકી દીધી. આવતા શુક્રવારે તેને પેલા પડદાની વચ્ચોવચ્ચ લાવી થોડા ગાજર ચાવતો કરી દેવાશે અને કેલિડિક કિરણ તુરત તેને શમ-શરણ કરી દેશે એમ તે વિચારી રહ્યો.

પછીના અડતાલીસ કલાકમા કેવ થોડામા થોડી ઊંઘ લઈ શકયો હતો. તે કિરણમાથી ગરમી બાદ કરી નાખનારી કોઇ રીત વિષે વિ-ચાર કરી રહ્યો હતો ગુરુવારે બપોરે તેણે પાંજરામાથી નાથાના પિગને કાઢી ટેબલ ઉપર મૂકયુ બહાર ઝૂપડાની પાસે જ જ્યૉર્જ ઍપર-વાઇથી ચરતો હતો કેવ પોતાના યંત્ર પાસે ગયો, તેને ગોઠવી કિરણ સાંધ્યુ અને ચાપ ખેંચી લે જ ક્ષણે નાથાના-પિગ ખેંચાઇ લગ બની ગયુ પણ કેવની ગણત્રી પ્રમાણે ૯૯ સેકંડ થઇ ત્યારે જ તેમાથી બળવાની વાસ નીકળી

ચાપ ફેંકાણે કરી પાછો તે મેજ પર જઈ બેઠો તેને વધુ ગણત્રી ની જરૂર લાગી

એવામા બહાર ધબકાર થયો કે તેની કંઈ દરકાર કરી નહિ એ જ્યૉર્જ ચરતાચરતા ઝૂપડાની ...ક આવી પગ લટકાવતો હતો ફરી અવાજ થયો, જાણે કોઇ ધીમો ઘસારો કરતુ હોય તેમ કેવે વખત-સર નજર કરી તો જ્યૉર્જ ખુલ્લી બારીમાથી ડોક તાણી રહ્યો હતો અને ચાપની બાજુમા થોડેક દૂર લટકતી ગાજરની ટોપલી તરફ આ-ગી રહ્યો હતો. કેવે આ વખતે એક ભૂલ કરી. તેણે તુરત ઊભા થઈ બાજુ ખસી જવુ જોઇતુ હતુ ને પછી જ્યૉ-ર્જને હાંક મારવી હતી તેને બદલે તેણે પહેલો જ હોકારો કર્યો ચમ-કેલા જ્યૉર્જે એકદમ તેનુ માથુ ઊંચુ કરી પાછુ ખેંચ્યુ. એ વખતે તેના મોવડનો પટ્ટો ચાપના ટોચકામા ભરાયો અને કટ અવાજ સાથે ચાપ પડી!



સંસારદર્શન ચિત્રાવલિ . . . . (૪) વૈધવ્યની વિડંબના

એક વખત ઘરમા વસ્ત્રશૃંગારને ગીતહાસ્યની ફોરમ ફોરતી સ્ત્રીનો ભર્તા જતા તેની પાસેથી ગૃહનો, ધનનો, માનનો કે સામાન્ય સુખસગવડનો પણ અધિકાર છીનવી લેનાર સમાજ કેવો ન્યાય તોળે છે? રાધાકૃષ્ણનાં મંદિરો ગાજતા હોય ત્યા આ વિધવા શૂન્ય મુખે નિશ્વાસ નાખતી રહે. ધોળી મૂછોવાળા સસરા અને સાસુ નવાનવા બાળકો રમાડતા હોય ત્યા આ વિધવા પાસેના જ ખટમા મૃત પતિનું સ્મરણ કરતી નિસાસા નાખે. એને સમાજ સાથે કંઇ વ્યવહાર રહ્યો હોય તો તે માત્ર તેને શિરે રહેલી દળવા, ભરડવા ધોવા વગેરેની સમાજની વેઠ જ. ઉપરાત અમગળ પાત્ર બની ઘરના આબાલવૃદ્ધનુ આંગળીચીંધણુ બની રહેવુ વિદ્યા, જ્ઞાન, ઉદ્યોગ, ઉત્કર્ષ, સ્વાવલંબન, સ્વનિર્ણય તેના માટે હોઇ શકે નહિ એવુ કહેનારો સમાજ આજે ધર્મના ધજાગરા ફરકાવી રહ્યો છે


કેવ તો કિરણના માર્ગમા જ ખડાયો હતો બૂમ પાડવાની પણ તેને વેળ મળી નહિ કટ થતા ને એક સેકંડમા તેનુ શરીર ખેંચાયુ તેની આંખોમા માત્ર ચેતન હતુ, પણ તેમા ત્રાસનો ભભૂકો હતો. એક અુરરી ગબડે એમ તે ઢળી પડયો ચાપમા ભરાએલો જ્યૉર્જના મોવડનો પટ્ટો તરત નીકળી ગયો અને તે ધીરેધીરે ઝૂપડામાંથી દૂરો થઇ ચરવા લાગ્યો

તુરત મેજનુ લાકડુ સળગ્યુ, ધુમાડો બારીમાથી ગોટવાતો બહાર પડયો થોડી વારે જ્વાળાની સર્પરેખા આકાશે ચડી. કેવ અને તેની શોધની તેમા શી ગણત્રી? જ્યૉર્જ ગનપસદરીતે ફરતો આગળ ચાલ્યો અને શાતિથી ચર્યા કર્યું તેના લાબા નમ્ર મોં ઉપર એક અજબ સમજણ પ્રકટી હતી

(Tit Bitsમાની Dudley Hoysની વાર્તા તથા તેના ચિત્ર પરથી)

બૉમ્બ અને તેનાથી બચવાના ઉપાય

કેશવલાલ કાશીરામ જાની બી.એ., એસ. ટી સી.



ઉ. ૧૧૦૦ રતલ વજનનો બીજલી હાઈ ઍક્સપ્લોઝિવ બૉમ્બ, જે મહા ધરતીકંપની માફક પંદર હજાર બારસો ફૂટના ઘેરાવામાં ભયંકર હોનારત ફેલાવે છે, તેને પડખે સવાબે રતલનો આગિયો બૉમ્બ, જે છાપરાને પણ પીગાળી આગ લગાડે છે

યુદ્ધસ્ય કથા રમ્યા એ ઉક્તિ ભૂતકાળમાં કદાચ સાચી હશે; કારણકે તે વખતે સામાન્ય પ્રજાજન યુદ્ધથી દૂર રહી શકતો. પણ આજે તો એવું એકે સ્થાન નથી કે એવી એકે વ્યક્તિ નથી જેને યુદ્ધની પ્રત્યક્ષ કે પરોક્ષ અસર ન થતી હોય. આને વખતે યુદ્ધની કથા રમ્ય લાગવાનો સંભવ ઓછો છે અત્યાર સુધી સદ્‌ભાગ્યે આપણે યુદ્ધના મોરચાથી સારીગીને દૂર હતા, પણ જાપાને યુદ્ધ જાહેર કર્યાં પછી યુદ્ધક્ષેત્ર આપણી વધુ ને વધુ નજીક આવતું જાય છે. વળી હાલનાં વિમાનો એકવાર પેટ્રોલ ભરીને બેઅઢી હજાર માઈલનો પ્રવાસ કરી શકે છે એટલે સાતસો આઠસો માઈલ દૂરથી વિમાનો આવી બેત્રણ કલાક હિંદુસ્તાન પર ચક્કર મારી, બૉમ્બ ફેંકી, પાછાં સહેલાઈથી પોતાને સ્થાને જતા રહી શકે છે

આ સિવાય અધિક મહત્ત્વની બાબત એ છે કે હવે વિમાનવાહક જહાજ બનાવવામાં આવ્યાં છે. આવું એકાદ જહાજ બંગાળના ઉપસાગરમાં અથવા તો અરબી સમુદ્રમાં આવે, તો તેની પરનાં પુષ્કળ વિમાનો આપણા દેશ પર કલાકોના કલાકો મોકલી શકે. આવે વખતે તેમનો સામનો કરવા માટે, આપણી પાસે, ઇંગ્લંડ જેવા ફાઈટર વિમાનો કે વિમાનવિધ્વંસક તોપો એવું કંઈ નથી! સરકારના કાર્યક્રમ પ્રમાણે આવતા વર્ષ (૧૯૪૨) આખર સુધીમાં આશરે ૩૬ વિમાનો તૈયાર થવાનાં છે' આ બધી બાબતોનો વિચાર કરી, જે વખતે આપણા પર સંકટ આવી પડશે ત્યારે સરકાર આપણો બચાવ કરશે એમ કહીને, અથવા તો જે થવાનું હશે તે થશે એમ કહીને, નિરાશ બની બેસી રહેવું એ યોગ્ય નથી આગામી સંકટના નિવારણ માટે અત્યારથી જ કંઈક પ્રતિબંધક ઉપાય યોજવા જોઈએ. અને એ હેતુથી જ નીચેની માહિતી આપવાનું યોગ્ય ધાર્યું છે.

બૉમ્બમારાથી યોગ્ય રક્ષણ થાય તે માટે હવેથી મકાન કેવા બાંધવાં, અત્યારના મકાનોમાં ક્યા ક્યા ફેરફાર કરવા, અથવા ઘર બહાર કૉમ્પાઉન્ડમાં આશ્રયસ્થાન (શેલ્ટર્સ) કેમ બાંધવાં એ સ્પષ્ટ સમજવાને માટે બૉમ્બ કેવા હોય છે અને તે કેવી રીતે નુકસાન કરે છે એ પ્રથમ સમજવું જરૂરનું છે. એટલે પહેલાં તે વિષે થોડી ચર્ચા કરીશું

બૉમ્બના મુખ્ય ત્રણ પ્રકાર છે—(૧) પ્રસ્ફોટક (High Explosive), (૨) પ્રજ્વલક અથવા આગ લગાડનારા (Incendiary), અને (૩) વિષગર્ભ અથવા ઝેરી (Poison Gas)

પ્રસ્ફોટક (High Explosive) બૉમ્બના વળી ચાર પ્રકાર છે (અ) જાડા કવચના (Heavy Case); (બ) મધ્યમ કવચના (Medium case), (ક) હલકા કવચના (Light case), (ડ) કણી ઉડાડનારા (Antipersonel અથવા Fragmentation)


આ ચાર પ્રકાર પૈકી જાડા કવચના બૉમ્બમાં સ્ફોટક દ્રવ્ય બહુ ઝાઝું હોતું નથી પરંતુ અત્યંત જાડા પોલાદી અથવા લોહયુક્ત કૉંક્રીટના કવચમાં પણ માર્ગ કરીને અંદર ઘૂસી જાય એવી તેની રચના હોય છે. માટે જ એવી કેસ બૉમ્બનો ઉપયોગ મોટીમોટી ગોદીઓ, દારૂગોળાનાં કારખાના, પેટ્રોલની ટાંકીઓ, વખારો, વિમાનગૃહો વગેરે ઉપર થાય છે. શહેરમાં નાગરિકો પર તે ફેંકવામાં આવતા નથી; કારણ કે તે મજબૂત કવચને ભેદીને અંદર જઈ શકે છે, પણ વિશાળ ક્ષેત્ર પર પ્રસરી શકતા નથી. આ દૃષ્ટિએ મીડિયમ કેસ બૉમ્બ ભયંકર ગણી શકાય. જરૂર પૂરતું કાણું પાડી, અંદર ઘૂસી, પ્રચંડ સ્ફોટ કરીને આજુબાજુ દૂર સુધી કણીઓ ફેંકી તે નુકસાન કરે છે.

હાઈ એક્સ્પ્લોઝિવ બૉમ્બ ૫૦ પૌંડથી માંડીને ૨૦૦૦ પૌંડ સુધીના વજનના હોય છે. કોઈકોઈ વાર ૩૯૬૦ પૌંડ વજનના બૉમ્બ પણ વપરાય છે નીચેનો ભાગ અણીદાર હોવાથી હવાનો પ્રતિકાર ઓછો થાય છે, અને પડ્યા પછી તરત જ તે કાણું પાડી અંદર ઘૂસી શકે છે.

બહુ ઊંચાઈએથી ફેંકેલા બૉમ્બ જમીન પર આવતાં બહુ જ ગતિ પકડે છે. કારણકે પૃથ્વી પર પડતા પદાર્થની ગતિ દર સેકંડે વધતી જાય છે પહેલી સેકંડને અંતે તેનો વેગ દર સેકંડે ૩૨ ફૂટ, બીજી સેકંડને અંતે ૬૪ ફૂટ, ત્રીજી સેકંડને અંતે ૯૬ ફૂટ વગેરે આ નિયમાનુસાર ૧૨૦૦૦ ફૂટ ઊંચેથી પડનાર બૉમ્બ જમીન પર આવતાં કલાકના ૭૦૦ માઈલનો વેગ પકડે છે!

સામાન્ય જનતા પર ફેંકવામાં આવતા મીડિયમ કેસ બૉમ્બ ૧૫૦ કે ૨૦૦ પૌંડથી વધુ વજનના હોતા નથી, કારણ કે આવા બૉમ્બ બહુ જ કિંમતી હોય છે, અને નિરપરાધી માણસોનો નકામો સંહાર કરવા સિવાય બીજો કોઈ હેતુ સાધવાનો ન હોવાથી મોટા બૉમ્બ ફેંકવા પરવડતા નથી. ૧૦૦ થી ૨૦૦ પૌંડ સુધીનો બૉમ્બ પણ ઘર પર પડે તો ઘણું જ નુકસાન કરે છે છાપરું ભેદીને બે ત્રણ માળમાં કાણાં પાડી તે નીચે આવી ફૂટે છે ત્યારે આખું યે મકાન જમીનદોસ્ત કરી મૂકે છે અને ઘર પર બરાબર પડવાને બદલે આસપાસ ક્યાંક પડીને ફૂટતાં તેની કણીઓ આજુબાજુ ફેલાવાથી પણ જાનમાલની વધુ ખુવારી થાય છે એવો સાર્વત્રિક અનુભવ છે

આવા બૉમ્બ જે ઠેકાણે પડે છે તેની આજુબાજુ પચાસ



પચાસ ફૂટ સુધીમાં જે જે મકાનો હોય તેને તે નુકસાન પહોંચાડે છે પણ આવા બૉમ્બથી બચવા માટે મકાન અને આશ્રયસ્થાનની યોજના કરવી એ બહુ મુશ્કેલ કે ખરચાળ કામ નથી

હાઇ એક્સ્પ્લોઝિવ બૉમ્બ પડે ત્યારે તેની આટલી અસર થાય છે

(૧) બૉમ્બ પડે તે જગ્યાએ મોટો ખાડો પડે છે, (૨) વીજળીના જેવો કડાકો થાય છે, (૩) ઘરના છાપરા ઊડી જાય છે અને બારીબારણાંના કાચના ટુકડા દૂરદૂર ફેંકાઇ જાય છે, (૪) દીવાલો પણ તૂટી પડવાનો સંભવ રહે છે, (૫) બૉમ્બમાંના ટુકડા અને જમીનમાંના પથ્થર તથા માટીના ટુકડા હજાર-બારસો ફૂટ સુધીના વિસ્તારમાં જોરથી ફેંકાય છે, અને એ ટુકડાઓ ઘરની દીવાલો, બારીબારણાં અને છાપરામાં કાણાં પાડી ઘૂસી જાય છે, પરિણામે એટલા વિસ્તારમાંના માણસો જખમી થવાનો સંભવ રહે છે, (૬) બૉમ્બ પડવાની જગ્યાની આસપાસ ધરતીકંપ જેવી સ્થિતિ થાય છે, અને જમીનની નીચે ડ્રેનેજ, પાણી, ગૅસ વગેરે માટે નળ હોય છે તે ફૂટી જઇ બધે પાણી જ પાણી થઇ રહે છે કેટલીક વાર ગૅસનો પણ બૉમ્બના જેવો જ ભડાકો થઈ વધુ નુકસાન કરે છે વીજળીના તાર તૂટી જવાથી કેટલીક વાર 'શૉર્ટ સર્કિટ' થઇ આગ લાગે છે

આવા પ્રકારના (ખાસ કરીને ક પ્રકારના) બૉમ્બ બજાર, યાત્રા, મેળા વગેરેને સ્થાને એકત્ર થએલા ટોળા પર પડે તો કેટલું નુકસાન થાય તેની કલ્પના આવી શકશે બૉમ્બની કણીઓ બંદૂકની ગોળી કરતા બમણા વેગથી ઊછળતી હોવાથી હજાર-બારસો ફૂટના વિસ્તારમાંના બધા માણસો અને જાનવરોને પૂરેપૂરો ભય રહે છે.

કેટલાક બૉમ્બ 'ટાઇમ બૉમ્બ' અથવા 'ડિલેઇડ ઍક્શન બૉમ્બ' હોય છે આવા બૉમ્બ પડે કે તરત જ ફૂટતા નથી, પણ પડતાની સાથે જ તેમાંના યંત્ર ચાલુ થાય છે, અને પૂર્વયોજના પ્રમાણે તે યંત્રના અમુક ફેરા થયા પછી જ બૉમ્બ ફૂટે છે.

હવે આગ લગાડનારા (Incendiary) બૉમ્બનો વિચાર કરીએ આ જાતના બૉમ્બ બે પૌંડથી માંડીને આઠ પૌંડ સુધીના વજનના હોય છે. સામાન્ય વિમાનમાં તે બે હજારની સંખ્યા સુધી લઈ જઈ [illegible]ય છે આવા બૉમ્બનું ખર્ચ પણ બહુ થોડું આવે છે, પણ બહુ જાડી સપાટીને ભેદી તે અંદર જઈ શકતા નથી

એક કિલો (૨½ રતલ) વજનના પ્રજ્વલક બૉમ્બની લંબાઈ નવ ઇંચ અને વ્યાસ બે ઇંચ હોય છે બૉમ્બ બરાબર સીધો પડે તેટલા માટે તેને પાંચેક ઇંચ લાંબી પૂંછડી લગાડેલી હોય છે પડ્યા પછી એકાદ બે મિનિટે તે એવી પ્રચંડ ગરમી ગ્રહણ કરે છે કે તેની પાસે જવું પણ મુશ્કેલ થઇ પડે છે શરૂઆતની ૪૦–૫૦ સેકંડમાં જ તેની ઉષ્ણતા બેથી અઢી હજાર સેન્ટીગ્રેડ ડિગ્રી સુધી વધી જાય છે. આઠસો સેન્ટીગ્રેડ ડિગ્રીએ લોખંડ લાલ બની ઓગળવા માંડે છે, આ ઉપરથી એ બૉમ્બની ઉષ્ણતાનો ખ્યાલ આવી શકશે આટલી બધી ગરમીથી ઘર પરના પતરા સુદ્ધાં ઓગળી જઇ તેમાંથી બૉમ્બ અંદર પડે છે ૪૦–૫૦ સેકંડ પ્રખર આગ બળવાને પરિણામે તેમાંની મૅગ્નેશિયમની નળી સળગે છે અને તે દસપંદર મિનિટ સુધી તેરસો ડિગ્રી ગરમીથી એકધારી બળ્યા કરે છે આ દરમ્યાનમાં લાકડકામ તો શું, પણ સાધારણ રીતે ન સળગે એવા પદાર્થો પણ સળગી ઊઠે છે!

અંદર ફક્ત મૅગ્નેશિયમ જ હોય તો તો તેના પર એકાદ બે ટોપલા રેતી કે માટી નાખી દેવાથી તે બુઝાઇ જાય છે પણ અંદર થર્માઇટ હોય તો રેતી કે માટીની કઈ અસર થતી નથી, કારણ થર્માઇટની સાથે અંદર ઑક્સિજન પણ મૂકેલો હોય છે, એટલે રેતીની અંદર સુદ્ધાં તે બળ્યા કરે છે મૅગ્નેશિયમના બૉમ્બ પર પાણી નાખવાથી ઊલટું જ પરિણામ આવે છે; કારણ કે પાણીમાંના ઑક્સિજન અને હાઇડ્રોજન છૂટા પડી, ઑક્સિજનની પૂરવણીથી બૉમ્બની આગ વધુ પ્રખર બને છે. હાઇડ્રોજન પણ જ્વાલાગ્રાહી વાયુ હોવાથી સળગી ઊઠે છે વળી એકદમ ઠંડુ પાણી પડવાથી મૅગ્નેશિયમના ઝીણાઝીણા ટુકડા થઈ પાણી નાખનારના શરીરમાં ઘૂસી જવાનો સંભવ રહે છે આવે વખતે બૉમ્બ પર સતત પાણી પડ્યા કરે તેવી રીતે વ્યવસ્થા કરવાથી, બૉમ્બને પાણીનો ઑક્સિજન મળ્યા કરે છે અને બૉમ્બ થોડા વખતમાં બળીને ખલાસ થઇ જાય છે વળી આજુબાજુ લાકડકામ વગેરે હોય તેને કંઈ નુકસાન થતું નથી. આવી જ રીતે થર્માઇટ બૉમ્બની પણ પ્રખરતા ઓછી કરી શકાય છે

કેટલાક બૉમ્બમાં ફૉસ્ફરસ હોય છે. આવા બૉમ્બ પર પાણી નાખતા તે પહેલા તો બુઝાઇ જાય છે, પણ ઉપરનું પાણી સુકાઇને ઊડી જતા તે પાછો આપોઆપ સળગી ઊઠે છે. માટે બૉમ્બને ફક્ત બુઝાવી દઈને જ સંતોષ ન માનતા તેને ઊંચકી ખુલ્લી જગ્યામાં ફેંકાવી દેવો જોઇએ. આ બૉમ્બ રેતી કે માટીમાંથી બહાર કાઢતી વખતે પણ તેના પર સતત પાણીની ધાર કરી રાખવી જોઇએ, નહિ તો તેને હવા લાગતા જ તે સળગી ઊઠે છે અને કાઢનાર માણસને ઇજા કરે છે

પ્રજ્વલક બૉમ્બનો ભડાકો થતો ન હોવાથી તે પડે કે તરત આપણને ખબર ન પડે એ સ્વાભાવિક છે ઘણી વાર ખબર પડે તો સંરક્ષક ઉપાય યોજવા મુશ્કેલ બને છે

સૌથી પહેલા એચ ઇ. (હાઈ એક્સ્પ્લોઝિવ) બૉમ્બ નાખી માણસોને ગભરાવી મૂકવામાં આવે છે અને તેઓ ભોંયરામાં કે આશ્રયસ્થાનમાં દોડીને જતા રહે પછી પ્રજ્વલક બૉમ્બનો વરસાદ વરસાવવામાં આવે છે, આથી ચારે બાજુએથી એવી આગ લાગે છે કે ફાયરબ્રિગેડના માણસો પણ તેને કાબૂમાં લઇ શકતાં નથી

એચ ઇ. અને પ્રજ્વલક આ બન્ને બૉમ્બના મિશ્રણથી 'મોલોટોવ બ્રેડબાસ્કેટ' નામની યોજના કરેલી હોય છે તે તો વળી ઘણી જ ભયંકર હોય છે એક મોટા બૉમ્બની અંદર સેંકડો નાના નાના પ્રજ્વલક બૉમ્બ મૂકવામાં આવે છે મોટો બૉમ્બ હજારેક ફૂટની ઊંચાઇએ ફૂટે છે અને તેના જોરથી અંદરના પ્રજ્વલક બૉમ્બ તોપના ગોળાની માફક આમતેમ ફેંકાય છે આવા બૉમ્બ છાપરામાં સહેલાઇથી કાણાં પાડી અંદર ઘૂસી જાય છે

મકાન ઉપર કૉંક્રીટની પાંચ છ ઇંચ જાડી અગાશી અને તે પર આશરે છ ઇંચ જાડો રેતીનો થર હોય તો પ્રજ્વલક બૉમ્બથી પૂર્ણ પણે બચાવ થઇ શકે છે.

ત્રીજા પ્રકારના ઝેરી બૉમ્બમાં મુખ્ય બે જાત છે એકમાં અસ્થિર (Non persistent) ગૅસ વાપરવામાં આવે છે અને બીજામાં ટકાઉ (persistent) વાપરે છે. બૉમ્બનું વજન ૨૦થી ૬૦૦ પૌંડ સુધીનું હોય છે, પણ સામાન્ય રીતે ૨૫૦ પૌંડના બૉમ્બ વપરાય છે તેમાં અમુક વજનનો ઝેરી વાયુ નાખવામાં આવે છે

અસ્થિર વાયુ ઘણી જાતના છે. દાખલા તરીકે ક્લોરિન, ફૉસ્જિન વગેરે બૉમ્બ કોઇ પણ સપાટી સાથે અફળાતા ફૂટે છે ને ઝેરી ગૅસ બહાર નીકળી પ્રસરે છે 'ટીઅર ગૅસ' એ આ પૈકી એક છે તેનાથી આંખો બળે છે, ચેન પડતું નથી, અશ્રુસ્રાવ થાય છે અને તેટલા પૂરતું જોઈ શકાતું નથી બીજા એક પ્રકારના વાયુથી નાકમાં અને ગળામાં બળતરા થાય છે, પણ થોડી વાર શુદ્ધ હવા મળે એટલે સારું થઈ જાય છે બીજા એક પ્રકારથી શ્વાસનળી અને ફેફસાં પર અનિષ્ટ અસર થાય છે અને કોઈ વાર મૃત્યુ પણ થાય છે અસ્થિર વાયુ થોડી વાર હવામાં રહીને ઊડી જાય છે (અનુસંધાન આગળ પાન ૨૦મે)

કાઠિયાવાડના એક ગામડામાં ગાળેલા બીનજવાબદાર બાળપણનાં રમૂજી સ્મરણોનો બીજો પ્રસંગ

બેવડી દક્ષિણા



આથમતો પહોર હતો. દિ આખો સીમમાં ચરેલા ઢોર આનંદમા ઘેર પાછા ફરતા હતા. પાંચેક વાગવાનો સમય થયો, ને નિશાળના ઘંટનો રણકાર સંભળાયો. વર્ગમાથી ગડગડની દોટ મૂકતા બાળકો શાળામાથી બહાર નીકળવા માટે ધસારો કરવા લાગ્યાં. હજી તો ગુજરાતી નિશાળ અર'ધી પણ ખાલી નહિ થઈ હોય, એટલામાં અંગ્રેજી શાળાનો ઘંટ વાગ્યો.

ગામડાની અજડ વાણી વચ્ચે ભાગ્યા-તૂટ્યા અંગ્રેજીનાં ગોખી રાખેલાં વાક્યોનો મુક્ત કંઠે ઉચ્ચાર કરતા જડિયાની, મેં અને ગફલે નિશાળની ઊંચી ઓટલી ઉપરથી બૂમ સાંભળી 'એલા એઈ' તમે ઓલ્યા લીંબડા પાસે વેઈટ થાજો આઈ ઍમ કમિંગ'.

ગુજરાતી નિશાળના વિદ્યાર્થીઓએ પોતાનું આ વાક્ય આશ્ચર્યથી સાંભળ્યું, એ બોલતાબોલતા જ ત્રાંસી નજરે જોઈ લેતા જડિયાને લાગ્યું કે પોતે કંઈક એથી પ્રતિભા પાડી શક્યો હતો!

હું, ગફલ, જડિયો અને નન્યો, અમારી આ ચંડાળ ચોકડીને બીજી અંગ્રેજીમાં પ્રવેશ કર્યાને હજી પંદર જ દિવસ થયા હતા. પહેલી અંગ્રેજીમાં આવીને ચાર એ બી સી ડી શીખ્યા પહેલા જ અમારા શિક્ષકે વર્ગમા કામચલાઉ બોલી શકાય એટલા અંગ્રેજી વાક્યો ગોખાવી નખાવ્યા હતાં. આ દસબાર અંગ્રેજી વાક્યોએ અમારી ભાષામાં ઘણો રૂઆબ આણ્યો હતો. ગુજરાતી તાલુકા સ્કુલ પાસેથી પસાર થતી વેળા સીનિયર ટ્રેન થએલા શિક્ષકોને વર્ગો લેતા જોઈ, તેમને સંભળાવવા ખાતર પણ અવારનવાર એવા વાક્યોનો ઉપયોગ અમે સામસામા કરી નાખતા, અને કેવોક વટ પડે છે તે ત્રાંસી નજરે જોઈ લેતા.

બંને નિશાળોમાંથી છૂટેલા વિદ્યાર્થીઓની ભીડ વચ્ચેથી જડિયો 'અરે, પ્લીઝ ગિવ મી વે' એમ અંગ્રેજીમા શિષ્ટાચાર સહિત ધક્કામુક્કી કરતો ઝપાટાબંધ લીમડા પાસે આવી પહોંચ્યો. વચમા હડફેટમા આવેલા કેટલાક નાના છોકરાઓની સ્લેટ અને બાળપોથીઓ તેણે ઉડાડી નાખી હશે તેની એને જરા યે પરવા નહોતી

જડિયો જરા હાંફી ગયો હતો. પણ મારી બાજુમા ગફલ સાથે નન્યાને પણ જોઇને તે વધુ આનંદમાં આવી ગયો. અને પછી આગળ પાછળ નજર ફેરવી બહુ અગત્યની વાત હોય એમ ધીમેથી બોલ્યો: 'કાલે ગામમા ઘેરઘેર શુકલ નાઈ કહેવા ફર્યો હતો, તને કાંઈ ખબર છે?' 'અમે નકારમાં ડોકાં ધુણાવી આતુરતાપૂર્વક આંખો વિસ્ફારી

'આજ રાત્રે કલ્યાણપર અને લાખણકાથી કણબીની ચાળીસ ચાળીસ કન્યાઓ પરણીને જવાની છે, એટલે દક્ષિણા લેવા જવા માટે ત્યાંથી પટેલીઆઓએ કહેવડાવ્યું છે.' કોઇ શિકારને જોયા પછી જેવા શિકારી કુતરાના કાન ચપળ બની જાય છે એવી રીતે મારા અને ગફલના કાન ચપળ બની ગયા.

'કેમ, જવું છે ને?' જડિયાએ જવાબ માગ્યો 'અરે! એમાં વળી પૂછવાનુ તે હોતુ હશે? નિશાળમા તો રોજ ભણવાનું છે જ ને? આવા પ્રસંગો કાંઈ રોજરોજ આવે છે? ચાલ, એલા ગફલા, તુ જમીને મારે ત્યા જલદી આવજે. અને જડિયા તુ નન્યાને લઇને દી આથમ્યે ભરવાડિયે દરવાજે એભલવાળા હનુમાને પહોંચી જા ત્યા અમારી વાટ જોજે.'

સાંજ પડવા આવી હતી. થોડુથોડુ મોસૂઝણું જ હતુ ભીડભંજન મહાદેવના બાવાનો શંખધ્વનિ સંભળાતો હતો ગામના સાધુબાવા અને બ્રાહ્મણના છોકરાઓ ટોળાબંધ ભરવાડિયાદરવાજા તરફ ઝપાટાબંધ ચાલ્યા જતા હતા આછી આછી ચાંદની પ્રકાશવા માંડી હતી અને એના પ્રકાશમા એભલિયા હનુમાનના ઓટલા ઉપર ઊભો રહીને જડિયો અમારી રાહ જોતો હતો.

કલ્યાણપર અને લાખણકા અમારા ગામથી બે માઈલ દૂર હતા એની સીમમા લાળી કરતા શિયાળના અવાજ શિયાળાની ઠંડી રાતમા અમારા ગામમા સ્પષ્ટ સંભળાતા ભરવાડિયે દરવાજે ઊભા ઊભા લાખણકાના પાદરમા સળગતી તાપણીનો પ્રકાશ પણ ચોખ્ખો જોઈ શકાતો ગામમાથી દક્ષિણા લેવા જનારા લગભગ બધા જ નીકળી ચૂક્યા હતા. બાકી અમે ચાર જણા જ રહ્યા હતા.

રાત પડતી હતી અને વખત પણ થઈ ગયો હતો. અમે પહોંચ્યા ન પહોંચ્યા એવામા કલ્યાણપર અને લાખણકાના પાદરમા બંગિયો વાગતો સંભળાયો ને સૌના કાન ચમક્યા. ચારે જણાએ ઝડપથી ચાલવા માંડ્યુ આછી ચાંદનીમા રસ્તો સ્પષ્ટ દેખાતો હતો. અને તેની બંને બાજુએથી તમરાનો અવાજ વાતાવરણ જમાવતો હતો. થોડેક જતા બે રસ્તા ફંટાયા: એક કલ્યાણપરનો અને બીજો લાખણકાનો

'બેમાથી કયે ગામ જઈશુ?' ગફલે પ્રશ્ન કર્યો.

'વધારે દક્ષિણા મળે ત્યા જ તો' જડિયો બોલી ઊઠયો

બંને ગામમા સરખી જ કન્યાઓ પરણતી હતી કોણ કયા વધારે દક્ષિણા આપશે તે કેમ નક્કી થાય? એ તો નસીબની જ વાત હતી. અંતે લાખણકાનો રસ્તો પકડ્યો. અરધોક ખેતરવા ચાલ્યા હોઈશુ એટલામા મેં ઊભે મોલ ચરતા એક ટારડા ઘોડા તરફ ગફલનુ ધ્યાન ખેંચ્યુ. જડિયા અને નન્યાને કેડીએ જ ઊભા રાખીને, અમે બંને ખેતરમાં પડ્યા. મેં ગળે વીંટેલું કાળિયુ ટારડાને ગળે બાંધ્યુ અને ગફલે પાછળથી પૂંછડું આમળ્યુ માંડમાંડ ખેંચીને તેને

કડી ઉપર લાવ્યા. જરિયો, નન્યો અને મહદેવ ત્રણે જણા એકબીજાનો ખભો પકડીને ટારડા ઉપર બેસી ગયા. સૌથી આગળ મહદેવ બેઠો. ટારડાને ગળે ફાળિયું બાંધ્યું હતું એની લગામ કરીને મહદેવે મોઢેથી ટચકારા મારી હાંકવાની શરૂઆત કરી અને ત્રણે જણાએ પગની એડીએ ઠોકવા માંડી. મેં પાછળથી પૂછડું આમળવા માંડ્યું. ચારે જણાએ આવી રીતે તાશેરો કર્યો ને ટારડું ભડક્યું! પાછલા પગની લાત ખાતો માંડ હું બચી ગયો. ટારડું ખસ્યું એટલે મહદેવ, જરિયો ને નન્યો ત્રણે ઊંધળી પડ્યા! ટારડું ગરમ થઈ નાસવા માંડ્યું, પણ ફાળિયાની લગામ મહદેવના હાથમાં જોરથી પકડાઈ ગઈ તે કેમ છૂટે?

વિચાર એવો હતો કે ટારડા ઉપર બેસીને એકદમ ગામમાં પહોંચવું અને ત્યાંથી જો સારી દક્ષિણા ન મળે તો ટારડા ઉપર જ સવારી કરી ત્યાંથી કલ્યાણપુર પહોંચવું! પણ ટારડાએ તો હઠ પકડી હવે શું થાય? એક વખત મહદેવે અને મેં ટારડા ઉપર બેસી જોવા અખતરો કર્યો. ફરી પાછા બેઠા. આ વખતે તો એકબીજાને ચોંટી જ રહ્યા. ટારડું ગરમ થયું હતું એટલે બરાબર રંગમાં આવ્યું અને પાછળ બેઠેલા મહદેવે ઝાડની કાપેલી લીલી સોટી ફટકારવા માંડી. સોટીના ચમકારથી રંગમાં આવેલા ટારડાએ હઠ છોડી દીધી અને ચાલ બદલી. જરિયો ને નન્યો આ વખતે પાછળ દોડતા આવતા વચ્ચેવચ્ચે પૂછડું આમળતા હતા. ચારે જણા આનંદમાં આવી ગયા. હેરાન થયા પણ કામ સુધરી ગયું. વારાફરતી સવારી કરી થોડી વારમાં તો અમે બામણગામની સીમમાં પ્રવેશ કર્યો.

પાદરે ટારડાને એક ઝાડ નીચે છૂટું મૂકી અમે ગામમાં પેઠા. જોયું તો રામમંદિરે બપોરા કરવા જ સાધુ ને બ્રાહ્મણો દક્ષિણા લેવા આવ્યા હતા. અમે ચારે જણા દરેક માંડવે ફરી વળ્યા, પણ વાતાવરણ જોતાં લાગ્યું કે અહીં રોકાવામાં કસ નહોતો. પરસ્પર મંત્રણા કરીને કલ્યાણપુર જ જવું એમ ઠરાવ્યું. પણ હવે સમય નહોતો. અને કેડીએથી રખડીશું તો માર્યા જઈશું એમ વિચારી દોડ્યા સિવાય છૂટકો જ નહોતો.

ફરી પાછા પેલા ઝાડ પાસે આવ્યા. જોયું તો ટારડું પલાયન થઈ ગયું હતું! હવે શું થાય? એક મિનીટ અધીરા ઝાડ નીચે ઊભા રહી અમે નિશ્ચય કરી લીધો. કલ્યાણપુરની સીધી કેડી પકડી મૂકી અમે ખેતરમાં આડબીડ દોડવું શરૂ કર્યું અને એ ટૂંકે રસ્તે થઈને કલ્યાણપુરના પાદરમાં ધારેલે વખતે જ પહોંચી ગયા.

અહીંનો દેખાવ ખૂબ ઉત્સાહપ્રેરક હતો. ગામ બહાર તળાવની પાળે સાધુબાવા અને બ્રાહ્મણોના ટોળાએ અજબ જમાવટ કરી હતી. ચારે જણા એ ટોળામાં ભળી ગયા.

કાનના પડદા તોડી નાખે એવા ઢોલની દાંડીના ધમકાર અને શરણાઈઓ તથા તૂરી સંભળાતી હતી. ભાટ અને ભવાઈયાઓ 'ભલે! બાપ, ભલે બાપ!'ના અવાજ કરતા હતા. રાત પણ ધીમે ધીમે જામતી હતી. જરિયાએ દોડતા આવીને ખબર આપ્યા કે બરાબર રાતના બાર વાગ્યે કન્યાઓને વિદાય કરશે. ત્યારે તો હજી ઘણી વાર! બારના એ પણ વાગે! અમે નાહિમ્મત થઈ ગયા! ટાઢ શીમળા જેવી હતી. નાનાનાના ધાવણા છોકરાઓને લઈને એની માવડી દક્ષિણા લેવા આવી હતી. આટલું મોડું થશે એવી કોઈને ખબર નહોતી. કેટલાક તો દક્ષિણા લઈને ઘેર જઈ પછી વાળુ કરીશું એવા હિસાબે એમ ને એમ જ આવ્યા હતા. બ્રાહ્મણના નાના છોકરાઓ ભૂખથી શોરબકોર કરતા હતા. કેટલાક સૂઈ પણ ગયા હતા.

'આપણને તો ભાઈ ખરેખરી ભૂખ લાગી છે. આટલું મોડું થશે એવી ખબર જ નહોતી, નહિ તો વાળુ કરીને જ નીકળી પડત ને?'

'આ નાના છોકરા પણ ભૂખે ટળવળે છે, ત્યારે આપણે શા હિસાબમાં?' મહદેવે નિયમ મુજબ આંખ જરા ઝીણી કરી જવાબ આપ્યો. એ ઝીણી આંખનો અર્થ હું પામી ગયો. અમારો નિશ્ચય થઈ ગયો. ઊભા થઈને જરિયા તથા નન્યાને ઈશારો કરી દૂર બોલાવ્યા અને ચારે જણ ચુપચુપ તળાવની પાળે ઓળંગીને ગામમાં પેઠા.

'નન્યા, તું આ ઠાકોરજીને ચોરે બેસજે. અમે હમણાં જ આવી પહોંચશું. પણ જોજે, અમારા આવ્યા સિવાય ખસતો નહિ.' નન્યો બહાદુર ને ઠરેલ. સાથે છૂપી પોલીસનું કામ પણ બજાવી શકતો. ત્રણે જણા એક પછી એક એમ છૂટા પડી કન્યાઓને માંડવે ઊપડ્યા.

લગભગ અરધા કલાકમાં તો અમને ત્રણે જણને ધોતલીની ફાંટ ભરીને આવતા નન્યાએ જોયા અને એ તો આભો જ બની ગયો. ગોળપાપડી અને કણીના લાડવાથી ત્રણેની ફાંટ ફાટફાટ થતી હતી. કન્યાને માંડવેથી હોંશાભરી પટલાણીઓ પાસેથી મેળવેલું આ ભાતું ચારે જણાએ ત્યાં જ જેટલું ખવાય તેટલું ખાધું અને પછી તળાવની પાળે આવી ભૂખ્યા સૂતેલા છોકરાને ઉઠાડીને દરેકને વહેંચવા માંડ્યું. પટેલિયા તો દક્ષિણા વહેંચે ત્યારે, પણ મહદેવે તો ગોળપાપડી ને લાડવા રાતના અગિયાર વાગ્યે તળાવની પાળ ઉપર વહેંચવા માંડ્યા. થોડું થોડું દરેકે ખાધું અને તળાવનું પાતર પાણી પી શાંતિ પામ્યા.

રાતના દોઢેક વાગવાનો સમય થયો અને મશાલોનો પ્રકાશ ગામ બહાર નીકળતો જણાયો. જાનના ગાડા એક પછી એક ગામ બહાર નીકળવા લાગ્યા. મશાલોના પ્રકાશમાં ગુલાલના ગોટા ઊડતા જણાયા. કન્યાઓને વિદાય આપવાનાં પટલાણીઓનાં હલકભર્યાં ગીત હૃદયને થંભાવી દેતાં હતાં. પટલાણ પટેલિયાઓનાં ટોળાં તળાવની પાળે આવી પહોંચ્યાં. બળદ ઉપરની, હીર અને આભલા સીવેલાં ભરતવાળી ઝૂલ્યો અને શીંગડીઓ, મશાલના પ્રકાશમાં ઝબકતી હતી.



ગાડા એકપછી એક તળાવની પાળે આવી હારબંધ ઊભા થઈ રહ્યાં. ઢોલની દાંડીઓ જોસથી પડવા માંડી. સૌ પટેલિયા એક બાજુ એકઠા થયા. પછેડીમાં રૂપિયાના ઢગલા થવા માંડ્યા; અને બીજી બાજુ બ્રાહ્મણો તથા સાધુબાવાઓને ખળાવાડમાં પૂરવા માંડ્યા.

ખળાવાડની ચારે બાજુ મોટી હાથલા થોરની વાડ હતી અને ખોડીબારા પાસે પટેલિયા હારબંધ બંને બાજુએ ઊભા રહ્યા હતા. રંગમાં આવેલા પટેલિયા આજે ઢોલની દાંડીના અવાજ સાથે ગાંડાતૂર બન્યા હતા. દક્ષિણા વહેંચવાની ગડમથલ કરતાંકરતાં પાછલી રાતના એનો શુમાર થયો. એકપછી એક સાધુબાવા અને બ્રાહ્મણોના છોકરાઓને ખોડીબારામાંથી બહાર કાઢવા માંડ્યા અને દક્ષિણામાં એકએક જણને એકએક રૂપિયો આપવા માંડ્યો. જણ દીઠ રૂપિયાની વાત સાંભળીને ખળાવાડમાં પૂરેલા સૌમાં આનંદ વ્યાપી ગયો.

'ગદલા, જોજે હો! લાખણકાની દક્ષિણા પણ આપણે અહીં બેઠા સાથોસાથ જ લેવી છે'.

'મોરના ઈંડાને ચીતરવાં નો પડે!' ગદલે ઠંડે કલેજે જવાબ આપ્યો.

'તો પછી વાટ કોની જુવે છે? ભીડ ઓછી થઈ તો આપણે ફાવશું નહિ. અલ્યા જટિયા, નન્યા! ટોળાંમાં ડીલ દબાવીને આગળ નીકળી પડો ને દક્ષિણા લઈને ખળાવાડની પાછળ સૌ આવી પહોંચો.'

જોતજોતામાં અમે ચારે જણા દક્ષિણા લઈને બહાર નીકળ્યા અને ઝડપથી એક પછી એક ખળાવાડની પાછળ પહોંચ્યા. હાથલા થોરની વાડ પાસે એક જબરમાન લીમડો ઊભો હતો. ત્યાં અંધારું હતું. ચારે જણા લીમડા ઉપર ચડ્યા, પણ ખળાવાડમાં ખાબકતા પહેલાં અમે એક વિચારે ચેત્યા. થોર ને બાવળના કાંટા જો કદાચ નીચે પથરાયા હોય ને એકાદ કાંટો ઊભો ને ઊભો પગમાં પેસી જાય તો સીધો આરપાર! રૂપિયો રૂપિયાને ઠેકાણે રહે ને પટેલિયાઓને ખબર પડે તો ઉપરથી ઠોકવા આડે એ જુદું.

જટિયા અને ગદલા પાસે બે ધોતલીઓ હતી. લીમડાની જાડી ડાળ સાથે બંને ધોતલીઓ લાંબી કરીને બાંધી તોય ચારપાંચ હાથ જમીનથી અદ્ધર લટકાઈ રહેવું પડે એટલે પહોંચી. પણ ગદલ એમ હારી ખાય? એણે પહેરેલું ધોતિયું અંધારામાં કાઢી નાખ્યું અને સાંધો લંબાવ્યો! હવે તો સહેલાઈથી નીચે ઊતરી શકાય એવું હતું. પહેલાં નન્યો ને જટિયો ઊતર્યાં અને હળવેથી આગળના ટોળામાં ભળી ગયા. આગળના ભાગમાં રૂપિયો રૂપિયો મળતો હતો, એટલે દક્ષિણા લેવાવાળામાંથી કોઈ પાછું વાળીને જુએ એવું હતું નહિ.

ત્રીજો ગદલો ઊતર્યો અને ઉપરથી મેં એક ધોતલીનો સાંધો છોડી ગદલને પહેરવા માટે ફગાવી. તરત જ તેણે તે પહેરી લીધી. મેં ડાળ ઉપરથી ગાંઠ છોડી નાખી, ગદલે નીચે જમીન સાફ કરી નાખી અને મેં ઉપરથી ઠેકડો માર્યો.

પણ ઉપરથી મેં ઠેકડો માર્યો ન માર્યો ત્યાં તો બે ઢેખાળાના ઘા મારી પીઠમાં પડી ચૂક્યા! ત્રણ પટેલિયાઓએ અમારું આ કારસ્તાન દૂરથી જોઈ લીધું હતું. અમે જીવ લઈને નાઠા. પટેલિયા પાછળ પડ્યા પણ તેઓ હાથલા થોર પાસે દોડીને પહોંચે તે પહેલાં તો મોટા ટોળામાં અમે અદૃશ્ય થઈ ગયા.

બીજી વખત દક્ષિણા લઈને સલામત બહાર નીકળી, ડબલ દક્ષિણા સાથે તળાવની પાળે ચારે જણા એકઠા થયા. દક્ષિણાઓ દેવાનું કામ પૂરું થયું હતું. તળાવની પાળે એકઠા થએલા જાનના ગાડામાં બેઠેલી વિદાય થતી કન્યાઓનું દૃશ્ય કરુણ હતું. દીકરીઓને ગોળનું પાણી પાતી માતાઓના ગભરુ હૃદય જાણે ભાંગી જતા હતા. માતા અને દીકરીઓની આંખોમાંથી શ્રાવણ ભાદરવો વહેતા હતા. ધ્રુસકે-ધ્રુસકે રડતા એ હૃદયો એકબીજાની છાતી સાથે ચંપાતાં હતા. અમારી ચારે જણાની આંખો પણ ભીની થઇ.

જાનના ગાડા વિદાય થવા માંડ્યા. બળદને ગળે બાંધેલી ટોકરીઓ મધુર રણકાર કરતી ક્ષિતિજના ઊંડાણમાં ઊતરી જતી દેખાઈ.

થાકેલે શરીરે અને ભીને હૃદયે કલ્યાણપરની વિદાય લઇ અમે મળસ્કે ગામની સીમમાં દાખલ થઈ ગયા.

મજલાલ ત્રિવેદી

જીવી જાણનારા] ૧૮ [જે માનવજીવનનું સાચું મૂલ્ય શીખવી ગયા

બે બહેનોની જોડી

મે સટન (Sutton) અને ઍન સટન દક્ષિણ આફ્રિકામાં ડેઈલ કૉલેજના આચાર્યની બાર તથા નવ વર્ષની છોકરીઓ હતી. નાતાલની રજામાં આખું કુટુંબ સમુદ્રકાંઠે સેલ કરવા ગયું.

બધાય સાગરસ્નાન કરવા ગયાં. આચાર્ય ન્હાઇ કરીને નાનાં છોકરા આગળ ગયા, ને મે તથા ઍન પાણીમાં તરતીતરતી મોજ કરતી હતી.

થોડી વારે એક છોકરાએ પાણીમાંથી હાથ હલાવીને આચાર્યને બોલાવ્યા. આચાર્યે જઇને જૅકને બચાવી લીધો ને કાંઠે આણ્યો, ત્યારે તેણે જૅકને પૂછ્યું કે તું ભીડમાં કેમ કરતા આવી ગયો. જૅક કહે, બે નાની છોકરીઓને બચાવવા જતાં હું લગભગ બૂડી ગયો. જૅકે ઠેકાણું બતાવ્યું ત્યાં આચાર્ય ઝટપટ તરતા તરતા ગયા, ને જઇને જુએ છે તો પોતાની જ દીકરીઓ તણાતી હતી. આચાર્ય પોતે પણ તણાવા માંડ્યા, પણ જેમ તેમ કરીને કાંઠા ભેળા થયા. પણ મે તથા ઍનને કોઇ રીતે બચાવાય એમ નહોતું.

પછી જૅકે વાત કરી, કે છોકરીઓને તણાતી જોઇને પોતે એને બચાવવા ગયો, ને જુએ છે તો મે એની નાની બહેનને બચાવવા મથતી હતી, ને એક હાથે ઍનનો હાથ ઝાલીને બીજે હાથે તરતી હતી. જૅકે મેને ઝાલી, ને ત્રણે એક મિનિટ તરફડ્યા. પણ જૅકે જોયું કે પોતે એકને બચાવી શકે એમ છે, બેને નહિ. એણે ઍનને છોડી દેવા મેને કહ્યું. મેએ ના પાડી, અને બહેનને વધારે બળ કરીને ઝાલી. વળી છોકરાએ એને વીનવી, 'હું તમને બેયને નહિ બચાવી શકું. એને જવા દિઓ.'

મેએ ફરી કહ્યું, 'ના;' અને જૅક પોતે પણ ડૂબવા માંડ્યો. મે ને ઍન ભેળી તણાતી ગઈ, અને છોકરો પોતાનો જીવ બચાવવા કામે લાગ્યો.

એકબીજાનો હાથ ઝાલીને બેય બહેનો અનન્તમાં લીન થઇ.

મેએ જીવતા લગી ઍનનો હાથ ન છોડ્યો તે ન જ છોડ્યો, પણ એનો જીવ ગયા પછી જલધિતરંગે ધીરે રહીને એનો હાથ છૂટો કર્યો તથા પ્રાતઃકાળે જુવાળ પાછો વળ્યો એની હારે મેનું શરીર ચકચકિત વેળુ ઉપર આવી ચડ્યું. નાનકડી ઍન ઉપર તો સમુદ્રને પણ હેત આવ્યું, એટલે એણે એને રાખી લીધી.

(ભીના અંગ્રેજી ઉપરથી) દે.વા.

જીવનનું પરોઢ

ભાગ ત્રીજો



મહાત્મા ગાંધીજીના સેવાપરાયણ વ્યક્તિજીવનના ઘડતરમાં વિશિષ્ટ ફાળો આપનાર દક્ષિણ આફ્રિકા ખાતેના ફિનિક્સ-આશ્રમની સ્થાપનાથી એમના એ ઘડતરનો પ્રારંભ થયો. એ આશ્રમની જિંદગીનો તથા તે સમયમાં એમણે ઉપાડેલી પહેલી જગવિખ્યાત સત્યાગ્રહની લડત દરમ્યાનના ગાંધીજીના ખડતલ તપસ્વી જીવન અને પુણ્યશ્લોક ચારિત્ર્યનો તેમજ તેમના સાથીદારોના જીવન અને વાતાવરણનો ઘરગથ્થુ પરિચય આપતી આ લેખમાળા તેમના જ કુટુંબના એક અંતેવાસી બાળકના હાથે લખાઈ છે. અનિવાર્ય એવી થોડીક અંગત હકીકતો નજરે આવવા દઈને, જે પ્રદેશ-ગોચર પોતાના જીવનનું પરોઢ વીત્યું તેની, બાળપણની નજરે આલેખેલી આ રસભરી લેખમાળા આજ ૭ વર્ષથી 'કુમાર'ના વાચકોનું એક પ્રિય આકર્ષણ બની રહી છે.

——પ્રકરણ ૨૧મું——

હડતાલિયાઓની વિદાય

મગનકાકાનું વારંટ આવી રહ્યું છે એ વિશ્વાસ હરઘડી વધવા લાગ્યો. દેવદાસકાકા ને મગનકાકા પોતાનું વારંટને અંગેનું પ્રેસનું કામ ઉકેલવામાં એટલા બધા મગ્ન હતા કે તેમણે સાંજ સુધી બહાર ડોકિયું સુદ્ધાં ન કર્યું. આશ્રમને ચારે સીમાડે અને બાગીચા તેમજ ઘરોમાં દોઢ બે કલાકે ગોરી પ્રદક્ષિણા ચાલુ હતી.

લોકોના નાનામોટા ટોળાં અહીંથી તહીં ખૂણેખૂણે આઘાપાછા થયે જતા હતા. ઘણા હડતાલિયાઓ હજુ નવા આવી રહ્યા હતા, પણ કોણ નવું કોણ જૂનું એ પરખાતું ન હતું. સહુને જ બેચેની ફેલાએલી હતી. નવા આવનારાઓએ બધાને ડરાવી મૂક્યા હતા. રોજની જેમ લોકોના ચહેરા પર આજે ધૈર્ય અને ઉત્સાહનો ચોખ્ખો અભાવ હતો. રોટલા કરી ખાવામાં યે જાણે તેમનું ધ્યાન ન હતું.

'સોમવાર સુધીમાં પાછા કોઠીમાં નહિ જઈએ અને કામે નહિ ચડીએ તો આપણા બેહાલ થવાના છે. રવિવારે આખી રાત ઘંટ વાગશે. એ સાંભળ્યા છતાં આપણે નહિ જઈએ તો આપણને પકડી લઈ જશે. સોલ્જરો આવશે ને મારી મારી લઈ જશે.' આવીઆવી વાતો એમનામાં ફેલાઈ ગઈ હતી.

નવદસ વાગ્યાને સુમારે કેટલાક હડતાલિયાઓ બહાવરાબહાવરા પ્રેસમાં ધસી આવ્યા અને પૂછવા લાગ્યા 'ગાંધી કહાં હોગા? પોલીસ હમેં પકડને આઈ હૈ.' એમનામાં જ એકએ સમજુ ને ધીરજવાળા બોલ્યા. 'હોગા કહાં? જબ આવેંગે, દેખેંગે. યહ ઉસકા ઘર નહિ, ગાંધી મહારાજકા ઘર હૈ.'

મગનકાકાએ મને જોવા મોકલ્યો કે પોલીસ ક્યાં યે છે ખરી? હું તપાસતો લોકોને પૂછતો બધા રસ્તા દૂર સુધી જોઈ આવ્યો. લોકો ઘોડેસવાર જોયાનું બતાવે, પણ મને કોઈ મળે નહિ. જે તરફ લોકો બતાવે એ તરફ હું જાઉં કે તરત તે વખતની મોટર સાઈકલની જેમ પોલીસ અદૃશ્ય થઈ જાય! છેવટે સ્ટેશનને રસ્તે એક હબસી પોલીસને મેં જોયો. આખા શરીરે કાળાં કપડાં, માથે ત્રાંસી કાળી ટોપી, ગોઠણથી નીચે પગ સાવ ઉઘાડા, હાથમાં એક ભાલું ને તેલ કે ચરબી લગાવેલી હોવાથી શરીર કાળા નાગ જેવું ચકચકતું. એવા પોલીસો મેં ફીનિક્સથી પસાર થતા કેટલી યે વાર જોએલા, એટલે મેં એનું આગમન સાધારણ જ માન્યું. પણ પ્રેસમાં પહોંચતા સુધી એવા ત્રણ જણ એક પછી એક નજરે પડ્યા, એટલે મેં અટકળ બાંધી કે એ લોકો ગોરા સોલ્જરોના મોકલ્યા ફરે છે ને તપાસ ચલાવે છે. મેં જોયું કે તેઓ હડતાલિયાના ટોળાની ગતિવિધિ ધારીધારીને તપાસતા હતા. મેં જઈને મગનકાકા પાસે બધી વાત રજૂ કરી. મગનકાકાએ પ્રેસના ઓટલા આગળ ઊભા રહી હડતાલિયાઓને કહ્યું 'કંઈ ગભરાવા જેવું નથી. એ તો ફરતી રહે. એ કાળી પોલીસ તમને નહિ કનડે. તમારે એની સામે આંગળી યે ન ઉઠાવવી. ભલે એને જોવું હોય તો જુએ.'

થોડીવાર હોહા શાંત રહી પણ ફરી પાછી એની એ વાત, એનો એ ભય અને મારી તપાસનું એનું એ પરિણામ.

નમતે પહોરે હડતાલિયાનું નવું ટોળું છાપખાનામાં આવી પહોંચ્યું. એમની સાથેની સ્ત્રીઓને આશરા માટે છાપરાની જરૂર હતી. દિવસ આકરા તડકાનો હતો. મગનકાકાની સૂચના પ્રમાણે હું એ નવા મહેમાનો માટે જગ્યા ખોળવા બહાર નીકળ્યો ત્યાં રમૂજભર્યું દૃશ્ય મારી નજરે પડ્યું.

પ્રેસના નાળાની ઝાડીની પેલી મેરથી માતબર ઘોડા અને તે ઉપર બેઠેલા કદાવર શરીરના ગોરા સોલ્જરો પ્રેસ તરફ આવી રહ્યા હતા, અને રસ્તાના વળાંકમાંની પેલી તરફથી નવાનવા ઘોડેસવારો પ્રગટ થતા જતા. ઘોડેસવારની એ હાર વધ્યે જતી હતી. પ્રેસના પગથિયાં ઊતરી હું પાંચેક ડગલાં ચાલ્યો હોઈશ ત્યાં મોખરાનો ઘોડેસવાર નાળા પરનો પુલ ઓળંગી આવી મારી સામે ઊભો. એણે શરીર પર ચામડાના બે આડા પટ્ટા બાંધ્યા હતા. કમરના તેમજ ખભાના આ બંને પટ્ટા પર કારતૂસો લટકેલી હતી અને તેના એક હાથમાં બંદૂક હતી. એ ખૂબ શોભતો હતો. તેની પાછળ બીજો સોલ્જર જે કદે જરા નાનો હતો તેણે પણ કાંઠથી કારતૂસોના ત્રણ પટ્ટા બાંધ્યા હતા. તેમની પાછળના સોલ્જરો પાસે કેવળ લાંબા ઘોડા હતા. મોખરાના સોલ્જરે મને આંગળીના ઇશારા વડે પાસે બોલાવી પૂછ્યું 'મિ. ગાંધી ક્યાં છે?'

'કેમ?'

'મારે એને મળવું છે.'

'મિ. ગાંધી અહીં ક્યાં છે? તેઓ તો જેલમાં છે.'

એનો ચહેરો ગંભીર હતો ને અવાજ ઘોઘરો હતો. જાણે વાત કરતાં યે ઘુરકાવતો ન હોય! બધી વાત અંગ્રેજીમાં જ થઈ. મારું અંગ્રેજી પણ એ સમજતો હતો. મેં જ્યારે કહ્યું કે 'મિ. ગાંધી જેલમાં છે' ત્યારે એનું ગાંભીર્ય ઓસરી ગયું ને તે મૂછમાં મલકાઈ પડ્યો. એની પાછળના બીજા ઘોડેસવારે મને ફોડ પાડીને કહ્યું 'નહિ, મિ. એમ. કે. ગાંધી નહિ, મિ. મગનલાલ કે. ગાંધી. તેઓ તો અહીં જ છે ને?'

'હા, એ પ્રેસમાં રહ્યા.' મેં કહ્યું.

'શું કરે છે?' તેણે પૂછ્યું.

'કામ કરે છે.'

'જા, એમને જઈને કહે કે લેફ્ટેનન્ટ ને કૅપ્ટન આવ્યા છે તે તમને મળવા માગે છે.'

આગ તેમણે સીધા પ્રેસમાં દાખલ ન થવાનો વિનય કર્યો. અર્ધા આશ્ચર્યમાં ને અર્ધા હરખમાં હું મગનકાકા ને દેવદાસકાકા પાસે પહોંચ્યો ને કહ્યું: 'સોલ્જરોની લાંબી પલટન આવી છે. મિ. વેસ્ટના ઘરનો આખો રસ્તો ભરાઈ ગયો છે. અને તમને બોલાવે છે. વારંટ લઈને આવ્યા લાગે છે. બંદૂક, કારતૂસ બધું યે છે.'

પ્રેસના બારણામાં બધા ભેગા થઈ ગયા. મગનકાકા એક પગથિયું નીચે ઊતરી પેલા બે લેફ્ટનંટ ને કૅપ્ટન સાથે વાતો કરવા લાગ્યા. દેવદાસકાકા ને હું બારણા વચ્ચે ગોઠવાઈને ઊભા રહ્યા ને વાતો સાંભળવા લાગ્યા. લેફ્ટેનંટ ઘોઘરે સાદે પણ બહુ ધીમે બોલતા હતા. મગનકાકા પણ એટલું જ ધીમે બોલતા હતા.

'મગનલાલ કે ગાંધી તમે પોતે જ કે?' લેફ્ટેનંટે પૂછ્યું.

'હા, કેમ શું કામ છે?' મગનકાકાએ જવાબ વાળ્યો.

'હું તમને કહેવા આવ્યો છું તમે આ બધાં માણસોને કહી દો કે તેઓ અહીંથી પોતપોતાની જગ્યાએ પાછા ચાલ્યા જાય નહિ તો તેઓને કાયદાનુસાર ખમવું પડશે. એમને ખોરાકી આપવાની તો તમે બંધ જ કરો.'

'એ બનવું અશક્ય છે. જેઓ અહીં આવશે તેમને ખોરાકી ને રહેઠાણ તો અમે આપવાના જ. અમારું એ કર્તવ્ય છે.'

'પણ તમે એ લોકોને મારી વાત સમજાવો. એમને કહો કે જો તેઓ સોમવાર પહેલાં કામે નહિ ચડે તો તેમની બૂરી વલે થશે.'

'એમાં પણ હું એમને જવાની સલાહ ન આપી શકું. મારાથી તમારી વાતને ટેકો ન આપી શકાય.'

'ઠીક ત્યારે, તમે મારા વાક્યનું એકેએક હિંદી કરીને તો એમને સમજાવશોને? હું બોલીશ તે તેઓને સમજાવવાનું નથી. મારી સાથેનો દુભાષિયો કહેશે તો યે એ ટોળા ભડકી ઊઠશે. જો શાંતિ રાખવી હોય તો હું બોલું એનો તરજૂમો તમે કરતા જાઓ.'

'એ વાત સ્વીકારી શકાય પણ હું કંઈ પણ કરું એ પહેલાં મારે મિ. વેસ્ટને મળવું જોઈશે. એમને મળ્યા પછી જ હું કંઈ પગલું લઈ શકું.'

'મિ. વેસ્ટને તો તમે નહિ મળી શકો. એમને પકડ્યા છે ને મોટરમાં રવાના કરી દીધા છે. તેઓ તો ડરબન પહોંચવા પર હશે.'

આ સાંભળી અમે ચોંકી ગયા. આગ તો ખ્યાલ હતો કે આ પલટન અહીં જ પહેલાં આવી છે, પણ મિ. વેસ્ટના પકડાયાનું જાણ્યું એટલે ચિંતા થઈ કે એ સિવાય પણ કોણ જાણે ક્યાં પરાક્રમ એ સોલ્જરોએ કર્યાં હશે.

મગનકાકાએ વધુ પૂછપરછ માંડી.

'શું, મિ. વેસ્ટને પકડ્યા? કેમ?'

'હા, એમને વૉરંટ આપવામાં આવ્યું ને તેઓ ગયા.'

'ત્યારે મારે માટેનું વૉરંટ કેમ નથી?'

'સરકાર તમને પકડવા માગતી નથી. તમે આ હડતાલિયાઓને સમજાવીને પાછા મોકલો અને અહીં ન રાખો એટલું જ સરકાર તમારી પાસે માગે છે.'

'તમારો સંદેશો હડતાલિયાઓને પહોંચાડીશ. બાકી અહીં આવશે ને રહેશે તેમને આશરો તો જરૂર આપશું જ.'

આટલી ચર્ચા ત્રણચાર મિનિટમાં થઈ ગઈ. ત્યાર પછી મગનકાકાએ મને ઘેર જઈ નાનાં બાળકોની સંભાળ લેવાની આજ્ઞા કરી. મને બધો તમાશો જોવાનું મન હતું, પણ મન મારીને હું દોડતો ઘેર પહોંચ્યો. ત્યાં ઇમામસાહેબનાં મોટાં પુત્રી ફાતિમાબેનને બધાં બાળકો ઘેરી વળી બેઠાં હતાં. બધાં આનંદમાં હતાં. હું પહોંચ્યો કે તેઓ બૂમો મારવા લાગ્યાં: 'અમે મોટર જોઈ, અમે મોટર જોઈ; એમાં મિ. વેસ્ટ બેઠા હતા; ઇત્યાદિ.'

મિ. વેસ્ટ પકડાયાના સમાચાર હું આપું એ પહેલાં જ ફાતિમાબેન બોલી ઊઠ્યાં: 'અમે તમારી મોટર જાણીએ છીએ. અમે તો એમને પકડતા ને લઈ જતા જોયા. લાલ મોટર હતી. તમે કેમ અહીં આવ્યા?'

મેં પ્રેસમાં આવેલા ઘોડેસવારોની વાત કહી અને મગનકાકાએ બાળકોની સંભાળ માટે મને મોકલ્યાનું જણાવ્યું. એ સાંભળી ફાતિમાબેને કહ્યું: 'તમે તમારે જાઓ; અહીં સહુ મજામાં છે. મગનકાકાને કહેજો કે કશી ચિંતા ન કરે. અહીં કોઈ ગભરાતું નથી.'

હું પાછો ફલાંગો ભરતો પ્રેસ તરફ ઊપડ્યો. અધરસ્તે અમારી નિશાળના મકાન આગળ જ્યાં હડતાલિયાઓમાંની સ્ત્રીઓને ઉતારો આપેલો ત્યાં બહુ ગભરાટ ફેલાયેલો અને રોકકળ ચાલી રહેલી મેં જોઈ. હું એમની વચ્ચે જઈ પહોંચ્યો તો એમાંની ઘણીઓ આતુરતાથી મને પૂછવા લાગી: 'શું ગોરી પલટન આવી છે? અહીં ગોળીબાર કરવાની છે?' મેં એમને ટાઢક પાડતાં કહ્યું 'ના રે ના, ગોળીબાર તો કોઈ નથી કરતી. અમે તો એની સાથે કેટલી યે વાતો કરી. ગોળી તો માત્ર બે જ જણ પાસે છે. બીજા બધાની પાસે તો ફક્ત ઘોડા છે ને ધાબાવાળા છે ખરા.' મારું નિવેદન સાંભળી સ્ત્રીઓના એ ટોળાને કંઈક શાતા વળી. ગોરી પલટન સાથે અમારી વાત થઈ ને હજુ ચાલે છે એ જાણી તેમનો ફફડાટ ઓસરી ગયો.

બાળકોમાં ને સ્ત્રીઓમાં ગભરાટ ફેલાતો અટકાવવાનું મારું કામ પતાવી હું પ્રેસ પર પહોંચ્યો. ઊંચા [illegible] જેવા ઘોડેસવારોની હરોળ વચ્ચેથી પસાર થઈને પ્રેસની પાછળના મેદાનમાં જમેલી હડતાલિયાઓની ભીડ વચ્ચે ઘેરાઈને ઊભેલા મગનકાકા પાસે પહોંચતાં મને વાર ન લાગી.

પેલો લેફ્ટેનન્ટ પોતાના ઊંચા લાલ ઘોડા પર બેઠો બેઠો અંગ્રેજીમાં એક એક વાક્ય બોલ્યે જતો હતો ને પછી મગનકાકા તેનું હિંદી ભાષાંતર સમજાવતા હતા અને મગનકાકાના અનુવાદ પછી પલટન સાથે આવેલો દુભાષિયો એનું તામિલ કરી સમજાવતો હતો. ટોળું વળીને ઊભેલા લોકો જેમજેમ આ ભાષણ સાંભળતા જતા હતા તેમતેમ એમના ચહેરા પર નિરાશા અને ગ્લાનિની છાયા વધતી જતી હતી. પેલો દુભાષિયો ભારે ધમકીભર્યા અવાજે બરાડી રહ્યો હતો. એ જોઈ મને બહુ ચીડ ચડી. 'આ જ ગિરમિટિયાઓનો આપણો આ દેશી! છતાં આ ગોરાઓ સાથે અક્કડ પોષાકમાં બનીઠની આવતાં આને શરમ નથી આવતી! અને વળી પોતાના ભાઈઓને જ ધમકાવે છે' જેલમાં નાખવા લાયક તો ખરેખરો આ જ છે.'

બીજી તરફ મગનકાકાનું વર્તન પણ મને અજુગતું લાગ્યું. ભાષાંતરના રૂપમાં યે શા સારુ આપણા તરફથી આ હડતાલિયાઓને 'જાકારો' કહેવાનો જોઈએ? મગનકાકા તો શબ્દેશબ્દનો અનુવાદ કરી સમજાવતા હતા કે 'સોમવારે બરાબર કામ કરતા થઈ જજો. એક ઘડી પણ અહીં ન રોકાશો.' પોતાનો સ્વતંત્ર મત જરા યે વ્યક્ત કરતા ન હતા. હડતાલિયા લોકો કોઠી પર પાછા ફરવા સાવ નારાજ હતા. 'આપણી મહારાજ કે મકાન પર' અત્યાચારના ભોગ થઈ પડવાનો એમને અંદેશો ડર ન હતો, પણ કોઠી પર પાછા ફરીશું તો સૂઅરની પેઠે રીબાવું પડશે એની બીક સૌને હતી. આની બીકમાંથી બચવાને મગનકાકા કંઈ આશ્વાસન કે સૂચના ન આપે એ કેટલું ખરાબ કહેવાય!

મને દયા પેઠી કે 'શું મગનકાકા જેલ જવામાંથી છટકી જવાને

આવું કરે છે? શું આમ બાળકોને ઘોડા મૂકી જતાં એમને કંઈ ડર લાગે છે? કોઈ ન હોય તો શા સારુ તેઓ સોલ્જરો કહે છે તે કરે છે? શા સારુ જેલ જવાની આવી સુંદર તક તેઓ ગુમાવે છે? મગનકાકા આ બહાદુરીનો મોકો જવા દે છે એ ઠીક નથી. બાપુજી હોત તો આવી રીતે ફસાઈ ન જાત.' આમ અમારું નાનું મગજ નોકાને ચડ્યું તે પ્રસંગ મને નહોતું સમજાયું તે હવે સમજાય છે કે મગનકાકા અહિંસાની સાચી ઉપાસના કરી રહ્યા હતા, મને છોકર-વાદી ધમધમાટની પિપાસા હતી. જ્યારે મગનકાકાને હિંદીઓનું નાક-અહિંસાની પ્રતિજ્ઞા ને હડતાલિયાઓનું હિત સાચવવાની ચીવટ હતી

પોણોએક કલાક મગનકાકાએ અનુવાદ કરી સમજાવવા પાછળ નાખ્યો ને પછી પાછા પ્રેસમાં જઈ પોતાને કામે વળગી ગયા. થોડી વાર પછી પેલા લેફ્ટેનન્ટે એમને પાછા બોલાવ્યા અને કહ્યું: 'હું જાઉં છું. મારી જેટલી પોલીસ છે તે અત્યારે તમારી જમીનમાં બધે ફરશે અને આ સઘળા હડતાલિયાઓને અહીંથી રવાના કરશે ત્યાર પછી પણ મારા ત્રણચાર સોલ્જરો અહીં વસશે અને કોઠી પરથી નામી આવનાર હડતાલિયાઓને પાછા મોકલી દેશે. અમારું થાણું વૉટર્સની પેલી ટેકરી પર (સવારવાળી ટેકરી) રહેશે. મારા સોલ્જરોને તમે મદદ કરજો.' મગનકાકાએ એને જવાબ વાળ્યો: 'તમારા સોલ્જરો અહીં ભલે રહે, એની સામે અમારો વાંધો નથી. બાકી જે લોકો આવશે, અહીં રહેશે તેને અમે ઓરડી આપીશું ને રાખીશું. એમને તમારા સોલ્જરોને સુપરત કરવાનું મારાથી નહિ બને. એટલું ખરું કે તમારા સોલ્જરોની આડે [illegible] નહિ પડીએ.'

કારતૂસોના ત્રાગુત્રણ પટ્ટાથી સજ્જ થયેલા એ સરદારો અને [illegible]ની પલટન પાછી ફરી. એ ચાલીસ ઘોડેસવારોમાંથી આઠ દસ [illegible] રોકાયા ને બીજા બધા તબડક, તબડક કરતા સ્ટેશનને રસ્તે અદૃશ્ય થઈ ગયા. હારબંધ ઝૂલતા એમના લાંબા ઘોડાઓનો રૂવાબ પાછળ રહી ગયો.

સૂર્યાસ્ત થવા આવ્યો. પ્રેસ બંધ કરી નીમાળે ચઢેરે અમે ઘેર આવ્યા. પ્રેસ ખીણમાં અને અમારું ઘર હાથે ટેકરી પર હતું. ઘરઆંગણેથી સામે આવેલી પશ્ચિમ તરફની નાની નાની ટેકરીઓની હાર ચોખ્ખી દેખાતી હતી. એ ટેકરીઓ પર છૂટાછવાયાં ઝાડ અને ઘાસના બીડ સિવાય બીજું ભાગ્યે જ નજરે પડતું. પણ એ દિવસે દરેક ટેકરીની કેડી પર માણસોની કતાર બંધાઈ ગઈ હતી. રોજની જેમ પ્રેસમાંથી આવી કંઈ પણ ઘર કે બાગનું કામ કરવાની આજે અમને હોંશ ન હતી. હું તો અમારી પાણીની ટાંકીના ઓટલા પર બેસી આ જતા ટોળાંને મીટ માંડી જોતો રહ્યો.

એક પાછળ એક સાવ અડોઅડ કીડીની પેઠે એ લોકો જતા હતા. સૌને માથે મેલા પોટલા હતા. કોઈકોઈને માથે પેટી હતી. રાતી સાડીઓવાળી બાઈઓને લીધે કતારમાં ભાત પડતી હતી. બાઈઓની કાખમાંના છોકરાંને લીધે કાળાં માથાંઓની એકવડી હાર વચ્ચેવચ્ચે બેવડાઈ જતી હતી. બાકી આખું દૃશ્ય આકાશમાં જતી કુંજડીઓની હાર જેવું હતું. પશ્ચિમ ક્ષિતિજના સૂર્યાસ્ત સમયનાં ગુલાબી વાદળાં એ હાર ઉપર લાલી બિછાવી એ લોકોનાં મનનો ગુસ્સો ચોદિશ પ્રગટાવી રહ્યાં હતાં. સૂરજ ક્ષિતિજના ખોળામાં આવી પડ્યો ત્યારે એમના લાંબાલાંબા ઓળા ભય અને ખેદનો ત્રાસ મનમાં વધારી મૂકતા હતા. વાદળાં ધીમેધીમે ગુલાબી મટી કાળાં પડ્યાં ને અંધારું ઊતરી આવ્યું તોયે એ હારો અખંડ ચાલ્યે જ જતી હતી અને એક પછી એક માથું ક્ષિતિજની પાછળ અદૃશ્ય થયે જતું હતું.

અહીં હું વ્યગ્ર બની મનમાં ને મનમાં વિમાસતો હતો: 'બિચારા કેટલે દૂરથી આટલો સામાન ઉપાડીને આવેલા! હજુ અહીં હરી ઠામ બેઠા નહિ ત્યાં તો એમને પાછા હાંકી કાઢવામાં આવ્યા. આવ્યા ત્યારના ડરતા હતા અને છેવટે એમને જવું જ પડ્યું. કોઈએ જરી ને સુવાંગની પેઠે એમના પર કોરડા વીંઝાશે તો? ત્યાં કોણ એમનું રખોપું કરવાનું?'

આટલા દિવસો સુધી રાત દિવસ એમની વચ્ચે રહેવાથી મારું મન જાણે એમની સાથે બંધાઈ ગયું હતું. એમને જતા જોઈ મન ચીમળાઈ જતું હતું. ઊંડેઊંડે મનમાં થતું હતું: 'ના, આ લોકો સાવ નથી ગયા. સોલ્જરોની સામા થવાને બદલે અત્યારે જાય છે. પણ સોમવારની હાજરી ભરી જરૂર પાછા આવશે.' પણ એ દુરાશા હતી. હડતાલિયાઓની એ વિદાય છેવટની હતી.

(ચાલુ)

પ્રભુદાસ છગનલાલ ગાંધી

બૉમ્બ ને તેનાથી બચવાના ઉપાય

(અનુસંધાન પાછળના પાન ૧૪થી) શરૂઆતમાં મારતો પવન હોય તો તેની અસર બિલકુલ થતી નથી. પણ પવનની લહરીઓ સાથે આ પ્રકારના વાયુ ઘરમાં પેસી જાય છે અને દૂરદૂર સુધી ફેલાય છે.

કેટલાક ગૅસના પણ ઘણા પ્રકાર છે. મસ્ટર્ડ ગૅસ આ પૈકીનો એક છે. ઇટલીએ ઍબિસીનિયા સામે આ ગૅસનો ઉપયોગ કર્યો હતો. આ ફિનાઈલ જેવા રંગનો ઘટ્ટ પ્રવાહી પદાર્થ હોય છે. ચામડીને લાગે ત્યારે તરત ખબર પડતી નથી અને તેથી માણસ ગાફેલ રહે છે. પરંતુ થોડી વારે આખે શરીરે ચળ ઊપડે છે અને ખણ્યા પછી મોટામોટા ફોલ્લા થઈ, તે ફૂટતાં ચાંદાં થાય છે. આ ચાંદાં, યોગ્ય ઉપચાર કરીએ તો પણ, બે કે અઢી મહિને રુઝાય છે. આ પ્રવાહી પદાર્થ, બહુ ધીમેધીમે વાયુ બનીને ઊડી જતો હોવાથી, પડવાની જગ્યાએ પંદરવીસ દિવસ રહે છે. ખાસ કરીને બધા પદાર્થોમાં ભળી જવાના તેના ગુણને લીધે તે વધુ નુકસાન કરે છે. તે કપડાં પર પણ ચોંટી જાય છે અને ધીમેધીમે વાયુ રૂપે નાકમાં અને મોઢામાં પેસે છે. ડામરના રસ્તા, ઘર પરનાં નળિયાં, લાકડકામ, ઈંટો વગેરે આ પદાર્થને શોષે છે. તેલ, સ્પિરિટ, એસિડ, ચરબી, ડામર વગેરેમાં એ સહેલાઈથી મિશ્ર થઈ જાય છે. રસ્તાની નીચેની પાણીની નળીઓમાં પણ તે પેસી જાય છે.


ગૅસથી બચવા માટે ગૅસમાસ્ક વપરાય છે. પરંતુ માસ્કથી નાક, આંખ, મોઢું અને શ્વાસનળી એટલાંનું જ રક્ષણ થાય છે અને તે પણ થોડા વખત પૂરતું જ. માસ્કમાં તારની, રૂની, કોલસાની અને કેટલાં રાસાયનિક પદાર્થોની એક પછી એક ગળણીઓ (filters) હોય છે અને શ્વાસ લઈએ ત્યારે ઝેરી હવા એ ગળણીમાં રહી જાય છે. ગૅસ માસ્ક વાપરવાની ટેવ ન હોય તો માણસ શરૂઆતમાં ગૂંગળાઈ મરે જેવો થઈ જાય છે. ચારપાંચ કલાક વાપર્યા પછી ગળણીઓ ઝેરી દ્રવ્યોથી ભરાઈ જાય છે અને માસ્ક નકામો બને છે. કપડાં પર પ્રવાહી મસ્ટર્ડ ગૅસ પડ્યો હોય તો એકબે કલાક ઊકળતા પાણીમાં તે કપડાં પલાળી રાખવાથી તેની અસર નાબૂદ થાય છે.

માસ્કને બદલે ભોંયરાં કે આશ્રયસ્થાનની ઓરડી પણ વપરાય છે. આવી ઓરડીને એક જ પ્રવેશદ્વાર હોય છે અને તે પ્રવેશદ્વારમાં પણ માસ્કના જેવી જ ગળણીની વ્યવસ્થા કરેલી હોય છે, એટલે અંદરના માણસોને રક્ષણ મળે છે.

(પ્રો. ર. શ્રી દેશપાંડેના લેખ ઉપરથી કેટલાક સાથે)

ભૂતકાળની શોધમાં ઉત્તરગુજરાતમાં

પ્રાચીન સંસ્કૃતિ-શોધન માટે કરેલા પગપાળા પ્રવાસની લેખમાળા



ભલગામ અને ધામા વચ્ચે મળી આવેલા ડૉલ્મેનનો સ્કેચ (લેખક)

ઘણી શોધાશોધ પછી એક કોળી મારી સાથે ઝીંઝુવાડે આવવા તૈયાર થયો અને સાંજે સાડા ચાર વાગ્યે મેં આદરિયાણું છોડ્યું. ચારે બાજુ સપાટ ખેતરોની લીલી બિછાત પથરાએલી નજરે પડતી હતી. દૃશ્ય લગભગ વઢિયારના જેવું જ હતું માત્ર માટીના પ્રકારમા જ ફેરફાર હતો.

ડૉલ્મેનોનો સમૂહ

લગભગ સાડા પાંચે હું ભલગામ આગળથી પસાર થયો. તેનાથી અર્ધો માઇલ દૂર ધામા નામનુ ગામડુ આવેલું છે. આ બંનેની વચ્ચે, રસ્તાની પાસે એક વિશિષ્ટ પ્રકારના સમાધિસ્થાનોનો સમૂહ મારી નજરે ચડ્યો. પ્રાગૈતિહાસિક કાળમા અનાર્ય પ્રજાઓમા એક એવો રિવાજ હતો કે મુડદાને દાટી તે સ્થળે તેનુ સ્મારક ખોડી તેની ઉપર ત્રણ દિશાઓમાં ત્રણ શિલાઓ રોપીને એમની ઉપર એક વધુ શિલા મૂકી ઘરના આકારની એક નાની સમાધિ બનાવતા. એમાં એક દ્વાર રાખતા અને એમાંથી અંદરના સ્મારકને, મૃત માનવીનાં કુટુંબી સ્નેહીજનો ખાસ દિવસોએ નૈવેદ્ય ધરતા કે બલિ આપતા એવાં સમાધિસ્થળો ડૉલ્મેન—Dolmen કહેવાય છે અને એ નાના મોટા અનેક પ્રકારનાં હોય છે દક્ષિણ હિંદમા ડૉલ્મેનો સારી સખ્યામાં અને મોટા કદના મળી આવે છે. આ સિવાય આસામ, ચૂટિયા, નાગપુર અને મધ્ય પ્રાતના વન્ય વિસ્તારોમા પણ એ મળી આવે છે. ડૉલ્મેનોને લગતી ઝીણી વિગતોમા અહીં ઊતરી શકાય તેમ નથી, પણ સહેજ પરિચય માટે નીચેનો ઉતારો ઉપયોગી થઇ પડશે.

'દક્ષિણ હિંદમાં એવી કથાઓ પ્રચલિત છે કે આદિ કાળમાં એ પ્રદેશમાં વહેંતિયાઓની એક મહાન પ્રજા રહેતી હતી..એ લોકોનાં સમાધિસ્થળો તે આ ડૉલ્મેનો છે આ પ્રજાઓ તે દક્ષિણ હિંદના મોરીઅરમને, પાન્ડૂકુઝી, મન્ડુ, મન્ડોવરકુઝી વગેરે લોકો હતા. રામાયણમાં વર્ણવેલા વાનરો કદાચ એ હોઈ શકે, કારણ કે એ લોકો પોતાના પહેરવેશમાં શણગાર તરીકે બનાવટી પૂછડુ ધારણ કરતા.' (Prehistoric India p 322)

ગુજરાત પુરાતન કાળમા પાચ દ્રવિડ દેશોમાંનો એક ગણાતો. પ્રાચીન તામિલ સાહિત્યમા એની નોધ મળે છે, અને આજ પર્યંત અહીંના બ્રાહ્મણો આર્યાવર્તના બ્રાહ્મણોથી જુદા 'પચદ્રવિડ' વર્ગમા ગણાય છે. એ સૂચવે છે કે આર્યોના આગમન પૂર્વે ગુજરાતમાં અનાર્ય પ્રજાઓ વસતી હતી. હાલના ભીલ, કોળી, દૂબળા, ગોધરા વગેરે રાનીપરજ અને કાળીપરજ લોકો-એ અનાર્યોના વંશધરો છે (એ અનાર્યો દ્રવિડો જ હતા એવા પ્રમાણો હજુ મળ્યાં નથી. એ પ્રશ્ન સશોધનને પાત્ર છે) એવા સજોગોમા ગુજરાતને આગણે ડૉલ્મેનો મળી આવે તો તેમા કાઇ નવાઇ નથી. અલબત્ત ભલગામ–ધામાના નાના ડૉલ્મેનો વિષે વિસ્મયકારક બીના એ છે કે તે પ્રાગૈતિહાસિક કાળના નહોતા. મારી સાથેના મજૂર કોળીએ મને જણાવ્યુ કે કોળીઓની અમુક પેટાજ્ઞાતિઓમા હજી પણ ડૉલ્મેનો બાંધવાનો રિવાજ પ્રચલિત છે, અને તેને એ લોકો 'માટવો' કહે છે આ દૃષ્ટિએ આપણે ત્યાની એ પ્રજાઓની સસ્કૃતિનો અભ્યાસ થવો આવશ્યક છે એથી કદાચ અનાર્ય પ્રજાઓના ઇતિહાસને લગતા કેટલાક કોયડાઓ ઉપર પ્રકાશ પડવા સભવ છે આ વિષયને લગતી બીજી કેટલીક ચર્ચા મારી આવતી લેખમાળામા આવશે



આ લેખમાં આવતાં સ્થળ દર્શાવતો નકશો

ઝીંઝુવાડા અને સરસ્વતી નદીનો પ્રાચીન પ્રવાહ

સાંજ પડી. આકાશને પશ્ચિમ પ્રાગણે સોનેરી તેજ પથરાયાં. ઝીંઝુવાડાને ઢાંકી રહેતી વૃક્ષઘટાના દૂરથી દર્શન થયા પણ ઝીંઝુવાડામા પ્રવેશ કરીએ તે પૂર્વ તેનો પરિચય આપણે મેળવી લઇએ.

'ઝીંઝુવાડાની પાસે ઝીલાણ નામનુ તીર્થ છે અને તેમા નળેશ્વર મહાદેવનુ મદિર છે. કહેવાય છે કે એ નળ રાજાએ બધાવ્યુ હતુ દર વર્ષે ભાદરવાની અમાસે ત્યા જાત્રા ભરાય છે ઝીલાણની નજીકમા જ ભોટવાતીર્થના કુંડો આવેલા છે કહેવાય છે કે આ સ્થળે સરસ્વતી નદી થભી ગઇ હતી અને ત્યાથી પછી સમુદ્રને ભેટવા ગઈ હતી' (The Folklore of Gujarat, p 39)

ઝીલાણ અને ભોટવા તીર્થો જ્યા આવેલાં છે તે વિસ્તાર ઝિલ્લાબૂંદ બેટ કહેવાય છે ઝીંઝુવાડાની નૈઋત્ય અઢી માઇલ દૂર કચ્છના રણના સુકાએલા સાગરને ખોળે એ બેટ આવેલો છે.

સરસ્વતી-માહાત્મ્યમા સરસ્વતી નદીના કાંઠાના તીર્થો વર્ણવતા તેના પચીસમા અધ્યાયમા આ પ્રમાણે લખેલુ છે:

"(લોલેશ્વર તીર્થ પછીના વિસ્તારમા વડવાનળ ધારણ કરી આગળ ચાલતા સરસ્વતી અદૃશ્ય થયા અને પછી) ઝીલાણું તીર્થને વિષે સરસ્વતી પ્રગટ થયા એ સાભળી સુમતિએ માર્કંડેય ઋષિને ઝીલાણું તીર્થની ઉત્પત્તિ વિષે પૂછ્યું-તેનો ઉત્તર આપતા માર્કંડેયે જણાવ્યું કે શકર-પાર્વતી કૈલાસ ઉપર બિરાજતા હતા તે વખતે, અમુક કારણસર કાર્તિકસ્વામીનો પાર્વતીએ તિરસ્કાર કર્યો, આથી કાર્તિકસ્વામી રિસાઇને નર્મદાકાંઠે આવી તપ કરવા લાગ્યા. મહાદેવ-પાર્વતી તેમને શોધતા-શોધતાં ત્યા આવી પહોચ્યા અને તેમને મનાવ્યા. ત્યાંથી એ સઘળા ઝીલાણ તીર્થ આવ્યા આ સ્થળે સરસ્વતીનું સ્વરૂપ ચક્રાકારે છે અને ત્યાં સમુદ્ર આવેલો છે. તે સમયે સરસ્વતીને વડવાગ્નિનો તાપ લાગવાથી એમ થયુ કે આ સ્થળે જ વડવાનળને સમુદ્રમા મૂકી દઉં,

પણ ત્યાં મૂકવાની આજ્ઞા ન હોવાથી તે તેમ કરી શક્યાં નહિ. અહીં એક સહસ્ર વર્ષ પર્યંત મહાદેવ અને પાર્વતી રોકાયાં. એ સ્થળે આનંદેશ્વર અને કુમારેશ્વર મહાદેવનાં મંદિરો છે.'

અહીં નોંધપાત્ર એટલું જ છે કે સરસ્વતી-માહાત્મ્યમાં ઝીલાણું-તીર્થ પાસે સમુદ્ર હોવાની વાત સ્પષ્ટપણે જણાવી છે. કચ્છનું રણ પ્રાચીનકાળમાં સમુદ્ર હતું તેનો આ પૌરાણિક પુરાવો છે. ઉપર આપેલી સરસ્વતી-માહાત્મ્યની પરંપરા એક હજાર વર્ષ પૂર્વેના સમયની છે, કારણ કે એ જ વાત હાલમાં પ્રગટ થયેલા 'સરસ્વતીપુરાણ'માં આવે છે અને આ પુરાણ ગુર્જરસમ્રાટ સિદ્ધરાજ જયસિંહના સમયમાં લખાયેલું હોવાનું જણાયું છે. તેમાં ઝીલાણું વિષે એ ગ્રંથના સંપાદક રા. કનૈયાલાલ ભાઈશંકર દવે જણાવે છે કે 'સરસ્વતી-પુરાણની શરૂઆત બૃહસ્પતિની સ્ત્રી તારા માટે થયેલ દેવાસુર સંગ્રામથી કરી, દધીચિ આશ્રમનું વર્ણન આપી, તેમાં વડવાનલોત્પત્તિની કથા આપવામાં આવી છે. ત્યાર પછી વડવાનળને સમુદ્રમાં નાખવા બ્રહ્માની આજ્ઞાથી સરસ્વતી પશ્ચિમસમુદ્ર તરફ જાય છે. સૌથી પહેલાં તે ઔર્વનાશ્રમમાંથી પ્રસ્થાન કરી, શ્રીકંઠમાં થઈ, કુરુક્ષેત્ર, વિરાટ તથા ગોપાયન પાસે થઈ પુષ્કર આવે છે. ત્યાંથી ખર્જુરવનમાં નંદા નામે પ્રગટ થઈ અન્તર્ધાન થાય છે. ફરીથી અર્બુદારણ્યમાં પ્રગટ થઈ, સિદ્ધપુર, પાટણ અને લોટેશ્વર થઈ ઝીલ્લાણુમાં લોપાઈ જાય છે. ત્યાંથી કૃતસ્મર પર્વત પાસે પ્રાદુર્ભાવ પામી, પ્રભાસ (સોમનાથ પાટણ)માં સમુદ્રને મળી, વડવાનળને તેમાં નાખે છે. (સરસ્વતી-પુરાણ–પા. ૧૦)

'ઝીલ્લતીર્થ એ વઢિયાર પ્રાંતનું પ્રસિદ્ધ તીર્થ છે. લોટેશ્વર(લોટે-શ્વર)થી સરસ્વતી ઝીલ્લતીર્થમાં જાય છે એમ પુરાણકાર કહે છે. આ તીર્થ ઝીંઝુવાડાના રણની પાસે આવેલું છે, જે જનસમાજમાં ઝીલા કુંડના નામથી ઓળખાય છે. સ્વ. રત્નમણિરાવ ખંભાતના ઇતિહાસમાં, સરસ્વતી સંબંધી ચર્ચા કરતાં પ્રાચીન કાળમાં સરસ્વતીનું વદન ઝીલાદર પાસે હોવાની શંકા ધરાવી, રણની પાસે આવેલ ઝીંઝુવાડાનું નામ પાછળ તે હોવાનું અનુમાને છે. (ખંભાતનો ઇતિહાસ-પરિશિષ્ટ અ) પરંતુ સરસ્વતીપુરાણકાર સર્વ સ્થળે તે ઋણ (રણ)ની પાસે હોવાનું સ્પષ્ટ શબ્દોમાં નોંધે છે.

ऋण प्राप्य पुरा देवी समुद्रस्य मनोरमा ।
सिद्ध नाम परं तीर्थं शंभुना यत्र स्थापितं ॥ ६९ ॥

સ્કંદપુરાણમાં ઝીલ્લતીર્થ નહિ જણાવતાં તેને બદલે અહીં ઋણોદક તે સરસ્વતીપુરાણનું ઝીલ્લતીર્થ હશે એમ માનવું પડે છે. પરંતુ બંને ગ્રંથકારો તે ઋણ (રણ)ની પાસે હોવાનો એકરાર કરે છે, આથી તે ઝીંઝુવાડા નજીકનું ઝીલાદર-ઓરડા જ હોવાનું જણાય છે.'

(સરસ્વતીપુરાણ–પા. ૧૮૩)

દીવાટાણું થતાં મેં ઝીંઝુવાડામાં પ્રવેશ કર્યો. ઉતારા માટે બે ઠેકાણે મને મંજૂર થઈ ગયો, પણ કોણ જાણે શાથી મને ઉતારો આપવાની ના પાડવામાં આવી, અને જઈ કાલે પચાસમાં મોટો બની ગયેલો સાહેબ આજે ઝીંઝુવાડામાં ચોટલું મૂકવા જેટલી જગ્યાની શોધમાં અંધારામાં અથડાવા લાગ્યો.

(ચાલુ) અમૃતલાલ વ. પંડ્યા

Our Friends Abroad

પરદેશી મિત્રોના પત્રો

'કુમાર' મારફત આ પત્રમિત્ર મેળવનાર હરિભાઈ ર. દેસાઈ—

essrs V N Das P O Box6 Mazabuka (N Rhodesia)

પ્રિય ભાઈશ્રી,

તમારા પત્રનો જવાબ આપતાં મને ઘણો આનંદ થાય છે.

તમે મારી જોડે પત્રવ્યવહાર કરવાનું સ્વીકાર્યું તેને હું મારું સદ્‌ભાગ્ય માનું છું, અને તે માટે મારો હૃદયનો આભાર સ્વીકારશો.

કંઈ પણ લખતાં પહેલાં હું મારી પિછાન આપી દઉં.

મને અઢાર વર્ષ થયાં છે, હું પાંચ ફૂટ ઊંચો છું અને મારું વજન ૧૨૦ રતલ છે. મારી આંખો ભૂરી અને વાળ કાળા છે. મારી પ્રિય રમતોમાં ક્રિકેટ, ફૂટબૉલ, પત્તાં વગેરે છે, અને મિત્રતાના પત્રો લખવા તથા કુદરતી દૃશ્યોના ચિત્રોની આપલે કરવી એ મારા શોખના વિષયો છે. હિંદી સીનેમા-સિતારાઓમાં મોતીલાલ, સાયગલ, દેવીકારાણી, રેણુકા અને સવિતાદેવીનો હું પ્રશંસક છું, અને યુરોપિયનોમાં રૉબર્ટ ટેઇલર, સ્પેન્સર ટ્રેસી, ગૅરી કૂપર, બેટી ડેવિસ, નૉર્મા શિયરર અને ડાયના ડર્બિન મને ગમે છે. અહીંના અલ્લાડીના વિશ્રામ હાઇસ્કૂલમાં રહી મેં જુનિયર કેમ્બ્રિજ સુધીનો અભ્યાસ કર્યો છે. ટાઈપરાઇટિંગ અને પત્રવ્યવહાર પણ શીખી લીધાં છે. અને હવે તો હું સરકારી કસ્ટમ ખાતામાં જોડાઈ ગયો છું.

તમે કદી મોમ્બાસા આવ્યા છો? કદાચ આવ્યા ન હો તો પણ જાણતા હશો કે કેનિયા (એનો અર્થ સૂર્યપ્રકાશની ભૂમિ થાય છે) પ્રાંત તેમજ બ્રિટિશ ઇસ્ટ આફ્રિકાનું એ મુખ્ય બંદર છે. મોમ્બાસા એક બેટ રૂપે કિનારાની નજીક આવેલું છે. આસપાસના કિનારાનો દેખાવ પણ ખૂબ પહોળો ને સપાટ હોવાથી ત્યાં નહાવાની, હોડી તરાવવાની અને દરિયાની અવનવી લિજ્જતો માણવાની અનેક તકો મળે છે.

મોમ્બાસાનો કિનારા સાથેનો સંબંધ બે પુલો અને ફેરીબોટોથી જોડાયેલો છે. તે ઉપરાંત આસપાસના ગામડાં અને નજીકના પ્રદેશોમાં નાની મુસાફરી કરતાં તેની ચિત્રમયતા અને અજબ સૃષ્ટિ જોઈને ફેરો વસૂલ થયો લાગે છે.

શહેરનું મુખ્ય આકર્ષણ અલ્લાડીના વિશ્રામ હાઇસ્કૂલ છે. તે ન્યાલી પુલ પર આવેલી હોઈ પરદેશી મુસાફરો પ્રથમ તેની મુલાકાત લે છે. ત્યાર પછી ઓલ્ડ ફૉર્ટ જીસસ જુએ છે. ત્રીજે નંબરે અહીંની હૉટેલો, એટલે કે જેમાં મુસાફરોને ઊતરવામાં ઊંચી ઢબની સગવડો અને આરામ મળે છે. દીવાદાંડી પણ એક લોકપ્રિય સ્થાન છે અને તેના સાથેનું ગૉલ્ફ-કોર્સનું મેદાન શોભામાં વધારો કરે છે. આ જોવાજોગ વર્ણનથી તમને થોડો ખ્યાલ આવશે કે અમે કેવા સુંદર ને આનંદદાયક સ્થાનમાં વસીએ છીએ.

ટિકિટો મોકલવાનું તો હમણાં બને તેમ નથી, કારણ કે મુખ્ય સેન્સરે પરદેશથી બદલા તરીકે ટિકિટો મંગાવવા-મોકલવાની મનાઈ કરી છે. અને સામ્રાજ્યના જ કેટલાક દેશો (હિંદ, દક્ષિણ આફ્રિકા, કૅનેડા ને બીજા કેટલાક દેશો) માટે પણ મનાઈ થઈ છે. એ પરથી તમે ટિકિટો મોકલવાની મારી મુશ્કેલી સમજી શકશો. સીગારેટ-ડબીઓમાંના ચિત્રો થોડાં ભેગાં કરી મને મોકલશો તો આભારી થઈશ.

તમારો હૃદયપૂર્વક ડી. મહેતા

C/o Mohamedali Nurbhoy & Sons. Mombasa (B E A)



પંચતંત્રની વાર્તાઓ



વળી શત્રુ ભલે દુર્બળ હોય, પણ બહુ હોય તો એની સાથે વિરોધ ન કરવો. કહ્યું છે, કે

બહુ નહિ વિરોધવ્ય મહાજન જ દુર્જય।
ભીડુ મળી કરી કીડી ખાય કાળા ય નાગને॥

મેઘવર્ણ કહે, 'એ કેમ ?' ચિરંજીવી કહે,

કથા ૯

એક રાફડામાં અતિદર્પ નામે મહાકાય કૃષ્ણસર્પ હતો તે એક વાર નાનકડા છિદ્રમાંથી નિકળવા ગયો, એટલે એનું શરીર છોલાઇ ગયું ને એમાંથી લોહી નિકળ્યું એ શોણિતના ગન્ધ અનુસાર કીડી આવી તથા નાગ ઉપર ફરી વળીને એને વ્યાકુળ કર્યો. એમાંથી કેટલીને એ મારે ? પોતે બહુ હતી, એટલે કીડીએ એને આખે શરીરે ઘાયલ કર્યો ને એ મરી ગયો.

એટલે હું કહું છું: 'બહુ નહિ વિરોધવ્ય' ઇતિ

હવે વાયસેશ્વર, મારા બીજાનો લોચ કરો, મને નિષ્ઠુર વચન કહો, ક્યાંકથી લોહી લાવીને મારે શરીરે લીંપો, આ વડ નીચે જ મને નાખીને ઋષ્યમૂક પર્વતે જાઓ તથા હું કૃતકૃત્ય થઇને આવું ત્યાં લગી ત્યાં પરિવાર સહિત રહો મારી ચિન્તા ન કરવી.'

ચિરંજીવીની શીખવણી પ્રમાણે એને તરુ તળે છોડી મેઘવર્ણ બધા કાગડાને લઇને ઋષ્યમૂક ગયો. શત્રુ આવ્યાના સમાચાર ઘૂકરાજને મળ્યા, એટલે ભયભીત તથા પલાયનપરાયણ શત્રુ ક્વચિત જ હાથમાં આવે એમ કરીને અરિમર્દન રાતે ઝટઝટ આવ્યો, પણ એકે કાગડાને જોયો નહિ, એટલે કયે માર્ગે ગયા તેની તપાસ કરવા મંડ્યો.

ચિરંજીવીને થયું, કે 'આ એમ ને એમ જાય તો તો મારી જાત્રા અફળ જાય. અને કહ્યું છે:

અનારંભ જ કાર્યોનો પહેલું બુદ્ધિલક્ષણ।
આરબ્ધઅન્તગમન એ બીજું બુદ્ધિલક્ષણ॥

અનારંભ સારો, પણ આરંભવિઘાત નહિ સારો. એટલે હું બોલીને મને છતો કરું' એમ વિચારીને તેણે કા કાં કા એવો મન્દમન્દ શબ્દ કર્યો ને સાંભળીને ઘુડ એને મારવા આવ્યા, અને ચિરંજીવી કહે, 'અહો, હું મેઘવર્ણનો મુખ્ય મન્ત્રી છું, ને એણે જ મારી આ અવસ્થા કરી છે એટલે તમારા સ્વામીને મારી વાત કહો, એને મારે બહુ કહેવાનું છે'

ઘૂકપતિ ચિરંજીવી આગળ આવ્યો ને પૂછ્યું, 'તારી કેમ આ દશા થઈ?' ચિરંજીવી કહે, 'દેવ, આ અવસ્થાનું કારણ સાંભળો બહુ કાગડાને હણાયેલા જોઇને મેઘવર્ણે ઘૂકદુર્ગ ઉપર ચડાઈ કરવા ધાર્યું, પણ મેં કહ્યું કે શત્રુ બળવાન છે, એટલે આપણે કૌશિકેન્દ્રને નમવું જોઇએ કહ્યું છે, કે

ગુણવાન નમે છે જો પુરુષો જેમ કાર્મુક।
નગુણા સ્તબ્ધ મેં દીઠા પુરુષો જેમ કાર્મુક॥

તન્ત્રાખ્યાયિક ૩–૬૨॥

આથી મને શત્રુપક્ષપાતી જાણીને મારી આ ગતિ કરી. હવે તમારા ચરણ જ મારું શરણ છે'

'હવે મારે ને તારે મૈત્રી ઉચિત નથી, માટે હવે તારે ફરી અહીં ન આવવું'. એમ કહીને બ્રાહ્મણને છેવટનો મૂલ્યવાન હીરો આપી સર્પ રાફડામાં ચાલ્યો ગયો

એટલે અરિમર્દન એના મંત્રીમંડળ સાથે મંત્રણા કરવા બેઠો. રક્તાક્ષ, ક્રૂરાક્ષ, દીપ્તાક્ષ, વક્રનાસ ને પ્રાકારકર્ણ આ પાંચમાંથી રક્તાક્ષ કહે, 'દેવ, અહિં શું વિચાર કરવાપણું છે? એને ઝટપટ હણવો ઘટે છે કહે છે, કે

પ્રદીપ્ત ચિતિકા જો ને જો વાગ્યું ફેણમાં મને।
એકવાર તુટી પ્રીતિ ન સંધાય જ સ્નેહથી ॥૩-૧૨૯॥

અરિમર્દન કહે, 'એ કેમ?' રક્તાક્ષ કહે,

કથા ૭

એક અધિષ્ઠાને હરિદત્ત નામે બ્રાહ્મણ હતો એ ખેતી કરતો, પણ એનો શ્રમ સદાય નિષ્ફળ જાય એક દિવસ એ ઉનાળાના અવસાનમા ઘામથી ત્રાસીને પોતાના ખેતરમા ઝાડની છાયામા સૂતો, અને ત્યાંથી થોડે દૂર રાફડા ઉપર મોટી ફેણ પસારીને પડેલા ભીષણ ભુજંગમને જોઇને વિચાર્યું 'આ ક્ષેત્રપાળ છે, મેં એને કદાપિ પૂજ્યો નથી' એમ કરી કયાંકથી દૂધ માગી આવી શરાવલામા નાખી રાફડા આગળ જઇને એ બોલ્યો, 'હે ક્ષેત્રદેવતા, તારો અહિં વાસ છે એ હું જાણતો નથી, એટલે મેં તને પૂજ્યો નથી, એથી ક્ષમા કર' એમ કહી નાગને દૂધ પાઇને એ ઘેર ગયો. બીજે દિવસે સવારે આવીને જુએ છે તો શરાવલામા એક સોનૈયો જોયો એટલે એ તો નિત્ય એકલો આવે, દૂધ પાય ને સોનૈયો લઈ જાય એક દિવસ સર્પને પાવાનું કામ પુત્રને ભળાવીને બ્રાહ્મણ ગામતરે ગયો તે દી છોકરે દૂધ પાયું ને બીજે દી સોનૈયો જેયો, એટલે એણે વિચાર કર્યો, કે 'આ રાફડો સોનૈયાથી ભરેલ હશે, એટલે સર્પને મારી બધાય એકહારે લઇ લઉં' એમ ધારી બીજે દિવસે દૂધ પાતા પાતા એણે સર્પના માથા ઉપર લાકડી મારી દૈવવશાત્ સર્પ મર્યો નહિ અને રોષથી બ્રાહ્મણને તીવ્ર વિષવાળે દાંતે કરડયો, એટલે જ એ મરી ગયો એટલે સ્વજનોએ થોડે દૂર ખેતરના લાકડા ખડકીને એનો સંસ્કાર કર્યો બીજે દિવસે પિતા આવ્યો, ને પુત્રમરણની વાત સાંભળી તોપણ એ તો દૂધ લઇને સર્પ આગળ ગયો સર્પે રાફડામા રહીને જ કહ્યું, 'બ્રાહ્મણ, પુત્રશોક ભૂલીને તું લોભથી અહિં આવ્યો, પણ હવે તારે મારે પ્રીતિ ઉચિત નથી તારા યૌવન-મદમત્ત પુત્રે મને માર્યું, ને હું એને કરડયો હવે લાકડીનો પ્રહાર હું કેમ ભૂલું, અને પુત્રશોકનું દુ:ખ તને કેમ વીસારે પડે?' એમ કહી બ્રાહ્મણને હીરો આપી 'હવે તારે અહિં ન આવવું' એમ ફરી કહી સર્પ રાફડામા ચાલ્યો ગયો, ને બ્રાહ્મણ મણિ લઇને ઘેર આવ્યો

એટલે હું કહું છું 'પ્રદીપ્ત ચિતિકા જો ને' ઇતિ આને માર્યો એટલે તારું રાજ્ય વિના પ્રયત્ને નિષ્કંટક થઈ જાય

(ચાલુ) દેસાઇ વાલજી ગોવિન્દજી

ગણિત ગમ્મત

૭, ૧૩, ૧૯ વગેરે જેવા અંકો વડે ભાગ ચાલી શકે છે કે કેમ તે શોધી કાઢવાની સહેલી ચાવીઓ

(૭)	(૧૩)	(૧૯)
૧૬૪૭૮	૩૦૬૦૨	૨૩૪૪૬
૧૬૪૭ | ૮	૩૦૬૦ | ૨	૨૩૪૪ | ૬
+૪૦ ×૫	+૮ ×૪	+૧૨ ×૨
૧૬૮૭	૩૦૬૮	૨૩૫૬
૧૬૮ | ૭	૩૦૬ | ૮	૨૩૫ | ૬
+૩૫ ×૫	+૩૨ ×૪	+૧૨ ×૨
૨૦૩	૩૩૮	૨૪૭
૨૦ | ૩	૩૩ | ૮	૨૪ | ૭
+૧૫ ×૫	+૩૨ ×૪	+૧૪ ×૨
૩૫	૬૫	૩૮

કોઇપણ રકમને ૨, ૩, ૫, ૯ કે ૧૧ વડે ભાગી શકાય છે કે કેમ એ શોધી કાઢવાની રીતો તો તમે ગણિતમાં શીખી ગયા હશો, પણ ૭, ૧૩ ને એવી વિચિત્ર રકમનો અમુક રકમ પર ભાગ ચાલે છે કે કેમ એ શોધવાની 'ચાવીઓ' કદાચ તમે નહિ જાણતા હો ઉપર એવી ચાવીઓ આપી છે ત્યા ત્રણ રકમો આપેલી છે. ૧૬૪૭૮, ૩૦૬૦૨ અને ૨૩૪૪૬. પહેલી રકમ ૭ વડે ચાલતો ભાગ શોધવાની ચાવી સમજાવે છે; બીજી ને ત્રીજી રકમ ૧૩ ને ૧૯ની ચાવી બતાવે છે.

સૌ પહેલી ૭ની ચાવી લો. એ શીખી ગયા, એટલે પછી ૧૩, ૧૯, ૨૩, ૨૯, ૫૯, ૭૯, ૮૯ એ રકમોની ચાવીઓ હાથ આવી જશે

કોઇપણ રકમ લો. દાખલા તરીકે (પહેલા હિસાબમા બતાવ્યા મુજબ) ૧૬૪૭૮ લીધી એ રકમના બે ભાગ પાડો. એવી રીતે કે એક બાજુ છેલ્લા અંક સિવાયની આખી રકમ જાય અને બીજી બાજુ ફક્ત છેલ્લો એકમનો જ અંક જાય એમ કરતા આપણે લીધેલી રકમમા એક બાજુ ૧૬૪૭ આવશે અને બીજી બાજુ ૮ આવશે હવે એ બીજી બાજુ આવેલા છેલ્લા અંક (૮)ને ૫ વડે ગુણો ચાવે તે ગુણાકાર (૪૦) છૂટી પાડેલી રકમમા ઉમેરો। હવે એ સરવાળાની રકમમાં જો બે કરતા વધારે આંકડા આવતા હોય તો ફરી પાછા ઉપર મુજબ એ રકમના બે ભાગ પાડો તથા બીજા ભાગમા આવેલા છેલ્લા અંકને ૫ વડે ગુણો, અને આવે તે ગુણાકાર છૂટી પાડેલી રકમમા ઉમેરતા જાઓ આમ, છેવટે રકમ બે આંકડાની જ રહે ત્યા સુધી એ કરતા જાઓ, હવે એ છેવટે આવેલી બે આંકડાની રકમને જો ૭ વડે ભાગી શકાતા હોય તો મૂળ રકમને ૭ વડે ભાગી શકાશે આપણે લીધેલા પહેલા દષ્ટાંતમા એ રીતે છેવટે ૩૫ આવે છે ૩૫ ને ૭ વડે ભાગી શકાય છે, માટે મૂળ રકમ ૧૬૪૭૮ ને પણ ૭ વડે ભાગી શકાશે

આ વાત થઇ ૭ની એ જ રીતે ૧૩, ૧૯, ૨૩, ૨૯, ૫૯, ૭૯ ને ૮૯ એ તમામને માટે રીત તો એક સરખી જ છે ફરક ફક્ત છૂટા પાડેલા એકમના આંકડાને ગુણવા બાબતમા છે જેમ ૭ની ચાવી માટે છેલ્લા અંકને ૫ વડે ગુણવો પડે છે, તેમ એ દરેકને માટે છેલ્લા અંકને ગુણવા માટે નીચે મુજબ જુદાજુદા અંક છે"

૭ ને માટે છેલ્લા અંકને ૫ વડે ગુણો; ૧૩ને માટે ૪ વડે, ૧૯ને માટે ૨ વડે, ૨૩ને માટે ૭ વડે, ૨૯ને માટે ૩ વડે, ૫૯ને માટે ૬ વડે, ૭૯ને માટે ૮ વડે અને ૮૯ને માટે ૯ વડે ગુણો

પ્રથમ પ્રયાસે કદાચ આ રીત સરળ નહિ ભાસે છતા નથી એ કપરી કે નથી એ મુશ્કેલ અલબત્ત, પ્રયાસ અને મહાવરાની જરૂર તો ખરી જ, પણ પછી તો એ ચાપ જેટલી સરળ ને સહેલી થઇ પડશે. ૭ અને ૧૩થી ખસતા ખસતા તમે ૧૯, ૨૩, કે ૨૯ પર જઇ ચઢશો, ત્યારે તો આ રીત ખચિત રમૂજ ઉપજાવશે દરેક વખતે છેવટની રકમ બે આંકડાની જ લાવવી પડે ૭ ૭, ૧૩, ૧૯, ૨૩ ને ૨૯ માટે એ રકમો જુદીજુદી આવશે, પરંતુ ૫૯, ૭૯ અને ૮૯ની બાબતમા તો એ રકમો અનુક્રમે ૫૯, ૭૯ અને ૮૯ જ આવશે. —કપુરચંદ રાયચંદ મહેતા

પુરુષાર્થીઓના પિતામહ હિમાલયના પ્રદેશમાં

(અનુ૦ પાછળ પૃ. ૬થી) એક પથ્થર ઉપરથી બીજા પથ્થર ઉપર આગ-પાછ ફીટનો કૂદકો મારીને અમે આગળ વધતા હતા. હું તો પાછળ જોયા વિના આગળ વધે જ ગયો. ખૂબ ઉપર જઈ પાછું ફરીને જોયું તો મારા નાસિપાસ થએલા મિત્રો નીચે ખીલનમર્ગના મેદાન ઉપરથી ઘોડેસવાર બની ગુલમર્ગ તરફ જતી પગદંડી ઉપર કૂચ કરતા જણાયા.'

હવેનું આરોહણ વધારે કપરું હતું. પથ્થરોની વચ્ચે બરફ જામી ગએલો. કેટલીક જગ્યાએ સખ્ત તો કેટલીક જગ્યાએ પોચો, તાજો વરસેલો, રૂના પોલ જેવો. અજાણતાં પગ પડે તો નીચે ક્યાંય ગબડી પડાય, અને નીચે આવકારવા મૃત્યુ તૈયાર જ હોય. વચ્ચે ભાગ્યે જ બીજો માર્ગ રહે. કેવું અટપટું છે જીવનનું ચોરણું! ચડવાનું સાહસ પ્રશંસનીય છે, પણ વચમાંથી—અધેથી પડવું એટલે મૂર્ખતા. આ પથ્થરોની માફક જીવનના યે પગથિયાં ચડતાં કેટલું સાવચેત રહેવું પડે છે! જય ને પરાજયના પલ્લાં પગ મૂકવાની સહેજ ભૂલ થતાં કઈ તરફ નમી જાય એ તો ભાવિના ગર્ભમાં જ રહે છે.

આ પથ્થરો કૂદવામાં, બરફ ખૂંદતાં ઉપર ચડવામાં હિંમત અને ધીરજ બંનેની જરૂર છે. શક્તિની આવશ્યકતા ખરી, પરંતુ તે જો એ-લગામ કૂદકા ભરવા પ્રેરે તો શિખર પર જવામાં મદદ કરવાને બદલે નીચે ખીણમાં ધકેલી મૂકે.

પુરુષાર્થનું પરિણામ મળે જ, જો તે એકરસ અને સંપૂર્ણ હોય તો. મને એ પરિણામ મળ્યું. બે કલાકની સતત મહેનત પછી હું અને ચાચાજી પસીનાથી રેબઝેબ થતા ૧૪,૫૫૦ ફીટની ઊંચી શિખર-માળાના મસ્તકે પહોંચ્યા. શ્રમ પછીની સિદ્ધિથી હૃદય મગ્ન બન્યું હતું. નસોમાં ગરમ લોહી વહેતું હતું. કાશ્મીરની ઠંડી શરીર સાથે અથડાઈ વિના અસર પાછી પડતી હતી.

આ ઊંચાઈએથી દેખાતું દૂરની ઉત્તુંગ હિમાચ્છાદિત ગિરિમાળાનું દૃશ્ય પૃથ્વીના અદ્‌ભુત, અભંગ અને સનાતન સૌન્દર્યની સીમા બનાવી રહ્યું હતું. દૂર દેખાતા નંદાદેવીના ઝગમગતા રૂપશિખર ઉપરથી દૃષ્ટિ જાણે હિમાલયના હજારો માઈલના વિસ્તીર્ણ પ્રદેશને નિહાળતી ન હોય! આંખો દર્શનથી કૃતકૃત્ય બનતી હતી. હૃદય મસ્તીથી ઉન્મત્ત બન્યું હતું. કેવી અનંત વિસ્તરી રહી છે આ ધવલ ગિરિમાળા! તે પણ હિંદની જ, ભારતની જ, મારા જ દેશની. મારા દેશની આ ગૌરવપ્રતિમા. મારો દેહ પણ એના જ કણોથી પોષાએલો!

જગતભરના સાહસિકોના સાહસને—માનવકુળની મર્દાનગીને સદીઓ વર્ષોથી પડકારતા ઊભાં છે આ હિમશિખરો, સદાકાળ અજેય જાણે ખુદ ત્રિપુરારિ કૈલાસપતિ પોતાની કાયા વિરાટ કરી, માથે હિમમુકુટ પહેરી પૃથ્વીને અવલોકી રહ્યા ન હોય!

પાછળ નજર ફેરવું છું તો અલપત્થરના મેદાન ઉપરનું નાનું, સુંદર સરોવર દેખાય છે. હું ને ચાચાજી કૂદતા ત્યાં પહોંચ્યા. સ્ફટિક જેવું પારદર્શક જળ, અગાડી ઉપર કોઈ કોઈ જગ્યાએ હિમની શુભ્ર બિછાત, આકાશના ભાગમાં અનંત અવકાશના આસમાની રંગ, ને આસપાસની ગુલકતારના ઝળકતા પડછાયા. આત્મવિસ્મૃતિ કરાવતું દૃશ્ય જાણે વિશ્વચૈતન્યનું મઈ વિરાટ સ્વરૂપ સરોવરની જળ-આરસીમાં પ્રતિબિંબ નિહાળતું હોય!

સરોવરના કિનારા ઉપરનો તાજો બરફ બૂખ્યા પેટમાં આવકાર-પાત્ર થઈ પડ્યો. ચાચાજી પાસે મકાઈના રોટલા હતા. મકાઈના રોટલા ને બરફ. ખાવામાં કેટલી લિજ્જત! કાશ્મીરમાં મકાઈ ગરીબ-નો ખોરાક છે. મકાઈના રોટલા સ્વાદિષ્ટ લાગ્યા. આવી અસાધારણ ઊંચાઈ ઉપર આ ખોરાક પણ ક્યાંથી?

નાનો, મઝાનો તંબૂ નાખી અહીં અનંતની અટારી ઉપર રહેવાનું હોય તો! હું વિચારતો હતો. ત્યાં ચાચાજી કૂદ્યા. તેમની નજર પશ્ચિમ તરફથી એકાએક અમારી તરફ ધસી આવતા એક વાદળ-સમૂહ ઉપર સ્થિર થઈ. તેની અનુભવી આંખો ચમકી અને તે બોલી ઊઠ્યા, 'બાબુજી જલદી કરો, અભી શીન ગિરેગા.' એ ઊંચાઈ ઉપર બરફનો વરસાદ એટલે અમારા જીવન ને મૃત્યુ વચ્ચે અંતિમ લડાઈ!

સરોવરને ગોળ ફરી ઊભી રહેલી અફરવાટના શિખરોની હાર ઉપર ક્ષણવારમાં છાયા-પડછાયાની રમત શરૂ થઈ. સૂર્યના પ્રકાશ હારનો વાગ્યો અને સરોવરના શાંત નીર ઉપર તુફાન પહેલાંની આગાહી રૂપ ઠંડા પવનના સખ્ત સપાટા શરૂ થયા. ચારે તરફ આછો અંધકાર છવાઈ ગયો. ચાચાજીએ અને મેં પથ્થર કૂદવાનું શરૂ કર્યું. મન ભયથી અને શરીર ઠંડીથી થરથરતા હતા. અમારી પાસે ઝડપ વિના બીજો ઉપાય ન હતો.

બરફનું તુફાન! જેણે ભલભલા સાહસશૂરાઓને હંફાવી હતા ન હતા કરી નાખ્યા છે, એ બરફનું તુફાન! શક્ય એટલી ઝડપ અને ચપળતાથી હું ચાચાજીની પાછળ દોડ્યે જતો હતો. કાશ્મીરી વૃદ્ધ અત્યારે કૂદવામાં મારાથી વધારે જુવાન લાગ્યો. મારાથી ક્યાંય આગળ ચાચાજી કૂદતા જાય. વચ્ચે વચ્ચે જોરથી પોકારે 'બાબુજી, જરા જલદી .. પાઉં બઢાઓ . શીન કા તુફાન.' અફરવાટની વચ્ચેના ઘાટ ઉપર અમે પહોંચ્યા ત્યાં તો વાદળોની ઝાપટો શરૂ થઈ અને પાછળના સરોવર અને પર્વતટોચો અવકાશમાં અલોપ! અમે સપાટાબંધ નીચે ઊતરવા લાગ્યા. અર્ધું ઊતર્યા ન ઊતર્યા ત્યાં વાદળ તૂટી પડ્યાં—પાણીનાં ટીપાંને બદલે બરફના ફોરાં—મોટા ફાફરા! એક તરફથી ધુમ્મસ ધસી આવ્યું.

આ પણ હિમાલયનું એક સ્વરૂપદર્શન જ હતું. જિંદગીમાં એક મોજ વધારે! ઉપર ગયા ત્યારે પસીનાથી રેબઝેબ બનેલા, નીચે ઊતરતા પાણીથી નીતરતા હતા. ખીલનમર્ગના મેદાન ઉપર આવ્યા ત્યારે ઘડિયાળમાં છ વાગી ગયા હતા. મારો સાંઢો એક ઝાડ નીચે ઊભો રહી ઠંડીથી ધ્રૂજતો હતો. તેના પર હું ને ચાચાજી ગુલમર્ગને માર્ગે પડ્યા. મન આનંદમય હતું પણ હૃદયમાં પુરુષાર્થીઓના પિતામહના હિમાલયના દર્શનનો આનંદ સમાતો ન હતો.

નંદલાલ જોષી

સર જેમ્સ યંગ સિમ્પસન

(અનુસંધાન પૃષ્ઠ ૯થી) સર્વોત્તમ હથિયાર હાથ આવ્યું હતું એના આ મહત્ત્વને લઈ રાણી વિક્ટોરિયાએ ઈ. ૧૮૪૭માં એને પોતાનો ડૉક્ટર નીમ્યો. ત્યાર બાદ પારીસની ઍકેડેમી ઑવ મેડીસીને તેને ઑનરરી એસોસિયેટ નીમ્યો. ને પછી યુરોપ અમેરિકાની અનેક વૈદક સંસ્થાઓએ એનું સન્માન કર્યું. ઈ. ૧૮૫૬માં ફ્રેન્ચ ઍકેડેમી ઑવ સાયન્સે એને ૨૦૦૦ ફ્રાન્કનું મૉન્ટ્યોન ઇનામ આપ્યું.

ખુદ શસ્ત્રક્રિયામાં પણ સિમ્પસને સારો ફાળો આપેલો. ધોરી નસો સાંધવાની એણે એક નવી રીતિ શોધી કાઢેલી જે 'Acupressure' કહેવાય છે. છતાં ક્લોરોફૉર્મ 'ઍન્ટીસેપ્ટિક' શસ્ત્રક્રિયા એ સમયે નહોતો શક્યો ને એનો વિરોધ કરતો રહેલો!

ઈ. ૧૮૬૬માં એને બૅરોનેટ બનાવવામાં આવ્યો. ત્યાર બાદ થોડાં જ વર્ષોમાં ઈ. ૧૮૭૦ના મેની છઠ્ઠી તારીખે તેનું અવસાન થયું.

નિકટ પરિચયમાં ને આવેલા હિંદમાં પત્રકારત્વનો વ્યવસાય જ્યારે વ્યાપક બન્યો ન હતો, એ કાળે જનતાના સંપર્ક એક અર્પીને અનુનય ધ્યેય આગળ ધરનાર શ્રી ગુપ્તના અવસાનથી હિંદી પત્રકારિત્વે એક આદર્શસેવી બિરાદર ગુમાવ્યો છે. (નવસૌરાષ્ટ્ર)

ચીનની પ્રાચીન સંસ્કૃતિ

ચીનનો ૪૦૦૦ વરસ સુધીનો તો લેખિત ઇતિહાસ મળી આવે છે, જે બતાવે છે કે આજનું યુરોપ જ્યારે સંસ્કાર શીખતું હતું ત્યારે યે ચીને ૨૦૦૦ વરસની સંસ્કૃતિનો પૂરો આનંદ માણ્યો હતો.

પણ યુરોપથી વીસ સદીઓ જેટલું આગળ છતાં ચીન એવું આત્મસંતોષી રહ્યું કે ને વિશેષ પ્રગતિ કરી નહિ. એ પોતાની પુરાણી જીવનધારાને જ વળગી રહ્યું. ભાગ્યે જ કોઈ ચીનવાસી ચીન છોડી બહાર નીકળતો. બહારનાને અંદર પ્રવેશવા દેવામાં પણ એ લોકો એટલા જ જડ હતા.

આજના ચીનાઓના પૂર્વજો તરીમથી આવી ત્યાંની હોઆંગહો ખીણોની આસપાસ વસી ગયા હશે ને સર્વ પ્રકારની કળાકારીગરી સહિતની પોતાની સંસ્કૃતિ વિકસાવી હશે એમ મનાય છે. ચીનના રેશમના પ્રખ્યાત ઉદ્યોગના મૂળ પણ ત્યારે નખાયા હશે.

આજથી ૨૫ સદી પર ચીનનો મહાન શિક્ષાગુરુ કૉન્ફ્યૂશિયસ થઈ ગયો. પ્રજાના વ્યવહારજીવન પર અનેક સ્મૃતિઓ તે રચી ગયો છે ને આજ યે ઘણા ચીના તેના પ્રબોધેલા પથે ચાલે છે.

ઈ. પૂ. ત્રીજી સદીમાં મંગોલ ટોળાંથી ચીનનું રક્ષણ કરવા માટે મહેનશાહ ચિન-શિહ-હ્વાંગ-તીએ ત્યાંની મહાન દીવાલનું નિર્માણ કર્યું. આજની દુનિયામાં પણ એક આશ્ચર્ય સમાન રહેલી એ દીવાલ કે જેના સ્થાન દરમ્યાન ૭૦ કલાક જેટલે પહોંચેલી સંપૂર્ણ તો ગાઉ લગભગ ૧૨૦૦૦ માઈલ ઉપર પહોંચી અને આજે અનેક ખીણો ને ટેકરીઓ, નદીઓ ને રણો પર થઈ એ વિસ્તરી છે. તેની ઊંચાઈ ૨૦થી ૩૦ ફૂટ છે ને એને મથાળે ૧૨ ફૂટ પહોળો રસ્તો છે. વચ્ચે વચ્ચે ચોકી બુરજ ઊભા કરવામાં આવ્યા છે જ્યાં પહેલાના વખતમાં ભયનું સૂચન કરવા માટે અગ્નિજ્વાળાઓથી સંકેત કરાતા.

ચીનાઓને દીવાલોનો મોહ ખૂબ જ છે. દરેક દરેક શહેરને તો શું પણ દરેક કુટુંબ મકાન કે ગામડાને ફરતી તમે દીવાલો જોશો. પેલી મહાન દીવાલ હજુ યે ચીનથી મંગોલિયાને જુદું પાડી રહી છે, પણ તેથી તે ચીનને મંગોલોથી બચાવી ન શકી, ને એવી જ રીતે જાપાનીઓથી બચાવવા પણ નિરુપાય નીવડી છે.

ધીમે ધીમે મંગોલો ચીનમાં વધુ ને વધુ ધસતા આવ્યા ને તેમના પ્રખ્યાત સેનાપતિ ચંગીઝખાને તો ચિનાઈ સમુદ્રથી ને રશિયા સુધી પોતાનું સામ્રાજ્ય ફેલાવ્યું. એના પૌત્ર કુબ્લાઈખાને પરદેશો સાથેનો સંસર્ગ ખૂબ વધાર્યો ને ઇટલીના પ્રખ્યાત માર્કો પોલોને પોતાના દરબારમાં આશ્રય આપ્યો.

ઇસુની ચૌદમી સદીમાં બળવત્તર બની ચીનાઓએ મંગોલોને મહાન દીવાલની પેલી પાર હાંકી કાઢ્યા એટલું જ નહિ, પણ મંગોલિયાને યે ચિનાઈ પ્રાંત બનાવી દીધો. આ પ્રતાપ મિંગ કુળનો હતો, જે કુળનું શાસન ૩૦૦ વરસ સુધી ચીન પર ટક્યું. એ શાસનકાળમાં ચીનાઓ બીજા રાષ્ટ્રો સાથે પુનઃ હાથ મિલાવવા લાગ્યા. સ્પેનિયાર્ડો ને પોર્ટુગીઝો ચીનને કાંઠે દેખાવા લાગ્યા ને ચીનના વહાણો યે કાળા સમુદ્ર સુધી જતાઆવતા થયા.

મિંગ વંશની પડતી સાથે જ ચીનના પુરાણા મંગોલ શત્રુઓના વંશજો અને આમુર નદીને કાંઠે મંચુરિયામાં વસેલા મંચુ લોકોએ હલ્લા કરવાનું શરૂ કર્યું. ઈ. ૧૬૪૪માં આખરે એમણે ગાદી પચાવી પાડી. એ મંચુ વંશના છેલ્લા સમ્રાટને ઈ. ૧૯૧૨ના ફેબ્રુઆરીની ૧૫મીએ ગાદી છોડાવી પ્રજાએ ચીનને પ્રજાસત્તાક જાહેર કર્યું ત્યાર પછી ચાલેલા બાહ્ય અને આંતર કલહો તો તદ્દન આધુનિક છે.

ગળું પકડાએલું હોય ત્યારે શું કરવું?

શરીરમાં નાનાવિધ થતાં ફેરોનું પરિણામ જેમ આંખનો દુખાવો છે તેમ ગળાનું દર્દ પણ છે. અયોગ્ય ખોરાક તથા તંદુરસ્તી જાળવવાના કેટલાક કુદરતી નિયમો તરફ બેદરકારી આ સૌના મૂળમાં છે. ગળાના એક દર્દને અંગ્રેજીમાં ફેરિન્જાઈટિસ કહે છે. નાક અને ગળાની નળી જ્યાં એકઠી થાય છે ત્યાં એક સુરંગ તંતુવાળો ભાગ છે તેને ફેરીન્ક્સ કહે છે. આના પર આવેલા સોજાને ફેરિન્જાઈટિસ કહે છે. વળી, ટૉન્સિલ પણ એક પ્રકારનો ગળાગાંઠનો સોજો જ છે. અતિશય ઠંડી કે ગરમી, તીવ્ર ગંધવાળો શ્વાસ લેવો, બેફામ ખાવાની ટેવ, અતિશય મૂંઝવણ, ખાટા તથા મસાલાવાળા પદાર્થો પુષ્કળ ખાવા, શરીરના બંધારણમાં ગાંઠ કે સુધીવા જેવાં દર્દો આ સૌ ગળાની બીમારી કે સોજાને માટે થોડેઘણે અંશે કારણભૂત છે. પૂરતા પ્રમાણમાં વ્યાયામ ન થતો હોય તોપણ ગળાને અસર થાય છે. આવા સંજોગોમાં એકાદ દિવસના ઉપવાસ તથા એનીમા બહુ જ મદદકર્તા થઈ પડે છે. ગળાને સાફ કરવું જોઈએ તથા મીઠાવાળા પાણીથી કોગળા પણ કરવા જોઈએ. મોઢામાં બરફના ટુકડા રાખી એને ચૂસવાથી આરામ મળે છે. લીંબુ તથા મધનું સરખા પ્રમાણનું મિશ્રણ ઉપયોગી છે. જેનાથી ઍસિડ નીપજે છે તેવા સ્ટાર્ચ અને ખાંડવાળા પદાર્થો આવા દર્દમાં થોડા વખત માટે નહિ લેવા જોઈએ. સૂરજના કિરણોમાં ફરવું, કસરત કરવી વગેરે ઉપયોગી છે. ગરમ પાણીના સ્નાન તથા શરીરને માલિશ કરવાનું પણ જરૂરી છે. ગાંઠો તથા ચીકાશ પેદા કરનારો ખોરાક જેમ બને તેમ છોડવો જોઈએ. તેને બદલે અન્નાહારો અને પાચક ખોરાક ઉપયોગી થઈ પડે છે. (બહુરૂપી)

નાની ભૂલમાં ભયંકર યુદ્ધ

નાની ભૂલોનું પણ ઘણીવાર ભયંકર પરિણામ આવે છે. ઍબિસિનિયાના શાહ થીઓડોરે રાણી વિક્ટોરિયા પર એક પત્ર લખ્યો હતો. એ પત્ર એ વખતના ઇંગ્લાંડના પરદેશપ્રધાનના હાથમાં આવ્યો. પરદેશપ્રધાનથી કંઈ ભૂલ થઈ હોય કે પછી ઍબિસિનિયાને એમણે કદાચ હિંદનો એક વિભાગ માની લીધો હોય–ગમે તેમ હોય–પણ એમણે એ પત્ર હિંદી સરકાર કચેરી પર રવાના કર્યો.

કાગળ હિંદી કચેરીમાં પહોંચ્યો તો ખરો, પણ ત્યાં વળી એક બબડાટિયા કારકુન હતા. એમણે બબડતાં ને બબડતાં કાગળ ફાઈલ કરી ક્યાંક મૂકી દીધો. બહુ યે ખાખાખોળા કરી પણ કાગળ ત્યારથી મળ્યો નહિ. પરિણામે શાહ થીઓડોરને જવાબ ન મળ્યો. આથી થીઓડોર ચીડાયો. તેણે માન્યું કે મારી અવગણના જ થઈ છે. એના મગજમાં ખૂન ભરાઈ આવ્યું તો ખાસ, થઈ ચૂક્યું કામ. જવાબ રાણી ન આપે એ કંઈ જેવું તેવું અપમાન! તો રે એ ખરાબે ત્યાંના બ્રિટિશ એલચીને જ કેદ કરી દીધા. રાણી વિક્ટોરિયાને આ વાતની ખબર પડી. તેમણે પોતાના એલચીને છોડાવવાને એક મિશન મોકલ્યું. પણ થીઓડોર તો ઊલટો વધુ રોષે ભરાયો. તેણે એ મિશનને જ કેદ કરી નાખ્યું! અને પરિણામ?

પરિણામ તો બીજું શું આવે? રાણીના ફૂંકાયા તોપો ધડાકી ને ઍબિસિનિયા ને બ્રિટન વચ્ચે ભયંકર યુદ્ધ થયું. આ યુદ્ધનું ખર્ચ ૧૦ લાખ પાઉંડ થયેલું.

ભૂલ એક કારકુનની હતી. એક કાગળ ગુમ થયો ને તેનું મૂલ્ય ચૂકવવું પડ્યું રૂા. ૧૦ લાખ! (હાસ્ય)

'૪૨નો ઇતિહાસ

૧૯૪૨નું વર્ષ શરૂ થતા આગલા '૪૨ના વર્ષોમાં બની ગયેલા હિંદના ઇતિહાસના અગત્યના બનાવોની નોંધ રસદાયક થઈ પડશે

પહેલા નોંધપાત્ર કહી શકાય તેવું વર્ષ ઈ. ૫૪૨નુ છે તે વર્ષે મિહિરગુલનુ મૃત્યુ થયુ. મિહિરગુલ એ હૂન શાસક હતો તે પંજાબના એક ભાગ પર રાજ્ય ચલાવતો અને તેની રાજધાનીનું શહેર સિયાલકોટ હતુ માળવાના રાજા યશોધર્મે તેને તેની ગાદી પરથી કાઢી મૂક્યો મિહિરગુલ કાશ્મીર નાસી ગયો, ત્યાની ગાદી પચાવી પાડી અને ઈ. સ. ૫૪૨મા તેનું મૃત્યુ થયુ ત્યાસુધી ત્યા રાજ્ય કર્યું.

બીજુ '૪૨નુ નોંધપાત્ર વર્ષ ૬૪૨નુ છે. આ વર્ષમા ચાલુક્ય રાજા પુલકેશી બીજાને કાંચીના પલ્લવ રાજા નરસિંહવર્માએ હરાવીને મારી નાખ્યો. પુલકેશી દક્ષિણ હિંદનો શૂરવીર રાજા હતો. તેણે હર્ષવર્ધનના હુમલાઓ પાછા વાળેલા અને વિંધ્યની દક્ષિણમા હર્ષવર્ધનના પ્રદેશનો વિસ્તાર થતો અટકાવ્યો હતો.

ત્યાર પછી આપણે સાતસો વર્ષનો કૂદકો મારી ૧૩૪૨મા પહોંચીએ છીએ આ વર્ષ હિંદ માટે ભયંકર હતુ ઇતિહાસે ગાંડો કહેલો શહેનશાહ મહમદ તઘલખ દિલ્હીની ગાદી પર હતો. એ વેળા મહમ્મદની ખરાબ રાજ્યવ્યવસ્થા, લડાઈઓ, બળવા તથા વરસાદની ખેંચને લીધે દેશમા ભયકર દુકાળ પડ્યો એનુ વર્ણન કરે છે કે 'શેરીઓમા હજારો પુરુષો, સ્ત્રીઓ અને બાળકોના શબ પડ્યા હતા તેમને બાળવાને કે દાટવાની તો શું તેના સામે નજર નાખવાને કોઈ નવરૂ નહોતુ મોટેરાં શહેર ઉજ્જડ બની ગયા હતા. આખો પ્રદેશ વર્ષો સુધી સ્મશાનભૂમિ જેવો લાગતો હતો.' મહમદ તઘલખે પોતાની તીજોરીમાથી ગવર્નર રકમોની લોન આપીને લોકોને મદદ કરવાનો યત્ન કર્યો પણ લોનનો કંઈ ઉપયોગ થઈ શકે તેમ નહોતો, કારણકે એની મારફત જનાવરો આવી શકે તેમ નહોતા તેમજ છવતા રહેલા મનુષ્યોમા કંઈ પણ કામ કરવાની શક્તિ નહોતી.

ત્યાર પછી ૧૫૪૨માં અકબરનો જન્મ થયો. એ વર્ષ પહેલા બિહારના અફઘાન રાજા શેરશાહે તેના પિતા હુમાયૂને હરાવ્યો હતો અને તે આશ્રય ખોળતો રખડતો હતો. ૧૫૪૨ના નવેંબરમા રજપૂત રાજા રાણાપ્રસાદ પાસે તેણે સિંધમાં ઉમરકોટમા આશ્રય લીધો અને ત્યા અનેક અગવડ વચ્ચે ૨૩મી નવેમ્બરે અકબરનો જન્મ થયો. બિચારા દુઃખી હુમાયૂને સ્વપ્નમા પણ ખબર નહિ હોય કે આ બાળક એક દિવસ આખા હિંદનો સમ્રાટ થશે.

હિંદમા ખ્રિસ્તી ધર્મના ઇતિહાસમાં પણ ૧૫૪૨નું વર્ષ અગત્યનું છે કેમકે તે વર્ષના મે માસમા પહેલા જેસ્યુઈટ મિશનરી ફ્રાન્સિસ ઝેવિયરે હિંદમા ગોવા ખાતે પગ મૂક્યો. તેનો જન્મ ૧૫૦૬માં સ્પેનમા થયો હતો. તેનુ જીવન ખૂબ સાહસિક હતુ 'ઇસાની સોસાયટી'ના મિશનરી તરીકે તે પેલેસ્ટાઈન, સોકોત્રા, હિંદ, મલાકા, ચીન અને જપાન ફરી આવ્યો હતો. દસ વર્ષ તે હિંદમાં રહ્યો અને ૧૫૫૨મા ચીન ગયો. ત્યા કૅન્ટન નજીક તે મૃત્યુ પામ્યો મૃત્યુ પછી તેને સંત તરીકે જાહેર કરવામાં આવ્યો. આજે બધા રોમન કેથોલિકો તેને પરદેશના મિશનના મુરબ્બી સંત તરીકે માને છે

૧૭૪૨માં પ્રસિદ્ધ ફ્રેન્ચમૅન ડુપ્લે પૉંડીચેરીનો ગવર્નર થયો. ત્યારથી શરૂ કરીને બાર વર્ષ સુધી તે હિંદના ફ્રેન્ચ સંસ્થાનોનો શાસક હતો. દક્ષિણ હિંદના રાજાઓ સાથે તેણે કાવતરાં કર્યાં હતાં. ૧૭૫૪મા તેને ફ્રાન્સ પાછો બોલાવી લેવામાં આવ્યો.

૧૭૪૨મા આર્કટના નવાબ સફદરઅલીને તેના સાળા વેલોરવાળા મુરતઝઅલીખાને ઘાતકીપણે મારી નાખ્યો પણ તેણે નવાબ બનીને આર્કટમાં પ્રવેશ કર્યો તે જ દિવસે તેનું જ લશ્કર બળવો કરી તેના મહેલને ઘેરી વળ્યું ને તે સ્ત્રીના કપડા પહેરીને વેલોર નાસી છૂટ્યો બળવાખોરોએ સ્વ નવાબના નાના બાળકને ગાદીએ બેસાડ્યો

અને સો વર્ષ પહેલાંની ૧૮૪૨ની સાલ તે હિંદના અફગાનિસ્તાન સાથેના પહેલા અફગાન વિગ્રહનુ ચોથુ અને છેલ્લુ વર્ષ હતુ રશિયા અને અફગાનિસ્તાનનું સંયુક્ત લશ્કર હિંદ પર હલ્લો કરશે તેવો હાઉ ઊભો કરીને હિંદના તે વખતના ગવર્નર-જનરલ લૉર્ડ ઑકલૅંડે ૧૮૩૯મા અફગાનિસ્તાનમા હિંદી લશ્કર મોકલ્યુ કાબુલ જીતાયુ અને બ્રિટિશ સેનાધિપતિઓએ ત્યાના અમીર દોસ્તમહમદને પકડી કરી, કેદી તરીકે કલકત્તા મોકલી દીધા અને બ્રિટનના કૃપાપાત્ર શાહ શુજા નામના એક અફગાન અમીરને ખાલી પડેલી ગાદી પર બેસાડવામા આવ્યો પણ ૧૮૪૧મા ત્યા દોસ્તમહમદના પુત્ર અકબરખાનના નેતૃત્વ નીચે બળવા ફાટી નીકળ્યા અને ૧૮૪૨ને બેસને વર્ષે બ્રિટિશ લશ્કરને સુલેહ કરવાની ફરજ પડી સુલેહ કરીને બ્રિટિશ લશ્કર પાછુ ફર્યું ત્યારે તેમા હિંદી અને યુરોપીઅનો મળીને ૪,૫૦૦ સૈનિકો અને ૧૨,૦૦૦ નોકરો હતા ઉપરાંત સ્ત્રીઓ ને બાળકો હતા સાત દિવસ પછી જ્યારે લશ્કર ખૂર્દ કાબુલ ઘાટમાથી બહાર નીકળ્યુ ત્યારે ફક્ત ૮૦૦ જીવતા રહ્યા હતા બાકીના અફગાનિસ્તાનની ઠંડીના તથા અફગાન તાયફાવાળાની ગોળીના ભોગ થઈ પડ્યા હતા

ત્રણ દિવસ પછી બીજા ૬૦૦ મૃત્યુ પામ્યા ૧૩મી જાન્યુઆરીએ ફક્ત એક જ મનુષ્ય જીવતો રહ્યો હતો તે ડૉ બ્રાઈડન ગાડમાર જલાલાબાદ પહોંચ્યો અને ત્યાના બ્રિટિશ લશ્કરને જણાવ્યુ કે ૧૬૫૦૦ મનુષ્યોમાથી માત્ર હુ એકલો જ જીવતો રહેવા પામ્યો છુ

દરમિયાન હિંદમાથી લૉર્ડ ઑકલૅંડની બદલી થઈ અને તેને બદલે લૉર્ડ એલેનબરો આવ્યા અફગાનિસ્તાનથી ફરીથી ખરાબ ખબર આવ્યા કે બ્રિટિશ સૈન્યે ઘણી ગઝની પડ્યુ હતુ અને શાહ શુજાનુ કાબુલમા ખૂન થયુ હતુ

પણ અને અફગાનિસ્તાનમા રહેલા બ્રિટિશ સેનાધિપતિઓએ પરિસ્થિતિ સુધારી કંદહારથી એક બ્રિટિશ સૈન્ય કાબુલ તરફ કૂચ કરી અને જલાલાબાદથી બીજા ટુકડીએ તે જ દિશામા કૂચ આદરી રસ્તામા ઘણા વિજયો પ્રાપ્ત કરી બને લશ્કરોએ કાબુલ પર હલ્લો કર્યો

શહેરનું તરતજ પતન થયુ બ્રિટિશ લશ્કરે અફગાનોના હાથમાથી ઘણા કેદીઓને છૂટા કર્યા, શિક્ષા તરીકે શહેરનો અમુક ભાગ ફૂંકી દીધો. ત્યાર બાદ ત્યાથી પાછા ફર્યા ૧૮૪૨ના નવેંબરમા અફગાનિસ્તાનને સંપૂર્ણ ખાલી કરવામા આવ્યુ

અફગાન યુદ્ધનો અંત દોસ્તમહમદને ફરીથી ગાદીએ બેસાડવાથી આવ્યો. કાબુલની ગાદી પર વીસ વર્ષ રાજ્ય કર્યું પોતના રાજ્યઅમલ દરમિયાન તેણે પોતાના આગલા દુશ્મનો-બ્રિટિશો-સાથે બહુ સારી મૈત્રી રાખી.

આપણે એક વધારે બનાવથી ૧૮૪૨નું વર્ષ પૂરૂ કરીશું. તે જ વર્ષમાં પી. ઍન્ડ ઓ. કંપનીની પહેલી સ્ટીમર 'હિંદુસ્તાન' લંડનથી નીકળીને કેપ ઑફ ગુડહોપની ભૂશિરને ફેરો કરીને સફળ સફર કરી ૧૮૪૨ના ૫મી ડીસેંબરે મદ્રાસ હિંદને કિનારે આવી

—છોટાલાલ માનસિંહ કામદાર

આખા વર્ષનું કૅલેન્ડર

'કુમાર'માં દરમહિનાના અંકમાં ગયા જાન્યુઆરીથી આખા વર્ષનું કૅલેન્ડર આપવામા આવે છે પણ એવુ કૅલેન્ડર બનાવવા માટેનુ બીબુ (Formula) જો ધ્યાનમા રાખીએ તો આપણે પણ આખા વર્ષનુ કૅલેન્ડર આપણી મેળે બનાવી શકીએ અને મહેનત વગર યાદ રાખી

કર્ણાવતીના જૈન મંદિરમાં એક પરદેશી અનાથ મારવાડીને જોઈ ત્યાં ફરીને આવેલા એક બાઈને તેની ઉદાર સાલસી દયા આવતાં પોતાનું એક જૂનું ઘર તેને આપ્યું. વખત જતાં મારવાડીએ પોતાની જાતકમાઈ-માંથી એ જૂના ઘરને પાડી નવું કરાવવા માંડ્યું તેમાંથી અઢળક ધન નીકળ્યું તે લઈને પ્રામાણિકતાથી એ પૈસો બાઈને દેવા ગયો પણ તેના કોઈ આગ્રહને ન ગણકારતાં બાઈએ કહ્યું કે એ તમારું જ છે. ભવિષ્યમાં સ્વપુરુષાર્થે સિદ્ધરાજ જયસિંહનો મુખ્ય મંત્રી બનનાર એ પ્રામાણિક મારવાડી ઉદયન મહેતા તો ઇતિહાસપ્રસિદ્ધ છે, પણ તેને 'ઉદા મારવાડી'માંથી 'ઉદયન મંત્રી' બનાવનાર પેલી ગુજરાતણ લાછી છીપણને આજ નામથી પણ કોણ ઓળખે છે?

અનેકાર્થી શબ્દ **શ્રી**=લક્ષ્મી, સૌન્દર્ય કે શોભા, લખાણના પ્રારંભે વપરાતો મંગલ શબ્દ, આદર કે પૂજ્યભાવ દર્શાવવા નામની આગળ લગાડાતો શબ્દ, સંગીતમાં એક રાગ, ધર્મ, અર્થ અને કામ એ ત્રણ પુરુષાર્થ

-કહેવતોના અર્થ 'પોતડીના ઘોળ આગળ નગારાં' અમુક વગરવિચાર્યાં કામનાં, ભવિષ્યમાં આવનારાં પરિણામ વિષે સૂચન કરતી આ કહેવત વિષે એવી વાત છે કે ઘરમાં પેઠેલા ચોરને એક વાણિયાએ પકડ્યો, છતાં તેના જશ પોતે ન લેતાં જમાદારને આપ્યો. શેઠે આથી જમાદારને પોતિયું ઈનામમાં આપ્યું, તે સાંભળીને વાણિયણે વાણિયાને આવી તક જવા દેવા માટે ઠપકો આપતાં વાણિયાએ કહ્યું કે 'એ પોતડીના ઘોળ આગળ નગારાં' થોડા જ દિવસ બાદ ચોરે જેલમાંથી છૂટીને જમાદારનું ખૂન કર્યું અને તેની રાંડેલી સ્ત્રી વિલાપ કરવા લાગી તે જાતાં ફરી વાણિયાએ વાણિયણને કહ્યું કે 'જો હવે પોતડીના ઘોળ નગારાં વાગે છે' વાણિયણ તેનો મર્મ સમજી ગઈ

ચીન દુનિયાભરમાં વધુમાં વધુ વસ્તી ધરાવતો હોવા છતાં તેનો માત્ર દસ જ ટકા ભાગ વાંચી લખી જાણે છે, અને છાપાં તો એક જ ટકો વાંચી જાણે છે

ક્રોધની મુદ્રા કરતાં પ્રેમળ હાસ્યમાં ચહેરાના ઓછા સ્નાયુઓનું કામ પડે છે.

ઓપરીમાનો નળગામાનો નળગોજાર તેનું તળિયું છે



દેશદેશના શિરવેષ ઉપર છે તે મેક્સિકોના વતનીનો છે

ગણિત-ગમ્મત

કોઈ પણ રકમ ધારો. પછી તેના આંકડાઓનો એક આંક આવે ત્યાં સુધી સરવાળો કરી જે આવે તે ધારેલી રકમમાં ઉમેરો. હવે આવેલી રકમને તમારી ધારેલી રકમના એક-આંકી સરવાળા વડે ગુણો. જે રકમ આવે તેમાં ધારેલી રકમ ભેળવો. જે આવે તેમાં ધારેલી રકમનો એક-આંકી સરવાળો ઉમેરો. હવે આવેલ રકમને, ધારેલી રકમના એક-આંકી સરવાળામાં એક ઉમેરી તે વડે ભાગો. ભાગમાં આવેલી રકમમાંથી તમારી ધારેલી રકમનો એક-આંકી સરવાળો બાદ કરો. જે આવે તે તમારી ધારેલી રકમ! કામ જોયી

S 8

ઉપર છાપેલા અંગ્રેજી અક્ષર 'એસ' અને આ '૮'ના ઉપરનીચેના બંને ભાગો સરખા લાગે છે તે કાગળને ઊંધો ફેરવીને જોશો તો જણાશે કે તેમ નથી.



રોમન શહેનશાહ સીઝર લેખન, વાચન અને વાતચિત ત્રણે કામ એકસાથે કરી શકતો.

આ મહિનાનું નામ જાન્યુઆરી, તે જેનસ નામના, બે મુખવાળા રોમન દેવના નામ પરથી પડેલું છે તે બધા દરવાજાના રખેવાળ દેવ ગણાતો, તેથી બધા પ્રારંભમાં તેનું નામ શુભ ગણાતું. તેથી વર્ષના પહેલા મહિનાનું નામ તેના પરથી પડ્યું છે.

પેન્સિલનો ઉપયોગ ઇ.સ.ની સોળમી સદીથી શરૂ થયેલો જણાય છે.


શિયાળામાં આકાશમાંથી ખરતી બરફની હજારો પાંખડીઓના ફોટોગ્રાફ પાડવામાં આવ્યા છે, પણ હજી સુધી એમાંની કોઈ પણ બે પાંખડી એકસરખી માલૂમ પડી નથી

વીસમે વર્ષે આપણું મગજ સંપૂર્ણ વિકાસ પામી રહે છે ત્યાર પછી દર વરસે એક ગ્રામ વજન એનું સતત ઘટતું રહે છે.

આપણા દેશમાં પોલિસની વ્યવસ્થા ૧૭૯૨માં લૉર્ડ કૉર્નવૉલિસે દાખલ કરી

કબૂતરોને માણસનો અવાજ સંભળાતો નથી.

પૃથ્વી ઉપર દર પાંચ માણસે એક હિંદીજન છે



બાકીના ચારમાં, આશરે ગણીએ તો, એક અમેરિકન, એક યુરોપિયન, એક હબસી ને એક ચીનો આવે. દુનિયાની વસ્તીના પાંચમા ભાગે આપણે ઊભા રહીએ છીએ એ ખ્યાલથી આપણને રોમાંચ નથી થતો? અને દુનિયાના ઘડતર ને વ્યવહારમાં આપણો યોગ્ય ફાળો હોવો જોઈએ એવી અભિલાષ પણ આપણા અંતરમાં નથી પ્રકટતી? (Our India by M Masani ને આધારે)



કલાકુટિર શાન્તિનિકેતન

ચિત્ર - શ્રી નન્દલાલ બોઝ

અખંડ કલાનું પ્રવચન

શાન્તિનિકેતનના મુખ્ય માર્ગેથી આશ્રમમાં જતાં ભોજનગૃહ તરફ વળતાં જ ક્રીડાંગણના મેદાનને ખૂણે, એક પોલીસ-છાપરી જેવી જ પણ અતિ સુંદર, માટીની કુટિર ગુમ સગયની બાંધણીમાં ઊભી કરેલી છે તેને બધા 'આર્ટ કોર્નર'–કલાકુટિર કહે છે. તેની બારીમાં કાચની પાછળ કંઈ ને કંઈ નિત્ય નૂતનતા આપતી કલાકૃતિ, ચિત્ર કે શિલ્પ મૂકવામાં આવે છે અને જતા-આવતા વિદ્યાર્થીઓ કંઈક નવું લેવાની આશાએ ત્યાં ડોકિયું કર્યા વિના રહેતા નથી. કલાકૃતિ મારફત રસવૃત્તિનો નૂતન વિચાર કે સૌન્દર્યભાવ બીજામાં પ્રવેશ કરાવવાની આ રીત બધી શાળાઓ અને સંસ્થાઓ અપનાવે તો કેવું સારું?











ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ

ડાબી બાજુ (મથાળે) 'આડ મુખી'—ચન્દ્રકાન્ત પરીખ (અમદાવાદ) બીજું ઈનામ, (નીચે) 'પરસેવાનો પાક'—ચીમન મેવાડા (ડભોઈ) ત્રીજું ઈનામ, જમણી બાજુ (મથાળે) 'એકાગ્રતા', (વચ્ચે) 'ચરણ નિમજ્જન'—ચન્દ્રકાન્ત પરીખ (અમદાવાદ) નોંધપાત્ર, (નીચે) 'ક્ષુધાશાંતિ'—બાબુ ભણસાળી (ગઢડા) નોંધપાત્ર









શતાબ્દી પ્રસંગે મેક્સિકોએ કાઢેલી ટિકિટો

ઈંગ્લંડની ટિકિટોની શતાબ્દીના સ્મરણમાં મેક્સિકોએ કાઢેલી ટિકિટો, તેની નવીનતા એ છે કે તેના પર ઈંગ્લંડની મૂળ (સૌ પ્રથમ) ટિકિટમાંનું વિક્ટોરિયાનું મ્હોરું મૂકીને એ દિવસોનું સ્મરણ કર્યું છે.

(શ્રી હરિભાવ બૅંકના સંગ્રહમાંથી)

કુમાર

આવતી કાલનાં નાગરિકોનું પત્ર

વર્ષ ૧૯ અંક ૨ ફેબ્રુઆરી ૧૯૪૨ ૨૧૮ તંત્રી રવિશંકર રાવળ · સંપાદક: બચુભાઈ રાવત

કલકત્તાના કલાવિદ્ શ્રી અર્ધેન્દ્રકુમાર ગાંગુલીના મકાનની બારીમાં પશ્ચિમની Stained Glass Window ની જેમ રંગીન કાચના ટુકડા વડે હિંદી ઢબે તૈયાર કરેલું સરસ્વતીનું ચિત્ર



કુમાર પ્રત્યેક અંગ્રેજી મહિનાની પંદરમી તારીખે બહાર પડે છે

મુદ્રક-બચુભાઈ રાવત, તંત્રી અને પ્રકાશક-રવિશંકર રાવળ, કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય ૧૪૫૪ રાયપુર અમદાવાદ વાર્ષિક રૂ ૬, બ્રહ્મદેશના રૂ ૬॥, પરદેશના ૧૨ શિ , છૂટક દસ આના, મુંબઇમાં કુમાર ઑફિસ, ૧૩૬-૧૪૨ મેડોઝ સ્ટ્રીટ, આર આર શેઠની કં. અથવા રાવળ બ્રધર્સ પ્રિન્સેસ સ્ટ્રીટ, વડોદરામાં નૂતન ફોટો સ્ટુડિયો, રાવપુર.



મુંબાઈ આર્ટ સોસાયટીના
ગયા માસમાં ભરાએલા
વાર્ષિક પ્રદર્શનનાં
કેટલાંક ચિત્રો
(બ્લોક્સ: મુંબાઈ આર્ટ સોસાયટીના સૌજન્યથી)



રાસમંડળ
ચિત્રકાર: ભાનુ સ્માર્ત

બાઈ ભાનુ સ્માર્તે ધીરેધીરે ગુજરાતી ચિત્રકારોમાં પોતાનું અનોખું સ્થાન સિદ્ધ કરી લીધું છે. હિંદી શૈલીને અપનાવીને થોડાંક મૌલિક ચિત્રો આપીને તે જાણીતાં થયાં છે અને પ્રદર્શનના દર્શક ઉપર તેમની કૃતિઓ હિંદી તત્ત્વથી અચૂક ભાત પાડે છે. ગુજરાતની કલાભગિનીઓ સમી રાસ રમતી કન્યાઓની ગતિ અને મુદ્રા તેમણે આ ચિત્રમાં બહુ સચોટપણે ઉતારી છે.

બીજાં ચિત્રો માટે
જુઓ છેલ્લા પાનાની સામે



તિબેટની વેચનારી
ચિત્રકાર: બી. એ. માળી

દૂબહૂ આપના કૅનવાસ પર તૈલરંગોના સપાટા લગાવી પાત્રને તસ્વીરી ઉઠાવ આપવામાં આ તરુણ ચિત્રકારે નામ કાઢ્યું છે. સારા યુરોપિયન ચિત્રકારોની સાથે સ્પર્ધામાં મૂકી શકાય એવી કૃતિઓ દર સાલ તે પ્રદર્શનમાં રજૂ કરે છે. 'તિબેટની વેચવાવાળી'નું આ પાત્ર રંગોની ચોટ અને આકાર પરના કાબૂનો એક શાસ્ત્રિક નમૂનો છે. ચિત્રકારને હાથે હિંદુસ્તાનના વિવિધ પ્રાંતોના પાત્રોની આ રીતની શાસ્ત્રિક ચિત્રમાળા તૈયાર થાય તો તે તેના જીવનનું એક ભવ્ય સ્મારક બને.



ગોપજીવનનું સંગીત

ચિત્રકાર ભીખુભાઈ આચાર્ય

વર્ષ ૧૯ કુમાર અંક ૨

ફેબ્રુઆરી • ૧૯૪૨

તમે, સ્વજન—

તમે, સ્વજન, વૃદ્ધ ને ઉછરતા વછેરા અમે,
તમે અવ કૃતાર્થ; નવ્ય વિજયે અમે કોડિલા,
નવા ક્ષિતિજ આંબવા થનગની રહ્યા ઘોડિલા
બની, જગત પૂરપાટ ધસવા અધીરા; તમે?—
લગામ કઠતી, ખડચા મુખથી દંત, પેડુ દમે,
ખુટ્યો પથ અખૂટ જોઇ અવ તંગ મૂક્યા ઢીલા;
અમે પથપિપાસુ આજ વિણઓજ વ્હીલાવ્હીલા,
અને કુમળી પાંસળી મહીં સુતીક્ષ્ણ એડી ગમે.

હશે વિકટ પંથ? કંકટ હશે?—ન પૂછું અમો.
કુતૂહલ ન જાણવા ગિરિચઢાવ વા માર્ગનો.
કુતૂહલ દિલે: હશે શું અસવાર આદર્શનો
પિઠે સતત, પેંગડે-પગ, સુતેજ વિદ્યુત્સમો
ચલાવત રવાલ ચાલ? બસ એટલુ જો ભલા,
મુકામ પછી દૂર છો! ન શમશે પથે ડાબલા.

ઉમાશંકર જોષી

સાહિત્યક્ષેત્રના એક વૃદ્ધ મુરબ્બીને ઉદ્દેશીને લખાએલુ આ સુંદર સૉનેટ, વાસ્તવમા તો જૂની પેઢીનો કાર્યભાર લેવા તત્પર નવી પેઢીના થનગનતા ભાવ આલેખી રહે છે પથને ખૂટેલો જોઈ જેણે કથળેલ શરીરે તંગ ઢીલા મૂક્યા છે એવી એ કાર્યકૃતાર્થ પેઢીના વૃદ્ધ અશ્વ તરફેના વર્ણનને પડછે પોતાને નવા વિજયોના અને નવા ક્ષિતિજો આંબવાના કોડવાળા વછેરા તરીકે વર્ણવીને અનમા પાણીદાર યુવાનીનો અભિલાષ પ્રકટ કર્યો છે કે અમારી પીઠ ઉપર જો આદર્શનો અસવાર રવાલચાલ ચલાવતો બેઠો હશે તો પછી માર્ગ કપરો હોય કે મુકામ દૂર હોય તેની પરવા નથી એ અખૂટ પથપર અમારા ડાબલા શમ્યા વિના ગાજ્યા જ કરશે

નિસર્ગરક્ષિત બાલવય

વિક્ટર હ્યૂગોના એક નાના ઊર્મિગીતના અંગ્રેજી તરજુમાનો અનુવાદ

• ઇન્દ્રવજ્રા •

ગાતૂં હતૂં 'બાલ' જટાયુ બારીએ
માતા પડી'તી શયને અશક્તઃ
આખે વળી ઝાંખ, નખે ન રક્ત,
ઊડી જવા શ્વાસ ઘુંટાય છાતિએ.

ગાતાં હસે ને ભજવંત બાવને
ખીલે રમે બાલક પચવર્ષી;
આખો દિ ગાળે નિજ તાન હર્ષી,
ખાંસી દમે ને દિનરાત માતને
મેં હર્ષ એ શૈશવસાથિ દીઠો,
ઓળો પડ્યો મૃત્યુતણો ય દીઠો.

માતા ગઇ દેવળભોંય શાંતિમા
એ બાળનું ગાન ન કીંઇ ન્યૂનઃ
*ખોલી બિજી, તોય ન બારિશૂન્ય
ગાતૂ જ એ બાલ જટાયુ બારિમા
માયાળુ છે ઇશ' અપત્ય કાળે
ના કાલનો શોક જ કાંઇ કાળે.

*ખોલી=ઓરડી—કોઈ ભલા પાડોશીની, જેણે માતા જતા એ નિરાધાર બાલકને અપનાવી લીધુ

બલવન્તરાય ક. ઠાકોર

શાને?

રવિ ટાગોરે 'ડાકઘર' નાટકનો ધ્વનિ ગુંજતું એક ગીત એ નાટકને મોખરે જ મૂક્યુ છે—તેનો અનુવાદ

શાને આ દીપ ઓલાય?
શાને આ ફૂલ વિલાય?
નિર્ઝર નીર શાને સુકાયે,
વીણા તાર તૂટી જાય? . . . શાને૦
ઢાંક્યો દીપ એક હાથે,
ચાપી રાખ્યુ ફૂલ ઉર સાથે,
નીર નિર્ઝર તણા
બાંધ્યા બંધની બાથે,
વીણા વગાડવા સૂર હતો નહિ
તોય ગાંઠ્યો કાં આઘાતે?
તેથી આ દીપ ઓલાય
નીર સુકાયે ફૂલ વિલાયે
વીણાતાર તૂટી જાય . શાને૦

પ્રહ્લાદ પારેખ

વિભૂતિ


સહી અસહ્ય દબાણ તમિસ્રનાં
વિમલ તારક તેજ નિતારતા;
જગતના અભિશાપ સહીસહી
વરદ સંત સુવાસ પ્રસારતા.

- પારાશર્ય

આવતી કાલનાં નાગરિકો માટેનું અદ્યતન માસિક

મારી નજરે

ઉત્તર ભારતનાં કલાકેન્દ્રોના સંપર્ક અર્થે તંત્રીએ કરેલી સંસ્કાર-યાત્રાની
પ્રવાસરેખાના આ નકશામાં ફરી લીધી પરના મોટા અક્ષરોવાળા નગરોની
મુલાકાતના રસપ્રદ વર્ણનો નવા વર્ષથી શરૂ થયા છે તેમાં પહેલું બોલપુર
(શાન્તિનિકેતન) નવા અંકમાં પૂર્ણ થયું. આ અંકે કલકત્તા શરૂ થાય



કલકત્તા

● ૧૧મી સપ્ટેમ્બરની સવારે કલકત્તાના હાવરા સ્ટેશને પહોંચતા જ અનેક અંજાણ્યા ચહેરાઓની વચ્ચેથી ચાંપશીભાઈની હાસ્ય રેલાવતી હસતી મુખમુદ્રા નજરે આવી. નવચેતન દ્વારા શ્રી ચાંપશીભાઈનું વ્યક્તિત્વ ગુજરાતને સુપરિચિત થયું છે અને તો કલકત્તા અને અમદાવાદ જેટલા અંતરથી તેમણે ભરત અને રામ જેવા સ્નેહતંતુએ વર્ષોથી બાંધી રાખ્યો છે, એટલે કલકત્તામાં મારું વિશ્રામધામ તો એમનું જ ઘર બનશે એવી વચનબદ્ધી પહેલેથી હતી. તેમણે મારા અનેક સ્નેહીસંબંધીઓને ખબર પહોંચાડી દીધા હતા પણ કોઈને સ્ટેશન પર આવવાની તકલીફ ન આપવી એ મારો પૂર્ણ આગ્રહ હતો, છતાં બાળકો મનસુખ ઉપાધ્યાય તો ચાંપશીભાઈની જેમ કલકત્તાના મારા પર્યટનમાં સંગાથી પણ બનવાનો જ નિશ્ચય કરી સ્ટેશન પર આવ્યા હતા.

મિત્રોના પ્રેમના પ્રતીકરૂપ ફૂલહારના સ્વાગતે મને સ્ટેશનમાં ગર્વભર્યો બનાવી દીધો. એમને એ સ્ટેશનમાંથી બહાર નીકળી નવ-સાર્વભૌમ પર પહોંચતી વખતે શ્રી મનસુખભાઈ ઉપાધ્યાય તો શાંતિ-નિકેતનમાં અભ્યાસ કરતા તે વખતથી તેના ઉત્સાહ અને ચોખ્ખી બુદ્ધિની મેં જે પરીક્ષા કરી હતી, તે આજે તેમણે સાબિત કરી અને વ્યાપારી દૃષ્ટિ તેમજ સમજણ જોઈ પૂર્ણ રુચિત થતી હતી. ગુજરાત-કાઠિયાવાડના ગામડામાંથી કેટલાં યે રત્નો દેશાવરમાં કેવી રીતે ઝળકયાં છે તેનું પૃથક્કરણ કરવામાં આવે તો આપણા કેળવણી વિધાયકોને કેળવણીના ક્ષેત્રની નવી દૃષ્ટિઓ જરૂર સાંપડે. સાહસિકો ન મળ્યા પછી જન્માવનાર ગુજરાત-કાઠિયાવાડને કેવી સામૂહી કેળવણીમાં જડતાઈ રહેવું પડે છે તેની પણ ખબર પડે ને માત્ર ભીખારી આવી અનાથ માની રહેલા રાજવીઓ ને અધિકારીઓ કેવી રીતે પ્રજામાનસને ગૂંગળાવી રહ્યા છે તે ય સ્પષ્ટ થાય.

પોતાનો પ્રાંત છોડીને આવી રીતે બહાર નીકળેલા તરુણોમાં માતૃભૂમિ માટે મેં વિશેષ તલસાટ અને ભોગ આપવાની લાગણી પ્રત્યક્ષ જોઈ. દેશની સંસ્થાઓના હૈયામાં જે ભાવના અને ઉદારતાથી બહાર નીકળેલી જનતા ફાળો ભરે છે તે કમનસીબે સ્થાનિકોમાં વિરલ જણાય. કલકત્તામાં એવા અનેક તરુણો ને શ્રીમંતોની મને મુલાકાત થઈ કે જેમને જન્મભૂમિની સાચી કલ્પના અને ભાવનાની પ્રાપ્તિ થઈ છે ને ગુજરાતના સંસ્કારિક મને એનો અચ્છો પરિચય આપ્યો હતો.

ચાંપશીભાઈ

અમારો મુકામ 'નવચેતન' ઑફિસમાં થયો. એને શ્રી ચાંપશી-ભાઈનું ઘર કહો કે નવચેતન મુદ્રણાલય કહો, પણ એ સ્નેહાળ હસતા



વિદ્વાનો, સાક્ષરો અને કલાકારોના પરમ મિત્ર, હાજીમહંમદના અવસાન પછી 'વીસમી સદી' માસિકનું સ્થાન 'નવચેતન' દ્વારા યથાશક્તિ સંભાળી લેનાર આ મૂંગા સાહિત્યસેવક મારા પરમ મિત્ર ચાંપશીભાઈ આ વરસે ૫૦ વર્ષ પૂરાં કરી વાનપ્રવેશ કરશે તે માટે તેમને અભિનંદન આપવાની આ સુંદર તક મળી ગઈ તે સુભાગ્ય માનું છું એવા મુક્ત અને સૌજન્યશાળી ગૃહસ્થનું જીવન વિશેષ સુખપૂર્ણ તથા આરોગ્યમય બને અને વિશેષ કાર્ય કરવા સિદ્ધિ તથા સમૃદ્ધિના સ્વામી બને એવું પ્રભુ પાસે માગું છું.

દાંપત્યના વાતાવરણમાં અમને ચાંપશીભાઈએ રાજવી દિવસો પૂર્ણ ઉત્સાહ આપ્યો છે. મારા જવાની જાહેરાત એમણે વગર પૂછ્યે કરી મૂકી હતી તે જ રાત્રે સાહિત્ય સમેલનની સભામાં મારો પરિચય કરાવવા આમંત્રણપત્રો વહેંચી દીધા હતા અને નવચેતન કાર્યાલયને

જ સભાગૃહ બનાવી દીધું હતુ કલકત્તાના સાહિત્યજીવનનો પ્રાણ કહો તો ચાંપશીભાઇ જ છે. ગુજરાતમાં વર્ષોથી લોકપ્રિય બનેલુ 'નવચેતન' માસિક ચલાવનાર ચાંપશીભાઈના સાધનોમાં એક વગર પાવરનું ટ્રેડલ (પગે ચલાવવાનું) મશીન અને પાંચ માણસોનો સ્ટાફ જોઇ તેમની તમન્ના અને સાહિત્યપ્રેમ માટે આદર થાય છે પ્રેસના બીબા-ના ઘોડા બાજુએ ખસેડી એ જ હૉલને વ્યાખ્યાનગૃહ બનાવી દેવામા આવ્યો હતો. રાત્રે આઠ વાગ્યે આસપાસની બજારો અને ઘરોમાથી જુવાનો ને વિદ્યાર્થીઓએ આવી એ ખંડને ભરી દીધો અને એ સભામાં ગુજરાત શબ્દનો ધ્વનિ કેવો છે તેનો ખ્યાલ મને સુંદર રીતે મળ્યો.

મુકુલચંદ્ર દે

મારી મુખ્ય નેમ તો હિંદમાં કલાના આદર્શો અને તેનું પ્રકટી-કરણ કેટલુ થયુ છે તે જોવાની હતી. ઉપરની સભા થઈ તે જ બપોરે મને ખબર પડી કે ત્યાંની સરકારી કળાશાળામા બે જ દિવસ પછી રજાઓ પડવાની છે, એટલે પહેલી તકે તેના પ્રિન્સિપાલ શ્રી મુકુલ-ચંદ્ર દેને ટેલિફોન કર્યો. પાંત્રીસ વર્ષે પણ એ મિત્રે માત્ર નામસ્મરણથી મને ઓળખી લીધો. તેમણે તુરત જવાબ આપ્યો કે ગમે ત્યારે આવો, શાળા ચાલુ છે. કળાશાળામાં દાખલ થતાં જ શ્રી મણીન્દ્ર-ભૂષણ ગુપ્તા મળ્યા. તે બેએક વર્ષ અમદાવાદમાં રહી ગએલા, એટલે પરિચય તાજો હતો. તુરત તે પ્રિન્સિપાલના ખંડ આગળ લઈ ગયા. સિપાઇએ વિઝિટિંગ કાર્ડ લઇ જવાબ લાવવાની વિધિ પતાવી કે તુરત અંદરના મોટા ખંડમા પાટલૂન પર માત્ર હાફશર્ટ પહેરેલા પહોળી છાતીવાળા શ્રી મુકુલચંદ્ર દેના મજબૂત હાથનો મિલાપ થયો અને કાળનું અંતર ઊડી ગયુ. તેમણે યાદ કર્યુ: 'અહો, પાંત્રીસ વર્ષ પહેલા તમારી સાન્ટાક્રુઝની ઓરડી પર આપણે (સ્વ રામરાવ, હુ, શ્રી. પવનજી અને શ્રીયુત દે) સાથે બેઠા હતા, ચ્હા પીતા હતા, ગપ્પા મારતા હતા.' એ વખતે કલકત્તાથી શ્રી અવનીન્દ્રનાથ પાસેથી કલા-દીક્ષા લઇ તરુણ મુકુલચંદ્ર મુંબઈના શ્રીમંતો પાસે તેમના સ્કેચ પોર્ટ્રેટ કરી ઇંગ્લંડ જવા સહાય માગતા હતા. એ સમયે પણ તેમના હાથમા માનવપાત્ર આલેખવાની અજબ કુશળતા હતી. મુંબાઇની સ્કૂલ ઑવ આર્ટમાં દાખલ તે થયા હતા, પણ તેનુ વાતાવરણ તેને ગુંગળાવતું હતુ એકાએક તે છોડી તેણે અજંતાની યાત્રા કરી, એકલાએ એ અગોચર સ્થાનમાં થોડીક નકલો પણ ઉતારી અને મુંબાઇ આવી કલારસિક શેઠ કલ્યાણજી કરમશીને તે આપી. સ્વ. સર લલ્લુભાઈ શામળદાસ તરફથી તેને સારો ટેકો મળ્યો અને જરાક સગવડ થતા ઇંગ્લંડની સ્ટીમર પકડી. ત્યાં જઈ વિખ્યાત કલાચાર્ય પ્રો. રૉથેન્સ્ટાઇનના હાથ નીચે રૉયલ કૉલેજ ઑવ આર્ટસમા રહી અભ્યાસ કર્યો. પોર્ટ્રેટ ઇચિંગ-માં તેમણે ખાસ કુશળતા મેળવી છે. સ્વ. સર પટ્ટણીએ પણ તેમને ઘણી મદદ કરેલી ઇંગ્લંડમાં હતા એ વખતે તેણે અજંતા અને બાઘની ગુફાઓ ઉપર એક ચોપડી પણ લખી નાખી, જેની પ્રસ્તાવના મિ લૉરેન્સ બિન્યન જેવા મહા કલાકોવિદે લખી આમ આ સાહસિક તરુણ અનેક રીતે પોતાની કલા સિદ્ધ કરી હિંદમાં આવ્યા. થોડોક વખત આમતેમ પ્રયાસો કર્યા બાદ કલકત્તા સ્કૂલ ઑવ આર્ટના પ્રિન્સિ-પાલ મિ. પર્સી બ્રાઉનની નોકરીની મુદત પૂરી થતી હોવાથી કલકત્તા-ની જનતાએ કલાના પ્રણેતા તરીકે હિંદીની પસંદગી કરવામા તેમની એ જગ્યાએ વરણી કરી અને આજે દસ વર્ષથી એ જગ્યાનો અધિકાર તે પૂર્ણ કાબેલિયતથી સંભાળી રહ્યા છે.

કલકત્તાની કળાશાળા

તેમને મળતાવેંત જ મેં, સ્કૂલ બંધ થઇ જાય તે પહેલાં તે જોઇ લેવા ઈચ્છા બતાવી, એટલે તેમણે તુરત હેડમાસ્તર શ્રી રમેનબાબુ



કલકત્તા સ્કૂલ ઑવ આર્ટના પ્રિન્સિપલ શ્રી મુકુલચંદ્ર દેનુ તેમના જ કલા-ખંડમા ભાવભર્યું આતિથ્ય એ મારા પ્રવાસનું એક સુખદ સ્મરણ બન્યું છે

(જાણીતા કલાકાર શ્રી રમેન્દ્રનાથ ચક્રવર્તી)ને બોલાવ્યા અને મારી ઓળખાણ કરાવી શ્રી રમેનબાબુને જોતા જ પ્રેમ થાય એવી સૌમ્ય તેમની મુદ્રા છે પહેલા તે શાંતિનિકેતનના એક અગ્રભાગી વિદ્યાર્થી હતા કનુ દેસાઈ અભ્યાસ કરતા તે વખતે એ આગળના વર્ષોમા હતા, છતા તેમની વચ્ચે મૈત્રિભાવ થયો હતો એ વાતની તેણે ભાવ-પૂર્વક યાદી આપી અને જાણે મને પૂર્વપરિચિત હોય તેવી સરળતાથી બધા વર્ગો બતાવવા આવ્યા મિ. હૅવેલના સમયથી કલકત્તા કલા-શાળામા હિંદી કળા ઉપર ખાસ ધ્યાન અપાય છે અને શ્રી અવની બાબુ તથા શ્રી નંદબાબુના પીઢ શિષ્યો અહીં શિક્ષકો તરીકે કામ કરે છે ઉપરાત, હિંદી કળાના સરસમા સરસ અસલ નમૂના જોવાની તથા તેનો અભ્યાસ કરવાની અહીં પૂરી સગવડ છે. શ્રી હૅવેલે મહા પ્રયત્ને એકઠી કરેલી હિંદી તસ્વીરો યુગયુગના વિભાગ પ્રમાણે ચિત્ર-શાળાની લગોલગ એક મોટા ચિત્રાલયમા ગોઠવેલી છે એ સિવાય શિલ્પકળામાં યૂરોપી પ્રકારો કરતા હિંદી પ્રકારો ત્યા વધુ ખીલતા જણાયા. તેમા પણ હિંદમાં સર્વોત્તમ ગણાતુ કલકત્તાનું મ્યૂઝિયમ કળાશાળાની જોડાજોડ આવી રહેલુ છે તે મોટો લાભ છે કલકત્તામાં ચિત્રોના બ્લૉક બનાવવાનુ અને લીથો છાપકામ ઘણુ થાય છે તેથી તેની માગને પહોંચી વળવા કૉમર્શિયલ આર્ટનો ક્લાસ પણ અહીં છે. તેપણ ખૂબ ધીકતો ચાલતો જણાયો તેમજ વિદ્યાર્થીઓની ભરતી પણ ઠીક જણાઈ એ કળાના યૂરોપી પ્રકારો શીખવવાને યૂરોપ જઇ આવેલા હિંદી નિષ્ણાતો સ્ટાફમા છે. દૃશ્યચિત્રોનો અભ્યાસ કરવા માટે શાળાની હદમા જ એક મોટો સુંદર બાગ છે અને તેમા નાનું સરોવર છે આમ કળાનુ વાતાવરણ એ શાળામા સરસ લાગ્યુ. પ્રમાણમા મકાન નાનુ લાગ્યુ સત્રાન્ત દિવસો હતા એટલે વિદ્યા-ર્થીઓ જતા રહ્યા હતા, પરતુ ભીંત પરના નમૂના અને પરીક્ષાનાં પત્રો જોઈ મને લાગ્યું કે થોડા વર્ષોમા ઘણી તાલીમ આપવાનો ત્યાં પ્રયાસ છે. દરેક ક્લાસમા ભીંતો ચાક્ના કામને માટે ઘૂંટેલી હતી, એટલે દરેક અભ્યાસચિત્રને ભીંત પર છૂટે હાથે દોરવાની શક્તિ ત્યા વિશેષ કેળવાય છે એમ મને લાગ્યું. રગની જમાવટ, રેખાઓની શુદ્ધિ અને ચાલુ લોકજીવનનાં ચિત્રો એ આ શાળાનાં આગળપડતાં લક્ષણો દેખાયા. શિક્ષકોએ મારી પ્રતિ બહુ સદ્ભાવ બતાવ્યો. રમેન બાબુ તેમજ મણીબાબુએ પોતાને ઘેર આવવા નિમંત્રણો આપ્યાં. અને શ્રી મુકુલબાબુની તો વાત જ શી ? એ તો લાગી જ પડ્યા કે



શ્રીમાન અર્ધેન્દ્રકુમાર ગાંગુલીને ઘેર તેમની સાથે કલાચર્ચા

બીજી વખત મારે નિરાંતે તેમની જોડે બેસી ચાપાન અને વાર્તાલાપનો વખત આપવો તે સાથે તેમણે યાદ આપ્યું કે મારે શ્રી અવનીબાબુને પહેલી તકે મળવું જોઈએ. આ વાત મારા મનમાં તો કલકત્તે જવાનો ઇરાદો કર્યો ત્યારની જ હતી અને મેં તેમને મળવા માટે પત્ર લખી સમય પણ માગ્યો હતો, છતાં તેમની એ વૃદ્ધ ગુરુજન પ્રત્યેની ભક્તિ જોઈ હું બહુ આનંદ પામ્યો શ્રી અવનીબાબુએ થોડા જ વખત પર ૭૫ વર્ષ પૂરાં કર્યાં તેનો તેમણે શાળામાં ઉત્સવ કર્યો હતો અને અભિનંદનો પાઠવ્યાં હતાં

શ્રી અર્ધેન્દ્રકુમાર ગાંગુલી

માત્ર કલકત્તાના જ નહિ પણ સમસ્ત હિંદના અને એશિયાના અગ્રગણ્ય કલાકોવિદ તરીકે સ્વીકારાએલા આ વિદ્વાનનું નામ ‘કુમાર’ના વાચનારાઓને સુપરિચિત હશે હિંદી કલાનું સૂક્ષ્મ તત્ત્વાનુશોધન અને પરિચય આપનાર ‘રૂપમ્’ ત્રૈમાસિક તેમણે ઘણાં વર્ષો સુધી ચલાવ્યું એ અત્યંત પ્રકાશન બંધ થયા પછી તેનું પૂર્ણપણે સ્થાન લેનાર કોઈ સામયિક સર્જાયું જ નથી શ્રી ગાંગુલી મહાશય કલાના પરિચય માટે અતિ ઉત્કૃષ્ટ નમૂના જ શોધી લાવતા અને તેનું સર્વાંગ સ્પષ્ટ મુદ્રણ–પ્રકાશન થાય તેની અતીવ કાળજી રાખતા એકાદ છાયા છાપમાં ચોરાય એ એમને મન અસહ્ય અને અક્ષમ્ય દોષ બને છે બીનના કે સારંગીના નીચેના તારોમાં પણ જરા મેળ ખૂટે કે તૂટે ત્યારે ઉસ્તાદનું મન જેટલું આકુળ થઈ જાય એટલો જ વિક્ષોભ અને પ્રકોપ તેમને ચિત્રમાં રંગ કે માંડણીનો દોષ દેખાય ત્યારે થઈ જતો મેં જોયો છે ચલાવી લેવાની તો તેમની પાસે વાત જ નથી કળાનો સર્વોત્તમ નમૂનો પ્રજા આગળ મૂકવો અને તેનો સાચો રસ લેતાં કે અનુભવતાં શીખવવું એ જ કલાકોવિદોનું કર્તવ્ય છે

આવા પુરુષને મળવું, એમનો વાર્તાલાપ ઝીલવો, એ કલાકારના જીવનનો ધન્ય અનુભવ બને છે પોતે ધંધે સૉલિસિટર છે, પણ કળા અને કળાને લગતી પ્રવૃત્તિમાં એમની આખી જીવનપ્રવૃત્તિ ઓતપ્રોત છે એ ઈ. સ. ૧૯૨૭માં અમદાવાદ આવ્યા ત્યારે કઈ સંસ્થા એમનું સન્માન કરી શકે એ પ્રશ્ન થયો, એટલે ડૉ. હરિપ્રસાદ તથા સ્વ. હીરાલાલ પારેખ વગેરે મિત્રોની મદદથી ભારત કળા મંડળની સ્થાપના કરી તેના આશ્રયે તેમનું વ્યાખ્યાન સમાજ સુધારા હૉલમાં યોજ્યું અને અમદાવાદને કળા ઉપર એવી વ્યક્તિનું અપૂર્વ વિવેચન પહેલી જ વાર સાંભળવા મળ્યું એ દિવસની સ્મૃતિઓ તેમણે પણ સંઘરી રાખી હતી અને આજ સુધી વખતોવખત પત્રવ્યવહારથી સચેત રાખી હતી

આશુતોષ મુકરજી રોડ ઉપરના તેમના મકાનમાં, ઉપરની પરસાળમાં જ તે પોતાની બેઠક રાખે છે મહેમાનો માટે એક ત્રણ-એક ગોળ ટેબલ અને ત્રણચાર ખુરશીઓ હોય છે, પણ પોતે તો મોટી સેતરંજી પર તકિયો રાખી આસન જમાવે છે આસપાસ પુસ્તકો અને લેખોના બાકસો પડ્યા હતા અને તે દરેક પર ચોડેલાં તે તે વિભાગના લેબલોથી તેમણે કેટલાં પુસ્તકોની તૈયારી કરવા માંડી છે તેનો ખ્યાલ આપતાં હતાં આસપાસ ભીંત ઉપર કોઈ ખાસ યોજના વગર પણ કૃતિઓનો જ આસ્વાદ લેવા માટે ટાંગેલાં નેપાળી, રાજસ્થાની કે મુઘલ સમયનાં થોડાંમોટાં ચિત્રો નજરે પડતાં હતાં દાદરપાસેની એક મોટી બારીમાં Stained-glass windowsની ઢબે રંગીન કાચોના ખડોથી જ હિંદી ઢબે કરાવેલું એક સરસ્વતીનું મોટું ચિત્ર શોભી રહ્યું હતું

શ્રી ગાંગુલીબાબુને મળ્યાને વર્ષોનો ગાળો પડ્યો હતો, પણ પત્રવ્યવહારથી તેમનો નાતો અખંડ હતો. હું ઈ. ૧૯૩૫માં જાપાન જઈ આવ્યો ત્યારે તેમણે વર્તમાનપત્રોમાંથી એ ખબર વાંચીને જે ઉદ્બોધક અભિનંદનપત્ર લખ્યો હતો તે ‘કુમાર’ના વાચકોને યાદ હશે. એટલે એમને તો મારા કલકત્તામાં આવ્યાના ખબર આપતો પત્ર પોસ્ટમાં મળ્યો પણ નહોતો, છતાં મારું કાર્ડ જોતાં જ બહાર આવ્યા અને ‘અરે! કેટલાં વર્ષો બાદ મળીએ છીએ” કહી બેસવા કહ્યું ગાંગુલી મહાશય આટલા અગ્રગણ્ય વિદ્વાન અને સંચાલક છતાં ખરેખરા બ્રાહ્મણની માફક પોતાનાં નિત્યકર્મો અને ઉપાસના સાચવે છે સંસ્કૃતના પૂર્ણ અભ્યાસી છતાં યુરોપના અદ્યતન કલાપ્રવાહોને પણ પૂર્ણપણે સમજે છે. આથી જ તે ભારતીય કળાનું ઉત્તમ નિરૂપણ અને સન્માન કરવામાં સફળતા પામે છે, એમ પણ કહી શકાય

પહેલી જ વાત એમણે એ કહી કે ‘હું હવે કળાનાં પ્રવચનો અને લેખમાળાથી થાક્યો છું જે વિષય રસાનુભવનો છે અને જેનું મુખ્ય સાધન રસેન્દ્રિય છે તેની પૂર્ણ તૈયારી કે તાલીમ વિના તેની ચર્ચાઓ નકામી છે, એટલે મેં તો બાળપણની સૃષ્ટિમાં જ કળાનાં બીજારોપણ અને પરિચય થઈ જવાં જોઈએ એ સિદ્ધાંતને પાયારૂપે માન્યો છે. લેખો ને પુસ્તકો ભલે વિદ્વાનો તથા ભાષાવિશારદો કે ઇતિહાસવેત્તાઓને કામનાં બને, પણ કલાની દૃષ્ટિ પ્રાપ્ત કરવાને તો કલાકૃતિઓનો સાક્ષાત પરિચય જરૂરી છે, અને સાદી કલાપ્રવૃત્તિઓ કર્યા વિના કલાભિરુચિ વિકસતી નથી. આપણી આજની શાળાઓ તથા કૉલેજોએ તો એ વિષયને હદપાર કરી અસ્પૃશ્ય બનાવ્યો છે કાન અને આંખની ઇન્દ્રિયોના સૂક્ષ્મ વ્યાપાર અને પ્રક્રિયાઓનો કોઈ અભ્યાસ જ કરતું નથી, તેમ બાળકના જીવનની સંગ્રાહક ચિત્તાવસ્થા (Impressionable age)માં રૂપ, રંગ કે રાગનો સમૂળગો અભાવ રાખી આપણે એક નીરસ, જડ અને નિષ્ક્રિય પ્રજાસમુદાય ઊભો કર્યો છે. સ્વયંભૂ ઊર્મિ, પ્રેરણા કે સર્જનની તો આજના વિદ્યાર્થીઓમાં હિંમત કે કદર જ નથી. આ અનિષ્ટનો સામનો કરવા મેં કલકત્તામાં ઝુંબેશ ઉપાડી છે અને આજે ૬૦ વર્ષે હું ફરીવાર બાળજગતમાં ચિત્રો દ્વારા સૌંદર્યસ્વપ્નો ઉતારવા મથી રહ્યો છું દર અઠવાડિયે હું પ્રાથમિક શાળાના કેટલાક ઉમંગી શિક્ષકો તથા કલાકારો સાથે મારાં ચૂંટેલાં ચિત્રો લઈ બાળકો પાસે તે ક્રમ રજૂ કરવાનાં તેનાં પ્રવચન અને ચર્ચા કરું છું. તે પછી તેઓએ હવે દરેક શાળામાં અઠવાડિયામાં એક કે બે પીરિયડ ચિત્રપરિચય અથવા ચિત્રરસાસ્વાદ માટે ફિક્સ્ડ-પીરિયડ તરીકે રાખ્યા છે. એ પ્રવૃત્તિની નોંધો રખાય છે અને થોડા સમય પછી પરિણામો પર વિચાર કરી તેનો વિસ્તાર કે વિકાસ કરીશું હું પ્રોફેસરો અને મુત્સદીઓથી થાકી ગયો છું તેમના રીઢા આત્માઓ ઉપર પડેલો બાઝી ગયા છે. ઊર્મિ અને રસાનંદ માટે

મુંબાઈ ઈલાકાની પહેલી કલા-પરિષદ

ગયા જાન્યુઆરી માસની તા. ૨૪–૨૫ના દિવસોમા સમસ્ત મુંબાઇ ઈલાકાની કલા-પરિષદ મુંબાઈમા મળી હતી. ગુજરાતના કલાપ્રેમીઓની અમી નજર તો મારા ઉપર હતી જ; પણ ઈલાકાના અન્ય મહારાષ્ટ્રીય અને પારસી કલાકારોના સદ્ભાવે મને આવી પ્રથમ પરિષદના પ્રમુખ તરીકે આમંત્રીને મને ઋણી બનાવ્યો છે આ માન ગુજરાતને મળ્યું માની એ સર્વેનો હું જાહેરરીતે આભાર માનું છું. ર. મ. રા.

તેમનો અભ્યાસ, વય અને અભિમાન આવરણો બન્યા છે.'

આમ પોતાના બધા ભાવો અને બળતરાનો ધોધ એમણે તો ચલાવ્યો. એમા જ કલાક–દોઢ કલાક વીતી ગયો તેમને કોર્ટનો સમય થયો એટલે મેં જ કહ્યુ કે 'આપની સાથે દિવસો સુધી સમાગમ અને વાર્તાલાપ કરતા યે પાર નહિ આવે મને આપની થોડી રીતોની સમજ પાડો હું આપના કાર્યને યથાશક્તિ સહાયભૂત બનવા ઇંતેજાર છું'

'જરૂર, જરૂર. તમારા જેવાને જોઇને જ હું ઉત્સાહી બનુ છુ. તમારા પ્રાંતમા તમે કેવી પ્રવૃત્તિઓ કરો છો તેની હુ વાકેફગારી રાખું છુ પણ તમે એક વર્ષથી મને કેમ કંઈ લખ્યુ નથી? ખેર, હજુ બીજી વાર આપણે મળીએ તમે અહીં જ્યાંજ્યા જરૂર પડે ત્યાંત્યા કળા-પ્રદેશમા મારી સહાય લઇ શકો છો. અહીંની બધી સંસ્થાઓ જોજો. નવાં નાટકો પણ જોજો.'

બીજી મુલાકાત થઈ ત્યારે તેઓ પ્રેમ અને ઇંતેજારીથી મારી રાહ જોતા બેઠા હતા. મારા માટે કંઇક બંગાળી વાની કરાવી હતી ને પોતે મૂનનાં રેશમી વસ્ત્રોમાં જ વાત કરતા બેઠા ગુજરાતની જૂની કળાના નમૂના મેં બતાવ્યા તેમની પાસે પણ સુંદર કીમતી નમૂના હતા એમણે એક વાત કહી કે પશ્ચિમના નમૂનાઓનો આપણા પર ઓછાયો પડ્યો ત્યારથી જ આ ચિત્રો અને આ રંગની કદર કરતા આપણે મટી ગયા છીએ. આ ચિત્રો અને રંગોનો ઉન્માદ ગ્રામવાસીઓ ખરેખરો અનુભવી શકે છે અને બાળકોના ચિત્તમા પણ તેનો ધ્વનિ થવાનો. હિંદી રાગોની સુરાવટ કે હલક જેવાં રંગલેપનો, હિંદી સંગીત અને નૃત્યના પરિચય તેમજ સુક્ષ્મ તત્ત્વશોધન વિના સમજવા મુશ્કેલ છે. છાપેલા ચિત્રોમાં આ મૂળ રંગોની સુરખી ઊઠતી નથી, એટલે તેની અસર પેદા થતી નથી. જેમ વાજિંત્રોમાંથી નિષાદ ન બોલે તો સૂરના શા હાલ થાય?'

આવા જ ભાવોથી પ્રેરાઈ ગાંગુલી બાબુએ રાગચિત્રો પર એક મોટો સંગ્રહ બહાર પાડ્યો છે. એ તેમણે મને બતાવ્યો અને પોતાના કથનની ખાત્રી કરી બતાવી એ મહાસંપુટમા સાતસો રંગીન તેમજ ફોટો ચિત્રોનો મોટો સંગ્રહ છે તેમા અસલ હિંદી રાગ તથા તેનુ સ્વરૂપવર્ણન કરતા મૂળ સંસ્કૃત શ્લોકો અને તેનો અંગ્રેજી અનુવાદ આપ્યા છે. આ અનુપમ ગ્રંથની કીમત લગભગ ૬૮૦ રૂપિયા છે; છતાયે આજે તો એ કીમતે પણ તે અપ્રાપ્ય છે. એ ગ્રંથ હિંદના આધુનિક સમુદ્ધારક સ્વ. પંડિત ભાતખંડેને અર્પણ કરવામા આવ્યો છે. એવો જ એક બીજો ચિત્રસમુદાય ગાંગુલીબાબુએ 'રાજપુત ચિત્રમાળા' કરીને બહાર પાડ્યો છે તેમાં લગભગ ૧૦૦ જેટલા વીણેલા ચિત્રો મહા ચીવટથી રંગની ચોકસાઈ જાળવી છપાવેલા તથા મોટા કીમતી કાગળો પર ચટાવેલા સઘળા છે. હિંદના બેજની ગ્રંથાલયોમાં પણ આ સંગ્રહ ભાગ્યે જ હશે. 'આવા મોંઘા પ્રકાશનો અભ્યાસી અને રસિક વિદ્યાર્થીને અલભ્ય બને તો તેનો અર્થ શો' એમ મેં પૂછ્યુ, ત્યારે તેમણે કહ્યુ કે 'એકવાર ખરૂ ધોરણ જાળવનારા નમૂના બહાર પડવા દો, પછી તેની સસ્તાઈની યોજના આપોઆપ જાગશે અત્યારે તો સુરસ ને પ્રમાણભૂત પ્રકાશન મોંઘાંજ રહેવાના. યૂરોપમા હવે શાળાઓ અને અંગત સંગ્રહ માટે પ્રશંસનીય કલાસંપત્તિના સરસ સેટ કેટલા સસ્તા મળે છે?'

ત્યાર પછી તેમણે શાળાઓમા ચિત્રપ્રચાર માટે એકઠા કરેલા ૧૨૦૦ જેટલા ચિત્રકાર્ડો એક પેટીમા ભરેલાં હતા તે મેં જોયાં. તેમા તેમણે યૂરોપ, હિંદ, ઇરાન કે ચીન–જાપાનનો ખાસ ભેદ કરેલો ન હતો, પણ રસદૃષ્ટિએ જે ખરેખરી કલાકૃતિ લાગી તે જ વીણીને જુદીજુદી સેટ બનાવી હતી. આ સેટ ક્રમાનુસાર એક એક વર્ગમા બાળકોના હાથમા ચિંતન અને અવલોકન માટે મૂકવામા આવે છે અને તેમના મન પર તેનાથી ઉપજતા વિચારો અને ઊર્મિઓ વાતોથી જાણી લેવા વર્ગશિક્ષક પ્રયત્ન કરે છે આ વાર્તાલાપની કૂંચીઓ પર શ્રી ગાંગુલીબાબુની ખાસ નોંધ ગોઠેલી હોય છે વખતના અભાવે મારાથી એ વિષયમા ઊંડા ન જવાયુ, પણ એ કાર્યનો ચેપ આખા દેશને લાગે એવી ઇચ્છા સાથે મેં મારો વખત સમેટ્યો બહુ જ પ્રેમ અને સદ્ભાવ પૂર્વક તેમનાથી હુ છૂટો પડ્યો. તેમણે ગુજરાતમા આવવાની પ્રબળ આકાંક્ષા રાખી છે ૬૦ વર્ષે પણ તેમનો કળાપ્રચારનો અદમ્ય ઉત્સાહ તેમની અપૂર્વ વિભૂતિ સમો શોભતો હતો. કલકત્તાના તેમના ચિત્રો અને સંઘોમા મારા માટે ખબર અને સગવડ આપવાનું તેમણે સ્વીકાર્યું અને હુ છૂટો પડ્યો

દરમિયાન કલકત્તાની ગુજરાતી પ્રજાની એકતા અને સંસ્કારિતાના માનદંડ સમા મારા જૂના સ્નેહી શ્રી ગગનવિહારી મહેતાએ ત્યાના એકેએક પત્રોમા મારી શાંતિનિકેતનની તેમજ કલકત્તાની મુલાકાત તેમજ શ્રી ગાંગુલીબાબુના સમાગમના તથા પ્રવાસના મારા આશય વિષેના ખબરો પ્રકટ કરી દીધા હતા એમના અતિ વ્યવસાયને અંગે અમે હજુ તો ભેગા પણ થયા નહોતા, છતા આ સૌજન્યકાર્યની એમને પ્રેરણા થઈ એ તેમનામા રહેલી ગુજરાતની અસ્મિતાને જ આભારી છે એમ હુ માન્યા વિના રહી ન શકુ

(ચાલુ) ર. મ. રા.

ગૂજરાત સાહિત્ય સભા (અમદાવાદ) તરફની ૧૯૪૨ના વર્ષની વાઙ્મય-સમીક્ષા

સભા તરફથી વર્ષોવર્ષ કરાવાની સમીક્ષાનું કામ આ વર્ષે નીચેના ત્રણ વિભાગવાર ત્રણ સમીક્ષકોને સોંપવામાં આવ્યુ છે:

વિભાગ ૧ કવિતા, નાટક, નવલ-નવલિકા આદિ લલિત વાઙ્મય—સમીક્ષક: પ્રો. મનસુખલાલ મ. ઝવેરી, જાની બિલ્ડિંગ, રાજકોટ

વિભાગ ૨ નિબંધ, વિવેચન, જીવનચરિત્ર, ધર્મ-તત્ત્વજ્ઞાન, ઇતિહાસ-પુરાતત્ત્વ, ભાષાશાસ્ત્ર, કેળવણી, બાળસાહિત્ય, પ્રવાસ આદિ લલિતેતર વાઙ્મય—સમીક્ષક: પ્રો. સુંદરજી ગો. બેટાઈ, મૂળજી મિસ્ત્રીનો નવો બંગલો, દાદાભાઈ રોડ, વીલેપારલે (પશ્ચિમ)

વિભાગ ૩ ભૌતિક વિજ્ઞાન, જંતુવિજ્ઞાન, પ્રાણીવિજ્ઞાન, શરીરવિજ્ઞાન, રસાયણશાસ્ત્ર આદિ વૈજ્ઞાનિક સાહિત્ય—સમીક્ષક: પ્રો. યશવંત ગુ. નાયક, ૪૫, પ્રીતમનગર, એલિસબ્રિજ, અમદાવાદ

સર્વે લેખકો તથા પ્રકાશકોને પોતાના પ્રકાશનો ઉપર જણાવેલાં સરનામા પ્રમાણે તે તે વિભાગના સમીક્ષકોને મોકલી આપવા વિનંતિ છે

દેશમાં પરદેશી સત્તાની સ્થાપના પછી મૃતવત્ થએલા રાષ્ટ્રજીવનના એકેએક અંગમાં પોતાની વિશાળ બુદ્ધિમત્તા અને કમરતોડ મહેનત વડે સૌપ્રથમ ચેતનાસંચાર કરી રાષ્ટ્રપ્રાણ જગાડનાર

ઓગણીસમી સદીના પહેલાં પચાસ વર્ષોમાં પૂના શહેર જાણે પ્રેતવત્ થઇ ગયું હતું ટોપીવાળાઓનું રાજ્ય ગાઢ થઇ ગયું હતું. તેઓની સુનિયંત્રિત રાજપ્રણાલિ, કાયદાનો અમલ, જમીનની મોજણી, રેલ, તાર, ટપાલ, નિશાળો આદિ એમની રાજ્યવ્યવસ્થાનો નવો ગાળો લેઇ લોકો અનાઈ ગયા હતા. એમાં વળી મસ્તાવનના બળવામાં સરકાર જીતી ગઇ એટલે તો એની છાપ વધારે ઘેરી પડી. આ દશા પૂનાની તે જ આખા મહારાષ્ટ્રની હતી. આમાં શું કરવું ને કોઇને સૂઝતુ ન હતુ વર્તમાન પરિસ્થિતિ સારી હતી કે બુરી તેનું કોઇને ભાન ન હતુ પેશવાઇમાં જે ગુણોની પૂજા થતી એ ગુણોની હવે કાંઈ કીમત જ રહી ન હતી અને કેટલાક સારા ગુણોનો લોપ થઈ ગયો હોવાથી લોકોમાં એક જાતની શિથિલતા અથવા ચેતનહીનતા પેસી જવા પામી હતી. દેશ એ વખતે ઠંડા હિમ પડી ગયો હતો એમ કહીએ તો ચાલે. આવા ઠંડા દેશને કઇ રીતે હૂંફ આપવાથી એ ફરીથી સજીવન થશે અને હાથપગ હલાવવા માંડશે એ બાબત પર રાત ને દિવસ ચિંતન કરી અનેક દિશાઓમાંથી, અનેક રીતે, અનેક ઉપાયોથી એને પુનર્જીવન આપવાનું કપરું કામ પોતાને માથે લઇ સૌ પહેલાં કમરતોડ મહેનત જો કોઇએ કરી હોય તો તે માધવરાવે (મહર્ષિ રાનડેએ); અને અમારા મત પ્રમાણે એ જ એમની અસામાન્ય મહત્તાનું મુખ્ય લક્ષણ છે. સરકારી નોકરી કરવી અને સાથેસાથે દેશના કર્તવ્ય માટે શા શા પગલાં લેવાં જોઇએ તે નક્કી કરી ને મુજબ રાતદિન પરિશ્રમ કર્યા કરવો એ સામાન્ય માણસનું કામ નથી જ મહારાષ્ટ્રમાં જે વીર્યમત્તા, નિર્ભયતા અથવા જે જુસ્સો આજે (વીસમી સદીની શરૂઆતમાં) જણાય છે એ બધુ રાનડેના પચીસ વર્ષોના કાર્યનું ફળ છે

('કેસરી' ૨૨મી જાન્યુઆરી ૧૯૦૧)

—લોકમાન્ય બાળ ગંગાધર ટિળક

આજથી બરાબર એક સૈકા ઉપર, ઈ ૧૮૪૨ના જાન્યુઆરીની ૧૮મી તારીખે, મહર્ષિ મહાદેવ ગોવિંદ રાનડેનો જન્મ થયો આધુનિક ભારતનું પુનર્જીવન કરનાર જે વિભૂતિઓ છેલ્લા સૈકામાં વર્ષમાં પ્રગટી ને મર્યા, પોતાના વિશુદ્ધ ન્યાયનિષ્ઠ ચરિત્ર, સર્વક્ષેત્રસ્પર્શી વિશાળ પ્રતિભા અને જીવન તથા કાર્યમાં અભય બની રહેનાર ઉચ્ચ ધ્યેય આચરી જનાર એ વિભૂતિને લોકોએ 'મહર્ષિ'નું બિરુદ આપ્યું છે ગયા માસ(જાન્યુઆરી ૧૯૪૨)ની ૧૮મી તારીખે એમના જન્મને સો વર્ષ પૂરા થયા એ પ્રસંગે મુંબાઇમાં શહેરની અઠ્ઠાવીસ સંસ્થાઓના ઉપક્રમથી ઉજવાએલા જન્મશતાબ્દીના ભવ્ય મેળાવડાના પ્રમુખસ્થાનેથી નામદાર શ્રીનિવાસ શાસ્ત્રીએ અંજલિ આપતાં એમને મહારાષ્ટ્રના સંત પુરુષોની હારમાં મૂક્યા હતા, જેમનું જીવન ભવિષ્યમાં દીર્ઘકાળ પર્યંત પોતાનું સ્વચ્છ શાન્ત તેજ લોકો આગળ રેલાવ્યા કરશે

આજની ઊગતી પ્રજાને એ મહર્ષિના નામ ને કામનો પૂરો પરિચય નથી એમ કહીએ તો ચાલે, અને જેમને જે કાંઈ થોડો છે તેઓ આજના બદલાએલા જમાનાના દૃષ્ટિબિંદુથી કદાચ એમનું સાચું મૂલ્યાંકન નહિ કરી શકે પણ આ લેખના મથાળે મૂકેલા લોકમાન્ય ટિળકના વચનોમાં બતાવ્યા મુજબ સમસ્ત પ્રજા જ્યારે પ્રેતવત્ નિશ્ચેત થઇને પડી હતી એવા વખતે રાનડેએ, પોતે સરકારી નોકર હોવા છતાં રાજકારણ, સમાજસુધારો, સાહિત્ય, કેળવણી, ધર્મ, ન્યાય, ઇતિહાસ, ઉદ્યોગ અર્થશાસ્ત્ર —એવા એકેએક ક્ષેત્રમાં એકધારું કામ કરી હૂંફ આપીને તેમાં એવો ચેતનાસંચાર કર્યો કે તેને લીધે 'મહારાષ્ટ્રીય સાર્વજનિક જીવનના પ્રણેતા' તરીકે તે ઓળખાયા

મહારાષ્ટ્રમાં પાછળથી જે કામ ટિળક, ગોખલે, આગરકર, ભાંડારકર, રાજવાડે આદિ અનેક લોકોએ જીવનની બહુવિધ દિશાઓમાં કર્યું એનું બીજ રાનડેએ વાવ્યું હતું લોકજીવનના આવા વિશાળ કાર્યપટ ઉપર કરેલી આટલી વ્યાપક ને અવિરત કામગીરીની સાથોસાથ એમનું જીવન એટલું તો નિષ્કલંક, નીતિયુક્ત, ધ્યેયનિષ્ઠ અને ઉન્નત હતું કે એમના વિરોધીઓનો પણ એમના પ્રતિ પૂજ્યભાવ હતો પાછળના દિવસોમાં એ જ્યારે માંદા પડ્યા ત્યારે એ વિરોધીઓએ પણ મંદિરમાં એમના સાજા થવા માટે પુરશ્ચરણ કરેલાં!

એમના જીવનકાર્યના જે સાક્ષી છે તે કહે છે-અને એમના લેખો સાખ પૂરે છે-કે એમની સર્વદેશીય બુદ્ધિશક્તિ, જેને Collosal Brain કહી શકીએ એની વિશાળ ને વ્યાપક હતી. અને પ્રચંડ કાયામાં મોટું મોઢું એમનું માથું એની સ્થૂળ સાક્ષી પણ પૂરતું

રાનડેનું આખું જીવન સરકારી નોકરીમાં વ્યતીત થયું હતું, એટલે સાધારણતઃ હોય છે તેમ એમનું જીવન પણ સીધું, સરળ અને કાંઈ પણ મહત્ત્વના બનાવો વિનાનું હતું ૧૮૪૨ના જાન્યુઆરીની ૧૮મી તારીખે નાસિક જિલ્લામાં આવેલા નિફાડ ગામમાં માધવરાવ (મહાદેવ)નો જન્મ થયો. એ વેળા એમના પિતા ગોવિંદરાવ અહમદનગરના ડેપ્યુટી કલેક્ટરની કચેરીમાં ૩૫ રૂપિયાના પગારના કારકૂન હતા જોકે એમના દાદા અમૃતરાવ મામલતદારના હોદ્દા સુધી પહોંચેલા, અને પ્રપિતામહ ભાસ્કર આપ્પા તો એક બહાદુર લશ્કરી અને મુત્સદ્દી હતા તથા પાછળથી અંગ્રેજના દરબારમાં સાંગલી રાજ્યના એલચી બન્યા હતા

માધવની ત્રણ વરસની વયે માતા એમને લઇને કોલ્હાપુર જતી હતી તે વેળા રાત્રે રસ્તામાં નાનો માધવ ગાડામાં સૂતેલી માતાના પડખામાંથી નીચે સરી પડ્યો, અને પાછળ થોડે દૂર ઘોડે ચડીને આવતા કાકાએ તેનો અવાજ સાંભળી તેને ઊંચકી લીધો પાછળથી મહાન થવા સર્જાએલા માધવરાવના જીવનને દૈવે જ જાણે બચાવી લીધું

૧૮૪૮થી ૫૬ સુધી માધવરાવે કોલ્હાપુરમાં નવી જ સ્થપાએલી મરાઠી શાળા અને અંગ્રેજી હાઈસ્કૂલના શિક્ષણનો લાભ લીધો એ સમય દરમ્યાન નાના માધવમાં બુદ્ધિની તેજસ્વિતા ખાસ જણાઈ ન હતી ઊલટું બાળપણમાં તે અતિ મંદ અને જડભરત જેવે લાગતો અને જીભે તોતડો પણ હતો પણ ૧૮૫૬માં કોલ્હાપુરનું શિક્ષણ પૂરું થતાં એ ત્યાંથી મુંબાઈ આવી એલ્ફિન્સ્ટન ઇન્સ્ટીટ્યૂશનમાં દાખલ થયા અને ત્યાંથી એકાંતિકપણે બધુ ધ્યાન અભ્યાસમાં જ ગાળવાની તક મળી ત્યારથી એની બુદ્ધિ ચમકવા લાગી, અને મુંબાઇ યુનિવર્સિટીની સ્થાપના (૧૮૫૭માં) થયા પછી બે વર્ષે લેવાએલી તેની પહેલી જ મૅટ્રિક્યુલેશન પરીક્ષામાં ૧૮૫૯માં એ બહુ સારી રીતે પાસ થયા. એ દરમ્યાન એમણે અનુક્રમે રૂા ૧૦, ૧૫ ને ૨૦ની સ્કોલરશિપો મેળવેલી, અને તે પછી માસિક ૬૦ રૂપિયાની જ્યુનિયર ફેલોશિપ તેમજ ત્યાર બાદ રૂા ૧૨૫ની સીનિયર ફેલોશિપ મેળવેલી ૧૮૬૨માં એ ઊંચે નંબરે બી એ. થયા અને ૧૮૬૩માં સુવર્ણપદક સાથે એમ.એ.ની પરીક્ષા પસાર કરી આ દરમ્યાન અભ્યાસને લગતું બીજું વાચન પણ ચાલુ જ હતું બી એ ઑનર્સની પરીક્ષા માટે એમણે રોજ લગભગ ચૌદ કલાક વાંચેલું અને એ વાચનની કુલ સંખ્યા ૨૫૦૦૦ પાનાની પોતે જ

ભારતની રાષ્ટ્રીય અસ્મિતાના પહેલા જ્યોતિર્ધર

મહર્ષિ મહાદેવ ગોવિંદ રાનડે



એક સ્થળે નોંધી છે. એ બધાને લીધે આંખ ઉપર એટલો શ્રમ પડયાં કે આંખો બગડી, જેની પીડા તથા અડચણ એમને જીવનભર રહી. એક આંખ તો વચ્ચેથી તદ્દન જ કામ કરતી અટકી ગઇ અને છેલ્લા દિવસોમા તો એમણે લગભગ દૃષ્ટિ ગુમાવી હતી.

૧૮૬૨થી ૬૬ સુધી મુંબાઈમાથી નીકળતા 'ઈન્દુપ્રકાશ' પત્રના અંગ્રેજી વિભાગના તંત્રી તરીકેનું કામ કરતા કરતા એમણે કાયદાનો અભ્યાસ કર્યો અને ૧૮૬૬માં ઑનર્સ સાથે એલએલ.બી પસાર કરી

બે વરસ નાનીનાની નોકરીઓ કરી ૧૮૬૮માં તે મુંબાઇની એલ્ફિન્સ્ટન કૉલેજમા ૪૦૦ના દરમાયાથી અંગ્રેજી ભાષાના આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે આવ્યા. અધ્યાપકની જગ્યા એ જમાનામા અંગ્રેજ સિવાય કોઇને અપાતી નહિ. પણ વિશાળ વાચન અને તેજસ્વી મેધાને લીધે રાનડેની પ્રવીણતા એમના કાર્યમાં એટલી બધી હતી કે કૉલેજના ખુદ પ્રિન્સિપાલ તથા બીજા અંગ્રેજ અધ્યાપકો પણ એમનાં અંગ્રેજી ભાષણો સાભળવા એમના વર્ગમાં આવી બેસતા. એ દરમ્યાન જ એમણે કાયદાનો વિશેષ અભ્યાસ કરી ૧૮૭૧મા ઍડવોકેટની પરીક્ષા પહેલે નબરે પસાર કરી; અને આમ, મુબાઇ યુનિવર્સિટીની આર્ટ્સ તથા કાયદાની બધી જ પરીક્ષાઓ આપી દરેને એ સઘળામા બહુમાન સાથે તેઓ પહેલા આવ્યા. યુનિવર્સિટીએ બહાર પાડેલા સૌપ્રથમ પદવીધરોમાના તેઓ એક હતા એટલું જ નહિ, પણ એ સૌમા તેઓ શ્રેષ્ઠ હતા તેથી તેમને 'પ્રિન્સ ઑવ ગ્રૅજ્યુએટ્સ'–પદવીધરોના શિરોમણિ એવું બિરુદ મળ્યુ

એજવર્ષમાં–૧૮૭૧મા તેઓ ન્યાયાધીશ નીમાયા અને ૧૮૯૩ ના નવેમ્બરની ૨૩મીએ મુબાઇના વડા ન્યાયમૂર્તિ–હાઇકોર્ટ જજ થયા ત્યાં સુધી એ ખાતામા ઉત્તરોત્તર એમની પ્રગતિ થતી રહી. એ દરમ્યાન બે વર્ષ તો એ મુબાઇના ગવર્નરના કાઉન્સિલર પણ થએલા.

૧૮૫૪માં કોલ્હાપુરમાં ભણતા હતા તે વખતે બાર વરસની નાની ઉંમરે જ એમનુ લગ્ન થએલું પણ ૧૮૭૬મા એ પત્ની ક્ષયથી ગુજરી ગયાં અને એમણે બીજી વાર રમાબાઇ રાનડે સાથે લગ્ન કર્યું, જેમણે એમના અવસાન બાદ લખેલા સહજીવનના સંસ્મરણો વાચવા જેવા છે.

૧૯૦૧ના જાન્યુઆરીની ૧૬મીએ એમનુ અવસાન થયુ

આ એમના જીવનની રૂપરેખા એમા રોમાંચક કે ચિત્તાકર્ષક તત્ત્વ બહુ ઓછુ છે. પણ એ જે કાર્ય કરી ગયા છે તે મહાન છે

એમનું પ્રત્યક્ષ કાર્યક્ષેત્ર મોટે ભાગે પૂના જ રહ્યુ હતુ; પૂનામાં જ એમણે કાર્યદિશાની શરૂઆત કરી અને એમના જીવનના સૌથી યશસ્વી કાર્યો પૂનામા જ થયા છે. પૂનાની ડેક્કન એજ્યુકેશન સોસાયટી, વસંત વ્યાખ્યાનમાળા, ઔદ્યોગિક પરિષદ, ઔદ્યોગિક પ્રદર્શન, ફીમેઇલ હાઇસ્કૂલ, નેટિવ જનરલ લાયબ્રેરી, પ્રાર્થનાસમાજ અને સાર્વજનિક સભા–એવી ઘણીઘણી સંસ્થાઓના પ્રત્યક્ષ તેમજ અપ્રત્યક્ષ સ્થાપક રાનડે જ હતા મરાઠી સાહિત્ય પરિષદની પણ મૂળ કલ્પના એમની જ. રાષ્ટ્રીય મહાસભા–કૉંગ્રેસની સ્થાપનામા પણ એમણે આગળ પડતો ભાગ લીધો હતો, અને કૉંગ્રેસની સાથોસાથ સમાજ સુધારા પરિષદ ભરવાની યોજના પણ એમણે જ કરેલી એમનું વિશાળ વાચન અને અદ્ભુત બુદ્ધિશક્તિ એવા વ્યાપક હતા કે બધાં ક્ષેત્રોને આવરી લેતા. 'પોતે જે કાંઇ વાચતા, જેનોજેનો અભ્યાસ કરતા કે જે કાંઇ કષ્ટપૂર્વક પ્રાપ્ત કરતા તે બધાનો દેશાના કલ્યાણમાં કઈ રીતે ઉપયોગ કરી શકાય એ જ ઉદ્દેશ રાતદિવસ તેમની નજર સામે રહેતો અને પરિણામે જીવનના એકેએક ક્ષેત્રનું ખેડાણ કરી એમાં એમણે ચેતનના બીજ વાવ્યા અને પોતાના જમાનાના તેમજ ત્યાર પછીના જમાનાના યુવકોની દૃષ્ટિનું ઘડતર કરનાર અને રાષ્ટ્રીય સ્વાતંત્ર્યના જ્યોતિર્ધર બન્યા.'

રાનડે સરકારી નોકર હતા, અને અંગ્રેજી રાજ્યના અવગુણો જાણતા છતા એની આ દેશપર થએલી હકુમતને તેઓ દૈવી સંકેત ગણતા તથા અંગ્રેજો માટે એમના મનમાં આદર પણ હતો, આ બધુ એમને સામાજિક કાર્ય તરફ વિશેષ ઘસડી ગયુ છતા રાજકારણમા એમણે સારો જેવો ભાગ લીધો છે. રાષ્ટ્રીય ભાવના અને દેશભક્તિ એમના હૃદયમા કેટલી ઘેરી જાગતી હતી એના પડઘા તો એમણે અર્થશાસ્ત્ર, ઇતિહાસ, સમાજસુધારો, કેળવણી, ખેતીવાડી વગેરે વિવિધ વિષયો પર આપેલી તલસ્પર્શી વિચારણાના શબ્દે શબ્દે આપણને સંભળાય છે. આપણે આગળ જોઈ ગયા તેમ કૉંગ્રેસના સંસ્થાપકોમાના તેઓ એક હતા, અને વર્ષોવર્ષ તેના અધિવેશનમા હાજર રહેતા. 'તેના એકેએક પ્રશ્નના નિરાકરણમા તેમની સલાહ અને દોરવણી પહેલી પૂછાતી. ગોખલે જેવા દેશનેતાના તો તેઓ ગુરુ હતા અને દેશભરમા ખ્યાત થએલી પૂનાની 'સાર્વજનિક સભા'ને સુવ્યવસ્થિત કરી તેને રાષ્ટ્રીય કાર્યમા અગ્રેસર સંસ્થા બનાવવામા રાનડેનો સૌથી મોટો હિસ્સો હતો પૂનાની એ સંસ્થા એ સમયે આખા દેશની સૌથી આગેવાન રાજકીય સંસ્થા ગણાતી અને સ્વ બાબુ સુરેન્દ્રનાથ બૅનરજીએ ૧૯૦૨ની અમદાવાદની કૉંગ્રેસ વખતે સ્વ. રાનડેને અંજલિ આપતા જણાવ્યુ હતુ કે "Time was, when Poona spoke and the rest of India listened. પૂનાની એ સમસ્ત દેશભરની ખ્યાતિ અને તેનુ સર્વોપરિ સ્થાન સ્વ. રાનડેની વિરલ કર્તવ્યશક્તિ અને અસાધારણ બુદ્ધિપ્રભાવને પરિણામે પ્રાપ્ત થયા હતા'

આપણા દેશની પડતીમા આપણા સમાજની અધોગતિ પણ એમને કારણરૂપ લાગતી અને આપણા સમાજના અનેક કઢંગા રિવાજો, બાળલગ્ન, કજોડાં, સ્ત્રીઓની અવનત દશા, વિધવાવિવાહનો પ્રતિબંધ, જ્ઞાતિભેદ, અસ્પૃશ્યતાની ભાવના, પરદેશગમનની મનાઇ વગેરે અનિષ્ટ રૂઢિઓ દેશની પ્રગતિમાં પ્રતિરોધક છે એમ તે માનતા 'ઇન્દુપ્રકાશ'મા એમણે વિધવાઓની અસહાય સ્થિતિના અને તે માટેના એકમાત્ર ઉપાય પુનર્લગ્નની તરફદારી કરતા જોરદાર લેખો લખ્યા. ૧૮૬૫માં મુબાઇમા વિધવાવિવાહોત્તેજક મંડળ સ્થપાયુ તેના સભ્ય થયા અને ૧૮૬૯માં મહારાષ્ટ્રમા પહેલુ પુનર્લગ્ન થયુ તેની કંકોત્રી પર બીજા સુધારકો સાથે એમણે સહી પણ કરેલી. ન્યાય તથા સમાનતાના ધોરણ ઉપર નવી સમાજરચના કેમ કરવી તેની યોજનાઓ વિચારવા માટે દર વર્ષે કૉંગ્રેસની સાથોસાથ સામાજિક પરિષદ ભરવાની યોજના (અનુસધાન આગળ પાન ૪૪મે)



દેવચંદ અદાની દિનચર્યા

એ વાંચીને તમે ભલેને એમને 'લોભી' કહીને તિરસ્કારથી હસો... એ તો ચુસ્ત જૈન જ હતા!

સવારમાં બરોબર પાંચ વાગ્યે દેવચંદ શેઠ 'હે અરિહંત વીતરાગ દેવ" કહીને પથારીમાંથી ઊઠ્યા અને બે ઘડીની સામાયિક બાંધીને બેઠા પ્રતિક્રમણ ગણગણતા અને માળા ફેરવતા ફેરવતા એકબે વખત ઝોકા આવી જવાથી જમીન સાથે નાકલીટી તાણવાનું પુણ્ય અનાયાસે થઈ ગયું એક સ્તવન અને સજ્ઝાય ગાઈ રહ્યા પછી જૈની લીટીઓ મનમાં ગણગણતા, ટોડલે ટીંગાતો મેલો ને કાળો કળશ્યો લઈને અદા દિશાએ જવા નીકળ્યા જતા જતા મોટા દીકરાની વહુને કહ્યું: 'વહુ બેટા, હવે રાતે દુકાનેથી ખોરી જાર આવી છે તેમાંથી બે મૂઠી લાવજો'

વહુએ સવા હાથનો ઘૂમટો તાણીને પવાલામાં બે મૂઠી ખોરી જાર લાવી આપી એ લઈ શેઠ નદીને રસ્તે પડ્યા

દેવચંદ શેઠની ગામના એક આગેવાન મહાજન તરીકેની પ્રતિષ્ઠા એટલી હતી કે રસ્તામાં ભાગ્યે જ કોઈ એમને જે જે કર્યા વિના રહે

'કાં દેવચંદ અદા, ઝાડે ફરવા જાવ છો ને?' શેરી વાળતા ભંગિયાએ દેવચંદ શેઠને ધૂળ ન ઊડે એ માટે ખાસ તેમના માનમાં શેરી વાળવી બંધ કરી, સાવરણો ઊંચો કરી સલામ ભરી.

દેવચંદ શેઠને લાગ્યું કે ઝાડે ફરવા જવા સાથે થતું બે મૂઠી જારનું મહાપુણ્ય આ ભંગિયાથી અજાણ્યું રહી જાય છે, એટલે તેમણે કહ્યું 'હા, આ કબૂતરને ચણ નાખવા જાઉં છું'

ભંગિયો દેવચંદ શેઠની આ ધર્મવૃત્તિથી છક થઈ ગયો હોય તેમ ભગડીને ઉદ્દેશીને બોલ્યો: 'લાખુની ઇસ્કામતનો ધણી પગે હાલીને કબૂતરાને ચણ નાખવા જાય છે!"

'ઇ તો સરાવક છે સરાવક! એક જીવડું ય નો મરવા દીએ" ભગડી બોલી

'વાહ! ધરમી દાતાર" ભંગિયો દેવચંદ શેઠની પીઠ પાછળ તાકી રહ્યો.

દિશાએથી પાછા વળતી વખતે દેવચંદ શેઠ ખિસ્સામાંની છૂરી વડે નદીને કાંઠે ઊભેલા બાવળમાંથી દાતણ કાપતા હતા ત્યાં ગામ આખાને દાતણ પૂરા પાડતી મણુડી વાઘરણ આવી પહોંચી ને બોલી 'દેવચંદ અદા, મને કે'તા હો તો હું રોજ હવારમાં સાર દાતણ નાખતી જાઉં'.

મણુડીએ આ કહ્યું એ સામે દેવચંદ અદાને કશો વાંધો નહોતો, પણ થોડે દૂર ઊભેલા બેચાર જુવાનો શેઠની આ કંજુસાઈ ઉપર હસવા લાગ્યા એથી તેઓ બોલ્યા: 'હેટ્ટ હાળી વાઘરણ! અમને શ્રાવકને તે દાતરડાનાં કાપેલાં દાતણ ખપતા હશે? ઈ દાતરડાથી કેટલાં જીવડાં મર્યાં હોય"

ઘેર આવી, ટોડલે કળશ્યો ચડાવી અદા દાતણ કરવા બેઠા અને દાતણ કરી રહી એક નાના કળશ્યાના પાણીમાંથી બે કોગળા કરી, એક ચાંગળું પાણી મોં પર ફેરવી, બાકીનું બને પગ ઉપરાઉપર ગોઠવી રેડી દીધું પાણી ન ઢોળવા માટે તેઓ ઘર આખાને ઉપદેશ આપતા 'બહુ પાણી ઢોળવાથી કચ્ચકાણ થાય ને એમાં જીવડાં થાય એ પાપના પોટલા આપણા શ્રાવકથી બંધાય?'

બહુ વર્ષો પહેલા એક મહારાજ પાણી ન ઢોળવા વિષે વ્યાખ્યાન આપી ગએલા, એ ઉપદેશનું પાલન શેઠ અક્ષરશ: કરતા હતા દાતણ કરતી વખતે જે થોડા પાણીનો તેમના શરીરને સ્પર્શ થતો એમાં નહાવાનું પણ આવી ગયું સમજતા હા, દુકાને ઢેઢ ભંગીને માલ વેચતી વખતે અથવા પૈસા લેતી વખતે તેમનો સ્પર્શ થઈ ગયાનો વહેમ આવતો ત્યારે શેઠને કવચિત નછૂટકે નહાવું પડતું જોકે તેમાં યે વખત પ્રમાણે છાશ લઈને ચલાવી લેતા. બાકી તો ઘણી વખત તેઓ પોતાની ધર્મપરાયણતાની બડાશ હાંકતા 'ધરમ તો રાખ્યો રહે છે આ જ્યો, વીસ દિવસથી નથી નહાયો, માનશો વાત? પાણી ઢોળીને પાપનાં પોટલા કોણ બાંધે?'

ચામડીના શ્યામ રંગ સાથે મૈત્રી સાધે તેવું ધોતિયું, એવું જ પહેરણું અને માથે દસ વાર લાંબી આંટિયાળી પાઘડી પહેરી, શેઠ દુકાને જવા નીકળ્યા.

દુકાનના ઉંબરાને ત્રણ વખત અડી, એ હાથ આંખે અડાડી, 'શ્રી ગૌતમસ્વામીની લબ્ધી હોજો!' એમ મનમાં બોલતા શેઠ દુકાનમાં દાખલ થયા નોકરને ઘીનો દીવો અને અગરબત્તી કરવા કહ્યું

'એલા, આ દીવેલિયામાં આટલું બધું ઘી? સાળા, આજ મોર દીવાળું કઢાવીશ!'

શેઠ જાતે દીવેલિયા નજીક ગયા અને ધીમા આંગળી બોળીને હાથ પર ઘસી, સૂંઘી જોયું

'એલા, ઓલ્યું કીટાવાળું ઘી વાપરવાનું તને હજાર વખત કહ્યું તોપણ આ તાજું ઘી વાપરછ? સાજ મોર દીવાળું કઢાવીશ!'

દેવચંદ શેઠ સ્વભાવે તો બહુ જ ભદ્ર માણસ હતા. ગમે તેવા માનઅપમાનનો કડવોમીઠો ઘૂંટડો તે રાજીખુશીથી પી જતા—એમ કરતા જો કંઈ લાભ થતો હોય તો. દુકાનની ભીંત ઉપર તેમના પિતાશ્રી સિંદુરના અક્ષરથી લખી ગએલા:

સમતાના ફળ મીઠા છે
ધીરજ મોટી વાત છે

આ નીતિસૂત્રોનું પાલન દેવચંદ શેઠને જેટલું નીતિશાસ્ત્રમાં તેટલું અર્થશાસ્ત્રમાં પણ ઉપયોગી નીવડેલું. અમલદારો વગેરેના અપમાનો તેઓ 'હશે બાપલા' કહી હસીને મોઢે ગળી જતા, મનમાં કહેતા 'સમતાના ફળ મીઠા છે' આ બોધવાક્યોએ ગ્રાહકોને વશ કરવામાં ભારી મદદ કરેલી

ઉપાશ્રયમાં વ્યાખ્યાનટાણું થવા આવ્યું એટલે શેઠ ખાસ મહારાજ પાસે પહેરવાની પાઘડી અને ખેસ ચડાવીને જવા નીકળ્યા નોકરને કહ્યું 'ઇસ્કોતરાના ખાનામાંથી એક ત્રાજવા છાપ પૈસો આપજે'

શેઠના ઇસ્કોતરા પાછળ ઊભેલા સો વર્ષનો ઇતિહાસ—શેઠના દાદા મંકોડાવાળો ગોળ અને દાળિયા વેચતા ત્યારથી તે શેઠની અત્યારની સ્થિતિ સુધીનો સળંગ ઇતિહાસ—સચવાએલો હતો

વર્ષોથી દુકાનનાં ધીગોળ પીવાથી રીઢો અને ચકચકિત બનેલો એ ઐતિહાસિક ઈસ્કોતરો દેવચંદ શેઠને ગમ બેહદ બરકતવાળો હતો. તેના એક ખાનામાં ત્રાજવા છાપના, ઘસાએલા સિક્કા ભેગા કરવામાં આવતા, જે દેવચંદ શેઠ આઠમ પાખીએ ઉપાશ્રયની જીવદયાની પેટીમાં નાખવા લઈ જતા

ઉપાશ્રયમાં આવીને દેવચંદ શેઠ સહુ શ્રોતાઓનું ધ્યાન ખેંચાય એવી રીતે ધીમેધીમે સામેની ભીત ઉપર ટાંગેલ જીવદયાની પેટી તરફ ગયા ને વધુમા વધુ અવાજ થાય એવી રીતે અંદર પૈસો નાખ્યો.

'આવો આવો દેવચંદ શેઠ'. બેચાર શ્રોતાઓએ આવકાર આપ્યો.

શેઠ મોં મલકાવતા ગલકાવતા સીધા મહારાજની પાટ સુધી રસ્તો કરતા પહોચ્યા અને કાળિયાનો છેડો બન્ને હાથ વચ્ચે રાખી ત્રણ વખત પગે લાગી પાટના પાયા સામે બેઠા.

મહારાજ જીવહિંસા ન કરવા વિષે ઉપદેશ આપી રહ્યા હતા:

'તમે તમારી જાતને અહિંસાના ઉપાસકો કહેવડાવો છો, પણ સાંજ પડચે કેટલા જીવ મારો છો તેનો ખ્યાલ છે? કાચા પાણીનું એક બિંદુ ઢોળો છો તેમાં કેટલા જીવ રહેલા છે એ જાણો છો? અણગળ્યુ પાણી પીઓ છો તેમા કેટલા જંતુઓ પેટમા જાય છે તે ખબર છે? તમે કંદમૂળની અગડ રાખો છો અને કહો છો કે અમે શ્રાવકધર્મ પાળીએ છીએ; પણ જે લીલોતરી શાક તમે વાપરો છો તેના જ પાંદડાં ઉપર કેટલા સૂક્ષ્મ જંતુઓ બેઠા હોય છે એની તપાસ કોઇ દિવસ કરી છે? તમે રાત્રિભોજન લ્યો છો અને અનેક જીવો મારો છો. તમે દીવાને અજવાળે ધર્મપુસ્તકો વાચો છો અને અસંખ્ય જંતુઓની હિંસા કરો છો. તમે મોપતિ બાંધ્યા વિના ખુલ્લે મોએ બોલો છો અને હવામાં ઊડી રહેલા અસંખ્ય સૂક્ષ્મ જંતુઓને મારી આપના પોથા બાંધો છો....'

વ્યાખ્યાન પૂરૂ થયુ એટલે દેવચંદ શેઠ આ જીવહિંસાથી બીતા બીતા શાક માર્કેટમા શાક લેવા ગયા.

'એ આવો શેઠિયાવ આવો, આ બટાટા બે આને શેર.'

'આ કોબીજ છ પૈસે શેર.'

'આ સૂરણનો એક આનો.'

દેવચંદ શેઠ આ બુમોથી મૂર્છા ઊઠયા બટાટા અને સુરણ? કંદમૂળ! ધર્મમા જેનો ઘસીને નિષેધ કરવામા આવ્યો છે! અને કોબીજ? છ પૈસે શેર એ તો જાણે કે ઠીક, પણ પાદડે પાદડે ઢીચવાના ઢગલા! એને અડાય જ કેમ? શુ બે ભવ જીવવુ છે?

શેઠ આગળ ચાલ્યા.

'એ આ કૂણો માખણ જેવો ગુવાર. ચાર પૈસે શેર'

'અરે આ દેશી રીંગણા, આખા વધારી લ્યો!'

શેઠના મોમા પાણી આવ્યુ ભાવ પૂછયો 'અહ્યા કેમ આપ્યા?'

'છ પૈસે શેર બાપલા! પણ માલ એક નંબરી છે હો!'

'ડીંટિયાં નીચેથી ઝીણી ઇયળ નીકળે છે' કહી શેઠ આગળ વધ્યા.

'એ, આ ભીંડાની શીંગ રેશમ છે, રેશમ.'

શેઠ થોભ્યા 'શુ ભાવ છે?'

'પાચ પૈસાની શેર, અદા'

'અંદર ધોળી ઈયળ બેઠી હોય છે' કહી શેઠ ચાલતા થયા.

'ઓ આ કારેલા, કડવા ને નરવા.'

'કેમ આપ્યાં એલા?' શેઠે પૂછ્યુ

'છ ક આને શેર. રજવાડી માલ છે શેઠ!'

'વેઢામાં સડેલ નીકળે છે' કહી શેઠે ચાલતી પકડી.

'આ કૂણી ઘી જેવી દૂધી! દોરે વનારી લ્યો!'

'શુ ભાવ કર્યો?'

'બે કાવડિયે શેર, મહાજન!'

શેઠ ખરીદ કરવાની તૈયારીમા હતા ત્યા સામેથી બૂમ આવી. 'એ આ પૈસાનાં દોઢ શેર ચીભડા! લૂંટાવી દીધા છે!'

'ચીભડા મૂકીને લીલોતરી તે કોણ ખાય?' કહી શેઠ ત્યા ગયા.

ચીભડાવાળો બૂમો પાડતો હતો: 'એ આ સકરિયો માલ છે. મીઠો મધ જેવો, ભાદરના ભાઠાનો માલ છે.'

'એલા પૈસાનાં બશેર જોખ્ય!'

'અરે શુ કામ લોભ કરો છો, માવતર? તમ જેવા પાસેથી દોકડો કમાશું બીજા કોને કે'વા જશુ?'

'બશેર તો ઓલી નાથડી આપે છે'

'પણ શેઠ, આ તો ભાદરના ભાઠાનો માલ છે? સાકરનો કટકો જોઇ લ્યો! પાણી પાઈપાઇને ટેભા તૂટી ગયા છે રાતા પરસેવાનો પૈસો છે'

'નથી જોતા, નથી' શેઠે જવાનો ડોળ કર્યો.

'ઠીક લ્યો હવે લેતા જાવ ભાઇસાબ. તમ જેવા સુખી માણહ પણ પૈસા પેદા કરવા નથી દેતા' કહી એણે ચીભડાં જોખવા માડચા.

'અમારે શ્રાવકને તો લીલોતરી ન ખપે, એટલે ચીભડા લઇ જઇએ છીએ નહિતર એને અડે પણ કોણ?'

શેઠ ચીભડા લઇને ઘેર આવ્યા અને ઘરમા સહુને શ્રાવકધર્મનો પદાર્થપાઠ આપ્યો 'જુઓ, આપણને લીલોતરીમા પાપ લાગે આ ચીભડામા ન મળે ડીંચવા કે ન મળે ઇયળ પાછા સાવ સસ્તા! ને વળી એમાથી કાઇ કચરો નીકળી પણ ન જાય"

શાક મૂકીને શેઠ દુકાને આવ્યા ઘરાકી બરોબર જામી હતી આહકોને સમજાવવા માટે નોકરને શેઠે બરોબર તાલીમ આપેલી શેઠે પઢાવી રાખેલા નીતિસૂત્રોનો એ છૂટથી ઉપયોગ કરતો 'અમારે વાણિયાની દુકાને કોઇ દિવસ બે ભાવ કહેવાય જ નહિ,' 'ખોટુ બોલીએ તો અમને પાપ લાગે' 'અહીં શ્રાવકની દુકાને તમારી પાસેથી દોકડો પણ વધુ લેવાય નહિ'

બપોર પછી શેઠે ગામના એક વકીલને બોલાવી, કેટલુક ખાસ કામકાજ ખાનગીમા પતાવી લીધુ પછી કોરટમાં જઇ કેટલાક નવા દાવા દાખલ કર્યા અને એક જૂના દેણદાર ખેડૂતને ઘેર જપ્તી લઈ જવાની તજવીજમા પડચા પોલીસ અમલદારોને દુકાને બોલાવીને જે કંઈ 'નૈવેદ' ધરવા પડે તે ધર્યા અને કામ પાર પાડી દેવાની બાહેધરી લીધી. પછી આડોશપડોશના બેચાર વેપારીઓને બોલાવી, દેણદારની હરરાજ થતી વસ્તુઓ પોતાને માટે સસ્તે ભાવે ખરીદી લેવાની ગોઠવણ કરી, ને પછી દેણદારના ઘર તરફ જપ્તી લઈને ચાલ્યા

'એ આવો દેવસદ અદા, આવો' દેણદાર ખેડૂત વાલિયાએ ઊભા થઇને આવકાર આપ્યો ત્યા તો શેઠની પાછળ જપ્તીવાળાનુ ટોળુ આવેલુ જોઇને તેના પેટમાં ધ્રાસ્કો પડચો.

'એ, આ શુ લઈ આવ્યા દેવસદ અદા?'

'તેં હાથે કરીને તેડાવ્યા, પછી ન આવે? બબ્બે વરસથી ચોપડા સામુ જ જોતો નથી તે?'

પોલીસોએ ઘરમાથી કિંમતી રાચરચીલુ બહાર કાઢવા મા'ડ્યું.

'પણ મારૂ ભર્યુંભાદર્યું ઘર આમ હરરાજ—?'

'પણ ત્યારે અમારો શુ વાંક?'



સંસારદર્શન ચિત્રાવલિ ..(૫) અકાળે માતા

આપણી સામાજિક તથા પ્રજાકીય બદીઓ ને ઊણપો ઉપર કટાક્ષ કરીને વસ્તુસ્થિતિનું સુરેખ દર્શન કરાવતા આવા પચાસેક ચિત્રોની માળા શ્રી રવિશંકર રાવળે ગુજરાત કલાસંઘ ચિત્રશાળાના વિદ્યાર્થીઓના મદદગારથી તૈયાર કરી છે તેના ત્રણ ચિત્રો અમે ગયે વર્ષે આપી ગયા હતા, બાકીના આ વર્ષે આપવા કરવાની અમારી યોજના છે. એ સમગ્ર ચિત્રોનું પ્રદર્શન ગામડાઓમાં પ્રચાર અર્થે શ્રી રાવળ તરફથી ફરતું કરવામાં આવ્યું છે અને તેની અજબ લોકપ્રિયતા સાબિત થઈ છે હજી તે ગામડાઓમાં ફર્યા જ કરે છે એ ચિત્રમાળાના સુરક્ષિતપણા તથા વાહનખર્ચ માટે જરૂરી બાંહેધરી ને ખર્ચ સ્વીકારનાર કોઈપણ સંસ્થા કે વ્યક્તિને તેનો ઉપયોગ કરવા દેવામાં આવે છે

વાલિયાની વહુ આ જોઈને રડવા લાગી પોલીસે ખીલે બાંધેલી ભેંસ છોડીને હરરાજી બોલાવી

'એ દેવચંદ અદા, આ ઓણુંક વરહ દયા કરો આવને વરહ તમારા રૂપિયા દૂધે ધોઈને આપવા છે માર ઘર વેચવું રહેવા દીઓ!'

દેવચંદ શેઠ તો કાઉસગ્ગ કર્યો હોય એમ મૂગા જ હતા

પોલીસે ભેંસની કીમત બોલાવ શરૂ કરી.

'ઓ માવતર, આ ભેંસ જાશે તો મારા હાથપગ ભાંગી જાશે. આ છોકરા બચારા દૂધ છાસ્ય વનાના મરી નાખશો?'

દેવચંદ શેઠને હવે જરા બોલવાની જરૂર લાગી. 'એલા, તને બોલવાનું કાંઈ ભાન છે કે નહિ? મારી નાખશો મારી નાખશો હલ્યા કરે છે. એમાં અમને શ્રાવકને કેટલું પાપ લાગે ઈ ખબર છે?'

'ભૂલી ગ્યો, બાઈસાબ હવે ઈ નઈ બોલું'

વાલિયાના બાયડીછોકરાં એક ખૂણામાં ઊભાંઊભાં ચોધાર આંસુએ રડતા હતા દેવચંદ શેઠ તો નિસ્પૃહ કર્મયોગીના જેટલી શાંતિથી આ 'કર્મ' કરી રહ્યા હતા

'ત્રીસ રૂપિયા એક વાર! ત્રીસ રૂપિયા બે વાર!' 'ત્રીસ રૂપિયા ત્રણ વાર!' ભેંસની હરરાજી પૂરી થઈ

'મારી હાથણય જેવી ભેંહ તરીહ જ રૂપિયામાં શેઠ?' વાલિયો બોલ્યો પણ ત્યાં તો પટારાની હરરાજી શરૂ થઈ ગઈ હતી

'પટારાના સાત રૂપિયા!... આઠ રૂપિયા! આઠ રૂપિયા એક વાર નવ રૂપિયા! ..નવ રૂપિયા એક વાર! નવ રૂપિયા બે વાર! નવ રૂપિયા ત્રણ વાર!'

'એ દેવચંદ અદા, તમે મને જીવતો મારી નાખો છો'' વાલિયો બે હાથ જોડીને કરગર્યો 'આ છોકરા બચારા દૂધ છાસ્ય વના મરશે ને હું ખેતર વના મરી જઈશ'

'જમાદાર સાહેબ, આનો લવારો બંધ કરાવો જરાક! ''મારી નાખશો'' ''મારી નાખશો'' કહે છે, એમાં અમને શ્રાવકને સાચે જ મારી નાખવાની રાત્રી આવે છે'

બધુ કામકાજ પતાવીને શેઠ ઘેર ગયા સાંજે દિ' છતા વાળુ પતાવી, કોગળા કરી, શેઠ બે ઘડીની સામાયિક બાંધીને બેઠા. તેમાં ખામણા ખમાવવાની વખતે નીચેનો પાઠ બોલ્યા 'ચોરાશી લાખ જીવાયોનિ માંહે મારે જીવે, તમારે જીવે, જે કોઈ જીવ હણ્યો હોય, હણાવ્યો હોય, હણતા પ્રત્યે અનુમોદ્યો હોય, તે સર્વે મન વચન ને કાયાએ કરી તસ્સ मिच्छामिदुक्कडम्

ચુનીલાલ મડિયા

તાપણું . . . .

બાર વર્ષના મગને મગફળીના છોડાનો હાથો ભરીને સળગતા તાપણામાં નાખ્યો ત્યારે છ વર્ષનો કાનો મોતલ અવાજે બોલ્યો: 'તે તુ શું કામ નાખછ ? . હું નાખીશ . .. અને પછી એણે પણ થોડાક વધુ છોડા તાપણામા હોમ્યા

તાપણું સળગતુ હતુ. શિયાળાની રાતમા અને કાઠિયાવાડની ધરતી ઉપર 'પડયું કે પડશે' એવા દેખાતા એક છાપરાની હેઠળ. એ તાપણાની આજુબાજુ મગન, કાનો અને આઠ વર્ષની મણુડી શરીરને બને એટલા સંકોચીને બેઠા હતા અને તાપતા હતા પાસે મગફળીના છોડાનો એક ઢગલો પડયાં હતો અને ત્યાં જ એક નહુરિયું પણ હૂ ફ લેવા બેઠુ હતુ.

બાળકો મૂંગામૂંગાં બેઠા હતા. રોજ તો રાજકુમારોની અને રાક્ષસોની વાતો કરતાંકરતા થાકતા યે નહોતા, પણ આજે કોઇ એવી વાત જ કાઢવુ નહોતુ સમી સાંજે ખાખી કપડાવાળો એક માણસ આવીને એમના દાદાને જે એક બદામી રંગનુ પરબીડિયુ આપી ગયો હતો એ પરબીડિયાએ એમની પાસેથી પરાક્રમી રાજકુમારો ને સોનાનાં શીંગડાવાળી ગાયો ને દૂધની નદીઓ ને એવીએવી વાર્તામા આવતી અનેક મીઠી કલ્પનાઓને હરી લીધી હતી

તાપણુ સળગતુ હતુ એવામા અચાનક કાનાએ પૂછયુ: 'બાપા મરી ગ્યા છે તી પાછા કૈંયે આવશે ?'

મગને એને કોણી મારી પછી મણુડી તરફ જોતા કહ્યુ: 'આ કાનિયામા તો કાંઈ અક્કલ જ નથ સાવની મરી જાય ઇ કાઇ થોડા જ પાછા આવે ? ઇ તો છે ને તે સરગમા જાય સરગમા ''

મણુડી: તી હેં મોટાભાઈ! સરગ કેવું હોય ? ન્યા પાંખવાળી પરિયુ હોય ?

મગન: હોયજને! ન્યાં તો છે ને તી સારૂંસારૂં ખાવાનું મળે, રહેવા મોટી મહેલાત મળે ન્યાં તો કોઇ માંદું નો પડે

કાનો: પણ બાપા મરી કેમ ગ્યા ?

મણિ: લે .... મરી નો જાય ? દુશ્મને છે ને, તી એણે એમને ભાલો માર્યો ને, એટલે મરી ગયા ખૂબ લોહી નીકળ્યા પછી મરી ગયા હશે, નહિ મોટાભાઈ?

મગન: લોહી તો નીકળે જ ને!

કાનો: ની દુશ્મન કેવો હોય ?

મણિ: ઓલી વાર્તામા રાખ્ખહ નથી આવતા ? એવા 'આપણને તો બીક લાગે એવા'

મગન: ચલ રે ચલ! ઈ એવા હોય જ નઈ ચારદી' મોર રામજી બાપાને ન્યાં આપણે ગ્યાંતા તૈંયે ઓલ્યા છાપામા દુશ્મનનો ફોટુ નો'તો જોયો ? રામજી બાપાએ આપણને નો'તુ કયુ કે ઈ ફોટુમા માણસ છે ઈ બધા દુશ્મન છે ? એને માથે તો સાહેબ લોકનાં જેવી ટોપી હતી રાક્ષસ જેવા શીંગડા ક્યા હતા ? દુશ્મનો તો છે ને તી આપણા જેવા જ હોય'

મણિ: તૈંયે બાપા ઇની હારે મારામારી કરવા કેમ ગ્યા ?

મગન: આપણને ખાવા જોઇએને, એટલે બાપા તો લશ્કરમા નોકરી કરવા ગ્યા'તા. ઘણીવાર ઓલ્યો ખાખી લૂગડાવાળો ટપાલી આપણા દાદાને પૈસા આપી જતો'તો ને ઈ, ક્યેછે કે, બાપા દૂરને દેશાવરથી મોકલાવતા'તા.

કાનો: પણ બાપા રામજીબાપાને ખેતરે નોકરી કરવા કેમ નો



રિયા ને મારામારી કરવા ગ્યા ? ... અને પછી તરત મરી કેમ ગ્યા ?

તાપણું સળગતુ હતુ અને આવા અર્થહીન છતા અર્થ ભરેલા સવાલજવાબો થતા હતા પવનનો એક ઝપાટો આવ્યો અને તાપણાનુ તેજ તથા નાના કાનિયાની કાયા, બને ધ્રુજી ઉઠયાં મણુડીએ પોતાનુ ઓઢવાનુ જરા વધુ ચોક્કસાઇથી શરીર ઉપર લપેટી લીધુ.

કાનાએ પાછો સવાલ પૂછયો' 'બાપા હાથેહાથ મરી ગ્યા હશે?'

મણિ લે. ખોટુખોટુ તી કાંઈ મરતુ હશે ? ઓલ્યો ખાખી લૂગડાવાળો આપણા દાદાને જે પરબીડિયુ દઇ ગ્યો'તો ને એમા લખ્યુ'તુ કે બાપા મરી ગ્યા બહુ બા'દુરીથી લડ્યા ને પછી મરી ગ્યા.'

કાનો: પણ બા તો ખાટલામા પડયાપડયા મરી ગઇ'તી!

મગન' બાને તો તાવ આવ્યો'તો, એટલે મરી ગઇ!

કાનો' બા મરી ગઇ, બાપા મરી ગ્યા, તૈંયે હુ યે મરી જાઉં'

મણિ બાપા પાહે જાવું છે!

મણિ: ગાંડો રે ગાંડો' એમ તે કાઇ મરી જવાય ?

કાનો' પણ બાપાએ મને મેળામાથી રમકડું લઇ દેવાનુ ક્યુ'તુ તી હવે કોણ લઈ દેશે ? રમકડુ અપાવીને બાપા કેમ નો મરી ગ્યા ?

મગન: હુ મોટો થઈશ ને એટલે તને ઘણાં બધાં રમકડા લઇ દઈશ. મોટો તો થાવા દે' પછી જોઈ લેજે!

તાપણુ સળગતુ હતુ. ધીમધીમે રાખનો ઢગલો વધતો જતો હતો ને છોડાનો ઢગલો નાનો થતો જતો હતો આજે આ તાપણુ પણ જાણેકે શોકમા સળગી રહ્યુ હતુ. મણુડીએ કાનાના વાળમા ચોટેલુ પાણીનુ એક ટીપુ ખંખેરી નાખતા કહ્યુ: 'હેં મોટાભાઇ' બાપા મરી ગ્યા એટલે દાદાદાદીએ આપણને નવરાવ્યાં કેમ ? આપણી સામે રે'તા ફુલાભાઇ મરી ગ્યા તૈંયે તો આપણે નો'તાં નાયાં!'

મગન' આપણા સગા મરી જાય તૈંયે જ ના'વું પડે, નકર નંઈ'

મણિ' બાપા તો ગ્યા; હવે દાદાને પૈસા કોણ મોકલશે ? આપણે ખાવાનું ક્યાથી લઈશું ?

(અનુસંધાન આગળ પાન પરમે)

મહર્ષિ મહાદેવ ગોવિંદ રાનડે

(અનુસંધાન પાછળ પાન ૩૬થી) તેમણે શરૂ કરાવી હતી. દર વર્ષે તેનું પ્રારંભ-વ્યાખ્યાન પોતે જ કરતા, અને તેમાં વર્ષ દરમ્યાન આખા દેશમાં થએલા સમાજસુધારાના કાર્યોની સમાલોચના કર્યા બાદ, જે સ્થાનમાં પરિષદ ભરાઇ હોય તે સ્થાનને લગતા તેમજ તે વર્ષના મુખ્ય લાગતા પ્રશ્નો ઉપર તાત્ત્વિક ચર્ચા કરતા.'

રાજકારણમાં આમ પરોક્ષ રીતે અગ્રણી માર્ગદર્શક હોવા છતાં રાનડે પ્રત્યક્ષ રાજકારણમાં કોઈ પણ પક્ષમાં જોડાયા ન હતા. તેમાં એક કારણ એમની સરકારી નોકરીનું ગણાય છે. ઉપરાંત બીજું એક કારણ એ કે એમની એવી માન્યતા હતી કે આપણી ઉન્નતિ સર્વ દિશાઓમાં એકસરખી થવી જોઈએ. સામાજિક, ધાર્મિક, આર્થિક અને રાજકીય એ બધાં કાર્યો પરસ્પરાવલંબી હોય છે. વળી રાજકારણ જેટલો આ કાર્યોમાં મતભેદને અવકાશ નથી હોતો. ઘણા લોકો એમાં સાથે કામ કરી શકે છે અને તેથી લોકસંગ્રહ સારો થઈ શકે છે.

આમ છતાં પણ એક વખત ગેરસમજથી પણ રાનડેને થોડા છાંટા ઊડ્યા હતા ખરા. એ વખતે મહારાષ્ટ્રમાં એક બળવાખોર જાગ્યા હતા. એમનું નામ વાસુદેવ બળવંત ફડકે. સત્તાવનની હાર પછી સ્વાતંત્ર્ય મેળવવા મહારાષ્ટ્રમાં એ પહેલો હિંસાત્મક પ્રયત્ન થયો. એ અરસામાં પૂનામાં કોઈએ બેત્રણ જગ્યાએ આગ લગાડી. આમાં રાનડેનો સંબંધ હોવો જોઈએ એમ સરકારને લાગ્યું, કેમકે રાનડેની સલાહ લેવા બધા જતા. સરકારને ચીડ એટલી ચડી હતી કે એણે રાનડેને પૂનાથી બદલી ધૂળિયા મોકલ્યા. મુંબઈવાળા ઍંગ્લોઇંડિયન છાપાએ તો આગ લગાડવામાં રાનડેનો હાથ હોવો જોઈએ એવું લખ્યું પણ ખરું. રાનડેએ તે ખરેખર જ સરકારવિરોધી આંદોલનોમાં ભાગ લીધો હોત તો તો શું યે થાત!

અર્થશાસ્ત્રના અભ્યાસમાં તો રાનડેએ અપૂર્વ કામ કરી બતાવ્યું.

'ધીદિશામાં અમને અર્થશાસ્ત્રનો અભ્યાસ કરવો પડેલો ત્યારનું મને લાગેલું કે દેશેદેશના અર્થશાસ્ત્રના સિદ્ધાંતો તે તે દેશની પરિસ્થિતિ પ્રમાણે જુદાજુદા જ હોવા જોઈએ. ગણિતની માફક કાંઈ અર્થશાસ્ત્રના સિદ્ધાંતો બધે જ એકસરખા ન રહી શકે.' એમણે હિંદુસ્તાનના જીવનની અને પરિસ્થિતિની દૃષ્ટિએ આપણું અર્થશાસ્ત્ર કેવું હોવું જોઈએ તે દર્શાવતા સંખ્યાબંધ લખાણો લખ્યાં અને નવી જ દિશા બતાવી. 'હિંદી અર્થશાસ્ત્ર' એ શબ્દ જ, અર્થશાસ્ત્રના એમણે કરેલા નિરૂપણ પછી રૂઢ થયો છે.

એમના લખાણો તો હજી શુમાર વગરના છે, જેનો મોટો ભાગ તો પૂનાની 'સાર્વજનિક સભા'ના ત્રૈમાસિક પત્રની ફાઇલોમાં દટાએલો પડ્યો છે. નિઃસંશય કહી શકાય કે એમના લખાણોના એ અનર્ગળ પ્રવાહમાંથી જ હિંદની રાષ્ટ્રીય વિચારધારાને પોષણ મળ્યું છે.

આ પ્રસંગે એમના જેવા જ મહર્ષિ અને સમકાલીન બીજા એક મહાપુરુષનું સ્મરણ કરવું જોઈએ. તે મહર્ષિ દાદાભાઈ નવરોજી. દાદાભાઈ એમનાથી સત્તર વર્ષ મોટા. બંનેનો કાર્યપ્રદેશ એક હતો, છતાં દાદાભાઈ એ અરસામાં મોટે ભાગે લંડન રહેતા એટલે એ બંને વચ્ચે નિકટ સંપર્ક થયો નહિ હોય. દેશના અર્થકારણમાં એ બંનેનો ફાળો અણમોલ અને વિશિષ્ટ છે. બંનેએ પોતપોતાની રીતે કરેલા નિરૂપણોનો અંતિમ નિર્ણય તો એક જ આવ્યો છે. દાદાભાઈનું 'હિંદની ગરીબાઈ' ઉપરનું સણસણતું પુસ્તક દેશમશહૂર છે. રાનડેના લખાણોમાં સામાજિક, ધાર્મિક આદિ દૃષ્ટિબિંદુઓનો વિશાળ પટવિસ્તાર હતો, જ્યારે દાદાભાઈમાં રજૂઆતની સચોટતા અને વેધક ઉગ્રતા હતી. એને કારણે દાદાભાઈ અંગ્રેજ સત્તાધીશોની આંખે ચડી ગયા. તેમાંથી રાનડે જોકે બચી ગયા, પણ બીજી બાજુ દાદાભાઈનાં લખાણોને લોકપ્રિયતા અને કીર્તિ વિશેષ મળ્યાં.

રાનડેનો ઇતિહાસનો અભ્યાસ તો અત્યંત વિશાળ હતો—કદાચ એમના કોઈ સમકાલીનનો નહિ હોય એટલો, અને એ ક્ષેત્રમાં એમણે કામ પણ ઘણું કર્યું છે. 'મરાઠી સત્તાનો ઉત્કર્ષ' એ એમનો ગ્રંથ તો હજી યે પ્રમાણ ગણાય છે.

અને સાહિત્યના ક્ષેત્રમાં પણ એમણે ઓછું કામ નથી કર્યું. મુંબઈ યુનિવર્સિટીના અભ્યાસક્રમમાં દેશી ભાષાઓનો સમાવેશ કરાવવા માટે એમણે ભારે જહેમત ઉઠાવેલી. મરાઠી સાહિત્ય પરિષદની મૂળ કલ્પના પણ એમની જ. પહેલું મરાઠી સાહિત્ય સંમેલન ૧૮૭૮ના મેની ૧૧મી તારીખે મળ્યું. પણ એમનું ખરું સાહિત્ય તો એમણે લખેલા બે મોટા રીપોર્ટોમાં છે. પહેલો સરકારી આદેશથી છેક ઈ. ૧૮૬૭માં લખાએલો. એમાં ૧૮૬૪ સુધી બહાર પડેલા મરાઠી પુસ્તકોની સમાલોચના છે. બીજા રીપોર્ટમાં પાંચ લેખો છે. પહેલા લેખમાં પહેલા રીપોર્ટનો સાર, બીજામાં જૂનું ગદ્ય અને પદ્યસાહિત્ય, ત્રીજામાં પરભાષાઓમાંથી અનુવાદ કે તરજુમા, ચોથામાં નાટકો, નવલકથા તથા નવા ગદ્યની સમાલોચના અને પાંચમામાં એમના નિષ્કર્ષો છે. આમ આશરે પોણોસો વર્ષની સાહિત્યપ્રવૃત્તિનું એમાં દિગ્દર્શન એમણે કરાવેલું છે.

પણ આ બધા કરતાં યે રાનડેના જીવનમાં સૌથી મહત્ત્વનું અંગ તો એમની ધાર્મિકતા હતી. પ્રાચીન ઋષિઓના જેવી ઉન્નત આધ્યાત્મિક દૃષ્ટિ તેમના જીવનમાં ઓતપ્રોત થએલી હતી. છતાં એમનું ધ્યેય પુરાણી પ્રણાલિકાઓનો સડો કે પુરાણા આચારવિચારો ફરીથી દાખલ કરવાનું ન હતું, પણ આપણી જે પ્રાચીન આધ્યાત્મિક ભાવના હતી તે આખી પ્રજામાં નવેસરથી જાગૃત કરવાનો એમનો હેતુ હતો, કારણ કે એ શ્રદ્ધાપૂર્વક માનતા કે આપણા દેશને માટે ઉજ્જ્વળ ભવિષ્ય નિઃસંશય આવવાનું જ છે, અને તેને માટેની યોગ્યતા આ જ માર્ગે આપણે મેળવી શકીશું. મુંબઈ પ્રાર્થના સમાજના આદ્ય સ્થાપકોમાંના તે એક હતા અને 'ભાગવતધર્મ' ઉપરના તેમજ ધર્મતત્ત્વજ્ઞાનને લગતા એમના વ્યાખ્યાનોમાં એમણે જે ઉત્કૃષ્ટ નિરૂપણ કર્યું છે તેવું બીજા આધ્યાત્મિક ગ્રંથોમાં પણ ભાગ્યે જ મળી આવે છે.

આ આધ્યાત્મિક દૃષ્ટિની પ્રેરણાનું ઝરણું એમની એકેએક પ્રવૃત્તિને પોષતું. એમનું બીજું પ્રેરક બળ તે એમની અખંડ અને અચલ શ્રદ્ધા હતી. એ શુદ્ધ સાત્ત્વિક શ્રદ્ધાએ એમના જીવનને નિશ્ચલ ખડક સમાન અનેક ઝંઝાવાતો અને પ્રચંડ વિરોધોની સામે ટકાવી રાખ્યું હતું. એમના સાદા સરળ લાગતા જીવનમાં પણ એમની પ્રવૃત્તિઓ સાથે વિરોધો નહોતા એમ નહિ, પણ એમનું વિશુદ્ધ ચિરંતન ચારિત્ર્ય, પ્રેમાળ સ્વભાવ, નિખાલસ વૃત્તિ, નિરાડંબરી સાધુજીવન અને નિઃસ્વાર્થ દેશપ્રીતિને લીધે એમના પ્રતિ અંતરનો રોષ કે દ્વેષ કોઈને પણ હતો નહિ. અને પોતાની આવી સાધુતાનું પ્રદર્શન કરવાનો કે તેની છાપ પાડવાનો પ્રયત્ન સરખો યે એ સાધુપુરુષે કદી પ્રયત્ન કર્યો નથી. એમના જીવનનો મહામંત્ર હતો—'To dare, to will, to execute and to be silent.'

વસન્ત જોષી

[આધારસામગ્રી 'સહ્યાદ્રિ'—જાન્યુ ફેબ્રુ ૧૯૪૨, કર્વે કૃત 'આત્મવૃત્ત', પાધ્યે-ટિકેકર કૃત 'આજકાલચા મહારાષ્ટ્ર', ગુજરાતી 'જ્યોતિર્ધર'—તા. ૭-૨-૪૭ ઇત્યાદિ. પ્રો. ફાટકનું મરાઠીમાં લખેલું 'રાનડેચરિત્ર' વાંચવા જેવું છે, પણ એમનું ખાનગી જીવન કેવું હતું તેનો ખ્યાલ મેળવવા માટે તો એમનાં પત્ની રમાબાઈ રાનડે કૃત 'અમારા જીવનમાંની કેટલીએક યાદગીરીઓ' જ વાંચવું જોઈએ.]

જીવનનું પરોઢ ભાગ બીજો



પ્રકરણ ૨૨મું

અંગ્રેજ મિત્ર અને અંગ્રેજ શત્રુ

ફીનિક્સની ભૂમિ ઉપર બે અંગ્રેજો વસતા હતા. એક વેસ્ટ સાહેબ અને બીજા ટૉડ સાહેબ. વેસ્ટ સાહેબ અમારા ફીનિક્સ આશ્રમના મુખિયાઓમાંના એક હતા અને ટૉડ સાહેબ આશ્રમ સિવાયની ફીનિક્સ સ્ટેશનથી માંડી હજાર બે હજાર એકરમાં ફેલાએલી જમીનના ધણીધણી હતા. વેસ્ટ સાહેબ હિંદીઓની ન્યાયની લડાઈમાં પોતાની કાયા નીચોવી રહ્યા હતા અને પોતાના આખા કુટુંબને ભારતવાસીઓની સાથે શોભે એવા સાદા સંતોષી અને સેવાપરાયણ જીવનનું રસિયું બનાવી રહ્યા હતા, જ્યારે ટૉડ સાહેબ હિંદુસ્તાનથી ફસાવી ફોસલાવી આણેલા અર્ધગુલામોની રાતદિવસની કાળી મજૂરીના પરસેવા પર માતબર અને માતેલા બનતા જતા હતા. વેસ્ટ સાહેબ બાપુજી અને તેમના દેશવાસી ભાઈઓ તથા અનુયાયીઓ પ્રત્યે આદર, શ્રદ્ધા અને નમ્રતાથી વર્તતા હતા, જ્યારે ટૉડ સાહેબ આંખો મીંચી ગદ્ધાવૈતરું કરવા કબૂલ ન થનારા તથા માથું ઊંચું કરનારા હિંદીઓને જોઈ દાઝે બળી ઊઠતા હતા. વેસ્ટ સાહેબ ભૂખ્યાદુઃખ્યા અને પોતાના ભાઈઓની લાતો વડે ફફડતા હિંદીઓને જોઈ દયાઈ જતા હતા, જ્યારે ટૉડ સાહેબ હિંદી હડતાલિયાઓને ગળિયા બળદની જેમ કામ પરથી ઊતરી જતા જોઈ હદ બહાર રાતાપીળા બની ભાન ભૂલી જતા હતા. વેસ્ટ સાહેબને મન ભારતવાસીઓ પોતાના જેવા જ માનવી અને સ્વજન હતા, જ્યારે ટૉડ સાહેબને મન ગોરી ચામડી વિનાના શ્યામ અને પીતવર્ણી લોકો બેઠ કરી દેવા પૂરતા હલકા અને ઢોર જેવા હતા. વેસ્ટ સાહેબ એવા સાચા મિત્ર હતા કે મિત્ર પર પડતો ઘા પોતે ઊછળીને ઝીલી લેતા, અને ટૉડ સાહેબ એવા કટ્ટર દુશ્મન હતા કે હીંદીઓની તો શું પણ હીંદીઓને મદદ કરનારા પોતાના જાતભાઈ અંગ્રેજની પણ ખો ભુલાવવા મથતા. વેસ્ટ સાહેબ ઈંગ્લંડના ગામડાના સાદા, ગરીબ મહેનતુ અને ભલા ખેડૂત હતા, અને ટૉડ સાહેબ એ શ્વેતદ્વીપથી ઊતરી આવેલા કુબેરદર સમા ધનલોલુપક હતા.

આપણે ત્યાં દેવતાઓનો ખજાનચી—અનંત ધનદોલતનો માલિક—થવાને કોટિ કોટિ દેવોમાંથી કોઈ ન મળ્યું, ધનકુબેર યક્ષ જ મળ્યો. યક્ષ એટલે સ્વાર્થાંધ, મદાંધ અને નિર્દય વ્યક્તિ. અંગ્રેજ હોય કે ગમે તે હોય, પૈસાનો પહાડ રચવા બેસે એટલે એને પોતાની આખો ધૃતરાષ્ટ્રની પેઠે ખોવી જ પડે.

હું બાળક હતો. એ વેળા ટૉડ સાહેબના અને વેસ્ટ સાહેબના જીવનનું વિશ્લેષણ કરવાની અને એમનું અંતર માપી લેવાની સમજ તો ક્યાંથી હોય? આજે સૂઝે છે કે આ બન્ને સાહેબોનું જીવન તુલનાત્મક દૃષ્ટિથી નિહાળવું હોય તો ચોખ્ખું જણાઈ આવે કે માણસ જે દિશામાં દોડવા લાગે છે એ દિશામાં એનો વેગ વધતો ચાલ્યો જાય છે! માણસને સારી બાજુ લઈ જવા માટે તેનો ભુક્કો કરી નાખવાની જરૂર નથી, પણ કેવળ એના વેગની દિશા બદલી આપવાની જરૂર છે. બાપુજીએ એ બદલવા માટે સત્યાગ્રહનો કીમિયો શોધી આપ્યો. એ કીમિયા વડે વેસ્ટ સાહેબ જેવા ભલા અંગ્રેજ આપણા મિત્ર જ રહ્યા અને ટૉડ સાહેબ જેવા કારમા શત્રુ, શત્રુ ન રહ્યા. એમની ને એમના સાથીઓની દાઝ આખરે ઓસરી ગઈ અને હીંદીઓને હેવાન નહિ, માણસ તરીકે એમને કબૂલવા પડ્યા.

પણ આ તો થઈ ફિલસૂફી. મારે તો કથાનક કહેવાનું છે. ગયા પ્રકરણમાં આવી ગયું કે ગોરી પલટન અમારા છાપખાના ઉપર કેવી રીતે ચડી આવી, મગનકાકાને કેવી રીતે સરકારી હુકમ સંભળાવવામાં આવ્યો અને 'ગાન્ડી મહારાજ'ની જમીનનું શરણું લઈ ફીનિક્સ આવેલા હજારો ગિરમિટિયાઓને એ પલટને કેવી રીતે પાછા ધકેલી દીધા. એ ગિરમિટિયાઓને વળાવ્યા પછી અમારું ધ્યાન મિસ્ટર વેસ્ટની ધરપકડ તરફ વળ્યું.

અમે વાળુ ઉકલવા બેઠા ત્યાં મિસિસ વેસ્ટ ઉદાસ ચહેરે આવ્યા અને મગનકાકાને કેટલી યે વાતો કહી નાખી. એટલા ગદ્ગદ થઈ તેઓ બોલતા હતાં કે વાત પૂરી કાને પડતી ન હતી. છતાં મિસિસ વેસ્ટ અને તેમની મા મિસિસ પાયવેલે જે કહ્યું તે પરથી અમે જાણ્યું કે રોજના નિયમ પ્રમાણે મિ. વેસ્ટ પ્રેસમાંથી એ સાંજે ચાર વાગ્યે ચા પીવા પોતાને ઘેર પહોંચ્યા કે ચુપચુપ એમને પકડી લઈ જવાની ગોઠવણ મિ. ટૉડે પહેલેથી કરી રાખેલી. છાપખાનામાંથી એમને પકડતા નાહકની હોહા થાય ને ગિરમિટિયાઓ વિફરે એવો એમને ભય હતો. વેસ્ટ સાહેબ જેવા ચા પીવા મેજ પર બેઠા કે તુરત એક લાલ મોટર એમના દરવાજા સામે આવી ઊભી. મોટરમાં ત્રણ સુરસાજ સોલ્જરો બેઠા હતા. મોટર પાછળ ચાર ઘોડેસવારો હતા, જેમાંના એક મિ. ટૉડ પોતે હતા. મિ. ટૉડ તુરત બે ડગલા



મિ. એ. એચ વેસ્ટ



મિસિસ આડા વેસ્ટ (દેવીબેન)

આગળ આવ્યા અને મિ. વેગ્ટને બોલાવ્યા. મિસિસ વેગ્ટ આ બધું જોઈ હેબતાઈ ગયાં. મિ. વેગ્ટ મોટર પાસે પહોંચ્યા કે તેમને વૉરંટ બતાવવામાં આવ્યું. તેમણે એ વાંચી સહી કરી અને ઘરમાં ઓવરકોટ લેવા આવ્યા. તેમની પાછળ પાછળ એક ઑફિસર પણ આવ્યો. પૂરી પાંચ મિનિટ પણ મિ. વેગ્ટને આપવામાં ન આવી અને 'વૉરંટ મળ્યું છે ને પોતાને લખનૌ જવું છે' એથી વધુ વાત પણ તેઓ ઘરવાળાઓ સાથે કરવા ન પામ્યા. ચા ને નાસ્તો મેજ પર જ રહી ગયાં અને મોટર મિ. વેગ્ટને લઈ પૂરપાટ લખનૌ તરફ અદૃશ્ય થઈ ગઈ.

મિ. વેગ્ટને પકડવાનું પૂરું કરી લેફ્ટેનન્ટ પોતાની પલટન સાથે છાપખાને પહોંચ્યો. મિ. ટૉડે એમની સાથે જવાની હિંમત ન કરી. મિ. વેગ્ટને પકડાવીને એ ગારતે ઘોડે ક્રીનિક્સ આશ્રમ છોડી ગયા.

આ બધી વિગતો સાંભળાવતાં સાંભળાવતાં ડૂસકે ડૂસકે ન રોવાનું જ મિસિસ વેગ્ટે બાકી રાખેલું. એમની ઉપર તો આ અણધાર્યો ઘા હતો. અને હિંદીઓ તો રાતદિવસ જેલ જવાની ચર્ચા અને મનન ચાલુ રાખતા, પણ વેગ્ટ સાહેબના ઘરનાઓને એ વસમું લાગ્યા વગર કેમ રહે? બધી ચર્ચાને અંતે એમ ઠર્યું કે સવાર પડતાં મિ. વેગ્ટ પાસે તેમના ઘરના બધાંને લઈ દેવીબેન મિસિસ વેગ્ટ લખનૌ પહોંચે. આમ અમારા સૂના ક્રીનિક્સમાં સૂનાપણું વધ્યું. બાળ-ગોપાળના પાલક દેવીબેન પણ ચાલ્યાં.

બે દિવસ પછી હજારો હડતાલિયાઓથી ચિક્કાર ભરાઈ રહેલી ક્રીનિક્સની બસ્તિ સાવ ખાલી થઈ ગઈ. વીસપચીસ જુદા જુદા મિશનરી અને આડોશીપાડોશીઓ સાથે રહેવા પામ્યા. પાછળ રહેલા બે ગોરા ઑફિસરો બધે ચક્કર મારી આવતા, સતત રહેવાઓને પણ શોધીશોધી ક્રીનિક્સની બહાર ધકેલી દેતા હતા. અમારી ટકડીના સૌથી વધુ અટપટા ભાઈ છોટમને ગોરા ઑફિસરોની આ સતામણી-ઓને સોથી લડવાની ખટપટમાં મજા પડતી હતી. એકવાર એણે નિશાળની બધી ઓરડીઓના બારણાં ઉઘડાવી શ્રી સુત્રાઈ અને એની પત્નીને પણ એ ઑફિસરને બતાવી દીધાં. આમ, હું ભી સુત્રાઈને પકડાઈ જતો સાંભળી અમને બધાને બહુ દુઃખ થયું અને છોટમને ખૂબ ધમકાવ્યો, દિવસો સુધી એને વઢીવઢી ગભરાવ્યો. પણ હવે સુત્રાઈને બચાવવાય એમ ન હતું. ગોરા ઑફિસરો એમને લઈ જ ગયા અને મોટેમોટે અમારે કાને એટલું જ પડ્યું કે 'બીચારો મરી ગયો.'

હડતાલિયાઓને ભગાડી મૂકવાનું ઑફિસરોનું કામ અમને રુચતું ન હતું, પણ ઑફિસરોની સાથે અમારી દોસ્તી વધતી જ જતી હતી. તેઓનું કામ પહેરો ભરવા પૂરતું જ બની ગયું હતું. આ બંને ઑફિસરો અંગ્રેજ ન હતા, બોર (હૉલૅંડવાસી) હતા. એમનું કદ અંગ્રેજ કરતાં સવાયું. અંગ્રેજ ઑફિસરો પર અમારા લશ્કર કે તેઓ વધુ ભલા, એટલે એમની સાથે ગપ્પાં મારતાં અમને સંકોચ ઓછો થતો. એમના સ્વભાવમાં અંગ્રેજ સ્વભાવનું ચીડિયાપણું કે એકલશૂરાપણું ન મળે. મારા નાના ભાઈ કૃષ્ણદાસની સાથે એક ઑફિસરે પાકી દોસ્તી કરી હતી. જ્યાં પોતે બેસે ત્યાં નાના બાળકોને ભેળાં કરી એ રમાડતો. ક્રીનિક્સની કડવાશો વચ્ચે ઑફિસરોની આ મીઠાશ અમને મન ભાવતી થઈ પડી હતી.

લેફ્ટેનન્ટ અને એમના સિપાઈઓના આકરાપણાનો ત્રાસ અમારા ચિત્ત પર કરી ન હતો, પણ મિ. ટૉડનો ડર અમને લાંબા વખત સુધી રહ્યા કર્યો. ટૉડ સાહેબે વેગ્ટ સાહેબને ઝડપાવી લીધા ત્યાર પછી નાના બાળકોને ટપાલને માટે સ્ટેશને મોકલવાનું બંધ થયું. સવારે પ્રેસના હબસી ચાકરને અને બપોરે મારે ટપાલ લેવા જવાના વારા ગોઠવાયા. ટપાલ માટે સ્ટેશને જતાં આવતાં પાંચ માઈલની એકાંત પગદંડી એકલા કાપવી પડતી. એ કેડી ઘાડાં બીડ અને ઝાડ ઝાંખરાંથી પસાર થતી. વળાંક પણ વારે વારે લેતી, એટલે આગળનું જોખમ તો જ દેખાતું. અકસ્માત કોઈ પણ વળાંક પર કે ઝાડીને ખૂણે ઘોડા પર બેઠેલા ટૉડ સાહેબનો ભેટો થઈ જવાનો ભાસ મને મનમાં રહ્યા કરતો. અને એ સાહેબ એકાએક દેખા દે તથા પોતાનો ઘોડો વીંઝતા મારા ઉપર તૂટી પડે તો કેવી રીતે વર્તવું, શો જવાબ આપવો એના તરંગો આખે રસ્તે હું કરતો રહેતો. ગમે તે થાય, પણ એનાથી ડરવું કે દબાવું તો નથી જ, એટલું મનમાં વારે વારે નક્કી કરતો અને સાથેસાથે મનમાં અંગ્રેજી વાક્યો પણ ગોઠવતો જતો કે 'આમ શું આટલા મોટા થઈને એને તેને ચાબખા મારવા દોડો છો? બહાદુર બનો છો તો અમને જેલ ભેગા કરોને?' મનમાં આવા તરંગો અનેક વાર આવી ગયા પછી તો મિ. ટૉડનો રસ્તામાં ક્યાંયે ભેટો થતો ન હતો એથી મન અધીરું પણ થતું હતું. એમનો ભેટો થાય, એ મને દબડાવે અને હું ડરું નહિ એવા મજાગોની ઈચ્છા વધતી ચાલી, પણ એવા પરાક્રમનો મોકો મને મળ્યો જ નહિ.

ટૉડ સાહેબનો ભય અમારા મનમાં અકારણ નહોતો. પેલા એઓ એટલા બધા ખિજાઈ બેઠા હતા કે ક્યારે શું કરી બેસશે એ કળાતું ન હતું. ક્રીનિક્સ આશ્રમમાં એમણે ધાંધલ કરી ન હતી. વેગ્ટ સાહેબને ચૂપચાપ પકડાવ્યા ને અદૃશ્ય થઈ ગયા. પણ આસ-પાસથી રોજ ક્યાંક ને ક્યાંક કાળી પોલીસો વડે એમના હડતાલિયા-ઓને મરાવ્યાના અને એમના પોતાના હાથનો કોરડો વીંઝ્યાના સમાચાર તથા અફવાઓ તો અમારી પાસે આવ્યા જ કરતાં. અમારી ક્રીનિક્સની પાસે અમારી સ્ટેશનની માઉન્ટએજકમ્બની ચીનીની મીલના હિંદીઓ પર ત્યાંના જમીનદારે ગોળીબાર કર્યાના સમાચારે ગભરાટને વધારી મૂક્યો હતો. અમને એટલે સુધી ગભરામણ થતી હતી કે કવચિત રખડુ-ભટકુ ક્રીનિક્સનું નાનું બાળક એને હાથ આવશે તો એના પર પણ એ સાહેબ દાઝ ઉતાર્યા વિના નહિ રહે. હું ટૉડ સાહેબના ઘોડાના ડાબલાના ભણકારાના એ થોડા દિવસ મારા મગજમાં એક વાઘ 'ટૉડયુગ' રૂપે કોતરાઈ રહ્યા.

ભયની અને ત્રાસની, ગરીબ અસહાય હડતાલિયાઓ ઉપર થતી જબરદસ્તીની, હિંદી વીરો પર તૂટી પડતા કાળા-ગોરા સિપાહીઓની દુઃખદ અવધિ લંબાયે જતી હતી ત્યાં એક બપોરે મગનલાલે આનંદના સમાચાર આપ્યા: 'ગોખલે મહારાજે એક બહુ ભલા અને વિદ્વાન અંગ્રેજ પાદરીને વેગ્ટ સાહેબની જગ્યા લેવા હિંદુસ્તાનથી રવાના કરી દીધા છે. થોડા દિવસમાં તેઓ આવી પહોંચશે. હવે હું પકડાઈ જઈશ તો પણ તમે એકલા નહિ પડો.'

અને અમે આગમેથી રેવરન્ડ મિ. ઍન્ડ્રૂઝ અને એમના સાથી મિ. ડબલ્યુ. ડબલ્યુ. પીઅર્સનનું નામ રટવા માંડ્યું.

(ચાલુ) પ્રભુદાસ છગનલાલ ગાંધી

ભીખાભાઈ—(ગાડીવાનને) અહીંથી સ્ટેશન સુધીનું ભાડું શું લેશો?

ગાડીવાન—પાવલી, સાહેબ.

ભીખાભાઈ—અને આ ત્રણ પોટકાંનું?

ગાડીવાન—કાંઈ નહિ, સાહેબ.

ભીખાભાઈ—ત્યારે તો મહેરબાની કરી આ પોટકાં જ લઈ લો; હું તો ચાલી નાખીશ!

નાયક—(પહેરેગીરને) અહીં પડેલા બધા બૉંબ એક જ જાતના છે. ચિઠ્ઠી લાવનાર માણસ જે બૉંબ માગે તે આપજો.

પહેરેગીર—પણ હજુર, એ માણસ છેક નીચેનો બૉંબ માગે તો?

ભૂતકાળની શોધમાં

ઉત્તર ગુજરાતમાં પ્રાચીન સંસ્કૃતિ-શોધન માટે કરેલા પગપાળા પ્રવાસની લેખમાળા

સાંજે કેટલીક રખડપટ્ટી પછી ઝીંઝુવાડાના એક મંદિરમાં હું ઉતારાની ગોઠવણ કરી શક્યો. બજારમાં કોઈ વીશી જણાઈ નહિ, એટલે એક હૉટેલમાં નાસ્તો કરીને ચલાવ્યું અને આવતી કાલે આખો દિવસ ફરવાનો કાર્યક્રમ રાખેલો હોવાથી સાથે રાખવા પૂરતી ખાદ્યવસ્તુઓ બજારમાંથી લઈ ઉતારે આવ્યો. રાત્રિ શાંતિથી પસાર થઈ અને વહેલી સવારે ઊઠી નિત્યકર્મથી પરવારી કરી શહેરની પશ્ચિમે જ્યાં કચ્છનું રણ આવેલું હતું ત્યાં હું જઈ પહોંચ્યો.

નાંખી નજર પહોંચતી હતી ત્યાં સુધી શ્વેતવર્ણો સપાટ ભૂપૃષ્ઠ પથરાએલો દેખાતો હતો. સામે લગભગ બે'ક માઈલ દૂર ઝિલ્લાણુંદ બેટ તેમાં લંબાકારે સૂતેલો પડ્યો હતો. એ રણપ્રદેશમાં જ્યાં જુઓ ત્યાં ઝાંઝવાના જળ સિવાય બીજા તો માત્ર આહીંતહીં વેરાએલા નાનામોટા બેટો જ નજરે પડતા હતા. બધો વિસ્તાર જળવિહોણો હતો. જોકે અહીં જ પુરાતન કાળમાં સાગરના મોજાં ઊછળતા હતા, દેશદેશાંતરના વહાણો ઝીંઝુવાડાને બારે આવીને નાંગરતા, અને આપણા વેદકાલીન આર્ય પૂર્વજોની 'અંબિતમે, દેવિતમે' એવી મહા નદી સરસ્વતી આ ઝીંઝુવાડાને આગળ પ્રથમ સાગરસંગમ સાધતી હતી. અનેક પુરાણોએ આ વસ્તુની નોંધ લીધી છે, જેનો ઉલ્લેખ ગયા લેખાંકમાં અપાઈ ગયો છે. આ પૌરાણિક પરંપરા શાસ્ત્રીય સંશોધનની દૃષ્ટિએ કેવી ઊતરે છે તે તપાસવું અહીં કદાચ રસપ્રદ થઈ પડશે.

પુરાણો ઉપરાંત મહાભારતમાં પણ સરસ્વતી નદીના પ્રવાહની ભૌગોલિક વિગત મળી આવે છે (શલ્ય પર્વના પેટામાં ગદાયુદ્ધ પર્વમાં જુઓ બળદેવની 'પ્રતિસ્રોત સરસ્વતીયાત્રા') આ વિગત પુરાણો (સ્કંદપુરાણ, પદ્મપુરાણ અને સરસ્વતીપુરાણ)માં આપેલી સરસ્વતીને કાંઠે આવેલા તીર્થોની યાદીથી આટલે અંશે જુદી પડે છે કે પુરાણોએ ઉત્તર ગુજરાત તથા રજપુતાનામાં આવેલા સરસ્વતી-કાંઠાના તીર્થોની જે યાદી આપી છે તે મહાભારતમાં નથી. તેનું કારણ મને તો એ લાગે છે કે મહાભારતના રચનાકાળ સમયે (ઈ. સ. પૂર્વ બીજે–ત્રીજે સૈકે) ઉત્તર ગુજરાતની સરસ્વતી કે જે પ્રાચી સરસ્વતી કહેવાય છે તે પ્રસિદ્ધિમાં આવી નહોતી. તે વખતે એ પ્રદેશમાં ધર્મારણ્યના ગાઢ વનો આબાદ થએલા નહોતા. ગુજરાતને આંગણે બે સરસ્વતીઓ છે. પહેલી આ ઉત્તર ગુજરાતની અને બીજી કાઠિયાવાડમાં પ્રભાસપાટણવાળી. એમાં છેલ્લી સરસ્વતીની વિગત મહાભારતમાં એવી મળી આવે છે કે બળદેવે પોતાની 'પ્રતિસ્રોત (નદીમુખથી તેના સ્રોત તરફની) સરસ્વતીયાત્રા' પ્રભાસતીર્થથી શરૂ કરી હતી. ત્યાંથી એ તેના કાંઠે સુરાષ્ટ્રની સીમામાં આવેલા [illegible] ચમસોદ્ભેદથી સીધા રજપુતાના અને પંજાબને સીમાડે રણના રણમાં અદૃશ્ય થતા હાકરાનદીના કાંઠે વિનશનતીર્થ જઈ પહોંચ્યા હતા. (મનુસ્મૃતિ તથા બૌધાયન ધર્મસૂત્રમાં વિનશનતીર્થ કે જ્યાં સરસ્વતી રણમાં સુકાતી હતી તેની ભૌગોલિક સ્થિતિ દર્શાવવામાં આવી છે) મહાભારતમાં મળતી સરસ્વતીની આ ભૌગોલિક વિગત ઉપરથી સ્પષ્ટ થાય છે કે તે સમયે સરસ્વતી નદીમાં બે નદીઓનો સમાવેશ કરવામાં આવેલો હતો. પહેલી તે શિવાલિક પર્વતમાળામાંથી નીકળનારી હાલની 'સરસુતી' નદી કે જે કુરુક્ષેત્ર, પિહોવા (પ્રાચીન પૃથૂદકતીર્થ), હિસાર વગેરે નગરો પાસેથી પસાર થઈ, હનુમાનગઢ (બીકાનેર રાજ્ય) આગળ અંતમ નદીને પોતાના પ્રવાહમાં



સમાવતી, પછી આગળ હાકરા નદીના નામે પ્રસિદ્ધ થઈ અહમદપુરથી થોડેક આગળ પંજાબ અને સિંધના સીમાડે બહાવલપુર રાજ્યમાં થરના રણમાં અદૃશ્ય થાય છે; પરંતુ કેટલાક માઈલના અંતર પછી ઉત્તર સિંધમાં રોહડીની પશ્ચિમે ફરી પ્રગટ થઈ મહિરાન (સંસ્કૃત મહાર્ણવ) નામ ધારણ કરી ઉમરકોટથી થોડે દૂર પશ્ચિમેથી પસાર થતી એને પુરાણ નામથી કચ્છના મોટા રણને પશ્ચિમોત્તરે આવીને મળે છે. હાલ એ નદીનો પ્રવાહ હનુમાનગઢ સુધી જ ચાલુ રહે છે અને ત્યાંથી તે એના મુખ સુધી એનો પટ પુરાતન કાળથી સુકાએલો પડ્યો છે. આ પટની વિશેષતા એ છે કે તેની પહોળાઈ સિંધુ નદીના પટ કરતાં વધુ છે અને ઉત્તર રજપુતાનામાં તો તે ક્યાંકક્યાંક ચારથી છ માઈલ જેટલી છે. આ જ નદી તે ખરેખરી વૈદિક કાળની સરસ્વતી હતી. બીજી નદી કે જેને મહાભારતની સરસ્વતી નદીમાં સમાવવામાં આવી છે તે કાઠિયાવાડમાંની પ્રભાસપાટણવાળી સરસ્વતી છે. મહાભારતકારે આ બન્ને સરસ્વતીઓને ભેગી કરી તેને પ્રભાસને આગળ પશ્ચિમ સમુદ્ર (અરબી સમુદ્ર)ને મળતી દર્શાવી છે, અલબત્ત, ભૌગોલિક દૃષ્ટિએ કોઈ પણ રીતે એ બન્ને નદીઓના પ્રવાહોને સાંકળી શકાય તેમ નથી.

સ્કંદ, પદ્મ અને સરસ્વતી પુરાણોમાં મળી આવતી સરસ્વતી નદીની વિગત પ્રમાણે એ નદી કુરુક્ષેત્ર પછી મત્સ્યદેશ (જયપુર રાજ્ય)ની પાટનગરી 'વિરાટ' (હાલનું બેરાટ) પાસેથી પસાર થતી પુષ્કર આવતી હતી. ત્યાંથી ખર્જુર વનમાં નંદા (આધુનિક લૂણી)નું નામ ધારણ કરી, અર્બુદગિરિ (આબુ) નજીક પ્રાચી સરસ્વતી (ઉત્તર ગુજરાતની સરસ્વતી–કુંવારકા) કહેવાતી હતી, ઋણ (કચ્છનું નાનું રણ)માં ઝિલ્લાણુતીર્થ (ઝિંઝુવાડા) પાસે આવી, ત્યાંથી સુરાષ્ટ્રમાં પ્રવેશી, ગરુમહેન અને ખદીરામોટ પર્વતોમાં પ્રગટ થઈ, પ્રભાસને આગળ પશ્ચિમ સમુદ્રમાં સમાઈ જતી હતી

સરસ્વતી વિષયી મહાભારતની પરંપરા તપાસતાં જણાય છે કે મહાભારતકારે એ નદીઓને એકમેક કરી નાખી છે, જ્યારે પુરાણકારોએ તેથી પણ આગળ વધી હાલી ને કુવારમાં સરસ્વતીના પ્રવાહ સાથે તેને દીપાવે છે. આ નદીનો પર્યાય કહેવા ખાતર વિનશન-ના સરસ્વતીના પ્રવાહને ગુપ્ત માનવામાં આવ્યો છે. આ બધી આર્ષેતિહાસિક દંતકથાઓ તપાસતાં જણાય છે કે જુદાજુદા કાળોમાં સરસ્વતી નદીઓની સંખ્યામાં વધારો થયા કર્યો છે. આપણા કેટલાક આધુનિક પંડિતો સરસ્વતી નદીની પૌરાણિક આખ્યાયિકાઓ વિચાર ન કરતાં એ દંતકથાને ખરી માની લઈ એવા વિધાનો કર્યા છે કે સરસ્વતી નદી હિમાલયમાંથી નીકળી, કુરુક્ષેત્ર પાસેથી પસાર થઈ, પછી રજપુતાનામાં થઈને વહેતી હતી, અને ત્યાંથી ભરૂચ-આગળ સુધી વહેતી હોઈ હાલની ઉત્તર ગુજરાતની સરસ્વતી (કુવારકા) રૂપે કચ્છના નાના રણને મળતી હતી. વળી આ મારવાડ થઈને જ આવે એમ તેને ગુજરાતના અભ્યાસમાં [illegible] પાસે સાગરસંગમ આપતી લખી છે. આ વિધાનો ખાસ કોઈ આધારભૂત છે. એ બધા વિસ્તારમાં નદી કયા વહેતી સરસ્વતીનો ભૂમિભાગ પર દેખાતો નથી, બલ્કે તેમાં અપૂર્વ-ભૂમિની રચનાદિ એ વાત ખરી ઠરતી. આ ભાગની લીધેલા માહિતીમાં તો અરવલ્લી અને નીચેની પર્વતમાળાઓ આડી પથરાયેલી પડી છે. એ પર્વતમાળાઓને વીંધીને સરસ્વતીના પ્રવાહ આવતા હોઈ શકે તેમ છે નહિ ને વળી એ પર્વતમાળામાં સરસ્વતીનો પ્રવાહ ભૂંસાઈ જવાથી કોઈ કુદરતી આકસ્માતથી [illegible] હોય તે પણ શક્ય નથી.

સરસ્વતીના પ્રવાહના [illegible] ઉપર ઋગ્વેદનું ખાસ આધિકારિત ને વાક્ય [illegible] પણ કેટલીક અને એનો પુરાતની મુખ્ય પહેલાં [illegible] ને બ્રહ્મદેશ, અનોખા તથા આદિત્ય વિષયક તેમજ અન્ય પ્રમાણની વિચારણા પછી હું એવા નિર્ણય પર આવ્યો છું કે ગુજરાતને આપણે વૈદિક સરસ્વતીનો પ્રવાહ કદી મળ્યો નથી. વળી, તે ગુજરાતના [illegible] અમુક ભાગના ઋગ્વેદમાં રહેવાનો હતો. ખરી વસ્તુ એ બની લાગે છે કે આર્ય પ્રજાની સાથે આવી નદી સરસ્વતી અમુક કુદરતી બનાવોને લઈ સુકાયા પછી તેની યાદગીરી તાજી રાખવા પાછળથી અનેક નદીઓને એના નામો આ-પવામાં આવેલા છે. આ વસ્તુની નોંધ મહાભારતમાં મળી આવે છે.

ઋગ્વેદમાં સરસ્વતીની જે કંઈ વિગતો મળી આવે છે તે તપાસતાં જણાય છે કે એ નદી વૈદિક આર્યોને જાણીતી એવી બધી નદીઓમાં સૌથી વધુ મોટી અને વિશાળ હતી અને તેના પ્રવાહને પર્વતોથી માંડી સમુદ્ર સુધી અખંડ વહેતો જણાવેલો છે. વળી ઋગ્વેદમાં સર-સ્વતીને યમુના અને શતુદ્રી (સતલજ)ની વચ્ચે વહેતી જણાવી છે. આ ઉપરથી ફલિત થાય છે કે વૈદિક સરસ્વતી તે હાલ આ બંને નદીઓની વચ્ચે પંજાબમાં વહેતી 'સરસુતી' નદી જ છે જે આજ લઈ ધગ્ગરના નામથી પ્રસિદ્ધ થાય છે. આ નદીને હાલ ફક્ત વર્ષાઋતુ છે અને તેનો સૂકો પટ પનીઆળાના રણથી માંડી કચ્છના રણ સુધી ચાલ્યો જતો આજે પણ દેખાય છે. અહીં નોંધપાત્ર વાત એ છે કે સરસ્વતીને જે 'સમુદ્ર' સુધી ગણવી વર્ણવી છે તે સમુદ્ર 'કચ્છનો રણ ભાગ' હતો. ઋગ્વેદમાં મળતી સરસ્વતીની વિગત એ નદીને વૈદિક કાળમાં અખંડ વહેતી જણાવે છે, જ્યારે મનુસ્મૃતિ, બ્રાહ્મણ ધર્મ-શાસ્ત્ર તથા મહાભારતમાં એના પ્રવાહને ક્રમે ક્રમે ક્ષીણ (ક્યાંક વહેતો અને ક્યાંક અદૃશ્ય થયેલો) વર્ણવ્યો છે. આ ઉપરથી લાગે છે કે ઋગ્વેદ તથા સૂત્રકાળ દરમ્યાન વૈદિક સમયે સરસ્વતીનો પ્રવાહ ખંડિત થયો હતો.

(ચાલુ) અમૃતલાલ વ. પંડ્યા

મેંદીનાં પાન

[illegible] આ [illegible] મુખ પાતળ રોગીને [illegible] લોહિયાળ [illegible] મુખને પણ [illegible] જવાની તક આપીએ છીએ
નરેશ માણસોને 'ધની' આદિની રૂપમાં કહે છે, પણ હોશી માણસને તો 'દરદ' આજની રૂપમાં કહે છે
જે આદિ રાતમાં ધનવાન થઈ જવાના પૈસા પડ્યા હોય છે તે જ નરીબ રહી જાય છે

નવશીરવાન અને ડોસો

સાસાની વંશના રાજાઓને એવી ટેવ હતી કે જ્યારે તેઓ કંઈ પણ માણસના વચનથી આનંદિત થઈ જતા ત્યારે પ્રશંસા રૂપે 'શાબાશ' એવો શબ્દ મુખમાંથી નીકળી પડતો, અને તે જ સમયે ખજાનચી પેલા માણસને એક હજાર સોનામહોરો ગણી આપતો.

એકદા તે વંશનો શિરોમણિ નરેશ નવશીરવાન પોતાના માણસો સાથે ઘોડા ઉપર બેસી શીકાર ખેલવા નગર બહાર જતા હતા. ત્યાં રસ્તાની બાજુએ એક ડોસો વૃક્ષનું બીજ રોપતો હતો, તે જોઈને નવશીરવાન બોલ્યા: "અરે ડોસા! તારી આટલી ઉંમરે તું આ બીજ રોપવા બેઠો છે, પણ તેનું ફળ ખાવા પામે ત્યાં સુધી તું જીવી શકવાનો નથી. આ ઝાડ વીસ વર્ષ પછી ફળશે, ત્યાં સુધીમાં તો વખત તને ઉપાડી જવાનો. માટે શા સારુ નકામી મહેનત કરે છે?"

તે સાંભળી ડોસો બોલ્યો: "નકામી મહેનત નથી, આ તો એક વખતનો ઉતરતો આવતો વારસો છે. આગળ વડવાઓ વૃક્ષ રોપી ગયા હતા તેનાં ફળ અમે ખાઈએ છીએ. આજે આ વૃક્ષ હું રોપતો જઉં છું તેના ફળ મારા બાળકો ખાશે." આ જવાબથી આનંદિત થઈ જતાં 'શાબાશ' એમ નવશીરવાનથી બોલી જવાયું. તુરત જ ખજાનચીએ ડોસાને એક હજાર સોનામહોરો ગણી આપી.

સોનામહોરો મળવાથી હર્ષઘેલો બનેલો ડોસો બોલી ઊઠ્યો: "મારા નામદાર! આમ વડવાએ રોપેલા વૃક્ષનું ફળ મેં વીસ વર્ષે ખાધું, પણ મેં રોપેલા વૃક્ષને એક જ દિવસમાં ફળ આવ્યું."

આવા બુદ્ધિશાળી જવાબથી 'શાબાશ! શાબાશ!' એમ બે વાર રાજા બોલી ગયા. તુરત જ ખજાનચીએ ડોસાને બે હજાર સોનામહોરો બક્ષિસ કરી.

ડોસાના આનંદનો પાર રહ્યો નહિ. બે હાથ જોડી તે બોલ્યો: "જહાંપનાહ! સાધારણ વૃક્ષ તો વરસમાં એક જ વાર ફળ આપે છે, પણ મારા આ વૃક્ષે એક દિવસમાં ત્રણ વાર ફળ આપ્યાં."

ડોસાની હાજરજવાબીથી રાજાએ તેને ત્રણ વાર શાબાશી આપી ખજાનચીને ત્રીજી વાર હજાર સોનામહોરો બક્ષિસ કરવાનું ફરમાન આપ્યું અને કહ્યું: "ચાલો અહીંથી ઝટ ચાલો, નહિતર આ ડોસો મારી આખી તિજોરી ખાલી કરી નાખશે."

(ફારસી ઉપરથી) હિંમતલાલ લીલાધર ગાંધી



પંચતંત્રની વાર્તાઓ



બીજો ક્રૂરાક્ષ કહે, 'દેવ, આ તો નિર્દયતા કહેવાય કારણ શરણાગતનો વધ કરાય જ નહિ. કહ્યુ છે, કે

સ્વમાંસે ધરચે પક્ષી શરણાગત શત્રુને ।

અરિમર્દન કહે, 'એ કેમ?' ક્રૂરાક્ષ કહે:

કથા ૮

પ્રાણીઓના કાળ જેવો એક ઘોર શિકારી મોટા અરણ્યમા પાજરું, ફાંસો ને લાકડી લઇને વિચરતો હતો, ત્યાં સર્વે દિશા વાદળાથી કાળી થઈ, અને અનરાધાર મેઘ વરસવા મડ્યો તથા આકરો પવન વાવા માંડ્યો આથી ત્રાસ પામીને શિકારી કંપતો કંપતો એક ઝાડ આગળ આવ્યો ને બોલ્યો, 'જે કોઈ અહિ હોય એને હું શરણે છુ' એ ઝાડ ઉપર એક કબૂતર રહેતો હતો તે સ્ત્રીના વિરહથી વિલાપ કરવા માંડ્યો, 'આવું વાવાઝોડુ થયુ ને પ્રિયા આવી નહિ. એના વિના આ ઘર કેવું સૂનું લાગે છે?' આ સાભળીને પાજરામા પૂરાએલી કપોતિકા બોલી, 'હે કાન્ત, આ વાઘરી તારે શરણે આવ્યો છે એની પૂજા કર. એણે મને પકડીને પાજરે પૂરી છે એ મનમા આણીશ મા, કારણ હુ બંધમા પડી છુ તે પૂર્વે કરેલા કર્મોનુ જ ફળ છે, ને એનો એમા દોષ નથી' એ સાંભળીને કબૂતરે શિકારીને કહ્યુ, 'લુબ્ધક, તુ ભલે આવ્યો. કાંઈ સંતાપ કર મા. આ તારુ ઘર જ છે એમ જાણ' શિકારી કહે, 'હે કપોત, મને ટાઢ બહુ વાય છે, એનાથી મને બચાવ' એટલે કબૂતરે અંગારો આણીને દેવતા પાડ્યો, સૂકાં પાનથી એને ચેતવ્યો અને શિકારીને કહ્યુ: 'તુ નિર્ભયપણે તારુ શરીર શેક. ખેદ માત્ર એટલો જ છે, કે તને આપવા સારુ મારી આગળ કાંઇ ખાવાનુ નથી મે પુણ્ય કર્યું નથી એટલે મારુ ભરણપોષણ કરવુંયે મને ભારે પડે છે; અતિથિને અન્ન આપવાની તો વાત જ કેવી? તો પછી આ ક્લેશમય ઘરમા રહીને મારે શું કરવુ છે? એટલે હવે એવી સાધના કરું, જેથી માગણને મારે ના ન પાડવી પડે.' આમ કબૂતરે પોતાની નિન્દા કરી, વાઘરીની ન કરી, અને કહ્યુ, 'ઘડીક ખમ, હુ હમણા તારુ તર્પણ કરુ છું'. એમ કહી એણે હર્ષપૂર્વક અગ્નિની પરિક્રમા કરી ને એમા પ્રવેશ કર્યો. કબૂતરને દેવતામા પડેલો જોઇને વાઘરી કહે, 'હુ પાપી ઘોર નરકમા પડવો છુ, પણ આ ધર્માત્મા કપોતે મને પ્રત્યાદર્શ દેખાડ્યો છે, ને પોતાનું માંસ મને આપ્યુ છે.' એમ કહીને એણે પાજરું ભાંગીને કબૂતરીને છોડી મૂકી, એવી એ પણ આગમા કૂદી પડી.

એટલે હું કહુ છુ, 'સ્વમાંસે' ઇતિ.

પછી અરિમર્દને વક્રનાસને પૂછ્યું. તે બોલ્યો, 'દેવ, આનો વધ ન કરવો, કેમ કે

પરસ્પર વઢે વાદ શત્રુઓ તે હિતાવહ ।
ચોરે જીવિત દીધું ને રાક્ષસે દીધ ગોયુગ ॥

અરિમર્દન કહે, 'એ કેવી રીતે?' વક્રનાસ કહે:

કબૂતરને દેવતામાં પડેલો જોઇને વાઘરી કહે. 'હુ પાપી ઘોર નરકમા પડવો છું'

કથા ૯

એક દરિદ્ર બ્રાહ્મણ આગળ એક ગાય હતી, તેને ચોરવાનો વિચાર કરીને એક ચોર રાતે નિકળ્યો, ત્યાં મારગમાં એને બ્રહ્મરાક્ષસ મળ્યો. રાક્ષસ પૂછે, 'તું કોણ છે?' ચોર કહે, 'હું ચોર છું, ને બ્રાહ્મણની ગાય ચોરવા જાઉં છું.' રાક્ષસ કહે, 'ઠીક હું યે ભૂખ્યો છું, એટલે એ બ્રાહ્મણને ખાવા તારા ભેળો આવું છું.'

ચોર ને રાક્ષસ એકાન્તમાં છુપાઈને રહ્યા. બ્રાહ્મણ સૂતો એટલે રાક્ષસ એને ખાવા જાય છે ત્યાં ચોર કહે, 'આ ન્યાય ન કહેવાય. પહેલાં હું ગાય છોડી જાઉં, પછી તું બ્રાહ્મણને ખા.' રાક્ષસ કહે, 'તું ગાયને છોડવા જા ને ગાય ભાંભરે તો બ્રાહ્મણ જાગી જાય; પછી હું એને ક્યાંથી ખાઉં?' ચોર કહે, 'તું બ્રાહ્મણને ખાવા જા ને એ જાગી જાય તથા બીજાને જગાડે, તો પછી હું ગાય ક્યાંથી લઉં?' આમ આ બેયનો વિવાદ થયો તેથી બ્રાહ્મણ જાગી ગયો. એને ચોર કહે, 'બ્રાહ્મણ, આ રાક્ષસ તને ખાવા ઇચ્છે છે.' રાક્ષસ પણ કહે, 'બ્રાહ્મણ, આ ચોર તારી ગાય હરવા ઇચ્છે છે.' આ સાંભળીને બ્રાહ્મણ ઊઠ્યો, સાવધાન થયો, તથા પોતાની ને ગાયની રક્ષા કરી.

એટલે હું કહું છું, 'પરસ્પર વેરે નાશ' ઇતિ.

(ચાલુ) દેસાઈ વાલજી ગોવિંદજી

છબી જાણુનાર • ૧૯

ભાઈભાઈ

મીશેલ તથા રેને કુર્તો (Courtois) બે ભાઈ ન્યૂઓર્લિન્સથી ઉત્તરે ૪૦૦ માઈલ દૂર આવેલા ગાઢા વનમાં બાપ ભેળા શિકાર કરવા ગયા. મીશેલ ૧૩ વર્ષનો ને રેને ૧૯ વર્ષનો હતો.


એક દિવસે બાપે જોયું તો છોકરાઓ પડાવમાં ન મળે. કદાચ ગયા હોય એમ ધારીને બાપ પોતાને ગામ ન્યૂઓર્લિન્સ આવ્યો, પણ છોકરાઓ ત્યાંયે નહોતા. એટલે બાપે જાણ્યું કે એ તો વનમાં ભૂલા પડી ગયા હશે.

બાપે છોકરાઓની શોધાશોધ કરી મૂકી, ત્યારે બે મહિને પત્તો લાગ્યો, ને છોકરાઓ જડ્યા. ભૂખ વેઠીને હાડકેહાડકાં જેનાં દેખાતાં હતાં એવો મીશેલ ફાટ્યાતૂટ્યા કપડે રેનેના મૃતદેહ આગળ બેઠો બેઠો ચોકી કરતો હતો.

બેય ભાઈ શિકાર કરવા નીકળ્યા, પણ પછી પડાવનો મારગ જડ્યો નહિ. બાપને ઘણા સાદ દીધા, પણ એનું ઉત્તર તો મહાકાન્તારના ભયાનક મૌને જ વાળ્યું. બેય ભાઈ ભૂખે મરવા ને ટાઢે ઠરવા મંડ્યા. અન્તે રેનેથી ડગલું યે આગળ મૂકાય એમ ન રહ્યું, એટલે એ સૂતો અને મરી ગયો.

મીશેલ ભાઈના શબ આગળ બે માસ રહ્યો. પોતે બચવા માટે પણ એણે ભાઈનો ત્યાગ ન કર્યો. ખાવા ધાતું વન, રાત્રિના ચિત્રવિચિત્ર શબ્દ અને હાજરાહજૂર મૃત્યુ,—કોનાથીયે એ ડગ્યો નહિ. ટેટા વીણીવીણી તથા મૂળિયા ખોદીખોદીને એણે પોતાના શરીરને ટાંકું આપ્યું. અને શોધવાવાળા આવી પહોંચ્યા ન હોત તો ભાઈને પડખે પોતે પણ છેલ્લી પથારી કરત.

(મીના અમેરિકા ઉપરથી) દ. વા.



પહેલું ઇનામ 'ગામડાની મઝા'—હાસમ સુતાર (નડિયાદ); બીજું ઇનામ 'વર્ષાની પરી'—વીરેન પંડ્યા (ચરિયા); ત્રીજું ઇનામ 'અમે ત્રણ'—જયકુમાર પંડ્યા (મુંબઈ); નોંધપાત્ર (૧) 'બુદ્ધદેવ'—હાકેમલાલ શાહ, અમદાવાદ, (૨) 'કુદરતની કળા'—જયંત લાલન, મુંબઈ

ગામડાની ભાગોળે, સંધ્યા સમે ધૂળમાં રમતા છોકરાનું ભાઈ હાસમ સુતારનું ચિત્ર, ફોટોગ્રાફીના ક્રિયાજ્ઞાન, સંયોજન ને વિષયની દૃષ્ટિએ આ મહિનાના બધા ચિત્રોમાં સર્વોત્તમ છે. ભાઈ હાસમે જૂના વિષયને નવી દૃષ્ટિએ સામા પ્રકાશમાં ઝડપ્યો છે. એક્સ્પોઝર, ડેવેલપમેન્ટ અને પ્રિન્ટિંગ પ્રમાણસર છે. કુદરતમાં નાચતાકૂદતા બાળકોની ગતિ માટે જરૂરી ૧/૫૦ સેકન્ડની શટર સ્પીડ વાપરી છે છતાં ચિત્રના કોઈ ભાગમાં અન્ડર એક્સ્પોઝર દેખાતું નથી. ડેવેલપમેન્ટમાં પણ ખૂબ ધ્યાન અપાયું છે. બાળકોના આકારો કે ચિત્રમાંની રેખાઓ કરતાં ફક્ત વસ્તુઓના જથ્થા (tonal mass)ની સુયોગ્ય વહેંચણીથી સંયોજન આકર્ષક બને છે. આવા ગુણયુક્ત આ ચિત્રમાં પણ કેટલીક એવી ત્રુટીઓ નજરે પડે છે જે નિવારી શકાઈ હોત. Pin holes—નેગેટિવમાંના બારીક છિદ્રો પૂર્યા નથી. પશ્ચાદ્ભૂમિમાં ઝાડીમાંથી ડોકિયાં કરતા આકાશને એન્લાર્જિંગમાં થોડું વધુ ઇન્ક્લોઝ આપી પ્રિન્ટ કાઢ્યા બાદ પેન્સિલ કે સ્પોટિંગમાં વપરાતા ચારકોલની ભૂકીને રૂ વડે ઘૂંટીને નેગેટીવ સફેદ ભાગ ઝાંખો પાડવો જોઈએ.

ભાઈ વીરેન પંડ્યાનું 'વર્ષાની પરી' ચિત્ર 'સિલ્હુટ ફોટોગ્રાફી'નો સરસ નમૂનો છે. ગ્રામ્ય વિષયો વડે સુરુચિકર અને કલામય ચિત્રસંયોજન ઉપજાવવામાં જ છાયાચિત્રની સાચી ખૂબી રહેલી છે. જમણી તથા ડાબી બાજુથી અનુક્રમે ત્રણ અને ચાર ઇંચપૂર પ્રિન્ટને કાપીને ઊભી પેનલ બનાવવાથી બાલિકા ચિત્રનું કેન્દ્ર બને છે અને ચિત્રરચના સુધરે છે. પ્રિન્ટિંગમાં આકાશને ઘેરું કરવું જોઈએ.

તડકાછાયાથી ઉપજતા વિવિધ આકારોનો ઉપયોગ કરીને માટીના માટલાં જેવી નિર્જીવ અને બેડોળ લાગતી વસ્તુઓમાંથી ભાઈ જયકુમારે કલામય અને આકર્ષક ચિત્ર ('અમે ત્રણ') ઉપજાવ્યું છે. પુષ્કળ પ્રકાશ અને ઘેરા પડછાયાથી ભરપૂર વિષય લેવા માટે એક્સ્પોઝર તથા ડેવેલપમેન્ટ પર અસામાન્ય કાબૂ જોઈએ. એક્સ્પોઝરમાં વધઘટ થતાં કાં તો પ્રકાશવાળા ભાગની વિગત ઊડી જાય છે, અગર છાયાવાળો ભાગ અસ્પષ્ટ આવે છે. ભાઈ પંડ્યાએ એક્સ્પોઝર અને ડેવેલપમેન્ટનું પ્રમાણ બરાબર જાળવ્યું છે.

ભાઈ હાકેમલાલના 'બુદ્ધદેવ' ચિત્રમાંની મૂર્તિનું જુદા દૃષ્ટિકોણથી લેવાએલું ચિત્ર ગયા મહિને 'એકાગ્રતા'ના નામથી પ્રસિદ્ધ થયું છે, એટલે અહીં પ્રગટ કરતા નથી. બન્ને ચિત્રોની સરખામણી કરતાં 'એકાગ્રતા' વધારે ઉઠાવદાર જણાય છે. કોઈ પણ વિષયને બેચાર જુદાજુદા દૃષ્ટિકોણથી એક્સ્પોઝર કરી પરિણામ સરખાવવાની ટેવ રાખવાથી ફોટોગ્રાફીના અનેક વિભાગનો અભ્યાસ વધે છે અને અમુક સંજોગોમાં સારામાં સારું ચિત્ર ઉપજાવવાની હથોટી બેસે છે. ભાઈ લાલનના 'કુદરતની કળા' ચિત્રમાં વિષયનું એકીકરણ નથી. આમ્ર વૃક્ષ વાદળાં, ઝાડી, મકાનો અને દરિયાના પાણીમાં પડતા પ્રતિબિંબ વચ્ચે જોનારની દૃષ્ટિ ભમ્યા કરે છે.

બલવન્ત ભટ્ટ



સંસારનાં શહેરો

૨૯–કલકત્તા

હુગલી નદીને પૂર્વ કિનારે છ માઈલમાં પથરાએલું બંગાળનું આ પાટનગર, ૧૯૧૨માં હિંદની રાજગાદી દિલ્હી ખસેડવામાં આવી ત્યાં સુધી સમસ્ત હિંદની રાજધાની અને શાહાનશાહીસૂબાવાઈસરૉયનું નિવાસસ્થાન હતું. દરિયાકિનારાથી માત્ર ૮૦ માઈલ દૂર અને તે પણ નૌકાવ્યવહારની સગવડવાળી નદીને કાંઠે આવેલું હોવાથી ગંગા અને બ્રહ્મપુત્રાના સમૃદ્ધ મુખપ્રદેશના વેપારના ધામ તથા હિંદના અગ્રણી પ્રવેશદ્વાર તરીકે એ નગરની મહત્તા ઘણી છે.

યૂરોપ અને દૂર પૂર્વને મધરસ્તે આવેલું એનું બંદર પૂર્વ ને પશ્ચિમના વેપારનું સંગમસ્થાન છે અને હુગલી નદીના કિનારા પર પથરાએલી એની ભરચક બંદરગાહમાં વેંઢનની હરીફાઈ કરે એવી વહાણોની ઠઠ રાતને દિવસ જામેલી રહે છે ચિતપુર, માણેકતલા, ગાર્ડન રીચ વગેરે પરાઓ સહિત એ શહેરનો વિસ્તાર ૪૨ ચોરસ માઈલનો છે અને હાવરા સહિત એની વસ્તી લગભગ ૧૮ લાખની થવા જાય છે, જે બ્રિટિશ સામ્રાજ્યમાં બીજે નંબરે ગણાય છે.

નદીને સામે (પશ્ચિમ) કિનારે આવેલું હાવરા કંઈ નાથી ધીકતું મથક છે અને એ જંગી રેલવેલાઇનોનું સંગમસ્થાન છે, જે ઉત્તર પશ્ચિમ અને દક્ષિણ હિંદના સમસ્ત વેપારને આ નગરમાં કેન્દ્રિત કરે છે હાવરા અને કલકત્તાને જોડનો હુગલી પરનો સવા પંદરસો ફૂટ લાંબો પૂલ એ કેવળ તરતો પૂલ છે કલકત્તા શહેરને હુગલીનું પાણી પૂરૂં પાડતો લોખંડનો વિશાળ જળાગાર દુનિયામાં બીજા નંબરનો ગણાય છે.


વસ્તીનો ૫૩ ટકા ભાગ બંગાળીઓનો છે, સ્ત્રીઓ કરતાં પુરુષોની સંખ્યા બમણી છે, અને અરધી જ વસ્તી લખીવાંચી જાણનારી છે. આ વિચિત્રતાનું કારણ એ છે કે વસ્તીનો મોટો ભાગ અહીંના કારખાનાંઓમાં કામ કરવા આવેલા બહારગામના મજૂરો, કામદારો અને વેપારીઓનો છે તેમાંના ઘણાખરા દૂરદૂરનાં પરાઓમાં રહે છે. એનો ખ્યાલ એટલા ઉપરથી આવશે કે રેલવે ટર્મિનસની સીઝન ટિકિટો ધરાવનારાઓની સંખ્યા જ અહીં ત્રણ લાખની છે'

હવા ગરમ અને ભેજવાળી છે અને ગઈ કાલ સુધી તો અહીંના હવાપાણી અનારોગ્યકારક હતા, પણ ગટર અને શહેરસફાઈના સતત પ્રયત્નો પછી અહીંની જાગ્રત મ્યુનિસિપાલિટી આજે શહેરને આરોગ્યમય બનાવી શકી છે

કલકત્તાનો ઇતિહાસ બહુ પુરાણો નથી. ઇ ૧૫૯૬માં શાહાનશાહ અકબરના ફરમાનથી થએલી મહેસૂલમોજણીમાં વેરો ભરનારા ગામડા તરીકે તેની નોંધ મળે છે પણ ૧૬૯૦ના ઑગસ્ટની ૨૪મી તારીખે ઇસ્ટ ઇંડિયા કંપનીના જૉબ ચાર્નોકે સુતાનટી નામના ગામડામાં કંપનીની કોઠી નાખી ત્યારથી આ શહેરનો પાયો નખાયો ગણાય તરત જ તેનો વિસ્તાર કાલિકાટા ગામડા સુધી લંબાયો ને ૧૬૯૬માં નવાબની અનુમતિથી ફૉર્ટ વિલિયમનો કિલ્લો બાંધીને ૧૬૯૮માં કંપનીએ ઔરંગઝેબના શાહજાદા આઝિમ પાસેથી સુતાનટી, કાલિકાટા અને ગોવિંદપુરના ત્રણે ગામડાં ખરીદી લીધા.

ભવિષ્યમાં ઉત્કૃષ્ટ બંદરગાહ બની શકે એવા આ સ્થાનનો કબજો મેળવી લેવામાં પાકી દક્ષતા અને દીર્ઘદૃષ્ટિ રહેલી હતી એક બાજુએ ફૉર્ટ વિલિયમની કિલ્લેબંધીથી અને બીજી બાજુએ નદીના વહાણગાહથી સુરક્ષિત એ નગરમાં અંગ્રેજોએ, મુઘલ રાજ્યના અંધાધુંધી ભર્યા અંતકાળ અને મરાઠાઓના આક્રમણના સમયોમાં પોતાનો બચાવ પણ કર્યો અને વેપાર પણ જમાવ્યો કલકત્તાના ઇતિહાસમાં કોઈ નોંધપાત્ર બનાવ હોય તો તે ૧૭૫૬માં સિરાજુદ્દૌલાએ ફૉર્ટ વિલિયમનો કબજો લીધો તે પણ ૧૭૫૭માં મદ્રાસથી ઊપડેલા ઍડમિરલ વૉટસન ને કર્નલ ક્લાઈવના કાફલાએ તેના પર આક્રમણ કર્યું અને એ વર્ષની ૨૩મી જૂને પલાશીના યુદ્ધમાં મીર જાફરને ફોડીને સિરાજુદ્દૌલાને હરાવી એ શહેરનો ફરી કબજો લઇ હિંદુસ્તાનના ઇતિહાસમાં અંગ્રેજી રાજ્યની મેખ મારી.

એ જ વર્ષમાં ક્લાઇવે હાલના ફૉર્ટ વિલિ-




Wharves by the Hoogli River which flows through Calcutta



Government House Calcutta



A view showing the Post Office.



ઉપર: કલકત્તા વચ્ચે થઈને વહેતી હુગલી નદી પરની વખારોની હાર, જે વહાણની ટ્રૅફિકની ભીડમાં ભરી ભરી રહેલ છે. વચ્ચે: ગવર્નમેન્ટ હાઉસ અને પોસ્ટ ઑફિસ, નીચે: પોતાની અદ્ભુત કારીગરીથી પંકાતું ભવ્ય જૈન મંદિર

પાયો નાખ્યો, જે ઈ. ૧૭૬૩માં પૂરો થયો. જરા ઊંડાણ ભાગવાળા એ કિલ્લાને ૭ દરવાજા છે અને તેની સન્મુખ બે ચોરસ માઈલના વિસ્તારના મેદાનમાં બંગાળના ગવર્નરનું નિવાસસ્થાન, ગવર્નમેન્ટ હાઉસ, હાઈકોર્ટ, ઇમ્પીરિયલ મ્યુઝિયમ, ટાઉનહૉલ, વિક્ટોરિયા મેમોરિયલ આદિ જાણીતાં મકાનો તેમજ ઈડન ગાર્ડન તથા અનેક વ્યક્તિઓનાં બાવલાં વગેરે આવેલાં છે, જેમાં ૧૬૫ ફીટ ઊંચો ઑક્ટરલોનીનો મિનારો પણ છે. નેપાળના વિજેતા જનરલ ઑક્ટરલોનીના સ્મરણમાં તે ઊભો કરવામાં આવેલો.

કલકત્તાભરમાં સૌથી મનગમતું વિક્ટોરિયા મેમોરિયલ તેના આરસના ભવ્ય ઘુમ્મટ અને વિશાળ વિસ્તારથી એને પડખે આવેલા ૨૭૦ ફૂટ ઊંચા મિનારાવાળા સુંદર કૅથેડ્રલને પણ ઢાંકી દે છે. લૉર્ડ કર્ઝન તેના નિર્માતા. ૧૯૨૧માં એ ખુલ્લું મુકાયું. એમાં હિંદી ઇતિહાસને મૂર્તિમંત કરતાં દસ્તાવેજો ચિત્રો આદિ સામગ્રી સંઘરેલી છે.

મેદાનની સામે બે માઈલ સુધી ચૌરંગીનો જાણીતો રાજમાર્ગ વિસ્તરેલો છે જેની બંને બાજુએ મહાલયો શા મકાનોની હારો ખડી છે જેના પરથી કલકત્તાનું નામ 'સિટી ઑફ પૅલેસિઝ' પડ્યું. એ આ મહાલયોમાં આજે તો હૉટેલો, ક્લબો અને જૂની દુકાનો આવેલી છે.

શત્રુ કરવા વિષે

શ્રી અનંત કાણેકરનો નિબંધ

પૂનામાં અમારા ગણુકાકાના એક મિત્ર છે. એમને કદિ જ કોઈની સામે મતભેદ નથી થતો. અથવા ખરૂં કહીએ તો, કોઈની જોડે મતભેદ કરવાની એમને ઇચ્છા જ નથી થતી. એકવાર તેઓ ઉતાવળે સ્ટેશને જતા મને દેખાયા. મેં અમસ્તા જ એમને પુછ્યું, 'કેમ અપ્પા, મુંબાઈ ઉપડ્યા કે?' જવાબમાં ચહેરા પર ઘણી જ મિઠાશ લાવી એમણે મને કહ્યું, 'હા', એમ કહેવામાં વાંધો નથી. જોકે અત્યારે તો જઉં છું રેલ્વેના એક અધિકારીને મળવા, પણ બેચાર દિવસમાં મુંબાઇ જવાનો ખરો જ!"

એટલે એ વખતે તેઓ મુંબાઈ નહોતા જતા; પણ મારી જોડે [illegible] ન કરવો એવા પવિત્ર હેતુથી એમણે પહેલાં તો હા પાડી; પછી પોતે મુંબાઇ જતા નથી, પણ રેલ્વે અમલદારને મળવા [illegible] છે એ સાચી પરિસ્થિતિનો એમણે ધીરે રહીને પણ બીતાબીતા [illegible]ને બચાવ કરાવ્યો, પણ આટલા નાના મતભેદથી મારૂં મન કદાચ દુભાય એમ માની પોતે ત્રણચાર દિવસમાં મુંબાઇ જવાના છે જ એવું ખાત્રીપૂર્વક આશ્વાસન આપી એમણે મને સાંત્વન આપ્યું!

બીજા જોડે સહમત થવા માટેની એમની આ અજબ તત્પરતા ઘણીવાર હાસ્યાસ્પદ પણ બને છે. એકવાર વાતવાતમાં ગણુકાકાએ ગુસ્સે થઇને એમને કહ્યું, 'તું તો સાવ નવેંડો છે, અપ્પા!'

'હશે ભાઇ; હું ના નથી કહેતો. પણ એ બાબત તું આટલે મોટેથી બરાડા ન પાડે તો સારૂં.' એમણે કહ્યું.

જ્યારે, મારા એક બીજા મિત્રનો સ્વભાવ આનાથી તદ્દન ઊંધો છે. દરેક વાતમાં સામા માણસ જોડે એ મતભેદ જ કર્યાં કરે છે. ધારો કે કોઈ એને કહે કે અમુક સ્થળે અહીંથી પાંચ મિનિટમાં જવાય, તો ઝટ લાગલા જ એને સંભળાવે કે 'ના, તમારી ભૂલ થાય છે. ત્યાં જતાં સાડાપાંચ મિનિટ થાય!'

કોઇને લેશમાત્ર પણ સંતોષ ન લેવા દેવો એવો એણે જાણે કે નિશ્ચય જ કર્યો છે. અને આથી ઠેરઠેર શત્રુ કરવા એ એનો હવે સ્વભાવધર્મ થઈ ગયો છે. વગર લેવેદેવે પણ લોકોનાં દિલ દુભવવામાં કે કોઇની નિર્દય મશ્કરી કરવામાં એને જાણે આનંદ આવે છે. પણ એને પરિણામે પોતે બીજાના મન દુભાવીને જ્યાંત્યાં શત્રુ નિર્માણ કરે છે, એનું એને ભાન સરખું નથી થતું.

અને આટલેથી જાણે પતતું ન હોય તેમ, લોકો પોતાની જોડે ઠીક વર્તતા નથી, પોતાના વિરોધીઓની સંખ્યા વધી ગઇ છે, પોતાને કોઇ સારા ગણતું નથી એવી ફરિયાદ એ ભાઈ કર્યાં કરે છે.

આથી એકવાર તો મેં એને સીધું સમજાવ્યું પણ ખરું કે 'લોકો તને સારો ગણે, લોકો તારાં વખાણ કરે ને તને સુખ થાય એવી જેમ તારી ઇચ્છા છે, તેમ લોકોને પણ તારા જેવું જ ગમતું હશે એનો વિચાર કેમ કદિ ભૂલેચૂકે યે તારા મનમાં આવતો નથી? લોક પાસે સારા કહેવડાવવામાં તને જો આનંદ થતો હોય, તો તારે પણ લોકોને સારા કહેવા ન જોઇએ?' ભાઇ આ કહેવું એ સમજે છે ખરો, પણ હવે એનો સ્વભાવ બદલાતો નથી!

આ બાબતનો વિચાર કરતાં અપ્પાના હાસ્યાસ્પદ લાગતા વર્તનનું રહસ્ય હું કેટલેક અંશે સમજી શકું છું. એમને કદાચ કોઇ સારા ન માને કે ન કહે, અથવા એમને માટે કોઈ ખરાબ અભિપ્રાય દર્શાવે તો એમને ઘણું જ દુઃખ થતું હશે, અને એટલે જ આપણે કોઈને ખરાબ કહી નહિ વગોવીએ તો લોકો પણ આપણને કંઇ ખરાબ નહિ કહે એવી આશાથી બધા જોડે સહમત થવાનો અને કોઈનાં દિલ ન દુભવવાનો એમણે નિશ્ચય કર્યો હોવો જોઇએ.

અપ્પા અથવા મારો બીજો મિત્ર એ બે આત્યંતિક નમૂનાઓ છે, એટલે હું એ બંને વચ્ચેનો સુવર્ણમધ્ય સાધવાનો પ્રયત્ન કરૂં છું. મારા મનથી મેં એટલું સ્પષ્ટ કરી દીધું છે કે મને કોઇ સારો કહે તો મને આનંદ થાય છે, અને ખરાબ કહે તો દુઃખ થાય છે, એટલે બને ત્યાં સુધી કોઈને ખરાબ કહેવા નહિ અને એવી રીતે આપણી જાતને ખરાબ કહીને આપણા જીવનની અમુક ક્ષણો દુઃખી કરનારા શત્રુ પેદા કરવા નહિ. હા, જો કઠોરતાથી મતભેદ પ્રદર્શિત કરવાથી કોઈનું ભલું થતું હોય અથવા કટુ સત્ય સ્પષ્ટતાથી ન બોલવાથી દુનિયાનું મોટું નુકસાન થવાનું હોય તો જ કોઇનું મન દુભવવા હું પ્રેરાઉં છું અને આટલું કર્યાં પછી પણ કોઈ મારી જોડે શત્રુત્વ જ કરવા માંડે તો બધી શક્તિઓ એકઠી કરી તેનો સામનો કરવામાં અને મારાથી બની શકે તો એને ધૂળ ચાટતો કરી વિજયોત્સાહનો આનંદ માણવામાં હું જરાય આનાકાની નહિ કરૂં!

પણ મારી આ ફિલસૂફી જ્યારે હું મારા મિત્રોને સમજાવું છું ત્યારે કેટલાક મને ચીડવવા કહે છે, 'કેવું વિશાળ છે તારૂં મન! ચોક્કસ આગળ જતાં તું મહાત્મા થવાનો!'

મારો જવાબ હમેશાં તૈયાર જ હોય છે: 'મારી આ ફિલસૂફીમાં નથી મોટાઈ કે નથી મનની વિશાળતા. એમાં તો મારો ખુલ્લેખુલ્લો સ્વાર્થ જ છે. નાહક શત્રુઓ ઊભા કરી આપણા જીવનની થોડીક ક્ષણ શા માટે દુઃખી કરવી?'

વસન્ત જોષી

બૉંબથી બચવાના ઉપાય

જુદી જુદી જાતના બૉમ્બ અને તેમની વિધ્વંસનશક્તિ વિષેની માહિતી ગયા અંકમાં આપી. સાધારણરીતે મોટા શહેરો પર હાઇ એક્સ્પ્લોઝિવ મીડિયમ કેસ બૉમ્બ ફેંકવામાં આવતા નથી, કારણકે તે બહુ ખર્ચાળ છે. વળી તેનું વજન ઘણું હોઇ ને વિમાનમાં સહેલાઇથી લઇ જઈ શકાતા નથી; માટે જ મોટા શહેરો ઉપર ફ્રૅગ્મેન્ટરી બૉમ્બ જેવા નાના બૉમ્બ જ ફેંકવામાં આવે છે.

હવે બૉમ્બહલ્લા વેળા રક્ષણ માટે શું કરી શકાય તે વિચારીએ.


બહુ જ ઊંચાં અને મહેલ જેવા ભવ્ય મકાનો આજના વિમાનયુગમાં ઉપયોગના નથી એ તો દેખીતું છે. જમીન નીચે તૈયાર કરેલાં દર જેવાં આશ્રયસ્થાન (શેલ્ટર્સ) જ રક્ષણ કરી શકે છે. પણ માણસ કંઇ ઉંદરની માફક ચોવીસે કલાક દરમાં ન રહી શકે. તેથી ઘર, કારખાનાં, રમતગમતનાં મેદાનો, બાગબગીચા, થીએટરો, મોટી રસ્તાઓ એ બધાની નજીક શેલ્ટર્સ કરવાની જરૂર છે, જેથી રોજિંદો વ્યવહાર ચાલુ રહી શકે ને હલ્લા વખતે તેમાં દોડી જઇ આશ્રય લઇ શકાય.


સાર્વજનિક સ્થળોમાં બંધાવેલા શેલ્ટર્સ બહુ મોટા હોવા જોઇએ. વળી તેમાં કેટલો વખત રહેવું પડશે તે નક્કી ન હોવાથી તેમાં શુદ્ધ હવા, પીવાનું પાણી વગેરેની સગવડ તેમજ સંડાસની વ્યવસ્થા પણ કરવી જોઇએ. ખાનગી ઘર પાસેના શેલ્ટર તો, ઘરના બધા માણસોને બેસવાની જગ્યા મળી શકે તેટલા જ મોટા હોય તોપણ બસ છે. અહીં તો આપણે ઘરમાં અથવા તો ઘરની નજીકમાં બાંધવામાં આવતાં શેલ્ટરની જ ચર્ચા કરીશું

ઘરગથ્થુ શેલ્ટર માટે સારામાં સારી જગ્યા ભોંયરું છે પણ જૂની પદ્ધતિથી બાંધેલા ભોંયરા નકામા થઇ પડે છે. કારણકે કદાચ ઉપરની ઈમારત જમીનદોસ્ત થઇ જાય તોપણ ભોંયરાનો ઉપલો ભાગ પડે નહિ તેટલો મજબૂત હોવો જોઇએ. વળી ભોંયરામાં ઝડપથી જઈ શકાય તેટલા માટે ઘરની બહાર ન જતાં અંદરથી જ જવાનો માર્ગ હોવો જોઇએ. ખુલ્લા મેદાનમાંના શેલ્ટરની દીવાલને આજુબાજુ પડતા બૉમ્બની કણીઓની ભીતિ હોય છે તે ભોંયરાને હોતી નથી. ભોંયરું જૂની પદ્ધતિનું હોય તો રીઈન્ફોર્સ્ડ કૉંક્રીટની દીવાલો અને ગર્ડર મૂકીને તેનો ઉપલો ભાગ મજબૂત કરવો જોઇએ.

નવાં મકાન બંધાવનારાઓએ જમીનની નીચે એક ભોંયરું અવશ્ય બંધાવવું જ જોઇએ. ભોંયરાનો બીજો પણ એક લાભ છે. બૉમ્બ ફાટવાથી હવાનું દબાણ પહેલાં એકાએક વધીને પછી તદ્દન ઓછું થઇ જાય છે અને તેને પરિણામે બહારની દીવાલો પડી જવાનો ભય રહે છે. પણ ભોંયરાની બહારની બાજુ તો જમીન નીચેની માટીથી રક્ષિત હોય છે તેથી તેની બાજુઓને કંઈ પણ ભય રહેતો નથી. ભોંયરું મકાનના મધ્ય ભાગ નીચે જ રાખવું એ વધારે સહીસલામતીભરેલું છે. પાણીની ટાંકી નીચે અથવા કોઈ પણ વજનદાર ભાગ નીચે ભોંયરું ન હોવું જોઇએ. હવા તથા પ્રકાશ માટે એકથી દોઢ ઇંચ જાડા પોલાદના બારણાં રાખી શકાય. બૉમ્બની અસરથી કાચ ફૂટી જઈ અંદરના માણસોને ઇજા ન પહોંચાડે માટે બારણાં વાયરગ્લાસના રાખવા. વાયરગ્લાસ તૈયાર કરવી વખતે તેમાં લોખંડના તારની જાળી બેસાડેલી હોય છે જેથી કાચ ફૂટે તોપણ જાળીને લીધે તેના કટકા જ્યાં ને ત્યાં જ લટકતા રહે છે; છૂટા પડી પસરતા નથી. ભોંયરાના પ્રવેશદ્વારમાં અને બારીઓમાં, ઝેરી વાયુથી રક્ષણ કરવા માટે ખાસ તૈયાર કરવામાં આવતી જાળી બેસાડવી જોઇએ. તે વ્યવસ્થા ન થઈ શકે તો અંદરના પ્રત્યેક માણસ પાસે ગૅસ-માસ્ક હોવો જોઇએ. કદાચ ઉપરની ઈમારત ભોંયરા પર પડે અને દાદર તૂટી જાય અથવા કોઈ પણ કારણને લીધે દાદરનું બારણું ઉઘાડવાનું અશક્ય બને, તો બહાર નીકળવા માટે બીજો એક ચોર દરવાજો રાખવો અને તેમાંથી કણીઓ અંદર ન આવી શકે તેની ગોઠવણ રાખવી.

બારીઓ બિલકુલ ન હોય અને પ્રકાશ માટે વીજળીના દીવાની ગોઠવણ કરવામાં આવી હોય, તો માણસ દીઠ આશરે સો ઘનફૂટ જગ્યા જોઇએ, એટલે તેમાં છ કલાક બેસી શકાય. દાખલા તરીકે ૧૦×૬ ફૂટ અને ૮ ફૂટ ઊંચું ભોંયરું હોય તો અંદરની જગ્યા ૪૮૦ ઘનફૂટ થાય. તેમાં પાંચ માણસ રહી શકે. જો એકાદ બારીની અંદર ફિલ્ટર બેસાડીને અંદરની બાજુએ ફિલ્ટરમાંથી હવા શોષી લેવા માટે વીજળીનો પંખો (ભોંયરામાં) રાખવામાં આવ્યો હોય તો માણસ દીઠ ૫ થી ૬ ચોરસ ફૂટ જગ્યા જોઇએ; એટલેકે ઉપરની જગ્યામાં ૧૦ માણસ રહી શકે. ભોંયરું જેમ ઓછું પહોળું તેમ સારું. ૧૦×૮ ફૂટ કરતાં ૧૪×૫॥ ફૂટનું સારું તેના કરતાં ૧૬×૫ ફૂટનું અને તેના કરતાં પણ ૧૮×૪॥ ફૂટનું વધારે સારું. ઝેરી બૉમ્બ ફેંકવામાં આવે તો યે જમીન-





ની સપાટીથી ૨૫-૩૦ ફૂટ ઊંચાઈએ હવા શુદ્ધ હોય છે, એટલે ભોંયરાના ઉપલા ભાગમાંથી ૨૫-૩૦ ફૂટ ઊંચી નળી ઊભી કરી ઉપરની હવા અંદર લાવવાની યોજના કરી હોય તો ફિલ્ટર કે પંખાની જરૂર રહેતી નથી. પણ આવી નળી બૉમ્બહલ્લા વખતે ટકવી મુશ્કેલ છે ભોંયરામાં ભેજ ન આવે, દુર્ગંધ ન આવે અને બહારથી પાણી અંદર ન પેસે તે માટે વ્યવસ્થા કરવી જરૂરી છે

જ્યારે નવાં મકાનો બંધાવવાનાં હોય ત્યારે યોગ્ય ઠેકાણે ભોંયરાની યોજના કરવી જરૂરની છે, પરંતુ ઘરની દીવાલો હંમેશ મુજબ પથ્થરની કે ઈંટની બંધાવીને માળ ઉપર માળ ચડાવીને વજન વધારવાને બદલે ઠેકઠેકાણે પોલાદના થાંભલા અને ગર્ડર ઊભા કરી તેનું, અથવા તો રીઇન્ફોર્સ્ડ કૉંક્રીટના થાંભલા અને ગર્ડરનું, ચોકઠું બનાવવી વચ્ચે સામાન્યરીતે થાય છે તેમ પથ્થર તથા ઈંટનું ચણતરકામ થવું જોઈએ આથી ઉપરનો બધો ભાર થાંભલા પર જ આવે અને બૉમ્બથી એકાદ ભીંત પડે કે મકાનનું ચોકઠું જરા નમી પડે તોપણ ઉપરનો બધો ભાર ઇમારતને ઈજા કરી શકે નહિ આપણામાં, લાકડાનું ચોકઠું બનાવવી તેમાં દીવાલો બાંધવાની જે જૂની પદ્ધતિ છે તેના જેવી જ આ યોજના છે ફક્ત લાકડકામને બદલે પોલાદી ગર્ડર અથવા રીઇન્ફોર્સ્ડ કૉંક્રીટ વાપરવામાં આવે છે તેટલો જ ફેર છે.

રહેણાકના ઘરમાં જૂની પદ્ધતિથી બાંધેલું ભોંયરું હોય તો તેને બૉમ્બહલ્લાથી સુરક્ષિત બનાવવા માટે શા શા ફેરફાર કરવા જોઈએ તે આકૃતિ ૧માં બતાવવામાં આવ્યું છે ઉપરનો મજલો અથવા તો છાપરું ગબડી પડે તો તેનું વજન ઝીલી રાખવા જેટલી મજબૂત પહેલાંની દીવાલો નહોતી તેથી રીઇન્ફોર્સ્ડ કૉંક્રીટની દીવાલો તેને જોડીને ઊભી કરવામાં આવી છે પછી પહેલા છાપરા નીચે ગર્ડર બેસાડી તેના પર રીઇન્ફોર્સ્ડ કૉંક્રીટ ઢાળવામાં આવેલ છે. અંદર ઊતરી ઉપયોગમાં આવવાના દ્વારમાં ઝેરી વાયુ પ્રતિબંધક જાળી (ફિલ્ટર) ગોઠવવામાં આવેલ છે જરૂર પડે તો છટકી જવા માટે બહારની બાજુએ એક ચોર દરવાજો રાખવામાં આવેલો છે અને ઉપર ચડીને બહાર નીકળી જવા માટે સીડી રાખવામાં આવેલી છે આ દરવાજાનો અને સીડીનો બૉમ્બથી બચાવ કરવા માટે બન્ને બાજુએ અને મથાળે રેતીના કોથળા મૂકવામાં આવ્યા છે તળિયેથી ભેજ ન આવે માટે નીચે જાડી કૉંક્રીટ ભરેલી છે સંકટસમયે જતા રહેવા માટે ભોંયરામાંથી સીડી તરફ જવા માટે જે નાનો દરવાજો મૂકેલો છે તેનું બારણું જાડા પોલાદી પતરાનું હોય છે, અથવા તો ઝેરી વાયુપ્રતિબંધક ફિલ્ટરની વ્યવસ્થા ત્યાં કરેલી હોય છે


રહેણાકના મકાનમાં ભોંયરું ન હોય તો બહારની બાજુએ ઘરને અડીને જમીન પર એકાદ નાની મજબૂત ઓરડી કેમ બનાવવી તે આકૃતિ (૨)માં બતાવવામાં આવ્યું છે ઘરની નજીકની જમીનમાં શુમારે સાડા ત્રણ ફૂટ લાંબો અને મકાનના પાયા જેટલો ઊંડો એક ખાડો ખોદવો તેની આગળ સાડા ચાર ફૂટની જગ્યા છોડી શુમારે ૫ ફૂટ લાંબો અને ૬ ફૂટ ઊંડો ખાડો ખોદવો ઓરડી ૪॥ ફૂટ લાંબી અને ૧૦ ફૂટ પહોળી જોઈતી હોય તો તેટલી જગ્યા વચ્ચે છોડી બન્ને બાજુએ એવા જ ૫ ફૂટ લાંબા અને ૬ ફૂટ ઊંડા ખાડા ખોદવા આ બધામાં જમીન સુધી કૉંક્રીટ ભરવી ત્યાર પછી ઓરડી જેટલી જગ્યા વચ્ચે ખાલી રહેવા દઈ ચારે બાજુએ ૪॥ ઇંચ જાડું ઈંટનું અને રેતી સીમેન્ટનું વાટાકામ કરાવવું અને તે ચારે બાજુએ એકેક ફૂટ થાય જેટલે તેની આજુબાજુ આકૃતિમાં જણાવ્યા મુજબ કૉંક્રીટ ભરવી આ પ્રમાણે જમીનની અંદર ૬-૭ ફૂટનું કામ થાય એટલે ઉપર એક બાંધકામ જેટલી જ જાડી કમાન ગોઠવી દેવી અને તેને મથાળે બીજો બે ફૂટ જાડો કૉંક્રીટનો થર કરવો ત્યાર પછી એક બાજુએ દોઢ ફૂટ અને બીજી એટલે કે ઘરની બાજુએ છ ફૂટ જાડી રીઇન્ફોર્સ્ડ કૉંક્રીટ ભરવી, અને તે પર ઓરડીની ત્રણે બાજુએ રેતીના કોથળા મૂકવા જરૂર પ્રમાણે તળિયે ૪॥ ઇંચ કૉંક્રીટ અને તે પર લાદી પાથરવી. અલબત્ત, ઘરની ભીંતમાંથી ઓરડીમાં જવા માટે એક દરવાજો અને જમીન પર ઊતરવા માટે પગથિયાંની વ્યવસ્થા કરવી. આ પ્રમાણેની ઓરડી બનાવવાથી તેના પર કદાચ પાંચસો કે હજાર પૌંડનો બૉમ્બ પડે અથવા તો તેના પર ઘર ગબડી પડે તોપણ અંદરના માણસોને જરાપણ ઈજા પહોંચતી નથી અંદરની બાજુએ ઈંટનું કામ કર્યું હોઈ કૉંક્રીટ ભરવાનું કામ સહેલું બને છે આવું જ કામ બહારની બાજુએ કરી બંને વચ્ચે કૉંક્રીટ ભરી હોય તો વધુ સુગમતા થાય છે.

હવે મકાનની આજુબાજુના કમ્પાઉન્ડમાં જમીનની નીચે ભોંયરું કેમ તૈયાર કરવું તેનો વિચાર કરીએ જમીનની નીચે ભોંયરું બનાવવામાં બે બાબત તરફ લક્ષ આપવાની જરૂર છે (૧) વરસાદને લીધે, અથવા તો બૉમ્બની અસરથી નળ ફાટી જાય છે તેને લીધે, ભોંયરામાં પાણી પેસી જાય તો પ્રલયકાળ જેવી સ્થિતિ થાય (૨) ભોંયરામાં જવા માટેનું બારણું, માણસ સહેલાઈથી અંદર જઈ શકે તેવું અને બૉમ્બની કણીઓથી સુરક્ષિત હોવું જોઈએ

ઘણી જુદીજુદી કંપનીઓએ તૈયાર કરેલા (ભોંયરાના) છૂટા ભાગ (Spare parts) વેચાતા મળે છે તે એકત્ર કરી, જમીનમાં ખાડો ખોદી તેમાં શેલ્ટર મૂકી ઉપર માટીનો થર પાથરી દઈએ એટલે બસ આવા શેલ્ટરમાં 'બાગમાંનો શેલ્ટર' (Booth's Garden Shelfer) ઉલ્લેખનીય છે જમીનમાં દસબાર ફૂટ ઊંડો ખાડો ખોદી તેમાં પહેલાં લોખંડી ગર્ડર અને ઍંગલ આયર્નનું ચોકઠું બેસાડી તે પર મજબૂત પતરાં બોલ્ટથી જડી દેવાં પતરાં ઉપર સીમેન્ટ કૉંક્રીટનો થર પાથરી તે પર ત્રણચાર ફૂટ જાડો માટીનો થર કરવાથી શેલ્ટર તૈયાર થઈ જાય છે જુઓ આકૃતિ (૩)માંનો ભાગ

આટલી જ સહેલાઈથી કૉંક્રીટના નળનો શેલ્ટર તૈયાર કરી શકાય છથી સાત ફૂટ વ્યાસના ૭ ફૂટ લંબાઈના રીઇન્ફોર્સ્ડ કૉંક્રીટના નળ મળે છે હિંદુસ્તાનમાં પણ હ્યૂમ પાઈપ કંપની આવા નળ બનાવીને વેચે છે જમીનમાં બારતેર ફૂટ ઊંડો ખાડો ખોદી તેમાં બે કે વધારે નળ એકત્ર કરી, જેટલી જરૂર હોય તેટલી લંબાઈનો શેલ્ટર બનાવી શકાય છે નળની ઉપર દોઢ બે ફૂટ કૉંક્રીટનો થર અને તેની ઉપર છ ફૂટ માટીનો થર કરવાથી સારીરીતે રક્ષણ થઈ શકે છે નળના એક અથવા બન્ને મુખ આગળ કૉંક્રીટના પડદા મૂકી તેમાં પોલાદી બારણાં મૂકી શકાય છે અને મુખ ઉઘાડાં રાખીએ તોપણ વાંધો નથી ખુલ્લા મુખ પાસે, કણીઓનો પ્રતિબંધ કરવા માટે, પડદા જેવી ભીંત તૈયાર કરવી જોઈએ અંદર જતી વખતે દરેક જણે પોતપોતાનો ગૅસમાસ્ક પાસે રાખી લેવો જોઈએ. આ જાતનો શેલ્ટર ઘરની બહારની બાજુએ જમીનની નીચે ગોઠવીને તેનો ઉપયોગ ભોંયરા તરીકે થઈ શકે છે

હવે જમીનની ઉપરના ભાગના શેલ્ટરનો વિચાર કરીએ આ પ્રકારના શેલ્ટરમાં લોકપ્રિયતાની દૃષ્ટિએ જોતાં ઍન્ડર્સન શેલ્ટર પહેલે નંબરે આવે છે (જુઓ આકૃતિ (૩)માં) ઇંગ્લંડમાં ૧૯૩૯-૪૦માં સાત કરોડ પૌંડને ખર્ચે છ મહિનામાં ૯ લાખ ઍન્ડર્સન શેલ્ટર તૈયાર કરી પચાવન લાખ લોકોના રક્ષણની વ્યવસ્થા કરવામાં આવી છે કુટુંબની વાર્ષિક આવક ૨૫૦ પૌંડથી ઓછી હોય તે કુટુંબને આ શેલ્ટર મફત આપવામાં આવ્યો છે, અને પચાસ કરતાં વધારે મજૂર કે સ્થળે કામ કરતા હોય તેવા કારખાનાંઓએ પોતપોતાના મજૂરો માટે શેલ્ટરની વ્યવસ્થા કરવી જ જોઈએ એવો કાયદો કર્યો.



આકૃતિ (૩) રક્ષણ માટેના જુદાજુદા પ્રકારોમાથી કયામા કેટલા ટકા નુકસાન થાય છે તેનુ પ્રમાણ દર્શાવતો આલેખ

ઍન્ડર્સન શેલ્ટર ઘરથી પંદરવીસ ફૂટ દૂર ત્રણ ફૂટ ઊંડો ખાડો ખોદી તેમા ગોઠવવામા આવે છે તે મજબૂત પતરાનો હોય છે તેની લંબાઈ સાડા છ ફૂટ, પહોળાઈ સાડા ચાર ફૂટ અને ઊંચાઈ છ ફૂટ હોય છે તેનુ વજન ૮ હન્ડ્રેડવેટ હોય છે અને તેમા ૪ થી ૬ માણસો બેસી શકે છે. વધુ માણસનો સમાવેશ કરવો હોય તો એ શેલ્ટરને જોડી ચારેક માણસ વધુ સમાઈ શકે છે. ચૅનલ આયર્નના જાડા મજબૂત પતરા બેસાડી છુટા ભાગ બોલ્ટથી જોડી કમાન જેવા આકારના શેલ્ટર ઘેર બેઠાં ગોઠવી શકાય છે ખોદેલી માટી, ઉપર પાથરવામા કામ આવે છે. એક કે બે મજલાનુ ઘર હોય તો ઘરની ઊંચાઈ જેટલે દૂર શેલ્ટર ગોઠવવો જોઈએ આ અંતર પંદર ફૂટથી વધારે હોય તો પ્રવેશદ્વાર પાસે કાચી ઈંટની અગર માટીની દીવાલ બાંધી કરચોથી દ્વારનુ રક્ષણ કરવું જરૂરનુ છે અંદર ઈંટની કે કૉંક્રિટની જમીન બનાવવી. ટ્રેન્ચમા આવા છ માણસ માટેના શેલ્ટરના આઠ પૌંડ બેસે છે. પરંતુ મુકરર જગાએ લાવીને ગોઠવવો, ફરસબંધી, છત, આગળની ભીંત રેતીની ગુણો વગેરે મળીને કુલ ખર્ચ ૧૯ પૌંડ થાય છે આવા ઘણી જાતના શેલ્ટર્સ મળી શકે છે પણ બધામાં તત્ત્વ એક જ છે

ઝેરી વાયુથી રક્ષણ કરવુ બહુ મુશ્કેલ છે ભોંયરામાં બારી હોય તો તેને ફક્ત પોલાદી બારણા રાખ્યાથી કામ સરતુ નથી. પણ બાજુની સપાટીઓમાં લાપી પૂરીને તેની તીરાડો બંધ કરવી જોઈએ દીવાલમા બારીક ચીરા પડ્યા હોય તો સીમેન્ટથી તે બંધ કરવા જોઈએ. ખાસ કરીને બહાર વાયુ હોય અને બંધ ભોંયરામા બહારથી કોઈ માણસને અંદર દાખલ કરવુ હોય ત્યારે બારણું ઉઘાડવું પડે છે, અને તેમ કરવામા જોખમ છે. માટે જ ભોંયરાનુ પ્રવેશદ્વાર અને સીડીનુ દ્વાર એ બે વચ્ચે એકાદ માણસ ઊભો રહી શકે તેવી એક ઓરડી રાખવામા આવે છે તેમા એક વખતે એક જ માણસને દાખલ કરી સીડીનું દ્વાર બંધ કરી દેવામા આવે છે, પછી ભોંયરાનુ પ્રવેશદ્વાર ઉઘાડી માણસને અંદર લઈ લઈને તે બંધ કરી દીધા પછી જ બીજા માણસને સીડીના દ્વારેથી દાખલ કરવામા આવે છે આવી ઓરડીને 'ઍર લૉક' કહે છે

પ્રજ્વલક બૉમ્બથી રક્ષણ કરવા માટે ઘર ઉપર અગાસી હોવી જોઈએ. તેના પર એકાદ ઇંચ જાડો ઍસ્ફાલ્ટનો થર હોવો જોઈએ નળિયાવાળુ છાપરૂ હોય તો છાપરાની નીચેના મેડા પર લાકડા છાણા વગેરે સહેલાઈથી સળગી ઊઠે તેવા પદાર્થ રાખવા નહિ છાપરાના લાકડકામને ફાયરપ્રુફ પેઇન્ટના એકાદ બે હાથ મારવા ઠ કમા એકાએક આગ ન લાગે એવી વ્યવસ્થા કરવી.

રક્ષણ માટે જે જુદા જુદા પ્રકાર વર્ણવવામા આવ્યા છે તે પૈકી કયા પ્રકારમા કેટલુ રક્ષણ થાય છે તેનુ પ્રમાણ આકૃતિ (૩)મા બતાવવામા આવ્યુ છે.

(પ્રા૦ ર. શ્રી દેશપાંડેના લેખને આધારે) **કેશવલાલ કા. જાની**

તાપણું . . . .

(અનુસધાન પાછળના પાન ૪૩થી)

મગન: દાદી ને દાદા કામે જશોને, એટલે પગાર લઈ આવશે

કાનો: પણ દાદા-દાદી આટલું બધુ રોતા'તા કેમ? આજ તો એમાણે ખાધુ પણ નઈ!

મણિ: તી અમે ય ક્યા ખાધુ છે? એકલા નેજ જોંઈતું છે!

કાનો: ભુખ લાગે તી ખાય નઈ? એમા પૂછવ શેની?

તાપણું સળગતુ હતુ ઓસરીમા બેઠેલા એ વૃદ્ધ આકારો બાળકોની આ વાતો સાંભળતા હતા એમના વૃદ્ધ શરીર કાંપી રહ્યાં હતા એમની નિસ્તેજ આંખમાંથી પાણી ટપકતા હતા એ હતાં બાળકોના દાદા-દાદી.

તાપણું સળગતુ હતુ ટાઢ પણ વધવા લાગી હતી 'હાલો હવે સુઈ જાવ' એવી દાદાની બુમની વાટ જોતા બ જણ તાપણા આગળ બેઠાં હતાં. વાતો થતી'તી, બંધ રહેતી'તી અને પાછી આગળ વધતી'તી. એવામાં થોડી વારની સંપૂર્ણ શાંતિનો અચાનક ભંગ કરી કાનો બોલી ઊઠયો: 'હું તો મોટો થઈશને તેંય મારામારીની નોકરી કરવા નંઈ જાઉં. મરવા કોણ જાય, હેં?'

મણિ: પણ લશ્કરમા જાય તો દસ ને બાર ને પંદર ને પચીસ ને એટલા એટલા રૂપિયા મળે

મગન: એટલા તો રામજી બાપા પણ સાથીને દીએ છે ત્યાં નોકરી નો કરીએ? મરવાનુંય નઈ ને કાઇ નઈ ભાલા યે નો વાગે, બંદુક પણ નો વાગે ને લોહી પણ નો નીકળે.

મણિ. તંઈ આટલા બધા માણસો મારામારી કરવા કેમ જાય છે? આપણા બાપાની હાર્યેહાર્યે ઓલા દૌલતભાઈ ને વનરાજભાઈ પણ ગ્યા'તા ને!

મગન: ઈ તો દેશને માટે લડવા જાવું પડે ન-? છે ને તી, દુશ્મન આપણાં ગામમાં આવી આપણાં ઘર ને ખેતર ને બધુંય લૂંટી લ્યે

કાનો. લૂંટી લ્યે તો ભલેને લૂંટી લ્યે' પણ બાપા તો મરી નો જાયને?

તાપણું સળગતું હતુ અને છેલ્લા દસકામાં નહોતુ બન્યું એવું કંઈક બન્યું ઓસરીમા બેઠેલા વૃદ્ધે વૃદ્ધાનો હાથ પોતાના હાથમા લઈ માયાળુતાથી દબાવ્યો. જાણેકે પોતાના અંતરની જ વાત નાનો કાનો બોલી ગયો હોય એવી નજરે એમણે એકમીજા સામે જોયું

તાપણું સળગતું હતું એક બાળકોની વચ્ચે અને બીજું દાદા અને દાદીના હૈયામાં એકતાપણાની ગરમી બાળકોને હૂંફ આપતી હતી; બીજા તાપણાના રાતાચોળ અંગારા બે વૃદ્ધ અંતરમાં હામ દેતા હતા

ચંદ્રલાલ પટેલ

હિંદી ખેડૂતની દુર્દશા • તેનાં કારણ અને નિવારણ

(ચિત્રદર્શન)



હિંદનો ખેડૂત ખેતરના નાના ભાગ કરી દીકરાઓને વહેંચી આપે છે જમીન, ઢોર, ઘર, ઝાડ, બધાંના તે ભાગ કરે છે, (જુઓ ડાબી બાજુનું ચિત્ર) અને એમ કરીને મંગળ ઓછું કરે છે. પછી એકલો માણસ પોતાના ખેતરમાં બધું કામ કરી શકતો નથી અને છૂટાછૂટા ટુકડામાંથી જે કાંઈ નજીવી આવક તેને થાય છે તે ખેતીખર્ચ, વ્યાજ ને કરવેરામાં તણાઈ જાય છે (જુઓ નીચેનું ચિત્ર) અને આ હાલાકીથી કંટાળીને તે ખેતર વેચી માલિકમાંથી મજૂર બને છે જ્યારે રશિયામાં



અનેક ખેડૂતોએ ભેગા મળી એકામાંથી પચાસ માઈલના ચોરસ વિસ્તારના વિશાળ ખેતરો બનાવ્યાં છે (ઉપલું ચિત્ર) અને દસ વર્ષમાં તેનો પાક અનેકગણો વધ્યો છે. હિંદનો ખેડૂત તેનો દાખલો લઈ એકસંપીથી સંયુક્ત ખેતી ન કરી શકે? ડાબી બાજુના ચિત્રમાં બતાવ્યા પ્રમાણે ચાર એકરની છૂટી જમીનના નાનકડા ટુકડામાંથી એક ખેડૂત વાર્ષિક ઉત્પન્ન માત્ર



- તેમાંથી -









('OUR INDIA') M MASANI

૨૦૦ રૂપિયા જ કરી શકે છે, અને તેમાં પણ માણસને અંતે તો કંગાલિયત જ રહે છે; જ્યારે ૧૦૦ એકર જમીન ઉપર જો ચાર ખેડૂત કુટુંબો એકસંપીથી સંયુક્તરીતે કામ કરે અને ખાતર, પાણી તથા સામાન પાછળ લગભગ ૫૦૦ જેટલા રૂપિયાનો ખર્ચ કરે અને બુદ્ધિ તથા ગણત્રી વાપરે તો વાર્ષિક ઉત્પન્ન રૂા ૫૩૩૩ આવે એવી નિષ્ણાતોએ ગણત્રી કાઢી છે (એમ મસાણીકૃત 'અવર ઇન્ડિયા' નામના પુસ્તકમાંની ચિત્રસામગ્રી અને લેખસામગ્રી ઉપરથી)



('OUR INDIA') M MASANI



મધુકરી



(પ્રતીક્ષા)

કોઈ રમે છાનુ ને છળે,
કોઈ રમે રંગ કેશુડે,
રમેરમે ગોળરે જીત, રીઝવી ચિત્ત, જોબનના કોળી,
એ ગલગલિયા ને ગેલ, સર્વને સ્હેલ ન્હોય આ હોળી!
કોકિલના કલરવ કોલે,
આગત્રની ફૂલના મ્હોલે,
આ વસંત સરખી વસંત જેની રટણામા રંગહોળી
તે યુગલક્ષ્મી સાકાર, સત્યનો સાર આપણે દ્વાર, દીપની હોળી '

— રમણિક અરાલવાળા

કાકાસાહેબ ધારપ—ન્યાસાલૅન્ડનો હીરો

અત્યંત રૂઆબદાર ચહેરો, પૂરી ઊંચાઈ, સશક્ત શરીર, શુભ્ર ગૌર રંગ, માંજરી આંખો, છેલ્લામા છેલ્લી ઢબના પરંતુ અત્યંત સ્વચ્છ કપડાને રહેણીમાં ચોકસાઇ તથા વ્યવસ્થિતપણું જોઇને ઘણા લોકો તેમને યુરોપિયન સમજી લેતા. દેખાવમા જેટલી રૂઆબદાર એટલી જ બોલવાચાલવામા પ્રેમળ ને નમ્ર એ વ્યક્તિ તે કાકાસાહેબ ધારપ પ્રસિદ્ધિનો મોહ એમને ન હોવાથી હિન્દુસ્તાન તો શું પણ એમનો મહારાષ્ટ્ર પણ એમનાથી મોટે ભાગે અપરિચિત છે.

ઇ. ૧૯૦૦ની વાત પ્રીવિયસમાં ત્રણ વખત નાપાસ થએલા અને ઘરની સ્થિતિ ગરીબ તેથી કંટાળીને પુણા બહાર ક્યાક નોકરી મેળવવા ઉત્સુક મુકુંદરાવ મુંબાઈ જવા નીકળ્યા. ઘેર વિધવા માતા, ચાર નાના ભાઇઓ, નઠોર દારિદ્રય અને તેમા પાછી મોટી બહેન વિધવા. આ પરિસ્થિતિ પર એમને વિરાગ આવી ગયો. અને યોગાયોગ એવો થયો કે ઘરથી એ બહાર નીકળ્યા તે કદી પાછા ફર્યા જ નહિ.

મુંબાઈમાં બેત્રણ દિવસપછી સરદારગૃહમાં પોતાના એક મિત્રને મળવા એ ગયા ત્યા એક પંજાબી ગૃહસ્થની નજર તેમના પર પડી. આ ગૃહસ્થ પહેલા યુગાંડા રેલવેમાં નોકરી હતા એણે મુકુંદરાવને જોઈ યુગાંડા રેલવે પર જવા તે ખુશી છે કે કેમ એ પૂછી જોયુ મુકુંદરાવ તો તૈયાર જ હતા બેત્રણ દિવસ પછી ઊપડનારી સ્ટીમર કૅનેડામા સવાર થઈ પેલા પંજાબી ગૃહસ્થે આપેલા પત્ર સાથે તે આફ્રિકા તરફ રવાના થઇ ગયા મિત્રો પાસેથી જેમતેમ પૈસા ઉધરાવીને એ ગએલા મોંબાસા ઊતર્યા ત્યારે ખીસામા રોકડા આઠ આના હતા તેમાંથી થોડીક મકાઈ ને શીંગદાણા લઇ એણે ભૂખ ભાંગી.

પણ હવે આગળ પેટ કેમ ભરવું? કાનમાં સોનાની વાળી હતી તે વેચવા એ નીકળ્યા બેત્રણ ઠેકાણે બતાવી જોઈ, પણ સોનીઓએ ના પાડી એક ઠેકાણે તો સોનીની બૈરીએ જવાબ આપ્યો, 'ચાલ ચાલ ભિખારડા! કોઇનો ચોરીનો માલ વેચવા આવ્યો છે?' પણ બીજે દિવસે એ વાળી વેચાઈ ગઇને આફ્રિકામા પહેલવહેલું જ પેટપૂર ભોજન એ પામ્યા પછી એ પગે એ નૈરોબી જવા નીકળ્યા. ત્યાં ડૉ. વિનોદ નામના એક મહારાષ્ટ્રીય ગૃહસ્થની સહાયથી એમને તાબડતોબ પચાસ રૂપિયાની નોકરી મળી ગઇ.

ઇ ૧૯૦૪મા મુકુંદરાવ 'કિંગ્ઝ આફ્રિકન રાયફલ'ની બીજી બૅટેલિયનમા કારકુન તરીકે કામ કરતા હતા ત્યારે એ બૅટેલિયન ન્યાસાલૅંડમા આવી અને એ જ ન્યાસાલૅંડમાનો તેમનો પહેલો પ્રવેશ. ૭૦૦ માઇલ લંબાઈ ને ૨૦૦ માઈલ પહોળાઈના એ પ્રદેશમા આજે પણ માત્ર ૧૪૦૦ હિંદી અને એટલા જ યુરોપિયનો વસે છે, તો આજથી ૩૫ વર્ષ પહેલા તેની શી સ્થિતિ હશે તેની કલ્પના કરો.

ઈ ૧૯૦૭મા આ બૅટેલિયન પૂર્વ આફ્રિકા પાછી ગઈ. એ ત્રણ વર્ષમા મુકુંદરાવે હોશિયાર કારકુન તરીકે સારી નામના મેળવેલી, એટલે તરત તેમને એક સ્વિસ પેઢીના જર્મન મૅનેજર ડૉઇસે રોકી લીધા

ડૉઈસ પાસે રહ્યા પછી બે વર્ષમા જ કાકાસાહેબે (પછી આ જ નામથી મુકુંદરાવ મહારાષ્ટ્રીય મંડળમા ઓળખાતા) નોકરી સાથોસાથ વેપારના શ્રીગણેશ માંડ્યા. ત્યાના વેપાર અને હિંદુસ્તાનના વેપારમા બહુ મોટો ફરક છે ન્યાસાલૅંડમા જેને સારા વેપારી થવું હોય તેણે ત્યાના દેશી લોકોની મરજી ખૂબ જાળવવાની. એકાદ દુકાનદાર વિષે નેટિવ લોકોનો મત જરા પણ ઊતરતો થયો કે તેનું વેચાણ થોડા જ દિવસમાં શૂન્ય પર આવી જવાનુ

ડૉઈસની કંપનીમા રહ્યે કાકાસાહેબનુ અંગ્રેજી જ્ઞાન ખૂબ વધી ગયુ બોલવુંચાલવુ ને લખવું સઘળું અંગ્રેજીમાં જ થતુ વળી વાંચવાનો પણ એમને ખૂબ શોખ હોઇ એથી પણ અંગ્રેજી જ્ઞાન વૃદ્ધિ પામ્યું અને મુંબાઈના વર્તમાનપત્રોમા એ અંગ્રેજી લેખો પણ લખવા માંડ્યા વાચનનો આ વ્યાસંગ છેવટ સુધી ચાલુ રહ્યો હતો. તેમની ઑફિસના ટેબલ પર 'લંડન ટાઈમ્સ', 'ડેઇલી ટેલિગ્રાફ' 'મૅંચેસ્ટર ગાર્ડિયન' વગેરે વર્તમાનપત્રો અને 'ધ વર્લ્ડ રીવ્યૂ', 'જિઑગ્રાફિકલ મૅગેઝિન', 'સ્ટ્રૅન્ડ' ઇત્યાદિ માસિકોનો ઢગલો પડ્યો જ હોય.

૧૯૧૬ની આખરમાં ડૉઇસે પોતાના ધંધાની ઘણીખરી જવાબદારી કાકાસાહેબ પર નાખી દીધેલી કાકાસાહેબે કર્તવ્યપરાયણતાપૂર્વક એ જવાબદારી સંભાળી લીધેલી ન્યાસાલૅન્ડમાં વેપાર કરવા માટે જોઇતુ સઘળુ આવશ્યક જ્ઞાન એમણે મેળવી લીધેલુ. દસ વર્ષના સહવાસથી યુરોપિયન, હિંદી અને નેટિવ લોકોના સ્વભાવથી એ

પૂરું માહિતગાર થયા હતા, અને સુંદર અંગ્રેજી બોલનારા એકમેવ હિંદી તરીકે સરકારમાં એમની ખ્યાતિ હતી.

૧૯૧૭ની સાલમાં યુદ્ધ અંગે સરકારે ડૉઈસની પેઢી પોતાના કબજામાં લીધી, પરંતુ ૧૯૧૮ સુધી તેની વ્યવસ્થા કરવાનું કામ કાકાસાહેબને જ સોંપ્યું. ૧૯૧૮ પછી થોડો વખત દૂધનો ધંધો ચલાવી ન્યાસાલૅન્ડની ઉત્તર બાજુએ જંગલમાં એમણે દુકાન નાખી. આ દુકાનમાંથી મેળવેલો હજારો રૂપિયાનો નફો ૧૯૨૧માં એમણે પોતાને ઘેર દેશમાં મોકલાવી આપેલો

૧૯૨૨થી કાકાસાહેબનો ભાગ્યોદય શરૂ થયો પોતાનો ધંધો એમણે ખૂબ વિસ્તારી મૂક્યો પરંતુ લક્ષ્મીનો વરદ હાથ પડ્યા છતાં તે પોતાની ગરીબીના દિવસો ભૂલ્યા નહોતા એમને ઘેર નોકરી વિનાના અનેકો મહિનાના મહિના પડ્યા રહેતા. ન્યાસાલૅન્ડમાં એવો એક પણ હિંદી માણસ નહિ હોય જે કાકાસાહેબના ઘેર ક્યારે ને ક્યારે જમ્યો કે રહ્યો ન હોય મુસલમાન લોકોનો પણ એમણે એટલો પ્રેમ સંપાદન કરેલો કે એ લોકો કહેતા 'દાદા તો હમારા પીર હય'

અને સરકારનો પણ કાકાસાહેબ પર એટલો બધો પ્રેમ હતો કે કોઈ પણ કમિટી કરવાની આવી, હિંદી વિભાગ આવ્યો કે એમ જી. ધારપનું નામ પહેલું હોય પછી તે ટાઉન કાઉન્સિલની સભા હોય, રૉયલ કમિશન આગળ સાક્ષી આપવાની હોય, રૅબર્ટ બેલને ડિનર આપવાનું હોય કે યુદ્ધથી વધેલા ભાવો 'કંટ્રોલ' કરવાની સમિતિ હોય ચીફ સેક્રેટરીથી માંડી પ્રૉવિન્શિયલ કમિશનર સુધીના સઘળા તેમની સલાહ લેતા પરંતુ આવા પરાક્રમીના પરાક્રમોનું, એણે ભોગવેલા અનન્વિત કષ્ટોનું અંત કરુણપૂર્વક કૌતુક કરનાર પેગળ માણસ—એટલે કે પત્ની તેમને મળી નહિ આજીવન તે અવિવાહિત જ રહ્યા વય હતી ત્યારે પરિસ્થિતિ નહોતી અને પરિસ્થિતિ હતી ત્યારે વય વીતી ગએલી!

આમ પત્નીનો સાથ ન હોતાં ઉદ્યોગ જ કાકાસાહેબને જીવનસર્વસ્વ હતું સાંજના સાતથી બીજા દિવસની સવાર સુધીમાં ઊંઘ વાચનમાંથી મળે એટલી જ એમની વિશ્રાંતિ કોઈ આજારી હોય, કાઈનું ઑપરેશન કરાવવાનું હોય કે કોઈને ત્યાં પુત્રજન્મ થવાનો હોય એ સઘળાના ધામા કાકાસાહેબને ઘેર જ ત્યાંની મહારાષ્ટ્રીય મંડળીને એ પિતૃસમાન પૂજ્ય ને આદરણીય થઈ રહેલા

સતત કામગીરીને પરિણામે ઇ. ૧૯૩૬માં એમને મધુમેહનો રોગ લાગુ પડ્યો એમને હિંદુસ્તાન પાછા ફરવાની ખૂબ ઈચ્છા હતી, પણ ધંધો એટલો બધો પથરાઈ ગયો હતો કે તે પાછા ન ફરી શક્યા ઇ ૧૯૩૯માં સરકારે એમને 'એમ બી ઇ'ની પદવી આપી એમનું બહુમાન કર્યું ત્યારે તેમના ટેબલ પર સ્નેહીમિત્રોનાં અભિનંદનોના તારપત્રોનો આખો થોકડો એકઠો થએલો

ન્યાસાલૅન્ડમાં કાકાસાહેબની ચાળીસ વખારો છે. તેમની ઇતર માલમત્તા હજારો પૌંડની થાય પોતાના વ્યવસાયની દેખરેખ કરવા સારૂ મોટરમાં ફરતાં દર મહિને એક હજાર રૂપિયાનું તો એમને પેટ્રોલનું ખરચ થતું!

મધુમેહની બીમારી ચાલુ હતી ત્યાં પાછું ઍપેન્ડિસાઇટિસનું ઑપરેશન કરાવવાનું આવ્યું અને આમ રોગોથી જીર્ણ બની ઈ ૧૯૩૯ના ડિસેમ્બરની ૧૭મી તારીખે એમણે જીવનલીલા સંકેલી લીધી. એમની પ્રેતયાત્રા સરકારી કચેરી નજીક આવતા એમના શબને 'ગાર્ડ ઑફ ઑનર' અપાયું ને વાવટો 'હાફ માસ્ટ' કરવામાં આવ્યો, જે માન માત્ર ગવર્નરને જ મળે છે ખીસામાં આઠ આના સાથે ઊતરેલા દરિદ્રી મુકુંદનો આ ઉજ્જ્વલ અંત હતો (કિર્લોસ્કર)

જહાંગીર–નૂરજહાં

હિંદી ઇતિહાસ કમનસીબે કેટલી યે ખોટી હકીકતોથી ભરપૂર વાંચવા મળે છે જોકે હવે તો વિદેશી ઇતિહાસકારોએ કરેલી ભૂલે પકડાતી જાય છે દાખલા તરીકે કલકત્તાના કારાગૃહની વિગતનું જુઠાણું વિષે હવે કોઇને શંકા રહી નથી. આવી અનેક ગેરસમજૂતીઓ અને અસત્ય હકીકતોમાંની એક બાદશાહ જહાંગીરની જીવનકથાના જડાઈ ગઈ છે આપણે બધા યે માનતા આવ્યા છીએ કે અકબર બાદશાહની હયાતીમાં જ શાહજાદો સલીમ મહેરુન્નિસાના પ્રેમમાં પડ્યો હતો, પણ અકબરને આ વાત પસંદ ન હોવાથી એણે અલીકુલીખાન સાથે મહેરુન્નિસાને પરણાવી દીધી. આ અલીકુલીખાન એક બહાદુર ઈરાની ઉમરાવ હતો. ગાદીએ આવતાં જ જહાંગીરે એનું ખૂન કરાવી વિધવા મહેરુન્નિસા પાસે લગ્નની માગણી કરી પહેલાં તો મહેરુન્નિસા ખૂબ ગુસ્સે થઇ, પણ પાછળથી નરમ બની હા પાડી

પણ વધારે ઊંડા ઊતરી તથા મળતા પુરાવાઓની વ્યાજબી કિંમત આંકી કશા યે પૂર્વગ્રહ વિના જો ઇતિહાસકાર સત્ય શોધવા બેસે તો ઉપરની વિગત ખોટી માલૂમ પડે છે, કેમકે કોઇ પણ સમકાલીન લખાણમાં કે દફતરમાં આનો પુરાવો મળ્યો નથી બલ્કે ઇકબાલનામા અને મઆસીરે–ઈ–જહાંગીરી વગેરે તાત્કાલીન લખાણોમાંથી નીચેની હકીકત જાણવા મળે છે

અકબરની ઠઠ્ઠાની લડાઇમાં અલીકુલીખાને ઘણી જ બહાદુરી અને હોશિયારીથી બાદશાહનું મન જીતી લીધું અને ઇ સ. ૧૫૯૪માં મનસબદારી મેળવી ત્યાર પછી થોડા વખતમાં જ દરબારમાં ના એક મોટા મનસબ મીરઝા ઘિયાસબેગની પુત્રી મહેરુન્નિસા સાથે એણે શાદી કરી ઈ સ ૧૫૯૯માં શાહજાદા સલીમને મેવાડની કામગીરી પર મોકલવામાં આવ્યો હતો. લડાઇમાં ઘણી જ કુશળતાથી એણે સલીમને ખુશ કરી દીધો અને એક વાઘના શિકારમાં બહાદુરી બતાવી શેર અફઘાનનું બિરુદ મેળવવા તે ભાગ્યશાળી થયો.

આ પછી અકબર અને જહાંગીર વચ્ચે જે અણબનાવ થયો તેમાં શેર અફઘાને બાદશાહનો પક્ષ લેવાથી એનો સલીમ સાથેનો સબંધ બગડ્યો હોવાનો સંભવ છે પણ જહાંગીરે તો ગાદીએ આવતાં જ પોતાના વિરોધીઓને માફી બક્ષી અને શેર અફઘાનને બર્દવાનની જાગીર બક્ષી ત્યાં મોકલ્યો તે વખતે બંગાળામાં કેટલાક અસંતુષ્ટ અફઘાનોનું જોર વધ્યું હતું અને શેર અફઘાનની વફાદારી માટે પણ દિલ્હીમાં શંકા ઉપસ્થિત થઇ. આથી એને સંતોષી, સમજાવી પાછો દિલ્હી લાવવાનું કામ કુતબુદ્દીનને સોંપવામાં આવ્યું આખરી ઉપાય તરીકે જરૂરી શિક્ષા કરવાની સત્તા પણ તેને આપવામાં આવી હતી કોઇ રીતે જ્યારે શેર અફઘાન માન્યો નહિ ત્યારે એને પકડવાના ઇરાદાથી કુતબુદ્દીને એને મળવા બોલાવ્યો બે નોકર સાથે શેર અફઘાન ગયો એટલે અગાઉથી સંતાડી રાખેલા સીપાહીઓએ એને પકડ્યો ગુસ્સે થઈ શેર અફઘાને કુતબુદ્દીન ઉપર તલવારથી જબ્બર ઘા કર્યો એટલે સીપાહીઓએ બહાદુર ખાનને ઘેરી લઈ ટુકડા કરી મારી નાખ્યો (ઈ સ ૧૬૦૭) કુતબુદ્દીન પણ આ ઘાથી મરી ગયો

પોતાના પરમપ્રિય મિત્રરૂપ કુતબુદ્દીનના મૃત્યુથી બાદશાહને ઘણું દુ ખ થયું. એણે શેર અફઘાનની વિધવા મહેરુન્નિસા અને પુત્રી લાડલીબેગમને દરબારમાં બોલાવી લીધાં, કેમકે દિલ્હીમાં મહેરુન્નિસાનો બાપ ઇતીમદ–ઉદ્દૌલા મોટો મનસબદાર હતો રાજમાતા સુલતાના સલીમા બેગમની પરિચારિકા તરીકે એને મહેલમાં કામગીરી મળી

લગભગ ચાર વર્ષ પછી, ઈ સ. ૧૬૧૧ના માર્ચ માસમાં એ એક વખત જહાંગીરની નજરે ચડી ત્યારથી પાદશાહનું દિલ એના તરફ

એટલું બધું ખેંચાવા લાગ્યું કે મે માસના અંતમાં તો પાદશાહે એની સાથે શાદી પણ કરી લીધી.

અકબરની હયાતીમાં જ બેઉ વચ્ચે પ્રેમ ઉદ્ભવ્યો હતો અને ગાદીએ આવતાં પોતાના માર્ગમાં આડખીલી રૂપ શેર અફઘાનનું ખૂન કરાવવાનું હીચકારૂં કૃત્ય જહાંગીરે કર્યું હતું એવું તત્કાલીન કોઈ ઇતિહાસકાર કહેતો નથી, એટલું જ નહિ પણ સમકાલીન કોઈ પરદેશીના બયાનમાં પણ એવું જડતું નથી.

સર ટૉમસ રો, હૉકિન્સ, ટેરી વગેરે વર્ષો સુધી જહાંગીરના દરબારમાં હતા અને મોગલ રાજનીતિ તેમજ મોગલ રાજમહેલનું પ્રત્યક્ષ જ્ઞાન ધરાવતા હતા. તેઓએ પણ જહાંગીર વિષે અનેક બૂરી વાતો સાંભળી હતી અને મોગલ દરબારના ચિત્રમાં શ્યામ રંગ પૂરવામાં કાંઈ કચાશ રાખી નથી; તોપણ એમાંના કોઈએ પણ શેર અફઘાનના ખૂનના કાવત્રાની કે જહાંગીર અને મહેરુન્નિસા વચ્ચેના જૂના પ્રેમની વિગત આપી નથી. આ જાતનું કલંક જગબત્રીસીએ ચઢતાં વાર લાગતી નથી, અને રાજા વિષે તો આવી વાતો જનસમુદાયને ઉશ્કેરવાને પૂરતી છે. આવા પ્રસંગોને તો લોક વિવિધ રંગે રંગીને હોય તેથી પણ વધારે ખરાબ સ્વરૂપમાં રજૂ કરી બેસે છે. જહાંગીરના સમકાલીન દેશી કે પરદેશી ઇતિહાસકારો, દરબારીઓ વગેરેનાં લખાણો આ કલંકકથા નથી આપતાં એ સ્પષ્ટ સૂચવે છે કે દિલ્હીનો શાહ નિર્દોષ હતો.

ઊંડા ઊતરી આ કિસ્સાની વિગતો તપાસીએ તો જણાશે કે એમાં અસંગત અને અશક્ય હકીકતો ભેળવાઈ છે. પહેલાં તો, સલીમ અને મહેરુન્નિસા વચ્ચેના પ્રેમમાં અકબર જેવો ઠરેલ, બુદ્ધિશાળી રાજનીતિજ્ઞ રૂકાવટ કરે અને મહેરુન્નિસાને બીજા સાથે પરણાવી દે એ માની શકાય નહિ; કેમકે મહેરુન્નિસા પોતાના જમાનાની એક અતીવ ચતુર અને ઉમદા કુટુંબની કન્યકા હતી. એની સાથેના લગ્નમાં અકબરને વાંધો પાડવાને કોઈ કારણ નહોતું. બીજું, શેર અફઘાનના ખૂનમાં જહાંગીરનો હાથ હતો એમ માનીએ તો જહાંગીરને એવું કાવત્રું કરવાની જરૂર જ જણાતી નથી, કેમકે અકબર અને સલીમ વચ્ચેના ખટરાગના પ્રસંગે શેર અફઘાને અકબરનો પક્ષ લીધો હતો, એટલે ગાદીએ આવી માફી આપવાને બદલે જહાંગીર એને સહેલાઈથી દેહાંતશિક્ષા કરમાવી શકત. સૌથી વધુ અગત્યની વાત તો એ છે કે જો મહેરુન્નિસા એમ માનતી હોત કે જહાંગીર પોતે શેર અફઘાનના ખૂન માટે જવાબદાર છે, તો એના જેવા સ્વભાવની સ્ત્રી પાદશાહ સાથે લગ્ન કરવા કદી પણ તૈયાર ન થાત. વળી એ જમાનો એવો હતો કે પાદશાહનો બોલ ઉથાપવો એ રમત વાત નહોતી, એટલે મહેરુન્નિસાએ શરૂઆતમાં ના કહી અને પછીથી નરમ થઈ એ પણ ઓછું સંભવિત છે; કેમકે મહેરુન્નિસાને મનાવવામાં ચાર વર્ષના લાંબા ગાળા સુધી જહાંગીરને થોભવું પડે એમ નહોતું.

અબુલફઝલનું ખૂન કરાવવામાં જવાબદાર ગણાતા સલીમને ગાદીએ આવીને શેર અફઘાનનું ખૂન કરાવવું એ રમત વાત હતી. પણ જે વાતને કોઈ જાતનો આધાર મળે નહિ તેને સ્વીકારી શકાય નહિ. વળી ખુદ જહાંગીરે લખેલી નોંધમાં પણ પોતે પોતાના લગ્નનો બચાવ કરવા કે શેર અફઘાનના ખૂન બાબતમાં કોઈ ખુલાસો કરવા પ્રયાસ કર્યો નથી એ સૂચવે છે કે તે વખતે જહાંગીર ઉપર આવો આરોપ મુકાયો પણ નહોતો.

જહાંગીર અને નૂરજહાંની જગપ્રસિદ્ધ પ્રેમકહાણીમાં આ કાળી ટીલી ચોડવાનું કાર્ય તો જહાંગીર પછી લગભગ બે પેઢી વીત્યે થયું. પછી તો એમાં જરૂરી સુધારાવધારા સાથે એને દરેક અનુગામી ઇતિહાસકારે અપનાવવા માંડી.

સદ્ભાગ્યે અલ્લાહાબાદ યુનિવર્સિટીના પ્રોફેસર બેણીપ્રસાદે થોડાંક વર્ષો પહેલાં આ આખાયે કિસ્સાને ઝીણવટથી ફરી તપાસી જોયો અને ઉપર મુજબનો નિર્ણય બાંધી આપ્યો. પણ કમનસીબે હજુ યે કેટલાંક પાઠ્ય પુસ્તકોમાંથી આ જૂની માન્યતા કાઢી નાખવામાં આવી નથી એ શોચનીય છે. —રામદાસ

વાયરાનાં ગતિમાન

પાન હાલે, ધજા ફડફડે, કાગળ ઊડે, ધૂળ વાદળ રચે, વંટોળ ચઢે કે 'વા વાય ને નળિયું ખસે' એવે વખતે વાયુની ગતિ જાણવાને માટે ઘડાએલા સરળ નિયમ આ પ્રમાણે છે :

(ક) દર કલાકે એક માઈલથી ઓછી ઝડપે પવન વાતો હોય ત્યારે ધુમાડો સીધી લીટીમાં કાટખૂણે ઊંચે ચડે છે.

(ખ) એકથી ત્રણ માઈલની ઝડપે પવન વહેતો હોય ત્યારે ધૂમ્રશિખા આમતેમ આડીઅવળી સર્પાકારે હાલે છે, પણ એક તરફ વળી જતી નથી.

(ગ) ચારથી સાત માઈલની ગતિવાળો પવન આપણા મોં પર લાગતો હોય એમ જણાય એટલી ગતિ હોય ત્યારે વૃક્ષનાં પત્રો સળવળે છે અને પવનની દિશા તરફ ઢળે છે.

(ઘ) કલાકે આઠથી બાર માઈલની ગતિવાળો વા વૃક્ષનાં પત્રો અને નાના રોપને અવિરત હલાવે છે અને નાના ધ્વજોને ફેલાવે છે.

(ઙ) તેરથી અઢાર માઈલ જેટલા પવનના વેગમાં ધૂળ અને કાગળના ટુકડા ઊડવા માંડે છે તથા ઝાડની નાની ડાળીઓ હાલે છે.

(ચ) ઓગણીસથી ચોવીસ માઈલની ઝડપવાળું પવનનું મોજું વાય ત્યારે નાના પર્ણવાળાં તરુઓ આખાં ધીરેથી ડોલવા માંડે ને તળાવ સરોવરના અંધિયાર પાણીમાં અર્ધચંદ્રાકારી કુંડાળાં ઊપજે.

(છ) પચીસથી એકત્રીસ માઈલની ત્વરાવાળો મરુત હોય ત્યારે ઝાડની મોટી ડાળીઓ હાલવા માંડે અને ટેલિગ્રાફના તારોમાંથી સીટી બજતી હોય એવો અવાજ આવે. આટલી ત્વરિત ગતિમાં છત્રી ખુલ્લી રાખવી મુશ્કેલ બને.

(જ) જ્યારે બત્રીસથી આડત્રીસ માઈલની ગતિએ વાયરો વાવા માંડે ત્યારે આખાં વૃક્ષો ગતિમાન બને અને પવનની સામેની દિશામાં જનારની ગતિ રોકાય.

(ઝ) કલાકે ઓગણચાલીસથી ચોપન માઈલની ત્વરાથી ફુંકાતો મરુત શાસ્ત્રીય બાનીમાં વાવાઝોડા તરીકે ઓળખાય છે. કલાકના છેતાળીસ માઈલની ગતિવાળા વાવાઝોડાથી વૃક્ષની ડાળીઓ ભાંગી નીચે પડે છે. પરંતુ એથી વધારે ગતિમાન અને બળવાન વાવાઝોડું હોય તો બાંધકામમાં થોડુંઘણું નુકસાન પહોંચે, જેમકે ધુમાડિયાનાં મથાળાં અને છાપરાનાં ચોરસ નળિયાં કે પતરાંને ઉડાવી મૂકે.

(ઞ) વાયુની ગતિ જવલ્લે જ પંચાવનથી પચોતેર માઈલે પહોંચે છે. એટલી ગતિવાળા વાતને ઝંઝાવાતનું નામ અપાય છે. વાવાઝોડાની ગતિ ૫૫થી ૬૩ માઈલની હોય ત્યારે વૃક્ષોને મૂળમાંથી ઉખેડી નાખવાની તથા ઈમારતોને પણ નુકસાન કરવાની શક્તિ એ ધરાવે છે. ૬૪થી ૭૫ માઈલની ગતિ હોય તો ખૂબ વિસ્તારમાં નુકસાન પહોંચે. પરંતુ આવી ગતિ અતિ વિરલ હોય છે.

(ટ) મહા ઝંઝાવાતની ગતિ કલાકના ૭૫ માઈલ કરતાં યે વધારે ત્વરિત હોય છે. એની ભયાનકતા તો તે જ વર્ણવી શકે કે જે એવા અનુભવમાંથી જીવતો બચવા પામ્યો હોય.

આ નિયમો યુનાઇટેડ સ્ટેટ્સ ઑવ અમેરિકાના ખેતીવાડીખાતાના વાયુચક્રશાસ્ત્રીએ બહાર પાડ્યા છે. —મ. દ. દેસાઈ

આઇસલૅન્ડ

યુરોપના ઈશાન ખૂણામાં આવેલા આ ટાપુ ઉપર ઇ. ૮૭૦મા નૉર્વેના વાઇકિંગ લોકોએ વસાહત સ્થાપી ત્યાર પહેલાં કેટલાક આયરિશ લોકો ત્યાં વસતા હતા. ઇ. ૧૨૮૦મા નૉર્વે, સ્વીડન અને ડેનમાર્ક ત્રણે એક રાજાના શાસન હેઠળ આવ્યા. સો વરસ રહીને નૉર્વે અને સ્વીડનનું તથા આઇસલૅન્ડ અને ડેનમાર્કનુ એમ બંને જુદા રાજ્યો થઈ ગયા. પછી આઇસલૅન્ડે પણ વખત જતા આઝાદીની ચળવળ ઉપાડી અને ૩૦ વરસની ચળવળ પછી ઇ. ૧૮૬૮મા ડેનમાર્કે તેને 'હોમરૂલ' આપ્યુ. ઇ. ૧૯૧૮મા અમુક રીતે ડેનમાર્કથી સલગ્ન છતા સ્વતંત્ર રાજ્ય તરીકે આઈસલૅન્ડ જાહેર થયુ. ડેનમાર્કના એ વર્ચસ્વની મુદત પૂરી થતાજ યુનાઇટેડ સ્ટેટ્સે આઇસલૅન્ડના સ્વતંત્ર પ્રતિનિધિને માન્ય રાખેલો, પરંતુ હાલમા તો ચાલુ યુદ્ધને અંગે બ્રિટને તે પર વર્ચસ્વ જમાવ્યુ છે.

છેલ્લા ૫૦ વરસથી આઈસલૅન્ડનો વિકાસ થવા માંડ્યો છે, પણ કિનારાને બાદ કરતા અંદરના ભાગમા ત્યા યે રસ્તા નથી. શહેરોમા થોડીઘણી મોટરો છે, પરંતુ રેલવે બિલકુલ ન હોઈ, બધી મુસાફરી ઘોડાથી જ કરવી પડે છે. એના એકેએક બંદર પર સ્ટીમર નાંગરી શકે છે અને ઘણીખરી મુસાફરી સ્ટીમરો મારફત જળમાર્ગે જ થાય છે. વસતિનો મોટો ભાગ માછીમારીનો ધંધો કરતો હોઇ માછલાં, માછલાનુ તેલ અને વ્હેલની ઉત્પન્નની મુખ્ય નિકાસ છે. વેપાર બધો ડેનમાર્ક, બ્રિટન, નૉર્વે અને સ્વીડન સાથે છે. ઊન, ચામડાં અને જીવતા ઘેટા તથા ઘોડાની પણ નિકાસ થાય છે. કાંતણુ અને વણાટ ત્યાનો મુખ્ય ઉદ્યોગ છે.

પળાતા જાનવરો ઉપરાત જંગલી જાનવરોમા લોંકડી મુખ્ય છે. એ ઘેટાનો નાશ કરતી હોવાથી તથા તેની ચામડી કીમતી હોવાથી તેનો પુષ્કળ પ્રમાણમા શિકાર કરવામા આવે છે. જળપક્ષીઓની જુદીજુદી ૫૦ જાતો થાય છે. સામન, કૉડ વગેરે માછલીઓ ઉપરાત આસપાસના દરિયામા વ્હેલો પણ ખૂબ થાય છે, અને ગ્રીનલૅન્ડથી ઘસતા બરફ પર સવાર થઇ ક્યારેક ધ્રુવરીંછો પણ આવી પહોંચે છે. ઇ. ૧૭૭૦થી રેનડીઅરો ત્યા દાખલ કરવામા આવ્યા છે.

ઉત્તર આટલાંટિકમા સ્કૉટલાન્ડથી ૫૦૦ માઈલ અને ગ્રીનલૅન્ડથી ૨૫૦ માઈલના અંતર પર ધ્રુવવર્તુલને સ્પર્શતા ઊભેલા આ ટાપુનુ ક્ષેત્રફળ ૪૦,૦૦૦ ચોરસ માઇલનુ એટલે કે આપણા મુંબાઇ ઇલાકાના ત્રીજા ભાગનુ છે. આ ટાપુનો ઉદ્ભવ જ્વાળામુખિક ઉત્પાતોને આભારી છે અને અંગાર ખડકો (Volcanic rocks)થી તે છવાયેલો છે. એના અંતરાળમા ખડકાળ અને નિર્જન ઉચ્ચપ્રદેશ આવેલો છે. જ્વાળામુખીઓનો ઉત્પાત હવે બહુ નથી રહ્યો પણ ધરતીકંપો થયા કરે છે. ગરમ ઝરણાં ટાપુના એકેએક ભાગમા મળી આવે છે.

ધ્રુવવર્તુલને સ્પર્શતો ઊભો હોવાથી આ ટાપુનુ હવામાન આપણે ખૂબ ઠંડુ ધારીએ, પણ 'ગલ્ફ સ્ટ્રીમ'ને લીધે એમ નથી બનવા પામતુ. જોકે અંદરના ઉચ્ચપ્રદેશ પર તો ખૂબ ઠંડી રહે છે. શિયાળામા તોફાન પણ થવા પામે છે. એના ક્ષેત્રફળનો ૧૩ ટકા ભાગ બરફથી ઢંકાએલો જ રહે છે. ક્યારેક કોઈ જ્વાળામુખી ફાટે ત્યારે આ બરફ ઓગળી ભયંકર પૂર આણી દે છે. ઝડપી પ્રવાહની કેટલીક નદીઓ અને ધોધ પણ ત્યાં આવેલા છે અને હવા તો એટલી સ્વચ્છ છે કે ૧૦૦ માઇલ પરના ડુંગરા જોઈ શકાય છે.

વસતિ બહુ ઓછી છે—૧,૦૮,૬૦૦ લોકોની, એટલેકે દર ચોરસ માઇલે ૨ કે ૩ માણસની. એના રાજધાનીના શહેર રેકજાવિકની વસતિ ૨૨૦૦૦ની છે. પણ એ ઓછી વસતિમા યે નિરક્ષરતાનુ તો નામનિશાન નથી. જબરા વાચનાર તરીકે ત્યાંના લોકો પહેલેથી જ પ્રખ્યાત છે. એમની ભાષા ખૂબ પુરાણી છે અને આજની જર્મન ભાષા જેમાથી વિકાસ પામી છે એ ગૉથિક ભાષાને જ મળતી છે. એની પાર્લામેન્ટ દુનિયામા જૂનામા જૂની એ પ્રકારની રાજસભા ગણાતી હોઇ, યોગ્ય રીતે જ આઇસલૅન્ડ 'પાર્લામેન્ટના માતૃદેશ'નુ અભિધાન પામ્યુ છે.

મંગળનું રહસ્ય

આપણા સૌર જગતમા મંગળના જેટલુ કુતૂહલ ભાગ્યે જ બીજે કોઇ ગ્રહ જન્માવતો હશે. આપણી પૃથ્વી સાથે અનેકરીતે તે મળતો છે. એ નથી પ્રવાહી સ્વરૂપે કે નથી વાયુ સ્વરૂપે. એના નક્કર સ્વરૂપ પર ચોક્કસ નિશાનીઓ પણ દેખાય છે. આપણી પૃથ્વી પેઠે તેને વાતાવરણ પણ છે, અને જોકે તેનુ વરસ આપણા બે વરસ જેવડું છે, છતા તેનો દિવસ લગભગ આપણા દિવસ જેટલો જ લાંબો છે, ને આપણી પૃથ્વીની ધરી જેવો જ ઢાળ તેની ધરી ધરાવતી હોવાથી આપણા જેટલા જ શિયાળા ઉનાળા ત્યા રહે છે. પરંતુ કદમા તે ઘણો નાનો છે. પૃથ્વીની કુતરેખા ૭૯૦૦ માઇલ છે, જ્યારે મંગળની ૪૨૦૦ માઈલની. એનુ ગુરુત્વાકર્ષણ આપણી પૃથ્વીના કરતા બે પંચમાંશ જ છે. એનો અર્થ એ થયો કે અહીં ૨૦ ફૂટ કૂદતાં જે શ્રમ પડે એટલા શ્રમથી મંગળ પર ૫૦ ફૂટ કૂદી શકાય.

મંગળ પરનુ વાતાવરણ આપણી પૃથ્વી જેવું ઘટ્ટ નહિ પણ પાતળુ હોઈ તેનુ દબાણ આપણા વાતાવરણના ચોથા ભાગનુ જ છે. વળી પૃથ્વી કરતા સૂર્યથી દૂર આવેલો હોઈ તે આપણા કરતા સૂર્યનો ઓછો પ્રકાશ મેળવે છે. છતા તેના પાતળા વાતાવરણને લઈ દિવસે ત્યાંની ગરમી ૫૦° ફારનહાઇટ પર પહોંચે છે, જ્યારે રાતે હિમના ૧૪૪ અંશ (144 deg. of frost) પર પહોંચે છે.

આ બધી હકીકતો ધ્યાનમા લેતા મંગળ પર જીવસૃષ્ટિ સંભવી શકે ખરી? જીવસૃષ્ટિ એટલે માત્ર વનસ્પતિ જ કહેવાનો આપણો ભાવાર્થ હોય તો તે વાજબી છે; પણ બીજી કોઈ પ્રાણીસૃષ્ટિ કે માનવજીવન માટે ચોક્કસ મત ન આપી શકાય. તેના પર બીજી કોઈ જીવસૃષ્ટિ હોય તો યે આપણાથી જુદીજ રીતે વિકસિત થઈ હોય અને ત્યાંની હવામાનની આત્યંતિકતા બરદાસ્ત કરવા સુરક્ષિત નિવાસોમાં કે જમીનની તળે જ વસતી હોય.

સ્વચ્છ વાતાવરણમા કોઇ નાના દૂરબીનથી જોતા યે મંગળના ધ્રુવપ્રદેશ પરના હિમટોપો દેખાઈ આવશે, જેનુ કદ મંગળના શિયાળાની શીતતા પ્રમાણે વધેઘટે છે. એ સિવાય કેટલાક અંકો પણ એની સપાટી પર દેખાઇ આવશે. બીજા કોઈ ગ્રહ પર આવા આકા



મંગળના ગ્રહ ઉપર જુદે જુદે સમયે જે જે આકૃતિઓ જણાય છે તે બધી એકઠી કરીને ઉપરનાં તેના બે પાસાના બે ચિત્રોમા આલેખેલી છે. એ સઘળી એકીસાથે તો કદી દેખાત જ નથી

નથી દેખાતાં. ચળકતા નારંગી રંગના એ ગ્રહ પર દક્ષિણ ગોળાર્ધમા કેટલાક લીલા રંગના વિસ્તારો દેખાય છે ઉપર્યુક્ત આકારોને કોઈ નહેરો તરીકે ગણે છે તો કોઇ વળી મંગળ પર વસતા આપણા કરતા સવિશેષ બુદ્ધિમાન પ્રાણીઓએ બીજા ગ્રહ સાથે સદેશા ચલાવવા માટે ઊભી કરેલી જબરી યોજના રૂપલેખે છે.

બાળકો અને શીતળા

શીતળા નામની એક માતાને આપણા લોકો માને છે. તે માતા બાળકોને એક દરદ રૂપે પેદા થાય છે, અથવા એમ કહીએ કે બાળકોના શરીરે એક જાતનું દરદ પેદા કરે છે, એવી આપણા લોકોની માન્યતા છે. પણ આ માન્યતા તદ્દન પાયા વિનાની છે જે માતા હોય એ બહુ લાગણીવાળી હોય એટલે એ બાળકોને કોઇ જીવલેણ દરદ પેદા કરે તે આપણે માની શકીએ જ નહિ એ ચોખ્ખી દીવા જેવી વાત છે આપણે જે દેવીને જગતની માતા રૂપે કલ્પી કે બાળકોની માતા રૂપે કલ્પી, તે જ દેવી પાછી બાળકોને જીવલેણ દરદ પણ પેદા કરે એમ કેમ માનવામા આવે?

તેમ છતા આપણે ત્યા ૯૫ ટકા લોકો આમ જ માને છે બાળકોને આ દરદ થાય એટલે તેઓ તેને માતા સ્વરૂપે માને છે. તેઓનો વાસો લેવા દેતા નથી, કેમકે માતાજીનો વાસો ન લેવાય એમ કહે છે. તેનું ઔષધ કંઇ કરતા નથી, તેના લુગડા ધોતા નથી અને બાળકને તદ્દન ગદુ જ રાખે છે નવમો દિવસ થયા પછી ગમે તેવા માતાના દાણા હોય તોપણ શીતળામાતાને મંદિરે પગે લગાડવા લઈ જાય છે, ભલેને પછી એ મદિર પાચ દસ માઈલ દૂર હોય અને ભલેને પછી પેલુ બાળક રસ્તામા જ મરણુશરણ થાય! માતા નીકળે એટલે પછી કુલાચાર પ્રમાણે ઘરડી ડોશીઓ કહે તેમ જ થઈ શકે, એમા વૈદ્ય ડૉક્ટરનું કાંઇ કામ જ આવે નહિ હા, ઉપલા ઉપાયો સિવાય બ્રાહ્મણો પાસે શીતળાના ગ્રહો જપાવે ખરા!

આ વસ્તુસ્થિતિ બહુ ભયંકર છે. હિંદુસ્તાનમા હજારો બાળકો આ દરદથી માર્યાં જાય છે ખૂબે તો આ એક જાતનું દરદ જ છે. આયુર્વેદમાં તેને મસૂરિકા કહે છે. આ દરદ લોહીમા ગરમીનુ પ્રમાણ વધી જવાથી કે ગરમીથી લોહીની વિકૃતિ થવાથી પેદા થાય છે એમ આયુર્વેદ માને છે પણ હાલ થોડા વર્ષ પહેલા તો આના જંતુઓ શોધાયા છે અને ચેપી દરદ તરીકે શાસ્ત્રીયરીતે સિદ્ધ કરેલ છે એ મહેનત પાશ્ચિમાત્ય ડૉક્ટરોની છે. તેઓએ આ જીવથી તેની રસી પણ તૈયાર કરી, તે રસી લોહીમા આપી તે દરદ અટકાવવાનો પણ એક સિદ્ધ ઉપાય શોધી કાઢ્યો છે તેને અંગ્રેજીમા વૅક્સીનેશન કહે છે, અને ગુજરાતીમા માતા કઢાવવા એમ કહે છે આ ઉપાયથી શીતળા ત્રણ વર્ષ સુધી તો ન જ નીકળે એ વાત ચોક્કસ મનાય છે પછી દર ત્રણ વર્ષે શીતળા કઢાવવા જોઇએ મોટી ઉમરે તો આ રોગ ક્વચિત્ જ લાગુ પડે છે. બહુ તો ૧૦ વર્ષના બાળકો હોય ત્યા સુધી વધુ ભય છે, ૧૦થી ૧૫ સામાન્ય ભય, ૧૫થી ૨૦ સેંકડે પાચ ટકા જ અને ૨૦થી મોટી ઉમરનાંઓને તો પણ તે અપવાદ રૂપ જ થઇ આવે છે

પણ જો આયુર્વેદમાં પણ આને દરદ ગણવામાં આવે છે તો આ શીતળા માતા તરીકે ક્યારથી મનાવા લાગી? અને માણસોનાં હૃદયમા આટલે ઊંડે કેવી રીતે પેસી ગઇ? આપણે જરૂર વિચારવું જોઇએ.

આયુર્વેદના ચરક, સુશ્રુત અને વાગ્ભટ નામના ત્રણ મોટા અને જૂના ગ્રંથોમા તો ક્યાંય આ ગધેડાના વાહનવાળી શીતળામાતા શોધી જડતી નથી આ ગ્રંથો એક હજાર વર્ષ પહેલા બનેલા છે એમ ઇતિહાસસમાલોચકો કહે છે. કોઈ સ્મૃતિમા પણ શીતળા નથી કોઈ વેદમાં તો ન જ હોય,—નથી. માત્ર પુરાણો રચાયાના જમાના બાદ જ્યારે બધા લોકો સંસ્કૃતમા કંઇ પણ લખીને પ્રમાણ મનાવવા માંડ્યા તે પછી ઘણા કાળે એટલે લગભગ ૫૦૦ વર્ષ ઉપર આ દરદને માતા તરીકે કલ્પવામા આવ્યું ભાવપ્રકાશ નામનો વૈદક ગ્રથ કે જે અંકબર બાદશાહના વખતમા બનેલો છે, તેમા આ શીતળામાતા સ્ટેજ પર આવે છે ખરી. જોકે ગ્રથકાર મૂળ મસૂરિકા દરદનું જુદું જ નિદાન અને ઉપાયો બતાવે છે, તોપણ શીતળામાતાના આ વેશવાળી પણ મસૂરિકા થાય છે એમ કહી ભ્રમમા પડે છે ખરો! એ વખત પહેલા મારા જેવા સંસ્કૃત જાણનારા બ્રાહ્મણોએ પુરાણોમાં શીતળાને ઘુસાડી દીધેલી હશે! કા તો બ્રાહ્મણોએ જાણીબૂઝીને કર્યું હશે, કા તો એ લોકો પોતે જ અબુઝ હશે, પરંતુ પહેલી વાત વધારે સાચી લાગે છે જ્યારે માણસના હાથમાં સત્તા આવે છે ત્યારે તે જરૂર તેના દુરુપયોગ કરે છે બ્રાહ્મણોના હાથમા સત્તા હતી એટલે તેઓ જેમ માણસોને દોરતા તેમ ચાલતુ તેમના વડવાઓએ તો સમાજની સારી સેવા કરી, પણ પાછળથી બ્રાહ્મણોએ સત્તાના મદમા તપ અને સંયમ મૂકી દીધા એટલે પછી પુરાણના જમાનામાં પેટ સારૂ આવા ધધા કરવા માડ્યા એમ ઘણા પુરાણો જોવાથી સમજાય છે.

આયુર્વેદકાળમા જોકે શીતળાના કોઇ જતુઓ શોધાયા નહોતા પણ તેના ઉપાયો તો બરાબર શોધાયા હતા, અને તેને સાસર્ગિક વ્યાધિ એટલે કે ચેપી રોગ તરીકે તો જરૂર સ્વીકારવામા આવેલો. આર્ય વૈદકશાસ્ત્રોમા તેના જે ઉપાયો બતાવ્યા છે તે કેટલા પ્રમાણમાં સાચા છે એ તો આજે પ્રયોગો કર્યા પહેલા કહેવું સાહસ માત્ર છે, તોપણ આગળના લોકોના અખતરા મોટે ભાગે સારાં પરિણામો લાવતા એમ મને પણ પાચ વર્ષના અનુભવથી દેખાય છે. એવા થોડાએક ઉપાયો અહીં હું બતાવુ છુ.

શીતળાના વાયરા ચાલતા હોય ત્યારે તે ન થાય તે માટે ઉપાયઃ

(૧) લીંબોડી ૨, બહેડાના બીજ ૨, હળદરનો ગાંઠિયો ૧. આ બધાને વાટી ઠડા પાણીમા રોજ સવારે પી જવા

(૨) મધ સાથે દરરોજ બે વાલ જેઠીમધ આપવુ

આ ચીજો લેવાથી શીતળા નીકળતા જ નથી.

જેને શીતળા નીકળે તેના માટે જેઠીમધનો ભૂકો બે વાલ અને મધ જોઇએ તેટલુ લઇ તેમા મેળવી દિવસમા ત્રણ વખત ચાટવા આપવુ આથી ખૂબ ચઢેલો શીતળાનો તાવ તરત જ ઊતરી જશે અને ૧૦૦ ડિગ્રી ટેમ્પરેચર આવી જશે. દરદીને આથી પીડા થશે નહિ અને શીતળા બહુ સહેલાઈથી નીકળી આવશે. દાણા પણ જલદી પોકશે અને ઓછા નીકળશે મેં એક દરદીને જેઠીમધ શરૂઆતમા જ આપવા માંડેલુ તેને શીતળાના દાણા માત્ર આખા શરીરમા મળી કુલ ૧૦૦ નીકળ્યા હતા, અને ૧૨ દિવસમા તો તે બધા પાકીને સુકાઈ ગયા હતા. બીજા લગભગ સોએક દરદીઓ ઉપર આ ઉપાય મેં અજમાવ્યા છે અને બધામા સફળ થયો છુ

શીતળાના દાણા પાકે ત્યારે તેમાંથી પાણી નીકળે તો શંખજીરૂ વાટી તેનો ભૂકો છાટવો. તે સુકાતા ન હોય તો મૂપેલ તેલ તોલા ૧૦ લઈ તેમા કપૂર તોલો ૦ાા નાખી ગરમ કરવું. જ્યારે જરા પણ પાણી ન રહે અને તેલ જ બાકી રહે ત્યારે ઉતારી લેવુ, અને દાણાઓ ઉપર પીછીથી લગાડવું

(શિક્ષણપત્રિકા) —વ. વૈ.

દ્રાક્ષ

દ્રાક્ષનુ મૂળ ઉત્પત્તિસ્થાન ભલે એશિયા ખંડમાં હોય પણ અત્યારે તો સારામા સારી દ્રાક્ષનું વાવેતર યુરોપ ને અમેરિકામા જ થાય

છે. યુરોપમાં ફ્રાન્સ અને ઇટલીમાં તથા અમેરિકામાં કૅલિફૉર્નિયામાં સરસ દ્રાક્ષ થાય છે. ફ્રાન્સના દક્ષિણ ભાગમાં હાઇનલૅંડના પ્રદેશમાં દ્રાક્ષના બગીચામાં જેટલો પાક થાય છે એટલો દુનિયાભરમાં બીજે ક્યાંય નહિ થતો હોય.

દ્રાક્ષમાં અનેક પૌષ્ટિક ગુણો છે. રોગનિવારણ કરવાની શક્તિ પણ દ્રાક્ષમાં ઘણી છે. મોસમ આવે છે ત્યારે હજારો લોકો હાઇનલૅંડના બગીચાઓમાં રહેવા જાય છે ને ત્યાં એકલી દ્રાક્ષ ખાઈને જ રહે છે. પાછા જતી વખતે તેઓ તંદુરસ્ત, ઉત્સાહી ને મજબૂત બનીને જાય છે. અપચન, કબજિયાત, અગ્નિમાંદ્ય, મેદવૃદ્ધિ, રક્તદોષ, સંધિવા, અન્નપચનના દરદો, ચામડીના જૂનાં દરદો વગેરે બધા રોગ દોઢ બે મહિના એકલા દ્રાક્ષાહાર પર રહેવાથી મટી જાય છે, એ બીના હાઇનલૅંડના ફ્રેન્ચ ડાક્ટરોએ કેટલાયે પ્રયોગ કરીને પુરવાર કરી છે. દ્રાક્ષમાં દ્રવશર્કરા ને કાર્બોહાઇડ્રેટ્સ બહોળા પ્રમાણમાં હોવાથી પૌષ્ટિકપણાની બાબતમાં બીજું કોઇપણ ફળ એની સાથે ટકી શકતાં નથી. એ ઉપરાંત જીવનસત્ત્વો, ખનિજ ક્ષાર ને બીજાં રાસાયનિક દ્રવ્યો પણ દ્રાક્ષમાં હોય છે. એટલે એ દૃષ્ટિએ પણ એ અમૂલ્ય ફળ છે. શરીરનો બગાડો બહાર કાઢવાનું કામ એ સરસ રીતે કરે છે. દ્રાક્ષનો રસ શરીરમાં બહુ જ જલદી શોષાઈ જાય છે. દરદીના પેટમાં જ્યારે કોઈપણ જાતનો ખોરાક ટકી કે પચી શકતો નથી ત્યારે જો તેને દ્રાક્ષનો રસ થોડો થોડો આપવામાં આવે તો એની તબિયત જલદી સુધરી જાય છે, એવો અનુભવ છે.

ફ્રાન્સની પેઠે ઇટલીમાં પણ દ્રાક્ષની પેદાશ ઘણી થતી હોવાથી ત્યાં દર વરસે દ્રાક્ષની મોસમમાં એક 'દ્રાક્ષમહોત્સવ' ઉજવવામાં આવે છે. એ ઉત્સવ વખતે ઇટાલિયન લોકો દ્રાક્ષ ખાઈને જ રહે છે. લોકો દ્રાક્ષ તંદુરસ્તીને માટે ખાય છે, ઇટાલિયન લોકો દ્રાક્ષ સસ્તી હોવાથી જ એ ખાઈને રહે છે. દ્રાક્ષ ખાવાથી કેટલો બધો ફાયદો થાય છે, એ મુસૉલિનીએ ઇટાલિયન લોકોને નવેસરથી બતાવી આપ્યું છે. ત્યાર પછી ત્યાં દ્રાક્ષનું વાવેતર પહેલાંના કરતાં વધ્યું છે ને ઇટાલિયન પ્રજાની તંદુરસ્તી પણ સુધરી છે.

દ્રાક્ષમાં સારક દ્રવ્યો હોવાથી કબજિયાતના દરદમાં એનો ઘણો ઉપયોગ થાય છે. આંતરડામાં ભેગા થએલા ઝેરી પદાર્થો બહાર કાઢી નાખીને કોઠો સાફ રાખવા માટે દ્રાક્ષનો ઘણો ઉપયોગ થાય છે.

શરીરમાં યુરિક ઍસિડનો વધારો થવાથી સંધિવા, ચસકા વગેરે દરદો થાય છે. દ્રાક્ષમાં યુરિક ઍસિડ-નાશક દ્રવ્યો હોવાથી એ વિકારોમાં પણ દ્રાક્ષાહારથી ફાયદો થાય છે.

તંદુરસ્તી જાળવી રાખવાની દૃષ્ટિએ જે ફળો બહુ જ અગત્યનાં ગણાય છે એમાં લીંબુની જાતનાં ફળો ને દ્રાક્ષનો પહેલો નંબર આવે છે. શરીરમાંના આમ્લ દ્રવ્યોનું ક્ષાર દ્રવ્યોમાં રૂપાંતર કરીને શરીરમાં ક્ષારતત્ત્વોનું પ્રમાણ એકસરખું રાખવાની દૃષ્ટિએ એક ડાક્ટર દ્રાક્ષને બહુ જ મહત્ત્વની ગણે છે. 'સો વરસ જીવો' નામના ગ્રંથના લેખક ડૉ. ટાબાનેરાએ પોતાના આરોગ્ય-મંદિરમાં દરદીઓ પર પ્રયોગ કરીને એવો સાર કાઢ્યો છે કે જૂનો સંધિવાત, મૂત્રાશયના દરદો, આંતરડાં ને ચામડીના દરદો તથા અયોગ્ય ખોરાકથી ઉત્પન્ન થએલા ઘણાખરાં દરદો દ્રાક્ષાહારથી મટે છે. (ચિત્રમય જગત)

હવે ?

માનવહિતની તરફેણમાં તેમ વિરોધમાં થએલો વિજ્ઞાનનો વિકાસ માનવજાત શંકાભરી નજરે જોઈ રહી છે. આજનાં છાપાંઓ પણ વિજ્ઞાનની કલ્પિત મહારસામગ્રીથી લોકોને ભડકાવવામાં બાકી રાખતા નથી. કોઈ કાનિસમાં કાતિલ ઝેરી વાયુઓની વાત કરે છે, તો કોઈ આજના કરતાં અનેકગણા ઉગ્ર દાહક પદાર્થોની, કોઈ વળી રોગના બનાવટી જંતુઓની વાત કરે છે, તો કોઈ વળી મિ. એચ. જી. વેલ્સે પોતાના 'ધ વૉર ઑવ ધ વર્લ્ડ્ઝ'માં જેનો ઉલ્લેખ કર્યો છે તે મૃત્યુકિરણની. આજે વિજ્ઞાનની મદદથી સેકન્ડના એક 'સાઈકલ'થી માંડી અબજો 'સાઈકલ' સુધીનું સ્પંદનવૈપુલ્ય (ફ્રીક્વન્સી ઑવ વાઇબ્રેશન) ધરાવતા કિરણો આપણે શોધી શક્યા છીએ, પરંતુ તેમાંનું કોઈ મૃત્યુ નીપજાવવાની તાકાત નથી ધરાવતું એટલે એવી કલ્પનાઓથી વ્યાકુળ બનવાને બદલે પ્રો. હાલ્ડેનના 'પૉટ ને ક્ન્ટઇન સાયન્સ' નામના પુસ્તકમાં નિરૂપેલી વિજ્ઞાનની રચનાત્મક બાજુનો આ સાર જાણવા જેવો છે :

અત્યારે વિજ્ઞાનની રચનાત્મક બાજુ માટે આપણે રશિયા તરફ નજર નાખવી જોઈએ, કારણ કે ઓગણીસમી સદીમાં ઇંગ્લંડનું થઈ રહ્યું હતું એવું જ આ સદીમાં તેનું ઉદ્યોગીકરણ થઈ રહ્યું છે.

સૌ પહેલી વાત તો ગરમીના ઉત્પાદનની. સોવિયેટ યુનિયનમાં કોલસાની તંગી છે, પણ વીજળીક બળ ઉત્પન્ન કરવા માટે જળશક્તિ પુષ્કળ પ્રમાણમાં છે. રશિયા જેવા ઠંડા મુલકમાં ગરમીની જરૂર બીજા કોઇપણ દેશ કરતાં વધારે છે. અને એ માટે સામાન્ય તાપણાં કે વીજળીક સગડીઓ નકામી છે, કારણ એ ઉષ્ણતામાન ખૂબ વધારી દે છે. જ્યારે માણસને જરૂર તો એના શરીરના ઉષ્ણતામાનથી યે ઓછી ગરમીની હોય છે. એટલે રશિયા એ ગરમીનો દુર્વ્યય બચાવવા શીતયંત્ર જેવા જ એક ઉષ્માપરિશોષક (હીટ પમ્પ)ની રચના કરવા માગે છે. એવી જ રીતે ગરમ પ્રદેશો માટે એવી રચના કરવા માગે છે કે બહાર ગમે તેટલી ગરમી હોવા છતાં ઘરમાં ઠંડક જ રહે.

આપણે ધારીએ તો કીટાણુઓ (bacteria)થી જન્મતા પ્લેગ, કૉલેરા વગેરે રોગોનો સરળ પ્રતિકાર કરી શકીએ છીએ તેમ ટાઇફસ જેવા જંતુજન્ય રોગોનો પણ નાશ કરી શકીએ. રેડિયમ અથવા એક્સ કિરણોથી કૅન્સર જેવા રોગનો પણ પ્રતિકાર કરી શકીએ. પણ દુઃખની વાત એ છે કે ધાતુઓ અને તેલોના ઉદ્યોગોના વિકાસ પાછળ આપણે જેટલા નાણાં ખર્ચી શકીએ છીએ એટલા ખુદ માનવજીવનના વિકાસ પાછળ ખર્ચી નથી શકતા.

ભૌતિકશાસ્ત્ર અને ખગોળશાસ્ત્રમાં આપણે સારો જેવો વિકાસ સાધ્યો છે, પણ ભવિષ્યમાં એથી વિશેષ ને ઝડપી વિકાસ સાધીશું. જીવ અને રસાયણશાસ્ત્ર વચ્ચે રહેલું આવેલું અંતર તો આ સદીમાં જ આપણે પૂરી દઈ શક્યા છીએ. અને હવે આપણે વળ્યા છીએ મગજના ભૌતિક વિશ્લેષણ તરફ. મગજમાંથી ફેલાતા વિદ્યુત્તરંગોનું માપ તો આપણે લઈ જ શક્યા છીએ ને ?

આ બધો વિકાસ આપણને ક્યાં દોરી જશે ? કદાચ આપણે કલ્પ્યું પણ નહિ હોય એટલે દૂરાતિદૂર !

સમયનું બળ

ઇંગ્લંડમાં ઇસ્પિતાલની સંસ્થાનો પ્રારંભ ૧૬૨૧ની સાલથી થયો કહેવાય છે. આ આરંભકાળમાં દર્દની ચિકિત્સા અને પરિચર્યા કેવી કઠિન હશે એ જણાવતી નીચેની વાત પરથી આજનું આપણું માનસ એ 'સુધરેલા' દેશની કિંમત જ કરી નાખે.

કહે છે કે ૧૮મી સદીની શરૂઆતમાં ઇંગ્લંડની સેન્ટ ટૉમસ ઇસ્પિતાલમાં એક એવો નિયમ કરવો પડ્યો કે એક પથારી (બેડ)માં એક કરતાં વધારે દરદીને કદી મૂકવા નહિ ! —ગ. ઉ. દે.

મુકાદમ : અહીં બધું કામ વીજળીથી જ થાય છે.

નવો આવેલો કારીગર : બરોબર છે, તમે સળગાવેલા પગારના આંકડાએ પણ મને આંચકો લગાડ્યો !

આ મહિનો (ફેબ્રુઆરી) ઇતિહાસમાં

તા. ૨ વિશિષ્ટ પ્રતિભા ને લેખનશૈલીવાળી નવલો તથા સાહિત્યકૃતિઓના સર્જક અંગ્રેજ સાહિત્યક જેમ્સ જૉઈસનો જન્મ-ઇ. ૧૮૮૨
તા. ૭ ઇસ્ટ ઇંડિયા કંપનીના એજન્ટ એડવર્ડે શાહાનશાહ જહાંગીર પાસેથી મુઘલાઈના તાબા નીચેના મુલકોમા વેપાર કરવાની પરવાનગી મેળવી—ઈ. ૧૬૧૫
તા. ૮, 'પ્રિઝનર ઑફ ઝિન્દા'ની નવલ વડે અંગ્રેજી સાહિત્યમા નામ કાઢી જનાર નવલ-નવેશ સર ઍન્થની હોપનો જન્મ-ઇ ૧૮૬૩
તા. ૧૦ 'એસેઈઝ ઑફ ઇલિયા'થી અંગ્રેજી સાહિત્યમાં પ્રખ્યાત અંગ્રેજ નિબંધકાર ચાર્લ્સ લૅમ્બનો જન્મ ઈ. ૧૭૭૫ (કુમાર વયના વાચકોમાં 'લૅમ્બ્ઝ ટેઈલ્સ ફ્રૉમ શેકસ-પીઅર'થી તેનુ નામ જાણીતુ છે. એક કાળે તો એ લોકપ્રિય કુમારવાચન ગણાતુ)
તા. ૧૨ ઉત્ક્રાન્તિવાદના જનેનામી અંગ્રેજ શોધક ચાર્લ્સ ડાર્વિનનો જન્મ-ઇ. ૧૮૦૯
તા. ૧૩ હિંદી પ્રજાએ જલિયાવાલા બાગ પાચ લાખ રૂપિયે ખરીદી લીધો ઇ.-૧૯૨૦
તા. ૧૭ મહાન ફ્રેન્ચ નાટકકાર મોલીએર-નું પારીસમાં અવસાન—ઈ. ૧૬૭૩
તા. ૨૩ પોતાની 'ડાયરી'થી દુનિયાભરમાં વિખ્યાત થએલા અંગ્રેજ 'વાસરિકા-લેખક' સૅમ્યુઅલ પેપીસનો જન્મ-ઈ. ૧૬૩૩. એમાં એણે પોતાના સમયના સમાજ, રાજદરબાર, મિત્રમંડળ તથા અંગત લાક્ષણિકતાઓનાં હૂબહૂ શબ્દચિત્રો આલેખ્યા છે

આ માસની વ્યક્તિવિશેષ

સરોજિની નાયડુ

પોતાની કાવ્યગાનની ધારા અને કવિત્વ-ભરી વાકછટા વડે દેશદેશાતરમાં 'હિંદના બુલબુલ' તરીકે લબ્ધપ્રતિષ્ઠ થએલા અને હિંદના સ્વાતંત્ર્યસગ્રામમા ભારતનારીના પ્રતિનિધિરૂપ બની રહી કૉંગ્રેસની કારોબા-રીમા મહત્ત્વનું સ્થાન ધરાવનાર હિંદના આ પ્રતિભાવાન પુત્રીનો જન્મ દક્ષિણમા નિઝામ હૈદ્રાબાદમાં ઈ. ૧૮૭૯ના ફેબ્રુઆરીની ૧૩મી તારીખે અઘોરનાથ ચટ્ટોપાધ્યાય નામના બગાળના એક વિદ્વાન સંસ્કારી બ્રાહ્મણ સજ્જનને ત્યાં થયો હતો. પિતા એડિનબરો યુનિવર્સિટીના ડૉક્ટર ઑવ સાયન્સ હોવા ઉપરાંત કવિ પણ હતા; અને માતા વરદાસુંદરી પણ કવિ હતાં, એટલે કવિતા અને મેધા સર્વે ભાઇબહેનોને વારસામાં ઊતરી સરોજિની-ના ભાઇ હરીન્દ્રનાથને ઉત્તમ કોટિના કવિ તથા નાટકકાર તરીકે દેશ આખો ઓળખે છે.

અંગ્રેજી ભાષાના આકર્ષણના એ જમાના-



માં ૪-૫ વર્ષની બાળ વયથી સરોજિનીનું અંગ્રેજી શિક્ષણ શરૂ થયું. ૧૧મે વર્ષે પહેલુ કાવ્ય લખીને એમણે વાગીશ્વરીની વીણાનો પ્રથમ ઝંકાર કર્યો; ૧૨ વર્ષની કુમળી વયે મૅટ્રિક પસાર કરી અને ૧૩મે વર્ષે તો સ્કૉટના 'લેડી ઑવ ધ લેઈક'ની ઢબે ૧૩૦૦ લીટીનુ એક કાવ્ય તથા ૨૦૦૦ લીટીનું એક નાટક લખી કાઢ્યા. પણ નાનપણથી જ નરમ રહેતી તબિયત હવે એટલી લથડી કે ચોપડીઓને અડવાની પણ મનાઇ થઇ.

ત્યાર પછી નિઝામની સહાયથી એ વિલા-યત ગયાં અને લંડનની કિંગ્ઝ કૉલેજમા અભ્યાસ શરૂ કર્યો પણ ફરી ત્યા આરોગ્ય બગડ્યુ. વિલાયત છોડી ઈટલી થઈ તે હિંદ આવ્યાં અને ૧૯ વર્ષની વયે પોતાના પ્રિયજન ગોવિંદ રાજુલુ નાયડુ નામના મદ્રાસી સાથે લગ્ન કર્યું. બ્રાહ્મણ પુત્રીએ અબ્રાહ્મણ સાથે કરેલા આ આતરપ્રાતીય અને સુધારક લગ્નથી આખો સમાજ ખળભળી ઊઠ્યો, પણ સમાજ-સુધારાનું પહેલુ પગલુ ભરનાર એ ભારત-નારીએ ધીટતાથી એ સહી લીધો. એમનું એ લગ્નજીવન સુખી નીવડ્યું. એ લગ્ને છ સુંદર બાળકો એમને આપ્યા અને સરોજિનીના સાહિત્યજીવન તથા સ્વદેશ સેવાને મોકળો માર્ગ પણ કરી આપ્યો.

ઇગ્લંડમાં હતાં તે દરમ્યાન ઘણા અંગ્રેજ વિદ્વાનોના પરિચયમા તે આવેલા, જેમા ત્યાના સમર્થ વિવેચક એડમન્ડ ગૉસ મુખ્ય હતા. એમણે સરોજિનીમા કાવ્યનો સ્ફુલિંગ જોયો, પણ સાથેસાથે પશ્ચિમના અનુકરણની પોપટવાણી જોઇને આકરી ટીકા કરી એ માર્ગ છોડવા તથા ભારતીય કલ્પનાવૈભવને બહ-લાવવા પ્રેરણા આપી સરોજિનીની કવિતામા આ સૂચને પલટો આણ્યો, અને એણે પોતાનો પ્રથમ કાવ્યસંગ્રહ 'ગોલ્ડન-થ્રેશોલ્ડ' પોતાને 'સુવર્ણ-ઉંબર'નો આ માર્ગ દર્શાવનાર એ વિવેચક ગૉસને અર્પણ કર્યો. એ ઉપરાંત 'પોએમ્સ ઑવ લાઇફ ઍન્ડ ડેથ' (જીવન અને મૃત્યુના કાવ્યો), 'બર્ડ ઑવ ટાઈમ' (કાલપક્ષી), ને 'બ્રોકન વિંગ' (તૂટેલી પાખ) એ એમના બીજા કાવ્યસગ્રહો છે.

પણ લોકમાન્ય ટિળક અને ઍની બેસટ-ના સમયથી એમનામા દેશસેવાનો સ્ફુલિંગ ઝગવા શરૂ થયો. કવિતાનુ આકર્ષણ ઓછુ થયુ અને કવિતા જીવનમા ઊતરવી શરૂ થઈ. કવિની વાસળી છોડી એમણે સ્વાતંત્ર્યની રણભેરી લીધી. જલિયાંવાલાના હત્યાકાંડ પછી એ ગાંધીજીને પડખે સક્રિય રાજકારણ-મા પડ્યા અને તે દિવસથી આજ લગી દેશ-ની બધી લડતોમા, કૉંગ્રેસની કારોબારીમા અને વિલાયત જતી કૉન્ફરન્સોમા ગાંધીજીના મોખરા તરીકે રહ્યા છે.

એમની કવિત્વશક્તિએ પશ્ચિમના રસ-મીમાસકોને મુગ્ધ કર્યા છે, પણ એથીયે વધારે વશ તો એમનું વક્તૃત્વ સાભળીને તેઓ થાય છે. એ વેધક અને પ્રેરક વક્તૃત્વશક્તિ વડે એમણે ઇંગ્લંડની પાર્લમેન્ટરી જૉઇન્ટ કમિટી આગળ જુબાની આપીને હિંદી સ્ત્રીઓને મતાધિકાર અપાવ્યો; એ શક્તિ વડે એમણે જીનીવાના સમસ્ત સસારના સર્વ સ્ત્રીસંઘ આગળ હિંદના સ્ત્રીત્વનો સાચો ખ્યાલ રજૂ કરી જબરો વિચારપલટો કર્યો, એ જ શક્તિ વડે યુરોપ-અમેરિકાની પોતાની સફરો દરમ્યાન હિંદની સ્વતંત્ર્ય-લડતના તથા રાજકીય પરિસ્થિતિનુ સાચુ દર્શન કરાવી એમણે સૌનો સમભાવ જીત્યો અસહકારના કાળથી હિંદના રાજકારણમા એમણે જે આગળપડતો ભાગ ભજવ્યો છે તેની કદર તરીકે દેશે એમને લખનૌની ૪૦મી હિંદી મહાસભાનુ પ્રમુખપદ આપી એમનુ બહુમાન કર્યું. એટલુ આજે એટલું જ દેશની ભાવિ પરિસ્થિતિમા પણ એમનુ ચોક્કસ સ્થાન છે.

'અમારી પાસેની બધી નવી આવેલી રેકર્ડો તમને સંભળાવી દીધી. એમાથી કોઈ પસંદ છે કે પછી નવી સભળાવું?'
'જરાક બહાર જોઇ આવુ કે વરસાદ રહી ગયો છે? રહી ગયો હોય તો વધુ તકલિફ ન આપું'

પેલો મનસુખ હમણા શુ કરે છે?'
'ખીસામા પૈસા ભરી આખો દિવસ બસમા રખડ્યા કરે છે?'
'કોઈ મોટો હોદ્દો મળી ગયો છે શું?'
'ના રે ના, બસનો કંડક્ટર થયો છે.'

શંકરાચાર્ય ને મંડનમિશ્ર વચ્ચેની વેદાંત-ચર્ચાનો નિર્ણય મંડનમિશ્રની વિદુષી સ્ત્રી સરસ્વતીએ આપવાનો હતો. કરાર એવો હતો કે શંકરાચાર્ય હારે તો તેમણે સંન્યાસ તજી ગૃહસ્થાશ્રમી થવું, અને મંડનમિશ્ર હારે તો તેમણે ગૃહસ્થાશ્રમ ત્યજી સંન્યાસી થવું. સરસ્વતીનું નસીબ તેના પોતાના જ નિર્ણય ઉપર અવલંબતું હતું છતાં તેમણે પ્રામાણિકપણે શુદ્ધ ન્યાય તોળી શંકરાચાર્યને વિજેતા ઠરાવ્યા અને પતિની પાછળ પોતે પણ સર્વ સિદ્ધિ-સિદ્ધિ તજી સંન્યાસિની થઈને ચાલી નીકળી

અનેકાર્થી શબ્દ "વાજ"=વેગ, તાન, તોબા પીડા કે કંટાળો, હારેલું કે કંટાળેલું, યજ્ઞ, સંગ્રામ, બાણનું પીંછ, જળ, અન્ન, ઘી

કહેવતોના અર્થ 'વાવડી ચસ્કી'—કમ અક્કલના માણસો મૂર્ખાઈથી, શેખીથી કે કોઈના ચડાવ્યા ફુલણજી બનીને હાસ્યાસ્પદ પ્રયત્નો કરે તેને માટે વપરાતી આ કહેવત માટે એવો તુક્કો છે કે એક ગામમાં હજામોની ન્યાત વખતે મળેલા હજામોએ સ્થાની વાવને પોતાને નામ લઈ જવાનો મૂર્ખ વિચાર કરી પોતાનાં ફાળિયાના દોરડાં બનાવી વાવના થાંભલા સાથે બાંધી ખેંચવા માંડ્યું એથી ચરડ ચરડ અવાજ થવા લાગ્યો, એટલે હર્ષથી 'વાવડી ચસ્કી, વાવડી ચસ્કી' એમ બોલવા લાગ્યા, પણ બહુ જોર કરતાં ફાળિયાના ચીરેચીરા ઊડી ગયા અને તેઓ નીચે પછડાઈને લોહીલુહાણ થયા ત્યારે જંપ્યા

આ મહીનાનું નામ ફેબ્રુઆરી. તે એ માસની ૧૫મીએ આવતા શુદ્ધિમહોત્સવના લાટિન નામ 'ફેબ્રુઆ' ઉપરથી પડ્યું છે

યૂરોપમાં પ્રત્યેક આસામી સાઠ વાર કાપડ વાપરે છે, જ્યારે હિંદુસ્તાનમાં પ્રત્યેકને ઢાંકવા ૧૧ વારથી વધુ કાપડ મળી શકતું નથી


હિંદમાં માત્ર ૧ ટકા પરદેશીઓ જ છે

ગયે વરસે અમેરિકામાં મોટરના જે નવા નવા રસ્તા થયા તેની લંબાઈ ૭૦૦૦ તરાહ થઈ છે।

જગતમાં સૌથી જૂની નાણાનોટ ચીનમાં ઈ. પૂ. ૨૮૧૭ની સાલમાં નીકળી હતી

લંડનના દૈનિકપત્રો માટે રોજ ૧૧,૦૦૦ માઈલ લાંબા કાગળની જરૂર પડે છે

૧૯૩૯માં આખા હિંદમાં ૮૬ બેંકો બંધ પડી હતી, ૧૯૪૦માં ૬૦ બેંકો બંધ પડી



એકજ નાની ઓરડીમાં બધી ગોઠવણ કરવી હોય ત્યારે એક ખૂણામાં ત્રિકોણ અભરાઈ નીચે નાનાં કપડાં ટાંગવાના હુક નાખી, આગળ આગળ એક સળીઓ રાખી પડદો કરી લેવાય. અભરાઈનું ત્રિકોણું ટેબલ તરીકે વપરાય સામે નાનો અરીસો લટકાવીએ તો સરસ ટોઇલેટ ટેબલની ગોઠવણ બની જાય.

નસકોરી ફૂટીને નાકમાંથી નીકળતું લોહી બંધ ન થતું હોય તો ડુંગળી ભાંગીને તેનાથી સુંઘાડવી, અથવા તો કાળી ખેતરાઉ માટી પર પાણી છાંટીને તેની વાસ જોરથી લેવડાવવી

ગણિત ગમ્મત

$(૧^૨+૨^૨)+૫=૨×૫$

$(૨^૨+૪^૨)+૧૦=૩×૧૦$

$(૩^૨+૬^૨)+૧૫=૪×૧૫$

$(૪^૨+૮^૨)+૨૦=૫×૨૦$

$(૫^૨+૧૦^૨)+૨૫=૬×૨૫$

$(૬^૨+૧૨^૨)+૩૦=૭×૩૦$

$(૭^૨+૧૪^૨)+૩૫=૮×૩૫$

$(૮^૨+૧૬^૨)+૪૦=૯×૪૦$

$(૯^૨+૧૮^૨)+૪૫=૧૦×૪૫$

$(૧૦^૨+૨૦^૨)+૫૦=૧૧×૫૦$

અને એ પ્રમાણે આગળ (કા. મ. જોશી)

શેરડીનાં છોતાંમાંથી કાગળ બની શકશે એવું સિદ્ધ થયું છે.


યંત્રથી બનાવેલો કાગળ પહેલવહેલો ૧૮૦૪માં બજારમાં મુકાયો.

જાગૃત (સળગતા) જ્વાળામુખી પર્વતોની સંખ્યા આજે જગતમાં ૧૮૫ છે

રવિવારને છુટ્ટીનો દિવસ પાળવો એવો કાયદો ઈ. સ. ૩૨૧માં રોમન બાદશાહ કૉન્સ્ટેન્ટાઇને જાહેર કર્યો હતો



કેટલા દેશના શિરવેશ. આ ત્રણ કોરીઆના વતનીઓના છે




રણપ્રદેશમાં સફર ખેડવાના ત્રણ સાધનો: ઊંટ, એરોપ્લેન અને મોટર

મુંબાઈ આર્ટ સોસાયટીના

ગયા માસમાં ભરાએલા
વાર્ષિક પ્રદર્શનનાં
કેટલાંક ચિત્રો

[બીજા ચિત્રો આવતે મહીને]



મુંબાઈની જુમ્મા મસ્જિદ

ચિત્રકાર: એચ ડી. મીગરી

(ઇચિંગ)

ઇચિંગની કલા હિંદમાં હજી બહુ થોડી જ જાણીતી થઈ છે પણ બેંકની નોકરી કરતા એક યુરોપિયન ગૃહસ્થને આ કલાના સરસ નમૂના પ્રદર્શનમાં રજૂ કરતા જોઈને મુંબાઈના નિષ્ણાત કલાકારોને પણ સાનંદાશ્ચર્ય થયુ છે ધાતુની પ્લેટ પર તીક્ષ્ણ અણી વડે આ ચિત્ર તૈયાર થયુ છે એટલી જ વિગત જણાવાથી એના કર્તાને ચિત્રની સુરેખતા ને વિગતની ચોકસાઈ માટે ધન્યવાદ આપી શકાય



જમણી બાજુ


આશ્વાસન

ચિત્રકાર: પી ડી રેડ્ડી

આ ચિત્રકાર હિંદની ચિત્રશૈલીઓના બધા પ્રયોગો ઉપર હાથ અજમાવતા જણાય છે રેખાઓના જ ઘસારા ઉપર ભાવસૂચન અને ચિત્રસંયોજન કરવાની તેમની હિંમતના પુરાવા રૂપ આ ચિત્ર છે.


(બ્લૉક્સ મુંબાઈ આર્ટ સોસાયટીના સૌજન્યથી)





ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ

ડાબી બાજુથી અનુક્રમે (૧) 'ગામડાની મજા'—હાસમ સુતાર (નડિયાદ) પહેલુ ઇનામ, (૨) 'વર્ણીપરી'—વીરેન ગી. પટવા (અંગિયા) બીજુ ઇનામ, (૩) 'અમે ત્રણ'—જયકુમાર પટવા (મુબાઇ) ત્રીજુ ઇનામ



યુદ્ધપ્રયાસની ટપાલની ટિકિટો

મથાળેથી ક્રમવાર: પહેલી ત્રણ અનુક્રમે ૧, ૨ અને ૩ પેન્સની યુનાઇટેડ સ્ટેટ્સ ઑવ અમેરિકાની—જેમા પહેલીમા ન્યૂયૉર્કના બારાગાનુ સ્વાતંત્ર્ય દેવીનુ પૂતળુ, બીજીમા વિમાનવિનાશક તોપ અને ત્રીજીમા મશાલવાળો હાથ આલેખેલા છે દરેકમા મથાળે એ દેશના જુદાજુદા ખાતાઓના નામ અને નીચે 'બચાવ માટે' એવુ લખેલુ છે તે પછીની બે ૧ અને ૨ પેન્સની ઑસ્ટ્રેલિયાની—જેના પર ત્રણ સૈનિકોનુ અને પશ્ચાદ્ભૂમિમા નર્સનુ ચિત્ર છે નીચે ૧, ૪ અને ૩ પેન્સની દક્ષિણ આફ્રિકાની—જેમા પહેલીમા રેડ ક્રૉસની ગાડી તથા નર્સના ચિત્રો છે, બીજીમા તોપ છે અને ત્રીજી સ્ત્રીસહાયક દળની પરિચારિકાનુ ચિત્ર ધરાવે છે (શ્રી હરિલાલ બૅન્કરના સંગ્રહમાંથી)

સિં	ગા	પુ	ર	■	વા	ક્ય	વ્યૂ	હ
■		■	મ		ર	■	■	ડી
	ડું	■	ન	■		હા		ક
ડા	■		■		■		મ	ત
ઈ		ન	■	ન		■		■
■		■		વી	■	સા	ત	■
આ	ણ	સ	■	દ		લ	■	■
ન	■	ક્રા		લ	■	પ	આ	
તા		ણી	■			ય		■

સહી ________________

ઠેકાણું ________________

ગામ ________________

(મુબાઇના હવેકઠે અન્દર કરેલી)

ગ ઓ રસીદ રોકડ પાવતી પોસ્ટલ ઓર્ડર

નં નં નં.

મેં મારી પ્રવેશ ફી થી મોકલી છે

ચાવીઓ ઊભી

૨ સાધારણ ' કોઇ લક્ષમાં લેતુ નથી.

૩ તરફના અતિશય મમત્વને લીધે કેટલાક જુવાનો પોતાની શક્તિઓનો સાચો ઉપયોગ કરી શકતા નથી.

૪ ગાંધીજીએ તાજેતરમાં કહ્યું છે કે 'જવાહર મારા કાયદેસર . . છે'

૫ પોતાની . રજુ કર્યા વિના સામો પક્ષ પોતાની મુશ્કેલી સમજે એવી આશા રાખવી નકામી છે

૭ અતિશય ... વાળા માણસનો સમર્ગ ઘણાને બહુ રૂચતો નથી

૯ દુશ્મનની અસાધારણ . નીરખીને એકદીલ રણ-ધીરોનાં દીલ પ્રોત્સાહિત બને છે

૧૦ આશાએ આવેલા ....ને કોણ પાછા વાળી શક્યું છે?

૧૧ આપણે ....ની છાપ ખૂબ ઉંડી પડે છે

૧૨ આ 'નામુદ્દલગીર' ગુમવાઈ ગયેલ છે

૧૫ નાના પવનની રોમાંચક કથાઓમાં એ અમત્વનો ભાન બાળવની માલૂમ પડે છે.

૧૮ . . . ન મળે ત્યાં સુધી કેટલાક ગરીબો દિલથી ગાઇ શકતા નથી

૧૯ લાગ આપ્યા વિના . નું કાર્ય સફળ થતુ નથી

૨૨ વડિલોની દરેક .. માનવામાં આજનાં યુવક યુવતીઓને પોતાનું વ્યક્તિત્વ કુંઠિત થતુ લાગે છે

૧૬-પ્રવેશપત્રો ભરી મોકલો અને

વસંત વ્યૂહમાં ૧૬ પ્ર. પત્રો ભરી મોકલી રૂા. ૧૦નું 'ગેરન્ટીડ' ઈનામ મેળવો

આ વ્યૂહમાં એક જ નામનાં સોળ પ્ર પત્રો એકીસાથે ભરી પ્રવેશ ફીના છ રૂપિયા રોકડેથી (મ. ઓ , પો ઓ , કે, રો. પા. થી) મોકલનાર હરીફને મળતા ઈનામની રકમ રૂા.૧૦)થી ઓછી હશે તો વધારીને રૂા. ૧૦)ની કરી આપવામાં આવશે આ રીતે વહેંચવાની રકમ રૂા. ૬૦૦)થી વધુ હશે તો પ્રમાણસર ઘટાડાશે ને રૂા. ૩૦૦)થી ઓછી હશે તો તેટલી પુરી કરાશે.

રૂપિયા દસનું ઇનામ મેળવો

•

ચાવીઓ આડી

૧ પૂર્વની વ્યૂહરચનાનુ હાર્દ.

૪ સામાજિક 'હરીફાઇ'નું એક વિશેષ આકર્ષણ.

૬ મહાગર્ભ માતાને પણ તે 'ત્રાહિ' પોકારાવી શકે છે

૫ આવું લાકડું ઝીણી કારીગરી માટે ઉપયોગમાં લેતાં બહુ મુશ્કેલી ઉભી કરે છે

૮ ગદ્દગાર.

૧૩ કેટલીક વખતે પતિપત્ની વચ્ચે . નું પરિણામ ગંભીર આવે છે

૧૪ પ્રમાણિકતા

૧૬ આવો રાજ પક્ષનો સ્નેહ લાંબો સમય ટકાવી શકે કે નહિ તેનો ઘીણ ઘણા સંજોગો પર આધાર હોય છે.

૧૭ ચાંદીની . એ રાખીને કેટલાક પોતાનુ ધનાઢ્યપણું દર્શાવે છે

૧૮ .. વગરના બાળકની સ્થિતિ સંયુક્ત કુટુંબમા અનાથ જેવી લાગે છે

૧૯ કોઇપણ .... ખરેખર ફળવાના છે કે નહિ તેનો આધાર ઘણી વખત સંજોગો ઉપર હોય છે

૨૦ . પ્રમાણિક હોય તો પણ કેટલીક વખત તેના માલિકને લાભ થતો નથી

૨૧ આવી નારીને કોઈ પણ રીતે થાપ આપવા જતાં ઘણાને ખાવુ પડ્યું પડે છે

૨૨ જવર્હન . ખાણે માનવી પોતાનું જીવન ઉન્નત રાખી શકે છે

૨૩ વધુ પડતી આકરી . .. સારી ન ગણાય

૨૪ . . સારો ન હોય તો પ્રવાસ પર્યટનમાં અસુખી નીવડે છે

કુમાર

માર્ચ
૧૯૪૨ આવતી કાલનાં નાગરિકો
ઘડતું અદ્યતન માસિક
તંત્રી · રવિશંકર મ. રાવળ
સંપાદક · બચુભાઈ રાવત
વર્ષ ઓગણીસમું · અંક ૩
અણંગ અંક ૨૧૯







કલકત્તાના સ્કૂલ ઑફ આર્ટના હેડમાસ્તર અને બંગાળાના સૌમ્યસરળ કલાકાર શ્રી રમેન્દ્રનાથ ચક્રવર્તીની બે કૃતિઓ. ઉપર રંગીન વૂડકટ ચિત્ર-'તૈલસિંચન' બાજુએ રંગીન લીનોકટ ચિત્ર—'અર્જુન અને ચિત્રાંગદા' નાટકનો એક પ્રસંગ. કલાકારના પરિચય માટે અંદર જુઓ 'મારી નજરે'

વીટામીન F વાપરીને
વધુ ખૂબસુરત બનો.



વીટામીન Fના ચામડીને ખૂબસુરત બનાવનારા ને તાજગી આપનારા તત્ત્વો 'સુનીલ સ્નો'માં ભરપૂર પ્રમાણમાં રહેલાં છે. દરરોજ આ 'સુનીલ સ્નો' વાપરો અને તમારી ચામડી કેવી રીતે યુવાન અને સુંદર બનતી જાય છે તે જુઓ



(સ્થાપના ૧૯૦૪)

બૉમ્બે સોપ ફેક્ટરી

સાબુ અને પરફ્યુમરી બનાવનારી

મુખ્ય પેઢી મુંબાઈ–૩

આવે છે! આવે છે!!

હસતી, રમતી

ગાતી, નાચતી

રૂપેરી પરદાની મોહિની

નલિની જયવંત

નેશનલના નવા


દિલહર ચિત્ર

નિર્દોષ

માં



તમારા માનીતા સીનેમાગૃહમાં
થોડા જ વખતમાં આવે છે!



કુમાર પ્રત્યેક અંગ્રેજી મહિનાની પંદરમી તારીખે બહાર પડે છે

મુદ્રક-બચુભાઈ રાવત, તંત્રી અને પ્રકાશક રવિશંકર રાવળ, કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય ૧૪૫૪ રાયપુર અમદાવાદ વાર્ષિક રૂા ૬, બહારદેશના રૂા. ૬ાા, પરદેશના ૧૨ શિ , છૂટક દસ આના. મુંબઈમાં કુમાર ઑફિસ, ૧૩૬-૧૪૨ મેડોઝ સ્ટ્રીટ, આન. આર ગોઠની કં અથવા રાવળ બ્રધર્સ પ્રિન્સેસ સ્ટ્રીટ. વડોદરામાં : નૂતન ફોટો સ્ટૂડિયો, રાવપુરા




ઉનાળાની એકાન્તે ફોટો શ્રી નગીનદાસ નલાવાળા

ગયા જાન્યુઆરીના મુંબાઈ આર્ટ સોસાયટીના પ્રદર્શનમાં ફોટોગ્રાફી વિભાગમાં રૂપાનો ચન્દ્રક મેળવનાર કૃતિ

(બ્લૉક : મુંબાઈ આર્ટ સોસાયટીના સૌજન્યથી)



હાફિઝની કવિતા ચિત્રમાં પી આર નેથ—જનતન આ વર્ષના મુંબાઈ આર્ટ સોસાયટીના પ્રદર્શનમાં અમની કૃતિઓના ગુણદર્શન નજરો માટે રૂપાનો ચન્દ્રક મળ્યા ૬



આવતી કાલનાં નાગરિકોનું માસિક

પનઘટ*

(વસંત-મહા-સ્રગ્ધરા)



વિશ્રામ તું પરમ એક તપ્યા ક્રમેનો,
તું તો પ્રતીક સહુ મંગળ ઊર્મિ કેરું,
હૈયાં અનેક તરસ્યાં જગમાં ભમે તે
તારે કુંજે ઘડીક આવી સુખે વિરામે

આકાશગંગાથી પનિહારી ક્યાં ઝુકીને
જોઈ રહે તૃષિતનેત્ર તને, તહીં કો
કોડભરી રમણીઓ નયનાભિરામ
સત્વરને મધુર કૈંક તને જગાડે!

તે કંકણો રણકતાં, પદનૂપુરો તે,
તે પાનીઢક ઉડતાં નવરંગી ચીર,
ને તે મીઠું ખળકતું કરમાં છુપું કૈં,
તેનું અહીં તવ ઉરે પ્રતિબિમ્બ જોતાં
આનન્દે તે થનગન થતી
કોડીલી અંગનાને
તારા જેવું, પનઘટ, બીજું
સ્થાન કો પ્રેરણાનું?



સંસારના અનલથી સળગી રહેલી,
નારી કને વિજન કો હતભાગી નારી
આવી હશે હૃદયનો ઉભરો શમાવા!
તેં તો વળી સુણી હશે કથની અનેક
વૈધવ્યની કરુણ કો અતિ મર્મભેદી!


ને ચડ ત્યાં ગગનમાં બની ક્રુદ્ધ પેલો
જ્યારે રહે વરસી ભીષણ કાળસૂર્ય,
ને મેલી સૌ રતુગડી બનતી ક્રિયાઓ
ઢૂંઢી રહે સકળ જીવનઆશ લોક,
ત્યારે તું તો અક્ષયના ધગસાળુમાં એ
સંતાપ સૌ વિસરીને સ્થિતપ્રજ્ઞ જેવો,
તે ખેદ ને વ્યથિત તે અબળા જનોના
અન્તર્દહો સહુ શમવતો
એક આધાર થાતો,
તારા જેવો, પનઘટ, બીજો
પ્રેમનો કો કુવારો?



આવે અહો! તવ સમીપ પ્રસન્નગાત્રી,
રાખી કટોરી કર તારકની નિશા, ને
આવે પીવા રવિ અને શશી નિત્ય તો યે
તારાં અમીઝરણ તે ન સુકાઈ જતાં!

ના માત્ર તું મનુજ કે કદી વ્યોમ કેરી
છીપાવીને ઉરતૃષા મન તોષ ધારે,
તું તો વિહંગગણ કો ઘણું ધોમધીખ્યા
આમંત્રી રે' પળપળે વિચિ-અંગુલીથી!

ના એટલું જ — અમૃતાત્મ, સદાય તું તો
તે દૂર ખેત વળી ભાવી પ્રતિ નિહાળી,
સીંચી પ્રફુલ્લ કરતું જ અનેક હોંસે,
સોહી રહે ગહન કાળતણે પટે કો
નિત્યે ધીખ્યા પ્રખર રણમાં
લીલી નાઘેર જેવો!
સંતપ્તોનો, પનઘટ, જગે
એક વિશ્રામ તું તો!



કો ગોપબાલ અહીં બાંસરી મીઠી છેડી,
બંનેનો હશે જગવી કોમળ ભાવ કોઈ
ગોપીતણા ઉરમાંહીં; નીરખી તને તે
કેવું હશે જીવન સાર્થ થતું જણાતું!

તું હે રસેશ, સુકુમાર જ ઊર્મિઓ કો
કોડેભરી ગુલઝરી મૈમી મુગ્ધકાની
ઝીલી, બને પ્રણયના મૃદુ કેક છૂપા
સંકેતનું વિરલ સ્થાનક કૈંક વેળા!

તારી અને દિવસરાત અનેક એવા
સ્વપ્નોતણી સફળ સિદ્ધિતણી જ છાની
વાતો તને કહીકહી ન ધરાતી ઘેલી,
પાનેતરે વિગલ ગગલ ગોરડી કો
પહેલી વેળા જતી નવવધૂ
કાન્તની પાસ જ્યારે,
હૈયું તારું, પનઘટ, તદા
રોકવું કેમ જાય આ કે?




તારી સમીપ પ્રિય હું સ્મરીને સુહાગી
તારાં સ્વરૂપ સહુ પ્રેમળ, આજ આવ્યો!
માગે નથી ભરવી તારકની કટોરી,
ઐશ્વર્યની પીવી નથી મદિરા, ન પાવી!
હું મર્ત્ય, તું અમર!–એટલું જો હું પ્રીછું
મારે ઘણું ય! પણ એક જ વેણ મારું
રાખે તું જો પનઘટ, પ્રિય બંધુ તો હું
યાચું તને! વિમલ એક પ્રસન્ન ઊર્મિ
તું પ્રેરીને ઉર જગાડી ઋતંભરાને
ગાનો તણી ચિર વહાવ વિમુક્ત ધારા,
જે નાળ ના રણ મહીં અતિ દૂર દૂરે,
સંતપ્ત ને વ્યથિત કો ઉરભગ્ન ભોમે,
ઝહોરાવી કૈં
બળીઝળી નવે પલ્લવે પ્રાણચેલી,
રે'શે ફરી મીઠી કો
રસભરી સરવાણી સમી નીતરેલી!

સ્નેહરશ્મિ



*તરતમાં પ્રકટનાર એ નામના સંગ્રહનું મુખકાવ્ય



ઉત્તર ભારતના કલાકેન્દ્રોના સંપર્ક અર્થે તંત્રીએ કરેલી સંસ્કાર-યાત્રામાં કલકત્તાનું વર્ણન આગળ ચાલુ

શાંતિનિકેતનમાં મારા જાણવામાં આવ્યું હતું કે શ્રી અવનીબાબુની તબિયત હમણાં બહુ શિથિલ રહે છે અને ભાગ્યે જ કોઈને મળે છે અથવા બહારની પ્રવૃત્તિમાં ભાગ લઈ શકે છે. તેમને ૭૦મું વર્ષ બેઠું તેની અભિનંદનસભા ત્યાં થઈ તેમાં પણ જાતે જઈ શક્યા નહોતા. માત્ર તેમના પ્રધાન શિષ્યવર્ગને ઘેર આગળ થોડી મધુર વાતચીતની તક મળી હતી. તે મંડળમાં શ્રી નંદબાબુ પણ હતા. એક મિત્રે એ પ્રસંગની બહુ નોંધપાત્ર વાત કરી.

વર્ષો પહેલાં થોડી મજાકમાં શ્રી અવનીબાબુએ શ્રી નંદબાબુને કહ્યું, 'નંદ, તું મારી ગુરુદક્ષિણા તો આપ, હજુ તેં મને કંઈ નથી આપ્યું. જો તું કંઈ આપવા માગતો હોય તો કાલીઘાટ પર સવારથી જઈને ત્યાં બેસી, ચિત્ર કરી, જનતાને વેચી, એક દિવસમાં જે મળે તે મને આપ.' નંદબાબુ તો શ્રદ્ધાન્વિત ભક્ત શિષ્ય હતા, એટલે બીજે જ દિવસે એ વાતનો અમલ કર્યો. આખો દિવસ ઘાટ પર બેસી ચિત્રો કરી વેચ્યાં. તેમાંથી પાંચસાત રૂપિયાની રકમ ઊપજી તે લઈ આવ્યા અને ગુરુચરણે ધરી. એ રકમનું પડીકું વાળી અવનીબાબુએ કોઈ એક ઠેકાણે સાચવી મૂક્યું. તે ઉપરના અવસરે ઊઠીને શોધી લાવ્યા અને નંદબાબુને પાછી આપી કહ્યું, 'લે ભાઈ, તારી ગુરુદક્ષિણાનો સદુપયોગ કરવાનો આજે અવસર મળ્યો છે. આજે તારા વિદ્યાર્થીઓને આમાંથી મીઠાઈ ખવડાવજે.'

અવનીન્દ્રનાથ ઠાકુરની મુલાકાત

અવનીબાબુના વિનોદ અને મૌલિકતાનું આ એક ઉદાહરણ છે. દરેક પ્રસંગે વ્યક્તિ કે કૃતિ પર તેમના મગજમાંથી કંઈ ને કંઈ નાવીન્ય જ ઝરે છે એવો તેમના પરિચયમાં આવેલા સર્વને અનુભવ થયો છે. મને ઘણાઓએ કહ્યું કે હમણાંહમણાં તેમની તબિયતના કારણે ઘણીવાર મામૂલી વાત પણ પણ તે ખરી થઈ જાય છે, માટે મળવા જવા સારુ યોગ્ય સમય માગજો. જ મેં તો અગાઉથી જ પત્ર લખેલો. તેમના સ્વહસ્તે તેનો ટૂંકો પણ ભાવભર્યો પ્રત્યુત્તર મળ્યો, એટલે બીજે દિવસે સવારે નવ વાગ્યે અમે દ્વારકાનાથ લેઈન જવાની હામ ભીડી.


શ્રી અવનીબાબુ મારે મન કળાના એક અગ્રગામી ઋષિ છે. તેમને ૭૦ વર્ષ પૂરાં થયાં તે નિમિત્તે મારે અભિનંદન રૂપે ગુજરાત તરફથી કંઈક ભાવ પ્રદર્શિત કરવો જોઈએ એવું કર્તવ્યભાન થયું એટલે એક પુષ્પહાર લઈ અમે આઠેક દૂર પહોળી દ્વારકાનાથ લેઈનમાં પેઠા. જૂની ઢબનું કલકત્તા હજી અહીં જીવંત છે. અંદર જરા દૂર ગયા પછી મોટો ચોક આવે છે. તેની ચારે તરફ ઈસ્ટ ઈન્ડિયા કંપનીના વખતની ઢબની થાંભલાવાળી મોટી હવેલીઓ છે. જમણે હાથે પહેલું જ મકાન શ્રી અવનીબાબુનું છે ને સામેનું મકાન ગુરુદેવ રવીન્દ્રનાથનું છે.

પહેલાં

● ૧૯૨૦માં હું પૂર્વના પ્રવાસે ગયો ત્યારે આ ગલીમાં આવેલો. એ વખતે શ્રી અવનીન્દ્રનાથ કલકત્તા કળાશાળાના અધ્યાપકપદેથી તાજા નિવૃત્ત થયા હતા, પણ તેમણે સ્થાપેલી ઓરિએન્ટલ આર્ટ સોસાયટી આબાદીની ટોચ પર હતી. સમવાય મેન્શનના એક વિશાળ માળ પર તેના અભ્યાસખંડો, બેઠક ને ગ્રન્થાલય જોઈ હું છક થઈ ગયો હતો. તેમના ઘરનો પણ આગળનો વૈભવ અને ભભકાની છટા ઓર હતા. દેશદેશાવરના કલાકારો અને કલારસિકો તેમને ઘેર મહેમાન થતા યા મુલાકાતો લેતા, અને હિંદ તેમજ બહારના પત્રોમાં તેમના નિવાસનું તેમજ તેમની કલામય વિનોદી પ્રવૃત્તિનું અને તેમના બંધુ શ્રી ગગનબાબુનું રંગદર્શી વર્ણન પ્રસિદ્ધ થતું. ઘરમાં પ્રવેશ કરતાં, દાદરના કઠેડાથી શરૂ કરી દીવાલો, ગોખ ને બારસાખો ઉપર તથા ખંડે ખંડમાં તેમણે પૌરસ્ત્ય કળાની પ્રતિમાઓ, ચિત્રો અને રચનાઓથી ઘરમાં કંઈક મુઘલાઈ, કંઈક રાજપૂત, કંઈક તિબેટન ને પ્રાચીન સંસ્કૃતિઓનું સંગીત ઊભું કર્યું હતું. પાછળની વિશાળ પરસાળમાં એ બંને કલાકાર ભાઈઓની નિરંતર બેઠક રહેતી અને થોડેથોડે અંતરે આરામ ખુરશીઓ પર બેઠા નવાબી હુક્કાની સામી નળીઓ મોંમાં રાખી પોતાના ચિત્રસર્જનો કર્યે જતા. અંદરના એક મોટા ખંડમાં વચ્ચોવચ જમીન પર નીચી બેઠકની પાટ પર મોટા ગાદીતકિયાની બેઠક હતી, અને બારીઓ તથા દીવાલો ઈસ્ટ ઈન્ડિયા કંપનીના સમયના ઊંચા અને મોટા માપના હતાં છતાં તેનું એ રૂપ ઢાંકવા અંદીનહી મુઘલ વેલપત્તીઓ કે બારીઓમાં ગુપ્તકાળની છાટવાળી લાકડાની રચનાઓ કરી હતી. ભીંત ઉપર અને ખૂણાઓમાં શ્રી અવનીબાબુએ તેમજ તેમના જમાનાની કલાકાર અતિથિએ ભેટેલાં નાનામોટાં ચિત્રો ઔચિત્યપૂર્વક ગોઠવ્યાં હતાં. એકેએક ખંડ નવી દૃષ્ટિ, અભ્યાસ અને સંશોધનના પરિપાકથી સર્વાંગ પૌરસ્ત્ય સ્વરૂપ અને સુગંધ અર્પતો હતો. ઘણાનું અનુમાન હતું કે તેમણે એકઠી કરેલી એ કળાસમૃદ્ધિ ત્રેથી આઠ લાખ ઉપર પહોંચી હતી. આખા ઘરમાં દરેક ખંડ તરફેથી



શ્રી અવનીન્દ્રનાથ ઠાકુર ગુજરાત કલાસંઘના ચિત્રો અવલોકે છે. ડાબી બાજુએ: રવિશંકર રાવળ અને તેમના ચિ. નરેન્દ્ર રાવળ



આ સાથે વર્ણવેલી મુલાકાતને નિમિત્તે દોરેલો
શ્રી અવનીબાબુનો સ્કેચ અને નીચે ૨૧ વર્ષ પર
૧૯૨૦માં પહેલી મુલાકાત વખતે દોરેલો સ્કેચ.

બાળકો ને યુવતીઓથી ભર્યાંભર્યાં લાગતો હતો શ્રી અવનીબાબુની સુદૃઢ ઊંચી કાયા અને તબિયતભર્યાં સ્મિતવાળી આંખની ચમક ને હોઠની લહેર તેમને એક અનેરું વ્યક્તિત્વ આપે છે અનેક વિદ્વાનો, કલાકારો અને વિદ્યાર્થીઓ સાથેના એમના વાર્તાલાપો કલ્પનારંગ અને મૌલિકતાથી નોંધપાત્ર બન્યા છે, હિંદના સાહિત્ય, સંગીત અને કલાને મોખરે રહેનાર આ ભવ્ય પુરુષને સર્વશ્રેષ્ઠ કલાનાયકની પદવી આપવામાં યુનિવર્સિટી ને સરકારે એકમતે સહકાર આપ્યો હતો

દેશપરદેશમાં હિંદી કલાનો ધ્વજ ચડાવનાર અવનીબાબુ એક વખતે પાશ્ચાત્ય યુરોપી ઢબની અદાથી ચિત્રો કરતા, પણ ૪૫ વર્ષની વયે તેમણે એ કંચળો ફગાવી દઈ માતૃભૂમિના છૂર્ણ કલામંદિરનો ઉદ્ધાર કર્યો અને આજે શિષ્યપરંપરાએ કંઈ નહિ તો ૨૦૦૦થી વધુ પૂજારીઓને એ મંદિરની દીક્ષા મળી ચૂકી હશે. મેં પણ જૂના મૉડર્ન રિવ્યૂમાંથી એમની કલાકૃતિઓ ને આદર્શ પાઠો માની હતી

આજ (૨૩-૯-૪૧)

● એમની ઉત્તરાવસ્થાએ એમના મહાન જીવનને અભિનંદન આપવાનો ધન્ય અવસર મને પ્રાપ્ત થયો છે એ વિચારથી હું મનમાં ભાવ ને પ્રસન્નતા ધારણ કરી એમના ઘરમાં પ્રવેશ્યો. જે બારણા આગળ એકએ ચમકતી મોટરો હતી, પાંચસાત ફરવાનો હતા એ ઘરમાં આજે સૂનકાર શાંતિ હતી નવ વાગ્યા હતા છતાં અમે વહેલા પહોંચ્યા કે શું એવી શંકા થઈ. અંદરના પેલા જાણીતા દાદર પર ચડી ઉપલે માળે બારણા આગળ જરા અવાજ કર્યો એટલે એક નોકર આવ્યો. તેને નામની ચિઠ્ઠી આપી દરમિયાન ચોમેર નજર કરી તો સાફ પૂર્વનું ચિત્ર બધું અલોપ થએલું લાગ્યું

દાદર, કઠેરા, ભીંત અને ખૂણે, જાણે ઘર ખાલી કરી રહેનારા ચાલ્યા ગયા હોય એવા અડવાં બની ગયા હતાં. ચિત્ર, મૂર્તિ, ફર્નિચર કે કોઈ ચીજ ક્યાંયે દેખાઈ નહિ. મને ખબર મળ્યા હતા કે તેમણે પોતાનો સર્વ કલાસંગ્રહ વેચી નાખ્યો છે અને કોઈ કૌટુંબિક આપત્તિને કારણે આ ઘરનો પણ ત્યાગ કરવાના છે. પણ આ રીતે ધર્મશાળા જેવું ખાલીખમ અને નિ:સ્તબ્ધ વાતાવરણ જોઈ મને બહુ બીતિ લાગી કે તેમની તબિયતના શા હાલ હશે. નોકર થોડી વારે પાછો આવ્યો અને પાછો નીચે પાછળની મોટી પરસાળમાં લઈ ગયો. ત્યાં બીજે છેડે માત્ર બગીચામાં હોય એવા એક પાટ ઉપર એમની પહાડી શરીરી મૂર્તિ દૃષ્ટિએ પડી અને મારી કલ્પનામાં યે નહોતી એવી પરિચિતતાને તેમની અસલ લહેરથી મને પાસે બોલાવ્યો. 'આવો આવો; પાસે બેસો. મારો એક પૌત્ર બીમાર હતો તેની સારવાર માટે રાત્રે ઉજાગરો થએલો, એટલે હું હમણાં જ ઊઠ્યો છું હવે નિરાંતે વાત કરો. મેં પ્રથમ તો તેમને હાર પહેરાવી વંદન કર્યું એથી તેમની પ્રસન્નતા વધી. ટાઈ આલિયા ફકીરની બેપરવાઈથી બાદશાહી ઢબે તેમણે તો વાત ઉપાડી થોડી વારે નોકર તેમના માટે ચા અને ટોસ્ટ લઈ આવ્યો અમને પૂછ્યું 'તમે લઈ લેશો?' પણ અમે બધું પતાવી આવેલા તે વાત કરી એટલે આગ્રહ રખાવ્યો નહિ. મોટા પરિવાર ને સંપત્તિવાળા આ વૃદ્ધને શાંતિથી એક પ્યાલો ચા અને બે ટોસ્ટ પતાવી થોડીથી એક મોટું પાન ગાલમાં ચડાવી દેતા જોયા ત્યારે લાગ્યું કે એમને બહારના બનીઓટની જરા યે પરવા નથી તે તો પોતાની કલ્પના અને કલાસૃષ્ટિની લહેરમાં સદા મસ્ત છે અને રહેવાના.





શ્રી અવનીન્દ્રનાથે લાકડાના ટુકડા ને વાંસની ગાંઠો જેવી મામૂલી વસ્તુઓમાંથી બનાવેલાં બાળકોનાં નવતર રમકડાં

મેં પહેલાં તો ગુજરાત કલાસંઘના ચિત્રોની છાપો બતાવી શાંતિનિકેતનની વાત કરી ગુજરાતના જૂના ચિત્રો બતાવ્યા બધું જોઈને કહે 'આખું હિંદુસ્તાન એક જ છે હિંદની પશ્ચિમની બાજુએ ગુજરાતમાં રંગ અને રેખાનું જેવું સર્જન છે તેવું જ અમારી બંગાળની આગ કળામાં છે પણ હવે તમારા વિદ્યાર્થીઓને કહો કે આલેખનની શક્તિ વધારે અરે, હું ચિત્રો જોતાં જ મસ્ત થઈ જઉં છું અને બાવડામાં સ્ફુરણા થાય છે I feel like an old war horse hearing cannon I wish I were young again (તોપોનું ગર્જન સાંભળી ગર્દન ઉઠાવતા યુદ્ધના વૃદ્ધ અશ્વ જેવું મને થાય છે હું ફરીવાર તરુણ બની જઉં તો કેવું સારું?) તમે જે કામ કરો તે બાલિપ્રજાને પણ કામ આવે એવું કરજો દરેક વિષયનું જ્ઞાન અને વિગતો ચિત્રમાં ઉતારજો

કલાકાર શ્રી મણીન્દ્રભૂષણ ગુપ્તાને ઘેર જમણી બાજુ-રવિશંકર રાવળની પાછળ શિવકુમાર જોષી અને મંજુલાલ ત્રિવેદી



યાન, આસન, વસન, ભૂષણ, સ્વર્ગ, પૃથ્વી, પાતાળ.(યાન એટલે બધાં વાહનો, પાત્રો વગેરે, આસન=ગાદીઓ બધી બેઠકો; વસન=બધાં વસ્ત્રો, આભૂષણ, બધી જાતનાં અલંકારો અને સાધનો, સ્વર્ગ=આકાશના રંગો અને વાતાવરણ, પૃથ્વી=દૃશ્ય, વનસ્પતિ વગેરે પાતાળ=જમીનમાંથી નીકળતા પદાર્થો અને પ્રાણીઓ)

વૃદ્ધ બાળક

● આ એમની વસ્તુનિરૂપણ કરવાની લાક્ષણિક ઢબ હતી એમના તે વાતના રંગે ચડ્યા એટલે વખતનો પ્રશ્ન જ ન રહે એમણે મને 'મેં ગુજરાતી પણ શીખવા માંડ્યું હતું હું ચિત્રો નીચેનાં નામ વાંચી શકું છું આપણે એકબીજાના પ્રાંતની ભાષા જાણવી જ જોઈએ. ગુજરાતી હું જ્ઞાનાગઢર માસ્તર પાસે શીખતો હતો તેમાં તૂટ પડી છે?' એમની સ્મૃતિ આમ અજબ ઝબકારા મારે છે ઉત્તરે મેં કહ્યું, 'આપની હાલની પ્રવૃત્તિ કંઈ હોય તો બતાવશો?' એટલે હસીને કહ્યું, 'જુઓ હું હવે વૃદ્ધ થયો છું, અને વૃદ્ધાવસ્થા એ બીજી બાલ્યાવસ્થા છે, એટલે મને હમણાં રમકડાં કરવામાં મજા પડે છે મારા પૌત્રને ખુશ કરવા મેં રમકડાં બનાવ્યાં છે તે હું તમને બતાવું ' એમ કહેતાંક ને અમને ઉપાડ્યા ખાલીખમ મોટા ઓરડા પસાર કરી અમે ઉપરની પરસાળમાં તેમની અંગત જગ્યા પર પહોંચ્યા. બધે જૂના ટેબલો, જૂની ખુરશીઓ અને નીચે દેખાતો ઉજ્જડ બગીચો પણ તેમણે એક ખાનું ઉઘાડી કાચલાં, શંખલાં, પથરા અને વાંસની ગાંઠોના ઢગલામાંથી થોડીક ચીજો કાઢી બતાવી તો સર્જકશક્તિનો તદ્દન નવો જ પરિચય મળ્યો. એકાદ લાકડાના ટુકડાને અહીંતહીં જરા છોલી તે પર આંખ મૂકી અને મગરનું રૂપ કરી નાખેલું ' એક વાંસની ગાંઠમાંથી વાઘનું મોં ઉપસાવેલું; લાકડાના ટુકડામાંથી વહાણો બનાવેલાં અને કેટલાકમાં તો દોરી અને કમાનની રચનાથી હીલચાલ થાય એવું ગોઠવેલું મામૂલી ચીજોમાંથી કલ્પના અને યોજના વડે બાળકોને અપાર આનંદ અને શિક્ષણ આપી શકાય છે તેનું સ્પષ્ટ દર્શન થયું. વાતોમાં ને વાતોમાં ઘણો વખત વીતી ગયો

લગભગ બાર વાગવા આવ્યા હતા એટલે વાતો ટૂંકી કરી અમે એ વૃદ્ધ કલાવીરની રજા લઈ નીકળ્યા બાઈ મંજુલાલને તો તેની આ ફકીરીમાં પણ કાયમ રહેલી બાદશાહી મુદ્રા જ યાદ રહી ગઈ છે સમયનો શો પલટો? છતાં ભારતીય કલાના સમુદ્ધારના ઇતિહાસમાં તેમનું નામ અગ્ર પદે જ રહેશે

શ્રી મણીન્દ્રભૂષણ ગુપ્ત

● કલકત્તા કળાશાળાના કલાકાર મિત્રોના ચાપાનના નોતરા પણ મારે મન તો તે વ્યક્તિનો પરિચય અને તેમની કળાનો વિસ્તાર સમજવા બહુ ઉપકારક બન્યા હતા, તેમાંના એક શ્રી મણિબાબુ તો અમદાવાદ બે વર્ષ શેઠ અંબાલાલ સારાભાઈને ત્યાં ચિત્રાચાર્ય તરીકે રહી ગયા હતા ત્યારનું અમારે ઓળખાણ હતું એ ભાઈશ્રીએ હિંદુસ્તાનના ચારે ખૂણાના અનુભવ લીધા છે પહેલાં એ શાંતિનિકેતન કળાશાળામાં દીક્ષા પામ્યા વચ્ચે સીલોનની ચિત્રશાળામાં પણ જઈ આવ્યા અને છેવટે શાંતિનિકેતનમાં જઈ વિશ્રાન્તિ લીધી ત્યારબાદ કલકત્તા કળાશાળાના સ્ટાફમાં જોડાઈ હવે કાયમની પાટે બેસી ગયા છે તેમના પ્રવાસો, પરિભ્રમણો અને ઉદ્યાનની પ્રતીતિ રૂપે તેમની પાસેના સેંકડો ચિત્રો, સ્કેચ અને ડ્રૉઈંગ વગેરે જોઈ હું દિંગ થયો બધાં કામમાં તેમની ઉદ્યોગશીલતા અને લગનીની એકસરખી છાપ હતી દરેક ચિત્રના વૃત્તાંત અનુસાર તેના સંયોજન, ગોઠવણ અને વિચારનિરૂપણમાં તેમણે કંઈ ખામી રાખી નહોતી છતાં પણ કંઈક એવું તત્ત્વ આડે આવતું કે ચિત્રમાં પ્રસાદ રહી જતો





સૌમ્ય, સ્વસ્થ અને સરળ રમેનબાબુ (ફોટો · નગેન)
બાજુએ · મુલાકાત વેળા કરેલો તેમનો સ્કેચ (ર મ રા)

મને તેમનાં રંગકામો કરતા લીનોકટ અને ઇચિંગ ગમ્યા સારા અધ્યાપક તરીકે તેમણે બેશક પૂર્ણ તૈયારી કરી હતી તેમણે મને એટલાં બધા ચિત્રો બતાવ્યા કે તેમની એકલાની જ કૃતિઓનુ એક આખુ પ્રદર્શન થાય. પણ આજે તો કલાકારો લોકજીવનમા ઊતરી શક્યા નથી તેમજ લોકો કલાકારોનો ઉપયોગ કરી જાણતા નથી

શ્રી રમેન્દ્રનાથ ચક્રવર્તી

● બીજે દિવસે રમેનબાબુનુ ઘર શોધવા ભાઇ શિવકુમાર જોષીને લઈ બારેક માઇલ જેટલો ફાગનો પ્રવાસ કરવો પડ્યો માકુગા–ગારીમ જેવો નવો વસેલો એ લત્તો કઇક મુંબાઇનુ સ્મરણ આપતો હતો તેના એક નવા બંધાયેલા મકાનના દાદર પર પહેલે જ માળે રમેનબાબુનું પાટિયુ વાંચી બારણુ ખખડાવ્યુ તો તેમણે જ આવીને ઉઘાડ્યુ ત્રણચાર ખંડવાળા એ ફ્લૅટમા તેમણે પોતાનો નિવાસ સમાવી દીધો હતો. સરળ, સંતોષપૂર્ણ હાસ્યમય તેમનુ તાલવાળુ મુખ જોનારને એકદમ ગમી જાય છે એ નાનકડા ખંડમા જ બારી આગળ એક મોટી પાટ પર તેમની મુલાકાતની બેઠક હતી બંગાળમા લગભગ બધે આ શોખ જોવામા આવ્યો આથી ખુરશીઓની જરૂર ભાગ્યેજ પડે છે અને પાટલન તેમજ ઘોતીવાળા બધા સગવડથી તેનો ઉપયોગ કરી શકે છે વાચન, રમત, ચિત્રકામ સગીત, બધુ જ તેના ઉપર થઇ શકે ને સૂઇને આડે પડખે લેટવુ હોય તોપણ કામે.

રમેનબાબુ શાંતિનિકેતનમા મુખી અગ્નીના વિદ્યાર્થી હતા તે વખતે કનુભાઇ પણ ત્યાં હતા એટલે તેમણે તેનુ સ્મરણ આપ્યુ. અમારા ઉભયના મિત્ર શ્રી વનવિહારી ઘોષ અમદાવાદમા છે તેનુ પણ એમણે સ્મરણ કર્યું અને તરત પરિચયનો પુલ સધાઈ ગયો રમેનબાબુની નિખાલસતા અને સરળતા બહુ લાક્ષણિક છે શાંતિનિકેતનમા પણ તેમણે નામ કાઢ્યુ હતુ 'કુમાર'ના ૯૧મા અંકમા તેમના હાથનુ, કમળ તળાવડીમા હોડી હંકારતા બાળકોનું એક સ્ન-





નીચે તથા ડાબી બાજુ:
શ્રી રમેનબાબુના લાક્ષણિક પેન્સિલ ચિત્રોના બે નમૂના. એમના રંગીન વુડકટ અને લીનોકટના નમૂના આ અંકના પૂઠા પર આપ્યા છે

ચિત્ર પ્રકટ થઈ ગયું છે. 'મૉડર્ન રિવ્યૂ'માં પણ તેમનાં ઘણાં ચિત્રો બહાર આવેલાં. કલકત્તા આર્ટ સ્કૂલના હેડમાસ્તરની જગ્યા ખાલી પડતાં તેની કમિટી તરફથી માગવામાં આવેલી ઉમેદવારોની પચાસેક અરજીઓમાંથી રમેનબાબુની પસંદગી થઈ એ જ તેમના સંસ્કાર અને શક્તિનું માપ બતાવે છે. કંઈક વિશાળ અનુભવ અને શિક્ષણ માટે ચારેક વર્ષ પહેલાં તે ઇંગ્લંડ અને ફ્રાન્સની શાળાઓનો પરિચય પામવા તેમજ યુરોપની કળાસંપત્તિ નીરખવા ગયેલા. તે વખતે ત્યાં તેમણે પોતાના વૂડકટ, લીનોકટ, ઇચિંગ, ઍક્વાટિન્ટ, લીથોગ્રાફ અને હિંદી શૈલીનાં ચિત્રોનાં પ્રદર્શનો ભરેલાં અને તેની એકેએક દેશમાં ભારોભાર પ્રશંસા થયેલી.

તેમનાં ચિત્રો માત્ર પ્રાચીન વિષયોમાં જ બંધાઈ નથી ગયાં. પણ સામાન્ય દૈનિક પ્રસંગો અને ચિત્રોમાં પણ તે ભાવનાની તીવ્રતા દર્શાવી શકે છે. એક થોકબંધ ચિત્રમાળા માત્ર પેન્સિલથી જ કરેલી તેમણે મને બતાવી ત્યારે પ્રામાણિક ને વિશુદ્ધ દશ્યાલેખનમાં તેમની તોલે મુકાય એવો કોઈ કલાકાર મુંબઈ કે ગુજરાતમાં નહિ હોય એમ લાગ્યું. આપણા પ્રાંતમાં ઇચિંગ, લીથોગ્રાફ કે ઍક્વાટિન્ટના હજુ રડ્યાખડ્યા નમૂના કે વાતો જ છે, ત્યારે આ તરુણ કલાકારે તેમાં યુરોપી નિષ્ણાતોની ભારે પ્રશંસા મેળવી છે. ઍન્ગ્રેવરના પ્રમાણભૂત કલાકાર સર મુરહેડ બોન જેવાને તો કહેવું પડ્યું કે આ જ કલાકારો પૈકી થોડાક જ તેમના જેટલી સૌંદર્યભાવના પકડી શક્યા છે. ઇંગ્લંડની રૉયલ ઍકેડેમીના પ્રમુખ સર વિલ્યમ લેવેલીને તેમને માનાર્ઘ્ય આપ્યો કે તેમણે પોતાની કૃતિઓમાં આધુનિક જીવનની આલોચના કરી છે છતાં તે લાક્ષણિકતામાં તો હિંદી જ છે.

પણ આ બધી તો બહારની તારીફો છે. ખુદ કલકત્તાના કલાકારમંડળોમાં પણ તેમનું નામ આદરણીય બન્યું છે. સરકારી ચિત્રશાળાના સ્ટાફમાં તે એક સવિશેષ કલગી રૂપ છે. શોક તો એ જ થાય છે કે આવા શક્તિવંત કલાકારો હિંદમાં હોવા છતાં દેશી રાજ મહારાજાઓનાં કામો પરદેશીઓને જ સમૃદ્ધ બનાવે છે. રમેનબાબુએ હિંદી આલેખના જેવી જ સિદ્ધિ યુરોપીય ઇચિંગ અને લીથોગ્રાફમાં બતાવી છે. આવા કલાકારોનાં પ્રવાસી પ્રદર્શનો ગામેગામ ગોઠવ્યાં હોય તો પ્રજાના સંસ્કાર અને આત્મવિશ્વાસને બળ ને ઉત્તેજના આપી શકે.

એમના સમાગમમાં ત્રણ કલાક તો ચપટી વાગે એમ પૂરા થઈ ગયા. છેવટે એમણે મારો એક સ્કેચ ખેંચ્યો, અને મને પણ એ તક યાદ કરવા જેવી લાગી એટલે મારી સ્કેચબુકમાં પણ રમેનબાબુની મુદ્રા ઉતારી લીધી અને એ સુંદર યાદગીરી સાથે અમે રજા લીધી.

(ચાલુ) ર. મ. શ.

બૉમ્બે આર્ટ સોસાએટીનું એકાવનમું પ્રદર્શન

● ગયા જાન્યુઆરીમાં એ ભરાઈ ગયું. પ્રદર્શનની ચૂંટણીસમિતિએ ચિત્રોની ગોઠવણી માટે વિશેષ કાળજી બતાવી હતી, પણ ચિત્રોની પસંદગી કરવામાં ઘણી ગફલત થઈ જણાતી હતી. ત્રણચાર ચિત્રો તો લગભગ નકલો જ (જરા વેષાંતર સાથે) રજૂ થઈ હતી,—ખાસ કરીને હિંદી ચિત્ર વિભાગમાં. યુરોપિયન શૈલીનાં ચિત્રોમાં સર્જનાત્મક ચિત્રો ભાગ્યે જ આવે છે. નિસર્ગદશ્યો કે માનવપાત્રોનાં ત્વરિત આલેખો જ મોટો ભાગ એમાં નજરે પડે છે. ઇંગ્લંડની ઍકેડેમીનાં પ્રદર્શનોમાં જે સંગીન તૈયારીવાળી મોટી ચિત્રપાટીઓ કે તસ્વીરો જોવામાં આવે છે તેનું તો અહીં હજુ સ્વપ્નું પણ નથી. આજ ૮૩ વર્ષથી અહીંની કલાશાળામાં અંગ્રેજી ઢબની કળાનું શિક્ષણ આપનારા પરદેશી ગુરુઓની તાલીમનું આ એક માપ છે.

બીજી તરફ હિંદી કળાના શિક્ષણ માટે કટ્ટર વિરોધ દર્શાવનારી એ ચિત્રશાળાએ (સર જે. જે. સ્કૂલ ઑફ આર્ટે) બે પેઢીથી તેનું વલણ બદલી તેનો એક વિભાગ ચાલુ કર્યો છે. એ શુભ પ્રયાસને આવકાર આપવાની સાથે જણાવવું જોઈએ કે એ વિષયમાં માર્ગદર્શક બને એવા સંસ્કૃતિ અને તાલીમનો પરિચય પામેલા કલાનિષ્ણાતની યોજના હજુ એ શાળામાં થઈ નથી. એટલે વિદ્યાર્થીઓ જે પ્રયત્નો કરે છે તે મોટે ભાગે પુરોગામી કલાકારો કે કલાકૃતિઓનું પ્રકટ અનુકરણ જ થાય છે. સર્જકતા કે મૌલિક દૃષ્ટિના પ્રકાશો ભાગ્યે જ નજરે પડે છે. જે નમૂનાઓ ઉપર એ શાળા પોતાનો ગૌરવ-ધ્વજ ફરકાવે છે તેમાંની ઘણી કૃતિઓ મુઘલ કે રાજપુત કળામાંથી ઉછીની લીધેલી રચનાઓ, પાત્રો, પોષાકો ને રંગયોજનાઓ ઉપર જ પોતાના હિંદીપણાનો દાવો માંડે છે. ચિત્રસંયોજનની પાછળ જે સાક્ષાત્ પરિચય ને અનુભવની ભૂમિકા જોઈએ તેનો એમાં લગભગ અભાવ છે. આજના કળાકારો મુઘલ કે રાજપુત યુગના સંસારનો કશો જ સાચો ખ્યાલ ધરાવતા નથી, તેમજ તેને નીરખનારા પણ બહુ ઊંડું સમજતા નથી, એટલે અનેક ચિત્રોમાંથી એકઠી કરેલી, પાત્ર પ્રાણી અને પ્રદેશની ચિત્રસામગ્રીમાંથી એક ચિત્ર ઉપજાવી કાઢવાની તરકીબ આ કળાકારોને ઠીક ફાવી છે. આજના વાસ્તવિક જીવનના પ્રસંગો કે નજીક આગળના ઇતિહાસને મૂર્ત કરવાની તક ઉઠાવનાર કોઈ વીરલો હજુ નજરે પડ્યો નથી. આથી જેને તરી આવતી (outstanding) કૃતિ કહીએ એની તો રાહ જ જોવી પડશે.

આ બધામાં પ્રામાણિક કામગરી અને સાદી વસ્તુનું કવિત્વમય નિરૂપણ કરવામાં લખનૌના શ્રી પી. આર. રૉયનાં ચિત્રોએ વધારે ધ્યાન ખેંચ્યું છે અને એમને ભાવ તથા ઊર્મિભરેલી કૃતિઓના સર્જક ગણી પરીક્ષકોએ રૂપાનો ચંદ્રક આપ્યો છે, અને તેમાં ઘણા રસિક પ્રેક્ષકો પણ સહમત થયા છે.

મુંબઈના તરુણ કલાકારો શ્રી ભાનુ સ્માર્ત, શ્રી ગોકળદાસ કાપડિયા, શ્રી રેડ્ડી અને શ્રી મજુમદારનાં ચિત્રો કંઈક વિશેષ માર્ગદર્શન માગે છે. અને કલા તેમજ ક્રિયાને લગતી ઝીણીમાં ઝીણી સલાહ તથા ટીકા આપનાર યોગ્ય વ્યક્તિઓના સમાગમથી તેઓ ઘણું કરી શકે એવા છે. વળી હિંદી કળાની સર્વોચ્ચ કલાકૃતિઓ નજરે જોવાની તક, બરોબર સમજવાનું જ્ઞાન અને અભ્યાસ વગેરેનો તેમને અભાવ છે. કલકત્તા, લાહોર, જયપુર, પટણા, લખનૌ આદિ સ્થળોના ચિત્રસંગ્રહો જોવાથી તેમને ખાતરી થશે કે હિંદી કળાના પાયા કોઈ જુદાં જ તત્ત્વો ઉપર મંડાયા છે. આજની આર્ટ સ્કૂલો જેવી કોઈ સંસ્થાઓ નહોતી તે કાળમાં હિંદમાં આવી બેનમૂન કૃતિઓ સરજનારામાં કોઈક મૌલિક સિદ્ધાંતો હશે જ. તે શોધી સમજવાથી તેમનો માર્ગ સરળ બનશે.

તરુણ કલાકારોમાં એક બીજો વર્ગ યુરોપની અદ્યતન કળાઓના પ્રયોગમાં જોરશોરથી ઊતરી પડ્યો છે. જે કળા યુરોપમાં મૉડર્નિસ્ટિક તરીકે જાણીતી થઈ છે તેના અનુકરણો પણ આજની મુંબઈની શાળામાં ખૂબ થાય છે. એ કેટલે અંશે સફળ છે એ તો યુરોપ જઈ તેના ક્ષેત્રનો વિશાળ અનુભવ જેમણે લીધો હોય તે જ કહી શકે, પણ યુરોપમાં જ તેની ઉપર મોટી પક્ષાપક્ષી થઈ ગઈ છે અને સમર્થ

સંસારદર્શન
ચિત્રાવલિ
મણકો-૬



વિધવાની
વિડંબના
(બીજું દર્શન)

વિધવાની રક્ષાને બહાને સમાજે તેને માટે વિકાસના દ્વારો તો બંધ કર્યાં, પણ સાંકડા વાડામાં પૂરી રાખી વ્રત, જપ, નિગ્રહ અને ત્યાગ-તપમાં ચિત્ત પરોવવાનું કહી તેની આકરી બેડીઓ પગમાં નાખી, અને વધારામાં ઘરની મજૂરણ જ બનાવી રાખી, એટલું જ નહિ પણ એ બધી મર્યાદાઓના ભંગની સજા રૂપે પંડિતો અને શાસ્ત્રીઓએ ધર્મ અને શાસ્ત્રના આધારે પરિત્યાગ અને બહિષ્કારનું ખુલ્લું ખડગ હમેશાં તોળી રાખ્યું. પણ બીજી બાજુ એવા પવિત્ર આચારનાં કોઈ સીમાબંધન કે બહિષ્કારની સજા પત્નિયા આવ્યે પરણનારા પ્રૌઢો કે વૃદ્ધોને માટે નિર્માણ ન કર્યાં. તેઓ તો વિધવાના કષ્ટોના ઉપહાસ કરતા હોય તેમ નાની કુમારિકાઓ સાથે યથેચ્છ વયે લગ્ન કરવાનો પરવાનો પામ્યા છે. શાસ્ત્ર અને ધર્મ તેને આગળી પણ અટકાવી શકતા નથી.

ગામડાંઓએ તેની સામે પણ ગ્રંથ લખ્યા છે આવી પ્રયોગાત્મક, અગમ્ય બાબતવાળી પરદેશી કળા હિંદી સમાજમાં કેવી રીતે પચાવશે તે પણ પ્રશ્ન છે. છતાં દરેક સાહસ અને પ્રયોગને તક મળવી જોઈએ. પ્રજાનું માનસ તે સમજવા કેળવાશે તો જ તેનો નિર્વાહ થશે. આ સ્થળે બૉમ્બે આર્ટ સોસાઇટીના સંચાલકોને સૂચવવું જોઈએ કે પ્રદર્શનની સાથે ચિત્રોના વિવિધ પ્રકારો ઉપર સમજ અને પ્રકાશ આપનારી સચિત્ર વ્યાખ્યાનશાળાની પણ યોજના કરે.

કુદરતનાં જ પ્રકાશ અને ઉપસામગ્રીનો સહજ ઉપયોગ કરવામાં તો ફોટોકલાકારોએ તેમનું આગે કદમ સાચવ્યા જ કર્યું છે; પરંતુ તેમાં યે કેટલાંક ચિત્રો તો યુરોપમાં બહાર પડેલા ચિત્રોની નકલ પકડીને જ કરેલાં હતાં. દેશના કે વતનના સંસ્કારો અને વાતાવરણ તેમજ લોકજીવનનો મર્મ સમજી ચિત્ર લેનારા બહુ જૂજ છે. આ દેશના ફોટોકલાકારો વધારે પડતા કાળા વર્ણનો પ્રવાહ ચિત્રમાં ભરી દે છે, એટલે બધાં જ ચિત્રોમાં એકસરખાપણાનો અનુભવ થાય છે.

પ્રદર્શનના 'બ્લૅક ઍન્ડ વ્હાઇટ' વિભાગમાં પેન્સિલ, ડ્રૉઇંગ, પેન્સિલ, ક્રેયૉન, લીનોકટ વગેરેનો સમાવેશ થાય છે. પણ હજુસુધી સમર્થ ચિત્રોના કદાવર નમૂના જોવાની તેમાં તક આવી નથી, પેન્સિલમાં મિ. ગુર્જર વગેરે સરસ કામ બતાવે છે

કૉમર્શિયલ આર્ટ (વ્યાપાર-સહકારી કળા) પર હમણાંહમણાં બહુ ભાર મૂકવામાં આવે છે અને મુંબાઈની શાળાએ તેના વિભાગમાં બહુ ઉત્સાહ બતાવ્યો છે, પણ પ્રદર્શનમાં કશું જ નમૂનાલાયક જોવામાં નહોતું આવ્યું. દેશમાં વ્યાપાર અને ઉદ્યોગધંધા ખીલતા હોય તો જ આ કળાનો ખપ અને ઉપયોગ વધે.

ઑઇલ પેઇન્ટિંગ વિભાગમાં નગ્નીકા અને તાદૃશ્ય આલેખન જ મુખ્યત્વે હતું. ચીલા બહાર નીકળવાની તૈયારી થોડાની જ છે. તસ્વીરો (પોર્ટ્રેટ્સ) પણ હજી ફોટોગ્રાફિક બોજાનો ત્યાગ કરી શકી નથી. છતાં ચપળ અને તેજસ્વી પીંછી ધરાવતા ઘણા તરુણો આગળ આવ્યા છે એવો સંતોષ લઈ શકાય. યુરોપમાં તાલીમ પામી આવેલા સિદ્ધ કલાકારો આ ક્ષેત્રમાં તેમના માર્ગ હરીફો હોય છે એટલે તેમને મળેલી મામૂલી તાલીમ સાથે સ્વબળથી જ તેમણે ઊભા રહેવાનું રહ્યું.

શિલ્પ તો આ વખતે સાવ રંકું લાગતું હતું. શિલ્પીઓ પ્રજાનો ઉત્સાહ વધે એવાં પાત્રો કે પ્રસંગરચના કરી જાણતા નથી એમ જ માનવું રહ્યું. સ્થાપત્ય કલા (આર્કિટેક્ચર)ના વિભાગમાં સરકારી ખાતાની જરૂરિયાત તેમજ શુદ્ધ પ્રસંગની જરૂરિયાત સિવાય નવું ઉપનિર્માણ કે ઉપધર્મ સાચવતાં નાના ભવનોની સુંદર રચનાની આપણે આશા રાખીએ; પણ વેધાની બહાર નજર કરવાની ફુરસદ શાળા કે ઑફિ-

એને ન હોય તો એમની મહેનત કોણ પિછાને?

આજના કઠણ કાળમાં પણ ચિત્રકારોએ આ પ્રદર્શન માટે સારા

અવનીન્દ્રનાથ

ઉદ્ધારી ભારતની મૃદુ તૂલિકાએ
કોણે, પુરાતૂલિકી જેમ મહાવરાહે?

ઉમાશંકર જોષી

[શ્રી અવનીન્દ્રનાથ ઠાકુરને સિત્તેર વર્ષ પૂરાં થવાના જયંતી-અર્ઘ્ય તરીકે એમના શાંત્યાત્મના ગામ શિષ્યોમાંના એક અને લખનૌની સરકારી કળાશાળાના આચાર્ય શ્રી અસિતકુમાર હાલદારે રચેલા મૂળ બંગાળી વંદના-કાવ્યની શ્રી ઉમાશંકર જોષીએ મૂળ છંદ (અનિયમિત પયાર—જે આપણા મનહર-ને મળતા લયમાં ઉચ્ચારી શકાય છે)માં ઉતારેલી છાયા]

કોણ પુરુષ કિને

ધ્યાનના અંજનનેત્રે અવનીન્દ્ર, તમે
દેખી લીધો યૌવનનો કલ્લોલ ઉદ્દામ
ફૂટી રહ્યાં પ્રાચીન શિલ્પહૈયે અવિરામ?
પ્રાચીન—પણ જૂનું નહિ; આત્મધર્મ વડે
અમર સકલ-તેથી વિદેશી શિલ્પનો તમે
મોહ ભૂલી, દેખી લીધું, દેખાડ્યું ને વળી
જે કંઇ ઐશ્વર્ય એનું.—કોણાર્ક પ્રતિમૂર્તિ,
અજન્તાની ચિત્રકળા, બરબૂધરભિત્તિ-
ગાત્રપત્રગાંઠી, જે કે ફૂટી રહ્યું શિલ્પીઓના
પ્રતિદિન તણા આનંદઉત્સાહ કરા
ઉત્સવ સમું, પ્રતિ પથ્થરકણું
ચારુકાર્યે આજે કથા કહે, પ્રતિ ચિત્રપટે
પ્રાચીન યુગનું મૂર્ત ઉદ્બોધન રટે
બહુ કાળ થયો ગત, વિશ્વકર્માકર્મે
જેનો લોપ થયો તેની કીર્તિનાગો તમે
જાણી લીધો નિજ ધર્મ—મર્મે મર્મે
યોગસૂત્રે ગૂંથી લીધાં પ્રાચીન નૂતન
એથી તો તમે ન, લઈ ભિક્ષાપાત્ર, ગયા
વિદેશના શિલ્પધનકુબેરને દ્વારે
રસના સન્ધાની, તમે એક ભાવે જગાડ્યા આ
ભારતના શિલ્પતણા પ્રાણ
તમારી વર્ણિકતણી બની રેખાવળું
જાણે કોઇ મર્મસ્પર્શી રૂપરુચિરરચનાનું ગાન
શિલ્પ લક્ષ્મી આવ્યાં મન્દિરની પરે
નવ કલેવરે, જોતા અમે, પુણ્યે દલે,
અભિનંદન થયું છે શરુ
તમે, ભારતશિલ્પગુરુ, દેખાડ્યો છે પથ,
પૂર્ણ મનોરથ

આજે સિત્તેર વર્ષ તમે

પાર કર્યાં દેખી આનંદઉત્સવે અમે
જયગાથા ગાતા. પ્રણામ અમારા,
વળી શિલ્પી ભાઇ વસ્યા વર્તમાને મારા,
વળી જે ભવિષ્યકાળે પૂઠે આવનારા
તમારે દેખાડ્યે પથે, તે ય કરવાના
પ્રણામ તમોને, એમ ધારી સર્વ જનો
પ્રણામ કરીએ અમે, ગુરુવર્ય નમો!

સાતસો જેટલી કૃતિઓ મોકલી હતી અને તેમાંથી ચારસો જેટલી લોકનજરે મુકાઇ એ ચિત્રકારોનો અદમ્ય ઉત્સાહ બતાવે છે; પણ ચિત્રો પાછળ ગાળેલા સમય અને જીવનનિર્વાહ, કેમ તથા કાચના મોંઘા ભાવો, ચિત્રો મોકલવાના ખર્ચો તથા જોખમો તથા તે ઉપરાંત એન્ટ્રીની ફી અને છેવટે પ્રદર્શન ચિત્ર દીઠ બે રૂપિયા લે છે, એ બધાનો વિચાર કરીએ તો એ સાડાસાતસો ચિત્રો પાછળ કેટલો વ્યય થયો હશે? વિદ્યાર્થીઓ અને ગરીબ કલાકારોને માથે એ બોજો રાખી પ્રદર્શનનો લ્હાવ માણે એ ઘણી કફોડી સ્થિતિ છે પ્રદર્શનના ચાલુ ફેર વખતે નહિ વાનેલા ચિત્રોની ફી પાછી વાળતા હતા એ પણ આ વખતે તો પાછી વાળી નથી, એટલે કેટલાના જીવને સંતાપ થયો હશે? સોસાયટીએ ખર્ચનો ભાર શ્રીમંતો, સભ્યો અને પ્રેક્ષકો ઉપર નાખી નવા કલાકારોને ઉત્તેજન અને પ્રચારનું મૂલ્ય આપ્યું ગણાય ર. મ. રા

કલાકારનો ધર્મ

ભારતમાં પૌરસ્ત્ય કલાના સમુદ્ધારક ને બનીય કલાકારોના પિતામહ સમા શ્રી અવનીન્દ્રનાથ ઠાકુરને સિત્તેર વર્ષ પૂરાં થવાના પ્રસંગે શાંતિનિકેતનમાં ઉજવાએલા જયંતી સમારંભ વેળાએ શાંતિનિકેતન કલાભવનના આચાર્ય, તેમના પટ્ટશિષ્ય સમા શ્રી નંદલાલબસુએ કરેલું પ્રવચન

શ્રી અવનીન્દ્રબાબુ સાથે મારે શિષ્યનો સંબંધ છે, એટલું કહેવાથી તે બરાબર સમજાશે નહિ. કલાની બાબતમાં મારી અને તેમની વચ્ચે આત્મિક સંબંધ છે, એટલે હું તેમના પુત્રના સ્થાને જ છું તેમના તરફથી મને વારસામાં ચિરસ્થાયી સંપત્તિ મળી છે પૂજ્ય ગુરુદેવે શ્રી અવનીબાબુ પાસેથી મને શાંતિનિકેતનની સેવા માટે માગી લીધો ગુરુદેવ તો આજે આશ્રમમાં સ્થૂલ દેહે નથી, પણ તેમની પ્રેરણા અને આદર્શ આપણે મન હમેશા ઉજ્જ્વલ જ રહ્યા છે એટલે આપણી સેવાનું કાર્ય અહીંથી અટકતું નથી આપણે નવા બળથી સજ્જ થઇ આપણા આત્માને દરેક રીતે આશ્રમની સેવામાં યોજીએ

શિલ્પગુરુને શ્રદ્ધાની યોગ્ય અંજલિ અર્પવા માટે કેટલીક જાણવા જેવી વિગતો આપવી જોઇએ 'ગુરુ' અને 'શિક્ષક' એ બન્નેનાં અર્થ જુદાજુદા છે હું જ્યારે તેમને 'ગુરુ' કહું છું ત્યારે ઘણાના મનમાં શંકાને સ્થાન રહે છે, કારણકે સાધારણરીતે તેમનો મનમાં ગુરુ-ચેલાના સંબંધનો જ ખ્યાલ આવે છે જે વ્યક્તિના આદર્શથી આપણે આકર્ષાયા હોઇએ (પછી શિક્ષણ આપવામાં તે નિપુણ હોય કે નહિ તે જુદી વાત છે) તે વ્યક્તિને જ હું 'ગુરુ' કહું છું જ્યારે આજકાલ તો, શિલ્પમાં કૌશલ્ય મેળવવું પરંતુ ગુરુના આદર્શમાં શ્રદ્ધા ન રાખવી, ગુરુ સાથે આત્મિક સંબંધ ન બાંધવો એ જ આધુનિક શિક્ષણપ્રથાનો વ્યવસાય થઇ પડ્યો છે સ્ટુડિયો કે ક્લાસમાં નિયત સમયે જઇ નિયત વ્યક્તિની પાસેથી કલાના થોડા પાઠ શીખીને ઘેર ચાલ્યા જવું, અને શિક્ષકને તે બદલ કંઈક મહેનતાણું આપવું એ હોટેલમાં જઈ પૈસા આપી કંઈ ખાવા બરાબર છે યોગ્ય શિક્ષણ તો ત્યારે જ મળે જ્યારે ગુરુ અને શિષ્યના વિચારો સરખા હોય, બન્ને વચ્ચે આત્મિક સંબંધ હોય

ગુરુ જે પદ્ધતિએ પોતાનું શિલ્પ કરતા હોય તે પદ્ધતિએ શિષ્ય પણ પોતાનું શિલ્પ ભલે કરે, પણ એમ કરવાથી શિષ્યની સ્વતંત્રતા જતી રહેવી ન જોઇએ. ગુરુ પોતાનો આદર્શ અને પોતાની ચીતરવાની પદ્ધતિ બળજબરીથી શિષ્ય (અનુસંધાન આગળ પાન ૯૭મે)

ખગોળને જીવનધ્યેય બનાવી તેના જ્ઞાનનો પ્રકાશ જગતમાં રેલાવનારી-ટાઇકો બ્રાહે અને ગૅલીલિયો જેવી-પશ્ચિમની પ્રારંભિક પ્રતિભાઓમાંનો એક અને તેમનો જ સમકાલિન

જૉન કેપ્લર

જેના શોધેલા ત્રણ પ્રાથમિક સિદ્ધાંતો તેના જ નામથી 'કેપ્લરના ત્રણ કાયદા' તરીકે ઓળખાય છે.



રાતોની રાતોના ઉજાગરા કરી લાંબા-લાબા કાગળિયાં ચીતરતા જૉન કેપ્લર સામે તેની પત્નીનું નાકનું ટીચકું હમેશાં ચડેલું જ રહેતું. તેનો પહેલો પતિ ગયા પછી બીજા બેટે છૂટાછેડા કરી આ ત્રીજો પતિ તેણે કર્યો હતો.

એક દિવસ તેને કંઈક ખુશમિજાજમાં જોઈને કેપ્લર બોલ્યો: 'આપણે પ્રાગ જઈએ.'

'હા, ને પૈસાને બદલે શું વટાવીશું?' તેની પત્ની બાર્બરાએ ટાણો માર્યો.

'એ તો પ્રાગમાં ટાઇકો બ્રાહે બધું સંભાળી લેશે.'

'એમ? એને પહેલાં કદી મળ્યો તો છે નહિ' તું તદ્દન મૂર્ખ છે.'

'ના, જવું તો પડશે જ. મારે મંગળ પરનાં તેનાં ચિત્રો જોવાં છે.'

અંતે કર્કશા પત્નીએ કેપ્લરના આગ્રહને વશ થઈને પ્રાગ જવાની હા પાડી.

બહારથી માંદા જેવો ન દેખાતો છતાં સદાયે રોગિષ્ઠ રહેલો આ કેપ્લર તે ખગોળશાસ્ત્રના જગનામી શોધક ગૅલીલિયો અને ટાઇકો બ્રાહેનો સમકાલીન અને ખગોળના જ્ઞાનમાં અવિરોધ વૃદ્ધિ કરનાર 'ત્રણ કાયદા'નો સ્થાપક. બાળપણમાં તેના પર શીતળાનો હુમલો થએલો તેમાં તેની આંખો નબળી પડી ગઈ હતી બીજા પણ એવા બે પ્રાણઘાતક રોગોના એક પછી એક હુમલા ને સપાટાનો આવેલો, ને તેનો બાંધો નબળો જ રહ્યો હતો.

ઈ. ૧૫૭૧ના ડિસેમ્બરની ૨૭મીએ વુર્ટેમ્બર્ગ ખાતે આવેલા વાઈલ નામના ગામડામાં તેનો જન્મ થએલો. છ વર્ષની વયે તે લિઓનબર્ગની શાળામાં ભણવા બેઠો, પણ એ ભણતર ઝાઝું ચાલ્યું નહિ; કારણકે તેનો બાપ કોઈક રિતનો જમીન પટેલો ને મિત્ર નામી જતા બધું દેવું તેને ભરપાઈ કરવું પડેલું ને પરિણામે તે આડી રાતમાં ભિખારી થઈ ગયો હતો. કેપ્લરને ભણતર છોડી દેવું પડ્યું ને સાત વર્ષની વયે એક દારૂ ગાળનારાને ત્યાં નોકરીએ રહેવું પડ્યું. આખા દિવસનો શ્રમ ને ગંદામાં ગંદું કામ એના સ્વાસ્થ્યને વધુ ને વધુ બગાડતા ગયા.

એવામાં એક દિવસ અચાનક તેના બાપ હેન્રી કેપ્લરે તેને ફરીથી નિશાળમાં બેસાડવાનું કહ્યું નાના જૉનને એ સાંભળી એટલો તો આનંદ થયો કે તે પોતાના બાપને ફુમળકાથી વળગી પડ્યો ને તેના પગો ઝાલી તેને ફ્રંથી કરવા પ્રયત્ન કર્યો! બસ, જૉનને પિતાનું આ છેલ્લું જ સ્મરણ હતું. કેમકે તેની મા એવી અજબની કર્કશા હતી કે ફરીથી સારો વખત આવ્યા છતા તેનું સુખ ભોગવવા પણ ન રહેતાં હેન્રી તેનાથી ત્રાસીને ઘર છોડી નાસી ગયો ફરી કદી તેના સમાચાર સંભળાયા જ નહિ.

અંતે જૉને પણ અંતે ઘર છોડ્યું તેની મા એવી તો સાંકડા મનની હતી કે અનેક સન્તાનો ને પ્રેમના ફુબરાની બરી આખુના ઘર જેવા સ્વજનને પણ જૉન કશા અફસોસ સિવાય છોડી ચાલી નીકળ્યો.

ટ્યૂબિંગન ખાતે જઈ વિદ્યાપીઠનો અભ્યાસ પૂરો કર્યા પછી તે ગ્રાટ્ઝમા ખગોળનો પ્રોફેસર નીમાયો તેનો ખાસ શોખ ગણિતનો હતો ને ખગોળને તો નજૂમીઓની એક છળબાજી જ તે ગણતો, એટલે તેણે એ નિમણૂક બહુ અકળાતે મને સ્વીકારી.

નિશાળમાં ચાલજેલા બાબ્લો કરતા જૉનનું ખગોળનું જ્ઞાન ચાગળ જતું ન હતું. કૉપરનિકસના સિદ્ધાંતનું તેને સારું જ્ઞાન હતું, પણ આકાશનું તેણે કદી નિરીક્ષણ કર્યું ન હતું પ્રોફેસર નિમાયા બાદ જ તેણે તે કર્યું અને પછી તો દેવનેરને તેને એવો એટલો બધો રસ પડતો ગયો કે તે ખગોળમાં ઓતપ્રોત થઈ ગયો ને પરિણામે પોતાના નામથી ઓળખાતા 'ત્રણ કાયદા'ઓની એ વિદ્યાને ભેટ ધરી પોતાનું નામ પણ અમર કર્યું.

કેપ્લરે નિરીક્ષણ શરૂ કર્યું ત્યારથી જ તેને ગ્રહોની ગતિ આકર્ષી રહી હતી. તેમને સૂર્ય સાથે સબંધ હોવાનું એને લાગ્યું પછી તો એ એની પાછળ જ મંડ્યો. દિવસ ને રાત શ્રમ કરી તેણે ગ્રહોની કક્ષાના

માર્ગ નક્કી કરતા નકશા તૈયાર કર્યા ને તેની નકલ યુરોપના ત્યારના પ્રખ્યાત ખગોળજ્ઞ ટાઇકો બ્રાહેને મોકલી

આજે એ નકશાઓ ભલે નકામા ગણાય, પણ ચોવીસ વર્ષના યુવાન જૉન કેપ્લરનું એ કામ કેટલો ઉત્સાહ બતાવે છે! ટાઇકો બ્રાહેએ પણ એ ઉત્સાહ સામે જોયું તેને આ તરુણમાં રસ પડ્યો ને તેને લખ્યું 'તું મારી પાસે આવ, તને કોઈ જાતની અગવડ નહિ આવે તારું આ આશાસ્પદ નિરીક્ષણ અહીંની વેધશાળા સંપૂર્ણ બનાવશે'

એ કાગળ આવતા પહેલા તે બાર્બરા ફૉનમુલ્કે નામની સ્ત્રી જોડે પરણી ગયો હતો માંદા અને મુફલિસ કેપ્લરને પત્ની ઉપરાંત પોતાના સાસુસસરાનો પણ ખૂબ કટાળો રહ્યા કરતો પણ ટાઇકો બ્રાહેનો જ્યારે બીજો કાગળ આવ્યો ને તેમાં તેણે વાંચ્યું કે 'અજાણ્યા તરીકે નહિ, પણ એક મિત્ર તરીકે હું તને બોલાવું છું' ત્યારે તો તેણે પ્રાગ જવાનું ચોક્કસ જ કરી નાખ્યું ને ઘણી રકઝકને અંતે પોતાની પત્નીને પણ સમજાવી

પોતાને મળનારી મહાન વ્યક્તિના ખ્યાલોથી જૉન એટલો તો ઘેરાઈ ગયો કે રસ્તામાં જ તે માંદો પડ્યો ને એક ધર્મશાળામાં તેને આશરો લેવો પડ્યો અજાણી વસતિમાં દવાદારૂ કરવામાં, એટલે સાથે લાવેલી રકમ તો થોડા જ દિવસોમાં ખરચાઈ ગઈ ઘરથી દૂર પડેલો અકિંચન જૉન આ પારકા પરદેશમાં પોતાને આશરે પડેલા સ્વજનોને જોઈ વધુ હેબતાતો જતો હતો તેવામાં તો ટાઇકોને ખબર પહોંચતા તેણે મદદ મોકલી આપી સારો થતા કેપ્લર પ્રાગ જઈ તેને મળ્યો. બંનેને એક જ ઉત્કંઠા હતી આકાશના ઘુમ્મટના ભેદમાં ઊતરવાની.

પ્રાગમાં કેપ્લરની નજર આગળ ટાઇકોના નિરીક્ષણોનો અમૂલ્ય ખજાનો ખુલ્લો થયો તેનામાં તાકાત ન હતી, પણ ખંત પુષ્કળ હતી કજળ જવું એ તેને મન નવેસરથી શરૂ કરવાની ચેતવણી હતી ટાઇકોએ પણ કોપનહાગનમાંથી અપમાનિત થઈ પ્રાગમાં આવી આ પછી કેપ્લરની મિત્રતામાં જ બધો આશરો જોયો હતો તેનો ભાવ હવે પહેલા જેવો જલદ રહ્યો ન હતો પણ બધી મદદ અને રગવટ છતા કેપ્લરની સ્ત્રી તો ટાઇકોને ધિક્કારતી જ, કારણ તેણે જ તેને પોતાના ઘર ને સગાવહાલાથી છૂટી પડાવી હતી તે હમેશા પોતાના ધણીના કાન ભંભેરતી જ રહી ને એક દિવસ તો કેપ્લરને પણ લાગ્યું કે પોતામાં શક્તિ હોવા છતા ટાઇકો જાણીજોઈને પોતાને આગળ આવવા દેતો નથી

અચાનક એક દિવસ તે ટાઇકોની રજા લઈ ચાલી નીકળ્યો, પણ ગ્રાટ્ઝ જઈને ઊલટો વધુ દુઃખી થયો. સમયના વહેણ અને નિરાશાથી ઘડાઈ ગએલો ટાઇકો તેને ખરી પ્રામાણિકતાથી ચાહતો, એટલે તેના દુઃખની ખબર પડતા જ તેને ફરી મદદ મોકલીને તેડાવ્યો અને તેની બધી ગેરસમજૂત ટાળી નાખી વળી તેણે ડેન્માર્કના પ્રિન્સ રૉસ્ટ્રૉફ જોડે કેપ્લરની મુલાકાત કરાવી આપી ને પરિણામે કેપ્લરને 'શાહી ગણિતશાસ્ત્રી'નો ઇલ્કાબ અને થોડો ઘણો પગાર પણ ચાલુ થયો આમ આવક વધતા કેપ્લરની પત્ની પણ કંઈક શાન્ત પડી

એક ગમગીન રાત્રે એક બિછાના પાસેની ઝાંખી બત્તી આગળ કેપ્લર બેઠો હતો. બિછાના પર તેનો એકનો એક મિત્ર અને સહાયક ટાઇકો બ્રાહે મરણપથારીએ પડ્યો હતો તેનો હાથ પોતાના હાથમાં લઈ તે બોલી રહ્યો હતો 'આખી જિંદગી હું તારાઓ પાછળ મથ્યો છું મારે એના માર્ગના ચોક્કસ કોઠા તૈયાર કરવા હતા. મેં એક હજાર તારાને માટે ધ્યેય બનાવેલું, પણ તેમાંથી સાતસો સાતને જ પૂરા થયા છે. હું એ બધા યે પૂરા કરત, પણ મારા દેશ ને મારા રાજા મારી વિરુદ્ધ પડ્યા હવે હું મારા બધા કાગળિયા તને સુપ્રત કરતો જાઉં છું અધૂરું રહેલું પૂરું કરી પ્રિન્સ રૉસ્ટૉફના નામથી તું એ કોઠા પ્રસિદ્ધ કરજે.'

નીચી ઢળેલી આંસુભરી આંખે જૉને તે પ્રસિદ્ધ કરવાનો કોલ આપ્યો ને ટાઇકોના પ્રાણ ઊડી ગયા

કેપ્લરની ખ્યાતિ હવે વધવા લાગી હતી બોહીમિયાના રાજા ને રોમના શહેનશાહે પણ તેને શાહી ગણિતિજ્ઞ નીમ્યો પણ જેમ કીર્તિ મળતી ગઈ તેમ પૈસાની તંગી વધતી ગઈ રૉસ્ટૉફ તરફથી મળતા પૈસા પણ હવે બંધ થયા આથી નછૂટકે કેપ્લરે જ્યોતિષશાસ્ત્રીનું કામ હાથ લીધું જોકે એ તો માનતો હતો કે આકાશના મેઘધનુષ માટેના ફરતા એ તેજપુંજોને એ જાળાના માણસો સાથે કશું લાગતુ વળગતું નથી, પણ પોતાનો તથા કુટુંબનો પેટનો ખાડો તો પૂરવો જ રહ્યો ને?

અહર્નિશ રોગિયા રહેતી સ્ત્રીની માંદગીને હટાવવામાં જ તેના પુરુષાર્થનો મોટો ભાગ હવે ખરચાવા લાગ્યો એવામાં વળી 'ત્રીસ વર્ષના યુદ્ધ' તરીકે ઓળખાતી લડાઈમાં મધ્ય યુરોપ સળગ્યું ધાર્મિક અસહિષ્ણુતા ત્યારે ખૂબ વધી ગએલી. કેથોલિકોએ કેપ્લર પર પણ હુમલો કર્યો તેની લાયબ્રેરીને સીલ દઈ દીધા ને માત્ર શાહી બચાવથી જ તે જેલમાં જતો જતો બચી ગયો

દિવસો દિવસ વધુ ને વધુ ઘેરી જતી મુફલિસીમાં પણ તે પોતાના કાર્ય માટે શાંત ચિત્તે મંડ્યો રહ્યો ભિખારી કરતા વધુ સારી તેની સ્થિતિ રહી ન હતી એ સમયમાં તેણે 'Harmonices' નામનો ગ્રંથ પાંચ ખંડમાં બહાર પાડ્યો અને તે ઇંગ્લંડના રાજા જેમ્સ પહેલાને અર્પણ કર્યો જેમ્સે તેને પોતાના દરબારમાં બોલાવ્યો, પણ તે ગયો નહિ. જો કે એ ગ્રંથમાંનો કેટલોક ભાગ વિજ્ઞાનની નજરે માહિતીઓ આપે છે, પણ ઘણોખરો તો ખાલી કલ્પનાની જ રમત લાગે છે એ પુસ્તકમાં તેણે પૃથ્વીને જીવવાળી કલ્પી છે'

ચાલુ માન્યતાઓને બદલે ખગોળમાં કોઈ સ્થાપિત સિદ્ધાંત દાખલ કરવામાં આવે એ એની પહેલેથી જ મતલબ હતી મંગળની કક્ષાનું તેણે જે નિરીક્ષણ આદરેલું તેના પરિણામે ખગોળવિદ્યાના બે મુખ્ય નિયમો અંડાકાર કક્ષાઓ (elliptical orbits) ને સમવર્તી (equal area)ના નિયમો તેણે સ્થાપિત કર્યા પ્રકાશનો અભ્યાસ કરી તેણે પરાવર્તનના નિયમનો સ્ફોટ કર્યો. દૃષ્ટિભ્રમનો સિદ્ધાંત પણ તેણે જ ઊભો કર્યો, આકાશી દૂરબીન (astronomical telescope) બનાવવાનું પણ તેણે સૂચન કર્યું, પણ એ સિદ્ધાંતનો ઉપયોગ ન કર્યો પાછળથી ઇંગ્લંડના સ્કૉટ્લૅન્ડે તે પરથી જ દૂરબીન બનાવ્યું 'મંગળની ગતિની આલોચના' નામક પોતાના ગ્રંથમાં તેણે ગુરુત્વાકર્ષણનો પણ સ્ફોટ કર્યો છે પણ એ બધું એમ જ રહ્યું પોતાના સિદ્ધાંતોને તે ચોક્કસ પાયે કરી શક્યો નહિ, કારણ તે મુફલિસ હતો ને એ મુફલિસી તેની પ્રતિભા પર હમેશા રાખ વાળતી જ રહી

ઈ ૧૬૧૧માં રૉસ્ટૉફના ભાઈ રૉલ્ફિયામે ગાદી પચાવી પાડી. રાજદ્વારી ખટપટોથી કંટાળી કેપ્લર ઑસ્ટ્રિયા ચાલ્યો લિંઝ યુનિવર્સિટીમાં તેને જગ્યા મળી આખરે સારું ટાણું આવ્યું માની તેણે શ્વાસ ખાધો ટાઇકોને અપાયેલા વચનની પૂર્તિ કરવાનો મોકો પણ હાથ આવેલો લાગ્યો એ જ અરસામાં તેની પત્ની મૃત્યુ પામી. જિંદગીભર કદી પ્રેમનો શબ્દ ન ઓચરેલી એ પત્નીના જતા તેને ખાસ કશું ગુમાવ્યું હોય એમ ન (અનુસંધાન આગળ પાન ૯૩ મે)

★ નાટિકા

તીર્થયાત્રાનું ફળ

લેખક
'પ્ર'

[રંગમંચ: મેડી પરનો એક ઓરડો. એમાં હીંડોળાખાટ છે, ખુરશીઓ છે, સોફા છે, મેજ અને પાટલીઓ છે. એક સુખવાસી મસાલીના દીવાનખાનામાં હોય છે તેવી અને તેટલી શોભા ને સગવડની બધી સામગ્રી છે. એમાનું એક બારણું બાજુના ઓરડામાં ને બીજું ભંડાર ઉપર પડે છે. પાત્રો: પચ્ચીસ અને પંદર વરસ વચ્ચેની ત્રણ બહેનો. મોટી મીરાં ગંભીર, વચલી હીરા ચંચળ અને નાની ઇંદીરા લાડઘેલી છે. નાની હીંચકે ઝૂલે છે, વચલી આરામખુરશી પર પડી પગ વાંચે છે અને મોટી સોફા પર બેસી ભરત ભરે છે. અને પડદો ઊપડે છે. બંને ઓરડા ખુલ્લા થાય છે. બીજો ઓરડો પાણીઆરું છે ને પહેલો દીવાનખાનું છે. નાટક પહેલામાં શરૂ થાય છે.]

ઇંદીરા: (પગની ઠેસે હીંચકો થોભાવી) બ્હેન!

મીરા: (ભરત પરથી નજર ફેરવી) હં! શું?

ઇંદીરા: ત્યારે હવે ભાઈ નહિ આવે?

મીરા: નહિ કેમ આવે? જરૂર આવશે.

ઇંદીરા: આવશે આવશે કરતા તો આ બાર વાગવા આવ્યા. હું તો વાટ જોઈજોઈને થાકી.

મીરા: (ગંભીર સ્મિત સાથે) જેટલી વધારે પ્રતીક્ષા કરીશ, ભાઈ એટલા વધારે વહાલા લાગશે.

હીરા: (ચોપડીમાં જ મુખ રાખી) તે અત્યારે જ ભાઈ ક્યાં ઓછા વહાલા છે કે પછીથી વધારે વહાલા લાગશે?

ઇંદીરા: બ્હેન! ભાઈ ભાતભાતની ભેટો લાવશે, નહિ?

મીરા: જરૂર. દરેક તીર્થનું એકેક સંભારણું તો લાવશે જ લાવશે.

ઇંદીરા: મને તો થાય છે કે ક્યારે ભાઈ આવે ને ક્યારે એમના પેટી પોટલા ફેંદી વળું.

હીરા: (વ્યંગે ભર્યા હાસ્ય સાથે) હં! હવે સમજાયું કે બેબી શા કારણે ભાઈ સારુ અધીરી અધીરી થઈ રહી છે. તું તે ભાઈની વાટ જુએ છે કે (સભાર) ભા ત ભા ત ની ભે ટ ની?

ઇંદીરા: (સરોષ) હા, ભાઈ હા. અમે થોડા જ ભાઈના ભૂખ્યા છીએ? અમે તો ભેટના જ ભૂખ્યાં. (છણકાભેર હીંચકો ચાલુ કરે છે)

મીરા: (મીઠા ઠપકાના સ્વરે) હીરુ! બેબીને ચીડવ્યા વિના તને યે જંપ વળતો નથી?

હીરા: જેવું હોય તેવું કહીએ, એમાં એ આટલી ચિડાય શા માટે? પૂછો એના અંતરને કે મારી વાત ખરી છે કે ખોટી?

ઇંદીરા: (ચાલુ હીંચકે—આવેશમાં) હા, પૂછો મારા અંતરને. જાણે મારા હૈયામાં ભરાઈ બેઠી હોય ને!

હીરા: તો શું હું ખોટું કહું છું?

ઇંદીરા: (પૂર્વવત્) ના રે, તું ખોટું કહે? હીરાબહેન તો બીજા હરિશ્ચંદ્ર! એના શ્રીમુખમાંથી અસત્ય વચન નીકળે? પરંતુ હું ય જોઈશ, ભાઈ ભેટ વહેંચશે ત્યારે તે લેવા એ કદી ના પાડે છે તે.

મીરા: હવે મૂકો એ માથાકૂટ. ભાઈની ગાડી મોડી થઈ લાગે છે. તમે બંને જમી લો.

[ઊભા થઈ ભરતને સામેના મેજ પર ગડીબંધ ગોઠવી દે છે]

ઇંદીરા: (હીંચકો થોભાવી) તે બ્હેન! તારે નથી જમવું?

મીરા: હું તો ભાઈની રાહ જોઈશ.

ઇંદીરા: તો શું અમારાં જ પેટમાં બિલાડાં બોલે છે કે અમે ભાઈની રાહ ન જોઈ શકીએ?

મીરા: જો, આ અગિયાર તો વાગ્યા (ટકોરા પડે છે). તમે ક્યાં સુધી ભૂખ્યા રહેશો?

ઇંદીરા: (હીંચકો ચાલુ કરી) ભલેને અગિયારના બાર અને ઉપર બે વાગતા.

હીરા: (સસ્મિત) પણ પછી ટાઢો કંસાર તારે ગળે નહિ ઊતરે.

ઇંદીરા: (ખીજભર્યા સ્વરે) નહિ ઊતરે તો નહિ ખાઈએ. ભૂખ્યા રહીશું અમે અમારે. તમને કહેવા નહિ આવીએ, કે બહેન, આ એક કોળિયો કંસાર ગળે ઉતારી આપો. જ્યારે હોય ત્યારે મારી ખણખોદ કરવા તૈયાર. પણ બહેનબાના પગ તળે પાણીના રેલા વહે છે તે ભૂલી જાય છે. ભૂલી જ જાય ને? કારણ હીરાબહેન એટલે તો (ભભાર) સકલગુણસંપન્ન સદ્ગુણની અવતાર!

હીરા: (અધવચ) બસ, બેબી બસ. આ તે તારા વર્ગની વિવાદ-સભા નથી કે ભાષણ આપવા મંડી પડી. લોકો કહે છે કે ભૂખ્યા માણસને ઊંઘ આવે છે; પરંતુ આ તો તારું મોઢું ઊઘડ્યું, જીભ છૂટી. (હસે છે)

ઇંદીરા: (પૂર્વવત્ છણકાભેર) મારી જીભ છૂટી ને તારી સિવાઈ ગયેલી છે, નહિ? ભલે ભાઈ ભલે. અમે હવે નહિ બોલીએ. (હીંચકા ઉપરના ઓશીકામાં મુખ છુપાવની આડી પડે છે. તેના ડૂસકાં સંભળાય છે)

મીરા: (પાસે જઈ પડખે બેસી ઇંદીરાના બરડે હાથ ફેરવતાં) છાની રહે, બેબી છાની રહે. એ હીરા તો છે જ એવી.

હીરા: આવા લાડ લડાવીલડાવી તેં એને બગાડી મૂકી છે.

મીરા: (સૌમ્ય ઠપકાથી) હીરા! તું ચૂપ રહે છે કે નહિ? (મોટી બહેન બેબીને બેઠી કરી બગલમાં બેસાડે છે. બંનેની આંખમાં આંસુ ચમકે છે)

[બહાર મોટરનું ભોંપુ વાગે છે. ત્રણે ચમકે છે. હીરા પુસ્તક ફેંકે છે, મીરા આંસુ લૂછે છે. ઇંદીરા નીચે ચોગાન ઉપર પડતી બારી પાસે દોડી જાય છે]

ઇંદીરા: (કિલકારીભેર) આવ્યા, ભાઈ આવ્યા!

હીરા: (પાછળ આવી છે તે) ક્યાં છે ભાઈ? આ તો મગન મહારાજ એકલા જ દેખાય છે.

મીરા: (બારીએ આવી) હા.

ઇંદીરા: નક્કી ભાઈ ગાડી ચૂકી ગયેલા.

હીરા: માનું નહિ. ભાઈ એટલે તો જીવતી ઘડિયાળ. ઘડિયાળ તો બગડે ત્યારે ય વખત ચૂકે, પણ ભાઈની નિયમિતતા તો અટલ ને અચળ. તે ગાડી ચૂકે જ નહિ.

મીરા: ચાલે ત્યાં લગી તો જરૂર ના ચૂકે.

ઇંદીરા: તો ગાડી જ આવી નહિ હોય!

હીરા: અને મગન મહારાજ વાટ જોતી મૂકી ભાગી આવ્યા હશે?

[અહીં 'મારું શું ભાગી જવું હતું કે હું અધીરો થઈ ભાગી આવું?' એમ બોલતા મગનમહારાજ દાદર ચડે છે. ઉપર આવતાં જ ત્રણે બહેનો તેને ઘેરી વળે છે]

હીરા: (આતુર) તો શુ ભાઈ જ નથી આવ્યા?

મગન' આવ્યા છે, બહેન, આવ્યા છે ગભરાશો ન મા

હીરા' (મહારાજનો હાથ પકડી ઉતાવળે સ્વરે) તો પછી ભાઈને ક્યાં મૂકી આવ્યા?

હીરા તમે કહ્યુ નહિ હોય કે અમે ત્રણે કાગના ડોળે રાહ જોઈએ છીએ?

મગન. હુ તે કહ્યા વિના રહુ?

હીરા: છેક સવારથી અમે ભૂખ્યાંતરસ્યાં બેઠા છીએ તે પણ કહ્યુ હતુ?

મગન. હા, કહ્યુ હતુ

મીરા છતા ભાઈ મારતી મોટરે વેર ન આવ્યા? ગજબ'

મગન' (વેદનાભર્યા સ્વરે) હા, બહેન' થયો તો છે ગજબ જ'

ત્રણે (ચમક અને કુતૂહલભર્યા અવાજે) હેં?!!

મગન (પૂર્વવત્) ભાઈએ મોટરમા બેસવા ના પાડી

ત્રણે. (પૂર્વવત્) એમ?

મગન (પૂર્વવત્) મેં બહુ યે આગ્રહ કર્યો પણ તે એકના બે ન થયા પછી હુ રહ્યા ચાકર માણસ, એટલે બધા વચ્ચે માલિકને કહુ પણ કેટલુ?

હીરા: (અધીરતાથી) તો પછી ભાઈ અત્યારે છે ક્યા?

મગન તે ચાલતા આવે છે

હીરા ભાઈ પગપાળા આવે છે? તે તમે ક્યા મોટા રાજવશી હતા તે મોટરમા બેસીને દોડી આવ્યા? (હીરાના સ્વરમા અકળામણ હોય છે)

મગન બહેન' મારી શી મજાલ કે ભાઈ પગે ચાલે ને હુ બેસુ મોટરમા? પણ હુ લાચાર હતો મને ભાઈએ બળજબરીથી બેસાડી મોકલ્યો છે.

મીરા (સોદ્વેગ) મને તો આમા કઈ સમજાતુ નથી

મગન' મને પણ નથી સમજાતુ, સિવાય કે—

ત્રણે બોલો બોલો

મગન. ભાઈ બદલાઈ ગયા છે

ત્રણે એમ?''

મગન. પહેલી નજરે તો મેં ઓળખ્યા પણ નહિ

મીરા તે ભાઈ શુ માંદા થઈને આવ્યા છે?

હીરા તો તો ભાઈ સાવ દૂબળાપાતળા થઈ ગયા હશે

હીરા. છતા તમે તેને પગે ચાલતા મૂકી આવ્યા? મીરાબહેન! હુ મારતી મોટરે સામે જાઉં છુ ને ભાઈને બેસાડી લાવુ છુ

મગન: બહેનો માફ કરજો ભાઈ નથી દૂબળા કે નથી પાતળા [illegible] પડેલો ભાઈના દુશ્મન!

હીરા (દમ મૂકી) હાશ' સારૂ થયુ બાકી મારો તો શ્વાસ ચડી ગયો હતો

મગન' ભાઈ માંદા નથી છતાં વાત છે શ્વાસ રૂંધાઈ જાય એવી.

હીરા: પરતુ એ વાત શી છે તે તો કહો

મગન: ભાઈ સાવ બદલાઈ ગયા છે

હીરા' એકનુ એક વાક્ય કેટલી વાર બોલશો? ગાયત્રીનું પારાયણ માડ્યુ જાણે

મગન: પણ બીજુ શુ કહેવું તે જ સમજાતુ નથી

હીરા' તે આપણા ભાઈને થયુ છે શુ?

મગન: કહુ? પણ મારા અભણનુ કહેવુ તમને હસવા જેવું લાગશે

મીરા. કહો, મહારાજ કહો. તમારે શુ કહેવું છે?

મગન' ભાઈ પર કોઈએ ભૂરકી નાખી છે! જાદુ કર્યું છે'

હીરા' (ખડખડાટ હસી) શું સરસ નિદાન! મહારાજ તમે જાદુને ઓળખી કાઢયુ તો હવે ભૂવા થઈને તેનો ઉતાર પણ કરજો

મીરા હીરુ! આ હસવાનો વખત છે?

હીરા (પૂર્વવત્) તો કહો તો રડવા માડુ.

મગન. બહેન' તમે ભાઈને જોશો ત્યારે વગર કહ્યે જ રડવા માડશો

હીરા તે મારા ભાઈને થયુ છે શુ? ઓ મારા ભા આ આ ઈ .ઈ.

[રડે છે હીરા બારી તરફ ખસે છે]

મીરા રડ ના, ગાંડી વગર જોયેજાણ્યે અમગળ જપ ન કર

હીરા (ચિત્કાર કરી) ઓ બાપ રે'

બન્ને શું છે અલી? (બન્ને બારી પાસે દોડી જાય છે)

હીરા (રસ્તા ભણી આંગળી ચીંધી) જુઓ, જુઓ.

હીરા ઓ મા રે! આ તે ભાઈના મા હાલ'

હીરા' હાય રે' આ તે ભાઈ છે કે ભિખારી!

હીરા. ભાઈએ તે કપડા પહેર્યાં છે કે ગુણપાટ'

મગન નથી ભાઈ ભિખારી કે નથી એના વસ્ત્રો ગુણપાટ ભાઈએ ખાદી પહેરી છે

હીરા: એ તે ખાદી છે કે ગોદડીઆ બાવાની ગોદડી?

[એવા ભાઈ દાદર ચડી ઉપર આવે છે]

ભાઈ: હાશ! હુ તો છેક થાકી ગયો!

મીરા થાકી જ જાવને ભાઈ! પગે ચાલવું તે આપણને ફાવે?

ભાઈ ખરૂ કહ્યુ બહેન! છતે પગે પાંગળાને એ ક્યાથી ફાવે?

હીરા' ભાઈ!

ભાઈ આવ બહેન! મને ભેટ તો ખરી! બે મહિને મળ્યા તોપણ આઘીઆઘી કેમ રહે છે?

હીરા' ક્યાથી ભેટે એ? આ તમારા પહેરણના રેછડા તો જાણે શાહુડીના પીંછા કાટાની શૂળોને તે કોઈ ભેટે?

હીરા ભાઈ! તમને કોઈએ લૂટી લીધા હતા?

ભાઈ' ના બહેન.

મીરા: તો પછી બે બૅગ ભરીને કપડા લઈ ગયા હતા તે ક્યા ગયા કે આ ચાદરના ઝભ્ભા ઓઢી આવ્યા

ભાઈ એ તો આપ્યા, જેને એની વધારે જરૂર હતી તેને

હીરા એટલે?

ભાઈ: હુ જગન્નાથપુરીમા હતો ત્યારે ત્યા રેલ આવી હતી ત્યા હજાર હજાર લોકો ટાઢે થરથરતા લાજ ઢાકવાના વેંતના ટુકડાના અભાવે તેઓ [illegible] લપાઈ રહેતા તડકામા આવી હાથ પણ ફેલાવી ન શકતા એ જોયા પછી પણ હું બબ્બે બબ્બે બૅગ ભરીને કપડાં રાખુ તો મારા જેવો નિષ્ઠુર કોણ હોઈ શકે?

મીરા' પણ પહેરવા જોગા એકબે જોડ તો રાખવા હતા

ભાઈ' તે તો આ મેં રાખેલાં જ છે. (પોતાની કફની ને ધોતી બતાવે છે.)

હીરા એને તે કોઈ કપડા કહેતુ હશે?

ભાઈ તો શુ કહે?

હીરા ઢોરઢાંખરને ઓઢવાના ઓઢા.

ભાઈ. આ ઓઢાય મળ્યા છે તે મારા સદ્ભાગ્ય છે બાકી મેં તો કોટિકોટિ પ્રજાને ચરખી નાગી ફરતી દીઠી છે.

હીરા. ફરતાં હશે નાગા જે કરમના ફૂટ્યા હશે તે



બાઈ: (કરુણ સ્વરે) બહેન ! એમનાં કરમને કોણે કાચા કર્યાં તેનો વિચાર કર્યો છે ?

હીરા: એમાં તે વળી વિચાર શો કરવાનો? કુદરતે વળી.

બાઈ: બહેન ! કુદરત તો હજાર હજાર હાથે બધાં બટાક આપે છે ને કોઈને દુ:ખી નહિ રાખે.

હીરા: તો પછી તેઓ દુ:ખી હશે પોતાના પંડને પાપે

બાઈ: પોતાના પંડના પાપે નહિ, પરંતુ આપણા પાપે, બહેન !

આપણાં પાપે ?''

બાઈ. હા આપણા જ પાપે કોઈને દુ:ખી કરે ત્યારે એક જણ સુખી થાય, હજારને રડાવે ત્યારે એક લખપતિ થાય. માટે જ દેશમાં દારિદ્ર છે ને દુ:ખ છે. ને માટે આપણે સુખીઓ ને પૈસાદારો જ જવાબદાર છીએ.

મીરા. (હાથ પકડી) આવો બાઈ, જરા બેસો, આરામ કરો, હાથપગ ધુઓ પછી જ કહેવું હોય તે નિરાંતે કહેજો.

[બાઈ પરસાળની ફરસબંધી પર બેસે છે]

હીરા: હં હં બાઈ, નીચે? ઠેઠ ભોંય પર?

બાઈ: તે ભોંય શી ખોટી છે? નથી એમાં કાંટા જેવા કાંકરા કે કાચની જેવી કપચી.

હીરા: તો શું આ ગાદીગાદલાંમાં કાંટા અને કચ્ચર ભરી હશે?

બાઈ: ભરી તો નથી, પરંતુ હું હવે હવે એ પર બેસું તો મોચું રે અને મગજ પણ મને તો ખૂંચે. કેવળ શરીરમાં જ નહિ પણ અંતરમાં પણ ભોંકાય. તમે તમારે ત્યાં બેસો, હું તો નીચે જ બેસીશ.

હીરા: એ અનોખી વિદ્યા ક્યાંથી શીખી લાવ્યા?

હીરા: હશે, તમે ત્યાંથી શીખ્યા હશો આપણા પ્રેમથી એ બદલી દઈશું. (લાડ કરતી કફનીનો છેડો પકડી) બાઈ ! આ ગુણપાટ જેવી કફની તમને કરડતી નથી? ખૂંચતી નથી?

બાઈ: ખૂંચે ય ખરી.

હીરા: તો પછી આ કાગાની ગાદડી કાઢી નાખોને !

મીરા: હા બાઈ, કાઢી નાખો. હું તમને રેશમી પહેરણ લાવી આપું

હીરા: એ પગલૂછણિયા જેવી ખરબચડી ખાદી પહેરવા કરતાં તો ઉઘાડા રહેવું બહેતર!

બાઈ: ટીકુ ! ભગવાન મને ઉઘાડા રહેવાનું બળ આપો.

મીરા: તે ઉઘાડાં ફરતાં શરમ નહિ લાગે?

બાઈ: શેની શરમ શાની?

હીરા: શરમ તો ખરી જ વળી. તમે ઉઘાડા ફરો તો તમે જ નહિ પણ અમે બધાં ય લાજી મરીએ.

બાઈ: બહેન, આ દેશની અરધી વસ્તી અરધી કે આખી ઉઘાડી ફરે છે. તેમને પોતડી મળે તો પિછોડી મળતી નથી અને તે મળે તો પહેરણ મળતું નથી. આપણને તે દેશમાંના આપણા જેવા બધાને તેમની નગ્નતા માટે શરમ આવી છે કદી, કે આજે હું ને તમે લાજી મરીએ?

હીરા: બાઈ ! જવા દો એ વાત. પણ કહો, મારા માટે કંઈ નવાઈની ચીજ લાવ્યા છો કે નહિ?

બાઈ: લાવ્યો છું, બહેન ! અને તે એવી તો નવાઈની ચીજ છે કે તેને જોઈ તારી નવાઈનો પાર નહિ રહે.

[તે પાસેની પોટલી છોડે છે. અંદર નાનું પડીકું દેખાય છે. તેમાંથી એક હીરા ઝડપે છે]

હીરા: આ મારી એકલીનું. (છોડે છે)

હીરા: લે લેતી જા. એકલીનું કહેતી હતી તે હવે મારે ના કહેવાના

હીરા: (છોભીલી પડી) બાઈ ! તમે આ શું લાવ્યા છો?

બાઈ: બંગાળાના મમરા, બહેન બંગાળામાં એને મૂડી કહે છે.

હીરા: મૂડી ''' બંગાળાની મોટામાં મોટી મૂડી આ મમરા છે !

બાઈ: એની તારાથી ને મારાથી ના નહિ પડાય, બહેન ! આ મૂડી તો અરધા બંગાળાનો જીવનઆધાર છે. ત્યાંના ગરીબોને મૂડી મળે એટલે તો જાણે મેવાનો થાળ મળે છે !

હીરા: તે શું બંગાળામાં મમરા તે જ મેવામીઠાઈ?

બાઈ: ના બહેન ! ત્યાં પણ મેવામીઠાઈ તો બીજી જ છે. પણ તે પૈસાદારો માટે, જમીનદારો માટે. રાંકડી રૈયત માટે તો મેવા કહો કે મીઠાઈ તે આ પૈસા બે પૈસાની મૂડી જ છે.

હીરા: (બીજું પડીકું છોડી) જોઉં તો ખરી આમાં એવું જ કોઈ પકવાન છે કે નહિ (એ પડીકામાંથી દાળિયા વેરાય છે)

હીરા: (ગરદાટમાં) હું ! મારું નસીબ પણ તારા જેવું જ જોર-દાર છે. લે આ કોના દાણા !

બાઈ: ટીકુ ! એ દાળિયા દેવની મશ્કરી ન હોય !

મીરા: (આશ્ચર્યભર્યા સ્વરે) તમારી તો એકેએક વાત અજબ છે, બાઈ ! દાળિયા તે વળી દેવ !

બાઈ: બહેન ! એ જ દાળિયાના દસ વીસ દાણા ખાઈને લોટા બે લોટા પાણી પી અમૃતનો ઓડકાર ખાતા હજારો જનને મેં જ્યારે જોયા હતા ત્યારે હું પણ ઓછો અચરજ નહાતો થયો, બહેન! એ અન્તર્યામીએ મને પોગપોગ આંસુએ રડાવ્યો હતો. હાય રે દુર્ભાગી દેશ ! તારી આ અવદશા ! ભગવાનની ભેંસ્તરાઈ ને લીલીછમ વનરાઈઓથી ભરેલી ભારતભૂમિ તારાં સંતાનોને કેવળ દસ વીસ દાળિયા જ!

મીરા: (ત્રીજું પડીકું ખોલે છે) અરે આ તો ગાંઠીનું ગોળકું!

બાઈ: હા, આ ગાંઠી જ છે; પણ છે ચુરમાના ચકતા બરાબર.

હીરા: ચુરમાનું ચકતું !

બાઈ: ટીકુ ! આ દેશમાં એવા પણ મુલક છે જ્યાં બાર બાર વર્ષથી દુકાળ પડે છે. ત્યાં ચુરમા માટે ઘી હોય નહિ, એટલે પડા-પડીઆની ગાંઠી મળે ભાવ છે કારણ એ ગાંઠીમાં રડ્યાખડ્યા એવાર દાણા હશે હોય છે કે ધાસનીથણાની એવાર જડ લપાઈ હોય છે. પણ રાંકડી કે દારૂણી આવતાને કરતા આવી ગાંઠી ખાંડી એટલે ચુરમું જ

ખાવું કે બીજું કંઈ?

હીરા: આ મેવામીઠાઈ ને ચુરમાથી તો જનર ખાવે જ ધરાઇ ગયા પણ બાઈ અમારા માટે બીજી કંઇ ભેટ નથી લાવ્યા?

બાઈ લાવ્યો છું, જરૂર લાવ્યો છું તેને મેં મોટરમાં જ મોકલાવી હતી મહારાજે હજુ નથી આપી?

હીરા (આતુરતાથી) ના.

હીરા એ ભેટ તે વળી કેટલી મોટી છે કે તેને મોટરમાં બેસાડી મોકલી ને તમે ચાલતા આવ્યા?

બાઈ એની મહત્તાની શી વાત કરું બહેન! કેવળ મોટરમાં જ નહિ બેસાડું, પણ માફ ચાલે તો એની તો ફૂલચંદનથી પૂજા કરું.

હીરા (આનંદ) તો તો એ ભેટ જરૂર કોઇ અદ્ભુત ચીજ હશે

બાઇ જરૂર અદ્ભુત છે. એ છે સારંગી ને તંબૂરો.

હીરા-હીરા (સાથે) તો તો એ હું જ લેવાની

મીરાં મીરાં, બહેન મીરા બાઈની ભેટ પચાવવી સહેલી નહિ હોય

[મગન મહારાજ ભેટની વાત નીકળતાં જ નીચે ગયા હોય છે તે બે વસ્તુ પીંજણુ ને ધનુષતકલી લાવી મૂકે છે.]

બાઈ આ આવી તમારી સારંગી ને તંબૂરો!

હીરા-હીરા (સાથે) આ!!

મીરાં મેં નહોતું કહ્યું કે ભારે પડે?

હીરા (પીંજણ પાસે જઇ) આ તંબૂરો! (પાસે ગોઠીલો છે તે લઇ) અને આ એની તખલી! જેવી એ તખલી જાડી છે તેવો જ જાડો હશે એ તંબૂરાનો સૂર એ સૂર સાંભળી અબેકું શરમાઇ જશે અને બેસો ભાગવા માંડશે

બાઈ ઠીક ગુંજે ન શા એ સૂર ભલે જાડો હશે, પણ જડ નહિ હોય એના સૂરે સૂરે તો નવજાગૃત ભારતના આત્માના ગીત ગુંજશે ખડકાળ જંગલની આતશી ધરવાની અજબ એવી શક્તિ એ જ સૂરમાં છે

હીરા અને આ સારંગી સારંગી શાની છે, લગ્નોની કે શાહોરની?

બાઈ એ રોમાવની સારંગી છે એના સૂરે સૂરે લાખો લૂંટાની તાજાગી સમી ભારતમાતાના નવસો નવ્વાણું ચીર પૂરાશે

[બાઇની આંખમાં આંસુ ચમકે છે]

ત્રણે બાઇ, તમે રૂઓ છો?

બાઈ હા રોઉં છું, એનીઆ! હું એકલો જ નથી રોતો, પણ રૂએ છે મૂક આખાની ધરતી.

હીરા ધરતી એટલે તો માટી, પથ્થર ને રેતી એમાં તે થોડો જ જીવ છે કે તે રુએ? રુએ તો છે જેને હૃદય હોય તે

બાઈ બહેન! હૃદયવાળા જ્યારે હૃદયહીન બને છે ત્યારે જીવ વગરનાં પૂતળાંઓમાં હૃદય જન્મે છે અને તે આંસુએ આંસુએ રૂએ છે

હીરા, બાઈ ધરતીમાતા રૂએ છે શા દુઃખે?

બાઈ ધરતી રૂએ છે એ દુ:ખે કે એને તો પોતાના પેટ ચીરી-ચીરીને ધાન્યભંડારો આપ્યા છતાં આખી દુનિયા ભૂખે મરે છે, એને તો પોતાના હૈયાનું હીર નીચોવીને ચીરી નદીનાળાં વહાવ્યાં તો પણ તરસ્યા જીવો માટે તો પાણીનાં જળ જ રહ્યાં છે.

હીરા બાઇ! એ તો શઈ કવિ કલ્પના

બાઇ એ કલ્પના નથી, અલંકાર નથી, પણ છે નક્કર વર્તમાન.

હીરા. તો પછી એ રુદન અમને કેમ સંભળાતું નથી?

બાઈ નથી સંભળાતું, કારણ કે આપણે બહેરાં છીએ બહેન! તું કે હું નહિ માનવીએ તેથી એ રુદન અસત્ય ઠરતું નથી આખ હાથે ને અલૌકિક દૃશ્યો નજરે પડે છે તેમ જો કાન ઊઘડે તો એ વેદનાભર્યું રુદન સંભળાય તીર્થ કરતાં કરતાં મારા કાન ઊઘડ્યા છે અને પછી મેં માન્યું કે કેવળ ધરતી જ રોતી નથી, પણ રૂએ છે નદી ડુંગર, દરિયા, ઝાડ અને પહાડો. અરે! આખી કુદરત રૂએ છે અને સાથે રૂએ છે તીર્થોનાં દેવો ને દેવોના ઉપદેશ. બહેન! રણના ક્રંદનમાં, વરસાદનાં બુંદેબુંદ અને આકાશના મહેરામણ અશ્રુબિંદુ આંસુએ રૂએ છે, અમાનવતાના દાવાનળ પર રૂએ છે, દાવાનળના ખપ્પર પર રૂએ છે, ખપ્પરના.....

મીરાં બસ, બાઈ બસ. (મહારાજ તરફ ફરી) મહારાજ! લ્યો એ ભેટ, આ પડીકાં ને પોટલું અંદર લઈ જાઓ; અને બાઈ તમે હાથ-પગ ધોવા ઊઠો.

[મહારાજ સોંપેલું કામ કરે છે. બાઈ પણ બાજુના ઓરડામાં જાય છે ત્રણે બહેનો ગંભીર બની આડીઅવળી બેસે છે ત્યાં દાદર પરથી સ્લિપ અને મુખી જણાતી, હાથે ને કપડે સુશોભિત, ને બોલચાલમાં સરકારી દેખાતી એક બાઈ પ્રવેશે છે]

મીરાં આવો રાધાભાભુ!

રાધા તે માધવલાલ તીરથ કરી આવ્યા?

મીરા હા ભાભુ!

રાધા (ચારે બાજુ જોઇ) ક્યાં ગયા?

મીરાં બાજુના ઓરડામાં હાથપગ ધુએ છે

માધવ (અંદરથી) કોણ છે એ?

રાધા એ તો હું છું દિયરજી

માધવ: રાધાભાભી?

રાધા: ઠીક ઓળખી કાઢી, અવાજ પરથી

માધવ તે તમારો અવાજ તો લાખો લોકમાં નોખો તરી આવે એવો છે તો

રાધા એમ! બલે! દિયરજી, તમે તો ખરા નમીબદાર! હું તો જાઉંજાઉં કરતી રહી ગઈ ને તમે તો અડસઠ તીરથ કરી આવ્યા સુખરૂપ તો છો ને?

માધવ: હા, ભાભી.

રાધા દિયરજી! મદ્રાસ-મદુરાના મંદિરોના ગોપુરો ને મૂળને જોઈને તો તમારી આંખ ઠરી ગઇ હશે

માધવ ખરી વાત (અંદર રહ્યે રહ્યે જ પ્રેક્ષકો પ્રતિ) પરંતુ એ આકાશચુંબી ગોપુરોથી થોડેક છેટે જ પાતાળમાં પેસી જતા હોય તેવા કાદવના કુવાઓ હતા. તે હતા પંચમ જાતિના. જેવા નીચા હતા એ કુવાઓ એવા જ નીચાં હતાં એમનાં મોઢાં. પાણી ભરીને ચાલવાનો એમને અધિકાર ન હતો.

રાધા દિયરજી! રથજાત્રા વખતે તમે જગન્નાથપુરીમાં હતા ને?

માધવ હા, હતો.

રાધા: અહાહા! તો હશે એ રથનો ઝગમગાટ! મુક્ત આખાની લક્ષ્મીનો જાણે એ દાદાનો ચાકનો ડુંગર હશે!

માધવ. ખરેખર જ (પ્રેક્ષકો પ્રતિ) પણ એ લક્ષ્મીના ડુંગરની આજુબાજુ જ જગન્નાથપુરીના દેરામાં હજારોના ડુંગર છે. અને એ ડુંગરના પાયા હતા, રીબાતી રૈયતના પાતાળકૂવા જેવા પેટના ખાડામાં. અને શિખર હતાં આમારા જેરલી ફાટી મરીબની આંખમાં

રાધા ગંગાઘાટે દેવદેવના બાવીઓને સ્નાન કરતા જોઈ તમે તો અવશ્ય થયા હશો

માધવ એનાથકાની લીલા જોઈ કોણ અવશ્ય ન થાય? (પ્રેક્ષકો પ્રતિ) જ્યાં પુણ્યના નામે પંડાઓના પાખંડ ચાલે અને સ્વર્ગના નામે શ્રાદ્ધ કરાવનારાના ગજા ચાલે ત્યાં કોણ અવશ્ય

નહિ થાય.

રાધા: દિયરજી ! શંકરાચાર્યના કેરલ દેશમાં નાંબુદ્રી બ્રાહ્મણોના મુખમાંની વેદગંગામાં પણ સ્નાન કરી આવ્યા ?

માધવ: હા ભાભી ! એ બ્રાહ્મણોના મુખમાંથી સાક્ષાત સરસ્વતી વહે છે. (પ્રેક્ષકો પ્રતિ) અને એ સરસ્વતી કેવળ વેદઋચાઓની જ ન હતી, એ ભૂદેવોના શ્રીમુખમાંથી ત્યાંની પંચમ જાતિ માટે ગાળ અને ગુસ્સાની સરસ્વતી પણ અસ્ખલિત વહે છે.

રાધા: આટલા બધા તીરથ કરી આવ્યા તો કોઇ દેવની મુર્તિ લઇ આવ્યા છો કે નહિ ?

માધવ: લાવ્યો છું. તે વિના આવું તો તીર્થયાત્રા કરી તો ય શું ને ન કરી તો ય શું ! (પ્રેક્ષકો પ્રતિ) હું દરિદ્રનારાયણ દેવની મુર્તિ લઇ આવ્યો છું; મારા હૃદયમંદિરમાં સ્થાપન કરીને લઇ આવ્યો છું.

રાધા: કોઈ સાધુસંન્યાસી પાસેથી ગુરુમંત્ર પણ લાવ્યા હશો.

માધવ: લાવ્યો છું (પ્રેક્ષકો પ્રતિ) એ મંત્ર નથી રાધેશ્યામનો કે નથી સીતારામનો પણ છે વંદેમાતરમનો.

રાધા: અને કોઇ વ્રતનીમ ?

માધવ: વ્રત પણ લાવ્યો છું. (પ્રેક્ષકો પ્રતિ) એ વ્રત છે સાદાઇનું એ નીમ છે સંયમનું ને સેવાનું

રાધા: (બારીમાંથી બહાર ડોકાતી) ઓ મા ! માધવલાલ, હવે તો પછીથી મળીશું. આ પેલો માંગ્રીકો તો નીકળી પડયા કળિયામાં. ઘડી વી'લો મુકતો નથી, હરામખોરને

[જાય છે માધવલાલ બહાર આવે છે ત્યાં બહેનો ગંભીર અને વિચારમગ્ન છે]

માધવ: બહેનો, બહુ વિચારમાં પડયા કંઈ ?

મીરા: પ્રસંગ જ એવો છે ને ભાઇ !

માધવ: મારી વાત તમારા ગળે નથી ઉતરતી, ખરૂં ?

મીરા: (કરુણ સ્વરે) તમારી વાત ખોટી તો નથી, પણ વહેવારથી ઊલટી છે દુનિયા એને નહિ માને.

માધવ: બહેન ! એ ગઢિના પહેલા હું પણ એ દુનિયામાંનો જ એક હતો.

હીરા. (ચિંતાભર્યા સ્વરે) તો શું આજે દુનિયાથી જુદા પડી ગયા છો ?

માધવ: એનો જવાબ હા ને ના બન્ને છે.

હરીશ: (ગંભીર) એટલે ?

માધવ: હું સુખવાસીઓના જગતથી જરૂર જુદો પડયો છું. પણ દુનિયા એટલે દશ ભાગ દુઃખી ને એક જ ભાગ સુખી હું હવે એ દુઃખીઓની જમાતમાં ભેડાયો છું. તે હિસાબે હું જગતથી જુદો નથી પડયો. પરંતુ તેની વધારે નજીક ગયો છું

હરીશ: (પૂર્વવત્) તે ભાઈ, તમે અમને છોડી જશો ?

માધવ: છોડી જાઉં કે રહું તે હવે સરખું છે. હું તમારી પાસે રહીશ, છતાં આપણા વચ્ચે અંતર હશે મો મો કોળિયો તમે ખાશો પક્વાન તો હું ખાઇશ બટકું. તમે પહેરશો હીરાના ચીર તો હું પહેરીશ હાથની ખાદી. તમે ફરશો ગાડીમાં તો હું ફરીશ પગપાળો. તમે જશો ફૂલવાડીમાં તો હું જઇશ હરિજનવાડે. તમારા પગમાં હશે મખમલની મોજડી તો મારા પગમાં હશે વાટમાંના કાંટા કાંટા. તમે સુશો છત્રપલંગ પર તો હું સુઇશ સાદી સાદડી પર.

ત્રણે. ભાઈ ! અમે તમને જુદા થવા નહિ દઇએ.

મીરા: જેવા તમે તેવા અમે

હીરા: દેશના દુઃખે તમે ભેખ લેશો તો અમે ય બનશું ભરથુ

હરીશ: તમને બટકુ ભાવશે ને અમને ય મીઠું લાગશે

માધવ: મીરા ! તારી આ કોમળ કાયા પર ખરબચડી ખાદીથી ઉઝરડા પડશે

મીરા: ભલે પડતા પરંતુ તેથી કોઈ બહેને દુઃખ શાતાની આતરડી તો ઠરશે ને ?

માધવ: હીરા ! પછી રોજ હવા ખાવા જવા નહિ મળે.

હીરા: ભલે નહિ મળે. કારખાનાના કરોડો સંતાનો રોજ હવા ખાવા ક્યાં જાય છે ?

માધવ: હરીશ ! બટકું ખાવાની હોંસ કરે છે પણ રોજ અરધા ભૂખ્યા ઉઠીશ.

હરીશ: ભલે હું કંઈ નહિ તો અરધુ પરધુ તો ખાઇશ જ ખાઇશ. ભૂખ્યાજ ઉઠતા ને ભૂખ્યાજ સુતા લોકો કરતા તો હું કઇંક સુખી હોઇશ

ગગન હે પ્રભુ ! આજે મારી તીર્થયાત્રા ફળી છે [પડદો પડે છે]

જીવી જાણનારા ૨૦ [જે માનવજીવનનું સાચું મૂલ્ય શીખવી ગયા

કલકત્તાનો વીર પુરુષ

ભવાનીપુર નામે કલકત્તાના પરામાં નરેન્દ્રચન્દ્ર કુંડુ કરીને એક સાધારણ જુવાન રહેતો હતો. એક દિવસ તે પોતાને દફતરે જવા નિકળ્યો તો રસ્તામાં એક ગટર ખોલી હતી, અને કેટલાક મજૂર એક મુકાદમની દેખરેખ નીચે કામ કરતા હતા. ત્યાં એકાએક ગરબડી ઓલી થઇ, કેમ કે એક મુસલમાન મજૂર બાકા (manhole) આગળથી ચાલતાં ચાલતા ઝેરી વાયુથી બેભાન થઇ ગટરમાં પડી ગયો. આથી બીજા મજૂરોએ રાડેરાડ કરી મૂકી અને મૂંઝાયેલો મુકાદમ પણ એમને ને પછી બીજા મજૂરોને કહેવા મંડ્યો, કે નીચે જાઓ, ને તમારા સાથીને બચાવો. પણ સાક્ષાત્ મૃત્યુને ભેટવા કોણ તૈયાર થાય ? કોઇ ગટરમાં ઉતર્યું નહિ. ને અંદર પડેલા મજૂરને બચાવાની આશા રહી નહિ. નરેન્દ્રચન્દ્ર આવી પહોંચ્યા. શું બન્યું છે તે સમજી ગયા. પોતાનો ડગલો, ટોપી, ને જોડા ઉતાર્યા, અને ગટરમાં ઉતર્યા. એક મિનિટ તો એને કોઇએ દીઠો નહિ. મુકાદમે ગાળીએ નજર કરી તો એક માણસનું માથું એના જોવામાં આવ્યું એટલે એકએ મજૂરની મદદથી એને દોરડું અંદર ઉતાર્યું, અને નરેન્દ્રચન્દ્રના હાથ એની બાથમાં મજૂર હતો તેના શરીર ફરતું વીંટયું. પછી ઝટ ઝટ બેયને બહાર ખેંચી કાઢયા, પણ દુર્ભાગ્યે એમાંથી એક જીવતો નહોતો. એમ જણાયું હતું, કે નરેન્દ્રચન્દ્રે અંધારામાં મજૂરને ખોળ્યો હશે, ને બાકાથી થોડે દૂર એને શોધ્યો હશે તથા એને બાથમાં લઇને કૂપ-વાગાની મદદથી બહાર નીકળવાની આશા રાખી હશે, પણ મદદ આવી પહોંચે તે પહેલાં ઝેરી વાયુને વશ થયા હશે.

નરેન્દ્રચન્દ્રના અપૂર્વ આત્મભોગના સ્મારક દાખલ ભવાની-પુરમાં ખાંભી ઊભી કરી છે, તેમાં એના જન્મની (૨૨ માર્ચ, ૧૮૮૧) ને મરણની (૧૦ મે, ૧૯૦૩) તારીખની પર કાંઇક વિગત આપી છે.

(દ્વિજેન્દ્રનાથ નિયોગીના અંગ્રેજ ઉપરથી) દે. વા.



રેડિયો ઘર

હિંદમાં બ્રૉડકાસ્ટિંગનો ઇતિહાસ

રેડિયો એ આધુનિક વિજ્ઞાનનું એક અગત્યનું ફળ છે—અંગ છે. આપણાં પુરાણોમાં આકાશવાણીનો જે ઉલ્લેખ આવે છે તે આજના રેડિયોના જેવી જ કોઈ યંત્રચાલિત યોજના હોઈ શકે એમ ઘણા માને છે. બ્રાહ્મણો દ્વારા કરાવવામાં આવતી શ્રાદ્ધ, તર્પણ આદિ ક્રિયાઓનું ફળ 'ઈથર' મારફતે સ્વર્ગવાસી પિતૃઓને પહોંચતું હોય એમ પણ કહેવાનું માનવું છે.


પ્રાચીન કાળમાં ભારતવર્ષમાં રેડિયો જેવી કાંઈ વસ્તુ હશે કે નહિ તેની આ વાત બાજુએ મૂકીએ, તોપણ રેડિયોની શોધ અદ્ભુત છે એમ તો સર્વ કોઈ સ્વીકારશે. બ્રૉડકાસ્ટિંગ મથક કે રેડિયો-ઘર પરથી બોલવામાં આવતા શબ્દો આપણે તાર કે અન્ય કોઈ પણ વસ્તુના જોડાણ વિના ઘેર બેઠાં રેડિયોમાં સાંભળી શકીએ છીએ એ બધું કેમ બને છે, બ્રૉડકાસ્ટિંગ મથકની કેવી યોજના હોય છે અને કાર્યક્રમોને હવામાં કેમ વહેતા મૂકવામાં આવે છે તેની આછી રૂપરેખા નીચે આપી છે.

આપણે જાણીએ છીએ કે ધ્વનિનાં મોજાં હવામાં અમુક અંતર સુધી જ પહોંચી શકે છે. કોઈ માણસ બોલતો હોય તો આપણે તેને થોડેક છેટેથી સાંભળી શકીશું. જો તે મોટેથી બોલતો હશે તો તેનો અવાજ જરા વધુ દૂર જઈ શકશે. તે બૂમ કે ચીસ પાડશે તો તેનો અવાજ તેથી પણ વધારે દૂરથી સાંભળી શકાશે. પણ આખરે અમુક અંતર પછી ધ્વનિનાં મોજાં મરી જાય છે. બહુ દૂર સંદેશા મોકલવા માટે ધ્વનિનાં એ સાદાં મોજાં કારગત નીવડતાં નથી. વળી આપણી શ્રવણેંદ્રિય વિધવિધ જાતના અવાજોને જુદા પાડી પોતાને જે અવાજ સાંભળવો હોય તે જ સાંભળી શકે એવી શક્તિ ધરાવતી નથી. દરેક જાતનો કોલાહલ એકસાથે જ સાંભળી શકાય છે. તેથી દૂર સંદેશા મોકલવા માટે ધ્વનિનાં મોજાંનું વિદ્યુત દ્વારા કોઈ રૂપાંતર કરવું જોઈએ. બ્રૉડકાસ્ટિંગ મથકમાં એ પ્રમાણે કરવામાં આવે છે. વળી બ્રૉડકાસ્ટિંગ પદ્ધતિમાં એવી યોજના હોવી જોઈએ કે જે રેડિયો-ઘરનો કાર્યક્રમ આપણે સાંભળવો હોય તે જ સાંભળી શકીએ. મુંબાઈના રેડિયો-ઘરનો કાર્યક્રમ સાંભળવો હોય તો તે જ સંભળાય, દિલ્હી કે બીજા કોઈ રેડિયો-ઘરનો અવાજ તે વખતે ન સંભળાય. વિદ્યુત અને લોહચુંબકના સિદ્ધાંતોનો ઉપયોગ કરવાથી આ કાર્ય સરળતાથી થઈ શકે છે.

રેડિયો-ઘરનો સ્ટુડિયો મોટા ધ્વનિવિરહિત (sound proof) ઓરડાઓનો બનેલો હોય છે. દરેક ખંડમાં એક માઈક્રોફોન ગોઠવેલું હોય છે. દીવાલો તથા છત ધ્વનિશોષક બનાવવામાં આવી હોવાથી બહારનો ઘોંઘાટ ખંડમાં પ્રવેશી શકતો નથી અને તેથી માઈક્રોફોન અન્ય ઘોંઘાટો ગ્રહણ કરતું નથી. જમીન જાડી જાજમોથી આચ્છાદિત કરવામાં આવી હોવાથી પડઘો પડતો નથી અને પડઘા માઈક્રોફોન પર અસર નીપજાવતા નથી. સ્ટુડિયોના દરેક ખંડનું જોડાણ ટેલીફોન દ્વારા કૉન્ટ્રોલ રૂમ (control room) સાથે કરવામાં આવ્યું હોય છે. કૉન્ટ્રોલ રૂમમાં દરેક ખંડના માઈક્રોફોનનું જોડાણ કરતા તાર અને તેને લગતી ચાંપોની ગોઠવણ કરી હોય છે, એટલે નિયામક (controler) જે ગવૈયા કે વ્યાખ્યાતાના શબ્દો હવામાં રેલાવવા હોય તેના ખંડના માઈક્રોફોનનું જોડાણ કાયમ રાખી અન્ય માઈક્રોફોનનું જોડાણ કાપી શકે છે. વળી જેનો કાર્યક્રમ ચાલતો હોય તેને ટેલીફોન દ્વારા યોગ્ય સૂચનાઓ પણ આપી શકે છે.

જ્યારે માઈક્રોફોનના સ્વરપટ ઉપર ધ્વનિના તરંગો અથડાય છે ત્યારે તેમાં તેવા જ વિદ્યુતના તરંગો ઉત્પન્ન થાય છે. આમ ઉત્પન્ન થયેલા વિદ્યુતના તરંગોની શક્તિ અતિ અલ્પ હોવાથી તેમને ઍમ્પ્લીફાયર (amplifier)માં લઈ જવામાં આવે છે, જ્યાં તેમની શક્તિ અનેકગણી વધી જાય છે. ઍમ્પ્લીફાયર રેડિયોની જુદીજુદી જાતની વાલ્વ (valves)ની એક સાંકળીનું બનેલું હોય છે. વાલ્વમાંથી વિદ્યુતનો પ્રવાહ એક જ દિશામાં જઈ શકે છે, એટલે માઈક્રોફોનમાંથી આવતા વિદ્યુતના તરંગો પાછા માઈક્રોફોન તરફ ન જતાં આગળ વધે છે. વાલ્વનો બીજો એક ગુણ એ છે કે તે વિદ્યુતની શક્તિ અનેકગણી વધારી શકે છે. એટલે ઍમ્પ્લીફાયરમાં જેમ વધારે વાલ્વ હોય તેમ વિદ્યુતના તરંગો વધુ બળવાન બને.

વિદ્યુતના બળવત્તર થયેલા આ તરંગોને ત્યાર પછી મૉડ્યુલેટર (modulator)માં લઈ જવામાં આવે છે. અહીં તેમની સાથે મોટી આવૃત્તિસંખ્યાની સ્પંદમાન વિદ્યુતના તરંગો (high frequency alternating currents) મેળવવામાં આવે છે. આ ક્રિયાને 'મૉડ્યુ-



૧ ધ્વનિનાં આંદોલનો
૨ માઈક્રોફોન
૩ ટ્રાન્સમિટિંગ યંત્ર
૪ રેડિયો-ઘરની એરિયલ
૫ રેડિયો રીસીવરની એરિયલ
૬ રેડિયો રીસીવર
૭ લાઉડસ્પીકર
૮ લાઉડસ્પીકરમાંથી નીકળતો ધ્વનિ

રેડિયો કેમ ચાલે છે? (ગયે વર્ષે [illegible] અંકમાં આપેલું આ ચિત્ર આ સાથેનો લેખ સમજવામાં મદદકર્તા થઈ પડશે એ ઇરાદે ફરી પ્રકટ કરીએ છીએ 'વર્લ્ડ ઑવ વન્ડર' ઉપરથી) સ્ટુડિયોમાં વાગતા વાજિંત્રના કે બોલનારના સ્વરના તરંગો અબરખના ડાયાફ્રામ (સ્વરપડદા) સાથે અફળાઈ તેની અંદરના કાર્બનનાં છૂટા કણોને દબાવે છે જેથી બે વીજળીક છેડાઓ (ઇલેક્ટ્રોડ)માં વિદ્યુત વહેવા લાગે છે. એ પ્રવાહ સર્કિટ Aમાંથી ટ્રાન્સ્ફૉર્મરમાં થઈને સર્કિટ B દ્વારા એક ગ્રિડ (અંકુશ)માં જાય છે, જ્યાં સર્કિટ C મારફત એક હાઈ વોલ્ટેજ બૅટરીનો પ્રવાહ તેને મળીને પ્લેટ ઉપરથી પહેલા ઍમ્પ્લીફાયરમાં લઈ જઈ અવાજને વધુ બળવાન બનાવે છે ત્યાંથી કંટ્રોલ બોર્ડ પર બીજા ઍમ્પ્લીફાયરમાં આવતા અત્યંત જોરદાર બનેલા એ પ્રવાહને જોઈતા કાબૂમાં લઈ તેને પ્રમાણપુરઃસર ટ્રાન્સમિટિંગ સ્ટેશન પર એક તાર મારફત મોકલવામાં આવે છે. અહીં ફરી એક વાર ટ્રાન્સમીટર દ્વારા એ સ્વરને ખૂબ બળવાન બનાવી તેના અદૃશ્ય આંદોલનોને ઊંચાઊંચા એરિયલ સ્થંભો દ્વારા દુનિયાભરમાં વહેતા મૂકવામાં આવે છે અને અવકાશમાંના એ સ્વરતરંગોને આપણા ઘર પરના એરિયલ ઝડપી લઈને, નીચેની હારમાં બતાવ્યા મુજબ, ફરી પાછી શરૂઆતની ક્રિયાઓ પ્રમાણે ગ્રિડમાં હાઈ વોલ્ટેજ બૅટરી વડે તેને મોટા કરી ડાયનેમિક કોઈલ અને સ્પીકર દ્વારા આપણા રેડીઓમાંથી બહાર પાડે છે, જે આપણા કાન પર અથડાતા, સ્ટુડિયોમાં બોલાયા મુજબ જ આપણને સંભળાય છે

રાજપુતાના સમુદ્ર નીચે ગયા હતા. આર્ય પ્રજામાં એ વેળા વરુણ દેવની હાક વાગતી. એ દેવ સાગરનો સ્વામી હતો ને તેથી એ સાગર-ભાગ 'વરુણ સમુદ્ર' કહેવાવા લાગ્યો.

મોહેં-જો-ડેરોની સિન્ધુ સંસ્કૃતિ ને આર્ય પ્રજાની હતી એમ હું માનું છું. આર્યોનો રાજ્યપ્રાય ઇતિહાસ સૂર્યવંશથી શરૂ થયો છે. એના આદિપુરુષ વૈવસ્વત મનુના પુત્ર ઇક્ષ્વાકુએ સિંધુ નદી જ્યાં એ સમુદ્રને મળતી ત્યાં પાટલક નામનું પાટનગર વસાવ્યું. હાલ એ સ્થળે હૈદરાબાદ આવેલું છે. ઇક્ષ્વાકુના એક પુત્રનું નામ 'કુશ' હતું. તેના વંશધરો કુશ પ્રજા કહેવાયા. એ કુશોના સમયે વરુણ સમુદ્ર નાનો બની આનર્તસાગર બન્યો ને કુશો નૈઋત્ય કરતા પીઠમાઈ વસ્યા. હાલ જ્યાં બેટ દ્વારકા છે ત્યાં આનર્ત તેમની પાટનગરી કુશસ્થલી હતી. આનર્તસાગરને ખિટલીખિટની આ પ્રજા બેબીલોનિયાની યતની થઇ પછી બાદ બની 'કુશ-પુત્રો' Cushites નામથી તેમનો નૃવંશ વિસ્તાર્યો છે.

સૂર્યવંશમાં ઇક્ષ્વાકુ પછી નવમી પેઢીએ કુવલાશ્વ રાજા થયો. તે વેળા આસીરિયાના અસુરો સુરાષ્ટ્ર અને આનર્ત સારસ્વત પ્રદેશમાં પેસી ચૂક્યા હતા. તેમના એક આગેવાન મધુએ ગુજરાતથી માંડી યમુનાના કાંઠા સુધીના પ્રદેશ ઉપર રાજ્ય સ્થાપ્યું હતું. એણે જ પહેલવહેલી મથુરા નગરી (મૂળનામ મધુપુરી) વસાવી હતી. એના પછી બેબીલોનિયા તરફથી એના જમાઈ યાદવ હર્યશ્વ આવેલો. મધુએ તેને આનર્ત, સુરાષ્ટ્ર અને અનૂપનું રાજ્ય આપી દીધું.

આ વખતે આનર્તસમુદ્ર (કચ્છના રણના સમુદ્ર)ને કાંઠે ઉજ્જાલક પ્રદેશમાં ઉત્તંગ આદિ અનેક ઋષિઓ તપ કરતા હતા. મધુનો પુત્ર ધુંધુ તેમને બહુ ત્રાસ આપવા લાગ્યો. પુરાણો કહે છે કે તે ઉજ્જાલક પ્રદેશ આગળ સમુદ્રમાં પેઠો ને એથી એ સાગરની વચ્ચે આવેલા બેટ (કચ્છ) ઉપરના પર્વતો અગ્નિ વરસાવવા લાગ્યા, પ્રચંડ ધરતીકંપ થવા લાગ્યા ને આનર્તસાગર સુકાવા લાગ્યો. એને ઋષિઓની વિનંતિથી સૂર્યવંશી રાજા કુવલાશ્વે સમુદ્રમાંથી ધુંધુને શોધીને માર્યો ને એથી તેને 'ધુંધુમાર'નું બિરુદ મળ્યું.

સૂર્યવંશમાં કુવલાશ્વ પછી ૪૧મી પેઢીએ અયોધ્યામાં રામનો અવતાર થયો. રામે લંકા ઉપર આક્રમણ કર્યું જતી વેળા બાણ મારી સમુદ્રને સૂકવી નાખેલો એ બનાવ ખરી રીતે તો આનર્તસાગરના સુકાવા વિષે છે. વાલ્મીકિ મુનિએ કવિત્વના પ્રવાહમાં તણાઇ રામના જીવનને પરાક્રમોથી ભરપૂર બનાવવા કચ્છનો રણસાગર સુકાયાની પૂર્વપરંપરાને રામ સાથે જોડી કાઢી લાગે છે. રામાયણના યુદ્ધકાંડમાં મુનિ વાલ્મીકિ લખે છે કે એ સાગરને સિંધુ અને સરસ્વતી નદીઓ મળતી ને તેને ઉત્તર કાંઠે આભીર (હાલના આહીરો) વસતા હતા. મહાભારત તેમજ ગ્રીક પ્રવાસપોથીઓમાં જણાવ્યા પ્રમાણે આનર્ત-સાગરને ઉત્તર કાંઠે એ પ્રજા વસતી હતી.

રામાયણ અને મહાભારતના બનાવોના કાળ વચ્ચેના ગાળામાં ઉત્તર ગુજરાતમાં શ્રીમાળના પ્રદેશ પર આ આનર્તસમુદ્રના મોજાં ઝુ-કાયાં હોય એમ શ્રીમાળ માહાત્મ્ય ઉપરથી જાણવા મળે છે. હજી પણ એ પ્રદેશના ખડકો ઉપર સમુદ્રના ઘસારાનાં ચિહ્નો સ્પષ્ટ નજરે પડે છે.

મહાભારતનું યુદ્ધ ઈ. પૂર્વે પંદરમા સૈકામાં લડાયેલું કહેવાય છે. યુધિષ્ઠિરના રાજસૂય યજ્ઞમાં ભાગ લેવા શ્રીકૃષ્ણ દ્વારકાથી હસ્તિનાપુર ગયેલા તે વખતે આબુના રાજા શિશુપાલના ભાઈ સાલ્વે દ્વારકા પર આક્રમણ કરેલું અને શ્રીકૃષ્ણે હસ્તિનાપુરથી પાછા આવી કચ્છના રણ-સાગરમાં સાલ્વનો વધ કર્યો એ હકીકત મહાભારતમાં મળી આવે છે.

ઈ. પૂર્વે દસમા સૈકામાં પૅલેસ્ટાઇનમાં સૉલોમન નામે એક ઘણો પ્રતાપી અને બુદ્ધિમાન રાજા થયો હતો. બાઈબલમાં લખ્યા પ્રમાણે એ રાજા હિંદની વસ્તુઓ લાવવા માટે ઓફીર નામના પૂર્વ કિનારાના કોઈ બંદરે વહાણોના કાફલા મોકલ્યા કરતો. વિદ્વાનો પશ્ચિમ હિંદના એક પ્રાચીન બંદર 'સૌવીર'ને ઓફીર (આહીર, સૌવીર-સોફીર) માને છે. બૌદ્ધ ગ્રંથ મિલિંદપન્હોમાં જણાવ્યા પ્રમાણે કચ્છના રણસાગરમાં હાલ જ્યાં પારકર દ્વીપકલ્પ છે ત્યાં આ બંદર આવેલું હતું.

ઈ. પૂર્વે ૩૨૬માં હિંદ છોડતી વેળા એલેક્ઝાન્ડરનો સૈનિક કાફલો આપણા રણસાગરમાંથી પસાર થયેલો હોવાની નોંધ ગ્રીક પ્રવાસ-પોથીઓમાં મળી આવે છે.

ઉપરના બનાવોના સમય અને ઈ. સ. ના બીજા સૈકાની વચ્ચેના ગાળામાં થયેલા ધરતીકંપાદિ કુદરતી ઉત્પાતોને લીધે ફરી પાછી કચ્છના રણસાગરની કાયા ફરી બની ને વળી તેની સપાટી ઊંચી ઉપસી આવી. ગ્રીક ગ્રંથ પેરિપ્લસનો કર્તા આ વખતની સ્થિતિની વિગત આપે છે. તે કહે છે કે રણસાગરના અમુક અમુક વિસ્તારમાં વહાણો ચાલી શકતાં નહોતાં.

કચ્છના રણના હાલ બે વિભાગ છે. સિંધ અને કચ્છની વચ્ચેનો ભાગ તે મોટું રણ, અને કચ્છ કાઠિયાવાડ તથા ગુજરાત વચ્ચે આવેલો ભાગ તે નાનું રણ કહેવાય છે. બંનેની સરહદ પર ગવનપુરની પશ્ચિમે ઓરાળ દ્વીપકલ્પ આવેલો છે ને કચ્છ તે બંનેને જુદાં પાડે છે.

પેરિપ્લસની હકીકત ઉપરથી જણાય છે કે તેના સમયમાં મોટા રણ ઉપરનો જળવિસ્તાર સુકાતો જતો હતો, પણ નાના રણ ઉપર તો છેક ચાવડાઓના રાજ્યકાળ સુધી દરિયાનાં મોજાં ઊછળતાં રહ્યાં છે ને વહાણવટું ખેડાયા કર્યું છે. ઈ. સ. ૬૪૦માં ચીના મુસાફર હુએન સ્યાંગે મહીકાંઠાથી શ્રીમાલ તરફ જતા માર્ગમાં એ સાગરવિસ્તાર જોયો હતો. સિદ્ધરાજના રાજ્યકાળમાં લખાયેલા સરસ્વતીપુરાણમાં નાના રણમાં પાણી હોવાની નોંધ મળતી નથી, પણ [illegible] નદીઓના પૂરના પાણીના ભરાવાને લઇ તે વહાણવટાને માટે ઉપયોગી તો છેક અકબરના રાજ્યકાળ સુધી રહ્યાં છે.

કચ્છનો એ રણસાગર, ઝિંઝુવાડાના ઝિલાણંદ બેટ આગળથી, સામુદ્રધુનીના આકારે ગુજરાત અને કાઠિયાવાડની વચ્ચે થઈ, નળ સરોવરને પોતાના અંગમાં સમાવતો, ખંભાતના અખાતને જઈ મળતો હતો. એ તો છેક મુગલ કાળ સુધીની હકીકત છે. ગુજરાત અને કાઠિયાવાડ વચ્ચેની આ સામુદ્રધુનીને મુગલ જમાનામાં પ્રવાસે આવેલા યુરોપિયનો સિંધુ નદીનો પ્રવાહ લેખતા. ઈ. ૧૫૨૩માં આવેલા બાર્બોસાએ અને ઈ. ૧૬૭૨માં આવેલા બાલ્દીયુસે એ હકીકત લખી છે. આ પછી એ સામુદ્રધુની માત્ર ચોમાસું ને તે પછીના થોડાક માસ સુધી વહાણવટા માટે કામ લાગવા લાગી. છેક ૧૭૮૮ સુધી વર્ષમાં છ માસ તો ઘોઘાના વહાણો પાટણવાડે આવી ત્યાંનો કપાસ ભરી લઇ જતા એમ સરકારી દફતરો ઉપરથી જણાય છે. ૧૮૧૩ની સાલમાં રૉયલ એશિયાટિક સોસાયટીના જર્નલમાં લેખ લખતા મૅકમર્ડો જણાવે છે કે તેના સમયમાં વર્ષના છ માસ કાઠિયાવાડ ગુજરાતથી છૂટું રહે છે ને કચ્છના રણ તથા ખંભાતના અખાતના વિસ્તાર વચ્ચે એક સામુદ્રધુની અસ્તિત્વમાં આવી જાય છે. ઈ. સ. ૧૮૨૦ના ધરતી-કંપના પરિણામે કાઠિયાવાડ કાયમને માટે દ્વીપ મટી ગુજરાત સાથે



કચ્છના રણસાગરમાં ફરતાં વહાણોને લાંગરતી વખતે જેની સાથે બાંધી રાખવામાં આવતાં તે સાંકળના કડાવાળા પથ્થરોમાંનો એક—ઝિલાણંદ બેટ, ઝિંઝુવાડા

સંધાઈ દ્વીપકલ્પ બની રહ્યો. આ બનાવ પછી જ ઈ સ ૧૮૬૨માં વીરમગામથી વઢવાણ સુધી રેલવેના પાટા નાખી શકાયા ને ત્યાર પછી ધોળકા-ધંધુકા વચ્ચે નંખાયા. હજી પણ અતિવૃષ્ટિના સમયે ગુજરાત અને કાઠિયાવાડ એકબીજાથી જુદા પડી જાય છે, બન્ને રેલવે લાઈનો ડૂબી જાય છે, કચ્છના રણથી તે ખંભાતના અખાત સુધી નળકાંઠા ઉપર થઈ વિશાળ જળપ્રવાહ વહેવા લાગે છે ને તેની નીચે ભાલની ધરતી ઢંકાઈ રહે છે. સને ૧૯૨૭મા એમ જ બનેલું

કચ્છના રણસાગરના આ અવનવા ઇતિહાસને સ્મરણમાં ઘૂંટતો ઘૂંટતો હું બે માઈલનો રણનો વિસ્તાર વટાવી ઝિલાણંદ બેટના નાકે આવી પહોંચ્યો. ચાર બાજુ કારમો સુનકાર વ્યાપી ગયો હતો. માનવીનું નામનિશાન જણાતું ન હતું; અરે, પ્રાણી કે પંખી પણ દેખાતાં નહોતા બેટ ઉપર ચોમેર જંગલ ઊગેલું હતું અને જ્યાંત્યાં થોડાંક મંદિરો અને દહેરીઓનાં ખંડિયેર નજરે પડતાં હતાં જરા આગળ ચાલ્યો કે રસ્તાની નજીક એક મોટો બાંધેલો કુંડ દેખાયો બાંધણી તાજી હતી કોઈ પ્રાચીન કુંડનો જીર્ણોદ્ધાર કર્યો હોય એમ લાગ્યું એ કુંડ આગળ બેસી મે સાથે રાખેલો નાસ્તો કર્યો ત્યાં અચાનક ક્યાંકથી એક માણસ નહાવા આવી ચડ્યાં તેની પાસેથી આ સ્થળ અને પ્રદેશ વિષે નક્કર જાણવા મળશે એમ ધારી હું તેની પાસે જઈ વાતો કરવા લાગ્યો. ગામડાના માણસોના રિવાજ મુજબ તેણે પહેલાં તો મારી જ્ઞાતિ પૂછી ને પછી મારા પ્રશ્નોના ઉત્તરો આપવા લાગ્યો

'અગાઉના વખતમાં રણ દરિયો હતું એ વાત ખરી કે?' મેં પૂછ્યું

'હા બાપજી, (સાહેબ ને મહારાજ મટી હવે હું બાપજી બન્યો) વાત તો ખરી. ખારાઘોડામાં અગરિયા રણની સપાટીમાં ઊંડા ખાડાઓ ખોદે છે ત્યારે ઘણીવાર મગરમચ્છના હાડકાં મળી આવે છે આખા રણ ઉપર મીઠાની જાડી પોપડી બાઝેલી છે તે જ કહી આપે છે કે અગાઉ અહીં દરિયો હતો; નહિતર આ મીઠું આવે ક્યાંથી? જોતા નથી સમુદ્રફીણના ઢગલાબંધ કકડા રણની સપાટી ઉપર વેરાયલા દેખાય છે

'મગરમચ્છના હાડકા અહીં ઝિંઝુવાડામાં નથી મળતા?'

'અહીં ક્યાં કોઈ મીઠું પકવે છે તે ખાડા ખોદે? એ તો ખાડા ખોદે તો જ મળે ને?'

'વારુ, જ્યારે અહીં દરિયો હતો ત્યારે, કહે છે કે, વહાણો ચાલતા એ વહાણોની કાંઈ નિશાનીઓ હાલ છે ખરી?'

'જુઓ, સામે ઠાકે નામ (ઝિંઝુવાડા)ની આંતરે દે પેલો ટીંબો દેખાય છે. ત્યાં ઝિંઝુવાડાના બંદરની ગોદી હતી વહાણો ત્યાં આવીને નાંગરતા ને આ ઝિલાણંદ બેટમાં ખારવાઓ રહેતા'

'હાલ એ ગોદી અને વહાણો નાંગરવાની ત્યાં શી નિશાનીઓ છે?'

'મોટાં કાણાંવાળા પથરા હજી ત્યાં ખોડાએલા પડ્યા છે એ કાણાઓમાં લોઢાનાં જાડાં કડાં પરોવેલાં હતાં. ખારવાઓ આ કડાઓમાં વહાણોના રાંઢવાં બાંધી તેમને અટકાવી રાખતા'

'એ ટીંબા સિવાય બીજે ક્યાંય એવા પથરા મળે છે ખરા?'

'હોવે, અહીં પણ છે, ચાલો દેખાડું.' નાહી ધોઈને એ માણસ મને નજીકમાં લઈ ગયો અને એક એવો પથરો દેખાડ્યો.

'એમાં કાણું તો છે, પણ કડું ક્યાં છે?' મેં પૂછ્યું.

'અમે નાના હતા ત્યારે એ કડાઓ જોડે રમતા. પછી તો આ ગામના દરબારોએ બધાં કડાં કઢાવી લીધા' હવે મારા પ્રશ્નોનો અંત આવ્યો જાણી એ માણસ મને સામા પ્રશ્નો કરવા લાગ્યો:

'તમે ક્યાંથી આવો છો, બાપજી?'

'અમદાવાદથી.'

'અહીં કોઈ સગા બગા છે?'

'ના, મુસાફરીએ નીકળ્યો છું'

'ક્યાંની મુસાફરી?'

આ પ્રશ્નનો ઉત્તર હું શો આપું? ઝિંઝુવાડાથી રણના કાંઠાનો પ્રવાસ મારે કરવો છે એટલું જ હું જાણતો હતો. પહેલો મુકામ ક્યાં કરવો તેની પણ મને ખબર નહોતી. વળી શા માટે મુસાફરીએ નીકળ્યો છું તે તો હવે કોઈને જણાવવું જ નહોતું, કારણ કે એ કહેવાથી મને ઘણા આકરા અનુભવો થયા હતા

'આમ રણને કાંઠેકાંઠે ઓતરાદે થોડેક દૂર જવું છે'

'ત્યારે એમ કહોને કે વાછડા દાદાની માનતા ઉતારવા આવ્યા છો.'

'હા;' ચાલો ત્યારે વાછડા દાદાની માનતા જ ઉતરવા દો, એમ મેં મનમાં વિચાર્યું.

'બાપજી, વાછડા દાદાના પરતાપની શી વાત થાય? છેક વાગડ ને ઝાલાવાડથી લોકો ટોળે મળી માનતાએ આવે છે ને જુઓ, તમારા જેવા શેઠિયા છેક અમદાવાદથી ચાલ્યા આવ્યા છે વાછડો દાદો કાંઈ જેવા તેવા છે?'

'વાછડા દાદા અહીંથી કેટલા છેટા? ને ત્યાં જવા માટે કોઈ ભોમિયો મળશે ખરો?'

'બાપજી, ફતેપુર સુધી તો રણને કાંઠેકાંઠે ચાલવું પડે છે અને ત્યાંથી રણની વચ્ચે પેસી ચાર ગાઉ ચાલ્યા પછી એક બેટ ઉપર વાછડા દાદા આવે છે અહીંથી સાત ગાઉ થાય. પીવાનું પાણી સાથે રાખજો પરસાદી વહેંચવા માટે પાંચ શેર લાડુ ને એક નાળીએર બજારમાંથી લઈ લેજો ભોમિયો જોઈતો હશે નો મારો હું આવીશ'

ભોમિયાનો પ્રશ્ન તો એની મેળે ઊકલી ગયો, પણ પાંચ શેર લાડુની પ્રસાદીનો પ્રશ્ન મને મૂંઝવવા લાગ્યો, કારણ મારે ક્યાં માનતા ઉતારવી હતી? પણ જો આમ ને આમ ત્યાં જઈશ તો લોકો શંકામાં પડશે ને ફરી હેરાન થવું પડશે, એટલે પાંચ શેર લાડુનો ખર્ચ કરી ત્યાં એ વહેંચી દેવામાં જ સારું છે એમ મેં વિચાર્યું

'ત્યારે, તમે સવારે ૪॥ વાગ્યે ઝિંઝુવાડાને મંદિરે આવી પહોંચજો. બરાબર પાંચ વાગ્યે આપણે નીકળી જવું છે પહેલાં તો મારે, તમે જે પેલો વહાણોની ગોદીનો ટીંબો બતાવેલો છે તે જોઈ લેવો છે ત્યાર પછી આપણે વાછડા દાદાના માર્ગે વળી જઈશું. જોજો, રખડાવતા નહિ!'

'એમ તે હોય બાપજી, શું બોલો છો?' કહી એ માણસ જતો રહ્યો અને હું ઝિલાણંદ બેટના નિર્જન વિસ્તારોમાં પુરાતત્ત્વસંશોધન કરવા જ્યાંત્યાં ભટકવા લાગ્યો.

(ચાલુ) અમૃતલાલ વ પંડ્યા

સ્વીકાર

બાલવિનોદ કાર્યાલયનાં પુસ્તકો

કનૈયો. રાજહંસ, ધનિયો, દરેકના ૦-૩-૦; **ચોપગાંની દુનિયા** (ભાગ-૨): લેખક–રમણલાલ ના. શાહ, ૦-૬-૦; **ગલો ગાંધી:** લેખક–રતિલાલ વિઠ્ઠલદાસ દલાલ, ૦-૩-૦, **બટમોગરો:** ૦-૬-૦; **હાસ્યતરંગ:** ખંડ ચોથો, ૦-૩-૦; બધાંના સંપાદક તથા પ્રકાશક–નાગરદાસ ઈ પટેલ, બાલવિનોદ કાર્યાલય. ગાદાર

જીવનનું પરોઢ ભાગ ચોથો



પ્રકરણ ૧૬મું

દિવાળી

દિવાળી પાસે આવતી જતી હતી. સ્વદેશથી આઠ હજાર માઈલ દૂર, સાતસાગરને પેલે પાર પડેલા પ્રવાસીઓથી દિવાળી ટાંકણે ઘર ભેગા થવું તો કેમ બને? એમ છતાં નાતાલમાં ડરબન જેવાં શહેરોમાં અને ફીનિક્સ જેવા એકાંત જંગલમાંયે દિવાળીએ હરખ ઉભરાઈ રહેતો. આંગણે છંટકાવ થતો, રંગોળી પુરાતી, ચૂલે તાવડા ચડતા અને અઠવાડિયાઓ સુધી જાતજાતના ફટાકડાની તડા-ફડી બોલતી. એમને વચ્ચે ભેટવાની અને મુરબ્બીઓને પગે લાગવાની ધમાલ ચાલતી અને ત્યાં તો જ મોઢાં મીઠાં થતાં ને આપણા ઉત્સવો ત્યાં અમારે માટે એક એવી ચીજ હતી કે જે વડે હજારો માઈલ અંતર છતાં જાણે પોતાની ભારતમાતાના ખોળામાં જ ઉછરી રહ્યા હોઈએ એવું અમ બાળકોને લાગતું. માતૃભાષા અને પરંપરાના તહેવારો એ બે જ ચીજો એ પરદેશમાં અમારામાં હિંદીપણું ખાડી ખાડીને ભરતા હતા.

પરંતુ જ્યારે અમારા માબાપ, સગાસબંધી, દોસ્ત અને સહ-પાઠીઓ સુદ્ધાં જેલ વેઠી રહ્યા હતા ત્યારે અમ બાળકોની દિવાળી કેવી વીતે? જ્યારે ગગનકાકાએ કહ્યું કે 'આ દિવાળીએ, છોકરાઓ, તમે ફટાકિયા નહિ માગો ને?' ત્યારે અમારા મોઢાં વીલાં પડી ગયાં, અને થયું, બા નથી, કાકી નથી, બીજીઓ નથી, જે સુંદર સુંદર વાનીઓ બનાવી આપે. તેઓ જેલમાં છે તેથી ખાવાની મજા આપણે લઈએ, એ સારું પણ નહિ. પરંતુ ફટાકડા શા માટે નહિ? એ તો નાના બાળકોની વસ્તુ છે. મોટેરાઓને ફટાકડા વિના કંઈ જેલમાં વધુ દુઃખ નહિ થાય. શા સારુ ગગનકાકા ફટાકડાની ના પાડતા હશે? એ મજા તો બાર મહીને એકવાર મળે છે. ફટાકડા વિનાની તે વળી દિવાળી હોય? પણ મારામાં એટલું સાહસ ન હતું કે મનની વાત ગગનકાકા પાસે જઈ રજૂ કરું. નવીને તો એકેએક નાનેથી માંડી મોટા સુધી સૌ બાળકોને પટાવીને પોતાના મતના કરી લીધા. એક નવીનચંદ્રે રજા મેળવી લીધી કે 'જો મારા પિતાજી ડરબનથી ફટાકડા મોકલશે તો હું ફોડીશ, અને બબ્બે ચારચાર બધાને આપીશ પણ ખરો.' નવીન કેવામાં શૂરો હતો અને દિવાળીએ રોટ દિવાળી બગાડે નહિ એ બીકે ગગનકાકાએ એને એટલી રજા આપી. અને મેં મન મનાવ્યું કે છો નહિ, આપણે નહિ તો એ ફટાકિયા તો ગાજશે!

ધનતેરસ આવી ને અમે લાંબી દોરી સાથે લાકડાની પાતળી પટ્ટી બાંધીને ભમ ઘુમાવ્યો. ગગનકાકાએ છાપખાનાના આકરા કામમાંથી યે વખત મેળવી અમારી વચ્ચે વધુ કલાકો આપવા માંડ્યા. મન રમાડે રમતો, દોડાદોડીની શરતો અને વિનોદ આદર્યા. જેલ-વાસીઓ છૂટીને આવે ત્યાં સુધી અમારે સૌએ અઠવાડિયાના છ દિવસ અલૂણું પાળવાનું રહેતું એ બંધન ઢીલું કર્યું ને દિવાળીનું આખું અઠવાડિયું ભાતભાતનું ફરસાણ બનાવીબનાવીને ગગનકાકાએ અમને પીરસ્યું. ગગનકાકા જેમ બધી કારીગરીમાં કુશળ હતા એમ રસો-ડામાં પણ પૂરા પ્રવીણ હતા. એ દિનોમાં એમણે વણેલી પૂરીઓ ઝીણી જાળીની ફૂલવડી માટે બહુ બારીક—ટોપરાના ખમણ જેટલી ઝીણી ઝીણી ચાકુ વડે સમારી હતી. એવી કારીગરી આટલાં વર્ષો વીત્યાં તોયે ત્યાર પછી દેખવાનું મને સાંભરતું નથી. હું બનતો ન હોઉં

તો ગગનકાકાએ પોતે એક પણ સ્વાદ કર્યો ન હતો. તેમનું અલૂણું તો ચાલુ હતું, પણ અમને બાળકોને એટલા લડાવ્યા હતા કે અમને દિવાળીમાં માબાપનો વિયોગ મુદ્દલ ખૂંચ્યો નહિ. ગગનકાકાનું ઉગ્ર અનુશાસન અને એમનું નીતરતું વાત્સલ્ય જે બાળકોને સાંપડ્યું હોય તે આખી જિંદગી એ ધન્ય પળોને સંભારતો રહે તો યે ઓછું છે.

દિવાળી આવવાની હતી ત્યારે અમારી અધીરાઈ વધ્યે જતી હતી. અમને બીજાં બધાં દુઃખ કરતાં દિવાળીનો આનંદ નહિ માણવાનો એ કલ્પનાનું દુઃખ વિશેષ હતું. પરંતુ જ્યારે ગગનકાકાએ દિવાળીનો ઉલ્લાસ ઘટવા ન દીધો અને દિવાળી વીતી ગઈ ત્યારે અમારા જીવ હેઠા પડ્યા અને ફરી જેલવાસીઓના ત્રણ માસના પૂરા થવાના અને તેમના છૂટી આવવાના દિવસો ગણવા લાગ્યા.

દિવાળી પછી કે દિવાળી પહેલાં (આજે મને બરાબર યાદ નથી) જેલમાંથી બે કાગળો આવેલા. ડરબનની જેલમાંથી રાવજીભાઈનો ને મેરિત્સબર્ગની જેલમાંથી મારી બાનો. રાવજીભાઈ પટેલનો કાગળ અંગ્રેજીમાં ત્રણેક પાનાનો હતો અને એમાં એક પાના જેટલો ભાગ જેલવાળાઓએ છેકી નાખ્યો હતો. એ છેક રાવજીભાઈના સુંદર અક્ષર ઉપર ફુટપટ્ટીથી દોરેલી સીધી લીટી હોઈ નીચેનું લખાણ અમે ઉકેલી શકતા હતા. ગોરી અડીખમ સરકારના આવા વેદિયાપણા ઉપર અમે સારીપેઠે મજાક ઉડાવી. રાવજીભાઈના પત્રથી જણાયું કે તેઓ સૌ ઠીકઠીક લહેરમાં હતા.

મારી બાનો કાગળ રાગ પર હતો તે પણ અંગ્રેજીમાં હતો. મારી બા મને ગુજરાતીમાં ન લખી શકે,—એને અંગ્રેજીમાં જ લખવું પડે એ મને ખટક્યું. મને થયું શું મિસિસ પોલાક આપણી જેલમાં હોય તો પોતાના દીકરા વૉલ્ડોને ગુજરાતીમાં કાગળ લખે? વૉલ્ડોને પોતાની બાનો કાગળ અંગ્રેજીમાં નહિ ને ગુજરાતીમાં મળે તો તેને કેવું ઓછું આવે? આ મુલકના જેલના ઉપરી ગોરાઓ છે તો શું થયું? પોતાનું કામ કાઢવાને માટે પેલા હડતાળિયાઓને આડી ફીનિક્સથી પાછા લઈ જવાને ગોરા માજિસ્ટ્રેટો આવ્યા ત્યારે પોતાની ગરજે તો બબ્બે ઇંટરપ્રીટર (ઇન્ટરપ્રીટર)-દુભાષિયા—તેઓ પોતાની સાથે લાવ્યા હતા! તો ગોરાઓને હિંદી કેદીઓને જેલમાં રાખવા છે તો શા સારુ તેમના કાગળો તપાસી આપનાર ગુજરાતી હિંદી તામિલ દુભાષિયા નથી રાખતા? આમ મારી બાનો કાગળ આવતાં આનંદને બદલે મને ખેદ થયો.

અમે બાળકોએ તો દિવાળી માણી, પણ ગગનકાકાને માથે કામના પહાડ વધતા જ જતા હતા. અમારે ત્યાંથી ગિરમિટિયા જતા ગયા હતા, નવા કેદીઓ જ આવતા હતા અને એમને નસાડી મૂકનાર માજિ-સ્ટ્રેટોનો પહેરો પણ માથે જ રહ્યો હતો, એટલે અમને થોડી ફુરસદ મળી ગઈ પણ ગગનકાકાનું શરીર ઘસાતું જતું હતું. એમનો પહાડી સાદ ઝીણો થતો જતો હતો. લાંબી માંદગીમાંથી ઊઠ્યાનો આભાસ આપે એટલા દૂબળા તેઓ થયા હતા. તેઓ એમની પ્રસન્નતા ને ચહેરાનો પ્રતાપ ઘટ્યા ન હતા,—કદાચ વધ્યા હતા. બીજી તરફ હજુ આમ ને આમ એમને કેટલા મહીના—કદાચ વરસ—ખેંચવાં પડશે તે કોઈ કહી શકે

એમને હતું. જેમ ચાર હજાર હડતાલિયાઓ સાથે બાપુજીએ નાતાલથી ટ્રાન્સવાલમાં કૂચ ચલાવી ત્યારે રોજ સવારે ને સાંજે મગનકાકા ઉચ્છ્વાસ નાખતા કે 'બાપુ પકડાય તો સારૂં, એ દેહ સાવ સુકાઈ ગયો છે અને આમ ઝાઝા દિવસ નહિ નભે.' એમ હું ને દેવદાસકાકા હવે મગનકાકા વિષે પણ એ જ ચર્ચા કરવા લાગ્યા: 'મિ. વેસ્ટ પકડાયા, હવે મગનકાકા જેલ ભેગા થાય તો સારૂં; એમને તો નથી રવિવારની રજા કે નથી દિવાળીની મજા. હવે તો બાપુજી કે જેલ, બેમાંથી કોઈ એમને માથેથી ભાર હળવો કરી કાઢીને સોંપે તો સારૂં


બીજી તરફ મગનકાકાને અમારા ભણતરની ચિંતા વધતી જતી હતી. દિવાળીની રજાઓ અને મજા વચ્ચે તેમણે એકબેવાર કહ્યું કે 'હું તો તમને સમય નથી આપી શકતો, પણ તમારે પોતાની મેળે ભણતર ચલાવવું જ જોઈએ ' અને દિવાળી પછી તો નિસાસા નાખતા બોલ્યા કે 'બીજું તો કંઈ નહિ, પણ હું પકડાઈ જાઉં તો તમને ભણવાનો સમય તો મળે આ ઉમરમાં ગણિત ને વાચનલેખન કાચાં રહી જશે તો પછી એ કેમ તૈયાર થઈ શકશે? હું છું ત્યાં છાપાના ને બીજાં કામોમાં તમારે સંડોવાઈ રહેવું પડે છે હું પકડાઈ ગયો એટલે છાપું બંધ થશે ને તમને ભણવાનો વખત મળી રહેશે. બેત્રણ મહીના ન ભણો તે ચાલે, પણ આ લડત તો ખૂબ લંબાશે. એ દરમ્યાન તમારૂં ભણતર મુદ્દલ રોકાઈ રહે એ ઇચ્છવા જેવું નથી ' આમ કહી તેઓ સવારે કે સાંજે મહા પરાણે અર્ધો કલાક મેળવી અમને ભણાવવા બેસતા. બે કે ત્રણ દિવસ આવો વર્ગ ચાલતો, ત્યાં કાર્યક્રમ તૂટી પડતો ને કંઈક નવું કામ આવીને ઊભું રહેતું. આમ અનેક વાર થવાથી મારો ભણવાનો ઉત્સાહ સાવ ભાંગી ગયો હતો. મને થતું કે હવે વર્ગ ચાલતા નથી ને નાહકના શા સારૂ ભણવાની લપ લઈને મગનકાકા બેસે છે? બધા જેલમાંથી આવી જશે પછી નીરાંતે ભણશું ત્યાં સુધી લાંબી છુટ્ટી આપી દે તો શું ખોટું? અમે ક્યાં રઝળીએ છીએ? કામ તો કરીએ છીએ ને? પણ મગનકાકાનો ઉત્સાહ મોળો પડે એવો ન હતો. નિરાશ થવાનું તો તેઓ જાણતા જ ન હતા.

એવામાં એક પરોઢે મેં એમને હજામત કરતા જોયા. એમની દાઢી બે અઢી મહીનામાં વધીને ઘાડી થઈ ગઈ હતી દાઢી સાફ થતા તેઓ નવા જ માણસ જણાયા નાહીને એમણે પોતાનો ચયનો સૂટ અને મારી કાકીની ગૂંથેલી બદામી રંગની નેકટાઈ પહેર્યાં તપાસ કરતાં મને ખબર પડી કે એ દિવસ માટે તેઓ ડરબન જતા હતા, મિ વેસ્ટે મળવા બોલાવ્યા હતા ફીનિક્સમાં માર્ટિઝબર્ગમાં તથા બીજે હડતાલિયાઓ પર જે અત્યાચાર થયા હતા તે સંબંધી ચળવળ ચલાવવામાં મિ. વેસ્ટ ડરબનમાં પોતાનો સમય આપતા હતા. મગનકાકાને શ્રી સુર્ઝીદ સબંધી જાણકારી આપવાની હતી. આ બહાને ચ મહિનાઓને અંતે મગનકાકાને કામના બોજામાંથી છૂટીને એ દિવસ ટહેલી આવવાનું મળ્યું એથી અમે ગેલ થયા

ડરબન જઈ આવ્યા પછી તરત જ મગનકાકાએ જાહેર કર્યું કે 'આ નહિ ને આ પછીને સોમવારે આપણી મોઝ જગ્યાની પહેલી ટુકડી જેલમાંથી છૂટશે.' આ પછી, એ સૌને જેલને દરવાજે લેવા કોણ જશે ને અહીં કામ કરવા કોણ રોકાશે એ ચર્ચા ચાલી. બેત્રણ દિવસ-ની સવારસાંજની લાંબી ચર્ચાને અંતે એમ ઠર્યું કે કોઈએ ડરબન ન જવું આવનારા જેલને દરવાજેથી છૂટીને પોતાની મેળે અહીં એક આંટો આવી જશે. અહીંથી થોડા છોકરાઓ જેલને દરવાજે વહેર કરવા જાય અને થોડા અહીં કામમાં ભીંસાઈ રહે એ સારૂં ન કહેવાય.

પણ અમારો ઠરાવ પડ્યો રહ્યો. ભગવાનની યોજના કંઈક બીજી જ હતી અમે ધારતા હતા કે હવે તો આ બધાં દુઃખ જાશે કેટલી યે છમાસી અને કેટલા યે વર્ષો સુધી ચાલશે; પણ ભગવાનને તો એ દુઃખને આટોપી લેવાનું નક્કી કરી લીધું હતું તેની અમને કશી કલ્પના ન હતી.

(ચાલુ) **પ્રભુદાસ છગનલાલ ગાંધી**



હરીફાઈનું પરિણામ

પહેલું ઇનામ: (મોકૂફ); બીજું ઇનામ 'ગરગિરી'-શ્યામલાલ પટેલ(અમદાવાદ), ત્રીજું ઇનામ. 'માતા'-મઝહરમાસ્તર(પાલનપુર)

નોંધપાત્ર (૧) 'નિર્જીવ નળિયા'-હાસમ સુતાર (નડિયાદ), (૨) 'વિસામો'-કંચનરાય અમીન (અમદાવાદ)


કેટલીકવાર એકનાએક ચિત્રો ફરીફરી હરીફાઈમાં મોકલવામાં આવે છે આ વખતે એક ભાઈએ જાપાનીઝ જાહેરાતના પોસ્ટકાર્ડના બે ટુકડા કરી તે ચિત્રો પોતે ઉપજાવ્યા છે એમ દર્શાવવાનો પ્રયાસ કર્યો છે એનો અર્થ એટલો જ કે હરીફો ઇનામ અગર પ્રસિદ્ધિ માટે ઝંખે છે. આ આશય નિંદ્ય છે યુવાની પ્રજામાં કળા પ્રત્યે અભિરુચિ ખીલવવા અને ફોટોગ્રાફીનો અભ્યાસ વધારવા માટે આ હરીફાઈ યોજાઈ છે ભવિષ્યમાં દરેક તરુણ પોતે જાતે શોધેલું અને પાડેલું જ ચિત્ર હરીફાઈમાં મોકલે એવો અમારો આગ્રહ છે.

બીજું ઇનામ જીતનાર ભાઈ શ્યામલાલ પટેલે 'ગરગિરી' ચિત્રમાં સુપ્તાવસ્થામાં પલંગ માટની મોઈ મારવાડી યુવતીનું મુગ્ધ દર્શન આબાદ ઝડપ્યું છે. કોઈ છબી પાડે છે તેનું અચાનક ભાન થતા સ્ત્રી-સહજ લજ્જા, વિનોદભરી સ્મિત ને આનંદ ચિત્રમાં ઠીક ઊતર્યાં છે. પાત્રનો પહેરવેશ તથા ઘરેણાં ચહેરા પરના ભાવને અનુરૂપ હોવાથી પાત્રનું ચરિત્રનિરૂપણ બરાબર લાગે છે, સંયોજન અને ટેક્નીક ઉત્તમ પ્રકારની છે

ભાઈ મઝહર માસ્તરે, બાળકને તેડી રમાડી રહેલી જતી મોઈ મજૂરણ(માતા)ની તસ્વીર ઉતારી છે, પરન્તુ ચિત્રમાં નામ પ્રમાણે ભાવ નથી ચિત્રરચના કઢંગી છે બાળક-ચિત્રનું મુખ્ય લક્ષ્ય છે, તેમ છતાં માતાની નજર ચિત્ર બહાર કોઈ બીજી જ વસ્તુ તરફ હોવાથી બન્ને પાત્રોનું ભાવદૃષ્ટિએ એકીકરણ થતું નથી માની મલકાતી મુખમુદ્રા બાળક તરફ ઢળેલી હોત તો ચિત્ર સારૂં બનત ફોટોગ્રાફીનો ક્રિયાભાગ સારો છે. પેન્ક્રોમૅટિક ઇમલ્શનવાળી ફિલ્મ અને પીળા ફિલ્ટર (Yellow filter)ના ઉપયોગથી ભૂરા આકાશ તથા પાત્રની બહુવર્ણી સાડીના વર્ણભેદ (tones) એકરંગી (monochrome) પ્રિન્ટમાં બરાબર આવ્યા છે

દેશી નળિયાંના ઢગલામાં કાર્યપ્રમાણથી ઉપજતી રચના દર્શાવતું ભાઈ હાસમ સુતારનું 'નિર્જીવ નળિયાં' ચિત્રનો વિષય તદ્દન મૌલિક છે. દરેક ફિગારાએ મૌલિકતા તથા ભાવનિરૂપણ તરફ વધારે ધ્યાન આપવું જોઈએ રસ્તા અને પ્રેરણાત્મક કુદરત વચ્ચે લેવાયેલા 'વિસામો' ચિત્રમાં ભાઈ કંચનરાયે પાત્રો અને દૃશ્યને સાથે લેવાનો પ્રયાસ કર્યો છે. પરન્તુ તે પાત્રો કે દૃશ્ય એમાંથી એકેયનું આકર્ષણ સચવાયું નથી. પાત્રોને પણ સુગના પૂરતા નાનાં રાખી જરા દૂર જઈ દૃશ્યને તેમણે ઝડપ્યું હોત તો સરસ ચિત્ર રચી શકાત

બળવન્ત ભટ્ટ



પંચતંત્રની વાર્તાઓ

૭)



ઘુવડરાજાએ હવે પ્રાકારકર્ણને પૂછ્યું, તો એ કારભારી કહે, 'દેવ, આ અવધ્ય છે, કારણ આની રક્ષા કરવું તો કદાચ પરસ્પર પ્રીત થાય, અને કાળ સુખેથી જાય. કહ્યું છે, કે

પરસ્પરતણાં મર્મ જે રક્ષે નહિ જન્તુઓ ।
મૃત્યુને નોતરે છે તે વલ્મીકોદરસર્પવત્ ॥

અરિમર્દન કહે, એ કેમ? પ્રાકારકર્ણ કહેઃ

કથા.૧૦ (પૂર્ણભદ્રની)

કોઈ નગરીમાં દેવશક્તિ નામે રાજા હતો. એના પુત્રના પેટમાં જઈ વસેલા સર્પને કારણે એ બહુ સૂકાઈ ગયો હતો. અનેક ઉપચાર ને ઔષધ કર્યાં, પણ ચિકિત્સાથી કાંઈ વળે નહિ, ને એ સ્વસ્થ થાય નહિ. એટલે રાજકુમાર ખેદ પામીને પરદેશ ગયો, ને કોઈક મંદિરમાં ભિક્ષાટન કરી બેઠા દેવળમાં દિવસ કાઢતો હતો. હવે આ નગરમાં બલિ નામે રાજા હતો, એને બે જુવાન દીકરીઓ હતી. રાજકુંવરીઓ નિત્ય ઊઠીને બાપને નમસ્કાર કરતી ત્યાં એક બોલી, 'મહારાજનો વિજય થાઓ, જેના પ્રસાદથી સર્વ સુખ મળે છે.' પણ બીજી કહે, 'મહારાજ પોતાના કર્મનાં ફળ ભોગવો.' આ સાંભળીને રાજા કોપાયમાન થયા ને બોલ્યા 'હે મન્ત્રી, આ દુષ્ટ બોલનારી કુંવરીને કોઈ વિદેશીને આપો, જેથી કરેલા કર્મનું ફળ એ પોતે ભોગવે.' એટલે મન્ત્રીએ કુંવરીને દેવળવાસી રાજપુત્ર વેરે પરણાવી દીધી. કુંવરી પણ પ્રસન્નચિત્તે પતિને દેવવત્ માની એને લઈને બીજે દેશ ગઈ ત્યાં એક નગરને પાદરે તળાવ હતું, એના તટ ઉપર પડાવ નાખ્યો, પડાવનું રક્ષણ કરવા કુંવરને મૂક્યો, અને પોતે સીધું લેવા પરિવાર સહિત ગઈ. પાછી આવીને જુએ છે તો કુંવર રાફડા ઉપર માથું મૂકીને સૂતો હતો અને તેના મુખમાંથી નીકળીને નાગ હવા ખાતો હતો, ત્યાં એક રાફડામાંથી બીજો નાગ બહાર નીકળ્યો. પરસ્પરદર્શનથી બેઉ નાગની આંખ રાતી થઈ, અને રાફડાવાસી સર્પ બોલ્યો 'હે દુરાત્મન્ રૂપાળા કુંવરને તું શું કામ આમ પીડતો હઈશ?' ઉદરવાસી કહે, 'હે દુરાત્મન્, સોનૈયાથી ભરેલા બે કળશ નાગ રાફડામાં દાટીને રાખનો હકદાર?' આમ એકબીજાના મર્મ ઉઘાડા પડ્યા. રાફડાવાસી સર્પ કહે, 'આ તારું ઔષધ શું કોઈ જાણતું નથી, કે રાઈ કાંજી ઉકાળીને પાય તો તારો વિનાશ થાય?' ઉદરવાસી કહે, 'તારું પણ આ ઔષધ શું કોઈ જાણતું નથી કે ઊકળતા તેલ પાણીથી તારો નાશ થાય?' ઝાડ પાછળ રહેલી રાજકન્યાએ એ સાંભળ્યું, કુંવરને રાઈનો ઉકાળો પાયો, અને રાફડામાં ઊકળતું પાણી રેડ્યું. પછી પોતાના પતિને સાજો નરવો કરી, તથા અપાર સમૃદ્ધિ લઈને સ્વદેશ આવી. ત્યાં પિતામાતા આદિ સ્વજને એની પૂજા કરી, તથા એ પણ પોતાના કર્મનું ફળ ભોગવીને ખાધું પીધું ને રાજ કીધું.

એટલે હું કહું છું 'પરસ્પર તણાં મર્મ' ઇતિ.

(ચાલુ)

દેસાઈ વાલજી ગોવિંદજી

એકબીજાને જોઈ બંને નાગની આંખ રાતી થઈ અને રાફડાવાસી સર્પ બોલ્યો 'હે દુરાત્મન્ આ રૂપાળા કુંવરને તું શા માટે પીડે છે?'



સંસારનાં શહેરો

૩૦-બટેવિયા

જાવાને આ માસમાં જીત્યું એ જાવાનું પાટનગર બટેવિયા આખા ડચ ઈન્ડીઝની રાજધાની હતું. જાવાનું એ મુખ્ય ને મોટામાં મોટું બંદર, એ ટાપુના વાયવ્ય કિનારે ચિલિવૉંગ અથવા જાકત્રા નદીના મુખ પર આવેલું છે.

પાસિફિક મહાસાગરની ડચ હકૂમતોના કેન્દ્રસમ આ નગરનો ઇતિહાસ બહુ પુરાણો નથી. ઈ. ૧૬૧૭માં ડચ ગવર્નર જનરલ પીટર બૉથે જાકત્રામાં એક કોઠી નાખી એનું મંગલાચરણ કર્યું, અને એની પછી આવેલા જાન પીટર્સ કોએને આજના શહેરનો પાયો નાખ્યો. ઈ. ૧૬૯૯માં ત્યાં ભીષણ ધરતીકંપ થયો. સાલક નામનો જ્વાળામુખી ફાટ્યો અને તેની ચોમેરની નદી કાદવથી પુરાઈ ગઈ. પરિણામે ત્યાનાં હવાપાણી બગડી ગયાં અને શહેર ઉજ્જડ થઈ જવા બેઠું. ઈ. ૧૭૩૦થી ૧૭૫૨ સુધીના બાવીસ વર્ષમાં લગભગ ૧૧ લાખ માણસો ત્યાં મરી ગયાં. પણ પછી પરિસ્થિતિ સુધરી ગઈ અને ૧૮૦૮માં ત્યાંના ગવર્નર માર્શલ ડેન્ડેલ્સે જૂના નગરના કિલ્લા અને પુરાણી વસાહતોનો નાશ કરી હાલના તેના નવા નગર વેલ્ટેવરેડનનો પાયો નાખ્યો. ઈ. ૧૮૧૧માં અંગ્રેજોએ બટેવિયા જીતી લીધું, પણ ૧૮૧૪માં થએલી સંધિથી પાછું હોલાંડને સોંપ્યું.

આજે તો તેનાં હવાપાણી ઠીક ગણાય છે. સામાન્ય હવામાન ત્યાં ૮૦ ડિગ્રી રહે છે ને સરેરાશ વરસાદ ૭૫ ઇંચ પડે છે, પણ ભર ચોમાસામાં ૧૩૬ સુધી પહોંચી જાય છે.

૧૯૨૫માં બટેવિયાની વસતિ લગભગ ત્રણ લાખની હતી, જેનો દસમો ભાગ યુરોપિયનો ને યુરેશિયનોનો હતો. યુરોપિયનોમાં મુખ્યત્વે ડચ છે. પ્રજામાં મલાયન, ચીન, અરબ વગેરે છે, પણ મોટો ભાગ ચીનાઓનો છે અને તે ઘણા જ ઉદ્યોગશીલ છે.

શહેરના ત્રણ ભાગ છે. એક બંદર ટાન્જોન્ગ પ્રીઓક, જે જાવાના ટાપુના તદ્દન છેવાડાના પશ્ચિમ ખૂણા પર એક વિશાળ ઉપસાગરના મો પર આવેલું છે, બીજું ત્યાંથી અંતરાળમાં પુરાણું બટેવિયા શહેર, જે ચિલિવૉંગ નદીના બન્ને કાંઠે નહેરો અને ખાબોચિયાંવાળી ભેજવાળ ભૂમિ પર વસેલું છે. તે આ પરિસ્થિતિનો ડચ લોકોએ ઠીક ઉપયોગ કરી લીધો છે, અને પોતાના દેશ હોલાંડમાં કર્યું છે તેમ એ નહેરોનો ઉપયોગ વ્યવહારમાર્ગો તરીકે થાય તે રીતે તેની બન્ને બાજુએ મકાનો બાંધેલાં છે. એ જોઈને આપણને શ્રીનગર કે વેનીસનો જ ખ્યાલ આવે. આજે તો ભેજવાળ હવાપાણીને લીધે ઊજળી વસતિ ત્યાં વસતી નથી. મકાનોનો નીચેનો ભાગ વખારો તરીકે અને ઉપરનો માળ મધ્યમ તથા ગરીબ વર્ગના વસવાટ તરીકે વપરાય છે.

બટેવિયાનો ત્રીજો અને ખરો ભાગ તે જરા વધુ અંતરાળમાં વેલ્ટેવરેડન નામનું આધુનિક પદ્ધતિએ વસેલું ગામ. છતાં જૂનું બટેવિયા પણ એટલું અવ્યવસ્થિત નથી. માત્ર ચીના વાસ સિવાય એના બધા રસ્તા સીધા અને દોરીછટ છે અને ઘણાખરા પહોળા છે.

ડચ લોકોએ એ વસાવ્યું તે કાળનાં હોલાંડની બાંધણીનાં કેટલાંક પુરાણાં સુંદર મકાનો હજુ નજરે પડે છે. કેન્દ્રીય મેદાન પર આવેલા ટાઉનહૉલ પાસે પુરાણી શિલ્પમૂર્તિઓવાળો પ્રાચીન પીનાંગ દરવાજો, પોર્ચુગીઝ દેવળ વગેરે જોવાલાયક છે. ચીના, અરબ, જાપાનીઝ, મલાઈ અને ગરીબ યુરેશિયનો એ એની મુખ્ય વસતિ છે. યુરોપિયનોની તેમજ ઉચ્ચ સ્થિતિના પૂર્વદેશીઓની મોટા ભાગની વસાહતો, હૉટેલો, ક્લબો, થીએટરો, દવાખાનાંઓ, સરકારી ઑફિસો, બૅંકો, મોટી વેપારી પેઢીઓ વગેરે બધું વેલ્ટેવરેડનમાં આવેલું છે. એ બધાં સુંદર મકાનો ઉપરાંત ત્યાં વૉટર્લૂ પ્લેઇન અને કૉનિંગ્સ પ્લેઇન નામનાં બે મેદાનો આવેલાં છે, જેની વચ્ચે, પાણીની ખાઈથી વીંટાએલો પ્રિન્સ હેન્ડ્રિકનો પુરાણો કિલ્લો છે. લશ્કરી અને વૈદકીય કૉલેજો તથા બીજી શાળાઓ ઉપરાંત અહીંની વિખ્યાત સંસ્કારપ્રચારક સંસ્થાઓમાં રૉયલ બૅટેવિયન સોસાયટી નામની કલા ને વિજ્ઞાનની સંસ્થા, રૉયલ નૅચરલ હિસ્ટરી સોસાયટી નામનું પ્રકૃતિ મંડળ ને એક ખગોળ મંડળ પણ છે. શહેરની દક્ષિણે ૩૫ માઈલ પર બીટેનઝોર્ગમાં આવેલા બોટાનિકલ ગાર્ડન દુનિયાભરમાં પ્રખ્યાત છે.

બટેવિયા અંતરાળ પ્રદેશનાં બધાં મુખ્ય સ્થાનો સાથે અદ્યતન રેલવે સાધનોથી સંકળાએલું છે અને ૧૮૭૭માં બંધાએલું એનું સુંદર અને સગવડભર્યું ટાન્જોન્ગ પ્રીઓક બંદર જગતના દરિયાઈ વ્યવહારમાર્ગોના પુષ્કળ સંપર્કમાં રહે છે તથા આ ટાપુઓની નિકાસનો સતત પ્રવાહ વહેવડાવ્યા કરે છે, જેમાં ખાંડ, ચોખા, મીઠું, તંબાકુ, રબર, તેજાના, વેનીલા, મરી, કાચાં ચામડાં, નાળિયેર, કોપરાં અને કોપરેલ, સુંદર, ડામર, છીપો, રંગનાં કાચાં દ્રવ્યો, બેન્ઝોઇન, કપૂર, મીણ, મગફળી, સીસમ, ગૅમ્બીઅર, કલાઈ, તાંબુ, આયોડાઇન, મૅંગેનીઝ, ગંધક, સોનું, રૂપું, હીરા, પેટ્રોલ, અને ક્વિનાઇન મુખ્ય છે. જાવા ટાપુમાં થતી આ વિવિધ અને વિપુલ સમૃદ્ધિ જોઈ એના પર કોની દાઢ ન સળકે?



નહેરો અને ખાબોચિયાંનો ઉપયોગ કરી શ્રીનગરની માફક વસેલું પુરાણું બટેવિયા

નવાં પુસ્તકો

કટાક્ષ કાવ્યો: લેખક અને પ્રકાશક— દેવકૃષ્ણ પીતાંબર જોષી, દેવભુવન, પટેલ ચૉક, સીહોર, કાઠિયાવાડ ૨-૦-૦, જક્ષકારક હુમલો (ભાગ ત્રીજો): સંપાદક અને પ્રકાશક—મૂળજી કાનજી ચાવડા, મીઠુંનગર (દક્ષ) ૩-૦-૦, રઘુવંશ: અનુવાદક—ચતુરભાઈ ગોવિંદભાઈ પટેલ, હેડમાસ્તર, મ્યુનિસિપલ સ્કૂલ, શોભારામ સુરતીની પોળ ખાડિયા, અમદાવાદ ૨-૦-૦.

જૉન કેપ્લર

(અનુસંધાન પાછળ પાન ૭૮થી) જણાયું. એ નિરાધાર બાળકોને તેણે સંભાળી લીધાં ને થોડા વખત બાદ એક અનાથ બાલિકા જોડે લગ્નથી જોડાઈ ગયો.

હવે ફુરસદનો બધો સમય તે ટાઇકોના કોઠાઓ સુધારવા પાછળ ખર્ચવા લાગ્યો એ સમય દરમ્યાન ગ્રહો, તેમની ગતિ ને કક્ષાઓ પર એક પછી એક એમ તેણે ત્રણ સિદ્ધાંતો સ્થાપ્યા, જે તેના નામથી આજે 'કેપ્લરના ત્રણ કાયદા'ને નામે ઓળખાય છે ગુરુત્વાકર્ષણનો જ્યારે સ્ફોટ પણ નહોતો થયો ત્યારે, લિંઝના એક અંધારે ખૂણે આવેલા ઘરમાં, ગંધ મારતા દીવા પાસે કલાકોના કલાકો એમી પાનાનાં પાનાં ભરનાર એ ખગોળશાસ્ત્રીને જોઈને હરકોઈના મોંમાંથી ઉદ્ગાર નીકળી પડે કે 'આ તે માણસ છે ?!'

એના પરિશ્રમ ને પ્રામાણિકતાએ ઉપરે જાણે અમર કૃપા હોય એમ લાગ્યું ને ટાઇકોના 'રુડોલ્ફાઇન કોઠા' છાપવા માટે ડેન્માર્કના પ્રિન્સે થોડાક ફ્લૉરિન આપવાનું કહ્યું. પણ એટલા નાણે એ કોઠા બહાર પડે એ અસંભવિત હતું. કેપ્લરની અશક્તિ વધતી જતી હતી એને મિત્રવર્ગ તેને ભૂલાઈ જાય એ બીકે તેણે કોઈપણ ઉપાયે કોઠા છપાવવા પૂરતાં નાણાં એકઠાં કરી લીધાં એ નાણાં તેણે ક્યાંથી મેળવ્યાં તેની કોઈને ખબર નથી, પણ ઈ. સ. ૧૬૨૭માં તેણે ટાઇકોના કોઠાઓ જગત સમક્ષ ધર્યા એ હકીકત છે

આ કોઠાઓની કીમત એટલા પરથી જ સમજી શકાશે કે ત્યાર બાદ સેંકડો વર્ષો સુધી નાવિકો તેના આધારે જ સફરે ખેડતા હતા. ટાઇકોના બધા કોઠાઓ પાછળ શ્રમ લઈ કેપ્લરે તેને વ્યવસ્થિત ને સંપૂર્ણ બનાવ્યા હતા. ટસ્કનીના ગ્રાન્ડ ડ્યૂકે આવું મહત્ત્વનું કામ કરવા બદલ સોનાનો અછોડો તેને ભેટ મોકલાવ્યો, પણ કદરદાનગીનું એ ચિહ્ન સાચવી રાખવા જેવી હાલત પણ તેની રહી ન હતી. ભૂખે મરતાં બચી જવા માટે કેપ્લરે તો તરત તેના ખુરદા કરી નાખેલા !

ઓગણસાઠ વરસની હવે તેની વય થવા આવી હતી. બધાં વર્ષો તેણે પરિશ્રમ કર્યો હતો,—એવો કે જેથી તેને કશો અંગત લાભ નહોતો થયો, અને એનો બદલો ? ગણ્યો ને વિદ્યાપીઠો તેને ઈલકાબ આપી શકતી હતી, તેનું માન વધારી શકતી હતી, પણ રોટીની ફિકરમાંથી તેને મુક્ત કરી શકતી ન હતી. પળિયાં આવતાં સુધી તેણે નિરાશ શ્રમ સેવ્યો પણ પછી તો થાક્યો. કૉપરનિકસની છેલ્લી વિદાય લઈ તેણે લિંઝ શહેર છોડ્યું

આ વિદાય તેની આખરી વિદાય જ હતી. અખૂટ મહેનત તે હવે કરી શકવાનો હતો. બધી ખાનાખરાબી સહ્યા છતાં જેમ જિંદગી લંબાતી ગઈ તેમ નિરાશા વધતી જ જતી લાગી. તેની ફકીરી ફોકટ ગઈ, કાલાવાલા યે નકામા નીવડ્યા. ત્યારે હવે બીજો કયો માર્ગ લઈ શકાય તેવો હતો ?

વિજ્ઞાની ને ફિલસૂફ જૉન કેપ્લર જેવો કરુણ વર્તનતો ભાઈ મુસાફર કદાચ લિંઝ નગરના પાદરમાંથી પસાર નહિ થયો હોય. તેના નખાએલા ચહેરામાં, તેની વિકળ આંખોમાં ટીપાએલી માનવતાનું નાટ્યકસ્ય નજરે ચડતું.

નવેંબર મહિનો હતો. સુમ પાઇકો ને નાગી ડાળખીઓ વચ્ચે પવનનું પણ આશ્વાસન પામ્યા વિના કેપ્લર ચાલ્યો જતો હતો. વધુ ને વધુ આગળ ચાલ્યો તેમ વધુ ને વધુ ઠંડો પવન વાતો ગયો, ને પછી તો એથીયે વધુ ઠંડો વરસાદ તે સામે જોડાયો. એ બધાનો સામનો કરવાની શક્તિ જૉનમાંથી હણાઈ ગઈ હતી. શક્તિ રહી હતી માત્ર ઘોડાના ડૂન પર ગતા પાઇકો જેમ ધ્રુજ ઊઠવાની. રેટિસ્બૉન પહોંચ્યો ત્યાં સુધીમાં તો તાવની ધીમી ચમક પણ તેની આંખોમાં આવી લાગી.

લોથપોથ બની રાત ગાળવા તે રેટિસ્બૉનની ધર્મશાળામાં ગુનો બીજા દિવસનો સૂરજ ઊગ્યા પાછું કેપ્લર પથારીમાંથી ન ઊઠી શક્યો. મોડાની ઊંની બાદ વચ્ચે અનેક શબ્દો તેના મોંમાંથી સરવા લાગ્યા હળવે હળવે તે પણ અસ્પષ્ટ બન્યા. ન કહી શકાય એટલી સ્વરૂપ ઝડપે તેનો અંત આવ્યો. ૧૬૩૦ના નવેંબરની ૧૫મી તારીખ હતી.

ખગોળને જીવન ધ્યેય બનાવી જગતમાં તેના જ્ઞાનનો પ્રથમ ફેલાવનારી જે પ્રારંભિક પ્રતિભાઓ પશ્ચિમમાં થઈ ગઈ તેમાં કેપ્લર આગલી હરોળમાં હતો. ટાઇકો બ્રાહે, ગૅલીલિયો ને ન્યૂટન પણ એવા જ હતા, પણ બ્રાહેને પ્રિન્સની ગ્રાન્ટ મળતી, ગૅલીલિયોની પીઠ તેના સહાયકર્તા ડ્યૂકથી મજબૂત હતી ને ન્યૂટનને રાજ્યનો આશ્રય હતો. પણ રેટિસ્બૉનની ધર્મશાળામાં મરેલા આ કેપ્લરને તો જિંદગીભરમાં ન કોઈ આશ્રયદાતા મળ્યો કે ન તેની રાજની ચિંતા ટળી.

કલાકારનો ધર્મ

(અનુસંધાન પાછળ પાન ૬૦થી) ઉપર ટોળાં બેસાડી શકે નહિ. આપણે જે વ્યક્તિથી આકર્ષાયા હોઈએ તે વ્યક્તિ પાસે જઈએ અને તેની પાસેથી પ્રેરણા મેળવીએ. આમ કરવાથી પોતાનું વ્યક્તિત્વ જતું રહેવાનો જે ભય રાખવામાં આવે છે તે તો નિર્મૂળ છે આપણે એક દીવાની જ્યોતથી બીજો દીવો પ્રગટાવીએ છીએ એ ઉપરથી કોઈ એમ ન કહી શકે કે બીજો દીવો એ પહેલાની નકલ છે બીજો દીવો દીવો તો છે જ, પણ તે સ્વયં થઈ શક્યો નથી, તેને પ્રગટાવવા માટે પહેલાની મદદ જરૂરી છે

બીજી વસ્તુ તે શ્રદ્ધા છે. કોઈપણ વ્યક્તિમાં જો આપણને શ્રદ્ધા ન હોય તો તેના ગુણો આપણે ગ્રહણ કરી શકતા નથી, તેના દોષો જ તરત ગ્રહણ કરી લઈએ છીએ. અશ્રદ્ધાનું કારણ પોતાનો અહંકાર છે પ્રત્યેકની પાસેથી કંઈ ને કંઈ શીખવાનું તો મળે જ છે, એટલે આપણે હમેશાં ગુણગ્રાહી અને વિશાળ દૃષ્ટિવાળા થવું જોઈએ. દોષ જોવાની ટેવ પાડવાથી કદીકાબોર થવાથી કલાના શિક્ષણમાં હમેશાં વાંધો આવે છે

જ્ઞાન મેળવવા માટે વિચારબુદ્ધિ પણ હોવી જોઈએ. ગુરુ પાસેથી પ્રેરણા પણ ભિન્નભિન્ન રીતે મળી શકે. કોઈ પ્રતિભાવાન શિલ્પી પાસે રહેવાથી કે કોઈ ઉત્કૃષ્ટ શિલ્પસૃષ્ટિ જોવાથી પણ પ્રેરણા મળી શકે. પણ ફક્ત 'ફૅશન' માટે, કીર્તિ મેળવવા માટે કે ધન મેળવવા માટે કોઈપણ પદ્ધતિ કે આદર્શોનું અનુકરણ કરવું ઉચિત નથી. આજે શિલ્પની બાબતમાં ખોટી સમજૂતી અને મતભેદનો જે ભ્રમ ઉત્પન્ન થયો છે તેનું મૂળ કારણ તો એ છે કે શિલ્પનું યથાર્થ સ્વરૂપ કોઈ જાણતું નથી, તેના બાહ્યાડંબરથી જ બધા ભોળવાઈ જાય છે

માણસોના દરેક મંડળને પોતાની વિશિષ્ટતાઓ તો હોય જ, એટલે અમુક મંડળ સાથે આપણો મેળ ન ખાય એટલા જ કારણસર તે મંડળ ખરાબ છે એમ કહેવું ઠીક નથી. કમળ સારું છે, પણ ગુલાબ આપણને ગમતા નથી માટે તે ખરાબ છે એમ આપણે ન કહેવું જોઈએ. એના કરતાં તો આપણે ગુલાબને ન જોવું જ સારું છે. આવી તકરાર ઘણુંખરું એક જાતની રૂઢિચુસ્તતાને લીધે જ ઊભી થાય છે. બીજું એક કારણ એ છે કે દરેક માણસ પોતાની જાતને બહુ અગત્ય આપે છે અને પોતે બધું જ જાણતો હોય એવો ડોળ કરે છે. કીર્તિ અને ધનની બાબતમાં પણ આટલો જ તીવ્ર મતભેદ જોવામાં આવે છે. પણ કલાકાર જો પોતાની શિલ્પસમૃદ્ધિથી ઐશ્વર્યવાન

થાય તો આવા તુચ્છ કારણે ઊભો થતો મતભેદ ટકે નહિ.

ઘણાને એમ થયા કરે છે કે આજ કયે માર્ગે જઈએ, ક્યા વિષય હાથમાં લઈએ? આટલા દિવસ સુધી તો અવનીબાબુની પદ્ધતિ અને વિષય ચાલ્યાં છે. અત્યારે નથી એકે વિષય નવો, ન નથી એકે પદ્ધતિ નવી, એટલે જ બજારમાં 'કલાકાર'નું નામ સહેલાઈથી મળી શકે છે. આનું કારણ એ છે કે યોગ્ય શિલ્પપ્રેરણાનો અત્યારે અભાવ છે અને કોઈપણ વ્યક્તિ તરફ ખરા હૃદયનું આકર્ષણ નથી. આનું પરિણામ 'ફૅશન' ને પ્રદર્શનમાં જ આવે છે. જે નઈ બાબુના નથી, જે આપણી સંસ્કૃતિની વિરુદ્ધ છે, તેમના તરફ તો ન આકર્ષાવું જ ઉચિત છે.

અહંકાર, ક્રોધ, સ્વાર્થપરાયણતા અને અજ્ઞાનથી ઘણા સારા તત્ત્વો વેડફાઈ જાય છે. જેઓ ઘણા ગુણવાળા અને ઉચ્ચ શિલ્પી થઈ ગયા છે તેમજ હયાત છે તેમને આજે મારી પ્રાર્થના છે કે તમારા આશીર્વાદથી અમારા મનમાં જે દીનતા છે, જે અહંકાર છે, તે દૂર થાઓ, પોતપોતાની શિલ્પસાધનામાં બધા આગળ વધો અને હૃદયાનંદને પ્રગટાવો.'

મૂળ લેખક: **શ્રી નંદલાલ બસુ**

'પ્રવાસી'માંથી અનુવાદકો: શ્રીમતી સાધના ઘોષ અને શ્રી પ્રફુલ ઠાકોર

Our Friends Abroad

પરદેશી મિત્રોના પત્રો

'કુમાર' મારફત આ પત્રમિત્ર મેળવનાર કનુભાઈ મો. પટેલ, બારણું

3, Pownall Street,
MASTERTON (New Zealand) 4-11-41

પ્રિય કનુ,

ગયે અઠવાડિયે જ તમારા તરફથી છેલ્લો પત્ર મળ્યો. તમે ફરી લખ્યું તેથી હું બહુ જ આનંદ પામી. મેં તો થોડા વખત પહેલાં તમને પત્ર લખ્યો છે, છતાં તમે લખો છો કે મળ્યો નથી, એટલે માનવું પડે છે કે હિંદુસ્તાન પહોંચતાં માર્ગમાં જહાજ સાથે તે ડૂબી ગયો હશે. જે થયું તે થયું, પણ આ પત્ર તો તમને વખતસર પહોંચશે જ એવી આશા રાખું છું.

હું હાથે લખવાને બદલે ટાઈપરાઈટર પર પત્ર છાપું છું તે તમને વિચિત્ર લાગે છે; પણ હું જે રાત્રિશાળામાં જાઉં છું ત્યાં મને ટાઈપરાઈટર વાપરવાની રજા મળી છે, એટલે તમને પત્ર લખવાની એક સરસ તક ગણું છું.

મેં તો હવે શાળા છોડી દીધી છે અને માસ્ટરટનના એક જાણીતા સ્ટોરમાં નોકરી કરું છું. એ સ્ટોરનું નામ હ્યૂગો ઍન્ડ શેરર છે. ત્યાં જોડાયે મને હજુ એક જ મહિનો થયો છે, પણ મજા પડે છે. રોજ સવારે સાડા આઠે હું કામે ચડું છું અને બપોરે સવા બારથી સવા વાગ્યા સુધી ઘેર જમવા જાઉં છું. સાંજે પાંચ વાગ્યે કામ પતાવી દઉં છું. દર અઠવાડિયે મને અરધા દિનની રજા મળે છે, કારણ કે ન્યૂઝીલૅન્ડમાં અઠવાડિયે અડતાલીસ કલાક કામ કરવાનું હોય છે. સોમથી ગુરુ સુધી બપોરના વખતે કામ કરી શુક્રવારે રાત્રે નવ વાગ્યા સુધી હું કામ કરું છું. એટલે ત્યાં સુધીમાં મારું કામ ચાળીસ કલાકથી વધે છે.

ગયે અઠવાડિયે અમારા નવા ગવર્નર અને તેમનાં બાનુ માસ્ટરટનની મુલાકાતે આવ્યાં હતાં. પાર્કમાં તમામ બાળકો તેમનું ભાષણ સાંભળવા એકઠાં મળ્યાં હતાં, અને બપોરે બધા વેપારીઓ તથા દુકાનવાળાઓએ બે વાગ્યાથી ત્રણ વાગ્યા સુધી કામકાજ બંધ રાખ્યું હતું એટલે બધાને તેમનું ભાષણ સાંભળવાની અને તેમને જોવાની તક મળી. તેમણે બધી નિશાળોને એ દિવસની છુટ્ટી આપી એટલે તો બધાને બહુ જ ખુશાલી થઈ.

આવતું અઠવાડિયું 'લેબર વીકએન્ડ' ગણાય છે. સાધારણ રીતે અમને અરધો શનિવાર અને રવિવાર છુટ્ટી મળે છે, પણ 'લેબર વીક-એન્ડ'માં અમને તે સાથે સોમવારની પણ રજા મળશે. તે પછીના અઠવાડિયામાં પણ એક વધુ છુટ્ટી કાર્ટરટનના મેળા માટે મળશે. તમારા હિંદુસ્તાનમાં આવા મેળા થાય છે ખરા? તે દિવસે અહીં તો ઘોડાં, ટટ્ટુઓ, બળદો, વછેરાં અને એવાં પશુઓનો મોટો જલસો થાય છે. તે વખતે તેના સંગમાં બીજી મજાઓ પણ ગોઠવાય છે: જાતજાતની ગાયનમંડળીઓ, નૃત્યમંડળો, વિમાનબાજી, ખુરશી-વિમાન (એટલે તમે એક ખુરશીમાં બેસો અને યંત્ર ચાલે તેવા જ તમે જાણે હવામાં ઝૂલતા નીકળો) અને એવું બીજું એટલું બધું હોય છે કે કહેતાં પાર ન આવે. ઘોડાની અને ટટ્ટુઓની સવારીની હરીફાઈઓ પણ થાય છે. આવી એક હરીફાઈમાં મને એક વાર સુંદર 'ડિનર સેટ' (ભોજનનાં વાસણો) ઇનામમાં મળી હતી અને એક બળદનું વજન અટકળથી કહી આપવામાં ત્રણ પાઉન્ડ મળ્યા હતા. વજનના અડસટ્ટાની આ હરીફાઈ પણ દર સાલ થાય છે.

હિંદુસ્તાનમાં તમને ઘણી ફિલ્મો જોવા મળે ખરી કે? આવતે અઠવાડિયે અહીં Gone with the wind નામની એક સરસ ફિલ્મ આવવાની છે. એ આખી ફિલ્મ રંગથી ભરપૂર છે અને ચાર કલાક ચાલે છે. મેં આ ફિલ્મ ન્યૂઝીલૅન્ડના પાટનગર વેલિંગ્ટનમાં જોઈ હતી અને મને બહુ જ ગમી હતી.

હું ને મારી મિત્ર રોમ ને બુધવારે રાત્રિશાળામાં જઈએ છીએ અને શૉર્ટહૅન્ડ તથા ટાઈપિંગ શીખીએ છીએ. સોમવારે સાંજે સાતથી નવ સુધી શૉર્ટહૅન્ડ અને બુધવારે તે જ સમય ટાઈપિંગ હોય છે.

ગયા શનિવારે અહીંની 'લિટલ થીએટર સોસાયટી' નામની સંસ્થાએ 'ધ લૉર્ડ ક્રિચૉર્ડ—ગ્રીન' નામનું મજાનું નાટક ભજવ્યું. તે ખૂબ જ વિનોદપૂર્ણ હતું અને દરેક જણને બહુ આનંદ આવ્યો. હિંદુસ્તાનમાં તમને ઘણાં નાટકો જોવાનાં મળે છે?

આવતે મહિને 'ઇન્ટર-હાઉસ એસોસીએશન' નામનો એક પ્રસંગ થવાનો છે. માસ્ટરટનના દરેક ધંધા તરફથી નવ છોકરીઓની ટીમ તેમાં મોકલવામાં આવે છે અને તે દરેક એકબીજા સાથે કવાયત, કૂચ, દડાની રમતો અને બીજી ઘણી બાબતોમાં હરીફાઈ કરે છે. અમારી દુકાનની ટીમને એક સુંદર રૂપેરી પ્યાલો મળ્યો છે અને ટીમની દરેક સભ્યને તેની એક ઝીણી આવૃત્તિ ભેટ મળેલી છે.

વારુ, કનુભાઈ, આ પત્ર તમને મળશે ત્યારે નાતાલના દિવસો હશે, એટલે આ તકે જ તમને ખુશાલ નાતાલ અને સાલમુબારક ચાહું છું.

આ પત્ર તમને સલામત પહોંચે અને આવતા પત્રની રાહ જોવી ન પડે એવી આશા છે.

તમારી તરફથી જેમ બને તેમ જલદી જવાબ મળવાની રાહમાં

તમારી ન્યૂઝીલૅન્ડની પત્રમિત્ર ગ્વેન્ડા (Gwenda)

એક નવું સરનામું: Miss Catherene M. Inman
3 Leon Ave. EASTWOOD (N. S. W. Australia)



(બાગી બહાર)

મધુકરી

અને દિન આ આમને વિધુવિહીન સિંધુ હશે,
હશે ઝરણ માર્ગમાં પંક માત્ર જ્યાં આજ છે,
વિહાર કરું વીજથી ગગન મેઘનું એ હશે,
વિધાઈ અણડાણને ત્યમ હતું હમેશાં જગે

—પ્રહ્લાદ પારેખ

સૂંગ બહેનોની ત્રિપુટી

ચીનના અધિનાયક ચાંગ કાઇ-શેકના સહધર્મચારિણી શ્રીમતી મે-લિંગ, એ ત્રણ સૂંગ બહેનોની ત્રિપુટીમાં સૌથી નાની બહેન છે. સૌથી મોટી બહેન શ્રીમતી આઇ-લિંગ ચીનના નાણાંપ્રકરણી પ્રધાન ડૉ. એચ. એચ. કુંગની સ્ત્રી છે, અને વચેટ શ્રીમતી ચિંગ-લિંગ અર્વાચીન ચીનના સર્જક ડૉ. સન યાટ સેનની પત્ની થાય. આ ત્રિપુટીએ નૂતન ચીનને બીજી સ્વતંત્ર પ્રજાઓમાં માનવંતુ સ્થાન અપાવવા અથાગ શ્રમ લીધો છે.

એમના પિતાએ અમેરિકામાં શિક્ષણ લીધું. ગ્રેજ્યુએટ થઈને વતન આવી એમણે એક સુંદર શિક્ષિત સ્ત્રી જોડે લગ્ન કર્યું. પતિ-પત્ની બંને ક્રિશ્ચિયન હતાં ને એમનો ગૃહસંસાર બહુ સુખરૂપ હતો.

આ સૂંગદંપતી એકમેકના પૂરક હતાં. શ્રી સૂંગ હતા આવેશમય, ઉત્સાહી અને ભાવનાશીલ. શ્રીમતી સૂંગ હતાં સ્વસ્થ, ઠરેલ અને વ્યવહારકુશળ. વળી શ્રીમતી સૂંગ વિશદ વિચારક હતી અને જે કામ હાથ ઉપર લેતી તેને મુશ્કેલીઓ પાર કરીને પણ પૂરું કરવાની આગ્રહી રહેતી. એમનાં સંતાન માતાને ચાહતાં અને પિતાને પૂજ્ય માનતાં. આ બહેન-ત્રિપુટીને વળી એક ભાઈ-ત્રિપુટી પણ હતી. બાળકોને શિક્ષણ આપવા સૂંગદંપતી અમેરિકા જઈ રહ્યું અને એક ભાઈ તથા ત્રણ બહેનોને ભણવા રાખી પાછું ચીન આવ્યું.

સૌથી મોટી બહેન પોતાની માતા પેઠે સ્વસ્થ, વહેવારુ અને મોભો જાળવનારી છે, સ્વભાવે અક્કડ હોવા છતાં આકર્ષક અને મનોહર છે. કુટુંબમાં એ મુરબ્બી અને મોવડી છે.

સ્વ. ડૉ. સન યાટ સેન વખતોવખત સૂંગકુટુંબને ઘેર આવતાજતા. તે વખતે ડૉ. સેન ચીનના નેતા હતા. મોટી બહેન આઇ-લિંગ મંત્રી તરીકે એમની સાથે જાપાન ગઈ. ત્યાં એણે ડૉ. એચ. એચ. કુંગ જોડે લગ્ન કર્યું. એમનો પુત્ર ડેવિડ આજે બૅંક ઑવ ચાઇનાનો ડાયરેક્ટર છે. શ્રીમતી કુંગ શાંઘાઇમાં એમના વેપારધંધાને ખૂબ આગળ વધારી રહ્યાં છે અને પોતાના રાજ્યપ્રકરણી જ્ઞાનને લઈને એ પોતે નામચીન બન્યાં છે.

વચેટ ચિંગ-લિંગ બાલ્યાવસ્થામાં શાન્ત અને નમ્ર હતી. વળી એ ક્યારેક ને ટીકરની ઢીંગલી જેવી દેખાતી હતી. પરંતુ જ્યારે એની આદર્શભાવના કેળવાઈ ત્યારે એ ખડક જેવી નિશ્ચલ બની ગઈ. પોતાને ઘેર ઘણીવાર એ ડૉ. સન યાટ સેનની વાતો ધ્યાન આપીને સાંભળતી. ત્યારથી એના મનમાં દૃઢ પ્રતીતિ થઈ ગઈ કે ચીનને સ્વતંત્ર કરવાનો ક્રાન્તિ સિવાય બીજો કોઈ ઉપાય નથી.

અભ્યાસ પૂરો કરીને અમેરિકાથી એ ચીન પાછી વળી ત્યારે રસ્તામાં પોતાની નાની બહેન મે-લિંગને અને ડૉ. સન યાટ સેનને મળવા એ જાપાન ઊતરી. ત્યાં એ પણ ડૉ. સેનની મંત્રી બની, એટલું જ નહિ પણ ક્રમેક્રમે ડૉ. સેનની મદદનીશ, સલાહકાર અને પત્ની પણ બની. ડૉ. સેન એના કરતાં સત્તાવીસ વરસે મોટા હતા, પરંતુ એમનું દાંપત્ય ખૂબ ચેતવંતુ ને વહાલસોયું હતું. લાગલાગટ નવ વર્ષ સુધી તેઓ બંને ચીનને બંધનમુક્ત કરવાને મથ્યાં. શ્રીમતી સેન ગૃહિણી તરીકે જ રહેતી અને જાહેર જીવનમાં ન આવતી, પરંતુ પતિના અવસાન બાદ એણે અધૂરું પતિકાર્ય ઉપાડી લીધું છે. એ ક્રૂરતાથી બાપણો આપે છે અને નવરચનાની પ્રવૃત્તિ ચલાવે છે.

ડૉ. સન યાટ સેન રશિયન સમાજવાદના પક્ષપાતી હતા અને એ દિશામાં કામ કરીને તેમણે પોતાની જિંદગી ખર્ચી નાખી હતી, પણ એમના મૃત્યુ બાદ મેસર્સ ટી. વી. સૂંગ તથા ચાંગ કાઇ-શેકને લાગ્યું કે ચીનનું કલ્યાણ સાધવું હોય તો અમેરિકાના સહકારથી ચીનને તૈયાર કરવું જોઈએ. આ વાત જ્યારે શ્રીમતી સેનના જાણવામાં આવી ત્યારે એને લાગ્યું કે પોતાના પતિનું જીવનકાર્ય



સૂંગ બહેનોની ત્રિપુટી. આઈ-લિંગ, ચિંગ-લિંગ અને મે-લિંગ

મૂળચાલી થઈ જશે. તેથી એ પોતાના કુટુંબને નારાજ કરીને કૉંગ્રેસ તરફ રહી. પરંતુ જ્યારે જાપાને ચીન ઉપર આક્રમણ કર્યું ત્યારે તરત જ એ પુનઃ કુટુંબમાં ભળી ગઈ. ચીન દેશના મહાસમર્થ રાષ્ટ્રનેતાના વિધવા પત્ની તરીકે ચીનની આમજનતામાં એમનું ભારે સન્માન છે અને તેનો લાભ લઈ શ્રીમતી સેન સ્વર્ગસ્થ પતિના આદર્શોને વળગી ચાલવા અથાગ જહેમત ઉઠાવે છે. પિતાની પેઠે શ્રીમતી સેન સ્વપ્નશીલ અને ભાવનાવાદી છે. માતા તરફથી એને સરસ પ્રેરક બળ મળ્યું છે. ઉપરાંત પોતે ઘણી સુંદર રમણી છે.

શ્રીમતી ચાંગ કાઈ-શેક એના જેવાં સુંદર નથી, પણ એની પ્રતિભા અને એનો ઠનગનાટ લોકોને ખેંચી રાખે છે. કૉલેજમાં એના અભ્યાસના વિષય ઘણા જ મુશ્કેલ હતા, પણ ભણવામાં એ એટલી દક્ષ હતી કે ભારેમાં ભારે માનઅકરામ જીતી જતી. ગ્રૅજ્યુએટ થઈ ત્યારે એની ઉંમર ઓગણીસ વરસની હતી. જ્યારે એ પોતાને વતન ચીન ગઈ ત્યારે એના પિતાએ આખી દુનિયામાં સૌથી મોટું ગણાય એવા 'કૉમર્શિયલ પ્રેસ'ની જમાવટ કરી હતી. મે લિંગ ચીન જતાંવેંત સામાજિક જીવનમાં કામે લાગી ગઈ. રફતે રફતે રાજકીય જીવનમાં પણ પડ્યાં. સરદાર ચાંગ કાઈ-શેક એના ભાઈના મિત્ર થતા એટલે તેની જોડે સ્વાભાવિક રીતે ઓળખાણ થઈ. જ્યારે ચાંગ કાઈ-શેકે એને પોતાની પત્ની થવા કહ્યું ત્યારે પ્રથમ તો મે લિંગે ના પાડી—એ કારણે કે ચાંગ કાઈ-શેક ક્રિશ્ચિયન ન હતા. સરદારે કહ્યું કે હું પહેલાં એ ધર્મનો અભ્યાસ કરું અને મને યોગ્ય લાગે તો પાછળથી એ સ્વીકારું. આટલી કબૂલતથી મે-લિંગ લગ્નમાં જોડાયાં. સરદારે ત્રણ વર્ષ બાદ ક્રિશ્ચિયન ધર્મના સંતોષકારક અભ્યાસ પછી એ ધર્મનો અંગીકાર કર્યો.

લગ્ન થયું ત્યારથી મદામ ચાંગ કાઈ-શેક એના પતિના આધારરૂપ સુમાની થઈ રહ્યાં છે. પતિની મનકલ્પનાઓને તે મૂર્ત રૂપ આપે છે. પતિને પશ્ચિમનું જીવન સમજાવે છે અને પશ્ચિમને ચીનની ભાવનાઓ સમજાવે છે. સને ૧૯૩૬માં જ્યારે સરદાર કાઈ-શેક પોતાના તાબેદાર નાયકના હાથમાં નજરકેદી બની ગયા ત્યારે મદામ ચાંગ કાઈ-શેકે અજબ કુનેહ, ધૈર્ય અને હિંમત વાપરીને પતિના પ્રાણ બચાવ્યા. એ વખતે બીજું કોઈ હોત તો આજે ચાંગ કાઈ-શેક જીવતા હોત કે નહિ એ પણ શંકાસ્પદ છે.

જાપાન જોડેની લડતમાં મદામ ચાંગ કાઈ-શેકના ઉત્તમ ગુણો પ્રકાશમાં આવ્યા છે. એનામાં અજબ વ્યવસ્થાશક્તિ, ઉપયોગીપણાની તીક્ષ્ણ નજર તેમજ માણસને પારખવાની ચતુરાઈ છે. નૂતન ચીનમાં સ્ત્રીજાતિને ઉચિત સ્થાન અપાવવા એ પોતાથી બનતું બધું કરી રહ્યાં છે. એ કહે છે કે ચીનને આગળ લાવવું હોય તો ભૂતકાળને ભૂલી જાઓ; ભવિષ્ય ઉપર એકાગ્રચિત્ત બનો અને નેતાગણને કેળવો.

એમની સ્થાપેલી સ્ત્રીઓની સલાહકાર સમિતિએ આજસુધીમાં ૬૩૦ બહેનોને જુદાંજુદાં ક્ષેત્રોમાં કામ કરવા લાયક સંપૂર્ણ તાલીમ આપીને કેળવી છે. સ્ત્રીઓની આવડત અને તાકાતને વધારવા એક બીજી સંસ્થામાં ૧૭૭ સ્ત્રી ઉમેદવાર છે. આ ઉમેદવારો આખા ચીનમાં ફરે છે અને ખેડૂતબાઈઓને ગરથાંકઉછેર, વણાટ, ભરત વગેરે શીખવે છે.

આજે જ્યારે જાપાનનું આક્રમણ વધ્યું છે અને લડાઈ જોરથી ચાલી રહી છે ત્યારે જુવાન શિક્ષિત વર્ગનાં યુવકયુવતીઓ મોટી સંખ્યામાં સ્વતંત્ર ચીન એટલે કે પશ્ચિમ ચીનમાં એકઠાં થઈ રહ્યાં છે. મદામ ચાંગ કાઈ-શેક એમને અભ્યાસ વધારવાનું તથા યુદ્ધસમાપ્તિ બાદ ત્યારે ચીન પ્રત્યેનું કર્તવ્ય બજાવવાનું કહી રહ્યાં છે.

છેલ્લાં ત્રણ વરસમાં ચાલીસ લાખ અભણ નાગરિકનું બાળકોને વાચતી કરવામાં આવી છે અને પચીસ હજાર બહેનોને એનીકામમાં તેમજ રાજ્યતંત્ર ચલાવવાના કામમાં જોડી છે. આશરે પાંચ હજાર સ્ત્રીઓ રેશમના કીડા ઉછેરી રેશમ અને સુતર કાંતવાનું [illegible]

મદામ ચાંગ કન્યાઓને લશ્કરી તાલીમ પણ અપાવે છે. એની દૃષ્ટિ દીર્ઘ અને બુદ્ધિ ઘણી કુશાગ્ર છે અને નજીવી વાત પણ એના ધ્યાન બહાર જતી નથી. વાસણ કેમ બગાબર માંજવાં એ પણ તે જાતે શીખવે છે, વીસ હજાર જેટલાં અનાથ બાળકોને ઉછેરાવે છે અને સ્વદેશને ખાતર જીવતાં શીખવે છે.

ચીની લોકોની સહનશીલતા અજબ જેવી છે. સંજોગોને અનુકૂળ થઈ જવાની એમનામાં કરામત છે, હસીને દુઃખ ભીરવી લેવાની કળા છે, અને તેથી જ હાર કબૂલ કર્યા વગર અપાર સંકટોનો સામનો કરીને તેઓ લડી રહ્યા છે. અવ્યવસ્થાની વચ્ચે તેઓ ઉજ્જવળ ભાવિનો પાયો નાખી રહ્યા છે.

પ્રજાના ઘડતરની આ યોજનામાં ખાસ આનંદજનક લક્ષણ તો છે સ્ત્રીજાતિને મળતું ઊંચું પદ. પુરુષવર્ગની સાધના ને સિદ્ધિમાં તેઓ સરખે ભાગે હકદાર બને છે. અને ઇતિહાસ એક દિવસ પુરવાર કરશે કે આ પરિસ્થિતિ મુખ્યત્વે કરીને સૂનકુટુંબની એક ભગિની-ત્રિપુટીના અસાધારણ પ્રયાસ ને પરિશ્રમને આભારી છે.
(ઉદ્યોગ) હે પ.

ગુજરાતમાં આદિમાનવ સંસ્કૃતિનું સંશોધન

હિંદી સરકારના પુરાતત્ત્વખાતા અને ગુજરાત સંશોધન મંડળના સંયુક્ત પ્રયાસથી આ શિયાળામાં ગુજરાતમાં કેટલુંક મહત્ત્વપૂર્ણ પુરાતન શોધખોળનું કાર્ય થયું છે. માનવજાતની જૂનામાં જૂની સંસ્કૃતિનો કાળ પાષાણયુગ કહેવાય છે. એટલે કે તે વખતના લોકોને ધાતુઓ વાપરવાની સમજ ન હતી ને એકમાત્ર પથ્થરની જ વસ્તુઓ વાપરતા. એ પાષાણયુગના પ્રારંભકાળના માનવ ને આપણા કરતાં આકારે જરા જુદા પડતા. તે વાંદરાને મળતું મોઢું અને શરીરે વાળ ધરાવતો, એટલે તેને નરવાનર ape-manનું નામ અપાયું છે. આપણા વડવા એ નરવાનરો શિકાર અને માછલાં ઉપર ગુજરાન ચલાવતા અને મુખ્યત્વે નદીઓના કાંઠે એ ખોરાક સુલભ હોવાથી ત્યાં વસવાટ કરતા. ચામડાનાં વસ્ત્રો ધારણ કરતા અને મહદ્ અંશે ટોળાંમાં રહેતા. શિકાર, સ્વરક્ષણ ને ઘર વપરાશ વગેરે માટે એ લોકો કાચા પથ્થર અને લાકડાનાં જાતજાતનાં હથિયારો હાથે ઘડીને વાપરતા. આપણા પૂર્વજ આદિમાનવની સંસ્કૃતિ કંઈક આવી હતી.

પાષાણયુગની આ પ્રારંભિક માનવ સંસ્કૃતિઓની શોધખોળ ઉપલી સંસ્થાઓ દ્વારા હમણાં ગુજરાતમાં કરાવવામાં આવી છે. અને તેના માટે યુરોપમાં આ વિષયનો સંપૂર્ણ અભ્યાસ કરી આવેલા પુરાવિદોને રોકવામાં આવ્યા હતા.

આ શોધખોળ દ્વારા જણાયું છે કે ઉત્તર ગુજરાતમાં, મુખ્યત્વે સાબરમતીની ઉપત્યકામાં, આજથી લગભગ પચાસથી પચોતેર હજાર વર્ષ પૂર્વે આદિમાનવોએ વસવાટો માંડેલા હતા. એ યુગમાં સાબરમતીનો પ્રવાહ હાલ કરતાં ઘણો વિશાળ હતો અને તેના તટપ્રદેશે ગીચ વનો ઊગેલાં હતાં. એ વનોમાં આ લોકો શિકાર કરતા ને માર્મિક ઉત્સવો ઊજવતા વિચરતા. કેટલાંયે હજાર વર્ષો સુધી એ પ્રજાનો વસવાટ સાબરની બાજુમાં ચાલુ રહ્યો. પછી ઉત્તર હિંદ ઉપર એક મહાન કુદરતી આફત આવી. હિમનદીઓના પ્રવાહો એ પ્રદેશ ઉપર છવાઈ રહ્યા અને બરફના સેંકડો ફૂટ જાડા થરો જમીન પર પથરાઈ ગયા. એ કાળ હિમયુગ કહેવાય છે. ... આ વર્ષ ઉપર 'પેલિ-ઇન્ડિયન એક્સ્પીડીશન' નામનું, અમેરિકન અને અંગ્રેજ બનેલું-

શાસ્ત્રીઓ તથા પુરાન્વેષકોનું એક મંડળ આ હિમયુગોને લગતી શોધખોળ હિંદમાં કરી ગયું છે. એ હિમયુગના પ્રભાવથી હિંદમાં અસહ્ય ઠંડીનો કાળ બેઠો અને ઉત્તર હિંદની સામે જ આવેલા ગુજરાત વગેરે પ્રદેશો એ ઠંડીને લઈ વસવાટ કરવા યોગ્ય રહ્યા નહિ. કુદરતના આ કોપના કારણે ઉત્તર ગુજરાતમાં વસી રહેલો આદિમાનવસમાજ કાં તો નાશ પામ્યો ને કાં તો એ પ્રદેશ છોડીને બીજે ક્યાંક જતો રહ્યો. ને ત્યાં આદિમાનવ સંસ્કૃતિનો આદ્ય અંત આવ્યો.

પછી તો પચાસેક હજાર વર્ષો સુધી એક પછી એક ફેરવાતા હિમયુગોના કુપ્રભાવો ઉત્તર હિંદમાં ચાલુ રહ્યા ને તેના પરિણામે ગુજરાતની વસ્તી જીવનવિહોણી પડી રહી. એ સમય દરમ્યાન, હાલ ઉત્તર ગુજરાત જે લોએસ (Loess) નામની અત્યંત ઝીણી ગોરાડુ માટીથી ઢંકાયેલું છે તેના લગભગ સો ફૂટ જાડા થરો એ પ્રદેશ પર પવનની ક્રિયાથી બંધાયા. કહ્યું એ થરોમાં ક્યાંય કોઈ પણ પ્રકારના જીવનની નિશાનીઓ જણાતી નથી. આ માટીની ઉત્પત્તિ પણ ઘણી રહસ્યમય માલૂમ પડી છે. ક્યા વિસ્તારમાંથી અને કેવી રીતે એ માટી ઊડીઊડીને ઉત્તર ગુજરાત ઉપર પથરાઈ છે એ કોયડો હજી હવે ઉકેલવાનો છે.

ઉત્તર હિંદ પરના હિમયુગોનો અંત આવતાં ગુજરાતમાં એ ગોરાડુ માટી (લોએસ)ના થરો બંધાવાની ક્રિયા પૂરી થઈ અને તેની સાથે જ વાતાવરણ પણ વસવાટ યોગ્ય બન્યું. આ લાંબા ગાળા દરમ્યાન વિકાસક્રમને વશ આદિમાનવ હાલના જેવો મનુષ્ય બની ગયો હતો અને તેની પાષાણ સંસ્કૃતિ ઘણી જ પ્રગતિ સાધી ચૂકી હતી. પાષાણ સંસ્કૃતિનો એ વેળા છેલ્લો તબક્કો હતો. એ સંસ્કૃતિ સાથે કોઈક અજાણ્યા પ્રદેશથી એક મોટો માનવ સમુદાય ગુજરાતમાં આવી પહોંચ્યો અને આ ગોરાડુના બંધાએલા ટેકરાઓની હારમાળાઓ ઉપર પોતાના વસવાટો માંડી દીધા. આ લોકો મોટાં હથિયારોને બદલે નાના તેમજ કળાપૂર્ણ હથિયારો અને તીક્ષ્ણ ગાંઠા વાપરતા, માટીનાં વાસણો ચાકડા ઉપર ઉતારી પકવીને ઉપયોગમાં લેતા અને ઝૂંપડીઓ બાંધીને રહેતા. પાષાણયુગના છેલ્લા તબક્કાની સંસ્કૃતિ ધરાવનારા એ નવા લોકો માનવકુળના કયા વર્ગના હતા, કેવી રીતે તેમની સંસ્કૃતિનો અંત આવ્યો અને એમની એ સંસ્કૃતિ પછી ક્યારે ગુજરાતમાં ધાતુયુગની સંસ્કૃતિનું આગમન થયું ઈત્યાદિ કોયડાઓ હજી હવે ઉકેલવાના છે.

આ સંશોધન આંતરરાષ્ટ્રીય મહત્ત્વનું થએલું મનાય અને તેની ઝીણીઝીણી વિગતો, બાકી રહેલાં સંશોધન પછી, અહેવાલ બહાર પડશે ત્યારે આપણને જાણવા મળશે.

(શ્રી અમૃતલાલ વ. પંડ્યાએ મુંબાઈના ગુજરાત સંશોધન મંડળ આગળ ગઈ તા. ૨૧-૨-૪૨ના રોજ આપેલા ભાષણનો સાર)

પતંગિયાની પાંખના ઑટોફોટોનો કોયડો

પતંગિયાની પાંખનો 'ઑટોફોટો' લેવાની રીત આ પ્રમાણે છે. એ માટે કૅમેરા કે અજવાળાની જરૂર પડતી નથી. જે પાંખનો ફોટો લેવાનો હોય તેને ડાર્કરૂમમાં જઈ ફોટોગ્રાફિક પ્લેટની ફિલ્મ બાજુ પર બરાબર દબાવીને મૂક્યા બાદ, પ્લેટને અપારદર્શક કાગળમાં વીંટાળી પેટીમાં અમુક સમય હાલે નહિ એમ મૂકી રાખવી. ત્યાર પછી બીજી પ્લેટોની જેમ એ પ્લેટને ધોવાથી પેલી પાંખનો પૂરેપૂરી વિગત વાળો, નસો અને ટપકાં તથા બીજાં ચિહ્નોથી બરાબર અંકિત થએલો ફોટોગ્રાફ મળી શકે છે. આમ મેળવેલો ફોટોગ્રાફ સામાન્ય રીતે પૉઝિટિવ હોય છે, પરંતુ કોઈ વખત નેગેટિવ પણ આવે છે.

આવા ઑટોફોટો માટે કંઈ ખાસ બનાવટની પ્લેટની જરૂર પડતી નથી. પ્લેટ અને પાંખનો સંયોગ ઓછામાં ઓછા બે દિવસ અને વધારેમાં વધારે ત્રીસ દિવસ રાખવો પડે છે. ક્યારે પકડેલા પતંગિયાની, એટલે ત્રીસ દિવસ જૂની પાંખોનો પણ ફોટો લઈ શકાય છે.

આમ આવો ફોટો પડવો એ એક કોયડો ગણાય. એ વિષે વિવિધ અનુમાન કરવામાં આવે છે. એક અનુમાન એવું છે કે પતંગિયાની પાંખમાંનું કોઈ અજ્ઞાત તેજકિરણ પ્લેટ પર અસર કરવાથી છબી પડે. આવું કિરણ એક વખત સૂર્યતેજમાં રહેલા પતંગિયાની પાંખમાંથી તો આવતું નથી ને? એ પ્રશ્નનો નિકાલ કરવા અંધારામાં જ ઊછરેલા અને કદી યે સૂર્યપ્રકાશ નહિ પામેલા પતંગિયાની પાંખનો જ પ્રયોગ કરવામાં આવ્યો હતો અને છતાં ઑટોફોટો લઈ શકાયો હતો.

બીજું અનુમાન એવું છે કે કોઈ રાસાયણિક તત્ત્વની હાજરી પાંખની રુવાંટીમાં રહેલી હોવાને લીધે, પાંખ અને પ્લેટનો સંયોગ થતાં ફોટોને આવશ્યક એવી પરિસ્થિતિ પેદા કરીને છબી ઉપજાવે છે. પરંતુ સર્વમાન્ય થઈ પડે એવું કારણ જડ્યું નથી.

ન્યૂયૉર્ક ખાતે ઍન્ટોમૉલૉજિકલ સોસાયટીની સભામાં શ્રી ગનીએ આ પ્રમાણે લેવાએલા ફોટો રજૂ કર્યા હતા.

ધંધાદારી તેમ ફોટોગ્રાફીમાં રસ લેતા સજ્જનો આ હકીકત પર વધુ પ્રકાશ નાખે એ ઇચ્છવાયોગ્ય છે. —મ. હ. દેસાઈ

પંચમહાલના ભીલોને લગતી શોધખોળ

મુંબાઈના ગુજરાત સંશોધન મંડળ તરફથી ગુજરાતની મૂળ પ્રજાઓને લગતી જે શોધખોળો થવાની છે તેનો પ્રારંભ આ શિયાળામાં પંચમહાલ જિલ્લાના ભીલો સંબંધી સંશોધનથી કરવામાં આવ્યો છે. લખનૌ યુનિવર્સિટીના પ્રો. ડી. એન. મજમુદાર, મુંબાઈની શેઠ ગોરધનદાસ મેડિકલ કૉલેજના પ્રો. ડૉ. જી. એમ. કુરુલકર અને શ્રી પોપટલાલ ગો. શાહે, ભીલસેવામંડળના સહકારથી આ કાર્ય કર્યું હતું અને ટૂંક સમયમાં જ તેનો અહેવાલ બહાર પડશે.

'બાલશક્તિ ગ્રંથાવલિ'નાં પુસ્તકો

ઉંદરમામાઃ લેખક—મસ્ત ફકીર, ૦-૫-૦; **પોપટની મુસાફરીઃ** લેખક—પ્રીતમ લટકારી, ૦-૫-૦, **ચાંદામામાઃ** લેખક—નાગરદાસ ઈ. પટેલ, ૦-૬-૦, ત્રણેના સંપાદકો ઇન્દુલાલ હ. મેહારી અને પ્રીતમ લટકારી, પ્રકાશક, બાલશક્તિ કાર્યાલય, મોડાસા (એ. પી. રેલવે)

નવજીવન કાર્યાલયનાં પુસ્તકો

રચનાત્મક કાર્યક્રમ. લેખક—ગાંધીજી, ૦-૨-૦, રાયની કન્યાને શ્રી નરહરિ પરીખના ગુજરાતી પુસ્તકનો હિંદી અનુવાદ કરનાર—કાશીનાથ ત્રિવેદી, ૦-૮-૦, **દેશી રાજ્યોનો પ્રશ્નઃ** લેખક—ગાંધીજી, ૧-૮-૦, **લોકમાતાઃ** લેખક—કાકાસાહેબ કાલેલકર, ૦-૬-૦, **ટૉલ્સ્ટૉય અને શિક્ષણ** અનુવાદક પાંડુરંગ વિઠ્ઠલ વળામે, ૦-૮-૦, **રચનાત્મક કાર્યક્રમ**—કેટલીક સૂચનાઓ રાજેન્દ્રબાબુના એક પુસ્તકનો અનુવાદ, ૦-૩-૦, **સર્વોદયઃ** રસ્કિનના એક પુસ્તકને આધારે લખનાર—ગાંધીજી, ૦-૩-૦, સૌનેના પ્રકાશક—નવજીવન પ્રકાશન મંદિર અમદાવાદ, **સદ્‌બોધશતકમ્** (અર્થ હરિના ત્રણે શતકોમાંથી શ્લોકોની ચૂંટણી) સંપાદક કાકાસાહેબ કાલેલકર, ૦-૧૨-૦, **મારું ગામડું** લેખક બબલભાઈ પ્રા. મહેતા, ૦-૧૦-૦ બંનેના પ્રકાશક ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ

આ મહિનો (માર્ચ) ઇતિહાસમાં

તા. ૧ પોતાની વિશિષ્ટ પદ્ધતિના જીવનચરિત્રો અને તેમાં યે મહારાણી વિક્ટોરિયાના ચરિત્ર વડે અંગ્રેજી સાહિત્યમાં નામ કાઢનાર અંગ્રેજ લેખક લિટન સ્ટ્રાચીનો જન્મ, ઈ. ૧૮૮૦. ઈસ્ટ ઇન્ડિયા કંપનીના એક જાણીતા સેવક સર રિચર્ડ સ્ટ્રાચીના એ પુત્ર અંગ્રેજી સાહિત્યમાં આગળપડતું સ્થાન ધરાવે છે.

તા. ૬ અંગ્રેજી સાહિત્યમાં વિચારપૂર્ણ એટલી જ રંગદર્શી કવિતા લખનાર વિખ્યાત કવયિત્રી અને જાણીતા અંગ્રેજ કવિ ચિતર રૉબર્ટ બ્રાઉનિંગની પત્ની એલીઝાબેથ બૅરેટ બ્રાઉનિંગનો જન્મ, ઇ. ૧૮૦૬. એની અનેક કૃતિઓમાં 'સૉનેટ્સ ફ્રૉમ ધ પોર્ટુગીઝ' નામનો સૉનેટોનો ગુચ્છ (જે કવિ બ્રાઉનિંગ સાથેના સ્નેહને પ્રેરાએલો) શ્રેષ્ઠ ગણાય છે

તા. ૯ મહાત્મા ગાંધીજીએ અમદાવાદની યોજના સૌપહેલાં જાહેર કરી, ઈ. ૧૯૨૦

તા. ૧૨ નાઝીઓએ રાજરમતથી ઑસ્ટ્રિયા કબજે કર્યું, ઈ. ૧૯૩૮.

તા. ૨૦ અમદાવાદના મીલમજૂરોએ માલિકો સામેની હડતાળમાં વિજય મેળવી ૩૫ ટકાનો વધારો મેળવ્યો અને ગાંધીજીએ ઉપવાસ છોડયા ઈ. ૧૯૧૮.

તા. ૨૧ 'કાળા કાયદા'ને નામે હિંદભરમાં વગોવાયેલું 'રૉલેટ બિલ' ૩૫ વિ. ૨૨ મતે પસાર થયું, ઈ. ૧૯૧૯.

તા. ૨૪ હિંદ પરના અંગ્રેજ વર્ચસ્વ વિષેના પોતાના તલસ્પર્શી ગ્રંથો તેમજ અનેકમુખી લેખન પ્રવૃત્તિઓથી જાણીતા થએલા સમર્થ વિદ્વાન વામનદાસ વસુ (મેજર બી. ડી. બસુ) નો જન્મ, ઈ. ૧૮૬૭

તા. ૨૭ નાસિકની 'ભોંસલે મિલિટરી સ્કૂલ' નામની જાણીતી લશ્કરી શાળા ગ્વાલિયરના મહારાજાને હાથે ખુલ્લી મુકાઈ ઈ. ૧૯૩૮.


તા. ૩૦ રૉલેટ બિલના કાળા કાયદા સામે દિલ્હીમાં હડતાળ અને તેને પરિણામે નિર્દોષો પર ગોળીબાર, ઈ. ૧૯૧૯.

તા. ૩૧ ફ્રેન્ચ ફિલસૂફ અને ગણિતી રેને ડેકાર્ટિસનો જન્મ, ઈ. ૧૫૯૬ 'પ્રિન્સિપીઆ ફિલૉસૉફી' અને 'મેડીટેશન્સ ડ પ્રીમા ફિલૉસોફિયા'માં તેના પરિપક્વ વિચારો મુકાયા છે. ઇ. ૧૬૫૦ના ફેબ્રુઆરીમાં સ્ટૉકહોમ મુકામે તેનું અવસાન થયું

આ મહિનાની વ્યક્તિવિશેષ

વામનદાસ વસુ (મેજર બી.ડી. બસુ)

વીસમી સદીના પ્રભાતે પોતાની વિવિધ પ્રતિભા ને પ્રવૃત્તિથી માતૃભૂમિ બંગાળને નરપુંગવોની જે હારમાળાએ ઉજ્જવળ ગૌરવવંતી બનાવી છે તેમાં કુશલ અને નિરાળુ



વ્યક્તિત્વ ધરાવનાર મહાસમર્થ વિદ્વાન શ્રી વામનદાસ વસુનો જન્મ ઈ. ૧૮૬૭ની ૨૪મી માર્ચે લાહોરમાં પંજાબ સરકારી કચેરીના ખાતાના સુશિક્ષિત કાર્યકર બાબુ શ્યામચરણ વસુને ત્યાં એમના છેલ્લા સંતાન તરીકે થયો. પાંચ માસના બાળ વામનને મૂકી પિતા સ્વર્ગવાસી થયા બાદ મમતાસ્વરૂપ માતા ભુવનેશ્વરીદેવીએ અત્યંત તંગી અને કારમું દારિદ્ર્ય વેઠી બે પુત્રો અને બે પુત્રીનો ઉછેર તથા શિક્ષણનો બોજ ઉપાડી લીધો. શીલવતી અને બુદ્ધિમતી માતાના સુસંસ્કાર બાળકોના ઊછરતા માનસ પર ચિરઅંકિત થયા.

ઈ. ૧૮૮૨માં મૅટ્રિક્યુલેશન પસાર કરીને વામનદાસ લાહોરની મેડિકલ કૉલેજમાં દાખલ થયા, પરંતુ પ્રસૂતિવિદ્યામાં નાપાસ થયા ત્યારે એમના મોટા ભાઈ શ્રીશચંદ્રના અને બહેન જગતમોહિનીના પતિ તારણચંદ્ર દાસના પ્રોત્સાહનથી ૧૮૮૮માં વધુ અભ્યાસ માટે ઇંગ્લંડ ગયા ને ત્યાં એલ. એમ. એ., એમ આર સી એસ ને આઇ.સી એસ.ની પરીક્ષાઓ પસાર કરી અંગ્રેજ સરકારની લશ્કરી તાલીમ લઇ 'કિંગ્ઝ કમિશન' મેળવ્યું.

સન ૧૮૯૧માં એ સ્વદેશ પાછા ફર્યા ને સાથે જ મુંબઈ ઇલાકાના મેડિકલ ખાતામાં એમની નિમણુક થઈ એમની ગાળ વર્ષની નોકરીનો મોટો ભાગ સુદાનની લડાઈના રણક્ષેત્રોમાં વ્યતીત થયો અને એ દરમિયાન લેવાએલા અતિશ્રમને કારણે એમનું આરોગ્ય લથડયું ઇ. ૧૯૦૭માં નોકરીમાંથી નિવૃત્તિ મેળવી પેન્શન લઇ નબળી તબિયતે ને સકુટુંબ સ્વવતન અલ્લાહાબાદ આવી રહ્યા

પરંતુ એમનો નિવૃત્તિકાળ તો ખરેખરો પ્રવૃત્તિકાળ બની રહ્યો ધનસંચય કે સુખવૈભવ એ આ સાધુચરિત પુણ્યપુરુષનું જીવનધ્યેય ન હતું. એમનું એકમાત્ર ધ્યેય હતું ભારતભાગ્યને ઘડનારા નવાંનવાં બળોની જનની સમી સાહિત્યસેવાનું, જેની સિદ્ધિના શ્રી વસુ છેક છેલ્લી ઘડી સુધી પુરુષાર્થી સાધક રહ્યા

જીવનભર એમણે વિદ્યાની અખંડ ઉપાસના કરી અને અસંખ્ય ગ્રંથો તથા લેખો લખ્યા એમના ઐતિહાસિક પ્રકાશનોની આસપાસ તો ખરેખર એમની પ્રતિષ્ઠા બની ગઈ અલ્લાહાબાદમાં પાણિની ઑફિસ નામે સંસ્થા કાઢી સંસ્કૃત વ્યાકરણ, 'સિદ્ધાન્ત કૌમુદી'નું ભાષાન્તર વગેરે ઉત્તમ કોટિની પ્રકાશનમાળા પ્રગટ કરી 'ઔષધ્ય વનસ્પતિ'ની તથા 'હિંદના વૈદ્યકીય રોગો'ની પોણા બસો રૂપિયાની કીમતની ગ્રંથમાળા પ્રસિદ્ધ કરી ' જેનાથી એ ભારતવાસીઓમાં ઘેરઘેર જાણીતા થયા ને 'હિંદમાં બ્રિટિશ સત્તાનો ઉદય'ના પાંચ ગ્રંથ, અને 'હિંદમાં બ્રિટિશ સત્તાની જમાવટ', સાથે બીજા ઘણા ગ્રંથો એમણે લખ્યા છે

હિંદી હાથવણાટના સાતસો નમૂનાના ટુકડાઓનો મોટો સંગ્રહ કુલ અઢાર ગ્રંથોમાં એમણે સંઘર્યો છે આવી અમૂલી ને વિવિધ સાહિત્યસામગ્રી પ્રગટ કરીને માત્ર એ બેસી રહ્યા નથી; પરંતુ એ બધીને એમણે કોઇ ને કોઇ ચાલુ સંસ્થામાં કે નવી સંસ્થાઓ સ્થાપીને ચિરસ્થાયી બનાવી ગયા છે

માતૃભાષા બંગાળી ઉપરાંત અરબી, ફારસી, સંસ્કૃત, અંગ્રેજી, હિંદી, ઉર્દૂ, સિંધી, પંજાબી, કાશ્મીરી, પુશ્તુ, નેપાળી, ગુજરાતી અને મરાઠી ભાષાઓ એ જાણતા સ્વભાવે નીડર, સ્પષ્ટવક્તા અને એટલા સ્વમાની તેટલા જ સ્વદેશાભિમાની હતા. જલિયાંવાલા બાગની કતલના સમાચાર સાંભળ્યા ત્યારે અનેક રાતો સુધી એ ઊંઘી નહિ શકેલા

અજ્ઞાન ને પરતંત્ર માનસનું તમસ જ્યારે ચોપાસ ફેલી રહ્યું હતું ત્યારે ઉજ્જ્વળ ભાવિની ઝાંખી કરી નવયુગના પ્રબળ તેજકિરણો પ્રગટાવવા જિંદગીભર વસમી તપશ્ચર્યાવાળો અખંડ પુરુષાર્થ સાધનાર અને ઇતિહાસ, વૈદક, વનસ્પતિવિદ્યા, આરોગ્ય, અર્થશાસ્ત્ર, ધર્મ, તત્ત્વજ્ઞાન સાહિત્ય, કળા—એવા જ્ઞાન ને સાહિત્યજીવનના વિવિધ ક્ષેત્રોમાં અખંડ વિદ્યોપાસના કરી એ બહોળા વાચન અને મર્મગ્રહી અભ્યાસના ફળરૂપ વિદ્યાની અવિરત ધારા જેવા લખાણો અને ગ્રંથો વહેવડાવી જનાર એ સમર્થ વિદ્વાનનું ઈ ૧૯૩૦ના સપ્ટેમ્બરમાં અવસાન થયું

મહાદેવ ગોવિંદ રાનડે આખા અભ્યાસ-કાળ દરમ્યાન ખૂબ મહેનતુ વિદ્યાર્થી હતા; પણ નાનપણમાં ઘણા જ હઠીલા ને એકમાર્ગી હતા, અને એટલા નિર્ભય કે ફરી ઘેર આવીને પાસ થયાની ખબર ગરબીગેન આપે માતા-પિતાએ બાબતઠપકો આપે ત્યારે સરળતાથી કહે 'એમાં શું કહેવાનું હતું? નિશાળે ગયો એટલે પાસ તો થઉં જ ને?'

કહેવતોના અર્થ 'સોનાના મૃગલા ગયા.' બહુ લોભ કરવા જતાં માણસ મૂડીનો ગરથ પણ ખોઈ બેસે છે એ દર્શાવતી આ કહેવત મૂળમાં વાત છે કે માંગરોળના ગાદા હજામે ગુલામહુસેનને ૨૦૦ રૂપિયાની મૂડી એકઠી ક-રેલી. આવડી મોટી રકમ એકઠી થઈ તેની ફુલાશમાં એને વેપારમાં મોટી લાખો કમા-વાનો એને લોભ થયો અને એ બાબત સલાહ લેવા નીકળતા કોઈ ગોખણીએ કહ્યું કે 'રાજાનું લશ્કર અહીં દસ દિવસમાં આવવાનું છે એ વખતે બાજરાનો ભાવ વધી જશે, માટે બાજરી ખરીદીને સંઘરી લે.' ગાદાએ પોતાની બધી મૂડીમાંથી બાજરીની વખારો ભરી લીધી, પણ લશ્કરનું લશ્કર કાંઈ આવ્યું નહિ ને બાજરી સડી ગઈ ને નાખી દેવી પડી, અને સોનાના મુ-ગલા (ગાદના બાજ પૈસા) પલ ગયા.'

આ મહીનાનું નામ માર્ચ, તે યુરોપીય પુરાણકથાઓમાં વર્ણવેલા યુદ્ધદેવતા માર્સ (મંગળ) દેવના નામ પરથી પડેલું છે



ફેગરેગના ગિરનેપ' આલ્બુમે બનાવ્યો છે ને ચીનના વતનીનો છે

અશુદ્ધ જોડણી ને અર્થ

સુરત=કામઠીક .	. સૂરત=મુખાકૃતિ
તુર્ય=ચોથો ભાગ .	. તૂર્ય=એક જાતનું વાજું
દિન=દિવસ . .	. દીન=ગરીબ
નિકર=સમૂહ . .	. નીકર=નહિ તો
પલિત=પળિયાવાળું .	પલીત=ભૂતપ્રેત
બિનક્ષીપ્ટો (હારસી) .	. બીન=બીણ
ગરુ=નારિયેળ .	. ગરૂ=ગુરુવાનું મગજ
ગમિ=ગયો .	રાશી=ખરાબ
વિણ=વિના . .	વીણ=પ્રસવની પીડા
વધુ=વધારે . .	વધૂ=વહુ
પુકાર=સાદ . .	પૂકાર=તિરસ્કારનો ધ્વનિ
રવિ=સૂર્ય	રવી=શિયાળુ પાક

—રાજુ રમણલાલ શાહ

ગણિત નક્ષત્ર કોઈ પણ નંબર મારો. તેનો યોગ (એટલે કે તેના બધા આંકડા સરવાળો) કરી મૂળ રકમમાંથી બાદ કરશો તો બાકી રહેલી રકમના અંકનો સરવાળો ૯ (નવ) જ આવશે




તમે સીધા ચાલી શકો? ઘણા માણસો કહેશે કે હા પણ આ ચિત્રમાં બતાવ્યા મુજબ કરવાનું કહીને પણ કહેજો એટલે ખાતરી પડી જશે!

બાળ ઉદ્યાનમાંથી

એક લાકડી તેના હાથમાં પકડાવી માથું હાથને ટેકવીને, આંખો લાકડી સામે રાખી ઝડપથી લાકડીને ચાર ફેરા ફરવાનું એને કહેવું પછી ચાલો કહો પછી જુઓ કે તરત જ એના હાથ-માંથી લાકડી આપવી લઈ કહેવું કે ના જાણે બારણે હાથ અડાડી આવ! એ જમે તેટલો પ્રયત્ન કરશે પણ સીધો બારણે નહિ જાય, પણ આમતેમ ડાફોળિયાં મારશે!


૧૯૩૮માં ન્યુ મેક્સિકોની યુનિવર્સિટીના અમેરિકન વર્ગમાં શિકાગોના વિલિયમ હોલ્ડ ડેકન્સ નામના એક આંધળા ભાઈ નવા વિદ્યાર્થી તરીકે દાખલ થયા હતા મિ. વિલિયમ ડૅકન્સ એને ભણાવતો. ને તે એનો દીકરો હતો!

દુનિયામાં સૌથી મોટો કાગળ પોતાનો ગણાય હોવાનો દાવો ગૅરાનવ શાળાએ યુનિ-યને દસમું રેકર્ડ કર્યો કે એ ૧૫ ફૂટ ૧૧ ઈંચ લાંબો અને ૧ ફૂટ ૩ા ઈંચ પહોળો એક જ કાગળ પર લખાયો છે!




જાનવરમાં જેને ગીનું ગૌ ગણ્યું એવું નહોતું એવો એક ગાયનું વાછરડું એરોપ્લેન માટે ૧૯૩૯માં ગર્ભ પામ્યું હતું એના જન્મ પછી તરત જ એની માતા મરણ પામી હતી, ને ત્યાં કોઈનો ઘરાકથી ગલી પડતો નહીં એટલે ગાડીમાં એને ફેરવવામાં આવ્યો હતો

આપણા શરીરમાં લોહી નિયમિતપણે ફરી રહ્યું છે તે વિલિયમ હાર્વે નામના ગૃહસ્થે શોધ કરી હતી.




કાચના કાગળ ઉપર ટ્રેસિંગ કરવાનું હોય તો એક ચાક પાટિયું, તેના પર નીચેથી ગૅસ લૅમ્પ મૂકી ગોઠવી, ને પર આરો કાચ કે ગ્લાસ મઢી કાગળ એનાં પર બેસાડીને ઉપર પડેલી સ્પષ્ટ રેખા, અને પછી અમુક ટેબલ પર તેને હળવું ટેકવી નીચેથી લેમ્પની રોશની નાખો. તેમ હોય તો એક અરીસો નીચે રાખી ને પર બહારનો તડકો કે પ્રકાશ મેળવો. આ યોજનાથી કાચ ઉપર પણ નીચેની આકૃતિ સાફ દેખાશે અને સ્પષ્ટ ચિત્ર ઉતારી શકાશે



ગામડાની ઉત્તરાયણ — ચિત્રકાર એચ. પી પટેલ

આ તરુણ ચિત્રકારે ચિત્રમાં પ્રસંગોચિત વાતાવરણ બહુ સારું જમાવ્યું છે, માત્ર વેષભૂષાઓને એથી નજર કરતાં વિશેષ આકર્ષક બનાવી છે

મુંબાઈ આર્ટ સોસાયટીના
જાન્યુઆરી માસમાં ભરાએલા
પ્રદર્શનમાં રજુ થએલાં
ચિત્રો



નદીકિનારે
ચિત્રકાર પી આર રૈય

આ વર્ષના પ્રદર્શનમાં ચિત્રકળાના આલેખનકૌશલ્ય અને પ્રસંગાનુસારી ચિત્રસંયોજનવાળી ઉત્તમ કૃતિઓ રજૂ કરનાર તરીકે આ કલાકારે રૂપાનો ચન્દ્રક મેળવ્યો છે આ અંકના મુખચિત્ર તરીકે આપેલું રંગચિત્ર પણ એમની જ કૃતિ છે. શાન્ત, સ્વચ્છ આલેખન અને આકર્ષક તથા કાવ્યમય રીતે રજૂ કરેલા પાત્રો સાથે ઊઠતી મધુર વિચારની લહરીઓ, એ એમના ચિત્રોના અનેરા આકર્ષણો હતા.

(બ્લૉક-મુંબાઈ આર્ટ સોસાયટીના સૌજન્યથી)







ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ

(વિવરણ માટે જુઓ પૃ. ૮૭)

ડાબી બાજુથી 'ગરનિટી'–શ્યામ લાલ પટેલ (અમદાવાદ) બીજું ઈનામ, વચ્ચે 'માતા'–મગનલાલ માસ્તર (પાલનપુર) ત્રીજું ઈનામ, છેલ્લે 'નિર્જીવ નળિયાં' હાસમ સુતાર (નડિયાદ), નોંધપાત્ર



કેટલીક જયંતી-ટિકિટો

યુનાઇટેડ સ્ટેટ્સ ઑવ અમેરિકાએ જુદાજુદા રાજ્યોની શતાબ્દીઓ તથા વિવિધ પ્રસંગોની જયંતીઓને સ્મરણાંકિત કરવા કાઢેલી ૩ સેન્ટની ટિકિટો–અનુક્રમે વર્મોન્ટ પ્રાંતની સ્થાપનાની ૧૫૦મી જયંતીના સ્મરણમાં કાઢેલી તેની રાજસભાના મકાનવાળી ટિકિટ, અમેરિકાના મધ્ય પ્રદેશને સૌ પ્રથમ વીંધીને ગોરાની જાતને સરળ બનાવનાર બહાદુર સ્પેનિશ સાહસસફરી કોરોનાડોની ચોથી શતાબ્દી ૧૯૪૦માં ઉજવાઈ તે પ્રસંગની એ સફરીની છબીવાળી ટિકિટ, અમેરિકન રાજબંધારણમાં હબસી ગુલામોની મુક્તિ વિષે ૧૩મી કલમ સુધારાયાના પ્રસંગની ૭૫મી જયંતીના સ્મરણમાં કાઢેલી, હબસી પર આશીષ વર્ષાવતા લિંકનની છબિવાળી ટિકિટ, ૧૯૪૦માં વ્યોમિંગ પરગણાની ઉજવાએલી ૫૦મી જયંતી વેળા કાઢેલી ટિકિટ, જેમાં વચ્ચે સરકાર હક્ક પ્રબોધતી સ્વાતંત્ર્યદેવી, અને બંને બાજુએ એ પ્રાંતના બે મુખ્ય ઉદ્યોગો (ઢોર ઉછેર અને જંગલ)ના પ્રતીક સમા તેના બે ધંધાદારીઓની છબિ છે, ઉત્તર, મધ્ય અને દક્ષિણ અમેરિકાએ સંયુક્ત થઈને કાઢેલા 'પાન અમેરિકન યુનિયન'ની ૫૦મી જયંતીના સ્મરણમાં કાઢેલી એ ત્રણે દેશની દેવીઓનો રાસ આલેખતી ટિકિટ, ૧૯૪૦માં ઉજવાએલી ઈડાહો પરગણાની ૫૦મી જયંતીના સ્મરણમાં કાઢેલી, એ પરગણાની રાજસભાના મકાનવાળી ટિકિટ, ૧૯૪૦માં પોની એક્સપ્રેસ (ઘોડા પર ટપાલ લઈ જવાની પદ્ધતિ)ની ૮૦મી જયંતી ઉજવાઈ તેના સ્મરણમાં કાઢેલી ટિકિટ, એમાં વચ્ચે મારતે ઘોડે જતા ટપાલીનું ચિત્ર છે, અને ઉપલી બાજુ ડાબે ખૂણે ઘોડાના મોઢાના હાડપીંજરનું (૧૮૬૦ની સાલ સાથે) તથા જમણે ખૂણે વાઢેલા કણસલાના ઢગલાનું (૧૯૪૦ની સાલ સાથે) એવા બે પ્રતીક છે તે એમ દર્શાવે છે કે ૧૮૬૦નો જે મુલક અનેક ઘોડાઓના પ્રાણ હરનારો ભયંકર વેરાન હતો તે આજે ફળદ્રુપ બની ગયો છે


(શ્રી હરિલાલ ઍંકરના સંગ્રહમાંથી)



મા

કલાકાર · શ્રી યામિની રાય

એમના પરિચય માટે જુઓ આ અંકમાં 'નાની નજરે' વિભાગ




આવતી કાલનાં નાગરિકોનું પત્ર

શ્રી રવિશંકર મહાશંકર રાવળ જ સંપાદક · બચુભાઈ રાવત



૨૨

એપ્રિલ'



કુમાર પ્રત્યેક અંગ્રેજી મહિનાની પંદરમી તારીખે બહાર પડે છે

મુદ્રક બચુભાઇ રાવત, તંત્રી અને પ્રકાશક રવિશંકર રાવળ, કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય ૧૪૫૪ રાયપુર અમદાવાદ. વાર્ષિક રૂા ૬, બ્રહ્મદેશના રૂા ૬॥, પરદેશના ૧૨ શિ., છૂટક દસ આના મુંબાઇમાં. કુમાર ઑફિસ, ૧૩૬-૧૪૨ મેડોઝ સ્ટ્રીટ, આર્ટ ... અથવા રાવત બ્રધર્સ પ્રિન્સેસ સ્ટ્રીટ. વડોદરામાં : નૂતન ...

કુમારમાંનાં સર્વ લખાણો ચિત્રો અને ફોટો ...



ફોટો • આબીદમિયા સૈયદ]
'પૉપ્યુલર ફોટોગ્રાફી'ની હરીફાઈમાં શ્રી આબીદમિયા સૈયદે ૩૫,૦૦૦ હરીફોમાંથી આ ચિત્ર ઉપર ૧-મું ઈનામ જીત્યું હતું.

ભૂતકાળની ભભક



[ફોટો • અખ્તર કે. સૈયદ
કૅમેરા: રોલાઇકોર્ડ II; લેન્સ ૩.૫ ટ્રાયોટાર, એક્સ્પોઝર: ૧/૨૫ સેકંડ f 11; ફિલ્ટર: લાઈટ યલો; ફિલ્મ: કોડાક સુપર એક્સ; તડકામાં લીધેલું.



શુક્રવારની ગુજરી

ચિત્રકાર : રત્નપ્રભા મોદિયા

વર્ષ ૧૯ કુમાર અંક ૪

એપ્રિલ · ૧૯૪૨

સીમન સીરાનિયન*

• રથોદ્ધતા •

મેદની ઉલટતી સમુદ્ર શી
ઘૂઘવી તરણીને ડુબાડવા
ઇશુના જીવનની અનેકમાં
કોઇ કંપિત હૃદે વિચારતાંઃ
'શી વિધે અમિતકાય ભાર આ
ક્રૂસનો વહી શકે ?'
પડે ઇશુ
ઠોકરાઇ. તહીં મેદની મહીં
જોઇને તરુણ કોઇ, એ વદેઃ
'તાત, ભાર હળવો કરીશ તું ?
શ્રેયભાજન જરૂર તું થશે.'
સીમને ક્રુસ લીધો. ઇશૂ ખભે
હાથ મૂકી પથ એ પૂરો કરે.
ધન્ય એમ સહપાન્થ જીવને
કોઇના થઇ વહાવવો પડે
ભાર એ ન; જીવિતવ્ય સાધના.

હરિશ્ચન્દ્ર ભ. ભટ્ટ

*ઇશુને સજા કરાવી વધસ્તંભ તરફ લઈ જવા ઊભરેલી ક્રૂર માનવમેદનીમાં જે થોડા લાગણીવાળા હતા તેમાંનો એક એ જુવાન હતો. વધનો સ્તંભ આરોપી પાસે ઉપડાવવાના રિવાજ મુજબ ક્રૂસ ઉપાડીને ચાલતો ઇશુ ભાર અને થાકથી ઠોકરાઈ પડ્યો તે વેળા સીમન તરફ જોઈ તેણે પોતાનો ભાર હળવો કરવા માગણી કરી. સીમને ક્રૂસ ઉપાડી લીધો અને ઇશુએ એને ખભે હાથ મૂકી પંથ પૂરો કર્યો. બાઈબલના આ હૃદયસ્પર્શી પ્રસંગને સૉનેટની છેલ્લી લીટીઓમાંનું જીવનસ્પર્શી વિધાન વધુ અસરકારક બનાવે છે કે 'એમ કોઈના જીવનમાં સહપાન્થ થઈને વહેવો પડે એ 'ભાર' નથી પણ જીવિતવ્યની સાધના છે.' ત્રીજી એપ્રિલે ઇશુનું ક્રૂસારોહણ થયું હતું એ આ કાવ્યની આ અંક માટેની પ્રસંગોચિતતા. ('અવતારના સાથી' એ નામના ઇશુજીવન વિશેનાં બાર કાવ્યોના હવે પ્રકટનાર સંગ્રહમાંથી)

આકળ

આકળ વિષેની એક નવી સુંદર કલ્પના

• શિખરિણી •

જુવાનીને જેમે ઝળઝળ જળાવી જગતને
ઉનાળે આખા યે અવનિઉરને આકુળ કર્યું.
પછી પશ્ચાત્તાપે સદય હૃદયે વિશ્વભરને
નવડાવ્યું ને ઠાર્યું જળજળ કરી; હૈયું ન ઠર્યું.
શિયાળે રૂપેરી હિમછવિ છવાઈ ડુંગરની,
કરે હૈડે હૈડે ખટક ખટકે જોબન તણી.
ડરી એના તાપે સકળ મૃદુ અંગે બળતરા
ટળે અંગેઅંગો, વિમળ થઇ;—તે આકળ ઝરે

પ્રભુદાસ કાલિદાસ વ્યાસ

બન્ધો !

એક નવા જ શાયરની કાવ્યરશ્મિઓની
પિછાન કરાવતું પહેલું કાવ્ય

• મિશ્રજાતિ •


યુગોજુના બંધન સ્નેહના એ,
બંધુત્વના સુંદર ગીતના?
રાખી રહ્યા માતની ગોદમાં ને
સંગે લીધા શ્વાસ સમાનતાએ
પવિત્ર ઉચ્ચાર કુરાનના ને
સંગે વહ્યા શ્લોક ગીતાતણા યે,
સુષુપ્ત હૈયાં ગહને જગાડી
બન્યાં હતાં દર્પિત [illegible]
સ્નેહાર્દ્રબાહો વળી બંધુ હૈયે
ભીંજવતા માતની આંખ હર્ષે.
બન્ધો ! વિસર્યા કાળની આ કથા જ ?
અને વહ્યાં શોણિતનાં હેલ આજ
વધારતાં અંતર અંતરોનું ?
સહી શકે આ નવ માતૃહૈયું
ને આજ ઊઠી તવ બંધુતા રે
પ્રજાળશો ના તવ ધામ? માને
હશો હવે હર્ષ ઉરે વહેતાં
શેતાનનાં શોણિત? [illegible]
એના નહિ લોચન શું નિહાળે?
બુઝાવશો અમૃત ઝેર માટે?

હૈદરઅલી હુસેન જીવાણી

સિંધુ ને સિંધુડો

સિંધુ કલ્લોલતો ભરતી એનાં ચઢી
ફીણ ને કાંગરા બાંધીને એ
મોતીના બિંદુડાં જલફુવારા રચી
વેરતો જ્યાં ન લેખાં ગણાં યે
ફીણ કે કાંગરા રાચતા જ્યાં નથી
જીવને તેમને ત્યાંય તો એ.
સિંધુડો આત્મસાગરતણો લ્હેરનો
જીવન છો જન્મથી આમતું રહે
જીવન કે ફીણ છો વિસ્મરણ ગીતનાં
સિંધુ ને સિંધુડો લ્હેરમાં રહે.

'લ'



ઉત્તર ભારતના કલાકેન્દ્રોના સંપર્ક અર્થે તંત્રીએ કરેલી સંસ્કાર-યાત્રામાં કલકત્તાનું વર્ણન આગળ ચાલુ

હિંદી કળાના આગેવાન વિવેચકોને જો પૂછો કે આજે હિંદી કળાની પ્રગતિના મોખરે નવીનતા કોણ સર્જી રહ્યું છે, તો મોટે ભાગે શ્રી યામિનીકુમાર રાયનું નામ દેવાશે. ગ્રામજનતાના કલાસ્વરૂપો અને પ્રકારોને અપનાવી તેના વ્યાકરણ પર સાદા રંગ અને રૂપના જોડકણાં યોજનાર આ કળાકારનું નામ હમણાં જ કલાચર્ચાઓમાં દેખાવા લાગ્યું છે, પણ એની વીસ વર્ષની એકાંત તપશ્ચર્યાના પરિણામે એને જ સામાજિક પ્રતિષ્ઠા અને સમૃદ્ધિના અધિકાર ગણવા જોઈએ તેથી તે વંચિત જ રહ્યા છે એમ કહી શકાય. એમનું સરનામું મને શ્રી ગાંગુલીબાબુએ આપ્યું, એટલું જ નહિ પણ મારા વિષે તેમણે પાછળથી એક પરિચયપત્ર પણ પોસ્ટ કરી દીધો હતો.

કલાકાર જમનબાબુ

બાગબજારના ઉત્તરે નદીઘાટ આગળથી અમૃતબજાર પત્રિકાની ઓફિસ સામે અમે પહોંચ્યા ત્યાં ખરું બંગાળી જીવન જોવા મળ્યું. ઘેરથી રસ્તાઓ સુધી કાલિ માતાની પૂજાનો સમારંભ ગોઠવાઈ રહ્યો હતો. ભણેલા તેમજ ધંધાર્થી બંગાળી નરનારીઓ ઘાટ પર … કરી ગોરોના પૂજાવિધિના કડાકૂટમાં ઉમેરો કરતા આવજાવ કરી રહ્યા હતા. તેમને કોઈને પૂછતાં કલાકાર યામિનીબાબુના ઘરનો પત્તો મળ્યો નહિ. એવામાં ખાખી લૂગડાંવાળો એક પોસ્ટમેન મળ્યો. તેને પૂછતાં ઉમંગથી તેણે કહ્યું 'હાં હાં, ચલો મેરી સાથ, મૈં આપકો જમનબાબુકા ઘર પર લે જાઉં.'



ભારતના ગામડામાંથી ઉત્પન્ન થયેલા રંગ અને લાવણ્યરેખાઓમાં નવા જ છંદ અને નવા જ લય સાધતી યામિની બાબુની કલાકૃતિનો નમૂનો

તેની કામગીરીમાં સંગ આપતા અમે એકમેકની વચ્ચેથી ગલીઓ વટાવી પાછળના ગૃહસ્થ લત્તામાં પહોંચ્યા ત્યાં તેણે એક વચોવચ નાનું ઘર બતાવ્યું ને કહ્યું 'વો ખિડકી ખોલ દેના, જમનબાબુ વહાં બૈઠે હી હોંગે.'

બારણા આગળ જઈ અવાજ કર્યો, એટલે તેમણે પોતે જ આવીને બારણું ઉઘાડ્યું અને અંદર નાના ચોકમાં અમને પ્રવેશ કરાવ્યો. બંગાળી સગવડથી બંગાળી ઘરોમાં સ્ત્રીઓનો પાકો પડદો પળાય છે, એટલે મુલાકાતે આવનારને ઘરના સ્ત્રીવર્ગનું દર્શન દુર્લભ રહે એવી આ તરફના ઘરોની રચના હોય છે. તોપણ જમનબાબુની કલાદૃષ્ટિએ એ ઘરને પણ નવીન રચનાથી એક સુંદર નાનું ચિત્રાલય બનાવી દીધું હતું. પ્રવેશના બારણા પર જ તેમના અનોખા પ્રકારના ચિત્રો ઉચિત રીતે ગોઠવેલાં હતાં તેની સચોટ છાપ પડી. પછી અંદર નવી જેવી ચાલમાં થઈ પોતાની બેઠકમાં તે અમને લઈ ગયા ત્યાં મુખ્ય બંને બાજુની ભીંતો અનેક કૃતિઓથી ભરપૂર કરી મૂકી હતી. તેમના ૧૪'×૮'ના નાનકડા દીવાનખાનામાં બંગાળી રીત મુજબ પાટ અને તકિયાની રચના હતી. ભીંતો ચિત્રોથી ખીચોખીચ ભરી હતી, પણ ગોઠવણીની ખૂબીથી તે દીપતી હતી. અજંતાની કોઈ નાની આવૃત્તિ હોય એમ જ માની લ્યો! માત્ર કલાના સ્વરૂપનો ભેદ એ હતો કે પેલી કોઈ સુવર્ણયુગની સંસ્કારભરી ચમત્કારભરી ચિત્રભાષા છે તો અહીં ગ્રામવાસીઓને પસંદ પડતા ઘેરા રંગો અને જાડી રેખાઓના જુદાજુદાં રંગચટકોમાં વિવિધ વિષયો રચેલા હતા. બીન અને સારંગીની રાગરાગણીઓની સૂક્ષ્મતા અને વનરાઈગામના વાયુમાં સૂર પૂરતી વાંસળી કે ગોપના ગીત-સુગાવટમાં ભેદ છે, છતાં બંને કળાના જ પ્રકારો છે એવો જ અનુભવ શ્રી યામિની રાયની કળામાં થયો.

બાવન વર્ષની ઉંમરના એ પીઢ પુરુષના સ્મિત હાસ્યે અમને અંતરનો આવકાર આપ્યો. તેમણે કહ્યું કે 'પ્રથમ તો હું યુરોપી શૈલીનો જ ઉપાસક હતો. જે વખતે અવનીન્દ્રનાથ ટાગોરની શૈલીની બોલબાલા હતી તે વખતે હું શ્રી પર્સી બ્રાઉનના હાથ નીચે પશ્ચિમી ઢબના પોર્ટ્રેટ (તસ્વીરો) અને લેન્ડસ્કેપ (દૃશ્યચિત્રો) કરી ચૂક્યો હતો. પણ આજથી વીસ વર્ષ પહેલાં મને લાગ્યું કે આપણા પ્રાંતમાં અને ગામડામાં લોકો જે કળાથી પોતાની રસવૃત્તિનું પોષણ મેળવે છે તે હાથ ન કરી શકાય તો આપણી આ નવી કળાના ગ્રાહકો કે પ્રશંસકો નકલી શિષ્ટો સિવાય કોઈ નહિ હોય. ભારતના ગામડાંમાંથી જે રંગ અને લાવણ્યરેખાઓ ઉત્પન્ન થયાં છે તેની ઊર્મિ અને ક્રિયા પ્રગટ કરાય તો આજે જે ભેદ નવીન શિષ્ટો અને ગ્રામજનતાના વચ્ચે પડ્યો છે તે દૂર થાય અને રાષ્ટ્રીય સંસ્કૃતિ મજબૂત બને. પણ આ કળાને કોણ અપનાવે? યુનિવર્સિટીઓ અને કળાશાળાઓના વિરોધ અને બેપરવાઈની હદ નથી. કલકત્તાના વર્તમાનપત્રોમાં મારા માટે સ્થાન નથી. કોઈ સ્વાખ્યાત કલાવિવેચકો કે વિદ્વાન યુરોપિય



શ્રી યામિનીબાબુ અને તેમનો કલાકાર પુત્ર—ચિત્રોથી ભરચક ભીંતોવાળા તેમના નાના સુંદર દીવાનખાનામાં

પ્રવાસીઓ હિંદની મૌલિક કળા શોધતા આ ગલીમાં આવે છે ત્યારે કોઈ કોઈ ચિત્રનું વેચાણ થાય છે એ આવકની મર્યાદામાં હું મારું જીવન ટકાવી રહ્યો છું. હું ખાત્રીથી કહું છું કે આપણા વિદ્યાર્થીઓ ભારતીય કલાપ્રમર્મ સહજ શીખી શકે છે' તેમણે પોતાના ૧૯ વર્ષના પુત્રનો અમને પરિચય કરાવ્યો. પોતે તેને આર્ટ સ્કૂલમાં મોકલવા સાથે પોતાનો વારસો પણ સોંપ્યો છે.

આશરે હજારનાં તેમનાં ચિત્રો એકીસાથે જોયા પછી લાગે કે તેમણે તેમાં નવા છંદો અને લય આણ્યા છે. તેની મૂળ આદિમ-ગ્રામી શક્તિનાં ચિત્રો, રમકડાં અને જૂનાં ઓળિયા (પટ) કે વ્રતકામોમાંથી તેમણે એકઠી કરી છે. એક તરફ ઠાકોર કુટુંબની વિદ્યા અને સંસ્કારસમૃદ્ધિએ પાંગરેલી, અજંતા રજપૂત મુઘલ અને ચીન-જાપાનના અપાર વારસાભંડારમાંથી રૂપતત્ત્વેલી નૂતન હિંદી ચિત્રશૈલી છે, તો બીજી તરફ આ એકલા સ્વાતંત્ર્યે પણ જીવતી ગ્રામ-કળામાંથી સાદી છતાં જોરદાર ભભકદાર ચિત્રપીઠ જમાવી પરાક્રમ કર્યું છે એમાં શક નથી. હવે તો તેની પેઢી કેમ વિસ્તરે એ નવા અભ્યાસીઓ અને ઉપાસકોનું જ કર્તવ્ય રહે છે.

યુરોપની સાદી ને સરળ ઓરિએન્ટલિયા કલાની પ્રધાનશૈલીઓને અપનાવનાર અને તેની પાછળ ઘેલા તથા અગાધ ગૌરવ ધરાવનાર ઘણા શોખીનો મળે છે, તો આપણા જ દેશની આમ જનતામાં સહજ મૂળ પામેલી ચિત્રશૈલીને વ્યાપક રૂપ કાં ન મળે? આ સાથે આ-પેક્ષા નમ્રતાથી કોઈ ન સમજતા કે એમની આ નવી કળા કોઈ શક્તિ-ના અભાવે જન્મી છે. તેમણે એક નાના ખંડમાં રાખેલાં પોતાના પૂર્વકાળનાં રંગચિત્રો અને તસ્વીરો બતાવ્યાં તે તેમને આધુનિક પ્રયોગોમાં ઉચ્ચ સ્થાન અપાવે એવા નમૂના હતા. લાઈફ પેઈન્ટિંગ અને પોર્ટ્રેટ કલરનાં તેમનાં ચિત્રસંયોજનો અનેકવિધ છે. પણ આજે તો કોડિયાં કુલડીઓમાં સુંદર સાથે સાદી રંગની બરણીઓ સિવાય તેમાંથી ચિત્રો સર્જી તેમણે કલાકૃતિ અનુભવો માટે કલાપ્રકાર મુજબ અને સરળ સાથ એવો નાદ કાઢ્યો છે.

એમનાં વચનોમાં નિશ્ચય અને શ્રદ્ધા ખૂબ ભર્યાં હતાં; પણ એમના જીવનકાળમાં જનતા એ સમજશે કે નહિ તેની ગ્લાનિ અને નિરાશા પણ હતા.

મારી સાથેનાં નવપરી ગુજરાતી કળાના ચિત્રો જોવા એમણે ઇચ્છા બતાવી તેથી બીજે દિવસે મેં તે જોવા મોકલ્યા ત્યારે તેમણે ખૂબ હર્ષ બતાવ્યો અને જણાવ્યું કે ભાષા અને મુલકભેદ હોવા છતાં, અંતરના સંસ્કારોમાં તો આખું હિંદુસ્તાન એકનું એક જ છે. ભારત-ની કળાનો ઉદ્ગાર એક જ પ્રકારના રંગોને હૃદયમાં વ્યક્ત થઈ રહ્યો છે.

એમના ચિત્રસમૂહનું પ્રદર્શન હિંદનાં વિવિધ નગરોમાં થાય તો તરુણ પેઢીમાં નવી પ્રેરણા અને સંસ્કાર જાગૃત થયા વિના રહેશે નહિ. જીવન ભાવનાં ત્યાગ અને સિદ્ધિ અમર છે.

ભવાનીપુર ગુજરાતી સંમેલની

● શ્રી ચાંપશીભાઈએ અમારા પરસ્પર મિલન માટે ગુજરાતી સાહિત્યસભાનો સમારંભ યોજ્યો તે વખતે કેટલાક ભવાનીપુરવાસી ગુજરાતી સજ્જનો પણ ત્યાં હાજર હતા, જેઓ વેપારધંધામાં આગળપડતા અને તો વિવિધ ક્ષેત્રોમાં ઊંચા હોદ્દાઓ પર હતા. તેઓમાંના ઘણા કલકત્તાના એ દૂરના પરામાં રહે છે તેમને શહેરના આ ભાગમાં કુટુંબ સહિત અવારનવાર આવવાજવાની મુશ્કેલી લાગવાથી તેમણે ભવાનીપુરમાં જ 'ગુજરાતી સંમેલની'ની એક જુદી સંસ્થા જમાવી છે ને ત્યાં વખતોવખત મુલાકાતો તથા સમારંભો યોજવામાં આવે છે. તેમનામાંના શ્રી દિવાનજી તથા શ્રી પોપટિયાએ ઠરાવ્યું કે ત્યાંની ય મુલાકાતનો લાભ મારે લેવો તે મુજબ ત્યાં પણ એક રાત્રે ગયો. તેમાં જમેલી બહેનો તથા ભાઈઓ અને તરુણોની સારી હાજરીથી પરોણા માટેના તેમના સદ્ભાવ ને આદર દેખાઈ આવતાં હતા. હું તો કલાયાત્રાએ નીકળેલો, એટલે અહીં મળેલાં ગુજરાતી ભાઈબહેનોને શું કહું તેની મોટી વિમાસણમાં પડ્યો. શ્રી ગગનવિહારી મહેતા અને શ્રી સૌદામિનીબહેન જેવાં સંસ્કારી અગ્રણીઓ જે મંડળમાં હોય ત્યાં મારી વાત ફિક્કી જ પડી જાય તેની મને ખાતરી હતી; છતાં ગુજરાતની સાંસ્કૃતિક સંસ્કૃતિ વિષે થોડુંક મેં કહ્યું અને તેમાંથી રસપ્રદ પ્રશ્નાવલિ ઊભી થઈ તેથી વધુ રસ જામ્યો ને

ગ્રામ જનતાનાં સંસ્કારો અપનાવીને નવા વ્યાકરણ રૂપરંગ રેખ અને નવી નિખારોમાં સાદા રૂપરંગનાં હેતુમાં યોજનાર યામિનીબાબુની કલાનો નીચેનો નમૂનો



ઠીક વખત લીધો. સંમેલન તરફથી દર વરસે નાટ્યપ્રયોગો ગરબા વગેરેના ઉત્સવો પ્રસંગોપાત થાય છે, તેમાં સ્ત્રીઓ પુરુષો ને બાળકો સરખો જ ભાગ લે છે. થોડા વખત પહેલાં સાહિત્યસભા અને સંમેલનીના સભ્યો વચ્ચે ક્રિકેટ મૅચ યોજાઈ હતી અને શ્રી ચાંપશીભાઈ જેવા પણ મેદાને પડ્યા હતા એ સિવાય આવા ગરબો ગુજરાતના પરોણાઓને સૌનો પરિચય કરાવી આપવાની સુંદર સેવા બજાવે છે અને પ્રાંતિક અસ્મિતાને પોષી જાગ્રત રાખે છે

પ્રમોદકુમાર ચટ્ટોપાધ્યાય

● ભવાનીપુરમાં મારા ઘણા અંગત સ્નેહીઓ પણ હતા. શ્રી લક્ષ્મીશંકરભાઈ જોષી, શ્રી રામનારાયણભાઈ આચાર્ય, શ્રી મોહનભાઈ પુરોહિત વગેરે કલકત્તાના જૂના જોગી સમા છે, અને શ્રી ચાંપશીભાઈના ભાઈ શ્રી દ્વારકાદાસ પણ ત્યાં જ વસે છે આ બધાની સહાય ન હોત તો કલકત્તામાં જુદાજુદા સ્થળો શોધી કાઢવાં ને વખતસર શરીરયંત્રને પોષણ આપવું મુશ્કેલ પડે એમ હતું ખાસ કરી કલાકાર પ્રમોદબાબુનું ઘર શોધતાં મને ખરેખરી વીતી શ્રી રામનારાયણભાઈ આચાર્યના સુપુત્ર હરિભાઈ જે ફિલ્મ ડિરેક્ટર અંબુભાઈ આચાર્યના નાના ભાઈ થાય તે સાથે હતા તેમને પણ, કલકત્તાના પોતે જાણીતા છતાં, ખૂબ પૂછપરછ કરવી પડી. કોઈ દૂરના અસલ બંગાળી પરામાં રેલવેનો દાદર ઓળંગી અમે તેમનું ઘર શોધી કાઢ્યું નાગરિક કળાઓમાં ગુજરાતે ઘણો વિકાસ કર્યો છે એમ એ લત્તો જોતાં મને લાગ્યું શ્રી પ્રમોદબાબુ વડોદરા કલાભવનમાં બે વર્ષ ચિત્રવિદ્યાના આચાર્ય તરીકે કામ કરી ગયા છે. ભાઈ સોમાલાલ શાહ ને કૃષ્ણલાલ ભટ્ટને તેમના પરિચયમાં મૂકવાનું પુણ્ય પણ મારે ભાગે જમા થયું છે, અને તેમણે પણ એ બન્ને ઉપર સારું ધ્યાન આપી તેમના વિકાસમાં સહાય કરી છે; એટલે તે સ્મરી તેમને મળવું મને આવશ્યક લાગ્યું પણ કલકત્તામાં એવા મોટા કલાકારો કેટલા યે ખૂણે ખૂણે ગર્ક થઈ ગયા છે કુટુંબની જંજાળો, જ્ઞાતિના રિવાજો ને સમાજની બેપરવાઈએ પ્રમોદબાબુની કળાને રૂંધી મારી છે પ્રમોદબાબુએ અમને બારીમાંથી હુજ્જત-કરતાંકરતાં જોઈ લીધા કે તરત નીચે આવ્યા એમણે નીચેનો રૂમ એ લત્તાની એક શાળાને ભાડે આપેલો ત્યાં અમે થોડી વાર બેઠા એટલે તેમણે કપડાં પહેરી લીધાં અને કહ્યું, 'ચાલો મારા સ્ટુડિયોમાં.' સ્ટુડિયો નજીકમાં જ હશે એમ અમે ધારેલું, પણ એ તો બીજા એટલા જ અંતરે એક ત્રીજે ખૂણે નીકળ્યો' ટ્રામની લાંબી મુસાફરી કરી ત્યાં પહોંચ્યા લત્તેલત્તે દુર્ગાપૂજાનો સમારંભ જામ્યો હતો માતાજીની મોટીમોટી કલાત્મક મૂર્તિઓ મંડપમાં પધરાવી તેની શોભા અને પૂજામાં ગલીઓ તેમજ શેરીઓ એકસરખા ગુલતાન હતા એવા એક લત્તાને છેડે તેમણે એક મકાનમાં અમને પ્રવેશ કરાવ્યો ચાવીથી બારણાં ઉઘાડ્યાં તો ચૂનાના ચણતર રહેલું, વરસાદના ચૂવા થયેલું, ફાટો પડેલી ભીંતોવાળું એવું એક મકાન જણાયું કળાકારને કોઈ વિચિત્ર ઇજનેર મળેલો તેણે ઉપર બને એટલા લાકડાના પાટા ચડાવેલા પરસાળમાં કાચની બારીઓ જડેલી તેના કાચ પણ ફૂટી ગએલા પણ વધુ ખરાબ દશા તો અંદરના ચિત્રોની હતી ભેજ અને ફૂગ ચારે તરફ તેની પાથરી કતલનું કામ કરી રહ્યા હતા હિમાલયનો પ્રવાસ કરી આવેલા આ અવધૂત કલાકારને તે ઉપર પણ બેપરવાઈથી હસતા જોઈ નવાઈ લાગી તેમના ઘણા સારા ચિત્રો હજુ પ્રકટ થયા નથી પોતાના સમકો આમતેમ પડેલા તેમાંથી એમણે સ્વ ગગનેન્દ્રનાથ ઠાકોરે એમને ભેટ આપેલા છ ક્યૂબિસ્ટ ચિત્રો (અનેકબાજુ દશા) બતાવ્યા ત્યારે અમારો આંટો સફળ થએલો લાગ્યો આ ચિત્રો શ્રી ગગનબાબુને દુનિયાના ઉસ્તાદોની હારમાં મૂકે એવા પ્રબળ ગુણવાળા હતા. આનંદ અને શોક મિશ્રિત લાગણીઓ વચ્ચે અમારે જલદી આ અનાદરભર્યા વાતાવરણમાંથી ઊઠવું પડ્યું પોતાના કરતાં પોતાના શિષ્યો વધુ આશાસ્પદ અને સ્વસ્થ છે એટલું અમારી પાસેથી જાણી પ્રમોદબાબુએ સંતોષ માન્યો

ફાઈન આર્ટ સેન્ટર

● કલકત્તાની પ્રવૃત્તિઓનો બધો વિસ્તાર નીરખવાનું તો લગભગ અશક્ય હતું યુરોપી ઢબે ચિત્રકળા કરી રહેલા સમર્થ ચિત્રકારો ત્યાં છે કલકત્તાના નિવૃત્ત થએલા પ્રિન્સિપાલ શ્રી પર્સી બ્રાઉન વિક્ટોરિયા આલ્બર્ટ મ્યૂઝિયમના ક્યુરેટર છે તેમના જ વખતના વાઈસ પ્રિન્સિપાલ શ્રી જામિનીપ્રસાદ ગાંગુલી પણ નિવૃત્ત થવા છતા હિમાલય અને ગંગાના દશ્યો ચીતર્યા જ કરે છે તેમનું શિષ્યવૃંદ પણ મોટું છે એમાંના કેટલાકે 'ફાઈન આર્ટ સેન્ટર' કરીને એક મંડળ સ્થાપ્યું છે તેમા કલાકારોનો સંપર્ક, ચિત્રાલય, સ્કેચિંગ ક્લબ, શિક્ષણવર્ગો અને વ્યાખ્યાનોની યોજના છે મેં આ કેન્દ્રની મુલાકાત લીધી તે વખતે કમનસીબે મુખ્ય વ્યક્તિઓ હાજર ન હતી, પણ કલાકાર દિલીપ દાસગુપ્તાએ ત્યાં મલાયાના પ્રવાસનાં પોતાનાં ચિત્રોનું પ્રદર્શન ભર્યું હતું તે જોવા મળ્યું ચોરંગી જેવા આલીશાન લત્તામાં આ સંસ્થા બેત્રણ સારા વિશાળ ખંડ રોકે છે તે પરથી તેની વગનો ખ્યાલ આવશે વિશેષ સમયના અભાવે કલકત્તા કૉર્પોરેશન મારફત ચિત્રપરિચય દ્વારા શિક્ષણ આપવાનો કાર્યક્રમ રચનાર શ્રી અમલ હોમને પણ હું ન મળી શક્યો. પૂજાના તહેવારે અનેક જણને વિશ્રાન્તિ કે વિહાર માટે તેમના સ્થાન બહાર મોકલી દીધા હતા

'મૉડર્ન રિવ્યુ' અને 'વિશાલ ભારત'

● છતાં પત્રકારોને ભાગ્યે જ તહેવારો હોય છે ટેલીફોન પર ખબર કાઢતાં 'વિશાલ ભારત'ના તંત્રી શ્રી શ્રીરામ શર્માનો ઉષ્માભર્યો આવકાર મળ્યો એટલે ત્યાં સવારી ઊપડી! કલકત્તાના લાંબા અંતરો પર મુલાકાત બહુ આકરી તો પડે, પણ કોઈકોઈવાર ત્યાં વાહનોની સગવડ સારી મળે છે. ત્યાંની ટ્રામ કદમાં નાની છતાં પંખા ને ગાદીઓની સગવડવાળી હોઈ ગમે તેટલા અંતરનો કંટાળો મટાડી દે એવી છે પણ 'વિશાલ ભારત' જતી વેળા ભાઈ નવીન ગાંધી બિરલા શેઠની મોટર લઈ આવેલા તેનો લાભ મળ્યો પેટ્રોલની કડકાઈએ મારા ઘણા યજમાનોને દુ:ખી કર્યા હશે; પણ આજે તો ભારતના કુબેરરાજને ઘેર પધારો પહોંચવાનો હતો 'વિશાલ ભારત'ની ઑફિસે આસાનીથી પહોંચી ગયા અને ત્યાં અસલ બૈયા સ્વરૂપ, બેઠી બાંધણીના સફાચટ મસ્તક છતાં સીનાદાર મોં અને વજનદાર મૂછોવાળા શ્રીરામ શર્માનાં દર્શન થયાં

શ્રીરામ શર્માજી

● એમની સાથે પત્રપરિચય તો બહુ લાંબા વખતનો હતો, પણ આજે તેમને પ્રત્યક્ષ મળ્યા ત્યારે એ કેવા સરળ, સાફસાફ બોલનારા ઉત્સાહી નરવીર છે તેનો ખ્યાલ મળ્યો એક મોટા ડાઈનિંગ ટેબલની ચારેપાસ તેઓ અને તેમનું મદદનીશ મંડળ એક જ ખંડમાં સાથે કામ કરે છે તે બધાની તેમણે પિછાન કરાવી જુસ્સાભરી તીખી હિંદી પર તે પ્રભુત્વ ધરાવે છે કોઈપણ પ્રસંગે યુદ્ધતત્પર લાગે છે મૂળ તો તે અવ્વલ નંબરના શિકારી છે શિકારની તેમની જાતઅનુભવની વાતો ખૂબ પ્રસિદ્ધ થઈ છે અને 'કુમાર'ને પણ તેની ખૂબ પ્રસાદી મળી છે બ્રાહ્મણ શરીર છતાં શિકારની કામગીરીમાં તેમને અનહદ રસ છે. ચુસ્ત ખાદીધારી, નિયમિત કાંતનાર, પૂ. બાપુજીના અનન્ય ભક્ત, કદી જીભથી આમિષ સ્વાદ નહિ લીધેલો એવા છતાં, કહેતા હતા કે 'હાથમાં બંદૂક પકડતાં હું બદલાઈ જાઉં છું' એમની



ડાબી બાજુથી શ્રી રવિશંકર રાવળ, 'વિશાલ ભારત'ના સંપાદક શ્રી શ્રીરામ શર્મા, 'મૉડર્ન રિવ્યૂ'ના સંચાલક શ્રી રામાનંદ ચટ્ટોપાધ્યાયના બીજા પુત્ર શ્રી કેદારનાથ ચટ્ટોપાધ્યાય

વાતોનો પાર જ ન આવે. દલીલો પર દલીલો કરી તેમનો મત ચલાવ્યે રાખે. મારા પ્રવાસનો હેતુ તેમને સમજાવ્યો એટલે બહુ ઉત્સાહિત થઈ ગયા અને યુ. પી. માં મને બધે ઊતરવાની સગવડ છે યા નહિ તે પૂછી લીધું. બધે સગવડ હતી. અલાહાબાદમાં પિછાન નહોતી, એટલે તેમણે કહ્યું કે હું ત્યાંની ગોઠવણ કરી આપીશ અને મને પાછળથી તેમની ચિઠ્ઠીએ સરસ સગવડ કરી આપી. શ્રીરામ શર્માજી પંદર દિવસ જ કલકત્તામાં રહે છે. પંદર દિવસ તેમની આગ્રા સુધીની રખડપટ્ટી જ હોય છે. આગ્રામાં તેમનું ઘર છે, પણ હિંદી ભાષાની સેવા ખાતર જ 'વિશાલ ભારત'નું તંત્રીપદ સંભાળે છે. તેમનું મિત્રમંડળ બહુ વિશાળ છે. ગામેગામ તેમના ચાહકો છે. રાજદ્વારી વિષયમાં તેમનો જુસ્સો જુદો જ છે. યુ. પી. માં કૉંગ્રેસ કારભાર હતો ત્યારે તેઓ ગ્રામોદ્ધાર વિભાગમાં અધિકારપદે હતા, પણ જરા સિદ્ધાન્તને પ્રતિકૂળ કંઈ લાગ્યું કે છૂટા થઈ ગયા. તેમનું વાચન વિશાળ છે. શોખમાં શિકાર, મલ્લવિદ્યા, પશુસંગોપન, ગ્રામસુધાર વગેરે છે. હમણાં જ તેમણે પશુધન ઉપર બહુ વિગતપૂર્ણ લેખો 'વિશાલ ભારત'માં લખ્યા છે. પૂ. બાપુજીની નિકટમાં રહી તેમના દિનચર્યા ને સિદ્ધાન્તો ઉપર માર્મિક વિવેચન કર્યું છે. શ્રી અમૃતલાલ પંડ્યાનો 'સોમનાથના મંદિર' ઉપરનો એક લેખ 'મૉડર્ન રિવ્યુ'માં પ્રકટ કરવાની ઈચ્છાથી હું લઈ ગએલો તેની મેં તેમને વાત કરી, એટલે કહે 'ચાલોને, તમે જ કેદારબાબુને રૂબરૂ મળી વાત કરો. બાજુના જ ખંડમાં તેઓ બેઠે છે.

કેદારબાબુ

● કેદારબાબુ શ્રી રામાનંદ ચૅટરજીના બીજા સુપુત્ર સાથ બંગાળની ઘણી પ્રવૃત્તિઓમાં તે અગ્રનાયક છે, છતાં 'મૉડર્ન રિવ્યુ'નું સંચાલન સંભાળી રહ્યા છે. તેમને મળ્યા એટલે પ્રથમ તો મને કોઈ સામાજિક કે રાજદ્વારી પ્રતિનિધિ સમજી બંગાળના ગામડાંના ધંધા ક્યાં તૂટી ગયા તેના પર મને ગરમ આલોચના સંભળાવી. મેં ધીરજ રાખી સાંભળ્યા પછી કહ્યું કે હું તો કલાનો એક સામાન્ય સેવક છું અને મારું પર્યટન જુદા આશય પર છે. સંપર્ક, સદ્‌ભાવ અને સંસ્કૃતિનો સમન્વય સાધવો એ જ મારું ધ્યેય હતું અને તે દ્વારા કેવી રીતે દેશના ખૂણાઓ સુધી કાર્યક્ષેત્ર વિસ્તારી શકાય તેની મેં એક ટૂંકી રૂપરેખા તેમની આગળ રજૂ કરી ત્યારે તેમનું વલણ બદલાઈ ગયું અને સ્મિતપૂર્વક વાર્તાલાપ થવા દીધો. પછી મેં ભાઈશ્રી પંડ્યાનો લેખ સોંપ્યો એ ઘણા આદર અને ચિન્તાપૂર્વક તેમણે ગયા જાન્યુઆરીમાં જ પ્રકટ કરી પોતાની સહૃદયતાની ખાત્રી કરી આપી છે. એમની સાથે ટૂંકે પતાવી અમે બહાર નીકળ્યા ત્યાં બારણા પાસે જ ચિ. નરેન્દ્રે અમારી ત્રણેની છબી લીધી. તે જોઈ શર્માજી કહે 'અરે તમારી બેની વચ્ચે હું તો ભજિયું (sandwitched) થઈ ગયો છું'

શર્માજીના રૂમમાં પાછા આવ્યા ત્યાં તેમના શાગિર્દોએ અમારા માટે ફળાહારની રકાબીઓ તૈયાર રાખેલી. અરે ભગવાન! મહેમાનોને ઠાંગેઠાર રસગુલ્લા ધરવામાં આવે એવી ગોઠવણ તો તેં કરી, પણ સાથે ક્ષુધા અને પાચનની બક્ષિસ જરા ય ન કરી. સારું હતું કે ભાઈ વ્રજલાલ ત્રિવેદી સાથે હતા તે વર્ણનોવર્ણન અમારી આબરૂ સાચવતા તેમજ યજમાનોને નિરાશ થવા ન દેતા. શર્માજી જરા બીમાર હતા છતાં એ બેત્રણ કલાકની ઊછળતી વાતચીત અને ઉમળકો ન ભુલાય એવા બન્યા.

ડૉ. અનંત પંડ્યા

● અમે કલકત્તા ગયા તેના બીજા દિવસે સૂર્યગ્રહણ હતું. એવે દિવસે દરિયામાં અચાનક ભરતી ઉત્પન્ન થઈ એક મોટા વેગ સાથે પાણીના ઊંચા મોજા હૂગલી નદીમાં વેગે છે ને એ દૃશ્ય કુદરતનો એક અજબ ચમત્કાર લાગે છે. અમને તે બતાવવાના લોભે શ્રી વ્રજલાલ ઉપાધ્યાય કોઈ મિત્ર પાસેથી પેટ્રોલની પૂરી ગોઠવણ કરી મોટર લાવેલા. બરોબર નવ વાગ્યે સામે પાર બોટનિકલ ગાર્ડનના અમુક ઘાટ આગળ પહોંચવા માટે રોકાયા વિના ધસ્યા. તે દિવસે નદીસ્નાન કરવા ચાલી નીકળેલો માનવસમુદાય પણ મને ઓછો ચમત્કારિક ન લાગ્યો. હાવરાનો પુલ બે જ મિનિટમાં પાર થઈ ગયે ત્યાં અરધો કલાક લાગ્યો. સીબપુરના એ બાગમાં પ્રવેશતાં જ એન્જીનીઅરિંગ કૉલેજનું પાટિયું વાંચ્યું, અને તેના પ્રિન્સિપાલ આપણા ડૉ. અનંતભાઈ પંડ્યા છે એની સ્મૃતિ થઈ આવી. પણ અમને તો પૂરના ઘોડા જોવાની તમન્ના હતી, એટલે રોકાયા વિના ઘાટ પર પહોંચ્યા. ઘણા લોકો એ દૃશ્ય જોવા ટાંપી બેઠા હતા. 'હમણાં જોજોને, દરિયા તરફથી ઊંચા ઊંચા દીવાલ જેવડા મોજા ગરજે ઘૂઘવતાં, હોડીઓ ને સ્ટીમરો કિનારા પાસે ભરાઈ ગઈ બસ, ટાઈમ ભરાઈ ગયો છે.' પણ બેચાર હિલોળા મારી પાણી કટલાક પગથિયાં ચડી આવ્યું તે સિવાય કશું બન્યું નહિ અને અમે એક કલાકની હવા ખાઈ નિરાશ મને પાછા વળ્યા, તેમજ ડૉ. પંડ્યા સાથે એકાદ કલાક વધુ મળત તે પણ ગુમાવ્યો. છતાં તે સ્વજન જેવા હતા એટલે તેમના બંગલા પર ગયા. મારું વિઝિટિંગકાર્ડ ગયું કે તરત તે દોડતે લેવા આવ્યા અને ચિરપરિચિત સાદે 'રવિભાઈ, આવો આવો'-થી સૌને મળ્યા. ડૉ. પંડ્યા ગુજરાતનું એક તેજસ્વી રત્ન છે. અને 'કુમાર' તો તેને ન જ વીસરી શકે. પોતાના બાલ્યકાળમાં 'કુમાર'ને હસ્તલિખિત માસિકનું રૂપ આપનાર ગુજરાતી કુમાર તે જ હતા, ને પછી પણ કેટલાક લેખો તથા વાર્તાઓનો અને અમેરિકાથી લખેલા પત્રોના મોંઘા ફાળો પણ તેમણે આપ્યો છે.

હિંદમાં મળતી નવી કેળવણીપદ્ધતિનો તે પૂરો લાભ પામ્યા છે અને ભાવનગરને તેના જન્મસ્થાન તરીકે કીર્તિ અપાવી છે. બંગાળની કેટલી યે એન્જીનીયરિંગ કૉલેજોના તે અધિષ્ઠાતા છે અને ગવર્નરથી લગભગ બીજા નંબરનો જ અધિકાર તે ભોગવે છે. તેના પદની ઉપયોગિતા અને મહત્ત્વ એટલું બધું છે. એ જગ્યાની લાયકાત ધરાવતી વ્યક્તિ હિંદમાં ન મળતા લંડનની એક પેઢીમાં શ્રી અનંતભાઈ હતા



ડૉ. અનંત પંડ્યા

ચિત્રપ્રથામા લાક્ષણિક હિંદી પ્રકારો આવી માળામાં યે લેવામાં નથી આવ્યા એ આશ્ચર્ય છે. સગવડ રીતે માટે કેટલાક જપાની પ્રકારો અને એકેજ પ્રકારોનો પરિચય આપ્યો છે. નૈસર્ગિક ચિત્રણના નિયમો ઉપર વિશેષ રચનાઓ બનાવવી ઘટે છે વળી પદાર્થો, સ્થાપત્યો અને પુષ્પોના નામો તથા પરિચય મૂકવાથી ચિત્રકળાને શિક્ષણ-સહાયક બનાવી શકાય ને વાત પણ ભૂલવી ન જોઇએ. પટણાનો ધાન્યભંડાર અને અશોકનો સ્તંભ એક જ પાના ઉપર છે, પણ તેના નામ અને સ્થાન બતાવ્યા સિવાય ચિત્ર તરફ આકર્ષણ કે રસ ન ઉપજાવી શકાય. લેખકે યથાદર્શન (પર્સ્પેક્ટિવ)ના પાઠો યોજવામાં વધુ વ્યવહારુ શૈલી બતાવવી જોઈતી હતી. એકબે ઠેકાણે નિયમ દર્શાવતા eye level (ક્ષિતિજરેખા) બતાવવામા ભૂલ કરેલી છે તે તરફ ધ્યાન ખેંચીએ છીએ.

મહારથીજી એક ઉત્સાહી અને ભાવુક કલાકાર છે, એટલે ભારતીય અલંકારો આકૃતિઓ અને ચિત્રશાસ્ત્રનો વિશેષ અભ્યાસ અને સંશોધન કરી તે ચિત્રશિક્ષણના કાર્યને વધુ વેગ આપી શકે એવી અમારી દૃઢ શ્રદ્ધા છે. હવે પછીની આવૃત્તિઓમા પદાર્થોના પરિચય આપવાની વાત સ્વીકારશે તો જરૂર આ પુસ્તિકાઓ વિશેષ શિક્ષણ-સહાયક બનશે. જરૂર લાગે ત્યા ગ્રંથો અને સ્થાનોનો ઉલ્લેખ કરવો જોઇએ. એકંદર હાલ છે તે જ રૂપમા પણ વિદ્યાર્થી પાસે આ પુસ્તિકાઓ પડી હશે તો તેના હાથ અને આંખને ચિત્રપ્રયોગો કરવાની તક આપોઆપ મળી રહેશે.

આધુનિક ગુજરાતના બ્રહ્મર્ષિ
સ્વ. આચાર્ય આનંદશંકરભાઈ

● ગઈ તા. ૭મી (એપ્રિલ)ના રોજ એમનો પરલોકવાસ થતા ગુજરાતને વિદ્વત્તા, સંસ્કારિતા અને ગૌરવનું એક મહાપદ ગુમાવ્યા જેટલી ખોટ પડી છે અને એ પૂરાશે કે નહિ તે શંકાસ્પદ છે. વિદ્યા અને સૌજન્યના સાક્ષાત અવતાર સમા ધ્રુવસાહેબની દીક્ષા પામેલા અનેક વિદ્વાનો અને સ્નાતકોથી હિંદુસ્તાનભરમા તેમનું ઋણ પથરાઈ રહ્યું છે. અમદાવાદ કે મુંબાઈમા જેમની સાચી કદર કરવાની શક્તિ નહોતી એવા ધ્રુવસાહેબને ગાંધીજીએ નિમિષમાત્રમા અપનાવ્યા અને મહામના માલવીયજીને હાથે ગુજરાતના એ મહામૂલા રત્નને યોગ્ય બનારસ હિંદુ વિશ્વ વિદ્યાલયના આચાર્યઅને કુલનાયક (પ્રો વાઈસ ચાન્સેલર) પદે એની પ્રતિષ્ઠા કરાવી ત્યારે જ એની તેજસ્વિતાની વિશ્વનાવિદ્યાજગતને જાણ થઈ. એમના વિદ્યાર્થીપ્રેમ, સ્વધર્મનિષ્ઠા, દેશભક્તિ ને સંસ્કૃતિ-પરાયણતાના અનેક દૃષ્ટાંતો ને અનુભવો


(બ્લૉક : ગુજરાત સમાચારના સૌજન્યથી)

એમનો પરિચય પામનારાઓને મળ્યાં છે. વ્યાપક વાત્સલ્ય અને ધ્યેયનિષ્ઠ અભ્યાસપરાયણતાનો એવો યોગ વિરલ વ્યક્તિઓમા હશે. એ તો બ્રહ્મવિદ્યાના સાચા ઉપાસક અને જ્ઞાતા હતા, એટલે પરમ પદમાં જ સ્થિર થયા, પણ ગુજરાતને એમની ખોટ વિસારે નહિ પડે.

મોતીભાઈ અમીન-સ્મારક ગ્રંથ

● સેવા, જનહિત ને જ્ઞાનપ્રચારની પરબો બાંધી જનાર, નવ ગુજરાતના આદ્ય ઘડવૈયા મોતીભાઇ અમીનના જીવન અને કાર્ય વિષે, (એ જ નામનો) એક અતિ બોધપ્રદ, પ્રેરક અને રસભર્યો ગ્રંથ શ્રી મોતીભાઈ અમીન સ્મારક સમિતિ—આણંદ તરફથી સાડા ત્રણ રૂપિયાની કિંમતે બહાર પડ્યો છે. એના સંપાદક શ્રી પુરુષોત્તમભાઇ શાહે એ જીવનવૃત્તાંત દ્વારા એમના જીવનની અનેક બાબતો ખરેખર ઉપમા છતા કદ અને ભાવના જગાડની દૃષ્ટિએ મૂકી છે. એકેએક સંસ્થા તથા પુસ્તકાલય આ ગ્રંથ વસાવી તેના વાચનનો લાભ પ્રત્યેક વિદ્યાર્થી અને ગૃહસ્થને પહોંચાડે એવી અમારી ભલામણ છે. ર. મ. રા.

રાષ્ટ્રઘડતરની એક આવશ્યક પ્રવૃત્તિ

ગ્રીષ્મ વ્યાયામવર્ગ

ઉનાળાની, સામાન્ય રીતે નિરર્થક જતી રજાનો સદુપયોગ કરી યુવાનોના જીવનને યોગ્ય માર્ગ આપવા તથા તેમના શરીરધનને સરક્ષવા ને પોષવાના ઉદ્દેશથી, દર ઉનાળામા ચલાવવામા આવતા ગ્રીષ્મ વ્યાયામ વર્ગો આ વર્ષે પણ જુદાજુદા સ્થળે ચાલવાના છે. એની ટૂંકી માહિતી આ નીચે આપી છે. વિશેષ વિગતો તે તે સ્થળે મંત્રીને લખીને તેની વિસ્તારી માહિતી આપતી પત્રિકાઓ મંગાવી લેવી.

(૧) સરદાર શ્રી પૃથ્વીસિંહની દોરવણીનીચે મવાડના અહિંસક વ્યાયામવર્ગની એક શાખા તરીકે ચાલનારો બારડોલીનો ગ્રીષ્મ વ્યાયામવર્ગ જેમા ગ્રીષ્મ વ્યાયામવર્ગના ચાલુ અભ્યાસક્રમ ઉપરાંત નાગરિક સ્વયંસેવક દળની તાલીમ, હાઉસિંગ, રાષ્ટ્રભાષા, બૅન્ડ, કાંતણકામ વગેરે વિષયો પણ રહેશે. સ્થળ—સ્વરાજ આશ્રમ બારડોલી (સુરત), સમય—તા. ૧લીથી ૩૦મી મે ૧૯૪૨, ખર્ચ—ભોજન તથા વ્યવસ્થાખર્ચના જાણુ ફીક રૂ. ૧૮; તા. ૨૦-૪-૪૨ પહેલા ૩ રુપિયા અનામત સાથે અરજી કરવી.

(૨) કાઠિયાવાડ વ્યાયામ પ્રચારક મંડળ તરફનો ભાવનગરનો ગ્રીષ્મ વ્યાયામવર્ગ જેમા વ્યાયામની શાસ્ત્રીય તાલીમ ઉપરાંત શરીરશાસ્ત્ર, આરોગ્યશાસ્ત્ર, અકસ્માત સમયે પ્રાથમિક મદદ, શરીરસંરક્ષણના દાવ, ભારતીય કવાયત વગેરે વિષયો પણ રહેશે. સ્થળ—ભાવનગર, સમય—તા. ૧લીથી ૩૧મી મે ૧૯૪૨, ખર્ચ ખોરાક તથા વ્યવસ્થાખર્ચ માટે જાણુ ફીક રૂ. ૧૬, તા. ૨૦-૪-૪૨ સુધીમા બે રૂપિયા અનામત સાથે અરજી કરવી.

(૩) વસંત આશ્રમ—અલામા (સુરત)નો ગ્રીષ્મ વ્યાયામવર્ગ. કાઠિયાવાડ વ્યા. પ્ર. મંડળના અભ્યાસક્રમ મુજબ જ. સ્થળ—વસંત આશ્રમ અલામા, વાયા વેડછા સ્ટેશન, જિલ્લો સુરત, સમય—તા ૧લીથી ૩૦મી મે ૧૯૪૨, ખર્ચ—ભોજન તથા વ્યવસ્થાના જાણુ ફીક રૂા ૧૭ રૂા ૩ અનામત સાથે અરજી કરવી. આશ્રમથી થોડે જ દૂર અખિલ ભારત મહિલા પરિષદ તરફથી બહેનો માટેનો તાલીમ વર્ગ પણ ચાલવાનો છે.

(૪) શ્રી હનુમાન વ્યાયામ પ્રચારક મંડળ, અમરાવતી (વરાડ)નો વર્ગ. તેના દર વર્ષના વિસ્તૃત અભ્યાસક્રમ સાથે સ્થળ અમરાવતી (વરાડ), સમય—૧લીથી ૩૧મી મે ૧૯૪૨, વિગતવાર માહિતી મંત્રીને લખીને મંગાવી લેવી. અરજી તા. ૧૫-૪-૪૨ સુધીમા કરવી.

આધુનિક હિંદી શરાફીના પિતા

સર સોરાબજી પોચખાનાવાલા



રાષ્ટ્રજીવનનાં વિવિધ ક્ષેત્રોમાં હિંદને જે નામીનાકી પ્રતિભાઓ મળી છે, તેમાંની એક ઈ. ૧૯૫૩ના જુલાઈની ૭મીએ આ દુનિયાનો ત્યાગ કરી ગઈ. ઈ. ૧૮૮૧ના ઑગસ્ટની ૯મીએ 'મઝગામ કૅસલ'ના માલિક પારસી પિતાને ત્યાં જન્મેલી એ પ્રતિભા તે સર સોરાબજી પોચખાનાવાલા. હિંદીઓ બૅન્કો ચલાવી જ ન શકે એવી વિદેશી માન્યતાઓના મૂળ વચ્ચે આપબળે માર્ગ કરી, પોતાના પુરુષાર્થે તે હિંદના પ્રાણના પ્રતીકસમી અગ્રસ્થાનેથી સેન્ટ્રલ બૅન્ક ઑફ ઇન્ડિયા એમની યાદ કરાવી રહી છે.

ચાર ભાઈઓ અને ત્રણ બહેનોવાળા કુટુંબમાં સોરાબજી સૌથી નાના હતા. ૭ જ વર્ષની વયે એમના પિતા નસરવાનજીનું અવસાન થયું. સૌથી મોટા ભાઈ ફીરોજશાહ હવે કુટુંબના શિરછત્ર થયા. તેમણે પોતાના ભાંડુઓને કેળવણી આપવા પાછળ કશી કમી ન રાખી. પોતાના બધા ભાઈબહેનોને ભણાવ્યા બાદ જ તેમણે પોતાના ભાઈબહેનોના હિત ખાતર પોતાની જાતની મુદ્દલ દરકાર નહોતી કરી. આખી જિંદગી તે અવિવાહિત રહેલા. સર સોરાબજીના અવસાન અગાઉ માત્ર થોડા જ વખત પર પોતાના ભાંડુઓ પ્રત્યેની ફરજ પૂર્ણ કર્યાના સંતોષ સાથે એ અવસાન પામ્યા. પોતાની કોશિશો અને આત્મભોગના ફળ સર સોરાબજીની ઉન્નતિમાં જોઈ શકેલા તેથી તેમણે જ આ જીવનનો સંતોષ માનેલો.

સોરાબજીએ સોળ વરસની ઉંમરે મૅટ્રિક્યુલેશન પસાર કરી. પછી એન્જિનિયર બનવાની નેમથી મુંબઈની સેંટ ઝેવિયર્સ કૉલેજમાં દાખલ થયા, પણ પ્રીવિયસની પરીક્ષામાં જ નાપાસ થયા. તેમને લાગી આવ્યું. અભ્યાસ છોડી દીધો. એમના મનને પણ ખાત્રી થઈ કે પોતે બૅન્કિંગ લાઇન પસંદ કરી હતી. નોકરી માટે શોધ ચલાવી, પણ ૭ મહિના સુધી ક્યાંયે તે મળી નહિ. આખરે ફીરોજશાહે પોતે જે ચાર્ટર્ડ બૅન્ક ઑફ ઇન્ડિયા, ઑસ્ટ્રેલિયા ને ચાઇના'માં કામ કરતા હતા તેમાં જ માસિક રૂ. [illegible]૦)ના માનૂલી પગારથી તેમને રખાવી લીધા.

અને આ ધંધામાં પડતાં જ સોરાબજીને ખાત્રી થઈ કે પોતાને માટે ખાસ્સી કારકિર્દી આ ક્ષેત્રમાં જ રાહ જોઈ રહી છે. તેમણે બૅન્કના દરેક ખાતાના કામકાજ પર ધ્યાન આપવા માંડ્યું ને પોતાના ચાલુ ખંતને પ્રતાપે તેમાં એ ક્રમમાં તો એટલી પ્રગતિ કરી કે મોટા ભાઈ બીમાર પડ્યા ત્યારે તેમનું બધું કામકાજ પોતે બાહોશીથી પાર ઉતાર્યું.

આમ ક્રમે ક્રમે બૅન્કની સંપૂર્ણ પદ્ધતિથી માહિતગાર થવા પછી શાસ્ત્રીય અભ્યાસની ભૂખ સોરાબજીમાં જાગી, અને તેમણે લંડન ચેમ્બર ઑફ કૉમર્સની અને બીજી સંસ્થાની પરીક્ષાઓ પસાર કરી. એની સાથોસાથ જ, પોતાની બૅન્કની નોકરી માટે વધુ લાયકાત મેળવવા માટે નામાનો અભ્યાસ પણ કરવા માંડ્યો.

એવામાં એક દિવસે ચાર્ટર્ડ બૅન્કના એક અમલદારે લંડનની ઇન્સ્ટિટ્યૂટ ઑફ બૅન્કર્સના [illegible]ની એક નકલ સોરાબજીને બતાવી, ને સોરાબજીએ તરત એ સંસ્થાની પરીક્ષા પસાર કરવાનો નિર્ણય કર્યો.

પણ આ બધી પ્રવૃત્તિ સાથે વળી અર્થનું પણ કરવું જોઈએ ને? એ માટે એમણે વેપારી પરીક્ષાઓ માટે તૈયાર થતા છોકરાઓને નામું શીખવવાનો વર્ગ ખોલ્યો અને રાવબહાદુર વસનજી ખીમજીના છોકરાઓનું ટ્યૂશન મેળવ્યું. એ વખતનો સોરાબજીનો નિત્યક્રમ આ પ્રમાણેનો હતો: સવારના ૭ પહેલાં ઊઠી, સાડા સાત વાગ્યા સુધીમાં ઘરનું બધું કામકાજ પતાવી, નામાના વર્ગમાં હાજરી આપવી. દસ સુધીમાં ત્યાં રોકાઈ, ઈરાનીની દુકાનમાં નાસ્તો કરી, સાડા દસે બૅન્કમાં પહોંચવું. બૅન્કમાં મોડે સુધી—ઘણી વખત રાતના આઠ વાગ્યા સુધી—તેમને રોકાવું પડતું. બૅન્કમાંથી આવી, ભોજન થઈ, થોડીવાર તે હાર્મોનિયમ કે વાયોલીન વગાડતા ને નવ વાગ્યે નિરાંતે થઈ મધરાતના મોડે સુધી પોતાનો અભ્યાસ કરતા. મધરાત પહેલાં તો કદી ભાગ્યે જ સૂતા. આ મુજબનો અઢાર અઢાર કલાકનો શ્રમ ગમે તેવા જુવાનને પણ થકવી નાખે, પરંતુ સોરાબજી અજબ આશાથી એ સહી લેતા.

અને એમનો એ શ્રમ સફળ પણ થયો. ઈન્સ્ટિટ્યૂટની પરીક્ષાનો પહેલો ભાગ એમણે પસાર કર્યો. પસાર થનારાઓને ૫ અને ૧૦ પૌંડના ઇનામ આપવાનો એ સંસ્થાનો ધારો હતો, પરંતુ સોરાબજીને તેમાંનું કશું મળ્યું નહિ. તેમણે પત્ર લખ્યો તેનો ઉત્તર જ ન મળ્યો. છેવટે જ્યારે પોતાની બૅન્ક મારફત પૂછાવી લીધું ત્યારે જવાબ મળ્યો કે એ ખાસ ઇનામો હિંદની શાખાઓને આપવાના નહોતા!

સોરાબજીને આ ભેદબુદ્ધિથી જબરો આઘાત લાગ્યો, છતાં નાહીમ્મત ન થતાં, કેવળ જ્ઞાન વધારવા ખાતર જ એ પરીક્ષાનો બીજો ભાગ પણ પસાર કર્યો. આ રીતે લંડનની બૅન્કર્સ ઇન્સ્ટિટ્યૂટના સર્ટિફાઇડ એસોશીએટ તરીકે સોરાબજી પહેલા હિંદી હતા.

સાત વરસ જતાં તો સોરાબજીને ૭૫ રૂપિયાના મુખ્ય કારકુનની જગ્યા આપવામાં આવી. એ જમાનામાં એ પગાર મોટો હતો, પણ સોરાબજીની મહત્ત્વાકાંક્ષા એથી યે મોટી હતી.

૧૯૦૫નો યુગ એટલે હિંદની રાષ્ટ્રીય અસ્મિતાનો પહેલો જુવાળ. 'સ્વદેશી'નું મોજું ત્યારે આખા હિંદમાં એકસામટું ફરી વળ્યું અને પ્રવૃત્તિઓ જેમ બૅન્કમાં પણ સ્વદેશી પ્રવૃત્તિનો આવિષ્કાર થયો. એ પરદેશી કિલ્લાના મોરચા પે તૂટ્યા અને સૌપહેલી હિંદી માલિકીની 'બૅન્ક ઑફ ઇન્ડિયા' ઊભી થઈ. બીજી પણ બૅન્કો એક પછી એક ઊભી થતી ગઈ. શ્રી સુરેશ્વરે સ્વામી બૅન્ક ને મિ. કાસીએ મર્ચન્ટ્સ બૅન્ક સ્થાપી, પણ એ બંને નિષ્ફળ નીવડી હતી. આમાંની મર્ચન્ટ્સ બૅન્કમાં સોરાબજીએ મૅનેજરની જગ્યાની (અનુસંધાન આગળ પાન ૧[illegible]મે)

વશરામભાઈ



એક આનાની પર થોડો શીખંડ લઈ તેમણે ચાખ્યો

કોઈ દિવસ, મને નથી સાંભરતું કે, વશરામભાઈ અગાશી ઉપર બેઠા હોય; નહિ તો, મકાનના નીચેના ભાગમાં હું રહેતો અને ઉપરના મેડા પર તે રહેતા. સાંજના વશરામભાઈ બજારમાંથી આવે ત્યારે હું બહાર ઓટલા પર ચોપડી વાંચતો બેઠો હોઉં પણ એ વશરામભાઈ મોઢેથી મને પૂછે નહિ કે કેમ છે? આછા ત્રાંસી આંખે મારી સિકલ જોઈ લે અને દાદરના કઠેડા પર આંગળી ફેરવતા ચાલ્યા જાય. મને રહેવા આવ્યે પંદર દિવસ થયા એમાં એક જ દિવસ વશરામભાઈને મેં બોલતા તો નહિ પણ બબડતા સાંભળેલા. એમની ચંપલીના હાથમાંથી બારીએથી એક તૂટેલ રમકડું પડી ગયેલું તે લેવા વશરામભાઈ નીચે આવેલા. હું બેઠો હતો. રમકડું લઈ 'શું છોકરા પૈસા કસબત પાડયા છે! એક રમકડું ય સાજું રહેવા દે નહિ' એમ બબડતાબબડતા એ દાદર ચડી ગયા.

પણ એક દિવસ મેં એક જબ્બર સાહસ કર્યું. વશરામભાઈના મેડા પર હું ગયો. દાદર પર મારો ધબકાર થતાં જ વશરામભાઈ ઓરડામાંથી બહાર ધસી આવ્યા. તેમના હાથમાં પોપૈયાની ચીર હતી. મને જોતાં તેમણે એ ચીર પાસેના ગોખલામાં મૂકી દીધી. એમને એમ હતું કે મેં એ નથી જોઈ. ઢીંચણ સુધીનું ધોતિયું, ઉઘાડું બદન ને માથે તેલના અભાવથી બરછટ સીધા ઊભા જેવા વાળ, વશરામભાઈને એક જુદી જ વ્યક્તિ તરીકે ઓળખાવવા બસ હતા.

હું ઓરડામાં જવા કરું છું ત્યાં 'ચંપલીની બા કપડાં બદલાવે છે જરા' કહી મને તેમણે દાદર પાસે જ બેસાડયો. મારે કંઈ ખાસ કામકાજ હતું નહિ. હું ઊઠવાની તૈયારી કરવા લાગ્યો ત્યાં ચંપલી હાથમાં પોપૈયાની એક મોટી ચીર લઈ બહાર આવી. વશરામભાઈની આંખ ફાટી. પણ મારી તરફ જોઈ બોલ્યા: 'શું વાત કરું, ભાઈ? એવા કાંઈ છોકરાં પાક્યાં છે કે ન પૂછો વાત' અરે ભાઈ, હું રોકડે ત્યાં ગયો હતો. એક ચીર પોપૈયાની છોકરા માટે તેમણે મને આપી. સવારની આ ચંપલી હાથમાં લઈને ફરે છે નથી ખાતી કે નથી ભાઈને ખાવા દેતી. શું છોકરી છે!"

'ઠીક ત્યારે, જાઉં છું' હું ઊભો થયો.

'ત્યારે, તમે તો બેઠા ય નહિ, ભાઈસાબ! પાણી ય ન પીધું તમે'

'તમારે ત્યાં આવવાની ક્યાં નવાઈ છે?' મેં કહ્યું.

'એમ તે હોય? ચા પીધા વિના તે તમારાથી જવાય કેમ? પણ આ તે કાંઈ ગામડું થોડું છે, તે ઘરની ભેંસના દૂધ મળે? પાણી જ વાપરવું' હેં..હેં હેં કેમ.... ખરું ને ભાઈ. ' હું દાદર ઊતરવા લાગ્યો ત્યાં સુધી એ હસ્યા.

તેમણે પેલા ગોખલામાંથી ચીર લઈ લીધી. હું ઊતરી પગથિયે જઈને ઊભો રહ્યો. વશરામભાઈ ઘરમાં જઈને ધનકોરને કહેતા હતા: 'કોઈ દિ નહિ ને આજે આપણે ઘેર એ આવ્યો કેમ?'

'ખબર જાણે! પણ કાંઈક સ્વારથ વગર આવે ખરા?' ધનકોરે જવાબ આપ્યો.

'હા, સ્વારથ વિના એ આવે નહિ. કોઈ સ્વારથ વિના બીજાને ત્યાં ન જાય. અને તને ખબર છે? એને અંદર બેસવું હતું, કંઈક લેવાની લાલચે, બીજું શું?'

'પોપૈયા ખાવી જો હશે ક્યાંનથી' ધનકોરે કહ્યું.

'સાચું, ચેતતા રહેવું પડશે, કેમ?'

'હા'

અને પછી બંને જણ આ મહાન નવી આફતના ભાર તળે જ સનમૂન થઈ ગયા.

મેં નીચે આવીને મારી પત્નીને વાત કરી. સાંભળીને સરોજ હસી પડી. 'વહેમનું ઝાડ' બીજું શું હોઈ શકે?' તેણે કહ્યું.

બીજે દિવસે સાંજે હું ને સરોજ આવતી કાલે શાનું જમણ કરવું તે વિચારી રહ્યાં હતાં, કારણ સરોજની તે દિવસે જન્મતિથિ હતી. દર વર્ષે હું મારા મિત્રોને તે દિવસે જમાડતો. આ વર્ષે પણ તેમ કરવા વિચાર હતો.

સરોજનો વિચાર હતો કે શીખંડપૂરી કરવી, પણ મારો મત જુદો હતો. ગાઢ શિયાળામાં શીખંડનું જમણ સારું નહિ. પરંતુ સરોજ કોઈ રીતે સમજે નહિ.

અને સરોજને જરા મોટેથી બોલવાની ટેવ હતી. 'એમ હોય તો મારે કાલે જમણ જ રાખવું નથી' તે બોલી, અને એ વાક્યનું પૂર્ણવિરામ બન્યું વશરામભાઈનું બજારેથી બહારથી તે આવતા હતા. કરકસર રૂપે કાપડનો દુરુપયોગ તે નહિ કરતા હોવાથી કોટના બંને બાજુના ખિસ્સામાં તેમણે ભાર ભર્યો હતો. એક હાથમાં તૂટેલા દાંડાવાળી છત્રી હતી. એક બાજુ ફાટીને બરફી જેવો બનેલો ચશ્માં હતાં.

કોઈ દિવસ નહિ ને તે દિવસ એ અગાશી પાસે ઊભા રહ્યા. મેં ધાર્યું કે હમણાં કંઈક બહાનું કાઢી ઉપર જતા રહેશે, પણ એ તો એમ ન કરતાં અગાશી પાસે બેઠા. છત્રીને એક ખૂણામાં લાંબો હાથ કરી મૂકી. પગમાં પગરખાં પહેરવાનો એમને મહાવરો નથી એ એમના પગ પરથી કહી શકાય તેમ હતું.

'શું સાળી નરમી પડે છે, થાકભાઈ! બજાર વચ્ચે ઊભા કે નીતરી હાલ્યા. સગાને શું નરમી... ! શું ફફડાટ.. !' કહી મોઢેથી વળેલા પરસેવા એમણે લૂછી કાઢ્યા.

'હે વશરામભાઈ! ક્યાં નોકરી કરો છો, તમે?' મેં પૂછ્યું. પહેલાં તો જાણે કશું સાંભળ્યું જ ન હોય એમ બતાવવા 'હાક. શું' કહી તે થૂંકવા જરા બહાર ગયા. મેં બીજી વખત પૂછ્યું.

'નોકરી જ છે ને સારા ભાઈ! આ જમાનામાં શું નોકરી ને શું ધંધાધાપો!' રૂપિયા નથી આવતા, નોકરીમાંથી હવે! જવાં જૂનાં ના ઝાડી.... જમાનો.... અને ..' નિર્મળે તેરથી કપરકાબી આઘાં કર્યાં. કપરકાબ ટીક ટીક થઈ ગયાં. કપરકાબ બંધ થઈ ગયાં પછી તેણે કહ્યું: 'આ કંઈકેમ થઈ ગયું છે, ભાઈ, ખબર છે?' શીખંડના વખાણ, 'આ અહીં આ ગામડાંમાં શીખંડ નહિ મળે. ન શીખંડ ખાવાને સ્વાદ ખબર પડે, ન સ્વાદ આનંદથી નિરખાય.... પણ તેને શું ભાન છે, ભાઈ?' કહી પાછું નીચું જોઈ બેઠા, ઘડીક નિરાંતે થઈ રહ્યું.

નગીન જગરામભાઈ સામે જોઈ રહ્યો. જગરામભાઈ તો ભાગ્યે જ જાણતા હશે નિર્મળભાઈના દિલને આઘાત પહોંચ્યો હતો. મેં તેમને આગળ બોલવાની વાત કહી.

'હા, હું આપણાંને તમારા કહીશ.' નિર્મળે કહ્યું.

'એમ કે? નગીન, હવે તો રૂપિયા-ખરીદી ફળ રાખીશ ને?'

પણ નગીન મક્કમ હતો: 'મારે જમવું જ નથી કરવું.'

પછી જગરામભાઈ આગળ વધીને બોલ્યા: 'અરે, આજ શહેરમાં રંગ આવે એવો રંગ ... ... સાથે આપી ને ફૂલ ... ... શીખંડ ને શીખંડ! આ જ આપણું જમવું જ છે. શીખંડપૂરી કરો, બીજું શું છે?' કહી પાછા ગામ ને સાથે ગયા. પણ એ વચન પછી શીખંડની કપરકાબીને તેમણે દેખાવ ન કર્યો અને મૂંઝાઈ રહ્યા.

મેં જોયું કે શીખંડપૂરીનું જમણ નથી. ખુશ થઈ જગરામભાઈને જમવા ખાવા બોલાવ્યા. આજ અમારે ... જગરામભાઈને જમવા આવવા આગ્રહ મેં ન કર્યો.

જગરામભાઈ ઊઠતા, પણ ઊઠતાં જરા હાથ ઊંચા કરી ... જગરામભાઈ બોલ્યા ... ખાવાની ... મને ... સામે ... ઓરડામાંથી પાછા આવ્યા ... જગરામભાઈએ કહ્યું: ... આ ... ઓરડાની ... નાખી ... તો ઓરડાનો દાણો ન ... કહ્યું, 'આ અનુમાં ઓર ઝાડને સારા ન થાય તો બીજું શું છે? બહુ ઓર નહિ સારા.'

આજે દિવસે સવારે અંગાજ રસોડામાં ટીપી વણતી હતી. હું સાક સમારતો ઓરડામાં બેઠો હતો. ત્યાં તો ટીપણીથી સાક આગળ જ નાની થાળીની ગાદલીના છેડાને એક હાથમાં ઝાલી જગરામભાઈ આવ્યા: 'કેમ, સાક સમારવા માંડ્યું?'

મેં માથું હલાવી હા પાડી.

'કેમ, શીખંડ ખાવી બંધ?' એ તેમનો બીજો પ્રશ્ન હતો.

'હા' મેં કહ્યું.

'ત્યારે શાકમાં?'

'રામકિશન બેસાને ત્યાંથી.'

'ઉતરાવ્યા, મારા ભાઈ, ઉતરાવ્યા નહિ, તમને શીખંડ લેતા ન આવડ્યો. કેસર જિતવા છે અહીં, કે નહિ?'

'છે' મેં કહ્યું.

'આ તપેલામાં જ છે કે શું?' કહી જગરામભાઈ નજીક પડેલા તપેલા પાસે પહોંચી ગયા. એક આંગળી પર તેમણે થોડો શીખંડ લ... ચાખ્યો. શીખંડમાં જરૂર ખામી હોય તેમ તેમનું માથું હલાવવાથી મને લાગ્યું. આંગળીને ચાટતા ચાટતા તે મારી પાસે આવ્યા. 'મેં શું કહ્યું તમને? ઉતરાવ્યા' એ હું જ ને, ભાઈ વધારે સારી છે શીખંડમાં' એ તો નહિ બાઈમાં'ય, બેસાનો બરોબર નહિ.'

અને પાસે પડેલું ચપ્પુ લઈ તે સાક સમારવા લાગ્યા. 'આ ક્યાં અંગાજબહેન?'

મેં રસોડા તરફ આંગળી કરી. તે રસોડામાં ગયા.

'તે અંગાજબહેન! તમને ય ખબર ન પડી કે શીખંડમાં વધારે છે?'

'પણ કેવા હું કયાં જાણતી?'

'હા, એ જ ખરું!'

પણ તેમની નજરમાં એક ઓછું બનતું જણાયું.

'ના...ના. .ના ન થાય, અંગાજબહેન..' તેમણે બોલવા માંડ્યું. શું થયું તે જાણવા હું રસોડામાં ગયો.

'આવી વાત કેવી પૂરી ન થાય એ, શીખંડમાં પૂરી એટલી મીઠી નાખી ન હોય... શહેરમાં જ આવે... ઊભા રો', હું ચપટીની જેમ બોલાવું તમને પૂરી વણવામાં મદદ કરે.'

જગરામભાઈએ એમના દીકરા શાન્તિને બૂમ પાડી બોલાવ્યા: 'અ, તારી બાને કહે કે જરા નીચે આવે. અંગાજબેન આપણાં એકલાં જૂના આવ્યા મુંબઈ આવ્યાં પૂરી વણવામાં જરા મદદ તો કરવી જોઈએ ને? જ બોલાવ.'

પણ જગરામભાઈના શાન્તિને પિતાની વાણીમાંથી જે સમજ મળી હતી તેના કરતાં પિતાની આંખની ઈશારતથી ઘણી સૂચનાઓ મળી ચૂકી હતી. તેણે નીચેથી જ તેની બાને બૂમ પાડી બોલાવી. પગથાર ચઢવીને સામના બેઠીને આવી અને 'કિ ઝમાદ, આને' કહી ધપાવીને તેણે શાન્તિને ગોળી.

હું ને જગરામભાઈ સાક સમારવા બેઠા. 'હું પાકશાસ્ત્રી નથી એટલી એક, તોય કેટલા હાથની ચીજ એવી અજબ થાય કે બસ આવા. જ કરીએ, બાપે, આ ચપટીની બાઈ હાથની પૂરીઓ એવી મીઠી થાય છે કે અત્યારે મોઢામાં આવતી ન આવે એવા હાથ હાથનો ફેર .. કેમ, મીરુભાઈ?'

'આ અનુમાં ઓર ઝાડને સારા ખરે, બહુ ઓર નહિ સારા' જતાં જતાં જગરામભાઈએ કહ્યું.

મેં હા પાડી તેમની નાની ચંપા વારેવારે મારા હાથમાંની છરી લઈ લેવા ધસી આવતી. કાન્તિને વશરામભાઈએ શાક સમારવા બેસાડ્યો હતો. ચંપાને હું વારે વારે રોકતો. વશરામભાઈએ તે જોયું

'જાને બેટા કનુ, ઉપર જઈને કસ્તુરીને કહેને કે આ ચંપલીને લઈ આવીને રમાડે. હેં ધીરુભાઈ, એ શું, છોકરું જેટલું છોકરી પાસે રમે એટલું છોકરા પાસે ન રમે? કસ્તુરી તો ચંપલીને આમ હુલાવી-હુલાવીને રમાડે છે' વશરામભાઈએ હાથના ચાળા કરતાંકરતાં કહ્યું

કસ્તુરી ચંપલીને હુલાવી હુલાવીને રમાડવા લાગી. ઘડીકમાં રસોડામાંથી પૂરી લઈ ચંપલીને ખુશ કરે તો ઘડીકમાં શીખંડવાળી આંગળી ચટાડી તેને રાજી કરે. આમ જોતજોતામાં દસ વાગ્યા. કાન્તિને નિશાળે જવાનો વખત થયો.

'બાપા, નિશાળનો વખત થયો ને?'

'તે હું શું કરું? જા કે' તારી માને, ઉપર જઈને ખાવા આપે''

ત્યાં રસોડામાંથી ધનકોરનો અવાજ સંભળાયો: 'તે રોયા, પહેલેથી ભસવું'તું ને, કે આજ તારે નિશાળ બળી છે? તો કંઈક રાંધી આપત! હવે જાજે મોડો, એટલે માસ્તર જરા ઠીપે' કસ્તુરીને કીધું કે બે રોટલી કરીને રમજે, પણ કોણ સાંભળે, મારી બા? એ તો "બા તારા વિના ઘડીયે નહિ રેવાય" એમાંના છે' હું મરીશ ત્યારે ખબર પડશે! શું સરોજબેન, વાત કરું? આ આવડો છોકરો, પણ મોંમાંથી ફાટતો નથી કે મારે નિશાળ છે શું રાંધ્યું છે''

ધનકોરે વળી ચલાવ્યું: 'થોડી વાર ખમ હમણાં ઉપર આવીને બે ઢેબરાં બનાવી દઉં એ ખાઈને નિશાળે જજે.'

'કાન્તિ ભલેને અહીં જમે'' સરોજે કહ્યું

'અરે, એને તો જમે ત્યાં ખાવાની ટેવ પડી છે, રોયાને''

ધનકોરે કાન્તિને જમવા બેસાડ્યો. કાન્તિની સાથે ચંપલી પણ જમવા બેઠી

'સામું જોઈને ગળચી લેને 'લ્યા કાંતિડા! ભજિયાં નહિ ખા તો શું દૂબળો પડી જવાનો છે?' વશરામભાઈએ કાન્તિને જરા ટોણો કર્યો. સરોજની નજરે એ ટોણો સાંભળી કાન્તિની થાળીમાં પડી થાળીમાં ભજિયાં નહોતાં તેણે ભજિયાં પીરસ્યાં.

બધાં જમી રહ્યાં હું અને વશરામભાઈ, ને ઘરમાં સરોજ તથા ધનકોર, એટલાં બાકી હતાં

વશરામભાઈ ઊભા થયા: 'ઠીક ત્યો, ધીરુભાઈ, છે કંઈ કામકાજ હવે? હું જાઉં છું, હો ભાઈ!'

'પણ જમીને જ જજોને!'

'ના ભાઈ ના, કંઈ રુચિ નથી. ના ધીરુભાઈ, એવો આગ્રહ ન કરતા. માગ સમ જો તો બોલો તો.' પગમાં કંઈ કાંટો વાગ્યો કે શું તે તપાસતાં તે બોલ્યા.

'જે ભાવે તે.'

'તમે ય ધીરુભાઈ, હદ કરો છો, હો'' હાથ ધોઈ તે જમવા બેઠા.

'અરે કસ્તુરી... તારી માને કે' કે અહીં ખાવા ન બેસે; ઘેર જઈને જમે.'

પણ કસ્તુરીને કહેવા જેવું રહ્યું જ નહોતું છેક રસોડામાં તેમનો અવાજ પહોંચી ગયો હતો. 'એ તો અહીં જમશે.' સરોજે કહ્યું

'ના બેન, ના; એવું તે હોય, બાઈસા'બ?'

'ખાવું શું ખૂટી જવાનું છે?' મેં કહ્યું.

'એમ નહિ ધીરુભાઈ, પણ....' કહી શીખંડનો ભરેલો વાટકો તેમણે પૂરો કર્યો,

બે વાટકા તેમણે પૂરા કર્યા ત્યારે મારા મિત્ર મધુસૂદન તેમને પીરસવા આવ્યા. 'અરે અરે બાઈસા'બ' મને તે મારી નાખશો કે' હવે તો પેટ તણાય છે, હો?'

ત્રીજો વાટકો પૂરો થયો એટલે બે વાટકામાં જ તેમણે કઢીભાત ખાધા.

એક તપેલી ભરીને શીખંડ વધ્યો તેનો હું વિચાર કરતો હતો. મોંમાં સોપારીના ચૂરાનો ડૂચો ભરેલો હોવાથી વશરામભાઈને બોલતાં બરાબર ફાવ્યું નહિ. ઝટપટથી ચૂરો હેઠળ ઉતારી તેમણે કહ્યું: 'કાલે સવારે ખાજો, શીખંડ' એ ક્યાં બગડી જવાનો છે?' પણ તરત યાદ આવતાં તેમણે કહ્યું 'શીખંડ આ ઋતુમાં બગડી પણ જાય, હો ધીરુભાઈ!'

તેમના કહેવા પ્રમાણે સાંજે છોકરાઓને થોડો થોડો મેં આપી દીધો. કાન્તિ, ચંપલી, કસ્તુરી, અને કનુએ શીખંડની મોજ ઉડાવી

તો ય એક વાટકી શીખંડ પડ્યો રહ્યો. ચંપલીને તેડવા માટે વશરામભાઈ નીચે આવ્યા 'લે ચાલ ચંપલી, બાળાગોળી નથી પીવી?' કહી શીખંડની વાટકી તરફ એક નજર નાખી તે ચાલ્યા ગયા.

ચંપલી ખૂબ રડવા લાગી. હું ઉપર ગયો ને રડવાનું કારણ પૂછ્યું

'કંઈ નહિ ભાઈ, ખોટી ટેવ! છોકરાંને તો ટેવ પાડીએ તેવી પડે.'

'પણ છે શું?'

'અરે, બાળાગોળી પાયા પછી અમે આને નર્યું દૂધ આપીએ છીએ. આજે ભાઈ જમનારા હતા નહિ એટલે દૂધ લીધું નથી. ચંપલી કહે છે કે "બા...સીખંડ..." હવે ક્યાંથી લાવવો એ અત્યારે?'

મેં શીખંડની વાટકી એમને ત્યાં મોકલાવી. કસ્તુરી વાટકી માંજીને પાછી આપી ગઈ.

મને જોકે સત્યનારાયણની કથા પર ઝાઝી શ્રદ્ધા નહોતી, પણ સરોજના આગ્રહથી મેં તે દિવસે રાતના કથા રાખેલી. ઓરડામાં પાથરવા માટે એક શેતરંજીની જરૂર હતી. વશરામભાઈના ઓરડામાં રોજ પથરાતી શેતરંજી મને યાદ આવી. મેં કનુને લેવા મોકલ્યો.

કનુ લીધા સિવાય પાછો આવ્યો. તેણે વશરામભાઈના ચાળા પાડતાં કહ્યું: 'શેતરંજી લેતા, બઈયા, અત્યારે આ ચંપલીએ બગાડી દીધી બગાડી મૂકી. ના પાડી એની બાને, કે શીખંડ વધારે નહિ આપ, પણ તેણે ખવડાવ્યે જ રાખ્યો. લે જો હવે, ચંપલીની દવા''

હું હળવે પગે દાદર ચડવા લાગ્યો. અંદર ઓરડામાં વશરામભાઈનું આખું કુટુંબ કંઈક ગંભીર મસલતમાં પડ્યું હતું. હું દાદરમાં જ ઊભો રહ્યો

'તું ના'ના કે'તો કે એ આપણે ત્યાં કાંઈક અવારનવાર લૈને તે દિ' આવ્યો'તો? શેતરંજીની લાલચે જ આવેલો.' વશરામભાઈએ કહ્યું

જવાબમાં ધનકોરનો એક ઊંડો નિશ્વાસ સંભળાયો.

'વાણિયાનું પેટ એ તો' ગળથૂથીમાંથી જ સવારથ ભરેલો'' વશરામભાઈનું બોલવું હું સાંભળી રહ્યો

'પણ ધીરુભાઈ શેતરંજી લેવા જાતે આવશે તો?'

'તો શું વળી?'

'બગડેલી તો નથી!'

'હવે બનાવટી એમાં વાર શી? જા રસોડામાંથી પાણીનો ઘડો લઈ આવ.' ધનકોર પાણી લેવા ઊઠી એટલે હું તરત જ નીચે ઊતરી ગયો.

થોડી વારે તે ઓરડે આવીને જોયું તો વશરામભાઈની બારીમાં એક શેતરંજી સુકાતી હતી અને તેમાંથી ટપક ટપક પાણીનાં ટીપાં ઓટલા પર પડતાં હતાં. 'સત્યમ'

અંતરીક્ષમાં ઉડ્ડયન

પૃથ્વીતળથી છેક પંદર માઈલ ઊંચાઈ સુધીના અંતરીક્ષ વિષેની અજબ વૈજ્ઞાનિક હકીકતોનું શાસ્ત્રશુદ્ધ અને સત્ય જ્ઞાન આપતો

એક સ્વપ્નવિહાર

રાતના એ વાગ્યે મનન જ્યારે મુંબાઈના 'નોવેલ્ટી' સીનેમામાંથી વર્ષોનું ચિત્ર જોઈને પાછો ફરતો હતો ત્યારે ફિલ્મની સાથે બતાવેલી પ્રો. પિકાર્ડના છેલ્લા આકાશઉડ્ડયનના ટૉપિકલ (પ્રસંગચિત્ર)માં જ તેને વિચાર આવતા હતા. વિચારમાં ને વિચારમાં પોતે ક્યારે પોતાની ઓરડી પર પહોંચી ગયો તેનું પણ તેને ભાન રહ્યું નહિ.

ઉનાળાની રાત હતી. દરિયા પરથી ધીમો પવન આવતો હતો, છતાં મુંબઈનો ઘામ લાગતો હતો. પોતે ખૂબ જ થાકી ગયો હતો એટલે [illegible] વિના તેણે આરામખુરશી પર ઝુકાવ્યું.

આકાશમાં તરતા વાદળાંઓ અને તેની ઉપરની વીજળી વચ્ચે શું હશે? બલૂન ક્યાં જતું હશે? તારાઓ અને વીજળીના પ્રદેશથી પર આકાશમાં શું શું હશે? મહાસૌંદર્યવાન મેઘધનુષ્યની પણ કેમ રચના થતી હશે? આવા આવા અનેક વિચારો તેના મનમાં ઊઠતા હતા અને મૂંઝવણો ઉપજાવતા હતા,—[illegible]

દિવસ આખાના શ્રમથી અને વિચારોના આ ઘમસાણને લીધે ધીમેધીમે તેનું મન તંદ્રામાં સરવા માંડ્યું અને જ્યારે સામા ખૂણામાં પડેલો પાણીનો ગોળો ધીમેધીમે મોટો થવા લાગ્યો ત્યારે તેના આશ્ચર્યનો પાર જ રહ્યો નહિ. બાજુમાં જ પડેલો પાણી પીવાનો પ્યાલો બલૂનની નીચેના ગૉન્ડોલા (બેઠક-ડાબડી)ની જેમ તેને દેખાઈ ગયો, અને સવારના [illegible] ચા પીવાના રકાબી-પ્યાલામાંથી નવનવતના વૈજ્ઞાનિક સાહિત્યો (ઉષ્ણતામાપક યંત્ર, દબાણમાપક યંત્ર વગેરે) [illegible] ઊભા થઈ ગયા. [illegible] એવો [illegible] આવ્યો અને તેનો ચહેરો જોતા જ મનને ખુરશીમાંથી ઊભા થઈ જઈ આવનાર વ્યક્તિને પૂછ્યું 'હલ્લો, પ્રો. પિકાર્ડ, તમે અહીં? તમારા ઉડ્ડયનનું ટૉપિકલ તો આજે જ જોયું. હવે ક્યાંય ઉડ્ડયન કરી જવું છે કે નહિ?'

'કેમ નહિ? હું તમને તેડવા જ આવ્યો છું, ચાલો.'

પ્રો. પિકાર્ડ તથા મનન [illegible] બલૂન પાસે આવી પહોંચ્યા અને તેમના [illegible] પાછળ, સર્વ પ્રકારની આધુનિક સગવડોથી યુક્ત એવા એ ગોળ સ્વરૂપના ગૉન્ડોલામાં [illegible] નાની [illegible] નવનવતના [illegible] ગોઠવ્યા હતા અને ત્રણ ચાર જણ આરામથી બેસી શકે તેવી સગવડ હતી.

અચાનક આખું ગૉન્ડોલા ડોલવા માંડ્યું અને મનન એકદમ ખુરશીમાંથી ઊભો થઈ ગયો. પ્રોફેસરે તેના ખભા ઉપર હાથ મૂકી પાછો બેસાડી દીધો ને કહ્યું 'હવે આપણે ઊપડીએ છીએ.'

મનને બારી બહાર જોયું તો જે દોરડાથી બલૂનને જમીન સાથે બાંધી રાખ્યું હતું તેને લોકો તોડતા હતા. ઈજનેર પોતાની જગ્યા સંભાળી, છેલ્લું દોરડું તૂટ્યું અને [illegible] વાતાવરણમાં

માઈલ

આકૃતિ ૧

ઈ. ૧૭૮૩ના નવેમ્બરની ૨૧મી તારીખે ગરમ વાયુભર્યા બલૂનમાં બેસીને પિલાત્રે પહેલવહેલો ૫૦૦ ફૂટ ઊંચે ઊડ્યો, અને [illegible] દિવસ બાદ બીજી ડિસેમ્બરે એ સાહસે તેને [illegible] ફૂટ ઊંચે ચડાવ્યો ત્યારથી માંડીને તે છેક હમણાં ૧૯૩૫ની ૧૧મી નવેમ્બરે સ્ટીવન્સ ૭૨,૩૯૫ ફૂટ ઊંચે ચડ્યો ત્યાં સુધીના [illegible] અન્વેષક સાહસ-સફરીઓનાં ઉડ્ડયનની ઊંચાઈ અને તારીખ દર્શાવતા આ આલેખમાં ડાબી બાજુએ કેટલા માઈલની ઊંચાઈએ આપણાં ત્યાં પર્વતશિખરો આવેલાં છે ને તેમ વાતાવરણનાં રંગ એ ઊંચાઈએ કેવા બદલાતા જાય છે તે પણ દર્શાવ્યું છે.

ઊડ્યા. અનુભવમાં તો વર્ષાના વાદળાં વચ્ચે ગુમ પણ થઈ ગયા.

પહેલી વાર દરિયાની મુસાફરી કરનાર જેમ આંખો ને દિવસ [illegible] આતુરતાપૂર્વક જોઈ રહે, તેમ મનન હવાના સાગર [illegible] જોઈ રહ્યો હતો. નીચે મુંબાઈના ઝીણાઝીણા મકાનો [illegible] હતા એ તે જોતો હતો, ત્યાં અચાનક તેની નજર સૂર્યપ્રકાશમાં [illegible] ચમકતા મોતીના મહાસાગર પર પડી. એકી નજરે એ તે તરફ જોતો હતો અને મનમાં વિચારતો હતો કે આ સાગર શાનો બન્યો હશે? ત્યાં તેની બાજુમાં પ્રોફેસરનું મોં દેખાયું. પ્રોફેસરે કહ્યું 'એ મોતીનો મહાસાગર નથી, હોં! [illegible] કે વર્ષાના આગમનની ચાતક અને મયૂર આતુરતાથી રાહ જુએ છે અને જે વર્ષા પર મનુષ્યના સર્વ પોષણનો આધાર છે તે વર્ષાના [illegible] નાના જળબિંદુઓ છે. પાણીની વરાળ ઠંડી થવાને લીધે પાણીનાં ટીપાં બને છે અને એ ટીપાં અમુક કદથી મોટાં થાય એટલે વાદળાં તેમને સાચવી શકતાં નથી અને પરિણામે તે વરસાદ રૂપે નીચે પડે છે એ તો તને ખબર જ હશે. મોટા ભાગના વરસાદનાં વાદળાં જમીનથી એકાદ બે માઈલની ઊંચાઈની અંદર જ હોય છે.'

પ્રોફેસર બોલવું પૂરું કરે તે પહેલાં જ સનતે પૂછ્યું. 'આકાશમાં દેખાતું મેઘધનુષ્ય પણ આ જલબિંદુઓને જ આભારી હોય છે ને?'

'હા, જેમ ત્રિપાર્શ્વકાચ (prism પ્રિઝ્મ)માંથી પસાર થતા સૂર્યકિરણના સાત રંગો જુદા પડી જાય છે, તેવી જ રીતે આ જલબિંદુઓ પણ સૂર્યકિરણના સાત રંગો જુદા પાડી નાખે છે અને આપણને મેઘધનુષ્ય દેખાય છે. જો, આપણું બલૂન હવે ધીમેધીમે એવી જગ્યાએ આવતું જાય છે કે જ્યાંથી જલબિંદુઓ વડે પરાવર્તિત થતાં સૂર્યનાં કિરણો આપણે જોઈ શકીએ. અહીં નીચેને બદલે આપણને ઉપરથી મેઘધનુષ્ય જોવાનું મળશે, અને તે પણ સંપૂર્ણ ગોળાકાર. પૃથ્વી પરથી તો માત્ર ક્ષિતિજ સુધીનું અર્ધવર્તુળ જ જોવા મળે છે, પરંતુ અહીંથી ઊંચેથી તો આખું વર્તુળ જોઈ શકાય છે, અને ઘણાયે સાહસિક વિમાનીઓએ એ સ્વર્ગીય દૃશ્યનો આનંદ લૂંટ્યો છે.'

સનતે નીચે દૃષ્ટિ કરી તો તેને પણ આખું મેઘવર્તુળ જણાયું. મુંબઈના ટાપુને ઘેરીને પડેલા એ મેઘધનુષ્યના સ્વર્ગીય દૃશ્યનો આનંદ તે લઈ રહ્યો હતો ત્યાં તેને એક બહુ જ ભયજનક વિચાર આવ્યો. તે નિશાળમાં ભણ્યો હતો કે બલૂનમાં ભરેલો આર્દ્રવાયુ (હાઈડ્રોજન) ઘણી વખત સળગી ઊઠે છે અને પરિણામે બલૂનના મુસાફરોનો નાશ થાય છે. કદાચ પોતાની તો એ વલે નહિ થાય એ ડરે એ તરત પ્રોફેસર પાસે ગયો. ત્યાં તો પ્રોફેસરે જ શરૂ કર્યું: 'માણસને જીવવા માટે જો કોઈ વસ્તુની વધારેમાં વધારે જરૂર હોય તો તે પ્રાણવાયુની છે. વાતાવરણમાં આપણે જેમજેમ ઊંચે જતા જઈએ તેમતેમ હવા પાતળી થતી જાય છે. પરિણામે શ્વાસોચ્છ્વાસમાં પૃથ્વીની સપાટી પર જેટલો પ્રાણવાયુ મળે તેટલો અહીં મળતો નથી તેથી હૃદયને ખૂબ ઝડપથી લોહી શરીરમાં ફેરવવું પડે છે અને હૃદયના ધબકારા વધી જાય છે. વળી શરીરના દરેક દરેક અવયવને પ્રાણવાયુ પૂરો પાડનાર રાતા રક્તબિંદુઓ (red blood-corpuscles) લગભગ સવા ગણા મોટા થઈ જાય છે. આપણા શરીરની અંદરની શિરાઓમાં લોહીનું દબાણ એનું એ રહે છે, જ્યારે વાતાવરણમાં ઊંચે જવાથી હવાનું દબાણ ઘટતું જાય છે. આને અંગે નાક, કાન, આંખ, મો વગેરે ભાગોમાંથી લોહી ટપકવા માંડે છે, અને મગજને પૂરું લોહી મળતું ન હોવાને કારણે મગજના કાર્યમાં ભંગ પડવા માંડે છે તથા તે પોતાની સમતોલતા જાળવી શકતું નથી. આવી સ્થિતિ ઘણી વાર બહુ ઊંચે ચડી ગયેલા વિમાનીઓ કે જગતનાં ઊંચાં શિખરો સર કરવા જતા પાર્વતિકોને સહન કરવી પડે છે. એ વખતે તેઓ સારાસારનું ભાન ભૂલી જાય છે અને સામેથી મોટું તોફાન આવતું હોય તોપણ તેમાંથી બચવાનું તેમને સૂઝતું નથી. આપણી એવી સ્થિતિ ન થાય એટલા માટે આ યંત્ર છે. એ એકલો વાયુ જ પૂરો નથી પાડતું, પરંતુ રૉકેટમાંની હવાને પૃથ્વી પરની હવા જેવી જ રાખે છે. ઉપરાંત રૉકેટની અંદરના ઉષ્ણતામાન અને હવાના દબાણનું પણ એ નિયમન કરે છે.'

'રૉકેટની અંદરના ઉષ્ણતામાનનું નિયમન કરવાની શી જરૂર? ઉપર જતા ખૂબ ઠંડી પડે છે?' સનતે પૂછ્યું.

'ઠંડી પડે છે પણ ખરી, અને નથી પણ પડતી. થોડાં વર્ષો પહેલાં એમ માનવામાં આવતું હતું કે આપણે જેમજેમ ઉપર જતા જઈએ તેમતેમ ઠંડી વધતી જાય છે; પરંતુ છેલ્લી શોધખોળો મુજબ લાગે છે કે એ તદ્દન ખરું નથી. અલબત્ત, ઊંચે જવાથી ઉષ્ણતામાન ઘટતું જાય છે, પણ તે માત્ર આઠ માઈલ સુધી જ. આઠ માઈલની ઊંચાઈએ ઉષ્ણતામાન શૂન્યની નીચે ૫૬ અંશ જેટલું હોય છે. આઠથી ચાલીસ માઈલ સુધી વળી ઉષ્ણતામાન વધવું શરૂ થાય છે ને ૬૦ માઈલની ઊંચાઈએ તો પાણી ઊકળવા માંડે એટલી ગરમી થઈ જાય છે. ૬૦ માઈલથી ૮૦ માઈલ સુધી વળી પાછું તે ઊતરે છે અને ફરી ૫૬ અંશ પર આવી જાય છે. પછી એંશી માઈલની ઉપર તે વધતું જ જાય છે અને અત્યારે વૈજ્ઞાનિક મંડળો માને છે કે ઠીક ઠીક ઊંચાઈએ તો એ બેપાંચ હજાર અંશ પહોંચી જતું હોય તો નવાઈ નહિ.'

'ઉષ્ણતામાનની આ ચડતીપડતીનું શું કારણ?'

'એનું કાંઈ નક્કી કારણ તો આપી શકાતું નથી, પરંતુ અત્યારે એમ માનવામાં આવે છે કે ખરતા તારાઓ અને ઓઝોન નામના વાયુને અંગે તેમ થતું હશે.'

'પરંતુ પ્રોફેસર, મને તો પ્રાણવાયુની ખોટ અત્યારે જણાતી નથી.' સનતે એકબે ઊંડા શ્વાસ લઈ કહ્યું.

પ્રોફેસર તેનો હાથ પકડીને બીજા એક યંત્ર પાસે લઈ ગયા. એ યંત્ર તેઓ કેટલી ઊંચાઈએ પહોંચ્યા એ દર્શાવતું હતું. એ તરફ આંગળી ચીંધી પ્રોફેસરે કહ્યું: 'આપણે હજુ ત્રણ જ માઈલ ઊંચે પહોંચ્યા છીએ. વાતાવરણમાં એક ઘન ઇંચમાં રહેલી હવાનું પ્રમાણ લગભગ ચાર માઈલ સુધી સરખું રહે છે. એટલે ચાર માઈલ સુધી માણસને શ્વાસ લેવામાં ખાસ મુશ્કેલી આવતી નથી. અને માણસ જો ધીમે ધીમે ઊંચે ચડે તો લગભગ છ માઈલ સુધી તે જઈ શકે છે, કારણ હવાના પ્રમાણમાં ખાસ ફેર પડતો ન હોવાને કારણે શરીર તેને ટેવાઈ જાય છે. પરંતુ છ માઈલથી ઊંચે જતાં હવામાં ખૂબ જ ફેર પડી જાય છે. વાતાવરણની લગભગ ૮૦ ટકા હવા આ છ માઈલમાં આવી જાય છે, એટલું જ નહિ પરંતુ તેથી આગળની હવામાં પાણીની વરાળનું પ્રમાણ પણ તદ્દન નહિ જેવું જ થઈ જાય છે. આને અંગે આ છ માઈલ અંદરના પ્રદેશને વર્ષા, વાયુ અને વીજળીનો પ્રદેશ કહે છે. આપણે જેમજેમ ઊંચા જઈશું તેમતેમ પ્રાણવાયુની ખોટ અને ઓછું દબાણ એ બેની અસર વધતી જશે. પરંતુ લગભગ પાંચેક માઈલની ઊંચાઈએથી આપણે પેલું યંત્ર ચાલુ કરી દઈશું, એટલે આપણને કોઈ જાતની મુશ્કેલી નહિ નડે.'

'ઓછા દબાણને અંગે આંખ વગેરે અંગોમાંથી લોહી વહેવા માંડે એ સિવાય આપણા પર બીજી કોઈ અસર થાય ખરી?' સનતે પૂછ્યું.

'બીજી સીધી તો કોઈ અસર આપણા પર થતી નથી; પરંતુ ઓછું દબાણ જેને આભારી છે તે હવાનું કદ (volume) ઓછું થવાથી એક બીજી ઘટના ઊભી થાય છે. હવાનું કદ ઓછું થવાથી હવા ક્રમેક્રમ પાતળી થઈ જાય છે. હવે અવાજને એક જગ્યાએથી બીજી જગ્યાએ જવા માટે અમુક ઘનતાવાળી હવાની જરૂર પડે છે. એટલે જેમજેમ હવાની ઘનતા ઘટતી જાય ને હવા પાતળી થતી જાય તેમતેમ અવાજનું પ્રસરણ (transmission) ઓછું થાય અને અવાજ ક્ષીણ થતો જાય. અને જો હવાની ઘનતા ઠીકઠીક ઓછી થઈ જાય તો એકના બોલેલા શબ્દો બીજો સાંભળી પણ ન શકે.

પણ હવાની ઘનતા વિષે બીજી પણ એક હકીકત જાણવા જેવી છે. જેમ અવાજ-પ્રસરણ માટે અમુક ઘનતાની હવાની જરૂર છે, તેમ પક્ષીઓને પણ આકાશમાં ઊડવા માટે અમુક ઘનતાવાળી હવાની જરૂર પડે છે. જ્યાં હવાની ઘનતા આ જરૂરી ઘનતાથી ઓછી હોય ત્યાં ગમે તેટલી પાંખ ફફડાવવા છતાં એ ઊડી ન શકે,—માત્ર પથ્થરની જેમ પડે; અને જ્યારે યોગ્ય ઘન હવા શરૂ થાય ત્યારે જ તેની પાંખો તેને ઉપયોગી થાય. એટલે જો આપણે અત્યારે રૉકેટમાંથી એકાદ કબૂતર નીચે નાખીએ તો એને યોગ્ય હવા આવે ત્યારે જ એ ઊડી શકે—તે પહેલાં તો એ પડે જ!'

છેક હવે સનતને પોતાની વાત યાદ આવી, એટલે એણે પૂછ્યું:

'પરન્તુ તેમાં પહોંચાય કેમ, કે બલૂનમાં જાઉં શું અહીંથી નીકળીને?'

પ્રોફેસર ખડખડાટ હસી પડ્યા ને બોલ્યા: 'આજની ઊંચાઈનો અંદાજ જ ક્યાં છે? તેમ છતાં ગયે વર્ષે પહેલી વાર એક બલૂનમાં આદ્રૉ-વાયુ (હાઇડ્રોજન) ભર્યો હતો, પરન્તુ આ બલૂનમાં મેં સૂર્યવાયુ (હિલિયમ) નો ઉપયોગ કર્યો છે. સૂર્યવાયુ સળગતો જરા પણ નથી, માટે ગભરાવા જેવું કંઈ કારણ જ નથી. વાતાવરણનું નિરીક્ષણ કર.'

ગગન પોતાની જિજ્ઞાસા ભૂલીને જોઈ રહ્યો અને દૂર પશ્ચિમમાં આથમતા સૂર્યને નિહાળી રહ્યો. તેને ઘડીક વખત આમ ઊભેલો જોઈ, ત્યાં પ્રોફેસરે પણ જરા ગમ્મત કરવા તેનું કહ્યું. એટલે તેને જાણ્યું કે તેઓ અત્યારે લગભગ પાંચ માઈલની ઊંચાઈએ પહોંચવા આવ્યા હતા. ઉપરથી પણ આટલી ઊંચાઈએ કેટલા વખતમાં પહોંચ્યા હશે તે જાણવા માટે તેણે પોતાની કાંડા ઘડિયાળમાં જોયું તો એક મિનિટ તો એ પોતાની આંખને માની જ શક્યો નહિ. હજુ તો સૂર્ય પશ્ચિમમાં આથમવાની તૈયારી કરે છે, ને છતાં સમય [illegible]?' આ પ્રોફેસર પામી ગયા અને જરા તરફ આંગળી ચીંધી કે તરત જ હસતાં હસતાં તે બોલ્યા 'સાડા [illegible] રાત પડી ગઈ હોવા છતાં સૂર્ય કેમ દેખાય છે એમ જ પ્રશ્ન છે ને?' પરન્તુ એનો ઉત્તર મેળવવાનું જરૂર જ નહિ. પરન્તુ તારા જોવામાં દરમ્યાન જ એ પણ શીખી લેવું જ જોઈએ કે [illegible] અને તે પોતાની ધરીની આસપાસ ફરે છે. [illegible] પ્રકાશનું કારણ પૃથ્વીનો આકાર ગોળ છે એ છે. આમ એટલે પડવાનું કારણ પૃથ્વીનો ગોળ આકાર છે [illegible] હોવાથી દેખાતો જાય છે એ છે. આપણે તો સૂર્ય ક્ષિતિજની નીચે ઊતરી જાય ત્યારે જ આપણું ક્ષિતિજ ઊંચું [illegible] નો પ્રમાણમાં આપણું ક્ષિતિજ નીચું ઊતરતું [illegible] છે, અત્યારે આપણને દૂરથી પણ ઘણી ક્ષિતિજ દેખાય છે ને એની પાછળ આ સૂર્ય હજી ગયો નથી. ત્યાં પણ અહીં આવીને જોઈએ તો દેખાય છે. [illegible] સૂર્યને આ ક્ષિતિજ વધુ ને વધુ વખત જોઈ શકાય છે. આજ પણ તરત જ થયું છે. [illegible] ઉપર જઈએ તેમ તેમ સૂર્ય ઊંચેનો દેખાય અને આકાશનો રંગ બદલાય,—એ એટલે સુધી કે જો વધુ ઊંચાઈએ પહોંચી શકાય તો આખો દિવસ સૂર્યને જોઈ શકાય.'

'હ, એ તો ઠીક, પણ તમે હવે પૃથ્વીના નાશ થવા આવ્યા [illegible] ને? મેં નાહક હોય તો આ પણ નિરાંતનું થઈ શકે તેમ છે?' એમ કહીને એણે દૂરબીનને ગોઠવ્યો અને પૃથ્વીનો ચાર-રંગ (infra-red) ફોટો લેવાનું કહ્યું. થોડા સમયમાં જ ઈન્ફ્રારેડ ફોટો તેમાંથી તૈયાર થયો. ફોટામાં પૃથ્વીનો ગોળાકાર સ્પષ્ટ દેખાતો હતો. ગગન તો તે તરફ મુગ્ધભાવે જોઈ રહ્યો.

પૃથ્વીનો ગોળાકાર જોતાં જોતાં અને પશ્ચિમમાં આથમતો સૂર્ય અવલોકતાં અવલોકતાં ક્યાં સમય વીતી ગયો એનું ગગનને ભાન જ રહ્યું નહિ. એ એકીટસે વિચાર કરતો હતો કે કેટલા વખત સુધી આમ ને આમ પોતે સૂર્યને જોઈ શકશે? અને પોતે ભલે સૂર્યની સાથે હોડ કરતો ન હોય એવો તેને આનંદ આવ્યો. સૂર્ય અપારાગમ પશ્ચિમમાં ઊતરતો જતો હતો અને ગોધૂલીમાં તેઓ પણ સાથોસાથ ઊંચે ચડતા જતા; એટલે આ હોડ ક્યાં સુધી ચાલશે એ કહી શકાય તેમ નહોતું. પરન્તુ બીજી એક વસ્તુ તરફ તેનું ધ્યાન જતાં જ તે આશ્ચર્યચકિત થઈ ગયો. સૂર્ય આથમવાની તૈયારી હતી (આમ તો મુંબાઈની સપાટી પર તો આથમી પણ ગયો હતો) ને છતાં ન થવા સમયે આકાશમાં જે મનોહર ગુલાબી રંગ જોવા મળે છે અને વાદળાંઓ રંગની કિનારીવાળા જે આભા ઓઢે છે એ

અહીંથી કેમ જણાતાં નથી? આજુબાજુના આકાશ પર તેની નજર પડી તો તેને તેનું કારણ સમજાયું. જ્યારે તેની નજર નીચું આકાશ દેખાય છે તેવું આકાશ અહીં નહોતું. પરન્તુ તે કેટલાક વખત સુધી આ બાબતથી નવાઈ પામીને એ પ્રોફેસરને પૂછવા જતો હતો ત્યાં પ્રોફેસરને તેના કુતૂહલભર્યા ચહેરા પર નજર પડી, એટલે સ્વાભાવિક રીતે જ તેના હોઠ પર આવી ગયું 'કેમ, અહીં કેમ કાળું છે?'

પ્રોફેસર તેના તરફ વળ્યા અને બોલ્યા: '૧૯૩૫માં હું જ્યારે પ્રથમ આકાશમાં ઊડતો હતો ત્યારે તેમણે આકાશમાં આવું જ કાળું-ભૂખરું આકાશ જોયું હતું. તેનું કારણ આપણે પહોંચી ગયા છીએ તે હવામાં રહેલા પ્રાણવાયુનું પણ પ્રમાણ ઘટી જાય એટલી આ ઊંચાઈ છે.'

'આપણે આખરે કેટલી ઊંચાઈએ પહોંચ્યા હોઈશું?'

'લગભગ બાર માઈલની ઊંચાઈએ. તેર માઈલની ઊંચાઈથી આગળ હજુ સુધી કોઈ સાથે ગયેલો માનવી પહોંચ્યો નથી. તોપ વૈજ્ઞાનિકો એમ માને છે કે બલૂનની મદદથી નજીકના ભવિષ્યમાં બસો માઈલની ઊંચાઈ સુધી માણસો પહોંચી શકશે. પરન્તુ રૉકેટ-વિમાનના પ્રણેતા ને રૉકેટમાં જર્મનીમાં અખતરો કરનાર ઓબર્થનું એમ માનવું છે કે રૉકેટની મદદથી લગભગ એક સો માઈલની ઊંચાઈ સુધી મનુષ્યો જઈ શકશે. હવામાં ઊંચે જતાં વાતાવરણનું દબાણ ઓછું થતું જાય છે, જ્યારે બલૂનની અંદર જે વાયુ ભર્યો હોય છે તેનું દબાણ તો એટલું જ રહે છે. પરિણામે બલૂન મોટું થતું જાય છે અને અમુક ઊંચાઈએ તે ફાટે છે. વધુ ઊંચાઈએ તે ફાટશે એ નક્કી કહી શકાય નહિ, એટલે ખૂબ ઊંચાઈએ જવા માટે બલૂન સલામત વાહન નથી. બલૂન પ્રમાણમાં નીચે ન ફાટે એટલા માટે પ્રથમથી જ બલૂન અમુક અંતરમાં આવે છે અને તેની અંદરના વાયુના પ્રમાણનું નિયમન કરી શકાય છે.

બલૂન ખૂબ ઊંચે જઈ શકતું ન હોવાથી જ આપણે સાથે રૉકેટ પણ લીધું છે. સો માઈલથી ઊંચે જતાં તરત હવા બહુ જ પાતળી થઈ જાય છે, એટલે રૉકેટને જરા પણ અવરોધ થતો નથી અને તે ખૂબ જ ઝડપથી જઈ શકે છે. આપણે લગભગ અઢાર માઈલની ઊંચાઈ સુધી આ બલૂનની મદદથી જઈશું, પછી ત્યાંથી બલૂનને રજા આપીશું અને રૉકેટનો ઉપયોગ કરીશું. હજુ સુધી કોઈ મનુષ્ય અઢાર માઈલ સુધી ગયો નથી. તેથી મનુષ્ય વગરના સ્વનિયંત્રિત (automatic) યંત્રો વડે સજ્જ કરેલા બલૂનો અમેરિકામાં લગભગ ૨૩ માઈલની ઊંચાઈ સુધી મોકલવામાં આવ્યા છે.'

આ પ્રમાણે પ્રોફેસર વાત કરી રહ્યા હતા, ત્યાં ગગનનો વેગ બગ થઈ, બંનેની આકાશ તરફ તેમની નજર પડી, એટલે એમણે વળી પાછું શરૂ કર્યું 'પૃથ્વી પરથી આપણે આકાશમાં સવારે અને સાંજે જે લાલ-ગુલાબી રંગો જોઈએ છીએ અને સાથે જ આકાશમાં દિવસ દરમ્યાન જે પ્રકાશિત જણાય છે તેનું મૂળ કારણ આપણા વાતાવરણમાં રહેલાં રજકણો છે. આકાશનો નીલો રંગ, સવાર-સાંજની રંગપ્રભા અને આકાશની તેજસ્વિતા એ બધું, નરી આંખે કોઈ પણ ન જોઈ શકાય એવી અતિ સૂક્ષ્મ રજકણીઓ પર આધાર રાખે છે. જેમ જેમ આપણે આકાશમાં ઊંચે ઊડતા જઈએ તેમ તેમ હવામાં આ રજકણોનું પ્રમાણ ઘટતું જાય છે, અને તેને લીધે આકાશનો રંગ ફેર થતો જાય છે. વાતાવરણની બહાર જઈને જો કોઈ માણસ અવકાશમાં નજર નાખે તો પોતાની આસપાસ તેને એકદમ અંધકાર લાગે, ધોળે દિવસે પણ તારાઓ દેખાય, અને તેઓ ટમકે નહિ પણ સ્થિર લાગે (કારણ કે તારાઓના ટમકવાનું કારણ પણ આપણું

વાતાવરણ જ છે), અને સૂર્ય ઝગઝગ બળતો કોઈ તારો હોય એવો લાગે. અરે! પચાસેક માઈલની ઊંચાઈએ પણ આકાશમાં એટલો અંધકાર જણાઈ જાય છે કે ત્યાંથી પણ આપણે દિવસે તારા જોઈ શકીએ.'

'આકાશનો રંગ કેટલી ઊંચાઈએ એકદમ કાળો થઈ જાય છે?'

'આકાશના રંગમાં એવો ઝટપટ ફેરફાર થતો જ નથી, પરંતુ તે ધીમેધીમે બદલે છે. પણ જે જે લોકો આકાશમાં ઊંચે સુધી ઊડી આવ્યા છે તેમના અને આકાશમાં મોકલેલા સ્વનિયંત્રિત બલૂન વગેરેના અનુભવો પરથી વૈજ્ઞાનિકો નક્કી કરી શક્યા છે કે લગભગ ગૌરીશિખર (એવરેસ્ટ)ની ઊંચાઈ સુધી આકાશનો રંગ નીલો દેખાય છે. પછી જેમજેમ ઉપર જતા જઈએ તેમતેમ એ ઘેરો થતો જાય છે, અને પોણા સાત માઈલની ઊંચાઈએ ઘેરો આસમાની થઈ જાય છે, આઠ માઈલે એ રંગ જાંબલી લાગે છે અને ચૌદ માઈલની ઊંચાઈએ કાળો બની થઈ જાય છે. અત્યારે આકાશનો રંગ લગભગ એવો જ લાગે છે, એટલે આપણી ઊંચાઈ લગભગ ચૌદ માઈલની હોવી જોઈએ.' એમ કહીને એ ઊંચાઈ માપવાના યંત્ર તરફ વળ્યા અને જોયું તો લગભગ તેઓ પંદર માઈલની ઊંચાઈએ પહોંચતા આવ્યા હતા. પ્રોફેસર ફરી તાળી પાડી બોલ્યા. 'હજી પણ માલૂમ નથી પડતું એટલી ઊંચાઈએ આપણે પહોંચી ગયા છીએ.''

(ચાલુ)

ગુલાબરાય સી. પારેખ
અને એમ. એન. પારેખ

શ્રી વસન્ત જોષીનો નિબંધ

નટના ખેલ

આ આમ કેમ થતું હશે એ જ મને સમજાતું નથી. આ લેખની જ વાત કરો ને! સવારનો વિચાર કરું છું કે હમણાં લખી નાખું. પણ અત્યાર સુધી લખવાની શરૂઆત જ નથી કરી શક્યો. સવારમાં લખવા માટે ટેબલ પાસે ગયો ત્યાં સામેના અરીસામાં મોં દેખાયું અને માથાના વાળ બહુ જ વધી ગયા છે એમ જણાયું. એ તે કંઈ ચાલે? વાળ તો કપાવવા જ જોઈએ. તરત કપડાં પહેર્યાં અને બહાર ઊપડ્યો. વાળ કપાવીને ત્યાંથી દોઢ કલાક પછી ઘેર આવ્યો. હવે લખવાનું શરૂ કરવામાં કંઈ વાંધો ન હતો.

એટલામાં એક બે મિત્રો આવ્યા. 'તું ખાસ કામમાં હોય તો અમે આ ચાલ્યા પાછા. આવીશું કરી ફરીથી કે પરમ દિવસે. અમે કંઈ ખાસ કામ માટે નહોતા આવ્યા.' એમણે કહ્યું.

'હવે ભાઈ, એમ તો ખરા જરાક મારે જોકે થોડુંક લખવાનું તો છે. પણ એ તો ઠીક; પછી કાઢીશ તમારા ગયા પછી.' એમ કહી મેં એમને બેસાડ્યા. સૌજન્યના બધા ય નિયમો મને એ વખતે યાદ આવ્યા! ખરું પૂછો તો મેં એમને જવાનું કહ્યું હોત તો એમને જરા યે માઠું ન લાગત. પણ ઘેર આવેલા મિત્રોને કેમ કાઢી મુકાય, એવો વિચાર કરીને, બબડાટ કરવાને ટેવાયેલા મારા મનને મેં સમજાવી લીધું. મિત્રો ગયા ત્યારે અગિયારેકનો સુમાર હતો.

હવે તો નહાઈશું, જમી લઈશું અને પછી નિરાંતે લખવા બેસીશું એવો વિચાર મેં કર્યો અને સ્નાનભોજનમાં પડ્યો. જમ્યો ત્યાં જરાક આરામ કરવાનું મન થયું. અત્યારે ખાધે પેટે બહુ ખાસ નહિ લખાય એમ વિચારી જરાક લેટવાનો વિચાર કર્યો. આડો'ક કલાક આરામ કર્યો અને જાગ્યો ત્યારે બરાબર ત્રણ થઈ ગયા હતા.

બપોરનો એક વાગ્યો હતો. હવે લખ્યા વગર ચાલે એમ જ ન હતું. કાગળ, પેન્સિલો, રબ્બર એવું બધું આદિ ટેબલ પર એકઠું કર્યું. એટલામાં મનમાં થયું કે, બપોરનો વખત થયો છે એટલે ચા પીને પછી જ લખવા બેસું એના જેવું એકે નહિ. એથી લખવાની પણ સરસ સ્ફૂર્તિ આવશે, અને લખાણ આપણું ખૂબ ચા માટે ઊડવાનો વારો નહિ આવે. ખરેખર, આ વિચાર મારા મનને એવો તો ગમી ગયો! તરત જ સ્ટવ સળગાવ્યો અને ગરમ ચા બની. એક બે કપ ગરમાગરમ ચા ગટગટાવી ગયો. હવે તો લખ્યા વગર છૂટકો જ ન હતો. હું પાકું છું કે મેં ખૂબ ચાનું પણ ખાસ્સી લીધું. પણ હવે ખરાબ જઈને જ શું? આખો મનમાં નિશ્ચય કરી પેન્સિલ હાથમાં લીધી અને લખવાની શરૂઆત કરી.

ઘણીવાર મારું મન મને સવાલ કરે છે કે આ શા માટે આ આપણી જાતની કનડગત? આપણું મન આવે આ ઝઘડો શા માટે? 'બળ, ધન ને લખ જ' એવો કશો યોગ ના સામે પર કાઢ્યો નથી અથવા લખું તો પૈસા મળવાના છે કે કીર્તિ કોઈ વ્યાવસાયિક થવાના છે એવું પણ નથી. તો આ કડાકૂટ શા માટે?

એ ગમે તેમ હોય, પણ એવું હોય કે એમનું તો લેખક એક પ્રવૃત્તિ મનને કહેતી હોય કે 'બેસી જા છાનો માનો, આરામ કર. આ લખવાની ધમાલ શા માટે?' બીજી પ્રવૃત્તિ બીજી તરફ ખેંચે છે અને કહે છે. 'ચાલ, લખવા બેસ; કામ કર, નહિ તો કંઈ બનતું નથી.''

પ્રવૃત્તિનિવૃત્તિની આ ખેંચતાણમાં મન હેરાન થઈ જાય છે અને નાહક વાર ઘણી કંટાળી જાય છે.

પણ આ ગજગ્રાહની ખેંચતાણમાં પોતાના મનને જરા યે ડગમગવા ન દેતા તેમને સ્થિર રાખવામાં જ,—તાર ઉપરના આ નાચમાં પોતાનું સમતોલપણું ટકાવવામાં આવડવામાં જ જીવનનો ખરો મર્મ જિંદગીની મઝા છે એમ સુજ્ઞ માને છે. સમતોલપણું ગયું એટલે થઈ રહ્યું. જિંદગીના અનુભવની કોઈ પણ વાત લો. પરસ્પરવિરુદ્ધ પ્રવૃત્તિઓના આવા ઝઘડામાંથી આપણે કદી નિરાંતે છૂટવાના નથી. ખૂબ ખાશો તો ચરબી વધશે અને તમે જાડા થશો! ઉપવાસ કરશો તો તમારું શરીર બગડી જશે ને દાક્તરને ત્યાં જ રહેશો. ખૂબ કામ કર્યા વગર નિરાંતે સૂઈ જશો—આરામ કરશો તો એ આરામ બહુ જ લાગશે—કંટાળો પેદા થશે. 'બહુ થયો આ આરામ' એમ કહી કામ કરવા માંડશો અને કામ પણ ઘણું કરી થાકશો તો એ આરામ જરા આનંદદાયક જણાશે. પરંતુ એ જ આરામ પણ અતિ ચાલુ રાખશો તો જિંદગી બહુ દુઃખદ લાગશે, અને જીવનને હેરાન કરી મૂકશે!

આ જીવનજગ સંસાર માણવાનો જ કરવાનો. તાર ઉપરના આ નાચ આમ જ અવિરત ચાલુ રહેવાનો! આ જ જીવન. એ ન હોત તો જીવન ન હોત' એ જ વિચારથી જીવ આ તાર પર સમતોલ રહી શકે.

પણ આ તાર કેવો? એ આવ્યો ક્યાંથી અને જાય છે ક્યાં એ કોઈ જાણતું નથી. કોઈ આપણને આ તાર પર અચાનક જ ઊભા કરી દે છે. અમુક હોશિયારીથી સમતોલપણું સાચવતા આપણે આગળ વધીએ છીએ, અને પછી એમ આગળ તેમ—તેમ અહીંતહીં ફર્યા—ચેનચાળા ક્યાંક થઈ જઈએ છીએ! કેવા સુંદર નટના ખેલ આ!

વસન્ત જોષી

ભૂતકાળની શોધમાં

કચ્છના રણપ્રદેશ પર જ્યાં એક કાળે આનર્તરાષ્ટ્રનો સાગર ઘૂઘવતો તેના અવશિષ્ટ બેટો ને ખંડિયેર થએલાં બંદરોની ભાળ કાઢવા માટે કરેલા પગપાળા પ્રવાસની લેખમાળા

૨—ઝિંઝુવાડા

ઝિલ્લાબુંદ બેટ ઉપર હવે હું પર્યટન કરવા લાગ્યો. નીચે જંગલમાં જીવો અને પક્ષીઓ સિવાય બીજું કશું દેખાતું નહોતું. માનવી રહેઠાણના ચિહ્નો ક્યાંય નજરે પડતાં ન હતાં. કઈ કેડી ક્યાં જાય છે તેની કાંઈ જાતમાહિતી મને હતી નહિ. એટલું જાણ્યું હતું કે બેટની લંબાઈ ચાર ગાઉ અને પહોળાઈ બે ગાઉ છે, એટલે ગમે તે બાજુએ જઈશ તોપણ થોડીક વારમાં રણને તટે ક્યાંક ને ક્યાંક તો જઈ જ પહોંચીશ, ને પછી ત્યાંથી ઝિંઝુવાડાનો રસ્તો ખોળતાં વાર નહિ લાગે. એવા અટકળોમાં હું મન ફાવે તે બાજુએ, કોઈ પણ જાતના ધ્યેય વગર, ગમે તેમ ચાલવા લાગ્યો. ક્યાંક રસ્તો અર્ધોધી મોટી ઝાડીમાંથી જમીન ઉપર સૂઈને આગળ જવું પડતું, તો ક્યાંક આખા બેટમાં ચોમાસાના જળપ્રવાહે પાડેલી નાળોમાં કૂદકા મારી પણ કાપવો પડતો. અને બે કલાકની રખડપટ્ટી પછી એક મેદાન આવ્યું અને તેના ખાટલા ઉપર એક માણસ બેઠેલો મળ્યો. પૂછપરછ કરતાં જણાયું કે એ જંગલખાતાની ચોકી હતી અને બેટ-પ્રસિદ્ધ કુંડો નજીકમાં જ હતા, એટલે હું તુરત ત્યાં જઈ પહોંચ્યો.

આખા બેટના વહેળાઓ જે સ્થળે એકબીજાને મળી એક મોટા પટનું સ્વરૂપ ધારણ કરે છે ત્યાં આગળ એક નાનુંસરખું મેદાન બની ગયું છે. આ મેદાનમાં પાકા બાંધેલા ચારેક કુંડ આવેલા છે. એનું જ નામ બેટવાળીએ અહીં જ મહાદેવે તપ કર્યું (જુઓ આ અંક ... માની આ લેખમાળા) કહેવાય છે. વળી પૌરાણિક પરંપરા પ્રમાણે સરસ્વતી નદી એ જ સ્થળે પ્રથમ વાર સમુદ્રને મળીને પછી પ્રભાસ પાટણ તરફ પશ્ચિમ મહાસાગરને મળવા આગળ જતી હતી. કુંડમાં પાણી ભરેલું હતું. તેમની બાંધણીમાં પુરાતનપણાની નિશાનીઓ જણાતી નહોતી. વારંવાર થએલા જીર્ણોદ્ધારને લઈને પણ આમ થવા પામ્યું હોય.

ઝિલ્લાબુંદ બેટ ઉપર ઓલાબુનીઓની યાત્રા પૂરી કરી હું ઝિંઝુવાડા પહોંચી જવા રણ તરફ વળ્યો. જોકે મારી આ યાત્રા અધૂરી રહી કહેવાય, કારણકે પાછળથી મને લોકોએ જણાવ્યું કે એ બેટની પશ્ચિમે ઝાંઝાર ડુંગરનો એક મોટો કોટ છે અને ત્યાં પુરાતન બંદરની પણ નિશાનીઓ છે. કમભાગ્યે એની અગાઉથી મને ખબર પડી નહિ.

બેટ અને ઝિંઝુવાડા શહેર વચ્ચે ખારા રણનો બે માઈલનો પટ પથરાએલો પડ્યો હતો. બપોરના બાર વાગ્યા હતા. એવે વખતે ત્યાં ચાલનાર ગાંડો જ ગણાય. મીઠાની ચળકતી પોપડી આંખો આંજી નાખતી હતી અને ઉપર સૂર્યનો તાપ માથું ફાડી નાખે તેવો હતો; એટલું જ નહિ પણ સૂર્યના તાપને લઈ રણની સપાટી પરના ક્ષારોએ ભીના થઈ કાદવનું રૂપ ધારણ કર્યું હતું. આ ખારા કાદવમાં ઍસિડિક ક્ષારોનો અંશ હોવાથી પગની ચામડી માટે તે જોખમકારક થઈ પડે છે, એટલે અહીંની વાઘરીઓ સારીપેઠે બાંધીકરી ગાડામુસાફરી કરતે ચાલતો. ચાલતો ચાલતો હું ઝિંઝુવાડા પાસે તે સ્થળે આવી પહોંચ્યો કે જ્યાં સવારે કૂવામાં નહાતા માણસે મને પ્રાચીન બંદરના અવશેષો હોવાની વાત કરી હતી. મને એ અવશેષો ક્યાંય દેખાયા નહિ એટલે નજીકમાં દેખાતા ઝિંઝુવાડાના ગઢ તરફ મેં ચાલવા માંડ્યું.



ઝિંઝુવાડા કિલ્લાના દ્વારનો સંપૂર્ણ ખ્યાલ આપતું એક જૂનું રેખાચિત્ર. આજે તો આમાંનું કશું યે હયાત રહ્યું નથી

ગુજરાતમાં જ નહિ પણ આખા પશ્ચિમ હિંદમાં ઝિંઝુવાડાનો આ કિલ્લો અનેક રીતે અગત્યનો લેખાય છે. 'કુમાર'ના ફાગણ ૧૯૮૫ના (૬૩મા) અંકમાં શ્રી હરિનારાયણ આચાર્યનો લખેલો ઝિંઝુવાડાને લગતો એક માહિતીપૂર્ણ સચિત્ર લેખ પ્રગટ થઈ ચૂક્યો છે, એટલે એ લેખ ઉપરાંતની જ ઝિંઝુવાડા સંબંધી માહિતી હું અહીં આપીશ. રાસમાળામાં કિન્લૉક ફૉર્બ્સે તેની જે વિગત આપી છે તે અહીં રસપ્રદ થઈ પડે તેવી છે:

'સોલંકી રાજ્યના પ્રાચીન અવશેષોમાં અતિ મનોરંજક તો ડભોઈ અને ઝિંઝુવાડાના એકસરખા કિલ્લા છે. એ બન્નેની બાંધણી અને શિલ્પ સરખાં છે. એમાં ઝિંઝુવાડાનો કિલ્લો વિશેષ વ્યવસ્થિત રીતે બચાએલો છે. અતિ એકાંત સ્થળે આવેલો હોવાથી તે પરદેશી આક્રમણકારોના વિનાશથી બચી જવા પામ્યો છે . . .

ઝિંઝુવાડાના કિલ્લાનો આકાર ખરેખરો સમચોરસ છે. તેની એકેકી બાજુની લંબાઈ આશરે આઠસો વાર છે. એની ભીંતો નક્કર નક્કીની છે અને ઊંચાઈમાં તે પચાસ ફૂટ છે. દરેક બાજુની મધ્યમાં દરવાજો છે. તેના ઉપર જે મેડા છે ને, બન્ને બાજુની ગોળાકાર થાંભલા જે રીતે ગોઠવ્યા છે અને જે કમાનોનું કામ સારું છે, તેઓને આધારે રહેલા છે. કિલ્લાના ચારે ખૂણાઓમાં બુરજ છે. તેનો સાધારણ આકાર તો સમચોરસ છે, પણ હિંદુ શિલ્પીઓને ખાંચા પાડીને અસાધારણ આકાર કરવો પસંદ પડે છે તે પ્રમાણે તેને પણ કરેલું છે. વચલા દરવાજા અને ખૂણાના દરેક બુરજની વચ્ચે ચાર ચાર સમચોરસ કાંગરા છે. કિલ્લાની ભીંત પર થોડે થોડે અંતરે માતાનાગના આકાર કોતરાના સુશોભનો છે. ઉપલી બાજુએ અર્ધગોળાકાર કાંગરા મૂકેલા છે. દરવાજાઓ કોતરકામથી ઘણા સમૃદ્ધ છે.

કિલ્લાની અંદર દક્ષિણ દરવાજાની સામે જ એક ગોળાકાર તળાવ છે. તેનો વ્યાસ ત્રણસો વારનો છે. આ તળાવની નજીકમાં એક વાવ છે. કિલ્લાના ચારે દરવાજા ખંડિયેર રૂપે હજી પણ હયાત છે. કિલ્લાની અંદરની અમલના વખતની જૂની ઇમારતો નાશ પામી છે અને હાલ ત્યાં જંગલ છે. બાકીના ભાગમાં હાલનું ગામ છે અને તે કોળી ઠાકોરના તાબામાં છે. આ કિલ્લાની દીવાલો ઉપર ઠેકઠેકાણે 'મહં શ્રી ઉદલ' આ વાક્ય લખેલું છે, તે ઉપરથી ધારણા થાય છે કે ઉદયન-

મંત્રીના ઉપરી પણા નીચે આ કિલ્લો બંધાયો હશે . . . .

ડભોઈનો કિલ્લો આકાર ને વિસ્તારમાં ઝિંઝુવાડાને મળતો છે તેનો ઘાટ ઝિંઝુવાડાના કિલ્લા કરતા ઓછો વ્યવસ્થિત છે ને વળી તે નીચો પણ છે. શિલ્પમાં તેના ત્રણ દરવાજા તો ઝિંઝુવાડાના દરવાજા જેવા સુંદર નથી, માત્ર હીરા ભાગોળ નામનો ચોથો દરવાજો વિશેષ સુંદર છે.' (રાસમાળા-ભા ૧, પૃ ૩૫૦-૩૫૧)

આ ગામનુ નામ ઝિંઝુવાડા શા ઉપરથી પડ્યુ તે વિષે કેટલાયે મતો પ્રચલિત છે. અહીં એક દંતકથા એવી પણ પ્રચલિત છે કે ઝિંઝુવાડાના દક્ષિણ દરવાજા આગળ એક રાજબાઈ માતાની દહેરી છે તે સ્થળે જ્યારે ઝિંઝુવાડા વસ્યુ નહોતુ ત્યારે ઝુંઝા નામના ભરવાડનો નેસ હતો. તે વખતે પાટણની રાજરાણી મીનળદેવીને ઘણાં વર્ષ થયા છતાં પ્રસુતિ થતી નહોતી, એટલે સિદ્ધપુરથી કદાચ રાણી દ્વારકાની જાત્રાએ જવા નીકળ્યા અને રસ્તામા જ્યાં ઝુંઝા ભરવાડનો નેસ હતો તેની નજીક મુકામ નાખ્યો. ઝુંઝાને રાણીના દુઃખની ખબર પડી તે રાણીની પાસે જઈને બોલ્યો કે તમારી શોક્યોએ કામણ કરી એક માટલીમા પાણી ભરી તેમા એક દેડકો નાખી, પછી એ માટલીને જમીનમા દાટી દીધી છે આ દેડકો જ્યા સુધી નીકળે નહિ ત્યાં સુધી તમને પ્રસુતિ થાય નહિ ભરવાડે રાણીને સલાહ આપી કે તમે એવી ખોટી વાત ફેલાવો કે કુંવર અવતર્યો છે, એટલે તમારી શોક્યો એ માટલીને, તેનુ કામણ કેમ ચાલ્યુ નહિ એ તપાસવા બહાર કાઢશે, અને તેમાથી દેડકો નીકળશે રાણીએ આ પ્રમાણે કર્યું અને તેની શોક્યોએ ધારણા મુજબ માટલી કાઢી, તેમાથી દેડકો નીકળ્યો કે તેજ ઘડીએ ઝુંઝાના નેસ આગળ રાણીને કુંવર અવતર્યો આ કુંવર તે સિદ્ધરાજ જયસિંહ ઝુંઝાના આ ઉપકારના બદલામા રાણીએ તેના નેસ પાસે ઝિંઝુવાડા નામનુ શહેર વસાવ્યું અને સિદ્ધરાજ ગાદીએ આવતા તેણે ત્યા કોટ બંધાવ્યો. આવી જ દંતકથા ડભોઈના કિલ્લા વિષે પણ પ્રસિદ્ધ છે.

ઝિંઝુવાડાનુ પ્રાચીન નામ ઝાંઝનગર પણ મળી આવે છે વઢવાણ પાસે રામપુરામા ઈ.૧૪૮૨નો એક શિલાલેખ છે તેમા આ પ્રમાણે ઝાંઝનગર નામના શહેરનો ઉલ્લેખ છે: सवत्त १५३८ वर्षे शाके १४०३ प्रवर्त्तमाने माघ मासे शुक्लपक्षे १३ शुक्रे पादशा श्री महिमूदराण श्री धध विजयराज्ये अहेहमूयेपुरे झांझनगर वास्तव्य खान श्री अलूखान राज्ये मंत्रि श्री . .

આ ઝાંઝનગર ને ઝિંઝુવાડા એમ શ્રી તળપદકરનું માનવું છે.

ખરૂ જોતા, ઝિંઝુવાડા ક્યારે અને કોણે વસાવ્યુ તે સંબંધે હજુ સુધી કાંઈ પણ પ્રામાણિક માહિતી ઉપલબ્ધ થઈ નથી. એના કિલ્લાના શિલ્પ ઉપરથી જણાય છે કે એ અને ડભોઈનો કિલ્લો સમકાલીન છે ઈ એક જ રાજાએ બંધાવેલા હોવા જોઈએ. બને કિલ્લાઓ સિદ્ધરાજે (ઈ ૧૦૯૪-૧૧૪૩) પોતાના રાજ્યની પૂર્વ ને પશ્ચિમ સરહદોની રક્ષા માટે બનાવ્યા હતા એમ વિદ્વાનો માને છે સિદ્ધરાજના ૨ જ્યકાળના છેલ્લા વર્ષોમા ઉદયન નામનો વણિક (પાછળથી કુમારપાળના મહામંત્રી થયો હતો તે) ખંભાતનો સૂબો હતો એટલે ઝિંઝુવાડાના કિલ્લા પર સમેતુ ઉદલ નામ ને ઉદયનનું દેશી રૂપ હોય એમ સંભવિત છે

આરંભ પ્રાતિક ઐતિહાસિક મહત્ત્વ ધરાવવા ઉપરાંત ઝિંઝુવાડાનો નગરકોટ હિંદના પુરાતત્ત્વમા પણ એક વિશિષ્ટ સ્થાન ભોગવે છે. સુપ્રસિદ્ધ કલાવિવેચક શ્રી આનંદકુમાર સ્વામી તેના વિષે લખે છે: 'ગમે ત્યાંના કોઈ પણ હિંદી નગરના કોટના અવશેષો સૌથી વધુ સુરક્ષિત રહ્યા હોય તો તે વડોદરાની પાસે ડભોઈ અને ગુજરાત-કાઠિયાવાડના નાકે આવેલા ઝિંઝુવાડાના છે આ અત્યંત મજબૂત શહેર ઈ ૧૧૦૦ની લગભગ ગુજરાતના સોલંકી રાજાઓએ બંધાવ્યા હતા.

(હિસ્ટરી ઑફ ઇન્ડિયન ઍન્ડ ઇન્ડોનેશિયન આર્ટ પૃ. ૧૧૩)

ઝિંઝુવાડાના ગઢના દરવાજાઓ પણ હિંદી સ્થાપત્યની દૃષ્ટિએ ઘણું મહત્ત્વ ભોગવે છે. ફરગ્યુસન જણાવે છે કે એ દરવાજાઓની કમાનો શુદ્ધ દ્રવિડ શૈલીની છે ડભોઈના દરવાજાઓ પણ એ જ શૈલીના રચાયા હતા આ બે સિવાયના એ શૈલીના બીજા દરવાજાઓ કાઠિયાવાડમા ઘુમલી, ઉત્તર હિંદમા ગ્વાલીઅર પાસે તેરહી અને દક્ષિણ હિંદમાં વિજયનગરના મળી આવે છે.

ઝિંઝુવાડાના ગઢની સાંગોપાંગ હુ છેક ઉત્તર દિશાએથી માવનો ચાલતો તેને દક્ષિણ દરવાજેથી બહાર નીકળી પાસેના તળાવને કાંઠે પહોંચ્યો. તળાવ ઘણું વિશાળ હોઈ પોણા માઇલનો ઘેરાવો ધરાવે છે આકાર અમદાવાદના કાંકરિયાના જેવો ખૂણાદાર ગોળ છે. પાણીને બદલે તેમા અત્યારે કાદવ હતો, જ્યા ભેંસો ગાંદી પડી હતી ગામના લોકો કહે છે કે પાટણના રાજા સધરા જેસંગે એક વાર અહીં છાવણી નાખેલી, પણ શહેરમા પાણી મળે નહિ એટલે તેણે બાબરા ભૂતને તળાવ ખોદવા હુકમ કર્યો. બાબરાની બનાવેલ એક રાતમા ગઢ અને તળાવ બાંધીને તૈયાર કરી આપ્યા' લગભગ ઈ ૧૧૧૦મા સિદ્ધરાજે પાટણથી જૂનાગઢ ઉપર આક્રમણ કર્યું ત્યારે તે વખતે માર્ગમા વાઘેલ, મુંજપુર વગેરે ગામે સરોવરો બંધાવેલા તે જ વખતે કદાચ આ તળાવ પણ બંધાવ્યુ હોય એ શક્ય છે.

હવે સાંજ પડી હતી. તળાવ પરથી હુ બજારમા ગયો આવતી કાલે વગર માનતાએ જ વાછડાદાદા ની માનતા ઉતારવાની હતી, એટલે તેના માટે લાડુની પ્રસાદી નાળિયેર વગેરે લીધા, હોટેલમા જમ્યો અને પછી ઉતર્યો હતો તે મંદિરે આવીને સૂઈ રહ્યો.

પરોઢીએ બરાબર ચાર વાગ્યે હુ ઊઠીને બેઠો થઈ ગયો. બહાર ચંદ્રમાનો ધવલ પ્રકાશ ફેલાયેલો હતો અને મંદિરની અંદરના ગાઢ અંધકારમા માગી પગારી પટેલી હતી મીણબત્તીઓ ખૂબ હતી એટલે અજવાળામા કાંઈક મારી માગી વસ્તુઓ સંકેલીને થેલીઓમા ભરી ને પછી મજૂરની રાહ જોતો બેઠો પાંચ વાગ્યે મજૂર આવ્યો તેને થેલીઓ સોંપી નિત્યકર્મથી પરવાર્યો અને મંદિરને છેલ્લા નમસ્કાર કરી આનર્ત રાષ્ટ્રના વિનાશ પામેલા સાગરનો-કચ્છના રણમાંહેના પ્રવાસનો આરંભ કર્યો. આગળ મજૂર ને પાછળ હુ, એમ અમે ઝિંઝુવાડાના કિલ્લાની ઉત્તરે નીકળ્યા થોડેક ચાલતાં એક પ્રાચીન ટેકરો આવ્યો. મજૂરે કહ્યુ કે અહીં જૂના વખતમા ઝિંઝુવાડાનુ બંદર હતુ. નજીકમા જ તે વખતના તળાવના અવશેષો છે. હજી અંધારું જ હતુ એટલે કાંઈ તપાસ કરી શક્યો નહિ વળી ઝિંઝુવાડામા તો એટલુ બધુ જોવાનું બાકી હતુ કે ફરી બીજી વાર કોઈક વખતે આવવું પડશે અને તે વખતે જ આ પ્રાચીન નગરનું સંપૂર્ણ સંશોધન કરીશ એમ વિચારી મેં આગળ ચાલવા માંડ્યું.

ડાબી બાજુએ કચ્છનું સપાટ રણ વિસ્તરેલું હતું અને જમણે હાથે ખારા પાટનો પ્રદેશ પડ્યો હતો ને તેની પૂર્વે પ્રગટેલી લીલી છમ વહિયાર તરફથી સૂર્યનાં કિરણો અમારા ઉપર ફેંકાતા રણ ઉપર પથરાવા લાગ્યાં હતા. જેમજેમ પગમાંનો ઉપાડ મંદ થતો હતો તેમતેમ રણપ્રદેશમા અવનવાં દૃશ્યો નજરે પડતાં હતાં પ્રભાતમાં દેખાતું રણનું સુનિશ્ચિતદર્શ તો વર્ણવી શકાય તેવું નથી રાને આ વિસ્તારમા થોડાક છાંટા પડેલા, એટલે રણની સપાટી મહદ્અંશે ભીની પડી હતી સાત વાગ્યે અમે ફતેપુર નામે પહોંચ્યા ત્યાં વણઝાર

ગાડાં ઊભેલાં હતાં. તે વઢિયાર તરફથી આવેલા વાછડા દાદાના જાત્રાળુઓના હતા. રણમાં કાદવને લઈને ચાલી શકાય તેમ ન હોવાથી તે રણમાંથી પાછા વળ્યા હતા અને આજનો દિવસ ઝિંઝુવાડા રોકાઈ કાલ સુધીમાં રણનો કાદવ સુકાઈ જતાં આવતી કાલે વાછડા દાદા જવાનો તેમણે વિચાર કર્યો હતો. કહેવાની જરૂર નથી કે રણમાં થયેલો કાદવ તે માટીનો નહિ પણ તેની સપાટીમાં રહેલા મીઠા ને બીજા ક્ષારોનો હતો. મજૂરે મને જણાવ્યું કે પાંચ ગાઉ રણનો પટ વટાવી વાછડા દાદા પહોંચાય છે, એટલે પગે ચાલવું બહુ અઘરું થઈ પડશે. હું એમ ધારતો હતો કે જેવી રીતે ઝિંઝુવાડાની નજીકમાં જ રણમાં ઝિલાનંદ બેટ છે તેવી જ રીતે વાછડાદાદાનો બેટ પણ કાંઠાની નજીકમાં જ હશે. પણ રણના દાદાગા પાંચ ગાઉ એટલે તો ખારોપાટ અને કચ્છની વચ્ચોવચ્ચનો વિસ્તાર કહેવાય. એ જાણીને હું રાજી જ થયો. મારી ઇચ્છા રણમાંનો કોઈ એવો બેટ જોવાની હતી કે જ્યાંથી ચારે બાજુ જોતાં ક્યાંય પણ જમીનનો કાંઠો ન દેખાય. વાછડાદાદાનો બેટ એ ઇચ્છા પૂરી કરશે એમ લાગ્યું. વળી ખારા કાદવમાં પાંચ પાંચ ગાઉ સુધી ચાલવાનો લહાવો ક્યે દહાડે મળવાનો હતો? મજૂર આજે કાદવમાં કરવામાં આવનારી મુસાફરીની અસહ્ય હાડમારીઓનું વર્ણન કરી મને પાછો ઝિંઝુવાડા લઈ જવા પ્રયાસ કરવા લાગ્યો. પણ મારામાં તો આજની એ મુશ્કેલીઓએ સાહસ ખેડવાની તમન્ના જાગ્રત કરી હતી. નાનપણમાં રૉબિન્સન ક્રૂઝોના સાહસકાર્યો વાંચી, આજે કરી રહ્યો છું તેવા પર્યટનો કરવાનો શોખ પહેલવહેલો મારામાં જાગૃત થયો હતો. ત્યાર પછી તો 'કુમાર'માં વારંવાર આવતા ધ્રુવપ્રદેશના સાહસિક પ્રવાસો વાંચીવાંચી એ શોખ વધુ ને વધુ જાગ્રત બન્યો ને હું યુરોપિયન પ્રવાસીઓના સાગર સાહસોના સાહિત્યનો રસિયો બન્યો ને જીવનમાં સાહસિક પ્રવાસો ખેડવાના તલસાટ મારામાં ઉત્પન્ન થયા હતા.

ફતેપુરથી રણમાં પગ મૂક્યો. કાંઠાની નજીક તો ક્યારે કાદવ હતો નહિ એટલે સરળતાપૂર્વક ચાલી શકાતું, પણ જેમજેમ કાંઠો અને અમારી વચ્ચેનું છેટું વધતું જતું હતું તેમતેમ રણના કાદવની ભયંકરતા વધતી જતી હતી. દોઢેક કલાક પછી કાંઠો અલોપ થયો. ચારે બાજુએ વર્તુળાકાર ક્ષિતિજપ્રદેશમાં એકમાત્ર રણની સપાટી આકાશને મળતી દેખાતી હતી. અનંત રણના પુરાતન સાગરની એ સપાટી, જાણે કે તેના ઉપરથી હમણાં જ વેળ ઊતરી ગઈ હોય તેવી તાજી દેખાતી હતી. રખેને કોઈક દિશામાંથી દરિયાનાં મોજાં ઉછળતાં જ આવી ચડે અને અમને આવરી લે એવો ભય લાગતો હતો. કાદવમાં એક કલાકમાં માંડ પોણો માઈલ અમે ચાલી શકતા હોઈશું. ચાલતાં ચાલતાં કાદવ ઊંડો હતો અને તેનાથી મારાં બધાં કપડાં બગડી ગયાં હતાં. જ્યાં કાદવ ઊંડો હોય તે વિસ્તારને મૂકી જરાક ફેર ખાઈને આગળ વધતા હતા. એમ કરતાંકરતાં સૂરજ માથે આવ્યો એવામાં એક સ્થળે ચાર માટલાં મૂકેલાં નજરે પડ્યાં. મજૂરને એ તે વિષે પૂછ્યું તો તેણે ઉત્તર આપ્યો કે ફતેપુર અને વાછડાદાદાના બેટની અધવચ્ચે જાત્રાળુઓને પીવા માટે અહીં પાણી રાખવામાં આવે છે. આ પ્રદેશમાં આવતું દરેક માણસ પાણીનાં માટલાં માથે ઉપાડી ચાલે છે અને થોડુંઘણું પાણી આ માટલાંઓમાં રેડતું જાય છે. બપોર થયા તોય હજી તો અરધો જ રસ્તો ખૂટ્યો હતો, એટલે અમે ત્યાં જ નાસ્તો કરવા બેસી ગયા. માટલામાંથી લઈ પાણી પીધું અને આગળ ચાલવા માંડ્યું. બે વાગ્યાની લગભગ ત્રણ નાના બેટો દેખાયા. મજૂરે કહ્યું કે એમાંનો પહેલો તે વાછડાદાદાનો બેટ, પણ તે તો હજુ ક્યાંક ચાલ્યા પછી આવશે! હવે હું ખરેખર બેહાલ બન્યો હતો. પગથી માથા સુધી કાદવના થર મારા પર બાઝી ગયા હતા. ભૂખ ક્યારની લાગી હતી અને તરસનો તો પાર ન હતો. રણના પ્રવાસનો આ પહેલો જ દિવસ હતો.

માંડમાંડ કરી અમે બેટની નજીકમાં પહોંચવા આવ્યા, ત્યાં મજૂર બોલ્યો: 'બાપજી, આ નાસ્તાપોટલા હવે તમારે ઊંચકવા પડશે.'

'કેમ વળી?'

'બાપજી, હું કોળી છું. વાછડાદાદાની દહેરીએ ગામોની ઠઠ જામેલી છે. એમાંના કેટલાય મને ઓળખતા હશે. એ જોશે કે હું તમારા પોટલાં ઊંચકીને લાવ્યો છું તો તમને ય ત્યાં પેસવા નહિ દે. એટલે તમે ઊંચકી લો. અને ત્યાં ગોરબુ જ કહેજો કે એ તો રસ્તો દેખાડવા મારી સંગાથે આવ્યો છે.'

'ઠીક થઈ ગયું! એક તો હવે મારા જ પગ માંડમાંડ ઊપડે છે એથી ઢસડાતા ઢસડાતા આગળ ચાલું છું. તેમાં વળી આ આફત આવી.' વાછડાદાદાએ કસોટી કરી લાગે છે."

(ચાલુ)

અમૃતલાલ વ. પંડ્યા

ઈશ્વરી ઇન્સાફ

હજરત મૂસાએ ખુદાને અરજી કરી કે 'ઓ સર્વશક્તિમાન પ્રભુ! મને તારા ઇન્સાફનો એકાદ નમૂનો તો બતાવ.' ખુદાએ કહ્યું, 'મારો ન્યાય જો તારે જોવો જ હોય તો ફલાણા ઝરા પાસે જઈને સંતાઈ જા.' હજરત મૂસા ત્યાં જઈને એક ઝાડને ઓથે સંતાઈને બેસી ગયા.

થોડી વારે એક ઘોડેસવાર ત્યાં આગળ આવી ચડ્યો. તરસથી વ્યાકુળ થયેલા તે સવારે કપડાં ઉતારી હાથમોં ધોયાં અને ઝરાના નિર્મળ જળનું પાન કરી પોતાની તરફ ઝડપથી રસ્તે પડ્યો. પરંતુ તેણે કપડાં ઉતાર્યાં ને પહેર્યાં તેમાંથી પૈસાની એક કોથળી નીચે સરી પડી હતી તેનું તેને ભાન રહ્યું નહિ.

થોડો સમય વીત્યા બાદ એક કિશોર રમતો અને ગેલ કરતો ત્યાં આવી પહોંચ્યો. તેની નજર પેલી પૈસાની થેલી ઉપર પડતાં, તે ઉઠાવીને નાસી ગયો. એટલામાં એક આંધળો લાકડીને ટેકે ત્યાં આવ્યો અને હાથમોં ધોઈ નમાજ ગુજારવાની તૈયારી કરતો હતો, તેવામાં પેલો સવાર ઘોડે પાછો ફર્યો અને પેલા અંધને ઉદ્દેશીને ત્રાડ પાડી. 'હું મારી થેલી અહીં ભૂલી ગયો છું. આ જગ્યાએ બીજું કોઈ આવેલ નથી, માટે થેલી તેં જ લીધી હોવી જોઈએ. માટે ચાલ, જલદી પાછી આપી દે.' અંધ ફકીરે કહ્યું: 'ભાઈ હું તો આંખે દેખી શકતો નથી, તારી થેલીની મને ખબર પણ નથી. શા માટે મને નાહક ધમકાવે છે?' ક્રોધાવેશમાં આવેલો ઘોડેસવાર પેલા નિર્દોષ અંધને પોતાની સમશેરથી ઠાર કરીને ચાલતો થયો.

હજરત મૂસાએ ઈશ્વરને પ્રાર્થના કરી 'પરવરદિગાર! મને આમાં કંઈ સમજ પડી નહિ.' ત્યારે ફિરિશ્તા જબ્રઈલ ત્યાં પ્રગટ થઈને બોલ્યા: 'જે છોકરો પૈસાની થેલી ઉપાડી ગયો તેનો બાપ પેલા ઘોડેસવારને ત્યાં નોકરી કરતો હતો. નોકરી દરમ્યાન તેનું મૃત્યુ થતાં તેની ચાર નોકરીની પગારની રકમ ઘોડેસવાર હજમ કરી ગયો. તે રકમ તેણે થેલીમાં રાખી મૂકી હતી, જે આખરે તેના ખરા હકદારના હાથમાં ગઈ. પેલો અંધ જ્યારે દેખતી સ્થિતિમાં હતો ત્યારે તેણે પેલા સવારના બાપનું ખૂન કરેલું, આજે ઘોડેસવારે તે આંધળાનો વધ કરી પોતાના પિતાનું વેર લીધું.'

(ફારસી ઉપરથી)

હિંમતલાલ લીલાધર ગાંધી



સુરાષ્ટ્રની ફટકડી

લેખક- શ્રી રામસિંહજી કા. રાઠોડ ડી. ડી. આર

કચ્છમાં ભૂજની વાયવ્ય બાજુ, ભુજથી પચ માઈલ દૂર 'માતાનો મઢ' નામે ગામ છે. એક નાના વહેળાને બંને કાંઠે એ વસેલું છે અને એની આસપાસ ટેકરીઓ છે એ ગામ જૂના સમયથી ફટકડીના ઉત્પાદન માટે પ્રસિદ્ધ છે 'માતાના મઢ' સિવાય હિન્દમાં ફટકડીની ઉત્પત્તિ બિહાર અને પંજાબના કેટલાક ભાગોમાં થાય છે બ્રહ્મદેશના ઉપરના ભાગમાં પણ એ મળી શકે તેમ છે.

ફટકડીથી અજ્ઞાત કોણ હોય? પણ ફટકડી એ શું છે અને કેમ તથા ક્યાં બને છે તેની જાણ ઘણાને નહિ હોય

ફટકડી સંયુક્ત લવણ અને રંગ વગરનો સ્ફટિક પદાર્થ છે એનો મધુર સ્વાદ, તેજાબ અને તુરાશ હોય છે. ગંધકનો તેજાબ, ઍલ્યુમિનિયમનું પ્રાખિલ, એક ક્ષાર અને પાણી એ ચાર અંગોની તે બનેલી છે. બહુ જૂના વખતથી પ્રખર રસાયનિકોએ ઘણાઘણા અખતરાઓ ફટકડીનાં અંગો જાણવા માટે કરેલા, પણ સને ૧૭૯૭ સુધી તેઓ તે વિષે પૂરતી માહિતી મેળવી શક્યા ન હતા બહુ ધીરે અને ધીમી ગતિએ એના અંગોનું સંશોધન આગળ વધ્યું છે

ફટકડીની મુખ્ય ત્રણ જાતો છે. પોટાશ ફટકડી, સોડા ફટકડી અને નવસાર ફટકડી. આ સિવાય પણ એની એક જાત છે એ ફોટોગ્રાફીના ઉપયોગકોના ધ્યાન બહાર નહિ હોય એ ક્રોમ ફટકડીના નામે ઓળખાય છે. ફટકડીનું આ ભિન્નત્વ તેના એક અંગ ક્ષાર પર અવલંબે છે. ફટકડીની રચનામાં જે પ્રકારનો ક્ષાર વપરાય છે તે પ્રમાણની ફટકડી બને છે.

આપણે ક્યારથી ફટકડી વાપરતા થયા અથવા ફટકડી પહેલવહેલી ક્યારે, ક્યાંથી અને કેમ મળી તે કહેવું મુશ્કેલ છે અતિ પ્રાચીન કાળથી આપણે ફટકડી વાપરતા આવ્યા છીએ. ફટકડીનો ઉલ્લેખ આપણા પુરાણા વૈદક ગ્રંથોમાં પણ છે ચરક, સુશ્રુત અને વાગ્ભટ્ટ પણ ફટકડીના ઉપાયો જાણતા હતા. તેમની પહેલાં પણ હિન્દમાં ફટકડીનો ઉપયોગ થતો હશે જ; એટલે ભૂતકાળનો તેનો ઇતિહાસ ઉપલબ્ધ નથી.

પાશ્ચાત્ય દેશોમાં પણ ફટકડી વપરાતી તો લાંબા કાળથી આવે છે, પણ ત્યાં એનો ઉદ્યોગ પાંચસો કે છસો વર્ષથી જૂનો નહિ હોય ઇંગ્લૅન્ડ સુધ્ધાં જે કે તે પહેલાં ત્યાંના લોકો પૂર્વમાંથી ફટકડી આયાત કરતા. તે વખતે તેઓનું ફટકડી વિષેનું જ્ઞાન બહુ અલ્પ હતું તેની રચનાનું ભાન પણ એમને ન હતું. પણ જેમ જેમ તે વિષે તેઓ પોતાનું જ્ઞાન વધારતા ગયા અને આજે પોતાના જ દેશમાં તેઓ પુષ્કળ પ્રમાણમાં ફટકડી નિપજાવે છે.

ઈ.સ. ૧૮૧૦ સુધી સોડા ફટકડીથી લોકો તદ્દન અજ્ઞાત હતા. દક્ષિણ અમેરિકાના સેંટ હેલન પરગણામાં મેન્ડોઝાની ઉત્તરે તેની પેદાશમાં ડૉ. ગિલિસે સોડા ફટકડી શોધી ત્યાં એ સ્વાભાવિક રૂપે મળી આવે છે આપણે ચાલુ વાપરીએ છીએ એ તો પોટાશ ફટકડી. સોડા ફટકડીને તપાવવાથી એ સારી ફટકડીનું કામ આપે.

હિન્દમાં એક સમયે ચીનમાંથી પુષ્કળ પ્રમાણમાં ફટકડી આયાત થતી અને વજન ૩૩ થી ૪ [illegible] લેખે જાપાન સાથે પણ ફટકડીના વેપારનો સંબંધ હિન્દને જૂનો છે સિંધુ કાંઠે શાહાબાદ અને મીરજાપુરના મુખ પાસે બિહારમાં દર વર્ષે ૪૦૦ ટન ફટકડી ઉત્પન્ન થાય છે. હિન્દનું એકંદર ફટકડીનું ઉત્પન્ન દર વર્ષે ૧૦૦૦ ટનથી વધુ નહિ હોય, અને તે પણ અનિશ્ચિત છે હિન્દી ફટકડી વપરાશમાં બહુ સારી તેમજ ગુણકારી નથી એ વાંક તેની રચનામાં રહી જતા મેલ અને બીજા કચરાના અશુદ્ધપણાને લીધે છે, અને બેદરકારીનું જ એ પરિણામ છે. પ્રયત્નથી એ ફટકડીને જેવી જોઈએ તેવી શુભ્ર અને શુદ્ધ બનાવી શકાય.

ફટકડીની રચનાની ચોક્કસ જુદીજુદી રીતો પ્રચલિત છે ફટકડીમાં વપરાતા તેના અંગોના ગુણ અને પ્રકાર પ્રમાણે તેમનો વિધિ કરી ફટકડી તૈયાર કરાય છે યુરોપમાં શિલાજીત, ઍલમ-સ્ટોન કે ઍલમ-શેલ ફટકડીની બનાવટમાં વપરાય છે ઍલમ-સ્ટોન કે ઍલમ-શેલને વારંવાર હવામાં તપાવવાથી કે પાણીનો ઉપયોગ કરવાથી તેમાંથી ફટકડી મેળવાય છે

ફટકડીની રચનામાં વપરાતા પદાર્થોનું ગરમ મિશ્રણ કરી તેને ધીમેધીમે ઠંડું થવા દેતા એ મિશ્રણમાંથી ફટકડીના આઠ બાજુવાળા 'રવાસ' (crystals) છૂટા પડતા જાય છે. ફટકડીમાં જેમ લોહતત્ત્વનું પ્રમાણ ઓછું રહે તેમ ફટકડી વધુ શુદ્ધ બને છે એવી તદ્દન શુદ્ધ ફટકડી માટે રોમ પાસેની ખાણો પ્રસિદ્ધ છે

ફટકડીના ઘણા ઘરગથ્થુ ઉપયોગો છે. રંગ બનાવવાના નાના કાર્યથી માંડી ઘણી દવાઓ તરીકે આપણે ફટકડી વાપરીએ છીએ. ફટકડીને ૯૨ અંશ સેન્ટીગ્રેડ ગરમી આપતાં ઓગળે છે વધારે તપાવતાં એ ફૂલે છે ૨૦૦ અંશ સેન્ટીગ્રેડ સુધીની ગરમીએ પહોંચતા તેમાંનું પાણી ઊડી જાય છે અને સફેદ અપારદર્શક ગઠ્ઠો રહે છે. એને આપણે ફુલાવેલી ફટકડીના નામે ઓળખીએ છીએ. દવાના કામમાં હમેશા ફુલાવેલી ફટકડી વપરાય છે લોહીને બંધ કરવું અને જામેલા લોહીને તોડવું એ એના મુખ્ય ગુણ છે શરીરના કોઈપણ ભાગમાંથી જ્યારે કારણે લોહી બહાર જતું હોય તો તેના અટકાવ માટે ફટકડીવાળા પાણીનું પીવું બહુ લાભકારક છે મોનું આવવું, ઝાડા પડવા, ગળાનું આવવું, પરોજ વગેરે રોગોમાં તથા અનેક દર્દોમાં એક ઔંસ પાણીમાં દસ ગ્રેન ફટકડી નાખી તેના કોગળા કરવાથી મટી જાય છે આંખો દુખતી હોય તો ફટકડીને અફીણ સાથે પીસી આંખની આસપાસ લગાડતા એ દુખાવો મટે છે એક ઔંસ પાણીમાં બે ગ્રેન ફટકડી નાખીને તેના ટીપાં પણ આંખમાં નખાય છે અતિસાર, પ્રદર અને પ્રમેહ જેવા દર્દોમાં પણ ફટકડીનો પિચકારી વગેરેમાં ઉપયોગ થાય છે ટાઢિયા તાવમાં પણ ૧૦ ગ્રેન ફટકડી ખાંડ સાથે આપવાથી એ તાવ અટકે છે. ૭ ડ્રામ ફટકડી, ૧ ડ્રામ તજ અને ૭ ડ્રામ સાકરના મિશ્રણનું ચૂર્ણ એક ટંક ૬૦ ગ્રેન જેટલું આપતાં ઝાડા તથા રક્તસ્રાવમાં ફાયદો કરે છે. ફટકડીને વૈદકમાં ગ્રાહી, રક્તસ્તંભ- અને જ્વરઘ્ન કહી છે.

ફોટોગ્રાફીમાં પોટાશ ફટકડી (સર્વસાધારણ સામાન્ય ફટકડી) અને ક્રોમ ફટકડી ઉપયોગમાં આવે છે. સાધારણ ફટકડી નેગેટિવ કે પ્રિન્ટની જિલેટીન ફિલ્મને સખ્ત અને દૃઢ કરવામાં તથા ઉનાળામાં ફ્રિલિંગ (frilling)ના નિવારણ અર્થે વપરાય છે હાર્ડનિંગ બાથમાં સેંકડે પાંચ ટકા ફટકડીનું મિશ્રણ અથવા ૩૦ ઔંસ પાણી અને

એક આઉંસ ક્રોમ ફટકડીની ચાંનું જરૂર રહે છે ડેવેલપમેન્ટ પૂર્ણ થતાં પ્રિન્ટને નિશ્ચિત સ્વરૂપ આપવા અને સ્વચ્છ કરવા ૨૦ આઉંસ પાણી અને એક આઉંસ ફટકડીના મિશ્રણથી ધોવામાં આવે છે ૨૦ આઉંસ પાણી, ૧ આઉંસ સાઇટ્રિક ઍસિડ અને ૨ આઉંસ સાદી ફટકડી અથવા ૧ આઉંસ ક્રોમ ફટકડીનું મિશ્રણ નેગેટિવ પરથી ડાઘ કાઢવા વપરાય છે ડ્રાય પ્લેટની રચનાના એક અંગ તરીકે પણ ક્રોમ ફટકડીનો ઉપયોગ થાય છે.

ફટકડીના ઉદ્યોગ સાથે બીજા પણ ઘણાઘણા ઉદ્યોગોને પ્રોત્સાહન મળે છે ઘણી વસ્તુઓના ઉદ્યોગની રચનામાં એનો ઉપયોગ થાય છે ચામડું ધોળું કરવા માટે ચામડું કમાવવા, કાગળો પર ચળકાટ લાવવા અને તેમને લીસા બનાવવા તથા અદાહ્ય (fireproof) વસ્તુઓની ઉત્પત્તિમાં ફટકડી ઉપયોગી છે સરકાની શુદ્ધિ અર્થે અને અશુદ્ધ પ્રવાહીઓને નિર્મળ કરવા પણ ફટકડી બહુ કામની છે ફટકડી પાણીમાં દ્રાવ્ય છે અને ગરમ પાણીમાં એની એ શક્તિ વધે છે જેમ ફટકડીની દ્રાવ્યશક્તિ વધારે તેમ રંગારા અને છીંટ બનાવનારાઓને એ હિતાવહ અને ઓછી ખર્ચાળ થાય ફટકડીની બનાવટની મુશ્કેલીઓ જેમ દૂર થાય અને ફટકડી શુદ્ધ બને તેમ રંગાટકામ માટે સસ્તી અને વધુ સુલભ બને રંગાટકામમાં જ મુખ્યત્વે ફટકડીનો વધુ ઉપયોગ થાય છે પાકા રંગ ચડાવવામાં અને કિરમજી રંગની બનાવટમાં ફટકડીનો વપરાશ અનિવાર્ય છે આજ પણ કચ્છમાં ‘માતાના મઢ’ની બાજુના રંગારાઓએ તૈયાર કરેલી અજરખ, લાલ અને ભૂરા રંગની ચાદર બહુ વખણાય છે

‘માતાના મઢ’માં તૈયાર થતી ફટકડી એક પચ્ચીશી પહેલાં મુલકમશહૂર હતી હાલ એ ઉદ્યોગ ત્યાં મૃતપ્રાય દશામાં હોઈ એના પુનર્વિધાનની જરૂર છે એ ફટકડી દેશી ને જૂની ઢબે તૈયાર થતી હોવાથી શુભ્ર અને શુદ્ધ બનતી આપણા એ વિષયમાં રસ લેતા તેના નિષ્ણાતોએ એ તરફ દૃષ્ટિ દોડાવી સ્વદેશીના અભ્યુદય અને ગૌરવ અર્થે એ ઉદ્યોગને હાથ કરવો જોઈએ આપણા રસાયનિકો તેમ કરશે તો તે ઉદ્યોગ આપણી સ્વદેશીની પવિત્ર ભાવનાનો પોષક બની આપણને શુદ્ધ દેશી ફટકડી વાપરવા મળશે

‘માતાના મઢ’માં તૈયાર થતી ફટકડીમાં ત્યાંના તૂરી નામે ખનીજ અને સુરોખારનો ઉપયોગ થાય છે એ બે દ્રવ્યોની ઉત્પત્તિ વિષે નીચે ઉલ્લેખ કરી ફટકડીની સીધી અને સાદી રચના વર્ણવી છે

ગામની ઉત્તરે અને પૂર્વે વહેળા કાંઠે ખાડાઓ અને કોલસાની ખાણો છે આ જમીન ‘ચરીઆ’ નામે ઓળખાય છે અહીંથી તૂરા સ્વાદવાળી કાળા રંગની માટી ખોદી કાઢવામાં આવે છે એ માટી ‘કાચી તૂરી’ કહેવાય છે કાચી તૂરીને ખોદાણ થયા પછી જમીન પર પાથરી મૂકવે છે પછી ત્રણ ત્રણ દિવસના અંતરે એના પર ત્રણ વખત પાણી છાંટે છે પરિણામે તેમાંથી શ્વેત રંગનું સત્ત્વ ઉપર ઊપડી આવે છે અને ત્યાં જ ચોંટી રહે છે ત્યાંથી એને સંભાળપૂર્વક લઈ લઈ સૂકવવામાં આવે છે. આ પદાર્થને તૂરી કહે છે. આ ઉપરાંત વહેળાની રેતીનો ઉપલો થર ખસેડી નીચેની ભેજવાળી જમીનમાં ક્યારા કરી તૂરી બનાવાય છે જમીનમાંથી એ શ્વેત સત્ત્વ સૂર્યપ્રકાશથી ઉપર ખેંચાઈ આવે છે એ ‘રેતડી તૂરી’ના નામે ઓળખાય છે અને વધુ કીમતી ગણાય છે

હવે સુરોખારની વાત એક ગોળ ખાડો ખોદી તેની પાસેથી ચાળીસ ફૂટ લાંબી અને ત્રણ ફૂટ ઊંચી એક નહેર જમીન પર બનાવવામાં આવે છે એમાંથી જમીનમાં પાણી ન ચુસાઈ જાય તે માટે એ બન્નેને સીમેન્ટ લગાડવામાં આવે છે આ નહેરની ભીંતો પર, અંદર પોલાણ રહે તેમ, લાકડાં રાખી તે ઉપર ઘાસ અને ‘લઇ’ નામે છોડવાની ડાખળીઓ નાખી તેને આવરી લે છે પછી તે પર માટીની કિનાર કરી ક્યારા બનાવે છે આ ક્યારામાં છાણનું, પોદળીનું અને બળી શકે એવા ખાતરનું પ્રાણિજ (ભસ્મ) ભરે છે તેને ખૂબ દબાવી ઉપર પાણી ભરી રાખે છે ભસ્મમાંથી ક્ષારવાળું સત્ત્વ, જે પાણીમાં દ્રાવ્ય છે તે સાથે એ પાણી નીચે નહેરમાં ટપકે છે આ પાણી દૂધાવ રંગનું હોય છે તે નહેર રસ્તે પેલા ગોળ ખાડામાં એકઠું થાય છે આ પ્રવાહીને ઉકાળી કાદવ જેવું ઘટ્ટ બને એટલે એને સૂર્યપ્રકાશમાં રાખે છે આ પદાર્થ એ જ સુરોખાર.

‘માતાના મઢ’ની ઉત્તરે બે માઈલ દૂર ‘જાગીર’ નામે ટેકરી છે તેમાંથી પાણીનો એક પ્રવાહ નીચે ૨૦ ફૂટ સમચોરસ ખાબોચિયામાં સોપાનશ્રેણીથી પડે છે ને પહેરથી વીસ ફૂટ ઊંડું છે એ પાણીમાં ગંધકનું લવણ છે આ પાણી પણ ફટકડીની રચનામાં વપરાય છે

ફટકડીની બનાવટમાં ⅘ ભાગ તૂરી અને ⅕ ભાગ સુરોખારનું પ્રમાણ લેવામાં આવે છે પહેરેક મણ ફટકડીનો ઘાણ એકસાથે ઉતરી શકે એવડું લોખંડનું વાસણ ખુરા (મોટા મજબૂત ચૂલા) પર માંડેલું હોય છે તેમાં પ્રમાણસર પાણીમાં તૂરી નાખી ઉકાળવામાં આવે છે તૂરી બરાબર ઓગળી જાય એટલે તેમાં સુરોખાર નખાય છે એ બન્નુ એકરસ થઈ જતાં એ મિશ્રણ પર ખાંડની ચાસણી જેવો મેલ તરી આવે છે તેને કાઢી લેવામાં આવે છે આ રીતે સ્વચ્છ કરી તેને માટીનાં છીછરાં વાસણોમાં ઠારે છે આમ ધીમેધીમે ઠરતાં તેના કેલાસ (કણીઓ) બંધાય છે આ કેલાસને ફરીફરી ત્રણ વખત એમ માટીના વાસણમાં ધોવામાં આવે છે એ ધોએલ શુદ્ધ કણીઓને ફરીથી ઉકાળવામાં આવે છે. ફરી એ પ્રવાહીને, પ્રત્યેકમાં પાંચેક મણ પાણી સમાઈ શકે તેવડાં જમીનમાં દાટેલાં માટલાંઓમાં ભરે છે પાંચ દિવસ સુધી ત્યાં રહી ઠરી થઈ એ પ્રવાહી ઘન સ્વરૂપ પકડે છે છઠ્ઠે દિવસે આ માટલાંઓને જમીન બહાર કાઢી ફોડે છે એ ટલે ફટકડીનો ઘન ગઠ્ઠો હાથ આવે છે આ ફટકડી એ જ શુભ્ર અને શુદ્ધ આપણી કચ્છી ફટકડી એના ગાગડા કરતાં એના ગદ્દિશાકારે પહેલદાર પાસાઓ પડે છે એના આ આકારના કેલાસ એ આ ફટકડીનું મુખ્ય ચિહ્ન છે ત્યાંની દેવી આશાપુરાના ચમત્કારને લઈને આ ફટકડીના ટુકડાઓમાં મંદિરાકાર માલૂમ પડે છે એમ ત્યાંના લોકોની માન્યતા છે

પદ્ધતિસર કામ નહિ લેવાતાં ફટકડીના ઉદ્યોગના આવાં બેહાલ થયા છે ઈ સ ૧૮૭૦ પહેલાં લાખો મણ ફટકડી કચ્છમાંથી પરદેશ નિકાસ થતી ઈ ૧૮૬૦ સુધી ૫૦,૦૦૦ મણ ફટકડી દર વર્ષે ‘માતાના મઢ’માં તૈયાર થતી હાલ વીસેક વર્ષથી જ એ ઉદ્યોગ પડી ભાગ્યો છે એ ગામ જોકે ધર્માદા જાગીરનું છે છતાં ત્યાંની ખનીજ પેદાશ કચ્છના મહારાવની થાય છે અને જાગીરને અમુક ભાગ મળે છે કચ્છ દરબાર તરફથી ત્યાં કૉન્ટ્રૅક્ટ અપાતો અને ફટકડી તૈયાર થતી રાજા અને પ્રજા ઉભયને આ ઉદ્યોગમાં ફાયદો હતો સંજોગવશાત્ કારણોથી તે કૉન્ટ્રૅક્ટરો તૂટ્યા હવે કોઈ કૉન્ટ્રૅક્ટ લેવાની હામ ભીડતું નથી એટલે ઉદ્યોગ ભાંગ્યો છે. એ ઉદ્યોગમાં ખેડૂત વર્ગ સિવાયના પચરંગી માણસોનો રોટલો હતો અને બીજી કારીગરીને ઉત્તેજન મળતું તે જુદું હજી પણ સ્વતંત્ર રીતે એની ખીલવણી થાય તો પુનઃ એ એના અનેક લાભ આપતી થાય

આપણે ક્યાં ઊભા છીએ તે જોયા કરવા કરતાં હવે ક્યાં જવું તેનો નિર્ણય કરવો એમાં વધુ શાણપણ છે

જીવનનું પરોઢ ભાગ ચોથો



પ્રકરણ ૨૭મું

છૂટ્યા!

આપણે ત્યાં સામસામી વાત બતાવવા માટે ઉત્તર અને દક્ષિણનું અંતર સૂચવાય છે. પણ એ શબ્દથી આપણને પૂરેપૂરું સૂચન નથી મળતું. આપણે ઉત્તર ગોળાર્ધમાં છીએ ને દક્ષિણ આફ્રિકા દક્ષિણ ગોળાર્ધમાં છે. એની દિશા સામસામી છે એટલું જ નહિ, ઋતુઓ પણ સામસામી છે. વૈશાખ-જેઠમાં જ્યારે અહીં બળબળતા બપોર હોય ત્યારે ત્યાં સખત ટાઢ પડતી હોય છે. આપણે ત્યાં ડિસેંબરના છેલ્લા અઠવાડિયામાં ટૂંકામાં ટૂંકો દિવસ હોય, ત્યારે ડરબન અને ફીનિક્સમાં ક્રિસ્ટમસના દિવસો લાંબામાં લાંબા ને રાત ટૂંકામાં ટૂંકી હોય. એ ઉપરાંત એપ્રિલથી જુલાઈ સુધીના શિયાળાના ચાર માસ છોડીને બાકીના આઠ મહિના ત્યાં ચોમાસું ચાલતું જ રહે. ક્યારે વાદળ ચડી આવશે ને વરસાદ તૂટી પડશે એ કહેવાય જ નહિ. ફીનિક્સનું એકાંત બીડ અને ગોમતીની નાનકડી ટેકરીઓ પર ઉષા અને ઉપાનો નિત્ય નવો રાસ રચાતો એ સાથે દિવસ આખો આકાશમાં વાદળાંનો નાચ ચાલતો એ ઓછું ભવ્ય ન હતું. ફીનિક્સની અનેક સ્મૃતિઓમાં મને ત્યાંનાં વાદળાંની સ્મૃતિ તીવ્ર રહી ગઈ છે. મારા બાળપણના સાથીઓમાં હું વાદળાંને પણ ગણાવી શકું. કલાકના કલાક એ વાદળાંઓ ભેગો હું વિહરતો.

વાદળાં અનેક જાતનાં હોય છે. કેટલાંક વરસાદ, કેટલાંક દેખાવટાં. કેટલાંક થાકેલા ને ચિંતામાં ડૂબેલા ડોસા જેવાં, તો કેટલાંક નિશાળમાંથી છૂટેલાં ગમતિયાળ બાળકો જેવાં હિલોળે ચડેલી ટોળી. વાદળીઓનાં ટોળાં મનને વિનોદ ઉપજાવે, તો સ્લેટિયાળી [illegible] ચાદરની જેમ આકાશના ચંદરવાને આવરી લેનારું વાદળ મનને ઉદાસ કરી મૂકે. ઘૂમટા વાદળ અને રૂપેરી કિનારવાળાં કાળાં વાદળ ફળફૂલથી લચી રહેલા બગીચાની શોભાને પણ ભુલાવી દે, તો ક્ષિતિજ ઉપર હાથી, ઘોડા, ઊંટ અને જાતજાતના જનાવરોના સરઘસનો દેખાવ ઉપજાવનારાં વાદળાં વળી પોતાની પાસે દોડી આવવા નોતરતાં જણાય. આ બધાં વાદળ ઉપરાંત કેટલીક વાર એવાં વાદળો આવે છે જે ન વરસે, ન ખસે. બસ એકસરખો પથારો કરીને ઊભાં રહે. પોતાના કુંજમાં પણ ભાત પડવા ન દે. આવી જાતનાં વાદળો મનને કાંઈ ભારે નવાજૂનીના ખબર સાંભળવાને પહેલેથી તૈયાર કરી રાખે. કોઈ આવી પડનાર પ્રસંગની અગમચેતી આપનારાં પેગામી વાદળ કહી શકાય.

આપણી વાત હવે ઈ. ૧૯૧૩ના ઉત્તરાર્ધ સુધી આવી પહોંચી છે. તારીખ તો યાદ નથી, પણ એ દિવસોની એક સવારે નિત્યનિયમનાં કામો કરતાં મારી નજર આકાશમાં ઘૂંઘટ ઘેરો કરીને જામેલાં વાદળાં પર પડી. આવાં વાદળો અમુક અમુક ખાસ પ્રસંગે જ આવેલાં તેની આછી નોંધ મારા મનમાં હતી. બાપુજીએ પહેલવહેલા સાત દિવસના ઉપવાસની જાહેરાત કરી ત્યાર-પહેલાં એકેક દિવસ આવું વાદળ રહ્યું હતું. બાપુજી સત્યાગ્રહી હજાર હડતાલિયાઓ સાથે કૂચકદમ કરતા ઊપડ્યા અને પકડાયા ત્યારે પણ આવું વાદળ હતું. ફીનિક્સમાંની ચિંતાજનક માંદગીની સાથોસાથ પણ આવું વાદળ આવી પહોંચતું. આજે પણ કંઈક નવાજૂનીની ખબરનો સંકેત મને આ પેગામી વાદળોએ આપ્યો. અને સાંજ પહેલાં [illegible] ખુશખબર અમને મળ્યા.

સાંજના વાળુના ભોજનથી પરવારી અમે બાળકોએ બાપુજીના મોટા ઓરડામાં રમત માંડી હતી. અમારી વચ્ચે, મણિલાલકાકાના ઓરડાના બારણાની ઓટલી પર, મગનકાકા બેઠા હતા. એવામાં દરવાજામાં મિસ સ્લેશિન દાખલ થયાં. પોતાના માથાની ઝીણી ખાંપ વચ્ચે તેમણે મહાપરાણે ઉમંગનો મલકાટ દબાવી રાખ્યો હતો. તેઓ સીધાં મગનકાકા પાસે જઈ ઊભાં અને પૂછ્યું 'બોલો, હું શા ખબર લાવી છું?' મિસ સ્લેશિન બાઈ વિનોદી હતાં, એટલે અમે બાળકોએ પણ અમારી રમત થોભાવી અને કાન માંડ્યા. મગનકાકાએ વિનોદમાં ને વિનોદમાં જવાબ વાળ્યો: 'બાપુજીના છૂટવાના!' મિસ સ્લેશિનનું અત્યાર સુધી દબાવી રાખેલું હાસ્ય ફૂટી આવ્યું અને તેમણે પૂછ્યું. 'તમે કેમ જાણ્યું?' મગનકાકાએ ઉત્તર વાળ્યો. 'શું મારી અટકળ સાચી છે? મેં તો કેવળ તમારા મહેરાનો ભાવ જોઈને અટકળ જ કરી. શું સાચે જ બાપુ છૂટ્યા છે?' મિસ સ્લેશિને મગનકાકાની અટકળને સાચી ઠરાવી.

અમે બાળકો હાથેહાથભર ઊછળીને ખુશીની તાળીઓ પાડવા લાગ્યા. મેં દેવદાસકાકાને કહ્યું 'આજે કંઈ ખાસ ખબર આવશે એમ હું સવારથી નહોતો કહેતો? આજનું વાદળ જ એવું હતું.'

અમ બાળકોનો આનંદ શમાવ્યો શમતો ન હતો. અમે વિનોદમાં પરસ્પર કહેતા થાકતા જ ન હતા કે 'આ તે કેવો જાદુ? સરકારે તો બાપુજીને બાર મહિનાની સજા કરી હતી અને આ તો તેઓ એક મહિનો પૂરો થયા પહેલાં છૂટી ગયા.'' બાપુજીની કેદને સરકાર જીરવી ન શકી. એમને આખું વરસ પૂરી રાખવાનો દમ જ એનામાં ક્યાં છે? કેવી મજા! ત્રણસો પાંસઠ દિવસનું વરસ સરકારને ત્યાં ચાલીસ દિવસમાં પૂરું થઈ ગયું.' આપણા ત્રણ માસની કેદવાળા સૌ હજી જેલમાં છે અને આ આખા વરસની કેદ પામેલા બાપુજી છૂટી આવ્યા'' હરખ પ્રગટ કરવાની અમારી પાસે વાણી ન હતી.

બાપુજી પ્રીટોરિયાની જેલમાં હતા ત્યાંથી છૂટ્યા પછી એકેક દિવસની અંદર તેઓ ડરબન આવી પહોંચ્યા અને કામ માટે ત્યાં રોકાયા. તેઓ હવે ફીનિક્સ ક્યારે આવી પહોંચશે એ જ જાણવાની અધીરાઈ અમને તો થઈ



શ્રી થંબી નાયડુ

પછી દેવદાસકાકાએ ફીનિક્સ સ્ટેશને જઈ બાપુજી સાથે ટેલીફોનમાં વાત કરવાનું ઠરાવ્યું અમે બાળકો પણ તેમની સાથે સ્ટેશને ઊપડ્યા બાપુજીના જેલ ગયા પછી અમને બધાને સાથે સ્ટેશને જવાની આ પહેલી જ તક હતી ઘાટાં જંગલમાંથી પસાર થતો અઢી માઇલનો એ લાંબો રસ્તો કંટાળાભરેલો લાગતો, પણ એ દિવસે અમે વાતવાતમાં સ્ટેશને પહોંચી ગયા

પાટા ઓળંગીને સ્ટેશન પર જવાય એમ હતું, પણ અમારી ટોળી પાટા પાસે જ અટકી પડી. અમારા મારગની આડે પાટા ઉપર એક સોલ્જર ઝગઝગતા સંગીનવાળી બંદૂક ખભે ચડાવી પહેરો દેતો ઊભો હતો ત્યાંથી થોડે દૂર સ્ટેશનની બજાર હતી ત્યાં પણ એવો જ બીજો સોલ્જર અમે જોયો વળી દૂર નજર કરી તો સ્ટેશનની હદ પૂરી થતી હતી ત્યાં ત્રીજાને જોયો બે પાટા મળી એક થતા હતા ત્યાં ચોથાને, સ્ટેશનમાસ્તરના ઘરપાસે પાંચમાને, ને ડરબનની દિશામાં બેગા થતા સાંધા ઉપર પણ એક છઠ્ઠો ખડો સોલ્જર અમે જોયો વળી ગોથી યે આગળ દૂરના સિગ્નલની રક્ષા કરતો સોલ્જર પણ દેખાયો એકેક જણ આ બધું કૌતુક અમે જોઈ રહ્યા ને વિચારમાં પડ્યા કે આ બધું છે શું? મિ વેસ્ટના પકડાયા પહેલાં અમે સ્ટેશન ઉપર કે ફીનિક્સમાં ક્યાં યે કદી ગોરા સોલ્જરોને જોએલા નહિ ને આ બધા આઠદસ સોલ્જરની ટુકડી ક્યાંથી અહીં ખડી થઈ? જે સોલ્જર પાસે પહોંચી અમે અટક્યા હતા એને અમે ઘેરી વળ્યા દેવદાસકાકાએ એને પૂછ્યું 'કેમ, તમે શાની ચોકી કરવા આ છો?' સોલ્જરે જવાબ આપ્યો 'હવે કલાક વારમાં ગાડી વવાની છે તે સુરક્ષિત ચાલી જાય એટલા માટે અમારે પાટાની ચોકી કરવાની છે રખે સ્ટ્રાઇકર્સ (હડતાલિયાઓ) તોફાન કરી ટ્રેન ઊંધી વાળી નાખે' એ લોકો એટલા વિફર્યા છે કે સરકારને માર્શલ લૉ જાહેર કરવો પડ્યો છે'

'માર્શલ લૉ એટલે?' અમે સવાલ કર્યો

'એટલે લશ્કરી અમલ એમાં અમને ફાવે એ પગલાં અમે લઈએ નજરે પડે તેના ઉપર ગોળીબાર કરવાની પણ અમને છૂટ પરવાના વિના કોઈ ઘર બહાર નીકળી જ ન શકે. અમે જ પહેરે ફરતા હોઈએ ને કોઈ સામો થાય કે લપછપ કરે તે નુકસ રાત્રે આઠ વાગ્યા પછી કોઈ ઘર બહાર નીકળે તો દેખતાની સાથે જ અમે તેને વાંધીએ'

'અમને પણ તમે ગોળી મારો?'

'ના, ના, તમે કંઈ રેલવેના હડતાલિયા નથી પણ અંધારે જો અમે તમને ન ઓળખીએ તો કદાચ મારી પણ બેસીએ'

'એટલે અમારે રાત્રે સ્ટેશને આવવું હોય તો ન અવાય?'

'ના'

'અમને અહીં મોડું થઈ જાય તો?'

'અંધારું થતા પહેલાં મોડું નાળું વટાવી જજો માર્શલ લૉની હદ ત્યાં સુધી છે એથી એલી પાર કંઈ જોખમ નથી'

'અત્યારે સ્ટેશનમાં જવાયને?'

'હા, ખુશીથી જાઓ.'

આમ થોડા વાતચીત ઉપરથી અમે કળી ગયા કે હડતાલિયાઓને લઈ જવા આવેલી લશ્કરી ટુકડી જેટલી વિવેકી, નમ્ર અને દયાળુ ધારતી હતી એવી આ નથી જો કે એ સોલ્જરે અમને બધા જવાબ કંઈ પણ કડકાઈ દેખાડ્યા વિના આપ્યા, અને અમારી સાથે હસીરમીને વાત કરી, છતાં અમારા આશ્રમમાં ગઢિનો માસ પહેરો ભરી ગએલા સોલ્જરો જેવા શાંત સ્વભાવનો એ ન લાગ્યા એની નજર કરડી હતી અને 'માર્શલ લૉ'નું કે 'રેલવે સ્ટ્રાઈકર્સ'નું નામ લેતાં એની આંખ અને મોઢું એવાં લાલ થઈ જતાં કે જાણે હમણાં એ એમાંના કોઈ પણ માણસને જોશે તો મારી નાખશે;

છતાં એ જનાબ અમારી આડે આવે એવા નથી, પણ અમારા દોસ્ત જેવા બની ગયા છે એ અમે જોઈ લીધું, એટલે અમે એને મૂકી પડતો ને સ્ટેશનમાં ગયા. આખું સ્ટેશન અમારી સાથે હસતું હોય એવું લાગ્યું. ત્રણ મહિના પહેલાં પહેલી ટુકડીને અમે વળાવી હતી ત્યાર પછી આ પહેલી જ વાર અમે બધા એકસાથે સ્ટેશને આવ્યા હતા. એ વખતે સ્ટેશન માસ્તર, સ્ટેશનનું મકાન તથા બીજા બધા માણસો અમારી જેમ ગંભીર બની ગએલા આજે બાપુજીના છૂટવાના ખબર આવેલા એટલે જાણે એ બધું આનંદી લાગતું હતું સ્ટેશનમાસ્તર તો રોજ ભારે મોઢું રાખીને જ કામમાં ગૂંથાયા હોય, પણ આજે તો એ પણ હસતાહસતા બધી વાત કરતા હતા દેવદાસકાકાએ પોતાનો ઇરાદો જણાવ્યો એટલે એમણે ટેલીફોન કરવાની બધી સગવડ કરી આપી અમે ટેલીફોનની આસપાસ ટોળે વળીને ઊભા. દેવદાસકાકાએ રુસ્તમજી શેઠને ત્યાં ટેલીફોન જોડાવ્યો અને બાપુજીને વાત કરવા બોલાવ્યા બાપુજીને ટેલીફોન પર આવતાં લગભગ અર્ધો કલાક વીત્યો એ દરમિયાન વળી અમે એ લશ્કરી સોલ્જર પાસે ગયા ને ઘરાયા ત્યાં સુધી પ્રશ્નો પૂછપૂછ કર્યા પણ એ બધી રેલવે હડતાલિયાઓની વાત જુદા પ્રકરણમાં આપવી ઠીક પડશે

રાહ જોઈજોઈને થાક્યા ત્યારે ટેલીફોનની ઘંટડી થઈ અને રુસ્તમજી શેઠને ત્યાંથી બાપુજી બોલ્યા ભૂ જણું તો દેવદાસકાકાને કાન હતું એટલે અમને બાપુજીના વેણ સાંભળવા ક્યાંથી મળે? વાત પૂરી થઈ એટલું જાણ્યું કે 'આજ રાતે દસની ગાડીમાં બાપુજી ફીનિક્સ આવશે અને પરોઢિયે ચાર વાગ્યે પાછા ચાલ્યા જશે એમની સાથે કેટલાક મહેમાનો પણ આવશે'

બાપુજી આજે જ અહીં આવશે એ વધામણી મનમનને દેતા અમે વહેલાવહેલા સ્ટેશનેથી આશ્રમે જવા ઊપડ્યા, અને ત્યાં પહોંચી આ ખુશખબર આપી, ફટાફટ વાળુપાણી આટોપી ફરી પાછા સ્ટેશને જવા ઊપડ્યા કોઈ નાનું છોકરું સરખું યે ઘેર ન રહ્યું માર્ગ કરતાં કોઈ બાળક થાકી જાય તો એને લાંબી લાંબી ટાંગ ઉપર ખભે ઊંચકીને લઈ આવવાનું ઠરાવ્યું ને એ ટાંગો સાથે લીધી ઊંચકનાર બાળકને ટાંગ ઉપર કેવી રીતે ઊંચકાય એનો અખતરો અમે કરતા ગયા વાદળાં સાથે સાતાકૂકડી રમતી ચાંદનીનો આસ્વાદ લેતાલેતા અમને સ્ટેશને પહોંચતાં વાર ન લાગી એકલા જતાં જે રસ્તો બીહામણો લાગતો તે એ રાતે બનીઠનીની સહેલગાહ સમો થઈ પડ્યો

સ્ટેશને પહોંચી થોડું રમ્યા ત્યાં ડરબનની ટ્રેન આવી પહોંચી બાપુજી, શ્રી ચમ્મી નાયડુ ને બીજા એકબે મહેમાનો ઊતર્યાં અમે એકેક બાપુજીને પગે લાગ્યા અને તેમણે માથે હાથ મૂકી આશીર્વાદ આપ્યા. અને પછી આખું સરઘસ શાંત ગંભીર અને નીરવ વાતાવરણમાં ચાંદનીમાં નહાતું આશ્રમ તરફ ચાલ્યું મારી ટેવ પ્રમાણે ટોળામાંના બીજાને પાછળ મૂકી હું બાપુજીની પાસે જ પહોંચીને તેમની પૂંઠે પૂંઠે ચાલવા લાગ્યો. એમને પડખે શ્રી નાયડુ, મગનકાકા અને મિસ સ્લેશિન ચાલતાં હતાં સૌ એટલા ગંભીર હતા કે અમ બાળકોને ક્ષણભરનો સમય પણ બાપુજી આપી ન શક્યા. સાધારણ સમય હોત તો આટલે દિવસે આવીને બાપુજીએ દેવદાસકાકાને, મને, કેશુ કૃષ્ણ અને છોટમ ભૈયાને, રાધાબેન અને રુખીબેનને કંઈક ને કંઈક પૂછ્યું હોત અને આનંદ કરાવ્યો હોત, પણ આજે તો અમારે માથે હાથ મૂક્યા એટલું જ તે પછી તેઓ ઘેર પહોંચતાં સુધી ગંભીર ચર્ચા અને વિચારોમાં જ ગૂંથાએલા રહ્યા.

; તેમને તથા મહેમાનોને જોતો તથા સાંભળતો રહ્યા.

જેલમાંથી બાપુજીના સમાચાર મળેલા તે મુજબ ચાળીસ દિવસની અંદર એમણે પોતાના શરીરને ઠીકઠીક સુધારી લીધું હતું. હડતાલના દિવસનાં થાક અને ક્ષીણતા દૂર થયા હતાં; અને છતાં એ મહીના પર બાપુજીએ ફીનિક્સ છોડયું ત્યારના કરતાં આજે તેમનું શરીર જાણે ચોથા ભાગનું રહ્યું હતું. સાવ લાકડી જેવા દૂબળા દેખાતા હતા. એમનો એકઠા ઘાટનો દેખાવ લાંબો લાંબો દેખાઈ રહ્યો હતો. એમનો સાદ પણ બહુ ક્ષીણ થઈ ગયો હતો. આટલે દૂબળે શરીરે બાપુજી આટલું બધું ચાલતા શું કામ હશે? પરોઢિયે જ પાછા જવું હતું તો અત્યારે અરધી રાતે ફીનિક્સ ન આવ્યા હોત તો શું બગડી જાત? પણ બાપુજીને જેલમાંથી છૂટયા પછી પણ આરામ કેવો? તેઓ અતિશય દૂબળા છતાં ગમગીન ન હતા, ઉત્સાહભર્યા હતા.

મને ખબર ન હતી કે કોટપાટલૂન પહેરેલા બાપુજીનું આ આખરી દર્શન છે. પણ ઘેર પહોંચતા વેંત મગનકાકાને બાપુજીએ જે અનેક નિર્ણયો સંભળાવ્યા તેમાંનો એક પોતાના સૂટ ને કોટપાટલૂન નેકટાઈ આદિને તિલાંજલિ દેવાનો પણ હતો.

બાપુજી કરતાં પણ મારું ધ્યાન વધુ તો શ્રી થંબી નાયડુ તરફ ખેંચાયું. તેઓની કીર્તિ ખૂબ સાંભળેલી. દક્ષિણ આફ્રિકાના સૌ સત્યાગ્રહીઓમાં સૌથી ચડિયાતું કોણ એ વિષે અમારે ત્યાં ચર્ચા ચાલતી ત્યારે ઘણા પહેલું નામ શ્રી થંબી નાયડુનું આપતા. એમને જોવાની તક મને એ જ રાતે પહેલી વાર મળી. શરીરે તેઓ બાપુજીથી ઊંચા અને જાડા હતા. વાને કાળા હતા ને નાક સારી પેઠે લાંબું ને પોપટની ચાંચ જેવું ઘાટીલું હતું. ચાંદનીના આછા અજવાળામાં તેઓ નાનાસરખા હાથી જેવા લાગતા હતા. એમનો અવાજ ઘેરો અને લૂખો હતો. મેં એમની જે તેજસ્વી અને ભાવભરી મૂર્તિ કલ્પી હતી એવા એ ન હતા. મારા કલ્પિત થંબી નાયડુ કરતાં મેં જે પ્રત્યક્ષ જોયા એ ઊતરતી પંક્તિના લાગ્યા. પણ એમની બહાદુરી અને નિર્ભયતા બાબત સંદેહ ન રહ્યો. બાપુજી સાથે વાત કરતી વખતનો એમનો ધ્વનિ, એમના હાવભાવ, એમની અક્કડ ચાલ અને સૌથી વિશેષ તો એમની વિશાળ છાતી, સઘળેથી એમની બહાદુરી નીતરતી હતી.

ઘેર પહોંચ્યા ત્યારે રાતના અગિયારથી વધુ સમય થયો હતો, છતાં અમારી ઊંઘ ઊડી ગઈ હતી. બાપુજીને તથા મહેમાનોને જોવા-સાંભળવાની સાથે સાથે બાપુજીના ફળના ટોપલાની વિગત જાણીને મેં જીવ ઊડી ગઈ. એમાં સ્ટ્રૉબેરી, એવોકાડા પેર વગેરે અમારા ફીનિક્સમાં એ વેળાએ ન થનારાં ફળો હતાં. બાપુજીએ કહ્યું: 'એમાં એક તરબૂચ છે એ તુરત પતાવજો. એ ઠેઠ કેપટાઉનથી આવ્યું છે.' એ સાંભળીને તો મારી લાળ ટપકવા લાગી. રાજકોટના આકરા ઉનાળામાં તરબૂચની ચીરીઓ ખાવેલી તે દાઢે રહી ગયેલી! ફીનિક્સમાં તરબૂચ એ તો જાણે સ્વર્ગનું ફળ! કેપટાઉનનાં તરબૂચનાં વખાણ સાંભળેલાં, એટલે એને માટે મન લલચાયું. પણ એટલામાં મગનકાકાએ નિર્ણય આપ્યો કે અત્યારે તો મોડી રાત થઈ છે, આવતી કાલે સવારે વાત. મને ખાત્રી હતી કે સવાર પહેલાં આ તરબૂચ એ બગડી જશે. અને ખરે જ બીજે દિવસે એ સાવ ઊતરેલું નીકળ્યું. હાથ આવેલું અમૃતફળ આમ વેડફાયું એથી મને બહુ ગુસ્સો આવ્યો, પણ મોટા પાસે નાનાનું શું ચાલે?

રાત્રે સૂતા પહેલાં બાપુજીએ સવારે કોટપાટલૂનને બદલે પહેરવાનાં કપડાંનો નિર્ણય કરી લીધો. પણ એ વિષે આવતા પ્રકરણમાં.

(ચાલુ) **પ્રભુદાસ છગનલાલ ગાંધી**

Our Friends Abroad

પરદેશી મિત્રોના પત્રો

('કુમાર' મારફત આ પત્રમિત્ર મેળવનાર: H R Desai, Box 6, Mazabuka, (North Rhodesia)

Detroit, Michigan (U.S.A.) Octo 6 1941

પ્રિય હરિભાઈ,

તમારો પત્ર વેલ્સ્ટન (ઓહાયો) ખાતે મારે ઘેર હમણાં જ પહોંચ્યો અને મારા બાએ તે અહીં ડેટ્રૉઈટ મોકલી આપ્યો. ડેટ્રૉઈટ એ દુનિયાની મોટરનગરી— u o city of the world ગણાય છે. હું અહીં એક વર્ષથી ક્રાઈસ્લર ઑટોમોબાઈલ કંપનીમાં રહ્યો છું. પણ હમણાં યુદ્ધરક્ષણસામગ્રી બનતી હોવાથી ચાલુ કામને અટકું કરી નાખવામાં આવ્યું છે એટલે રક્ષણસામગ્રીના કારખાનામાં જવાની તક ન મળે ત્યાં સુધી મારે અહીં થોડો વખત બેકાર રહેવું પડશે.

આવતા જાન્યુઆરીની સપ્તમીએ મને ૨૦ વર્ષ પૂરાં થશે. મારા વાળ સોનેરી ને વાંકડિયા છે અને આંખો ભૂરી છે. ઊંચાઈ ૫ ફૂટ ૧૧ ઇંચ અને વજન ૧૭૦ રતલ છે. ગેય નાટકો અને શિષ્ટ સંગીત એ મારા શોખ છે. સ્કૉટલૅંડની બૅગપાઇપ (મશકવાજું) અને હિંદુસ્તાની નાગ-મોરલી એ ખૂબ વખણાય છે તે પણ મને ગમે છે. તમારી જેમ ઉપર જ હું ટિકિટોનો સંગ્રહ કરું છું, પણ અહીં ડેટ્રૉઈટ આવ્યા પછી એ નાદમાં જરા ઢીલો થઈ ગયો છું. હંગામી મન ખરી, રાત પ્રવાસમાં પડે છે તો યે ટિકિટોનો રસ તો જેવો ને એવો જ છે.

આ વરસે હું અને નેવાનો (દરિયાઈ) એક ખલાસી નાયગરાના ધોધ અને ટૉરેંટો (કૅનેડા)નું પ્રદર્શન જોવા ઊપડ્યા હતા. એ રખડપટ્ટીમાં બહુ જ મજા પડી હતી. ફરી પાછા ગયે અઠવાડિયે હું અને એ ખલાસી મિત્ર અહીંથી ૩૦૦ માઈલ દૂરના પેન્સિલ્વાનિયા પ્રાંતના પાટનગર પિટસબર્ગ ગયા હતા. વેલ્સ્ટનથી ૧૫૦ માઈલ દૂર આવેલું ઓહાયો પરગણાનું કોલમ્બસ નગર પણ મેં જોયું છે. અમેરિકન ઍર લાઈનરની P. C. A લાઈનમાં પહેલી જ વાર વિમાનસફર પણ કરી છે.

દૂર દેશના પત્રમાં મારું સરનામું છપાયાને બે વર્ષ જેટલો લાંબો વખત થયા બાદ મને પહેલી જ વાર આ એક જ અઠવાડિયામાં બે પત્રો મળ્યા તેનો મને બહુ જ આનંદ થાય છે. યુનાઈટેડ સ્ટેટ્સની કેટલીક ટિકિટો મેં આ સાથે મોકલી છે તે વડે તમારો સંગ્રહ સમૃદ્ધ કરશો. તમારા બીજા પત્ર જોડે તમારી છબિ મોકલજો તેના બદલામાં હું પણ મારી છબિ મોકલીશ. કોણ જાણે છે આપણને મળવાના સુયોગ પણ કોઈ વાર બને. તમારો ફોટો આવશે તો હું વળી એક વધારે ભેટ પણ મોકલીશ.

મારાં બા તથા બાપુને તમે પ્રણામ લખ્યા તેથી તેઓ બહુ ખુશ થયાં છે. તેમણે પણ તમને ખૂબ શુભેચ્છાઓ પાઠવી છે. તમારાં માતપિતાને જો તેઓ હયાત હોય તો મારા ભાવપૂર્વક નમન કહેજો. તમે 'તમારો વફાદાર મિત્ર' એવી સહી કરી છે તેનો અર્થ બહુ થાય છે. તમે એ વચન પાળશો તો હું મારા ભાગે આવતી ફરજ જરૂર અદા કરીશ.

તમારો વફાદાર મિત્ર

(Mr.) Tom Browman

303 West 'C' Street Welston, Ohio (U.S.A.)

(પત્રો મોકલનારા પોતે જ 'કુમાર'ની ઢબે તરજૂમા કરી મોકલશે તો અમને રાહત મળશે, અને તે માટે અમે આભારી બનીશું —તંત્રી)



પંચતંત્રની વાર્તાઓ



ઘુવડ રાજાને આમ ઊભી શીખામણ મળતી જોઈને રક્તાક્ષ કહે, 'કષ્ટ, કષ્ટ, તમારી અનીતિથી આ રાજાનો ઘાણ નીકળ્યો એ કહ્યું છે, કે

અપૂજ્યોની કરે પૂજા પૂજ્યોની જ્યાં 'વિમાનના ।
ત્રણે ત્યાં તો પ્રવર્તે છે દુર્ભિક્ષ મરણું ભય. ॥

પણ એનો અનાદર કરી ચિરંજીવીને ઉપાડીને ઘુવડો લઈ ગયા ત્યાં ચિરંજીવી કહે, 'ઘુવડરાજ, મને સંઘરીને તમે શું કરશો? આ અવસ્થામાં મારે જીવીને શું કરવું છે? મને અગ્નિ દિયો એટલે હું બળી મરું.' રક્તાક્ષ કહે, 'અગ્નિમાં પડીને તારે શું સાધવું છે?' ચિરંજીવી બોલ્યો, 'શરીરનો હોમ કરીને મારે ઘુવડયોનિમાં જન્મ લેવો છે. એટલે પછી મારી આગ હુરેશા કરનારા કાગડા ઉપર વેર વાળીશ.' રક્તાક્ષ કહે, 'દુષ્ટ, કૌશિકજાતિ તને દુર્લભ છે, કારણ

સૂર્ય ભર્તાર છોડીને મેઘ મારુત ને ગિરિ ।
સ્વજાતિ મૂષિકા પામી સ્વજાતિ દુરતિક્રમ ॥

ને બોલ્યા, એ કેમ? રક્તાક્ષ કહે"

કથા ૧૧

શાલંકાયન નામે મુનિ ગંગાતીરે સૂર્યોપસ્થાન કરતો હતો ત્યાં બાજના મુખમાંથી પડેલી ઉંદરડી એના હાથમાં આવી પડી એને તપોબળથી કન્યા બનાવીને ઋષિ આશ્રમે લઈ ગયા અને પોતાની સ્ત્રીને કહ્યું, 'ભદ્રે, લે આ તારે દિકરી અવતરી. જતનથી એને મોટી કર.' કન્યા વિવાહયોગ્ય થઈ, એટલે ઋષિએ સૂર્યને બોલાવીને કહ્યું 'ભગવન્, તું બળવાન છે એટલે મારી દિકરી તને વરે તો તું તેને પરણ.' ઋષિ દિકરીને કહે, 'આ ભુવનદીપક ભાનુદેવ તને ગમે છે?' કન્યા કહે, 'એનો તાપ બહુ છે, એટલે બીજો સારો વર લાવો.'

સર્વવૃત્તાન્તદર્શી સૂર્ય કહે, 'મારા કરતા મેઘરાજ અધિકો છે, હું ઊગ્યો હોઉં છતા તે મને અદૃશ્ય કરે છે.' એટલે ઋષિએ મેઘને બોલાવ્યો ને કન્યાને પૂછ્યું તો તે બોલી, 'આ તો કાળો ને જડ છે.' મેઘ કહે, 'મારા કરતા વાયુ અધિક છે, જે મને વિખેરી નાખે છે.' એટલે ઋષિએ વાયુને બોલાવ્યો, પણ કન્યાને એ અનિયત લાગ્યો. તેથી વાયુ કહે 'મારાથી પર્વત ચડે, જે મને અટકાવે છે [illegible] જેને હું ચલિત કરી શકતો નથી.' એટલે ઋષિએ શૈલેન્દ્રને બોલાવ્યા તો કન્યા કહે, 'આ કઠણ છે.' ગિરિરાજ કહે, 'મારાથી ઉંદર અધિક છે, તે મારા શરીરમાં છિદ્ર પાડે છે.' એટલે ઋષિએ ઉંદરને બોલાવ્યો તે કન્યાને ગમ્યો, એટલે ઋષિએ એને પાછી ઉંદરડી કરીને ઉંદર વેરે પરણાવી એટલે કહું છું.

'સૂર્ય ભર્તાર છોડીને' ઇતિ

ઋષિએ ઉંદરને બોલાવ્યો તે કન્યાને ગમ્યો, એટલે ઋષિએ એને પાછી ઉંદરડી કરીને ઉંદર વેરે પરણાવી

ચિરજીવીએ વિચાર કર્યો,

'કહ્યું વધ કરો આનો
સ્વામીકેરા હિતેચ્છુએ ।
મંત્રીમાં એકલો એ છે
નીતિશાસ્ત્રાર્થતત્ત્વવિત્ ॥

એનું કહ્યું આ કરત તો એને કાંઈ અનર્થ ન થાત ને મારી આશા ફળત નહિ '

પછી દુર્ગનું દ્વાર આવ્યું એટલે અરિમર્દન કહે, 'આપણા હિતૈષી આ ચિરજીવીને એને ગમે એવું સ્થાન આપો.' એ સાંભળીને ચિરજીવીએ વિચાર્યું, કે 'મારે તો આના વધનો ઉપાય કરવો છે, તે મારે પાસે રહ્યે તો ન સધાય, કારણ કે મારી ચેષ્ટા જોઈને કદાચ સાવધાન થઈ જાય. એટલે ગઢને બારણે જ રહું ' એમ કરીને તે બોલ્યો, 'મેઘવર્ણરાજ, સ્વામીએ કહ્યું તે યોગ્ય છે, પણ હું નીતિજ્ઞ છું તથા તારો શત્રુ છું તારા ઉપર ભલે મને અનુરાગ છે, તે હું ચોક્કસ છું, તોપણ ગઢ વચ્ચે વાસ કરવો મારે ન ઘટે એટલે હું તો દુર્ગદ્વારે રહ્યા રહ્યા તારી સેવા કરીશ' રાજા કહે ઠીક.

(ચાલુ) દેસાઈ વાલજી ગોવિંદજી



સંસારનાં શહેરો

૩૧-કોલંબો

આ વખાતી વેળા જ્યાં જાપાનના બોમ્બ વરસી રહ્યા છે એ કોલંબો, ભારતમાતાને ચરણે ધરાએલી બીડેલી પદ્મકળી શા ટાપુ સીલોનનું પાટનગર ને મુખ્ય બંદર છે ૬૪૩ એકરમાં વિસ્તરેલી એની બંદરગાહ કુદરતી નહિ પણ માનવીની હાથબાંધણીની છે, ને દુનિયાભરની એવી જાતની બંદરગાહોમા એનો નંબર ૧૧મો ગણાય છે, તથા બ્રિટિશ સામ્રાજ્યમા ૫મો ગણાય છે સાત સાગરોનાં સફરી વહાણોને પોરો ખાવાનું ને કોલસા ભરવાનુ એ અગત્યનું મથક (જંકશન) છે.

લંકાદ્વીપને પશ્ચિમકિનારે, કલ્યાણી નદીના મુખ પર આવેલા આ શહેરનો ઇતિહાસ બહુ જૂનો નથી ઇ ૧૫૧૭થી ૧૬૫૬ સુધી એ પોર્ટુગીઝોને કબજે હતુ પછી ડચને હાથ ગયુ અને ૧૭૯૬મા તે બ્રિટિશ હકુમતમાં આવ્યુ. ઇ. ૧૮૭૫મા તેની આજની બંદરગાહ બંધાવા માડી તે પહેલાં ૮૦ માઇલ દક્ષિણે આવેલુ ગૅલે સીલોનનુ મુખ્ય બંદર ગણાતુ

શહેરની દક્ષિણે આવેલો 'ફૉર્ટ' નામથી ઓળખાતો લત્તાઓનો ભાગ એ તેનુ મુખ્ય વ્યાપારકેન્દ્ર છે, ને ત્યાંજ 'ક્વીન્સ હાઉસ'-મા ત્યાના ગવર્નર તથા સરકારી કચેરીઓનો વાસ છે. ડચ લોકોના સમયમા જ્યાં યુરોપિયનોનો વસવાટી લત્તો હતો તે હલ્ટ્સ્ડોર્ફ નામના પરામા ક્રોર્ટો આવેલી છે પેટ્ટા નામે ઓળખાતી એશિયાઈ બજારનો ગીચ લત્તો સ્વચ્છતાની દૃષ્ટિએ હવે સુધરતો આવે છે ઇ. ૧૯૧૪મ અહીં વ્યાપેલી પ્લેગની મહામારી પછી તેના જંતુઓ પ્રસારતા ઉંદરો પેસી ન શકે તેવા ચોખાના ગંજાવર ગોદામો બાંધવામા આવ્યા છે ને એ રોગના ફેલાવા પર મહદ્ અંશે કાબૂ જમાવાયો છે. પેટ્ટા અને સી સ્ટ્રીટ (દરિયા શેરી) એ બે લત્તામા કોલંબોની તળપદી વસ્તી વસે છે અને ત્યા અદ્ભુત કોતરણીવાળા બે હિંદુ મંદિરો છે સી સ્ટ્રીટમા ૩ અને ચોખાના મોટા તામિલ વેપારીઓ રહે છે.

બંદરથી ૫ માઇલ દૂર આવેલુ કોટ્ટા નામનુ પરુ એ સિંહાલી રાજાઓનું આ પ્રદેશમાનુ મુખ્ય શહેર હતુ કલ્યાણી નદી પર આવેલા વિક્ટોરિયા બ્રિજ નામના મોટા પૂલ પરથી ઉત્તરે નેગોમ્બો તથા ચિલૉ અને ઈશાને કૅન્ડી તરફ જવાના માર્ગ ફૂટે છે અને પૂલને બીજે છેડેથી દક્ષિણ તરફના શહેરોનો માર્ગ શરૂ થાય છે ફૉર્ટની ઈશાને આવેલા કોલંબો સરોવરમાંથી સમુદ્ર સાથે જોડનારી નહેર કાઢેલી છે, જેથી મરજી મુજબ પાણી ઠલવી તથા બદલી શકાય છે કોલંબો સીલોનની વિદ્યાપીઠનુ મુખ્ય ધામ છે, અને યુનિવર્સિટી કૉલેજ તથા રૉયલ કૉલેજ ઉપરાંત બુદ્ધિસ્ટોની આનંદ કૉલેજ તેમજ ખ્રિસ્તી ચર્ચોની બીજી ત્રણ મળી કુલ છ કૉલેજો ત્યા છે.

સીલોનના ટાપુનું માત્ર રાજધાનીનું જ શહેર એ નથી, પણ આખા દ્વીપની વ્યાપારી, બૌદ્ધિક તેમજ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનુ પણ એ કેન્દ્ર છે સીલોનની ચા અને રબરની ધૂમ નિકાસ એ બંદર કરે છે

દરિયાની નજીક નીચાણના પ્રદેશમા વસેલું હોવા છતા કોલંબો મૅલેરિયાથી મુક્ત છે ને તેનુ હવામાન બિનારોગ્યવાળું તથા ગરમ હોવા છતા તંદુરસ્ત છે વરસે લગભગ ૮૫ ઇંચ વરસાદ ત્યાં પડે છે. ૧૯૩૧મા તેની વસ્તી ૨,૮૧,૨૫૫ની હતી, જે આજે તો વધી હશે.



Chatham Street, Colombo



Hindu temple Colombo



ઉપર કોલંબોના વ્યાપારી લત્તાનો એક રાજમાર્ગ ચૅથામ સ્ટ્રીટ; વચ્ચે તામિલોનુ હિંદુ મંદિર, નીચે બંદરગાહ પાસેનો લત્તો.

નવાં પુસ્તકો

'The Faith of the Artist' *by James H Cousins* (Essays and Lectures on Art. 224 pp), Published by Kala Kshetra, Adyar, Madras, Rs 3 Postage 0 6-0

रुबाईयात उमर खय्याम (સચિત્ર) અનુવાદક-મૈથિલીશરણ ગુપ્ત, પ્રકાશક-વૈદ્ય શિવનારાયણ મિશ્ર, પ્રકાશ પુસ્તકાલય, કાનપુર, ૩-૦-૦, रेणुका લેખક દિનકર, ૨-૮-૦, दुनियाकी सैर લેખક-શ્રી યોગેન્દ્રનાથસિંહ, ૧-૮-૦, બંનેના પ્રકાશક શ્રી રામલોચનશરણ, પુસ્તકભંડાર, લહેરિયાસરાય (બિહાર) **રાજસંન્યાસી** લેખક-'ધૂમકેતુ, પ્રકાશક ગૌરીશંકર ગો જોશી, ખાનપુર અમદાવાદ; ગૌણ એજન્ટ-ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય ગાંધીરોડ અમદાવાદ, ૩-૦-૦, **શરદવંદના:** સંગ્રાહક અને અનુવાદક-રમણલાલ સોની, પ્રકાશક-એન એમ. ઠક્કરની કં પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઇ-૨, ૨-૮-૦

સર સોરાબજી પોચખાનાવાળા

(અનુસંધાન પાછળ પાન ૧૦૪થી) ઉમેદવારી કરી લેઇ, પણ માત્ર ૨૮ જ વર્ષનું તેમનું વય હોવાને કારણે તેમની પસંદગી ન થઈ.

'સ્વદેશી'ના આ ઊભરા સાથે સોરાબજીની મહત્ત્વાકાંક્ષામા પણ નુવાળ આવ્યો ચાર્ટર્ડ બૅંક કરતા નવી ઇન્ડિયા બૅંકનુ ભાવિ તેમણે ઉજ્જવળ જોયુ અને પગારની કશી ફરમાર કર્યા વગર તેમા જોડાઈ ગયા કેટલાના આગેવાનોએ આ નવા દેશી સાહસમા ઝપલાવવા સારૂ સોરાબજીને ઠપકો આપ્યો, પણ તેમણે પોતાનો મત ન ફેરવ્યો

અને એ મત ન ફેરવે એ સ્વાભાવિક હતુ સર સાસૂન ડેવિડ, સર કાવસજી જહાંગીર, સર શાપુરજી ભરૂચા, મિ આર. ડી. તાતા, શ્રી ચુનીલાલ સરૈયા ને શ્રી ગોવર્ધનદાસ ખટાઉ જેવી સદ્ધર ને દક્ષ વ્યક્તિઓનુ સાહસ પાછું પડે એ માની જ કેમ શકાય? સોરાબજીએ એમા જ પોતાની ભાવિ સફળતા જોઇ, ને બૅંકને કોઇ મૅનેજર ન મળ્યો ત્યા સુધી બધુ કામકાજ ભારે કુશળતાપૂર્વક તેઓ બજાવતા રહ્યા

પાછળથી મિ ગ્રિનફેલો નામના કોઈ યુરોપિયનને માસિક ૧૨૦૦ રૂપિયાના પગારે મૅનેજર તરીકે રાખવામા આવ્યો સોરાબજીએ તેના હાથ નીચે કામ કરીને તેનો ભારે વિશ્વાસ સંપાદન કર્યો હતો, પણ પછીથી, સોરાબજીની જ દરેક બાબતમા પ્રભાવ થતો જોઈ તેની ગોરી ખુમારી એકદમ સળગી ઊઠી ને તેણે હુકમ કર્યો કે સોરાબજીને હાથે કોઈ પણ ચેક કે વાઉચર પસાર ન થાય.

સોરાબજી આ કડવો ઘૂંટડો ગળી ગયા થોડો વખત રહી એક બીજો યુરોપિયન સબ-ઍકાઉન્ટન્ટ આવ્યો સોરાબજીએ જોયુ કે તેની સહીના વાઉચર જેગનાં તેમ પસાર થાય છે હવે તેમનાથી ન રહેવાયુ ને તેમણે સીધા મિ ગ્રિનફેલો પાસે જઇ સવાલ કર્યો 'ત્યારે હિંદીને એવો હક ન આપવાનુ કારણ શુ?' મિ ગ્રિનફેલોએ પોતાની એકલાની નહિ, પણ આખી ગોરી દુનિયાદારીની હિંદી પ્રત્યેની વલણના પડઘા પાડ્યો 'આટલો વિશ્વાસ હિંદીઓ પર મૂકીએ છીએ તે પણ ઘણો છે'

હવે સોરાબજી ચોંકી ઊઠ્યા બૅંક જેવા ખાતામા પણ આવો ભેદભાવ? અને એથીયે વધુ કઢંગી તો એમને એ ખાતામા હિંદીઓના માત્ર કારકુનો તરીકે જ થતા ઉપયોગથી થયો શુ હિંદીઓમા આગળ વધવાની તાકાત - તમન્ના જ ન હતી? દાખલો નજર સામે મોજૂદ હતો. મિ ગ્રિનફેલોનો ૧૨૦૦નો પગાર એનુ બધુ યે કામ બજાવી દેવાની પોતામા શક્તિ હતી, છતા મેળ માત્ર ૧૫૦ની'

પરિસ્થિતિના આ કોયડા પર નિરંતર વિચારતા રહેતા સોરાબજીએ નિશ્ચય કર્યું કે હિંદમા હિંદીની જ બૅંક હોવી જોઇએ અન્ય ધંધામા હિંદીઓ સફળ થાય છે તો બૅંકિંગની તાલીમ મળ્યે તેમા પણ કેમ યશસ્વી ન થાય? પરંતુ વિદેશીઓને હિંદીઓની એ વિષયની કુશળતાની ખાતરી જેમ ન હતી, તેમ ખુદ હિંદીઓને પણ ન હતી. અને એનુ કારણ-પ્રજાના માનસ પર ઊંડી ફેલી વિદેશી અસર હતી સોરાબજીને લાગ્યુ કે સ્વાશ્રયના જબ્બર પ્રયોગ સિવાય એ મનોદશા કોઈ રીતે મટે એમ નથી

અને એવી પ્રતીતિ થતા સોરાબજીએ એ 'જબ્બર પ્રયોગ' કરવાનો નિર્ણય કરી લીધો. પોતાના બૅંકના વ્યવસાય દરમિયાન ઘણી ઘણી સદ્ધર આસામીઓ જોડે એમણે ઓળખાણ બાંધી લીધી હતી પોતાના આ આદર્શને એ લોકો વધાવી લેશે એમ ધારી બધા પાસે તેઓ પોતાની યોજના રજૂ કરવા લાગ્યા, પણ કોઇને આ તરુણમા વિશ્વાસ ન બેઠો. સર લલ્લુભાઈ શામળદાસ, સર પુરુષોત્તમદાસ ઠાકુરદાસ, સર દિનશા પેટીટ, સર મનમોહનદાસ રામજી, શ્રી કાનજીભાઈ ચિનાઈ વગેરે કોઇએ તેમના વિચારને ટેકો ન આપ્યો

સોરાબજી નિરાશ થવાની અણી ઉપર હતા, પરંતુ એ જ અરસામા એમના અને હિંદના સદ્ભાગ્ય એમના વિચારનો પુરસ્કર્તા મળી આવ્યો અને તે હતા શાહસોદાગર કલ્યાણજી વર્ધમાન જેતસી હિંદીઓની શક્તિનો થતો ઉપહાસ, શેઠને એમણે દર્દભર્યે દિલે સંભળાવ્યો, ને પોતાને ઇન્ડિયા બૅંકમાથી કોઈની સગવડ ન મળી હોવાથી અને આ રીતે એક હિંદી સાહસમાં પોતે પણ નિમિત્તરૂપ બને છે એ જોઈ શેઠે સોરાબજીને પૂરો સાથ આપવાનું વચન આપ્યુ અને સોરાબજીએ ડાયરેક્ટરોની શોધ ચલાવવા માંડી

નવી હિંદી બૅંકની વાતો બજારમા ઊડવા લાગી. આગળ પડી ભાંગેલી હિંદી બૅંકોની નિષ્ફળ કારકીર્દિથી નવી હિંદી બૅંકની વાતથી જ લોકો ભડકતા હતા, પણ સોરાબજીએ એ માટે એવી તો યોજના ઘડી કાઢી કે જે સફળ થવા જ નિર્માઇ હતી.

સોરાબજી નવી બૅંક કાઢવાની પેરવીમા પડ્યા હોવાની વાત મિ ગ્રિનફેલોને કાને પહોંચતા વેંત તેમણે સોરાબજીને પોતાની પાસે બોલાવ્યા ને હિંદીઓ બૅંક ચલાવી શકે એ વાત જ હસી કાઢી સોરાબજીને પોતાની ધૂન છોડી દેવા સમજાવ્યા. સોરાબજીએ સાફ દિલે પોતાની આખી યોજના રજૂ કરી. ગોરો મૅનેજર ચમકી ઊઠ્યો ને ૨૪ કલાકમા નવી બૅંકની વાત પડતી મૂકવા અગર તો નોકરીનું રાજીનામુ આપવા સોરાબજીને ફરમાન કર્યું

કેટલીક પળ શાંત ઊભા રહી સોરાબજીએ જવાબ આપ્યો, 'સાહેબ, મેં નિર્ણય કરી લીધો હું રાજીનામુ આપુ છુ'

ગોરો વધુ ચમક્યો એણે પટાવવા માંડ્યુ, 'જુઓ, ૨૪ કલાકની મહેતલ આપી છે શાંત ચિત્તે વિચાર કરો, ઉતાવળા ન થાઓ'

'મારો નિર્ણય અફર છે' સોરાબજીએ જવાબ આપ્યો ને તરત નોકરીનુ રાજીનામુ આપી દીધુ

પોણા ત્રણ સો રૂપિયાની નોકરી છોડી અવકાશપૂર્ણ ભવિષ્યમા ઝંપલાવવાના સોરાબજીના આ પગલાનો કુટુંબે વિરોધ કર્યો, પણ એમને તો હિંદમા હિંદની જ બૅંક ઊભી થાય, એ વડે હિંદી વેપાર-ઉદ્યોગો ઊભા થાય અને હિંદની રાજ્યતંત્રની સ્થિતિ ટળે એવા પોતાના સ્વપ્નને મૂર્ત કરી બતાવવા હતા ને એ અનુસાર એમણે ને કલ્યાણજી શેઠે બીજે જ દિવસે મુંબાઈના મેશામ બિલ્ડિંગમા માસિક ૬૦૦ રૂપિયાના ભાડાથી બૅંકનુ મકાન ભાડે રાખી, બે ટેબલ, બે ખુરશી ને જૂજ-જાજ ફર્નિચરથી 'સેન્ટ્રલ બૅંક'ની શરૂઆત કરી દીધી

આ નવી બૅંકમા શેઠ અને સોરાબજી સાથે ઇસ્ટર્ન બૅંકનો ઇંગ્લિશ વીકાજી ભળ્યો. લોકોએ એને ગાંડો જ ગણી કાઢ્યો ત્રણે જણે મળી ડિરેક્ટરો અરજદારોને મેળવી તેમની ડિરેક્ટરો પણ શોધી કાઢ્યા શ્રી મંચેરશા ખાન, શ્રી જે વર્ધમાન, શ્રી અરદેશર દુબાશ, શ્રી જગશેઠજી ચોથિયા, શ્રી રાધાકૃષ્ણ લક્ષ્મીચંદ અને એચ કાઉદ ઇંદીઆન.

હવે? કંપનીનો પ્રમુખ ક્યાંથી શોધવો? એ અરસામાં એલાયન્સ બૅંક ઑફ બર્મા તૂટી પડી હતી લોકોની મશ્કરી અને વિષમ પરિસ્થિતિથી મુશ્કેલીઓનો પાર ન હતો. છતાં ૧૯૧૧ના ડિસેંબરની ૨૧મીએ સેંટ્રલ બૅંક ઑવ ઇન્ડિયા રજિસ્ટર કરાવવામાં આવી સોરાબજીને થયુ કે હવે પ્રમુખ તરીકે કોઈ પ્રભાવશાળી વ્યક્તિ મળી જાય તો બૅંકનુ કામ સરળ બની જાય

બરાબર એ જ અરસામા મુંબાઇના સિંહ સર ફિરોઝશાહ મહેતા વિલાયતનો પ્રવાસ આટોપી પાછા મુંબાઇ આવી ગયા ત્રણે જુવાનિયા એમની પાસે પહોંચી ગયા પોતાની આખી યોજના રજૂ કરી આજ સુધીની નિષ્ફળ ગયેલી હિંદી બૅંકોના કારણો બતાવ્યા ફિરોઝશાહ પ્રેમથી બધુ સાંભળી રહ્યા. આ જુવાનિયાઓની બુદ્ધિ

ઉપર તે આફરીન થયા. પોતે સૂચવ્યા મુજબના સુધારા એ યોજનામા કરવાનું વચન લઈ, બૅંકના પ્રમુખ થવાનું તેમણે વચન આપ્યુ. એમના નામે બૅંકને એટલી તો પ્રતિષ્ઠા મળી કે ત્રણ જ મહિનામા બૅંકના વીસ લાખ રૂપિયાના શેરો ભરાઈ ગયા. સોરાબજી ૮૦૦ના પગારથી એ બૅંકના મૅનેજર નીમાયા ને ત્યારથી તે મરણની ઘડી સુધી તે જ પ્રવૃત્તિ અને પ્રગતિમાં ઓતપ્રોત બની રહ્યા. તે દિવસ પછીથી સોરાબજી અને સેન્ટ્રલ બૅંકનો ઇતિહાસ જુદો નથી રહ્યો.

૧૯૧૩ની સાલ આવી ને હિંદના આર્થિક વાતાવરણમા જબરૂ વાવાઝોડુ ફૂંકાયું. તેના ઝોકમા મુંબાઇની સ્પીસી બૅંક ને પંજાબની પીપલ્સ બૅંક જેવી સમૃદ્ધ બૅંકો પણ ડૂબી પડી, ત્યાં નાની બૅંકોનું તો શુ ગજુ ? અને સેન્ટ્રલ બૅંક તો હજુ બે વરસનુ બાળક જ હતી. શાખ જવાનુ ટાણુ આવ્યુ ત્યા તો ફિરોઝશાહે પોતાની તમામ મિલકત તેની પાછળ રોકી દીધી. એની નૈતિક અસર બીજા ડીરેક્ટરો પર પણ થઇ ને તેમણે પણ પોતાની મિલકત બૅંકની જતી શાખ બચાવવામા રોકી દીધી. પ્રજામાં એ અનુમાનથી વિશ્વાસ બંધાઈ ગયો કે 'બૅંકની સ્થિતિ સધ્ધર ન હોય તો ડીરેક્ટરો પોતાની મિલકતનું જોખમ ખેડે જ શાને ?' અને એ રીતે ફિરોઝશાહ તથા ડીરેક્ટરોના ત્યાગ ને સાહસ તથા સોરાબજીની કાર્યકુશળતાથી સેન્ટ્રલ બૅંક એ વાવાઝોડામાથી ઉગરી ગઈ.

આ કપરા અનુભવ પછી સોરાબજીએ બૅંકના સંચાલનમા એવા તો મૂળભૂત ફેરફારો કરી નાખ્યા કે ગમે તેવા વિપત્કાળમાં પણ તેને આંચ ન આવે. અને આ પછી બૅંકની પ્રતિષ્ઠા પણ ખૂબ વધી ગઇ. ૧૯૨૧મા સરકારે તેને માન્ય કરી ને મ્યુનિસિપાલિટીઓની મોટી-મોટી રકમો તેમા જમા રહેવા લાગી.

સેન્ટ્રલ બૅંકનો આ ઉત્કર્ષ કેટલાકથી સહન ન થયો. તેની માનહાનિ કરવાના અનેક પ્રયાસો થયા. કલકત્તા ક્લીઅરિંગ બૅંકે તેનો બહિષ્કાર કર્યો. વળી તેના ચોપડા સારૂ કમિશન બેસાડવાના પ્રયત્નો યે થયા. પણ એ બધુ ફોકટ જ નીવડ્યુ. મુંબાઇ મ્યુનિસિપાલિટીએ એમા પોતાનાં નાણા રાખ્યા ત્યારે તેના એક કૉર્પોરેટરે ગપ ચલાવી કે બૅંકે તો ઝવેરાત પર મોટી રકમ કરજે ધીરી છે. સોરાબજીએ આ વિધાન સામે જાહેર તપાસ ચલાવડાવી અને તેની માફી મગાવી, એટલુ જ નહિ પણ તેની પોતાની રકમ બૅંકમા ડીપોઝીટ રખાવી બૅંકની વિશ્વસનીયતા કબૂલ કરાવી. બૅંક પરનો કશો આક્ષેપ સોરાબજી સહન ન કરી શકતા અને તેની ઇજ્જત સાચવવા હંમેશ તત્પર રહેતા.

આમ હિંદી તંત્ર નીચે ઊભી થએલી 'સેન્ટ્રલ બૅંક' પગભર અને પ્રતિષ્ઠિત બની. આજે તો એનો દરજ્જો એટલો વધ્યો છે કે મોટીમોટી યુરોપિયન બૅંકોએ પણ તેના ધોરણ ઉપરથી જ પોતના ચાલુ અને સેવિંગ્ઝ ખાતાંના વ્યાજનો દર ઠરાવવા માંડ્યો છે.

બૅંક જેમજેમ જામતી ગઇ તેમતેમ તેના પાયા સોરાબજીએ વધુ ને વધુ ઊંડા ઉતારવા માંડ્યા ને એ સાથે જ એની શાખાઓ પણ હિંદભરમાં ફેલાવા માંડી. આજ પર્યંત એની ૫૦ શાખાઓ સ્થપાઈ છે. હિંદમાં જૉઇન્ટ સ્ટૉક બૅંકોની સંખ્યા ૮૪ની છે અને કુલ અનામત ૭૫ કરોડ રૂપિયાની છે, તેમાથી ૨૫ કરોડ તો એકલી સેન્ટ્રલ બૅંકમાં છે.

કોઈ પણ સ્વદેશી ઉદ્યોગ બૅંકના પીઠબળ વગર ન ટકી શકે એ સત્ય સોરાબજીએ પ્રમાણ્યું હતુ ને એને અનુલક્ષી, બૅંકની સ્થિતિ સધ્ધર થતાં દેશના નાનામોટા કેટલાય ઉદ્યોગોને મદદ આપવા માંડી હતી ને કેટલાયને ડૂબતા બચાવ્યા હતા.

તાતા ઑઇલ મિલ્સવાળાઓની યોજના જ્યારે નિષ્ફળ ગઇ હતી ને દેવાળું કાઢવા વખત આવ્યો હતો ત્યારે આ નાજુક સ્થિતિમાં એ કંપનીના મૅનેજર નવરોજજી સકલાતવાળાનો સોરાબજી સાથે ભેટો થઇ ગયો. દેવાળું કાઢી લોકોની રકમ ડુબાવવી તેના કરતા કંપનીની પુનર્ઘટના કરી, તેનું ભંડોળ કમી કરવાની સોરાબજીએ આખી નવી યોજના રચી આપી માર્ગદર્શન આપ્યું. એ યોજના અનુસાર આજ પણ એ કંપની સુસ્થિત રહી કામ કરી રહી છે.

એ જ મુજબ મૅસર્સ થીએટર્સ લિ. તાતા આયર્ન ઍન્ડ સ્ટીલ કંપની, તાતા હાઇડ્રૉલિક કંપની, આંધ્ર વૅલી કંપની, સ્વદેશી મિલ્સ, બૉમ્બે સ્ટીમ નૅવીગેશન કંપની વગેરેને આખીને વખતે મદદ કરી, હિંદના વેપારઉદ્યોગમા સેન્ટ્રલ બૅંકે પોતાનો યશસ્વી ફાળો નોંધાવ્યો છે.

દેશના હુન્નરઉદ્યોગો સિવાય નાની નાની બૅંકોને પણ મદદ કરીને સોરાબજીએ બચાવી લીધી હતી. અનેક બૅંકો ઊભી થાય ને ડૂબે તે કરતા થોડી પણ સધ્ધર બૅંકો હોય એ દેશને વધુ હિતાવહ છે એવી દીર્ઘદૃષ્ટિએ જ એમણે તાતા ઇન્ડસ્ટ્રિયલ બૅંક અને યુનિયન બૅંક ઑવ ઇન્ડિયાનો એમના આપત્કાળે સેન્ટ્રલ બૅંકમા સમાવેશ કરી લીધો હતો.


સોરાબજીના વિશાળ અનુભવ અને તીવ્ર બુદ્ધિનો લાભ હિંદી પ્રજા જેટલો જ સરકારે પણ લીધો હતો. સરકારી જામીનગીરીઓમા પ્રજાનો વિશ્વાસ બેસે તેના ઉપાયો સૂચવવા ઇ. ૧૯૧૯મા નિમાએલી સમિતિમા સરકારે તેમને નીમ્યા હતા. ખેડૂતો પરના કરજનો બોજો કમી કરવા લૅંડ મૉર્ટગેજ બૅંકની યોજના પણ એમણે ઘડી આપી હતી અને સંયુક્ત પ્રાંતની સરકારની વિનંતિથી ઇન્ડસ્ટ્રિયલ ફિનૅન્સ કમિટીમા પણ તેમણે કામ કર્યું હતુ. સરકારે તેમની આ સેવાનો બદલો ઇ. ૧૯૩૫મા સરનો ઇલકાબ તેમને આપીને વાળ્યો હતો. પાછા વળી એ જ સાલમા સરકારે તેમને સ્ટૉક ઍક્સચેન્જ તપાસસમિતિના સભ્ય નીમ્યા હતા. સીલોન સરકાર તેમજ હિંદના દેશી રજવાડાએ પણ એમના અનુભવનો લાભ ઓછો નથી લીધો.

સર સોરાબજીના જ્ઞાન, દીર્ઘદૃષ્ટિ અને સાહસિક વૃત્તિનો ઉમદા નમૂનો તો એ છે કે જે કામ કરવાની કોઇ પણ સ્વદેશી બૅંક હામ ન ભીડતી તે પરદેશી હૂંડીઓનું કામકાજ કરવાની હામ તેમણે ભીડેલી. થોડા જ સમય પર ઇંગ્લંડમા સેન્ટ્રલ એક્સચેન્જ બૅંક ઑવ ઇન્ડિયા નામની હૂંડીઆમણનો વ્યવહાર કરનારી બૅંક એમણે ખોલવાથી પરદેશો સાથે કામ કરનારી હિંદી બૅંકોની સગવડ ઘણી વધી ગઇ છે.

દુનિયાની નજરે આટલા મહાન ને સમર્થ છતા ખાનગી જીવનમા તો સર સોરાબજી તદ્દન સાદા અને આડંબરરહિત રહ્યા હતા. જાહેરાતથી એ દૂર રહેતા. ખાનગી કે જાહેર મેળાવડાઓમા પણ તે ભાગ્યે જ દેખાતા. બાકી મેળાઓ અને કામકાજમાંથી જ્યારે પણ થોડીક ફુરસદ મળે ત્યારે એ ફુરસદનો વખત પોતાની પત્ની ને બાળકોની સોબતમાં જ ગાળવાનુ પસંદ કરતા.

સેન્ટ્રલ બૅંકની પચીસ વર્ષોની સેવા દરમિયાન એમણે એક જ લાંબી રજા લીધેલી અને તે પણ યુરોપ જઇને બૅંકોના જાતઅનુભવ લેવા માટે જ. હિંદી શરાફીના એ તપસ્વી હતા ને એ તપશ્ચર્યા એમના જીવન દરમિયાન એકે પળ અટકી નહોતી. બૅંકિંગ, નાણાપ્રકરણ અને અર્થશાસ્ત્ર એમનું પ્રિય વાચન હતુ ને એ જ એમના ચિંતનનુ કેન્દ્રબિંદુ હતુ. એમનું જીવન રાષ્ટ્રભાવનાથી ભરપૂર હતુ, પણ રાજકારણમાં માથું મારી પોતાનું કેન્દ્રબિંદુ ચૂકવાનું એમણે કદી પસંદ નહોતુ કર્યું.

હિંદી શરાફીના પિતા, ભારતના સર્વોત્તમ શ્રેષ્ઠી અને રાષ્ટ્રીય ઉદ્યોગોના પુરસ્કર્તા આ મહાપુરુષ આજે આપણી વચ્ચે નથી; પણ ૧૯૧૧માં ૨૫ લાખની રકમથી ખુલી અત્યારે ૨૫ કરોડની અનામત ધરાવતી સેન્ટ્રલ બૅંક એમના ચિરસ્થાયી સ્મારકરૂપે ખડી છે. સોરાબજીના જીવનની એ યશકલગી છે, હિંદી પુરુષાર્થનું એ પ્રતીક છે.



મધુકરી

ધર્યે જ જજો સદા

હરિહર

જીવનવનમાં પુષ્પો કેરી સુમિષ્ટ સુવાસ જ્યાં
મધમધતી કો' સ્થાને, કાશ સુનીલ ન્યારી-ન્યારી,
પરિમલ ધરી હૈયામાંહી રહે રજ, ને પછી
પરિમલથકી પ્રેરાઈને, ન જુ ગણકારના
અગણ્ય ક્ષણ એ કાશ કેરા, ધર્યે જ જજો સદા
વન ઉપવનોમાં, શ્રદ્ધા ને ઉમંગથી ફરફરી

—જયાનંદ દવે

શ્રી કૃષ્ણલાલ શ્રીધરાણી

'કુમાર'ના વાચકોને તો એ તરુણ ગુજરાતી કવિનું નામ સુપરિચિત છે એમણે કવિતા લખવી શરૂ કરી ત્યારથી (એમનું પહેલું કાવ્ય કુમાર'ના ૬૨મા અંકમાં પ્રકટ થયું ત્યારથી) તે ઈ ૧૯૩૪ના મે ...મા તે અમેરિકા ગયા તે વેળા ૧૨૪મા અંકમાં છપાયેલા 'દ્વિધા' ...મના એમના છેલ્લા કાવ્ય સુધીની એમની કાવ્યમાળાના ઉત્તમોત્તમ મૌક્તિકોના ભોક્તા 'કુમાર'ના વાચકો બન્યા છે એ 'દ્વિધા' કાવ્યમાં એમણે સાગરપાર જઈને ત્યાંની સિદ્ધિઓ વરી લાવવાના જે મહત્ત્વાકાંક્ષી ઊર્મિકોડ ઉતાર્યા છે તેને ખરા પાડતા આવતા એમના



વિષેના સમાચારો અવારનવાર અમેરિકન છાપાંઓમાં ચમકતા રહ્યા છે ગયે વર્ષે શિકાગોના 'મનોહર' માસિકે એમનો ફોટો પરિચય આપી અમેરિકામાં હિંદના હિત વિષયક પ્રશ્નોને ન્યાય આપવા મથનારા પ્રગતિવાદી હિંદી પરિવ્રાજક તરીકે એમની પ્રવૃત્તિની નોંધ લીધી હતી, તેનો ઉતારો 'ગુજરાતી પંચ' સાપ્તાહિકે કરેલો એ સિવાય એમની પ્રવૃત્તિની નોંધ હજી બહાર આવી નથી

એમનો ટૂંકો પરિચય તો 'કુમાર'ના ૧૦૦મા અંકમાં આવી ગયો છે ભાવનગરની દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવન જેવી રાષ્ટ્રીય સંસ્થામાં શિક્ષણ પામી વિનીત થઈ ગુજરાત વિદ્યાપીઠમાં જોડાયા ત્યાં દાંડીકૂચ થતાં તેમાં ભાગ લઈ જેલ ગયા, અને પછી શાંતિનિકેતન જઈ અભ્યાસ કરી ત્યાંના સ્નાતક થયા, અને પત્રકારત્વ તથા સામાજિક અર્થશાસ્ત્રના વિશેષ અભ્યાસ માટે ૧૯૩૪ના મેની ૨૨મી તારીખે અમેરિકા જવા ઊપડયા તે પહેલાં એમની સાહિત્યપ્રવૃત્તિએ અહીં સારો પ્રકાશ પાથરી દીધો હતો

અમેરિકા ગયા પછી પણ પોતાની એ લેખનપ્રવૃત્તિ તો એમણે ચાલુ જ રાખી છે શરૂઆત એમણે 'કરન્ટ હિસ્ટરી' નામના માસિકથી કરી અને ત્યાર પછી તો 'ધ ન્યૂ રીપબ્લિક' 'એશિયા' 'અમેરિકન' વગેરે સાપ્તાહિકો અને માસિકો એમના લખાણો ઉમંગથી લેવા લાગ્યાં પોતાની શૈલી એમણે અમેરિકનોને ગમે એવી નર્મ વિનોદ યુક્ત અને ચમત્કાર બનાવી છે, સાથેસાથે વિગતોની ચોકસાઈ પણ એવી હોય છે કે 'ન્યૂયૉર્ક ટાઇમ્સ' જેવા પત્રો પણ તેમના લેખો આવકારે છે

દાંડીકૂચ વેળા લીધેલા સત્યાગ્રહ લડતના પ્રત્યક્ષ અનુભવ ઉપર એમણે હિંદની અહિંસક લડત વિષે લખેલો પોતાનો મહાનિબંધ 'વૉર વિધાઉટ વાયોલન્સ' (વગર હિંસાનું યુદ્ધ) નામથી ત્યાં ગયે વર્ષે પુસ્તકરૂપે પ્રકટ કર્યો છે અને એ દ્વારા જગતભરમાં નવો જ પ્રકાશ પાડતી એ ગાંધી તત્ત્વજ્ઞાન અમેરિકાની પ્રજાને સમજાવવાનો સમર્થ પ્રયત્ન કર્યો છે ને પછી હિંદી રાજકારણને તેના સાચા રૂપમાં સમજાવી તેની યોગ્ય વિવેચના રજૂ કરનાર લેખક તથા વ્યાખ્યાતા તરીકે અમેરિકામાં એ સન્માન પામ્યા છે.

હિંદી પ્રશ્નો ઉપર વ્યાખ્યાનો પણ એ ખૂબ આપે છે ...

રિનની પદ્ધતિએ વ્યાખ્યાન-પ્રવાસો પણ યોજે છે. 'મનોહર'માં આવેલા પરિચયમાં જણાવ્યા પ્રમાણે 'એવા એક પ્રવાસમાં સોળ દિવસમાં એમણે છત્રીસ વ્યાખ્યાનો આપેલાં. કૅનેડા જેવા કટ્ટર સામ્રાજ્યવાદી સંસ્થાનમાં પણ એમણે એક પ્રવાસ કરી ત્યાંના વતનીઓને હિંદીઓ વિષેનો સાચો અહેવાલ આપી કૅનેડાવાસીઓમાં હિંદીઓ પ્રત્યેની લાગણી જાગૃત કરી. એમના ત્યાંના મિત્રોના જણાવ્યા પ્રમાણે, અમેરિકાવાસી હિંદીઓની છેલ્લા દસકાની સાર્વજનિક પ્રવૃત્તિનું જો સિંહાવલોકન કરવામાં આવે તો ધનગોપાલ મુકરજી પછી લેખનકળામાં, અને વિઠ્ઠલભાઈ પટેલ પછી વ્યાખ્યાનપ્રવાસ ખેડવામાં એમનું સ્થાન બીજું જ આવે.'

તાજેતરમાં જ એમનું એક નવું પુસ્તક બહાર પડ્યું છેઃ 'માઈ ઇન્ડિયા, માઈ અમેરિકા' એમાં એમણે એ બન્ને દેશોના વસવાટ દરમ્યાનના પોતાના દર્શનો આલેખ્યા છે 'સૅટરડે રિવ્યૂ ઑફ લિટરેચર' નામના અમેરિકાના અગ્રણી સાહિત્ય-સાપ્તાહિકે પોતાની કટારોમાં એનું અવલોકન છાપી પોતાના પૂઠા પર આ સાથેનો ફોટોગ્રાફ પ્રગટ કર્યો છે. શ્રી કૃષ્ણલાલ એમાં અવારનવાર લેખો પણ લખે છે. કવિવર રવીન્દ્રનાથના અવસાન સમયે એમને વિષેનો એક વિસ્તૃત પ્રશસ્તિલેખ એમણે એ પત્રમાં લખેલો. હેનરી સીડલ કૅન્બી જેવા અમેરિકાના મોખરી સાહિત્યવિવેચકના તંત્રીપદ નીચે ચાલતા અને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતા એ સાપ્તાહિક (સૅટરડે રિવ્યૂ ઑફ લિટરેચર)માં લખાણ આવવા તથા તેના વિવેચનના હાથે વિવેચના પામવી એ અમેરિકામાં બહુમાન ગણાય છે.

ગુજરાતના એક સુપુત્રની વિદેશમાંની આવી યશસ્વી અને માનભરી કારકિર્દિ એ ગુજરાતને ગૌરવનો વિષય છે.

માદાગાસ્કરઃ પૂર્વ આફ્રિકાનું સિંહદ્વાર

પૂર્વ આફ્રિકાના કિનારાથી ૨૫૦ માઈલ દૂર આવેલો માદાગાસ્કર દુનિયાનો સૌથી મોટો ચોથો દ્વીપ છે. માત્ર ગ્રીનલૅન્ડ, ન્યૂ ગીની અને બોર્નિયો, એ ત્રણ દ્વીપો જ માદાગાસ્કર કરતાં મોટા છે. દક્ષિણ આફ્રિકાથી ઑસ્ટ્રેલિયા, હિંદ અને રાતા સમુદ્ર તરફ કપાતા દરિયાઈ માર્ગો પર વ્યૂહની દૃષ્ટિએ માદાગાસ્કરનું મહત્વ ખૂબ ભારે છે. તાજેતરમાં જે ફ્રેન્ચ કાફલાને દક્ષિણ આફ્રિકા પાસે રોકવામાં આવ્યો હતો તે માદાગાસ્કરથી નીકળ્યો હતો. હિંદી મહાસાગરમાં હુમલા કરવા ઘૂમનારા જહાજોને માદાગાસ્કરમાં સંતાઈ રહેવાના સ્થળો મળી શકે તેમ છે એ હકીકત બ્રિટિશ નૌકાદળ સમજે છે. આ દ્વીપનું ક્ષેત્રફળ અઢી લાખ ચોરસ માઈલ છે. દ્વીપની ભૂમિ અતિશય મુગ્ધકર છે પરંતુ બહારની દુનિયા તેનાથી ભાગ્યે જ પરિચિત છે તેનો અર્વાચીન ઇતિહાસ ૧૮૯૫ની સાલથી શરૂ થાય છે ફ્રેન્ચોના ૬૦૦૦ શ્વેત સૈનિકો ત્યાં મૅલેરિયાથી મરણ પામ્યા બાદ ફ્રેન્ચોએ તેને જીતી લઈ ફ્રેન્ચ વસાહત બનાવી હતી. ફ્રેન્ચોએ માદાગાસ્કરના ડીગો સૌરેઝ નામક સરસ પ્રાકૃતિક બંદરને વિકસાવેલું તેમાં મુખ્ય આશય તેઓ જેને બ્રિટિશ લાલસા માનતા હતા તેની સામે સાવચેતી રાખવાનો હતો હાલ ત્યાં ટૉર્પિડો ફેંકનારાં જહાજોનું એક મથક છે ત્યાં સબમરીનો અને નાના યુદ્ધજહાજો સઘળી ઋતુઓમાં સલામતીથી રહી શકે છે. પોર્ટ નીએવરે નામના બંદરમાં ફ્રેન્ચોએ જહાજોના સમારકામ માટે એક સૂકી ગોદી બાંધી છે ત્યાં ૮૦૦૦ ટન સુધીનાં યુદ્ધજહાજો જઈ શકે છે. દક્ષિણ આફ્રિકા અને હિંદ વચ્ચે મરામતની આ એક જ ગોદી હોઈ તેની ખાસ મહત્તા છે.

માદાગાસ્કરમાં ફ્રેન્ચોની જનસંખ્યા લગભગ ૨૫,૦૦૦ છે અને હજુ સુધી એ વિચી સરકારના વર્ચસ્વ હેઠળ હતું, પરંતુ આજે તેની સ્થિતિ મુશ્કેલ બની છે. પહેલાં વિમાની સર્વિસ હતી તેથી એક અઠવાડિયામાં પારીસ આવાગમન થાય, પરંતુ હાલ એ સગવડ નાબૂદ થઈ છે આ દ્વીપને ફ્રાન્સ સાથે સાંકળનારો દરિયાઈ કેબલવ્યવહાર બ્રિટિશ સ્ટેશનોમાંથી પસાર થાય છે. અત્યારે દરિયામાર્ગે ઓછામાં ઓછો એક માસ લેતાં જહાજો દ્વારા અને શૉર્ટવેવ વાયરલેસ સ્ટેશન દ્વારા વ્યવહાર નિભાવવામાં આવે છે આ દ્વીપ પરના જકાતના ભારે દરોને લીધે બીજા દેશો તેની સાથે યુદ્ધ પહેલાં પણ વેપાર કરી શકતા નહોતા. એટલે માદાગાસ્કરમાં તેલ, કાપડ, સૂતર, ધાતુઓ, સીમેન્ટ અને બીજો ઘણો આવશ્યક માલ, જે સઘળો પહેલાં ફ્રાન્સથી આવતો હતો, તેની ભારે તંગી પડતી હોવી જોઈએ.

માદાગાસ્કર દ્વીપે ભૂતકાળમાં ઠીકઠીક તૂટફાટો જોયાં છે નેપોલિયનના યુદ્ધો દરમિયાન ફ્રેન્ચ વસાહતોનો કબજો બ્રિટિશોએ લીધો હતો અને પારીસની સંધિથી એ બ્રિટિશોને સુપ્રત થઈ હતી. તે સમયે ત્યાંના ચાળીસ લાખ વતનીઓ પર તેમનો રમાનો પહેલો રાજા રાજ્ય ચલાવતો હતો. તેણે પોતાના સૈન્યને તાલીમ આપવા અંગ્રેજ માણસો રાખેલા અને પ્રજામાં અંગ્રેજી શિક્ષણ તથા રીતરસમો દાખલ કરેલી, પરંતુ તેની રાણી જ્યારે ગાદી પર આવી ત્યારે તેણે યુરોપિયનોને હાંકી કાઢેલા અને ખ્રિસ્તી થયેલા દેશીઓની કત્લ કરેલી એ પછી બીજા રાજાઓ અને રાણીઓ પણ રાજ્ય કરી ગયેલા પાછળથી બ્રિટન અને ફ્રાન્સના સબંધો બગડતા માદાગાસ્કરમાં બે યુદ્ધો થયા, વતનીઓએ બળવો જગાવ્યો અને ફ્રેન્ચોએ આખરે આખોય દ્વીપ કબજે કરી લીધો ૧૯૧૬માં સ્વરાજ માટે બળવો થતા રહી ગયેલો; જોકે તે પછી પરિસ્થિતિમાં સુધારો થતો રહ્યો છે તાજેતરમાં શિક્ષણ, વેપાર આદિ ક્ષેત્રોમાં પ્રગતિ થઇ છે, પણ ત્યાંના આદિવાસીઓને સ્વરાજ તો નથી જ આપવામાં આવ્યું ફ્રેન્ચ ચેમ્બરમાં પણ તેમનું પ્રતિનિધિત્વ નથી.

માદાગાસ્કરમાં હાલ ૫૦૦ માઈલ જેટલી રેલવે છે અને મુખ્ય બંદર તામાતાવે તથા મધ્યપ્રદેશની ઊંચી ભૂમિમાં આવેલું પાટનગર આન્તાનનારીવો રેલવે માર્ગે જોડાએલા છે ૧૫૦૦ માઈલ જેટલા સારા રસ્તા છે સફર અને ખેતીવાડી માટે નહેરો ખોદવામાં આવી છે પૂર્વ કિનારાનો પ્રદેશ તંદુરસ્ત નથી જોકે તબીબી સહાયથી, પરિસ્થિતિ સુધારવામાં આવી છે મધ્યપ્રદેશની ઉચ્ચભૂમિ સ્વાસ્થ્ય માટે સરખામણીમાં સારી છે અને ઘણાખરા યુરોપિયનો ત્યાં રહે છે.

ઑસ્ટ્રેલિયાની જેમ માદાગાસ્કર પણ એક વાર એશિયા સાથે સંકળાએલું હતું વિચી સરકાર માદાગાસ્કરને ધરીરાજ્યોને સોંપી દેશે કે કેમ એ પ્રશ્ન આજે સર્વત્ર ચર્ચાઈ રહ્યો છે. (પ્રજાબંધુ)

યુદ્ધ અને કાગળ

છેલ્લી શોધોએ સાબિત કર્યું છે કે બૉમ્બ અને દારૂગોળાની બનાવટમાં સુતરાઉ ચીંથરાં કરતાં કાગળનો માવો વધુ વિનાશકારક નીવડે છે. અમેરિકામાં હવે દર મહિને દસહજાર ટન કાગળનો માવો દારૂગોળાની બનાવટ માટે વપરાશે.

ઈ.૧૯૪૧ના છેલ્લા છ માસમાં અમેરિકાએ ૮૯,૦૦૦ ટન કાગળનો માવો બ્રિટનને દારૂગોળાની બનાવટ માટે મોકલ્યો.

એક 'યુદ્ધ જહાજ'ની બનાવટના માત્ર નકશા જ (તેના નાના મોટા અનેકવિધ વિભાગોના) દોરવા માટે ત્રીસ ટન 'બ્લુ-પ્રિન્ટ' કાગળ જોઈએ છે, યુદ્ધવિમાનના નકશા માટે ૫૦,૦૦૦ ટન બ્લુ પ્રિન્ટ પેપર, ટૅંક(બખ્તરિયા ગાડી) માટે ૨૫૦૦, મશીનગન બંદૂક માટે ૨૫૦ અને બૉમ્બગોળા માટે ૪૦ ટન જોઈએ છે

સભાજીના પુત્ર શાહુને ગાદીએ બેસવા દેવા સામે ગરાદા સરદારોએ વાંધો કહાવી સાતારા કબજે કર્યું હતું અને શાહુ તેગની સામે લડતો હતો, પણ એની લડાઇની પદ્ધતિ ઠેકાણા વગરની હતી એક વાર શાહુ શિકારે નીકળેલો ને અંધારૂ થતા બાણાવાડી ગામે પટેલને ત્યાં આશ્રય લીધો ગરમાગરમ ભાત આવ્યા તે ભૂખ્યોડાંસ થએલો શાહુ ઉતાવળે ઉતાવળે ખાવા જતા દાઝી ગયો. આ જોઇ પટેલની આધેડ ઉંમરની સ્ત્રીએ તેને ઓળખ્યા વિના જ મર્મ કર્યો 'તુ પણ શાહુની પેઠે કરે છે એ આજુબાજુનો મુલક કબજે કર્યા વિના પરબારો રાજધાની સાતારા ઉપર જ હુમલા કર્યા કરવામા પોતાની શક્તિ વેડફ્યા કરે છે એમ તુ પણ થાળીમા કોરે પડેલો ઠંડો ભાત ન લેતા વચ્ચેથી જ મોટો કોળિયો ભરે છે, તો પછી દાઝે જ ને?'

કહેવાની જરૂર નથી કે શાહુને એ પટેલની સ્ત્રીની શિખામણ ખૂબ કારગત લાગી

કહેવતોના અર્થ 'બોલે તે બે ખાય'—પ્રસંગ સમજીને સંયમપૂર્વકનુ વલણ રાખનારને ફાયદો થાય છે અને ખોટી ઉતાવળ કરી અવશ બનનાર નુકસાન વહોરી લે છે એમ દર્શાવની આ કહેવત માટે ટુચકો છે કે બે બ્રાહ્મણો પાચ લાડુની રસોઈ કરી 'બોલે તે બે ખાય અને ન બોલે તે ત્રણ ખાય' એવો ઠરાવ કરી સૂઈ ગયા તેમાંનો એક મજબૂત મનવાળો મૂંગોમૂંગો પડ્યો રહ્યો, પણ બીજો અધીરો હતો તે 'આ તો બોલશે નહિ, ને રસોઈ બગડી જશે તો ભૂખે મરીશુ' એમ વિચારી બોલી ઊઠ્યો 'ઠીક ભાઇ, ત્રણ તારા ને બે મારા' આમ અધીરા બનનારને નુકસાન અને ધીરજ ધરનારને લાભ થયો. એવાજ ભાવાર્થની બીજી કહેવતો 'ન બોલ્યામા નવ ગુણ', 'સબરસે બડી ચૂપ' વગેરે

ગણિતગમ્મત

પાસેપાસેની ત્રણ સંખ્યાના ગુણાકારને (જેમાં એ વચલી સંખ્યા ૩નો ભાજ્ય ન હોય તો) તેજ ત્રણ સંખ્યાના સરવાળાવડે નિ શેષ ભાગી શકાય છે દાખલા તરીકે ૧૦, ૧૧ ને ૧૨ (તેમા ૧૧ એ ૩નો ભાજ્ય નથી) લો, તેનો ગુણાકાર ૧૦×૧૧×૧૨=૧૩૨૦ થયો, ને સરવાળો ૧૦+૧૧+૧૨=૩૩


હવે ૧૩૨૦÷૩૩=૪૦. (નિ શેષ)

—ભાનુશંકર વાઘારામ ઉપાધ્યાય

નુબાઆમાં કૉફી માટે બુંદદાણા ઉકાળવાને બદલે તેના પાન ઉકાળવાનો ચાલ છે.



સ્પેનની રાણીનો શિરવેષ



બીજા દેશો જોડે આપણી સરખામણી કરતો આલેખ

અશુદ્ધ જોડણીના અનર્થ

આક્ષેપ=ખોટો આરોપ . . . આલુ=એક મેવો

આહુત=હોમેલુ . આહૂત=બોલાવેલુ

અગુરૂ=નથી ચામડી;રેશ અગુર=લીલી દ્રાક્ષ

ઇતિ=સમાપ્તિ ઈતિ=ધાન્ય વગેરેને નુકસાન પહોચાડનાર ઉપદ્રવ

ઉરુ=વિશાળ, ઉગ્ર ઊરુ=જાંઘ

કુલ=એકંદર . કૂલ=કિનારો

દ્વિપ=હાથી દ્વીપ=બેટ

દારુ=દેવદારનુ ઝાડ દારૂ=મદિરા, બંદૂક ફોડવામા વપરાતુ રસાયણ

પિક=કોયલનો નર પીક=પાક, મોલ

પુંજ=ઢગલો પૂંજ=મીંડુ, અનુસ્વર

મિલન=મુલાકાત . . મીલન=બંધ કરવું

(રમણ જમનાદાસ શાહ)

મેસિના (ઇટલી)મા બાંધેલા એક ઘડિયાળની એ નવાઇ છે' તે ઘડિયાળ નજીક બાર ફૂટનો ધાતુનો એક સિંહ એવખત ગર્જના કરે છે, અને છ ફૂટનો એક કાગડો રોજ સવારે અને સાંજે 'કૉ કૉ' અવાજ કરે છે!

મેંદીના પાન અને લીંબુ આમળા સાથે વાટી પગને તળિયે તેની થેપલી મૂકવાથી ત્યાની તજનજરમરી મટી જશે

વકીલ—તમે તો કહો છો કે તમે અભણ નથી, અને મારા બધા સવાલના જવાબ તો બહુ ચબરાકપણે આપ્યા.

સાક્ષી—હાજી; કેમકે મૂર્ખાઇભર્યા સવાલના ઉત્તર દેવામા ભણતરની જરૂર નથી પડતી

ઑસ્ટ્રેલિયામા Nephurus Amur નામની ગરોળી થાય છે જેના ભમવાનો અવાજ ખારી જેવો હોય છે

આ મહિનાનુ નામ—એપ્રિલ, તે પશ્ચિમ દેશોમા આ માસમા બેસતી વસંત ઋતુમા પત્રપુષ્પની કળીઓ તથા ફૂલો ખીલવા માંડે તે ક્રિયાને દર્શાવતા લાટિન શબ્દ 'એપેરિયો' (એટલે ઊઘડવું) ઉપરથી પડ્યુ છે

ગયા વરસના ભયંકર હવાઇ હુમલાઓ છતા લંડનના પ્રકાશકોએ આખા વર્ષ દરમ્યાન ૧૧,૦૦૦ પુસ્તકો પ્રકટ કર્યા હતા, જે એના આગલા વરસ કરતાં માત્ર ૨૭ ટકાનો જ ઘટાડો બતાવે છે

યુદ્ધને કારણે અમેરિકામાં બોલાવવામાં આવેલા દેશભરના જુદાજુદા કૅમ્પોમા સિપાહીઓને વાચવા માટે ૨૧૬ નવાં વર્તમાનપત્રો શરૂ થયાં છે

સામાન્યત માણસના વાળની લંબાઇ દરવરસે ૪૫૦મા અંશ જેટલી હોય છે

વિખ્યાત નૃત્યકાર ઉદયશંકરે ભાઈ અશોક દેસાઈની ઑટોગ્રાફબુકમા કરી આપેલી સહી સાથે એમણે પોતાના ચહેરાની લાક્ષણિકતાઓ આબાદરીતે ઉતારતા પોતાનો જે સ્કેચ આલેખી આપ્યો છે તે બતાવે છે કે કુમાર વયે આવેલી ચિત્રકલા એમની આંગળીઓમાંથી હજી ગઈ નથી.



ઘોડા — ચિત્રકાર • એ. એ. ગજ્જર

હિંદી કલાપ્રકારોના કેટલાક સફળ અખતરાબાજોમાં મિ. ગજ્જરને ગણાવી શકાય. હિંદી ચિત્રોની મુશ્કેલી એ હોય છે કે બ્લૉકની આ એકરંગી છાપમાં એની ખૂબીઓ બતાવી શકાતી નથી; પણ હિંદી ચિત્રકળામાં રંગની ભાત ગોઠવવાની જે કૂચી ગએલી હોય છે તેનો અભ્યાસ આ કલાકારને હાથે સારો ચડેલો જણાય છે.



મુંબાઈ આર્ટ સોસાઐટીના પ્રદર્શનમાં આ વર્ષે રજૂ થએલી કલાકૃતિઓ

ભાઈંદરની બજાર — ચિત્રકાર • ડી. ડી'સિલ્વા

નજર આગળના ચાલુ દૃશ્યમાંથી માનવીના વ્યવહારનું જીવતું ચિત્ર થોડામાં થોડી રેખાઓ અને રંગોના ચોક્કસ આકારના ચપકા કરીને ત્વરાથી કાગળ પર ઉતારી જાણતો હોય એવો આ ચિત્રકાર પ્રદર્શનમાં અજોડ રહ્યો છે

(બ્લૉકો મુંબાઈ આર્ટ સોસાઐટીના સૌજન્યથી)



ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ

(વિવરણ માટે જુઓ પૃ. ૧૮૯)

ડાબી બાજુથી 'હોળી'–હીરાલાલ ભટ્ટ (અમદાવાદ), વચ્ચે 'ચગડોળ'–આર એમ મિસ્ત્રી (નડિયાદ), છેલ્લે 'પથ્થર નાખ'–બાબુભાઈ (... ત્રણે ચિત્રો નોંધપાત્ર.



સ્પેનના મશહૂર કલાકાર ગોયા(ના) સ્મરણમાં કાઢેલી ટિકિટો

ફ્રાન્સિસ્કો જોસે ગોયા, સ્પેન દેશના દરબારમાં મશહૂર થઈ ગએલો મશહૂર ચિત્રકાર અને એચર (ત્રાંબાની પ્લેટો તીક્ષ્ણ સાધન વડે ... રેખા ચિત્રો કરનાર) હતો. એનાં લેખનો કરતાં પણ મશહૂર એનાં મહાયચિત્રો તરીકે ઓળખાતાં ચિત્રોએ જ એને યુરોપભરમાં ... બનાવ્યો છે, જેમાં નેપોલિયનને ... કરેલા આક્રમણવખતના પ્રસંગ ... ખૂબ ખ્યાત છે. એના સ્મરણમાં ... ટિકિટોમાંની થોડી જ આ સાથે ... છે ને બધી પર એના વિખ્યાત ... ગોયાના ફેરવાળા આપ્યાં છે. બીજા ... ની ટિકિટ અર્જન્ટ (તાકીદના ... માટેની છે અને ત્રીજા નંબરની ટિકિટ પર એનું La Maja નામનું વિખ્યાત ચિત્ર આપેલું છે (શ્રી હરિલાલ શંકર-વડનગરા ... ના સૌજન્યથી

હરીફ આલમની "વરણી"



તો પછી

વ્યૂહ ૫૬માં માત્ર નવ આનામાં હજારોનાં ઇનામ મેળવવાની સુવર્ણ સંધિનો લાભ જરૂર લેશો.

પ્ર૦ પત્રો માટે બે આનાની ટપાલની ટિકિટો બીડનારને છૂટક બાર પ્ર૦ પત્રો અમારા ખર્ચે મોકલી આપવામાં આવશે. વધુ વિગતો માટે જુઓ સાપ્તાહિક 'હરીફાઈ'. ત્રિરંગી મુખપૃષ્ઠ, વીસ પાનાં, છૂટક નકલ ૧॥ આનો. દર રવિવારે પ્રસિદ્ધ થાય છે.

આપ જાણો છો?

'જન્મભૂમિ' શબ્દરચના હરીફાઈ
ગુજરાતી ભાષાની સર્વશ્રેષ્ઠ હરીફાઈ છે.

ચોક્કસ-અચોક્કસ સમયસંજોગોથી પર રહીને નિયમિતપણે છેલ્લાં પાંચ વર્ષ કરતાં વધારે સમયથી તે બહાર પડે છે.

રૂા. ૧,૭૦,૦૦૦

નાં ઇનામો આજ સુધીમાં તેણે વહેંચ્યાં છે.

૨૫,૦૦૦ (પચ્ચીસ હજાર) કરતાં વધારે હરીફ ભાઈઓ તેનાં ઇનામ જીતી ગયા છે.


દરેક વ્યૂહને અંતે જાહેર કરેલાં હજારોનાં ઇનામો અમારા ખર્ચે અચૂક મોકલી આપવામાં આવે છે.

સમસ્ત હરીફ આલમનો અપ્રતિમ ચાહ અને વિશ્વાસ સંપાદન કર્યો છે.

જ્ઞાન, ગમ્મત અને અર્થલાભનો ત્રિવેણી સંગમ

કુમાર કાર્યાલયનાં કલાત્મક પ્રકાશનો

અજવાળી રાત
કિંમત ૨-૦-૦
રજી. પોસ્ટેજ
૦-૮-૦



પંદર અજવાળી તિથિઓ જેવી પંદર રમણીય સુંદર વાર્તાઓનો આ સંગ્રહ, અજવાળી રાતની મધુર ચાંદનીની પેઠે, નાનાં-મોટાં, ગરીબ-તવંગર, શહેરી ગામડિયા, સૌને એકસરખો રસ આપે એવો સર્વગ્રાહી છે. ઘરના સ્ત્રીજન કે ઓછું ભણેલા ગામડિયા પણ સમજી શકે એવી સરળ સુબોધ, અને જે વિનોદ પામે એવી [illegible] પંદર વાર્તાઓ, વિવિધરંગી ચિત્રો અને મનોહર રૂપ-રંગની સજાવટ સાથે બેરંગી મજબૂત પૂઠાવાળા સુંદર પુસ્તકમાં.

અજંતાના કલામંડપો
કિંમત ૧-૮-૦
રજી. પોસ્ટેજ
૦-૫-૦



હિંદભરના સાહિત્યમાં આ વિષયનું આટલું ચિત્રમય ને છતાં આટલું સસ્તું આ પહેલું જ પુસ્તક છે. શ્રી રવિશંકર રાવળે લખેલો અજંતાની કલાની વિસ્તૃત સમાલોચના કરતો લેખ, એના પાનાને સમૃદ્ધ કરતાં ૬ ત્રિરંગી ચિત્રો તથા આર્ટપેપર ઉપર છાપેલાં ૧૬ પાનાં ભરીને આલેખનો અને ફોટોગ્રાફો, તેમજ પાનેપાને અજંતાનાં શોભનનાં રેખાંકનો,—આ બધું ધરાવતા આ અપૂર્વ કલા ગ્રંથની ગુજરાતી તથા હિંદી બન્ને આવૃત્તિઓ મળે છે

ગુજરાત કલા-કલાપ
કિંમત ૧-૦-૦
રજી. પોસ્ટેજ
૦-૬-૦




કલાત્મકતા અને સસ્તાપણામાં અનન્ય એવો ચિત્રસંગ્રહ વિશુદ્ધ કલાને અત્યંત સસ્તા દરે ઘરઘર પહોંચતી કરવાનો હેતુ આ પ્રકાશન પાછળ છે. પાંચ અગ્રણી ગુજરાતી કલાકારો-ના છ પૂર્ણરંગી ચૂનંદા ચિત્રોનો આ સંપુટ, ૧૧x૧૪ના માપનાં આર્ટકાર્ડ પર ફ્રેમ માટે તૈયાર રૂપમાં આપવામાં આવ્યા છે. એક રૂપિયામાં આવાં રંગીન ચિત્રો આટલાં સસ્તાં કોઈએ હજી આપ્યાં નથી અને તેથી જ તેની બે આવૃત્તિઓ થઈ ગઈ. એવો જ બીજા છ ચિત્રોનો નવો સંપુટ (કલાકલાપ બીજો) પણ તૈયાર થાય છે.

કુમારના ખાસ અંકો ૧૦૦ અને ૨૦૦
દરેકના ૨-૦-૦
બન્ને સાથે ૩-૮-૦
રજી. પોસ્ટેજ
દરેકના ૦-૪-૦



'કુમાર'ના આ બન્ને ખાસ અંકો ગુજરાતના પત્રકારત્વમાં અનોખા યુગવર્તી પ્રકાશનો મનાયા છે. લબ્ધપ્રતિષ્ઠ ચિત્રકારો, કવિઓ અને લેખકોની ચૂંટેલી કૃતિઓથી સમૃદ્ધ એવા, બીનહરીફ કલાત્મક રૂપરંગ ધરાવતા અનુક્રમે ૧૯૦ અને ૧૨૫ પાના, પૂર્ણરંગી તથા વિવિધરંગી ૨૦-૨૨ ચિત્રો, ફોટોગ્રાફો, નકશા, આલેખો, વાર્તાઓ, નાટકો, લેખો, કાવ્યો, ટુચકા વગેરે શિષ્ટ, સુંદર અને વિપુલ જ્ઞાનસામગ્રીથી સહિત આ અદ્વિતીય અંકો દરેક ઘરમાં કાયમી બોધક સાહિત્ય તરીકે સંગ્રહ યોગ્ય છે

ગુજરાતનું પાટનગર અમદાવાદ
કાચું ૧-૦-૦
પાકું ૧-૪-૦
રજી. પોસ્ટેજ
૦-૫-૦



અમદાવાદના બાવન પ્રાચીન સ્થાનોના ફોટોગ્રાફોનું આલ્બમ, જે જગતના સ્થાપત્યમાં અદ્ભુત કારીગરી તરીકે સ્થાન પામ્યાં છે, જેણે પશ્ચિમના નામચીન કલામીમાંસકોને મુગ્ધ કર્યા છે, જેની પ્રશસ્તિ સાંભળી જગત-યાત્રીઓ અમદાવાદ આવે છે, એ શિલ્પ અને સ્થાપત્યના નમૂના સમાં અમદાવાદના મકાનોનું આ આલ્બમ દરેક ગુજરાતીના ઘરમાં હોવું જોઈએ. દરેક ચિત્ર નીચે ઐતિહાસિક અને લાક્ષણિક માહિતી આપતી નોંધ તથા શ્રી રત્નમણિરાવ ભીમરાવ જેવા વિદ્વાને લખેલા, અમદાવાદની ચડતી પડતી ને વિકાસ વર્ણવતા વિદ્વત્તાભર્યા નિબંધ સાથે

ગોવાલણી અને બીજી વાતો
કિંમત ૨-૦-૦
રજી. પોસ્ટેજ
૦-૬-૦




ગુજરાતના શરૂઆતના નવલિકા-લેખકોમાં જે મોખરામાં પ્રથમ રહ્યા તે 'મલયાનિલ'ની રસનીતરતી બાવીસ વાર્તાઓ—જેમાં દસ ગર્ભિત હાસ્યની અને બાર મન પ્રણયની છે. 'ગાળમરોળ શર્મા'ના નામથી હાસ્યકથાઓમાં અને 'ગોવાલણી'ની વાર્તાથી પ્રણયકથાઓમાં નામના મેળવનાર અને પોતાના મૃત્યુ પછીથી વધુ મશહૂર બનનાર એ લેખકનો આ સંગ્રહ ગુજરાતના જાણીતા કલાકારોના એકશો ચિત્રોથી વધુ સુંદર બન્યો છે.

કુમાર કાર્યાલય · ૧૪૫૪ રાયપુર · અમદાવાદ · તથા બધા જાણીતા બુકસેલરો


કુમાર

કાશ્મીરની હોડી ફોટો • પ્રાણલાલ પટેલ




વર્ષ ઓગણીસમું • અંક પાંચમો • મે • ઓગણીસસો બેતાલીસ **૨૨૧**
તંત્રી • રવિશંકર મહાશંકર રાવળ : સંપાદક • બચુભાઈ રાવત

આવતી કાલનાં નાગરિકો ઘડતું આજનાં ઘરોનું માનીતું માસિક



કુમાર પ્રત્યેક અંગ્રેજી મહિનાની પંદરમી તારીખે બહાર પડે છે

મુદ્રક બચુભાઇ રાવત, તંત્રી અને પ્રકાશક રવિશંકર રાવળ, કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય ૧૪૫૪ રાયપુર અમદાવાદ. વાર્ષિક રૂા. ૬, પરદેશના રૂા. ૭॥, પરદેશના ૧૨ શિ., છૂટક દસ આના મુંબાઇમાં: કુમાર ઑફિસ, ૧૩૬-૧૪૨ મેડોઝ સ્ટ્રીટ, આર. આર. દેસાઈ અથવા રાજા બ્રધર્સ પ્રિન્સેસ સ્ટ્રીટ. વડોદરામાં નૂતન ફોટો સ્ટુડિયો, રાવપુરા



ગાડારસ્તો
ફોટો • આબીદમિયાં સૈયદ • પાલનપુર
(એક્સપોઝર ૧/૨ સેકંડ F·8 ફિલ્ટર-લાઈટ યલો ફિલ્મ પૅનૅટૉમિક)



ચિત્રકાર ભીખુભાઈ આચાર્ય (ગુજરાત કલામય ચિત્રમાળા)

રમકડાંના રંગ

વર્ષ ૧૯  અંક ૫

મે · ૧૯૪૨

ચપટી રાખ

· પૃથ્વી ·

હતા મનુજ તેય ને મનુજ હું ય છુંઃ કિન્તુ ના
જરીક પણ સામ્ય છે જીવનના પ્રવાહો મહીં !
પડ્યા સુગત-કર્ણે બોલ જનશૂન્ય રાત્રિ મહીં,
સુતપ્ત રણવાલુકામહીં સુણ્યા ફરી ઈશુએ;
અને વતનથી ય દૂર, પશુતાભર્યા વર્તને
(મનુષ્ય પ્રતિ માત્ર માનવી જ જે શકે દાખવી)
મનુષ્યરચિયા કઠોર જડ વર્ણભેદો મહીં
સુણ્યાં જ વળી ગાંધીએ વચન તે ફરી કારમાં!

મને ન પથચિહ્ન! ના નયનનો ઇશારો જરી!
મને ન શિર પે અગન્ત નભતારકો કુહે કદી!
અનેક મહીં એક હું ય વણજાર આ વિશ્વની
મહીં ભળી જઉં વિના જીવનધ્યેય કો;-કિન્તુ શું
શકીશ થઈ હું ન રાખ ચપટી ય?—જે કોઈ દી
ઉડી દુરિત કોકની તણખ કારમી ઠારશે?

સ્નેહરશ્મિ

જનશૂન્ય રાત્રિમાં બુદ્ધને, પાલેસ્ટાઈનના ધીકતા રણોમાં ઈશુને કે વતનથી દૂર પારકા પરદેશમાં કઠોર રંગભેદોનો પશુતાભર્યો અનુભવ કરતાં ગાંધીને કાને પડ્યા હતા એવા, જનપશુજગનો કલ્યાણયજ્ઞ રચવાનો આદેશ આપતા અદૃષ્ટના પ્રેરણાબોલ કાને પડવા જેવું મારું સુભાગ્ય નથી, હું ય તેમના જેવો માનવ છતાં અમારા જીવનમાં કશું જ સામ્ય જણાતું નથી, તો શું, આ જગતના અન્ય મનુષ્યોની જેમ કશા જ જીવનધ્યેય વિના મારે પણ વિશ્વની વણઝારમાં વિલીન થવાનું જ રહેશે?—એમ વિમાસતું કવિનું અંતર ઝંખે છે કે હું એક ચપટી રાખ પણ નહિ બની શકું, કે જેથી ક્યાંક, કદિક, કોઈક દુરિતના તણખાને ઠારવાની યે જનસેવા કરી શકું?

કડવી બદામ

· મિશ્ર ·

'એકાદશી બીજી ભલે તું ના કરે,
પરન્તુ આજે નહિ એવું ચાલશે;
એકાદશી દેવપ્રબોધિની આ
કર્યાતણું પુણ્ય ઘણું ગણાય છે.'
દાદાતણા સાંભળી બોલ આવા,
મારે ન ઇચ્છા કરવાતણી છતાં
એકાદશી આ કગને કરી હતી.
ત્યાં બાર વાગ્યા, પડી પેટ ફાળ,
ભૂખેથી મારો જીવ તો સુકાય!
ફરાળનું મોડું થશે હું જાણી,
ફફોસતો સર્વ ડબા કબાટ
ઘણી ઘણી શોધ પછી પરિશ્રમે,
ત્યાં હાથ લાગે જ ડબો બદામનો;
ફટો ફટો આકૃતિ આપનો હું
બદામની, મૂઠીથી મુખકુંડમાં.
અચિન્તી ત્યાં તો કડવી બદામ એ
ચવાઈ મારાથી ગઈ અજાણમાં
'થૂ' 'થૂ' કરી હું થૂકો નાખવા મથ્યો,
બદામ ચાવેલી બધી મુખથી.
મીઠી બદામો પછી આખીઆખી
ખાધી ઘણી, તો ય પરંતુ પેલી
બદામ એની કડવાશ ના ખસી;
પરંતુ એથી ઊલટું મને તો
મીઠી બદામો કડવી જ લાગતી
મેં તે સમે કારણ એનું શોધવા
કર્યાં હતા શત્ય પ્રયત્ન વ્યર્થ,
પરન્તુ આજે જ જવાબ એ જડે
કે માનવી જિંદગી આખી એવી છે.

અંબાશંકર જોષી

યાચના

તારા ચુમી ચરણ હું નવ રાજ્ય યાચું,
યા સ્વપ્ન શા તુજ મનોહર સ્વર્ગ યાચું,
મારે પીડિત તુજ વિશ્વતણા જનોના
આંસુતણા વિલયની જ દુરે તમન્ના
એ એક-એક ક્ષણ ઓ જગદીશ આપ.
બંધુત્વભાવ સહુ માનવજાતનાનો
ને ભાઈના હૃદયમાં નિજ ભાઈ માટે
વાત્સલ્યના ઝરણું ત્યાગની ભાવનાની
ઝાંખી કરે મનુજઅંતર, તે ક્ષણે નો
તારે ય આ વિલયનૃત્યની ના અગત્ય
આ અલ્પ આશા કરશે મુજ પૂર્ણ, ઇશ?
ને અર્ધ્ય દગ્ધ કરતા લઈ તું મળીશ?


હૈદરઅલી હુસેન જીવાણી

આ પ્રૃથ્વીના ગોળ સમાન સત્ય
સમગ્ર દેખાય ન એકદમ.

ર. સો.

મારી નજરે

ઉત્તર ભારતનાં કલાકેન્દ્રોના સંપર્ક અર્થે તંત્રીએ કરેલી સંસ્કાર-યાત્રાની પ્રવાસરેખાના આ નકશામાં દેખી લીટી પરના મોટા અક્ષરોવાળાં સ્થળોની મુલાકાતનાં રસપ્રચુર વર્ણનો ગયા વર્ષથી શરૂ થયાં છે. તેમાં ગયા અંક સુધી-માં શાન્તિનિકેતન અને કલકત્તા પૂરાં થયાં. હવે ઝરિયા અને પટણા આવે છે.



ઝરિયા

● કલકત્તે જતા આવતા પ્રવાસીઓને ભાગ્યે જ રાણીગંજ ને ઝરિયાની મુલાકાત લેવાનો ખ્યાલ આવે છે. પણ મારા પ્રવાસની જાહેરાત થતાં જ મારા ચિરકાળના સ્નેહી શ્રી પ્રાણજીવન પટવાનો પત્ર આવ્યો કે તમે પ્રવાસમાં અહીં મુકામ કરવાનું ભૂલતા નહિ. ધનબાદ સ્ટેશન રસ્તામાં જ આવે છે અને ઝરિયા ત્યાંથી માત્ર પાંચ જ માઈલ છે.

બપોરે ત્રણ વાગ્યે કલકત્તાથી ઉપડતા તુફાન મેઈલમાં જગ્યા મેળવવા બે કલાક વહેલા હાજર થવું પડેલું, પણ તુફાન મેઈલના નામની સાર્થકતા તો સાંજે આઠ વાગ્યે અમે ધનબાદ સ્ટેશને ઉતારુઓનો ધસારો જોયો ત્યારે જ સમજાઈ. એકેએક બારીમાંથી માણસો ને સામાનનું ઠોપવાનું ચાલુ થયું. તેમાંથી નીકળવાનો માર્ગ જ નહિ. સાથીઓ સામાન ઉતારી સાચવતા ઊભા એટલે મેં ભાઈશ્રી પટવા માટે નજર દોડાવવા માંડી. એમનું નાનપણનું હુલામણું નામ 'નાનાસાહેબ', અને મારી જીભે તો એ જ ગુંજતું હતું. એમના પિતાશ્રી સ્વ. હરગોવિંદદાસ પટવા (મોટાભાઈ) દક્ષિણામૂર્તિના એક આદ્ય સ્થાપક અને સંચાલક તેમજ અમારા બાલ્યકાળના સંસ્કારપ્રવર્તક પુરુષ હતા. કુટુંબ જેવો ગાઢ સંબંધ અને સ્નેહ એમના પુત્રો સાથે આજ સુધી ચાલુ હોવાથી હું તો તેમના પરિવારના મેળાપની આતુરતામાં જ ધનબાદ ઊતર્યો હતો. પણ જોઉં છું તો આકર્ષક સ્મિત મુખે થોડાંક ફૂલહારો સાથેનું મંડળ દોરતા નાનાસાહેબ ડબ્બાઓ તપાસતા ચાલ્યા આવતા હતા. શાળા અને રમતના દિવસોમાંથી આજ હિંદના એક અગત્યના ઉદ્યોગના એક કેન્દ્ર પર પ્રતિષ્ઠિત એન્જિનિયર અને એજન્ટ તરીકે ઊંચી ઊઠેલા એ મિત્રને એમના કાર્યક્ષેત્રમાં જ મળતાં હૃદયનો પરમ સંતોષ અનુભવ્યો.

એ ઉપરાંત ગુજરાત આજે જે નવી રાષ્ટ્રભાવનામાં ધબકી રહ્યું છે તેનો પણ ત્યાં પરિચય થયો. ઝરિયા ગુજરાતી સમાજના પ્રમુખ શ્રી રા. જ. ઠક્કર સમાજ તરફથી સ્વાગત કરવા સ્ટેશન સુધી પધાર્યા હતા એ પ્રસંગ મને સૂચક લાગ્યો. ઝરિયાના 'ચમ'ની ખાણ માલિકોમાં મારા વડીલ સંબંધી શ્રી ગોવર્ધનદાસ ભટ્ટના સુપુત્ર કનુભાઈ પણ એ મંડળમાં હતા. ઝરિયામાં પેટ્રોલની તંગી ન હોવા છતાં બહાર એટલું મોટું ગાડીઓનું ટોળું જોડાઈ ગયું અને ધનબાદ વચ્ચેથી ગઈ ઝરિયા ઇન્ડસ્ટ્રી કોલીઅરીના એજન્ટના, નાની ઢાળ પડતી ટેકરી પર આવેલા વિશાળ બંગલામાં પહોંચી ગયા. ત્યાં નાનું બાળ મંડળ ઉત્સાહભેર અમારું સ્વાગત લેતું ઊભું હતું. કુટુંબ અને ઘરના વાતાવરણમાં પ્રવાસનો થાક છેક આઘો ગયો એમ લાગ્યું. ચાંદની રાતને લીધે ચારે તરફની ટેકરીઓના વિસ્તારમાં ક્યાંક બંગલાઓ અને એન્જિનહાઉસોના તથા મજૂરોનાં છાપરાં દેખાતાં હતાં, પણ આ બધાં હિંદુસ્તાનનાં કારખાનાં,



ઝરિયામાં પાંચ કોલીઅરીનું મૅનેજમેન્ટ સંભાળતા અને ખાણમાલિકોના મંડળમાં સારી પ્રતિષ્ઠા અને નૈતિક અસર જમાવનાર બાહોશ એન્જીનીઅર તેમજ એજન્ટ—મારા બાળપણના મિત્ર શ્રી પ્રાણજીવન પટવા

★

સ્ટીમરો અને રેલ કંપનીઓનાં રાક્ષસી એંજિન જેને બળે દોડે છે તે કોલસાનો ભંડાર અમારી નીચે ભૂગર્ભમાં કેવી રીતે અને કેટલા પ્રમાણમાં છુપાયો છે તેનો ખ્યાલ એ દૃશ્યમાંથી ભાગ્યે જ આવે. અમે જે બંગલામાં હતા તેની જ નીચે ખોદકામ કરીને તળિયેથી કોલસાના મોટામોટા ગઠ્ઠા કાઢવામાં આવ્યા છે તે જાણ્યું ત્યારે આશ્ચર્ય થયું. પણ નજરે જોવાથી વધારે સમજાશે, કહી યજમાને તે વાત ટૂંકી કરી (વિગત માટે જુઓ આ અંકની ચાર છબીઓ) અને નવ વાગ્યે વાળુ હતું. એટલે જમીને ઝરિયાની હદ બહારના ગુજરાતીઓની વસ્તીના નાકામાં આવેલી અમારી હોટલ ત્યાં જવાનું હતું.

સળગતી ખાણ


● ઝરિયા વસાવવાનું માન કચ્છી કૉન્ટ્રૅક્ટરો અને કાઠિયાવાડના સાહસિક વેપારીઓને જાય છે. ખાણોનો મોટા ભાગનો કબજો યુરોપિયનોના હાથમાં છે, પણ કુનેહ અને હિંમતવાળા કચ્છ-કાઠિયાવાડના સાહસિકોએ નવ ટકા જેટલો ભાગ હાથ કર્યો છે ને લગભગ બધા ત્યાં સારી એવી જમાવી છે. ઝરિયામાં ગુજરાતી શાળા, મંદિર વગેરે સ્થાપ્યાં છે અને સૌ એમાં એકદિલીથી સારો ભાગ લે છે. ઠેઠ ઝરિયાને ગુજરાતનું એક સંસ્થાન કહી શકાય એવું વાતાવરણ ત્યાં લાગ્યું.

શિવાલયમાં જતાં રસ્તામાં એક મોટા વિસ્તાર પર અમે આગ બળતી જોઈ. તેનો ખુલાસો એ મળ્યો કે બે વરસ પહેલાં કચ્છના એક કૉન્ટ્રૅક્ટરની ખાણમાંના ટેકા ઉપરના ભારથી તૂટી પડતાં તે બેસી ગઈ અને અંદરના ગૅસ સળગી ઊઠ્યા. આજ લગી હજુ પણ તે અંદર સળગે છે ને તેની જ્વાળાઓ ચિરાડોમાંથી નીકળ્યા કરે છે. એ જમીન પરનાં મકાનો બધાં તારાજ થયાં, પરંતુ એક પણ જાનની હાનિ થઈ નથી એટલી બીનાથી એ ત્રાસજનક પ્રસંગ હળવો બન્યો. ખાણ તો ગઈ. એને ઓલવવી કે ફરી ઉઘાડવી અશક્ય જ છે. રાતના અંધકારમાં એ સળગતી જ્વાળાઓ દોજખની કલ્પના સજીવ કરતી લાગતી હતી. ઉદ્યોગોની ઓથાની અને વૈભવ પાછળ કેવા કરુણ પ્રસંગો બન્યા કરે છે તેની કલ્પના કરતા લોકોને ગળવી મુશ્કેલ છે. વર્તમાનપત્રના એકાદ ફકરામાં એ બનાવ વાંચી મનને દર્દ જ થતું નથી, પણ નજરે જોયેલું આ દૃશ્ય જીવનમાં ન ભુલાય.

અમે તરત પાછા મંદિરમાં આવ્યા ત્યાં ઉત્સાહી શ્રીમાનો અને ખાણોના વહીવટી ખાતાના યુવાનો ગરબીઓ જમાવી રહ્યા હતા. આ સંસ્થાનવાસીઓને ધંધાનો સારો અનુભવ અને તાલીમ મળી ગયાં હતાં એટલે કોઈએ ખાસ ડિગ્રીઓ પાછળ મહેનત લીધી નહોતી અને તેથી જ આવા તહેવારોનો ઉત્સવ ભાવપૂર્વક ઊજવી રહ્યા હતા. ત્યાં બેઠેલા લખપતિ ખાણમાલિકોની સાદાઈ અને વિવેકમાં જૂનવટનું ગાંભીર્ય હતું. ગરબી બરોબર જામતી નહોતી એ જોઈ અમારા સાથી ભાઈ મજલાલથી ન રહેવાયું, એટલે ઊભા થઈને ગરબા ઉપાડ્યા ને સૌને પડકાર દીધો, તાલ ટકાવ્યો અને એમ ગરબીઓ ઊપડવાની. પણ અમારે તો થોડી રાતમાં ઝાઝા વેગ કરવાના હતા, એટલે રોકાવું પાલવે એમ નહોતું. બીજા દિવસની આશા આપી મજલાલને છૂટા પાડ્યા અને આરામ ખાતર મુકામ ભેગા થઈ ગયા.

વિદ્યાર્થીઓમાં

● ઝરિયામાં એક જ દિવસ રોકાવાનું ધાર્યું, પણ ત્રણ દિવસ થઈ ગયા. હિન્દુસ્તાનમાં ખનિજનું જ્ઞાન મેળવવાની જરા ચેતના દેખાતી નથી; નહિ તો દર વર્ષે વિદ્યાર્થીઓ ઝરિયાની ખાણો જેવી કુદરતી અજાયબીનો પ્રદેશ જોયા વિના ન રહ્યા હોત, શાળાઓ અને કૉલેજોએ તેના વિષે ખૂબ પ્રચારકાર્ય કર્યું હોત, ખાણોના પ્રદેશોના ચિત્રો અને ખાણોની રચનાનાં નાનાં દૃશ્ય મૉડેલો મ્યુઝિયમોમાં જોવા મળત, અને શ્રીમંતો જે આજે માત્ર પોતાના દ્રવ્યલાભથી જ સંતોષ માની બેઠા છે, તેઓ ભવિષ્યના સાહસિકો અને નિષ્ણાતો તૈયાર કરવાને પણ એ કાર્યમાં સહકાર આપત. હિન્દુસ્તાનના ઉદરમાંથી નીકળતા આ ઉદ્યોગવૈભવ પર યુરોપિયનોએ પહેલી તરાપ મારીને જ્ઞાનના બળે જ તેનો મોટો હિસ્સો હાથ કર્યો છે ને હિંદી જનો પોતાની જ ભૂમિમાં અજ્ઞાનના કારણે દારિદ્ર્ય ભોગવે છે. વિજ્ઞાન અને યંત્રની શક્તિઓનો પરિચય તથા તેના વ્યાવહારિક પાઠો આપણા શિક્ષણમાં કે જીવનમાં ઉતારવાનો સાચો પ્રયત્ન કરી જ શક્યા નથી. [illegible] શાળાઓ આખા દેશ પર ખર્ચનો જ બોજો વધારી રહી છે



ઝરિયાના ખાણપ્રદેશનું દૃશ્ય (સ્કેચ : ર. મ. ર.)

કોલસાની ખાણોના પ્રદેશમાં

● રાણીગંજ અને ઝરિયાની ખાણો સાવ અકસ્માતે જ હાથ ચડી હતી. ઈસ્ટ ઇન્ડિયા રેલવે નાખવાની સડક ખોદાતી હતી ત્યારે ત્યાંની રેતીમાં દાટેલા કોલસાના થર નજરે પડ્યા. તરત યુરોપિયન કંપનીઓએ ઠેકઠેકાણેથી ખાણોના નિષ્ણાતો બોલાવી તપાસ કરાવી અને હિંદીઓને તેની જાણ પણ થાય તે પહેલાં સારામાં સારી ખાણોવાળા ક્ષેત્રોના સરકાર પાસે તાબડતોબ પટા કરાવી લીધા. બિહાર અને બંગાળાના લોકોએ તો મજૂરી જ કરી. તે પછી, ભણતરનો અક્ષરે ન જાણનારા પણ ગણતર પાકું સમજેલા કચ્છના સાહસિક કૉન્ટ્રૅક્ટરોએ જ્યારે એ ધંધામાં હાથ નાખ્યો ત્યારથી યુરોપિયનોને તે નડી જવા લાગ્યા હશે. પણ આજે તેમનું [illegible] થઈ ગયું છે. શ્રી ગોવર્ધનદાસ ભટ્ટ જેવા એક શિક્ષક ગૃહસ્થે વર્ષો પહેલાં તેમાં જોડાઈ પોતાના કુટુંબનો ઉત્કર્ષ કર્યો એટલું જ નહિ પણ ભાઈશ્રી નાનાસાહેબ જેવા તરુણોને ત્યાં ઊભી જઈ ધંધામાં પોતાના નિષ્ણાતો તૈયાર કર્યા. એક વખત યુરોપિયનો સિવાય ખાણનું મૅનેજમેન્ટ કોઈ કરી શકે નહિ એવું મનાતું અને શ્રી પંડ્યા (નાનાસાહેબ)ને શિબપુરની માઇનિંગ એન્જિનિયરિંગ કૉલેજમાં દાખલ થવાની પણ મુશ્કેલી પડેલી. આજ તો ઘણી માઇનિંગ કૉલેજો થઈ ગઈ છે અને એ બધીના સર્વશ્રેષ્ઠ અધિકારી એ જ શ્રી નાનાસાહેબના બનેવી ડૉ. અનંત પંડ્યા છે, જેમનો પરિચય [illegible] આપણે કરી ગયા. સગવડ અને અનુકૂળતા હોય તો ભારતીય તરુણો જગતની કોઈ પણ જવાબદારી સંભાળવા શક્તિવાન છે એ પુરવાર થતું જ જાય છે. આજે શ્રી નાનાસાહેબ પાંચ ખાણોનું મૅનેજમેન્ટ સંભાળે છે, એટલું જ નહિ પણ ખાણમાલિકોના મંડળમાં પણ તેમણે સારી પ્રતિષ્ઠા અને નૈતિક અસર જમાવી છે. ખાણમાલિકો સત્કાર અને મહેમાનગીરીમાં પ્રકૃતિ સાધવા ખાસ જ ટેવાયેલા જણાય છે. શાળાનું સુંદર મકાન, બાગબગીચા, સારું પુસ્તકાલય વગેરે સંગ્રહ કરતા જાય છે. મારા પરિચયમાં શાળામાં અને બીજે એક સભાગૃહમાં શહેર સમસ્તના આગેવાન વેપારીઓ, વકીલો, ડૉક્ટરો અને અધિકારીઓના સમાગમમાં બે પ્રસંગો યોજાયા, તેમાં મારા પ્રવાસનો આશય, કળાનું જીવનમાં સ્થાન તથા તેની અસર વગેરે વિષયો પર મેં ભાંગીતૂટી હિંદીમાં જ વાર્તાલાપ ચલાવ્યા હતા, પણ એ ભાવિક શ્રોતામંડળે જે ઉત્સાહ અને સહૃદયતાથી તે વધાવી લીધા, તેની ખબર તો, તેનો લાંબો રિપોર્ટ બિહારના 'સર્ચલાઇટ' પત્રમાં આવ્યો ત્યારે મને પડી.

ઝરિયા મ્યુનિસિપાલિટીના સભ્યો તેમજ કેટલાક સન્માનિત ગૃહસ્થો સાથે બીજે એક મેળાપ પ્રસંગ પણ યોજેલો હતો. એ દિવસ તો ગુજરાતી બહેનોમાં ગરબી સંસ્કૃતિના સ્વરૂપો અને સાહિત્ય સમજાવવા વિનંતી કરી હતી, જેથી આજનો વતનના જૂનાં બધાં ન જાય.

ગુજરાતના વિદ્વાનો અને પ્રવાસીઓને મારી ભલામણ છે કે કલકત્તા જતા આવતાં ઝરિયાનો સંપર્ક જરૂર મેળવે.

પટણા

● પટણા બિહાર પ્રાંતનું પાટનગર હોવાથી ઝરિયાના વકીલો અને વેપારીઓની સગવડ માટે રાતની ગાડીમાં ઇન્ટર ક્લાસના બે-ત્રણ ડબ્બા ખાસ જોડવામાં આવે છે તેમાં અમે બિછાના લગાવ્યા. પછી રાત્રે ક્યાં ક્યાં ગાડી બદલાઈ તેની ખબર પડી નહિ. સવારે દસ વાગ્યે પટણા જંક્શન પહોંચી ગયા. પટણામાં પરિચિત વ્યક્તિ તરીકે મારા લીંબડીવાળા મિત્ર ભાઈ વિજયશંકર જાનીના પુત્ર ગુણવંત જાનીએ ફોટોગ્રાફી સ્ટુડિયો નાખેલો છે તેને ખબર આપેલા એટલે તે ભાઈ સ્ટેશને હાજર રહેલા. આજીવિકા અને ધંધા માટે આવેલા આ પિતાપુત્રે બિહારમાં ઠીક લોકપ્રિયતા મેળવી છે. સ્વાનુભવ અને સ્વાશ્રયના પાઠો કોઈ ને કોઈ માર્ગ કરવાની આવડત આપી રહે છે. તેમના દાખલામાં મેં સ્પષ્ટ જોયું. ગુજરાતના સંસ્કારી તરુણો અને ગૃહસ્થો પરપ્રાંતોમાં સહજે સારી છાપ અને આદર મેળવી શકે છે, કારણકે ચીવટ, ધ્યાનની ચોખ ને મુલાયમ પ્રકૃતિમાં ગુજરાત બીજા પ્રાંતો કરતાં કંઈક વિશેષતા ધરાવે છે. ભાઈ ગુણવંતે પટણાના સરકારી થાણા, કોર્ટ ને ગેરેજ-વાળા લત્તામાં Shadow નામનો સ્ટુડિયો જમાવ્યો છે. બાજુમાં આવેલી કો-ઓપરેટિવ બૅંકના મૅનેજર તરીકે શ્રી વીનુભાઈ ઠાકોર સત્તર અઢાર વર્ષથી બિહાર પ્રાંતના નિવાસી બની ગયા છે. તેમની મુલાકાત કરી. પણ પટણામાં શું જોવું ને કોને મળવું તે તરત નક્કી થઈ શક્યું નહોતું. શ્રી રાજેન્દ્રબાબુના જ્યેષ્ઠ પુત્ર ઉપર ચિઠ્ઠી હતી. તેને બીજે દિવસે સવારે મળ્યા ત્યારે તેઓ બહારગામ જવાની તૈયારીમાં હતા, પણ પોતે સાબરમતી આશ્રમમાં આવી રહેલા ત્યારથી મારા નામથી પરિચિત બન્યા હતા. એટલે તેમણે પટણાના એક બીજા જમીનદાર રાય મથુરાપ્રસાદજી પર ચિઠ્ઠી લખી તથા પટણા આર્ટ સ્કૂલના પ્રિન્સિપાલ ઉપર ભલામણ આપી. આ ઉપરાંત એક ચિઠ્ઠી હતી રાય બહાદુર રાધાકૃષ્ણ જાલાન ઉપર. ક્યાં કોની પાસે જવું અને શું જોવું તે નક્કી કરવું મુશ્કેલ હતું. પણ પટણાનું વિખ્યાત મ્યુઝિયમ તો પહેલું જોઈ લેવું એ નક્કી કર્યું.

પટણા મ્યુઝિયમ

● પટણા નદીકાંઠે પાધરીપણે બાર માઇલ લાંબું પથરાયેલું છે. મોટર-બસનું સાધન હોવા છતાં બીજે છેડે પહોંચવા અમારે એક કલાકનો હિસાબ ગણવો પડતો. સાધારણ અંતર કાપવા માટે તો સાઇકલ-રિક્ષાઓ અને ટાંગાઓ બહુ સસ્તા પડે છે.

પટણાનું મ્યુઝિયમ બહુ સારી રીતે રચાયેલું તથા ગોઠવાયેલું છે અને આપણા પ્રાચીન અવશેષોના ઉત્તમોત્તમ નમૂના ત્યાં ક્રમસર જોવા મળે છે. નાલંદાના બધા જ સારા નમૂના ત્યાં લાવીને રાખવામાં આવ્યા છે. તે ઉપરાંત શ્રી રાહુલ સાંકૃત્યાયન ઘણાં જ તિબેટમાંથી લામાઓના પોષાક, ચિતારાઓના રંગો, કેટલાક ચિત્રપટો વગેરે લાવ્યા છે, તે પણ જોવા મળ્યા. હજુ પણ કસબકામ, રંગકામ વગેરે માટે આ દેશ કેટલી સરસ તળપદી ચીજો ઉપજાવી શકે છે તે જોઈ આશ્ચર્ય થયું અને હિંદુસ્તાન જેવા વિશાળ અને અજબ દેશમાં જાણી-બૂઝીને આ ધંધાઓ પર દુર્લક્ષ કરવામાં આવ્યું છે તે સ્પષ્ટ થયું. વસ્ત્રો, ચિત્રો અને મકાનો રંગવા માટેના રંગોની વપરાશનો મોટો વેપાર દેશમાં ચાલતો હોવા છતાં તેની બનાવટોની કોઈ શક્યતા પર આપણે ત્યાં સરકાર, વેપારીઓ કે કેળવણી ખાતાઓ આંગળી પણ હલાવતા નથી. પટણા મ્યુઝિયમમાં બુદ્ધ સમયની જે મૂર્તિઓ જોઈ તેના સુંદર ફોટોગ્રાફો કે પ્લાસ્ટરની પ્રતિકૃતિઓ આજના કલાભ્યાસમાં રજૂ કરવામાં આવે તો યુરોપના વિદ્યાગુરુઓને દાંત વસવા પડે. પણ એ તો મ્યુઝિયમના કબાટો ભરવાની જ સામગ્રી બની છે. દેશની યુનિવર્સિટીઓ ને શાળાઓમાં એના સંસ્કારો ઝીલવા કોઈ નવરું દેખાતું નથી. બિહાર, યુ.પી. (અવધના સંયુક્તપ્રાંતો) અને સી.પી. (મધ્યપ્રાંતો) માં ચાર ચાર યુનિવર્સિટીઓ નજીક નજીક છે, બધા પ્રાંતોની સામાન્ય ભાષા હિંદી છે, પટણા, અલ્લાહાબાદ, લખનૌ અને બનારસમાં વિદ્યાપીઠોનાં કેન્દ્રો છે, પ્રાચીન કળાના ભંડારો ભર્યા છે, ઉત્તમ ઇતિહાસકારો અને પ્રાચ્ય વિદ્યા વિશારદો પણ એ પ્રાંતોમાં ઓછા નથી, છતાં આ તરફના તરુણોમાં કલાપરીક્ષણ અને કલારુચિની ગંધમાત્ર પણ જણાતી નથી. કોઈ સાહસિક પુરુષ નવા પ્રકાશનો માટે પણ પ્રયાસ કરતા નથી, અને લોકોમાં પ્રચલિત થતાં ચિત્રો તથા કદરૂપાં ધાર્મિક ચાંદાં અને ચિત્રશૂન્ય નિશાળો, શાસ્ત્રીઓ ને કૉલેજો કળાબુદ્ધિની વિફળતાની સાક્ષી પૂરે છે.

પટણા આર્ટ સ્કૂલ

● તેના પ્રિન્સિપાલ રાધેમોહનબાબુ મૂળ તો પટણાની હાઇકોર્ટના વકીલ હતા, પણ પટણામાં કળાભિરુચિનો અભાવ જોઈ તેમણે આ આર્ટ સ્કૂલ પોતાના જાતપ્રયાસથી સ્થાપી. ઘણી લાગવગ ચલાવી એક મોટું જૂનું સરકારી મકાન હાથ કર્યું છે. પોતે વારંવાર લેખો લખી ભાષણો કરી તેનું પ્રચારકાર્ય કર્યું છે. પણ શાળામાં કોઈ આદર્શો હજુ સ્થિર થયા નથી. કલકત્તા, મુંબઈ, લખનૌ, બનારસ, લાહોર વગેરે સ્થળે શું શું કાર્ય થઈ રહ્યું છે તેનો સંપર્ક પણ નથી. પરંતુ તેમનો ઉત્સાહ અદમ્ય હતો. તેમણે બહુ પ્રેમથી મારું સ્વાગત કર્યું. એક મોટી હાઇસ્કૂલ થઈ શકે એવડું મોટું મકાન તેમના કબજામાં આવ્યું છે, એટલે ખૂણેખાંચરે વિદ્યાર્થીઓના નમૂના ભરી રાખ્યા છે. મેં થોડીક પ્રાથમિક સુધારણાની સૂચનાઓ કરી. બિહારમાં ઉજવી મહાસભા થઈ તે વખતે શ્રી રાજેન્દ્રબાબુની સૂચનાથી બિહાર પ્રાંતના પ્રાચીન ઇતિહાસનાં કેટલાંક ચિત્રો મુંબઈના કલાકાર ભાઈ [illegible] કાપડિયા તથા બિહારના તરુણ કલાકાર શ્રી ઉપેન્દ્ર મહારથીએ કરેલાં તે એ શાળાને સોંપાયેલાં છે. એ ચિત્રો ખરેખર પ્રશંસનીય કૃતિઓ છે. ભાઈ કાપડિયાએ સિરાજુદ્દૌલાની તસ્વીર અને તેનું [illegible]ખાનું તેમજ બુદ્ધ સમયનાં એકબે ચિત્રોમાં બહુ સારી સંયોજના-શક્તિ બતાવી છે. ચિત્રો અતિશય ઝાંખી રેખાઓમાં હોવાથી તેનાં પ્રકાશનોમાં તે બહુ સારાં ઊઠ્યાં નથી. શ્રી મહારથીએ 'મિથિલામાં સીતાસ્વયંવર' ચિત્ર સારું બનાવ્યું હતું. એ ચિત્રો કોઈ જનોપયોગી મહાલયમાં ખરેખરા માનવ માપે ચીતરવા ઘટે છે.

ખુદાબક્ષ લાયબ્રેરી

● પટણાની નામચીન ખુદાબક્ષ લાયબ્રેરી જોવાનો મનસૂબો હું ઘણાં વર્ષોથી સેવી રહ્યો હતો. આર્ટ સ્કૂલની બાજુમાં જ તે આવેલી છે. ઘણા અભ્યાસીઓએ આ ગ્રંથાલયનું નામ ઇતિહાસ-પુસ્તકોની ચર્ચાઓમાં વાંચ્યું હશે, પણ તેની સમૃદ્ધિનો ખ્યાલ તો જોનારને જ આવે. ઈસ્ટ ઇન્ડિયા કંપનીના સમયમાં સરદાર ખુદાબક્ષ પટણાના એક જાગીરદાર હતા ને મુઘલ સમયના ગ્રંથો એકઠા કરી રહ્યા હતા. ઈસ્ટ ઇન્ડિયા કંપનીમાં એક બીજા અમલદારે પણ એવો સંગ્રહ કરવા માંડ્યો હતો. એને ખબર પડી કે સરદાર ખુદાબક્ષ પાસે બાદશાહી જમાનાના કેટલાક સચિત્ર ગ્રંથો આવ્યા છે, એટલે તે જોવાને બહાને તેણે તે મંગાવ્યા અને પછી ઘણો વખત દાબી રાખ્યા. અને સરદાર ખુદાબક્ષ તરફથી ઉઘરાણી થઈ ત્યારે જણાવ્યું કે 'આવી ચીજો હાથમાં આવેલી કોઈ પાછી જવા દેતું હશે?' એ ઑફિસરની સત્તા આગળ કંઈ ઉપજે એવું નહોતું એટલે સરદારે મૌન ગ્રહ્યું. પણ પોતાનો [illegible] [illegible]

ખુશીથી તેમની નોકરીમાં દાખલ કરી દીધો તેણે સાહેબનું મન એટલું તો વશ કરી લીધું કે સાહેબને ઇંગ્લૅંડ જવાનું થયું ત્યારે સામાન-ની બધી વ્યવસ્થા સાહેબે તેને જ સોંપી. અમુક સામાન દરબાજ કરી દેવો અને અમુક સામાન વહાણમાં ચડાવવો એમ કહ્યું હતું પેલાં પુ-સ્તકો, અલબત્ત, વહાણમાં જ ચડવાનાં હતાં પણ પેલા ભત્રીજે સિફત-થી એ પુસ્તકો દરબારના સામાનમાં ભેળવી દીધાં અને તરત રાતથી સરદાર ખુદાબક્ષને ઘેર પહોંચતાં કરી દીધાં. સાહેબને તો ઇંગ્લૅંડ ગયા બાદ 'ચોરની મા કોઠીમાં મોં ઘાલીને રુએ' એવું થયું હશે; પણ આ પુસ્તકોનું આમ અપહરણ થતું બચાવીને તથા તેનું જતન અને સંરક્ષણ કરીને મહૂમ સરદાર ખુદાબક્ષે હિંદની કળા અને સંસ્કૃતિની અમૂલી સેવા કરી નામ અમર કર્યું છે.

આર્ટ સ્કૂલના પ્રિન્સિપાલ ગાંધીબાબુની મદદથી જ સાંજે આ લાયબ્રેરી જોવાની ચિઠ્ઠી હતી. આ અંજુમાન અશરફદાર એક ટ્રસ્ટી-મંડળ સંભાળે છે. તેમાં સરકારી અફસર પણ હોય છે. સાહિત્ય અને તવારીખના ગ્રંથો ઉપરાંત જહાંગીરના સમયની મુગલ ચિત્ર-કળાના આલ્બમો મોટાં પુસ્તકો તો લોખંડની તિજોરીમાં જ રાખવામાં આવે છે અને વજનદાર સભ્યો કે પ્રવાસીઓ માટે જ તે ખોલવા-માં આવે છે. પ્રિન્સિપાલને હજુર, જનાબ વગેરે વાતોથી ગાંધીબાબુએ રીઝવી એ દ્વારો ખોલાવી, અને મુગલ કલમની મનોરમ્ય કલાકૃતિઓ પાને પાને ઝગમગતી ઉકેલી જોવા મળી. એ કલાકમાં અમે માત્ર ત્રણ ગ્રંથો જ જોયા. ખરું પૂછો તો એમાંનું કોઈ પણ એક જ ચિત્ર જોવાને બે કલાકની જરૂર હતી. હિંદી ચિત્રકળા વિષે નઈ પણ સાચું ભાન નહિ પ્રસારવાથી જ આપણી યુનિવર્સિટીઓનો મોટો ભાગ તે પ્રતિ બેદરકાર છે. જેઓ આ ચિત્રો જોઈ ગયા હોય તેઓ પારીસ, જર્મની કે ઈટાલીની કળાની પ્રશંસા કરતા જરૂર કાટલાં બદલે. મુગલ કળાના ચિતારાઓમાં જનતાના સામાન્ય જીવનનું સૂક્ષ્મ જ્ઞાન, પદાર્થો અને દૃશ્યોની હાજરી, વનસ્પતિઓનું સચોટ સાચું નિરૂપણ, વિવિધ રસભેદો અને ક્રિયા તેમજ ગતિની તાદૃશતા અવર્ણનીય છે. એમના ચિત્રનિર્માણના કાનૂનો તથા રંગ અને રેખાની સ્વચ્છતા પ્રત્યેક કૃતિમાં સંપૂર્ણતાએ પહોંચ્યાં લાગે છે. ગ્રંથોમાંના અક્ષરાલેખન અને વેલ-બુટ્ટીઓની ભરણી તથા હાંસિયાની કળા તો આજના સુશોભનકારોને પાઠ આપે એવી છે. યુરોપ અમેરિકા પોતાની શિષ્ટ કૃતિઓને જે ચીવટ અને ચોકસાઈથી પ્રસિદ્ધિમાં મૂકી રહ્યા છે એવું આ કૃતિઓ માટે થઈ શકે તો દુનિયાના કળાવિધાયકો ઉપરાંત હિંદની જનતાને પણ નવીન રસપ્રસાદનો લાભ થાય.

રાયબહાદુર રાધાકૃષ્ણ જલાન

● એમનું નામ અને પરિચયપત્ર મને ભાઈ નવીન ગાંધીએ શાંતિ-નિકેતનમાંથી આપેલાં. એ પહેલાં મને એમના વિષે કંઈ જ માહિતી નહોતી. હિંદુસ્તાનમાં કળાપ્રેમીઓ ક્યાં ક્યાં વસે છે, તેમના સંગ્રહોમાં કેવી વિશિષ્ટ સમૃદ્ધિઓ છે, એ જણાવનારું સાહિત્ય કોઈ પણ માસિક કે પત્રિકામાં યથોચિત રૂપમાં આવતું નથી. સ્વ. ગંગુલીના 'રૂપમ' પત્રે એ કામ થોડું ઘણું કર્યું; પણ તેનું પ્રકાશન ખર્ચાળ અને સાધારણ સ્થિતિને પોસાય નહિ એવું હોવાથી હિંદી કળા પુરાવિવેચન પ્રસંગોની છાયામાં વિસારે જ પડી ગઈ છે.

રાયબહાદુર રાધાકૃષ્ણ જલાન એક મોટા સમૃદ્ધિવાન જમીનદાર અને વેપારી છે. 'તેમની પાસે કળાકારીગરીની અમૂલ્ય વસ્તુઓનો સંગ્રહ છે. દેશપરદેશના નામચીન કલાવિધાયકો, મોટા પ્રવાસીઓ, ગવર્નરો અને વાઇસરૉયો તેમની મુલાકાત લઈ જાય છે; પણ અમને હજુ તે જોવાની તક મળી નથી' એટલી જ સામાન્ય માહિતી તમે

રાયબહાદુર શ્રી રાધાકૃષ્ણ જલાન (સ્કેચ : ર.મ.રા.)

પટણાના વકીલો કે બૅંકો પાસેથી મેળવી શકો. મને પણ કંઈક આ-શંકાઓ હતી અને તેમાં યે હું એક સામાન્ય પ્રવાસી તરીકે તેમને ત્યાં જઈશ ત્યારે મારા માટે ખાસ તક ઊઘડશે તે વિષે હું સાશંક હતો; પરંતુ તેમના વિષેનો મારો અનુભવ મારી કલ્પનાથી પર નીવડ્યો.

'કીલા' (Shadow) કૃતિઓથી લબાલબ ઊભરાતા મોઝેઇકમાં જવા પડી ગયાને ... આવતો એમણે બંધાવેલો સુંદર મહાલય એમની કલાભિરુચિનો એક નમૂનો છે. વિશાળ પટવાળી ગંગા નદીને કાંઠે રહેતા પટણાવાસીઓને હવાની લહેર અને અનેક આમ્રોનાં ઝાડ તથા ફુવારાઓ વચ્ચે નાનીમોટી હોડીઓનાં દૃશ્યો કુદરતી બક્ષિસ છે. ઋતુઋતુના આકાશના રંગો અને ગંગાના પાણીમાં પડતી તેની છાયાઓ તથા અમૃતઝરતી ચાંદનીની મોહનીભરી લીલા એમને સહજ છે. પ્રાચીન પાટલીપુત્રના વૈભવો અને ઉત્સવોની વાતો એ પ્રદેશ જોયા પછી જરા યે ખોટી ન લાગે. પણ આજે તો હિંદનું શોષણ બધા પ્રાંતો પર સરખી અસર કરી રહ્યું છે. પટણાની બજાર વીંધીને અમે નીકળી ગયા પણ ક્યાંય યે માણસોનાં મોં પર રોનક જોવા નહિ. દુકાનોમાં માખીઓના બણબણાટ, મચ્છરો અને ટિચા-વાળાઓ ધૂળની ગંદકી લેતા જ બેઠેલા, મોટરગાડીઓ ઉતારુઓ વગર તે માટે પણ કલાકની મુસાફરી માટે પણ ત્રણ ચાર આના જેટલી માત્ર કોઈક જ કૅબ્રિજ ઑફિસર – અમીરઉમરાવના પૈસામાં આરામ ને સુખશાન્તિમય મજલિસ જ્યાંની ખૂબ ઈ સ્વરૂપમાં કે કિલ્લી જેવા ગાર્ડનો બાદ કરો તો હિંદના બીજાં બધાં શહેરોમાં આવું જ છે.

જલાનબાબુનો હવામહેલ એકદમ નદી જ ઉપર પડે છે તેનું સ્થાપત્ય કોઈ હિંદી નથી, પણ નદીતટની શોભામાં ભળી જાય એવી દૃષ્ટિ ઇટાલિયન ઘાટી પર કોઈ અંગ્રેજ નિષ્ણાતે તેનું વિધાન કરેલું છે. અમે સાંજના તેના કંપાઉન્ડમાં પેઠા કે તરત અમારી પાછળથી એક મોટી મોટર આવીને આનંદ ભર્યા ભાગોમાં પહોંચી તેમાંથી એક પચાસેક

કે સાઠ વર્ષના મોટાભાઈ અને શ્રી ચી ઠબની ગોળ ટોપીમાં માત્ર ગૃહસ્થ ઊતરીને ઘરમાં દાખલ થયા. એ જ રાયબહાદુર જાલાનબાબુ હશે એમ તરત કલ્પી શકાયું. અમે પણ વાગોવાસ પ્રવેશદ્વાર આગળ પહોંચ્યા, અને જેવું મારું કાર્ડ મોકલ્યું તેવા જ તેઓ કપડાં ઉતારતા ઉતારતા બહાર આવ્યા અને 'પધારિયે મહારાજ' કહી બહુ ભાવ ને સત્કારથી અમને અંદર લઈને બાજુના એક નાના ખંડમાં નાલીનક્શીવાળા જમીન-બેઠક ઉપર બેસાડી પોતે કપડાં બદલવા અંદર ગયા. એ તક્તિયાઓની ચારે પાસ જૂની કાંસાની મૂર્તિઓ, કલા વિષે તેમના ચાલુ વાચનનાં પુસ્તકો, ટેલીફોન વગેરે પડ્યું હતું તે પરથી લાગ્યું કે તેમનો કળાનો રસ ઉપલકિયો નહિ, પણ વિશાળ વાચન અને અનુભવ તથા પ્રવાસોના આધારે જમેલો હતો. પોતે લખોપતિ હોવા છતાં કલાકારો અને વિદ્વાનોનો સત્કાર કરતા જે વિનય અને નમ્રતા દાખવે છે તે આદર્શ અને દૃષ્ટાંત રૂપ છે.

કળાનું આશ્રયસ્થાન

● થોડીવારે તેઓ ધોતિયું અને પહેરણ પહેરી આવ્યા અને નોકર પાસેથી કૂંચીઓ મગાવી દ્વારપ્રવેશની વચલી ગૅલેરીમાંના કબાટોમાં બહુ જતનથી ગોઠવેલી પોતાની અમૂલ્ય કલાકૃતિઓ જાતે જ બતાવવા લાગ્યા. થોડીવાર તેમણે અમારી પરીક્ષા પણ કરી કે આગંતુકો બતાવેલી વસ્તુઓમાં કેટલો રસ લઈ શકે એવા છે. એમની કલાભિરુચિએ માત્ર હિંદની જ નહિ પણ ચીન, જાપાન, ઇટલી, ફ્રાન્સ, હૉલૅન્ડ વગેરે દેશોની પણ અપ્રતિમ અને અમૂલ્ય ચીજોનો આદર કર્યો. દુનિયાના કોઈ કોઈ ખૂણેથી હાથીદાંત, અકીક, જેડ, હીરા, પન્ના, ટીન, લાખ આદિની બનાવટો, ચિત્રકૃતિઓ અને સામગ્રીઓ ખાં કરાવે એવા ગુણોવાળી એમણે મેળવી છે અને તે દરેકની બારીકી એ પૂરી પિછાની છે. હિંદનું હાથીદાંતકામ બતાવી તે સાથે જાપાની પણ એક અજબ દાંતકૃતિ બતાવી ત્યારે લાગ્યું કે કુશળ આંગળીઓ રે કેવી સર્જનોની હરીફાઈ કરી શકે છે. લાલ માણેકમાં કરેલી સ્ત્રીમૂર્તિ, ચીનાઈ જેડના આકારો, એ પથ્થરમાં કુદરતે ઉતારેલા નકા રેસાનો માનવ કલાએ કરેલો અર્થ ઉપયોગ વગેરે મને નવા જ પ્રમાણ જોવાના મળ્યા. ફ્રાન્સના રાજા સોળમા લૂઈની ઇતિહાસપ્રસિદ્ધ રાણી મેરી આન્ત્વાનેત જે જબરી કલારસિકા હતી તેના મહેલની ચાર ખુરશીઓ તેમને ત્યાં જોવાની મળી ત્યારે કથાલેખકોના વર્ણન પાનાં પડતાં લાગ્યાં. જાપાનમાં મેં સાત્સુમા સમયના વાસણોની પ્રશંસા સાંભળી હતી. તેનું એક પણ પાત્ર બજારમાં ઉપલબ્ધ નથી, એટલે એ કેવાં હશે તે જાણવાનું મન રહી ગયેલું. જાલાનબાબુએ એક કબાટ ખોલી સાત્સુમા સમયનો એક મોટો કૂજો બતાવ્યો ત્યારે મેં ગજાય અનુભવ્યો. તેની ઉપર હાથ ફેરવ્યો, તેની મોહક કરી ચળકી ઉપર નજર ઠરાવી અને અસંખ્ય ચીનાઈ પ્યાલારકાબી કરતાં તેની કિંમત કેમ વધી છે તે અનુભવ્યું.

ઘરનો એકેએક ખંડ અનેરી વસ્તુઓથી ઠાંસીને ગોઠવેલો હતો. બે કલાક થવા આવ્યા છતાં ઘણું જલદી પતાવતાં યે તેમનાં ચિત્રો અને ગ્રંથોનો ખંડ તો બાકી જ રહ્યો. તેમની વાતોમાં રસ, પ્રેમ અને આદર હતાં, સાથે વાર્ધક્યનું વાત્સલ્ય પણ વરસતું હતું. બહાર બીજા મહેમાનો આવી પહોંચ્યા હતા છતાં અમને વિદાય આપવાની જરા યે ઉતાવળ તેમણે ન કરી. જલ અને ઉપાહાર મગાવ્યા અને ગંગાને કિનારે ઝૂલતી અગાસીમાંથી પૂર્ણિમાનો ચંદ્ર રૂપું રેલાવી રહ્યો હતો ત્યાં એમના એ આતિથ્યે અમને આભાર અને આશ્ચર્યની સીમા ભુલાવી દીધી. વાતવાતમાં તેમણે મારી પાસેના ચિત્રો જોવા ઇચ્છા બતાવી અને તે નિમિત્તે બીજા દિવસ માટે અમને સર્વેને



જાલાનબાબુએ કબાટ ખોલીને જાપાનના સાત્સુમા સમયનો અમૂલ્ય કૂજો કાઢીને મને બતાવ્યો.

જમવા નોતર્યાં. અલ્પ પરિચયે એ આમંત્રણ સ્વીકારવું કે નહિ તેનો ક્ષોભ હું અનુભવી રહ્યો હતો ત્યાં એમણે કહ્યું કે 'આપ જરૂર પધારિયે, આપકા જૂઠા (એંઠ) મેરા ઘરકો પાવન કરેગા.' વિનયશીલતાની હદ થઈ ગઈ અને અગાશીથી એ આમંત્રણનો અસ્વીકાર ન થયો.

વિશેષ પરિચય

● બીજે દિવસે સાંજે અમે મળવાને ગયા ત્યારે એમણે કેટલાક ગ્રંથો કાઢી રાખ્યા હતા, ઉપરાંત મુઘલ સમયના વસ્ત્રો, ઢાલ, રૂમાલો આદિ જોયા ત્યારે અમારી ખાત્રી થઈ કે એ સમયના ચિત્રોમાં જે ચિતારાઓએ ચિત્રોનાં પાત્રો પર જ્યાં યે ખોટું ગોઠવ્યું કે કલ્પના કરી બતાવ્યા નથી. એ જમાનાના તખ્તની કનાતનો એક જ ટુકડો જોયો તો તે આખો સોનેરી ભરત પર ગુલાબના ગુચ્છાથી ભરેલો હતો. એવા તખ્તની એક આખી છત તેમના એક ખંડમાં છતની જગ્યાએ જડાવેલી હતી, અને સાથે જ ભીંત પર એક ચિત્ર હતું તેમાં એ જ રંગ અને ભાતવાળી છત બતાવેલી હતી. આમ એમણે છૂટક મળેલા પદાર્થો અને કૃતિઓને તેમના મૂળ પ્રસંગો ને સ્થાન સમેત સમજવા ખૂબ પ્રયત્ન કર્યો હતો, જે અઢળક ધનસાધન વગર અશક્ય જ બને. એક ખંડમાં શ્રી અવનીબાબુએ પોતાના પૂર્વ કાળમાં ચીતરેલું એક ઑઇલ પેઇન્ટિંગ પણ જોયું.

તેમણે મારી પાસેના ગુજરાતના ચિત્રપટો (ઓળિયા) જોયા એટલે પોતાના સંગ્રહમાંથી નેપાળનો એક સુંદર ચિત્રપટ બતાવ્યો, જેમાં કોઈ રાજકુમારનો જીવનવૃત્તાંત આલેખેલો હતો.

જમવાના ખંડમાં એમણે બધી બાજુએ આરસની કરાવેલી હતી. ત્યાં કેટલાંક રકાબી પણ જોયાં. એક દ્વાર ઉપર હૉલૅન્ડમાં બહુ વિરલ ગણાતા ચીની ચારસા બહુ ઉચિતરીતે જડાએલાં હતાં. પોતે સાથે બેસી પોતાના અનેક અનુભવો કહ્યા, જેમાં પોતે યુરોપ આખો ઘૂમી આવ્યાની વાત કરી, પણ ત્યાં હૉટેલમાંથી પાણીનો લોટો ય લીધો નથી એ હકીકત કરી. આવા સંસ્કારયુક્ત પણ મહા શ્રીમંત કલાભક્તનો પરિચય અને મેળાપ મને જીવનની ધન્ય પળ લાગી. રાતના દસ વાગ્યે વિદાય લેતાંલેતાં તેમના ભાવનો છેલ્લો શબ્દ એ હતો કે 'મહારાજ, પુન: પટનામેં આનેસે હો તો મેરે હી મકાન પર ઠહરના પડેગા.'

ર. મ. રા.



વેકેશનોમાં શું કરશો? ખાસ કરીને આજે ૧૯૪૨માં

હમણાં બધી શિક્ષણસંસ્થાઓમાં અત્યારે લાંબી રજાઓ પડી છે. આવી રજાઓ દરમ્યાન વિદ્યાર્થીઓને પોતાના ભાવિ અભ્યાસના અને ભાવિ કારકિર્દીના વિચારો આવે છે. જે વિદ્યાર્થીઓ શાળાઓમાં અભ્યાસ કરે છે તેમને, સામાન્ય રીતે શાળાન્ત પરીક્ષા સુધી, ભવિષ્યમાં કયા ધંધામાં પડવું અને ભવિષ્યનો અભ્યાસ કઈ તરફ વાળવો તેનો વિચાર નથી આવતો. તેઓ લાંબી રજાઓ દરમ્યાન પોતાને ગામ જઈ પોતાની જૂની ઓળખાણો તાજી કરે છે, ગોઠિયાઓ એકઠા મળી પોતાની શિક્ષણ-સંસ્થાની વાતો કરે છે, વાર્તાઓનાં પુસ્તકો વાંચે છે ને મિત્રો એકઠા મળી રમતગમતની મોજ કરાવે છે.



આવા વિદ્યાર્થીઓ હાલની તંગ, એટલે કે ૧૯૪૨ની સાલમાં જે વાતાવરણ આપણા દેશ ઉપર છવાઈ રહ્યું છે તેવે સમયે દેશને—એટલે કે દરેક પોતપોતાના ગામને—બહુ ઉપયોગી સેવા આપી શકે. અત્યારના વિશ્વયુદ્ધ પછી દુનિયાની જે નૂતન રચના થશે તેનાથી આ દેશ મુક્ત નહિ રહે. આ નૂતન રચના એટલે આખી પ્રજા અને સમાજનું નૂતન ઘડતર. એ ઘડતરમાં સૌ કોઈએ સાથ આપવો જોઈએ.


અત્યારે જ્યારે વિશ્વયુદ્ધની ચિનગારીઓ આપણી સરહદને સળગાવવા લાગી છે ત્યારે દેશ સમસ્ત કે દેશની પ્રતિનિધિ સંસ્થાઓ યુદ્ધમાં સક્રિય સાથ આપે કે ન આપે, તેમ છતાં દરેક પ્રજાજનની ફરજ છે કે યુદ્ધને કારણે આંતરિક અશાંતિ ન ફેલાય તે સામે [illegible] રહેવું અને યોગ્ય વ્યવસ્થા ઉપાડી લેવી. આ કાર્યમાં રજાઓ દરમ્યાન નાનામોટા તમામ વિદ્યાર્થીઓ ભાગ લઈ શકે. ગામમાં આગપલટણનું કામ થતું હોય તેમાં નાનામોટા બધા જ વિદ્યાર્થીઓ સાથ આપી શકે. આગપલટણનું આ કામ પ્રજાઘડતરમાં મોટો ફાળો આપશે; ભાવિ સમાજબંધારણમાં પણ મહત્ત્વનો ભાગ લેશે.



હાઈસ્કૂલમાં ભણતા વિદ્યાર્થીઓ—સામાન્ય રીતે ૧૩થી ૧૬ વર્ષની ઉંમરના વિદ્યાર્થીઓએ મનમાંથી ખોટી બીકને દૂર કરવી જોઈએ. ગમે તેવી અફવાઓથી ગભરાવું ન જોઈએ. બીજાઓમાં ગભરાટ ફેલાવાનો હોય તો સાચી વાત જાણવા પ્રયત્ન કરી તે ગભરાટ દૂર કરવા પ્રયત્ન કરવો જોઈએ. દાખલા તરીકે ગામડામાં એવી અફવા ફેલાય કે મુંબઈ ઉપર, અમદાવાદ ઉપર કે નડિયાદ ઉપર બૉંબ પડ્યા, અમુક તો દેશના કોઈ આગેવાનને સરકારે [illegible] કર્યા, તો તેવે વખતે સૌ પ્રથમ તો તેણે સ્થાનિક વાચનાલયમાં આવતાં છાપાંઓ વાંચીને તે ખબરનું સાચાખોટાપણું નક્કી કરવું. કેટલીકવાર બહારગામથી આવતા લોકો સાચીખોટી વાતો લઈ આવે છે, પરંતુ એ વાત જો સાચી હોય તો છાપાંઓમાં આવ્યા વગર રહેતી નથી. આથી આવી અફવાઓથી ગભરાટ ફેલાતો હોય તો લોકોને શાંતિ જાળવવા અને છાપાંના સમા-



ચાર મળે ત્યાં સુધી ગભરાટ ન ફેલાય તે જોવું જોઈએ; તેમજ સ્થાનિક આગેવાન કે અધિકારી મારફત અમુક તો નજીકના શહેરની કોઈ પ્રજાકીય સંસ્થા કે આગેવાન મારફત સાચી હકીકત જાણી લેવા પ્રયત્ન કરવો જોઈએ. આવાં કામમાં—એક સ્થળેથી બીજે સ્થળે દોડી જવામાં, સંદેશા લાવવા લઈ જવામાં તથા ગામમાં જાહેરાત કરવામાં ઊગતા કુમારો બહુ ઉપયોગી થઈ પડે. આ કાર્યમાં હાઈસ્કૂલ વટાવી ગયેલા મોટા વિદ્યાર્થીઓ પણ સેવા આપી શકે. તેઓ વધુ ભણેલા હોઈને વધુ સમજણપૂર્વક તે કરી શકે.



આગપલટણ ઉપરાંત મોટા વિદ્યાર્થીઓ બીજી રીતે પણ પ્રજાની સેવા કરી શકે. બીજાં ગામો કે શહેરો સાથેનો ગામનો વહેવાર તૂટી જાય તો ગામને શી શી મુશ્કેલી પડે તેમ છે તેનો અગાઉથી તેઓ વિચાર કરી રાખે. ગામને જીવનની મુખ્ય જરૂરિયાતની વસ્તુઓ ખાસ કરીને અન્ન અને વસ્ત્રોનો દુકાળ ન પડે તે માટે શું કરવું તેનો વિચાર કરવો. ઉનાળા દરમ્યાન ખેડૂતો જ્યાં જ્યાં કૂવાઓ હોય ત્યાં ત્યાં વાડીઓ કરી શાકભાજી ઉગાડતા હોય તેમને સમજાવી કૂવાના પાણીથી ઉગાડી શકાય તેવા અનાજ ઉગાડવા ખેડૂતોને સમજાવવા. એવા બીજ મોલ તાત્કાલિક થઈ શકે તેની સ્થિતિ ન હોય તો ખેડૂતોને એમ સમજાવવા કે તેમનાં બકાલાના વેચાણના પૈસામાંથી બીનજરૂરી ખર્ચો ન કરતાં અનાજ ખરીદી લેવું અને એ રીતે નવું અનાજ આવે ત્યાં સુધી ચાલે એટલું અનાજ દરેક ખેડૂતના ઘરમાં સંઘરાય તેમ કરવું.



આ પછી જેઓ રોજેરોજની કમાણી ઉપર જીવતા હોય તેમનો વિચાર પણ દરેક સમજદાર અને પ્રજાસેવાની ભાવનાવાળાએ કરવો જોઈએ. આપકમાણીથી જ સલામતી નથી જળવાની. બેકારી વધતાં પણ પ્રજાની સલામતી જોખમમાં આવી પડે છે. આવી બેકાર માણસોને ધંધે વળગે તેવો પ્રબંધ કરવો જોઈએ. જે કંઈ સ્થાનિક ઉદ્યોગો ઊભા થઈ શકે તેવા હોય તે પગભર કરવાનો વિચાર કરવો. આવા આવા ઉદ્યોગમાં ખાસ કરીને જીવનની જરૂરિયાતને પહોંચી વળે તેવા ઉદ્યોગો સૌથી પહેલા વિચારવા. હાથ વણવાના ધંધા અને તેલના ઘાણા વધી પડતા મૂકીને અને ઘાણીને [illegible] ગણ્યા છે. પરંતુ આ ધંધા ચલાવવા જોઈતાં સાધનો—વીજળી, મશીનરી, પેટ્રોલ વગેરે—નહિ મળે ત્યારે જ આપણને ખ્યાલ આવશે કે એ ધંધાઓએ આપણને કેટલા પરાધીન બનાવી મૂક્યા છે. [illegible] પર હોવી જોઈએ. તેમ છતાં ગામમાં એમાંથી થોડી અને બજારના ઉપયોગથી ચાલી શકે કે તેની ઘટી હોય તો તે ચાલી શકે તેની ખાતરી પણ અમુક માણસોને રોજી મળી શકે. એવાં સાર્વજનિક [illegible] રાખી બેકાર માણસોને રોજી મળે તેવો પ્રબંધ પણ થઈ શકે. [illegible] ખોરાકનું સત્ત્વ [illegible] એ વાતને ધ્યાનમાં [illegible] આપણને જ્યારે [illegible] આપણે [illegible]માં ન

મુકાદમે તેનો વિચાર કરીને અત્યારથી જ આપણે એની વસ્તુ જોઈએ. જેમ અનાજનું તેમ વસ્ત્રોનું કાપડ શહેરોમાં–ખાસ કરીને મુંબાઈ, અમદાવાદ જેવાં શહેરોમાં–તૈયાર થાય છે. મીલોમાં મજૂર નવે જેટલા પ્રમાણમાં તૈયાર થાય તોપણ જો રેલવે કે મોટરનું સાધન ન હોય તો દૂરદૂરનાં ગામડાંઓમાં તે પહોંચાડવાની મુશ્કેલી તો રહે જ. પરંતુ મીલોને કોલસાનો દુકાળ ક્યારે પડશે એની કલ્પના આવવી મુશ્કેલ છે કોલસાની ખાણો પર બૉમ્બ પડે અગર રેલવેના એન્જિનોની



તંગી પડે તો મીલો કોલસાને અભાવે અટકી પડે. આમ બને ત્યારે કાપડનો દુકાળ પડે. પરંતુ જો પહેલાં જ ગામેગામ ખપ પૂરતી ખાદી ઉત્પન્ન થાય તેવી યોજના અમલમાં મુકાય તો કાપડનો દુકાળ કોઈને નડે નહિ.

આજ સુધી એકબીજા દેશો પરસ્પર માલની ખરીદી બાબત વિચાર કરતા. પરંતુ હવે દેશદેશો વચ્ચે અવરજવરનાં સાધનો બંધ પડતાં નજીકનાં ગામો વચ્ચે આવી જાતના કરારો થવા જોઈએ. એક તાલુકામાં ઘઉં પાકતા હોય અને બીજા તાલુકામાં જુવાર પાકતી હોય તો બંને એકબીજાની પેદાશનો વિનિમય કરી શકે. એ જ પ્રમાણે કપાસ અને અનાજનો વિનિમય થઈ શકે.

અન્ન અને વસ્ત્ર ઉપરાંત લોકોને રહેવા માટે મકાનો તેમજ ખેતી અને ખાદી માટેનાં ઓજારો તૈયાર કરવા માટે સુતાર, લુહાર, કડિયા, કુંભાર, દરજી, મોચી વગેરેની જરૂર પડે. આ બધા વર્ગો દરેક ગામમાં નથી હોતા. બહારનાં ગામથી, શહેરોમાંથી–આવતા લોકોમાંથી આ કામ ઉપયોગી થાય તેવાઓને રોજી આપી શકાય. બહારથી આવતા લોકોની શક્તિ અને આવડત જોઈને તેમનો ઉપયોગ થઈ ગામડાંઓના નાના નાના જૂથો બનાવીને એકબીજાની ઔદ્યોગિક ઉત્પાદન સમય થઈ શકે.

આ બધું થયા પછી માનવજીવનને લાભકર્તા એવા બીજા ઉદ્યોગધંધાઓનો પણ વિચાર થઈ શકે. દા. ત. મકાન તૈયાર થયા પછી રાતને વખતે તેને પ્રકાશિત કરવા માટે દીવો જોઈએ. ઘાસલેટ ન મળે તો દીવેલના કોડિયા વાપરવા પડે. આ કોડિયાને બદલે કોઈ શોધકવૃત્તિનો વિદ્યાર્થી વધુ સારો પ્રકાશ કઈ રીતે મળે તેનો વિચાર કરી તેવું તેલ અથવા તેને માટે અનુકૂળ દીવાની રચના શોધી કાઢે. જમીનની સંપત્તિનો ઉપયોગ કઈ રીતે થઈ શકે તેનો વિચાર કરવો ઘટે. આ બધા વિચારો કરતી વખતે યંત્રો આપણા દુશ્મન છે



એ માન્યતા રાખી યંત્રોનું નામનિશાન નાબૂદ કરવાની વૃત્તિ રાખવાને બદલે જે કાંઈ યંત્ર હોય તે જલદી સુધારી શકાય તેવું, અને માણસને યંત્રના અભાવે પરાધીન ન બનવું પડે તેવો ખ્યાલ રાખવો જોઈએ.

મોટાં શહેરોમાં કારખાનાંઓ ખડકાયાં છે તેને બદલે નાના પાયા ઉપર નાનાંનાનાં કારખાનાં બેકાર માણસોને રોજી મળે તે માટે મોટાં ગામડાંઓમાં ઊભાં કરી શકાય. પરંતુ એ કારખાનામાં વપરાતી કોઈપણ વસ્તુ એવી ન હોય કે જેના વગર કારખાનું અટકી પડે. વળી એ કારખાનાંઓ બેકાર માણસોને કામ આપવા માટે છે એ ખ્યાલ મુખ્યપણે રાખવો જોઈએ, અને ઘણા માણસને બેકાર બનાવીને થોડા માણસને રોજી આપવા માટે અને એથીયે થોડા માણસોના હાથમાં સંપત્તિ એકઠી કરવા માટે કારખાનાં છે એ ખ્યાલ કાઢવો જોઈએ.

આ બધો વિચાર કૉલેજના મોટા વિદ્યાર્થીઓ અને નિષ્ણાતો કરી શકે. એ માટે જરૂરી અભ્યાસ કરવા પુસ્તકો વાંચી તેની યોજના તૈયાર કરવી અને અમલમાં મૂકવી જોઈએ.

કટોકટીના આપત્તિના કાળમાંથી પસાર થવા માટે કેવા પ્રકારના યોજનાઓ અને ઉપાયોનો જ વિચાર કરવો જોઈએ એમ રખે કોઈ માની લે. સામાન્ય પ્રશ્નમાં ઘોરણે એટલી વિવિધતા હોય જ છે. નાનાં ગામડાં અને મોટાં કસબાની આમોના પ્રશ્ન નિરાળા હોઈ શકે. પોતે જ્યાં રહેતા હોય ત્યાં આગળ થઈ રહીને આપણા ગામને આફતમાંથી સલામત રીતે પાર ઉતારી શકીએ તેનો વિચાર કરીએ અને તેને માટે જ કોઈ યોજનાઓ અમલમાં આવતી હોય તેમાં પૂરેપૂરો સાથ આપીએ. આવી યોજનાઓ સાથે કોઈ મતભેદ હોય તો તેવા મતભેદોને આગળ કરી યોજનાને સાથ આપવામાંથી ખસી ન જઈએ. તેમજ બીજાના મનમાં મતભેદો ઊભા ન કરીએ. યોજનાનો અમલ કરનારના તેવા વિરોધકો સાથે યોજનાને વધુ મજબૂત બનાવવાના મુદ્દાઓ ચર્ચી શકીએ.

શાળાની પરીક્ષા આપીને જ્યાં બાળકો વતનમાં આવેલા વિદ્યાર્થીઓ પોતાના ભાવિ અભ્યાસની અને ભાવિ કારકિર્દીનો વિચાર કરે છે. તેમની નજર સમક્ષ અભ્યાસની દાક્તરી, ઈજનેરી, અને બીજી ઔદ્યોગિક શાખાઓ આવીને ઊભી રહે છે. આ બધી શાખાઓનો આજે છે તે સ્વરૂપમાં ભવિષ્યમાં કેટલો ઉપયોગ થઈ શકશે એ પણ એક વિચારવાનો પ્રશ્ન છે. વિદ્યાની આ શાખાઓના અભ્યાસમાં ઘણો મોટું પરિવર્તન કરવું પડશે, હાલની કેળવણીની પ્રથામાં પણ મૂળભૂત ફેરફારો કરવા પડશે. સરકારી તંત્ર ચલાવવા કારકુનો તૈયાર કરનારી અને વિદ્યાર્થીઓમાં વિચારોની પરાધીનતા લાવનારી આજની કેળવણી ભવિષ્યમાં સ્વાધીન ભારતમાં નકામી થઈ પડશે. વર્ધાયોજના કે એવી કોઈ કેળવણીની યોજના ભવિષ્યમાં અમલમાં આવશે એની સાથે હાલની દાક્તરી ઈજનેરી કે બીજી શાખાઓ બંધ બેસતી નહિ આવે.

કોઈ વિદ્યાર્થી કહેશે કે એ બધા મૂળભૂત ફેરફારો થતાં થશે ત્યારે થશે, પણ અમારે આવતા જૂન માસમાં વર્ગો શરૂ થાય ત્યારે શું કરવું?

આવા વિદ્યાર્થીઓએ એટલું સમજી લેવું જરૂરી છે કે હાલની યુનિવર્સિટી જે કેળવણી આપે છે તે વગર કે યુનિવર્સિટીની છાપ વગર આ દુનિયામાં જીવવું મુશ્કેલ છે એ જાતની વિચારસરણી નકામી છે.

જ્યાં અન્ન અને વસ્ત્રની વાત પહેલી જરૂરની હોય ત્યાં દરેક યુવાને દેશને અન્ન અને વસ્ત્ર પૂરતા પ્રમાણમાં મળી રહે તે ખાતર અન્નવિદ્યા ને વસ્ત્રવિદ્યા સૌ પહેલાં શીખી લેવી જોઈએ. આ માટે જ્યાં જ્યાં કૃષિવિદ્યાલયો કે ખાદી વિદ્યાલયો હોય ત્યાં ત્યાંથી અભ્યાસક્રમ મંગાવી પોતાને અનુકૂળ હોય ત્યાં અભ્યાસમાં જોડાઈ જવું જોઈએ.

હાલ જે કટોકટીના સમયમાંથી આપણો દેશ પસાર થઈ રહ્યો છે તેવો સમય કદાચ હજારો વર્ષોથી નહિ આવ્યો હોય. સમગ્ર દેશ ઉપર આપત્તિ આવી પડી હોય ત્યારે તે આપત્તિમાંથી આપણો દેશ કેમ પાર ઊતરાય તેનો દરેક વિદ્યાર્થીએ પહેલો વિચાર કરવો જોઈએ. તેઓ જો આજે ફરજ ચૂકશે તો તેઓ પોતાની જાતને જ નહિ, પણ ભવિષ્યની પ્રજાને અને દેશને નુકસાન કરી બેસશે.

આજે શું કરવું તેનો વિચાર કરી અમલ કરવા લાગી જઈશું તો આવતી કાલ આપોઆપ સુધરી જશે. આવતી કાલના દીવાસ્વપ્નો રચવામાં આજનો સમય વેડફી નાખીશું તો તેથી નથી આજ લાભ થવાનો કે નથી ભવિષ્યમાં લાભ થવાનો. આજની મુશ્કેલીનો તોડ કાઢશું એટલે તેમાંથી પ્રજાને સાચી તાલીમ મળશે; સ્વમાનની ભાવના ઊભી થશે, મુશ્કેલી દરમ્યાન ગભરાટ વગર હિંમતથી કામ લેવાની તાલીમ મળશે, તેમાંથી જ આપોઆપ પ્રજાનું સાચું ઘડતર થશે ને આવતી કાલની નવી સમાજરચના પણ તેમાંથી જ વિકાસ પામશે.

વેણીલાલ બૂચ

ગવર્નર

—સરકારનો નીમેલો નહિ, પણ એની મર્દાનગી જોઈ ગામલોકે બિરદાવેલો



દીવાળીના દિવસોમાં ભીંજવેલું ગાદડું શરીરે વીંટી હાથમાં દારૂની મોઈઓ લઈ સામા પક્ષને મોરચાથી દૂર ભગાડતો

દસ વરસ શહેરમાં રહ્યા પછી આજે મારા પાછો ફર્યો હતો. ગામના લોકો માનતા કે હું શહેરમાંથી કંઈ લઈને આવ્યો છું, પણ હું જ જાણતો કે શહેરે મને શું આપ્યું હતું. કિશોર વયના તોફાનો, તનમનાટ, નિખાલસ દિલ અને યુવાનીની મહત્ત્વાકાંક્ષાઓ, જોમ, ચેતન, હમદર્દી અને બીજાઓ માટે કંઈ કરવાની ધગશ, બધુંય લઈ લીધું હતું અને તેના બદલામાં આપ્યું હતું—ખોટું ડહાપણ, વાણીની ચાલાકી, કપડાંની ટાપટીપ, અને શક્તિ ખોઈ બેઠેલું નિબળું મગજ.

ફરીથી મારા એક મિત્રને આવતો જોયો. એનામાં ન હતા સંસ્કાર, ન હતું ભણતર કે ન હતી સામાન્ય મુત્સદ્દી સભ્યતા. છતાં એ ગવર્નર હતો અને બધાય એને ગવર્નર કહેતા. માહુડીના શિંગોડિયા જેવા માથા ઉપર વાળ, તેમાં અડધા કાળા ને અડધા ધોળા, દરગાહમાંથી ખરીદેલો ગળાથી પગ સુધી પહોંચતો લાંબો કોટ, અને મોંની બંને બાજુએ બે સળગતી બીડીઓ. આ એનું વ્યક્તિત્વ.

'સાહેબજી, માધુભાઈ' કેમ, ક્યારે આવ્યા? બઈસાબ બહુ વર્ષે પધાર્યા. હવે તો મોટા માણસ થઈ ગયા નહિ? અમારા સામું પણ શાના જુઓ?'

'મોટા થયા, ગવર્નર? તને બહુ? બીજા બધાય પણ તું—'

'ભઈ, તમેય ગવર્નર કહો છો? આખા ગામના લોક તો ગાંડા છે—જેમ તેમ બોલે. પણ તમે બોલો ત્યારે તો જરૂર દુઃખ થાય.'

'અરે ગાંડા, એવું તે કંઈ હોય? ચાલ, ચા પીએ' મેં તેનો વાંસો થાબડતાં કહ્યું.

'ના ભઈ, આજે તો હું પીવડાવું' એમ કહી મને તે હૉટેલમાં લઈ ગયો.

હૉટેલના માલિક જગુકાકાએ અમને આવકાર આપ્યો અને બાંકડો સાફ કરી ચા બનાવતાં બોલ્યા, 'કેમ ભાઈ મઝામાં તો છો ને? હવે અમને પણ ત્યાં કંઈ ગોઠવી દે ને. આ કોલસા ઘોઈ ઘોઈને તો જિંદગી પૂરી થવા આવી.'

મારાં જૂનાં સ્મરણો તાજાં થયાં. આ હૉટેલ, આ જગુકાકા! મૂળ તો મુંબાઈની શેર બજારના સારા વેપારી, પણ ભાગ્ય ફરતાં બધું ગુમાવ્યું ને ત્યાંથી ભાગી, અહીં આવી આ હૉટેલ માંડી. ગામના તોફાની અને રખડેલ ગણાતા છોકરાઓ ત્યાં જ ચા પીતા, અને હજુ પીએ છે. પૈસા હોય તો પૈસા આપીને, અને નહિ તો કોટડીમાંથી ચોરીને ચા પીતા અને સંતોષ માનતા. દરેકને ત્યાં આશ્વાસન મળતું. કાકા પોતાના જીવનના અનુભવો સંભળાવતા અને શિખામણ દેતા. પણ 'કોઈની શિખામણ ઝાંપા સુધી' ગણી અમે ચા પી રસ્તે પડતા. એક કાને સાંભળેલું બીજે કાને નીકળી જતું. હું અને ગવર્નર કાકાના કાયમના ઘરાક.

'કાકા, દૂધ જરા વધારે નાખજો હો'' ગવર્નર બોલ્યો ને કાકા સ્વભાવ પ્રમાણે ધુંધવ્યા, 'બેસ, હવે ડાહ્યલા. અહીં બેસી બેસીને તો આવડો મોટો થયો ને હવે મને શિખામણ દેવા આવ્યો છે? જાણે કાકાને કંઈ ખબર જ નહિ હોય.'

ત્રણેએ સાથે ચા પીધી. ગવર્નરે સ્ટવ નજીક પૈસા મૂક્યા. કાકાએ સાણસી હાથમાં લીધી ને ડગામા: 'ડહાવ નહિ તો—પૈસા આપવા આવ્યો છે'' એમ કહી ગજવામાંથી પૈસો ફેંક્યો. 'હિંમત, પાન લઈ આવ' તેણે પૂછ્યું, 'ભાઈ, પેલા છગનને ત્યાંથી લાવું ને? તમાકુ પણ નખાવું ને?' ત્યાં તો કાકાએ બીજો પૈસો ફેંક્યો, 'હું પણ ખાતો આવજે. જો, મારે માટે બીડી ભૂલીશ મા.'

તે ગયો અને કાકાએ શરૂઆત કરી 'મધુ, આ ગામના ફતારને હવે કોઈક ઠેકાણે પાડ. ગામ આખું થાકે છે. તારી તો ફરજ છે. તને ખબર છે ને કે હવે એનું કોણ રહ્યું છે? બિચારી ડોશી હતી તે પણ મારગમાં દેહ મૂકી ગઈ. કંઈ કામે નહિ લાગી જાય તો હાથથી જશે. માટે જલ્દી વળી લેતો જજે તારી જોડે.'

'ખરું કહો છો, કાકા. પણ જાણો છો ને કે જ્યાં ગામના શાન્ત વાતાવરણમાં યે એનો મેળ નથી ખાતો ત્યાં શહેરના ચંચળ વાતાવરણમાં ક્યાંથી ખાશે? છતાં સુરેશભાઈને કહીશ.'

'કોને, પેલા મોટર એક્સીડન્ટવાળાને?' કાકા પૂછ્યા. યાદ કરી બોલ્યા, 'ગમે તેવો પણ ગવર્નર છે ખરો મરદ, હો. એની મરદાનગીએ તો રંગ રાખેલો. અને યાદ તો કર પેલો જળપ્રલય. બહાદુર છે, એમાં તો ના નહિ પડાય ને, એની ચાલ તો જો, જો ચાલ્યો આવે છે!'

'લો કાકા, આ તમને બદલે ચાર બીડી. આલો મગનદાદા કવાબ કરતો'તો. મેં કહ્યું, બળી ગયા સાલા, આગ લાગી'તી તે?'

અમે બન્ને હસ્યા.

'ભાઈ, હવે હું જાઉં છું. સાંજે મળશો ને?' ને તે ગયો.

અમારી દોસ્તી પ્રથમ અખાડામાં થએલી. અખાડામાં એ સૌથી સારી કુસ્તી લડતો. લાઠી ફેરવવામાં પણ તેને કોઈ પહોંચતું નહિ. નવા દાખલ થનારને તે ખૂબ માયાથી શીખવતો. અખાડામાં સૌ તેને ચાહતા અને તે બધાને ચાહતો. પણ ગામના સંસ્કારી ગણાતા વર્ગમાં તેનું સ્થાન નીચું હતું. ગામમાં તેની ખ્યાતિ તોફાની તરીકેની હતી. ભાગ્યે જ કોઈ તોફાન તેની આગેવાની સિવાયનું હોય. ગામમાં આવેલી નાટક કંપનીમાં તે વગર પૈસે ઘુસી જતો—કે ચારેક સાથે પણ લેતો જતો. ભોરવાળીના ખેતર કટાવી ખાતો ખાતો આગળ વધતો ને પાછળથી લોકોના વરસાદ વરસતા માર હસતો. હુતાશનીના દિવસોમાં કોઈનું ગાડું, કોઈનું બારણું તો કોઈક ત્રીજાનો માળો ગોઠવેલી લાકડાની થપ્પી પાછલી બારીએથી ચોરી હોળીમાં સ્વાહા કરતો. દિવાળી પર દારૂખાનાની લડાઈમાં તે અગ્રેસર હોય જ. ભીંજવેલું ગોદડું શરીરે વીંટી હાથમાં દારૂની મોઈઓ લઈ સામા પક્ષને મોરચાથી દૂર ભગાડી દેતો. ગામમાં કદી તોફાન સંભ-

જાય કે ગામલોક એક જ પ્રશ્ન પૂછતાં 'પેલો ગવર્નર ક્યાં છે ?' અને સાચે જ, મોટે ભાગે તેની હાજરી પણ ત્યાં હોય જ,—કેટલેક ઠેકાણે તોફાન બંધ કરવા ને કેટલેક ઠેકાણે તોફાન ઊભું કરવા. મારા બાપુજી પણ મને ઘણી વાર સલાહ આપતા: 'જો ભાઈ, એની સાથે ન ફરીએ એ તો રખડું, આપણી આબરૂને હાનિ પહોંચે.' છતાં મને ગવર્નર ગમતો ને ઘણોખરો વખત હું તેની જ સાથે ફરતો. તેની જોડે મને ફરતો જોઈ કેટલાયને બોલતા સાંભળેલા કે 'મોહન પડવાનો દિવસ ઊડ્યો જણાય છે.' એ પણ મારી ખબર રાખતો. બાપુજીની બીકથી તેમની હાજરીમાં ઘેર આવતો નહિ, પણ હું ન મળ્યો હોઉં તે દિવસે બા કે બેનને મારા સમાચાર પૂછી લેતો.

એક દિવસની વાત છે. અચાનક જ અખાડામાં ખબર મળ્યા કે ગામથી પાંચ માઈલ દૂર અમદાવાદ જતી મોટરને અકસ્માત થયા છે અને લગભગ દસ ગામડિયા જખમી થયા છે.

'ચાલ મધુ, જોઈએ તો ખરા કે શા હાલહવાલ છે' અને અમે બંને બાઈસિકલ લઈ ચાલી નીકળ્યા. પણ અમે મોડા પડ્યા.

ખબર પણ મોડી પડેલી અને રસ્તો પણ લાંબો હતો. જઈને જોયું તો બધું શાંત. બેચાર લોહીના ખાબોચિયા ને લોહીથી ખરડાએલી ટોપી દૂર પડેલી દેખાઈ. એક રાહદારીને પૂછતાં જણાયું કે બધાઓને બાજુના સરકારી દવાખાનામાં ખસેડવામાં આવ્યા હતા. ગામ દૂર હતું અને રાતના નવ વાગી ગયા હતા. પણ ઘવાએલાને જોવાની પ્રબળ ઇચ્છા હોવાથી અમે ખેતરમાં થઈને જતો ટૂંકો રસ્તો પકડ્યો. થોડુંક જ ચાલ્યા હોઈશું ત્યાં તો એક દર્દભરી ચીસ સંભળાઈ. દીવાસળી સળગાવી જોયું તો ખેતરમાં લોહીલોહાણ થઈ રહેલો એક માણસ નજરે પડ્યો. તેને બહાર કાઢ્યો. તેનું માથું ફાટી ગયું હતું અને શરીર લોહીથી ખરડાએલું હતું. આ જોઈ હું તો બેબાકળો જ બની ગયો. પણ ગવર્નરે હિંમત હારી નહિ. તેણે તેને પીઠ ઉપર ચડાવ્યો ને મને ટેકો દેવા કહ્યું. અને આમ અમે આગળ વધ્યા.

રસ્તામાં એક પુરાણું શિવમંદિર આવ્યું. ત્યાં એ જીવને નીચે મૂકી જરા વિસામો ખાવા બેઠા. ગવર્નર ઊભો થયો ને મંદિર સામે ઘૂંટણીએ પડી હાથ જોડી બોલ્યો, 'હે પ્રભુદાદા, આને જીવતો રાખજે, નહિ તો વળી પાછી બદનામી થશે.'

અમે ધારેલા ગામમાં પહોંચ્યા. રાતના અગિયાર વાગી ગયા હતા. દવાખાનાના ડૉક્ટર સાહેબથી નીકળ્યા. તરત જ વસ્તુસ્થિતિ સમજી ગયા. ઘા ધોઈ પાટા બાંધી એક ખાટલામાં ઘાયલ જીવને સુવાડ્યો ને અમને પાસે બોલાવી કહ્યું, 'જુઓ ભાઈ, આનો જીવ તમારા હાથમાં છે. આખી રાત સતત આ દવાનો શેક કરશો તો પ્રભુકૃપાથી બચી જશે.'

ગવર્નરે મારી સામે જોયું ને મેં ઊંઘ હરવાની સંમતિ સૂચવી.

'ચાલ ત્યારે તું સૂઈ જા, હું બેઠો છું. જરૂર હશે તો ઉઠાડીશ' એમ કહી બળજબરીએ એણે મને સુવાડી દીધો. સવારે ઊઠીને જોઉં તો એનો શેક ચાલુ જ હતો. કેટલા વાગ્યાથી, કેટલી કાળજીપૂર્વક! હું જ્યારે ઊઠ્યો ને ઊભો થયો તેનું પણ તેને ધ્યાન ન હતું. પેલો માણસ જીવી જાય એ જ એકમાત્ર તેનું ધ્યાન. એ જ ધ્યાનમાં એના હાથ જખમી અને સગડી વચ્ચે એકસરખા ચાલી રહ્યા હતા. એની સુજેલ આંખોમાં ત્યારે મેં માતાની વત્સલતા જોઈ. મને તેને માટે અનહદ માન ઉપજ્યું: 'વાહ ગવ રે, ધન્ય છે તને' અને મેં જ્યારે દરદીએ આંખ ઉઘાડી ત્યારે તેના ચહેરા ઉપર આરામ દેખાયો. પણ તેનું ધ્યાન તો ત્યાં જ હતું. તેના હાથ જાણે કે એકસરખા પોતાનું કામ કરી રહ્યા હતા. દરદીની દૃષ્ટિ આભાર દર્શાવતી જણાઈ. તેણે બોલવા પ્રયત્ન કર્યો, પણ બોલાયું નહિ. લખવાનું સાધન આપવા ઇશારો કર્યો. સરનામું લખી આપી તાર કરવા સૂચવ્યું. તાર કરી ગવર્નર માટે ખાવાનું લઈ હું પાછો દવાખાને આવ્યો. બરાબર આઠ વાગ્યા હતા. તેનો શેક તો ચાલુ જ હતો. તે જગ્યાએ તેની જગ્યા મને સોંપી આરામ કરવા જરા આડે પડખે થયો. તે ઊઠ્યો ત્યારે સાંજના છ વાગવાની તૈયારીમાં હતા. દરદીની સ્થિતિ પણ સુધરી હતી. એટલામાં એક મોટર દવાખાનાના દરવાજા આગળ આવી ઊભી. તેમાંથી બે મોટા ડૉક્ટરો, બે સ્ત્રીઓ ને એક ગર્ભશ્રીમંત જણાતા પુરુષો ઊતર્યા ને અમારી તરફ આવતા જણાયા. પ્રથમથી જ શ્રીમંતોની છાયામાં ઊભા રહેતા ટેવાયેલા અમે એટલે ઓરડાના એક ખૂણામાં અમે જઈ ઊભા. ડૉક્ટરોએ તપાસ કરી ખાસ બીજું કંઈ કારણ ન હોવાનું જણાવ્યું અને ગામના ડૉક્ટરને તાત્કાલિક મલમ સારવાર માટે ધન્યવાદ આપ્યો. પણ ડૉક્ટર પ્રામાણિક હતા. તેમણે આંગળી ચીંધી કહ્યું, 'ધન્યવાદ મને નહિ પણ પેલા ખૂણામાં ઊભેલા બે છોકરાઓને.' દરદીએ પણ આંખના ઇશારાથી સંમતિ આપી. બન્ને ડૉક્ટરોએ અમારા હાથ પકડી દબાવ્યા અને પીઠ થાબડી બોલ્યા, 'Good Boys' (ગુડ બૉય્ઝ). અમારા હૃદય આનંદથી ફુલાવા લાગ્યાં. ગવર્નરને માટે આવો અભિપ્રાય ઉચ્ચારનાર આ પહેલા જ નીકળ્યા હતાં. બાકી તો તેના બાહ્ય તોફાનને લઈ ગામ તેને માટે શું બોલતું તે તો હું જ જાણતો. અમને દરદીની ઓળખાણ આપવામાં આવી. તેઓ અમદાવાદની જાણીતી મિલના એન્જીનીઅર હતા. લગભગ અઠવાડિયામાં તો સાધારણ આરામ થઈ ગયો. એક દિવસ તકિયાને ટેકે તેઓ બેઠા હતા અને અમે બન્ને તેમની નજીક હતા. ગવર્નરને વધુ નજીક બોલાવી તેમણે કહ્યું, 'હું તમારે માટે શું કરી શકું ?' ગવર્નર હસ્યો: 'તમે સાજા તો થઈ જાઓ, પછી વાત.' આ અમારો એમને મળ્યાનો છેલ્લો દિવસ, ત્યાર પછી તો અમે ગયા જ નહિ. અખાડાના સેક્રેટરી પાસેથી સાંભળવામાં આવેલું કે જતી વખતે રૂા. ૧૦૦)ની ભેટ અખાડાને એ આપતા ગએલા.

'મધુભાઈ, સલામ.' મારું ધ્યાન તે તરફ ગયું. 'આવો મહમદ! આઓ, બેઠો. બોલો કૈસે હો ? ખૈરિયત તો હૈ ન ?'

'હાં ભાઈ, ખુદાતાલાકી મહેરબાની હૈ. બહોત રોજ બાદ આયે! હો તો મઝેમેં ન ? વો અપના ગવર્નર તુમ્હેં બહોત યાદ કરતા થા. મિલા યા નહિ અબ તક ?'

'હાં, અભી વહાંસે ગયા.'

'બડા નેક ઈન્સાન, ઔર જવાંમર્દ. મગર ક્યા ગાંવકે લોગને ઉસે આખા પગલા સા બના દિયા હૈ. અબકી બાર તો સાથમેં લે જાઈયે.'

ત્યાં તો શબ્દો સંભળાયા 'રામરામ, બાપુ રામરામ' સામે જોઉં છું તો પરશો માળી.

'કેમ પરશા મઝામાં છે ને ?' મેં પૂછ્યું.

'હા ભઈસાબ, રણછોડરાયની દયાથી લહેર કરીએ છીએ. પણ રાજા, અમને એક કાગળ તો લખવો'તો. ત્યાં તો અવકાશમાં ચીઠીઓ ઊડતો હશે, રાજા શાના નવરા થાવ ?' મેં હસતું રોક્યું ને તેણે આગળ ચલાવ્યું. 'સાંભળ્યું છે કે ભઈ મુંબઈ જેવા તો ત્રણ એ શહેરમાં સમાઈ જાય. ને માણસો ત્યાંયે ઢગે હશે, ખરો, એ પૈસા પેદા કરતો થયો ને ? બોલ, એ તો શહેરમાં ને રાજા! અમારે તો એટલું જોઈએ. લે રાજા, આ રણછોડજીનો પ્રસાદ, તારે જયજય કાર'' એમ કહી કાનમાંથી અત્તરનું પૂમડું કાઢી હાથમાં મૂકતા બોલ્યો, 'અરે, પેલો ગવર્નર તને ખૂબ યાદ કરે છે, મળ્યો કે નહિ ?'

'હમણાં જ અહીંથી ગયો.' મેં જણાવ્યું

'કાકા, "બાપુ"ની સવારી હજુ કેમ નથી આવી?

'આવું, સમજ્યો? આવતો હશે. એને છાપામાં જોયા પછી જ બધું સૂઝે છે. તે પહેલાં આંધળો ધબ્બ! લે, પેલો આવે'

'નમસ્તે, બંગાળી બાબુ, નમસ્તે કાકા, જોયો આ તમારો મધુ? રહ્યા છે પહેલા જેવા? હું તો દૂરથી ઓળખી યે શક્યો નહિ આનંદમાં છો ને?'

'રાગજી, શું ખુલ્યું આજે? દૂરી કે પત્તો?'

'હજુ ય એવો ને એવો જ રહ્યો કે? મેં તો ધાર્યું હતું કે સુધરી ગયો હોઇશ. અરે યાર, આજે તો તાલ પડી ગઇ તાલ, પેલો બાબુ માંકડા સવારમાં છની દૂરી ખોસી ગયો ને ક્લબ ખૂલી પણ દૂરી જ. કાકા, બનાવો દોઢ કપ ચા મધુ પીશે ને? આજ તો બારે થઈ.' એમ કહી મારી પીઠ ઠોકતો એ બોલ્યો. 'પેલા તારા ગવર્નરની પાવની આજ હજમ થઈ ગઈ. ગળ્યો કે નહિ? ખૂબ યાદ કરે છે'

એટલામાં નાનુ દેખાયો 'મોટાભાઇ, ચાલો બા જમવા બોલાવે છે'

'જા, જા, જમી આવ. રહીમને રાહિનો માસ? પછી મળીશું' બધા સાથે બોલી ઉઠ્યા.

રસ્તામાં દાજીને દૂરથી આવતા જોયા તેમને જોઇને નાનપણ યાદ આવ્યું, ને મે તેમણે ઓઢેલી ચાદરનો છેડો ખેંચી બૂમ મારી 'દાજી ગીલોડી' દાજીકાકા ધડૂસ"

'કોણ મુઓ છે એ?' એમ કહી દાજીએ મારા તરફ લાકડી ઉગામી. તેમની પીઠ પાછળ થઇને હું સામે આવ્યો ને લાકડી તેમના હાથમાં મૂકી. દાજીએ આશીર્વાદ આપ્યા: 'સો વરસનો થજે બેટા'

'દાજી, મને ઓળખ્યો નહિ? હું મધુ.' મેં જણાવ્યું.

'મધુ, દીકરા, આવડો મોટો થઇ ગયો? હવે તો ઓળખાતો યે નથી' દાજીએ મારે મોંએ હાથ ફેરવ્યો ને પડખામાં લઈ પીઠ ઉપર હાથ ફેરવતાં બોલ્યા: 'પેલા તારા બાઇબંધને મળ્યો? મારો બેટો ખરો ગવર્નર હો" ને દાજીના ચહેરા ઉપર હાસ્ય દેખાયું.

ધીમે ધીમે સૂર્ય ડૂબતો હતો. પ્રકૃતિ રમણીય લાગતી હતી. આછો અંધકાર છવાતો જતો હતો. પૂલ ઉપર નીરવ શાંતિ હતી. નદીના શાન્ત વહેતાં જળને અને પશ્ચિમના આકાશને નિહાળતા હું અને ગવર્નર બેઠા હતા. 'મધુ, જોઇ પેલી ગોસાઈની હવેલી? યાદ છે, ત્યારે સો લગભગ પોણી ડૂબી ગએલી ને જોયો પેલો લીમડો? પાણી નો ત્યાં સુધી પહોંચી ગએલું' ગવર્નરે મારી સામે બનકાળ ખૂંડા કર્યો ને મને ૧૯૨૭ની સાલ યાદ આવી

ત્યારે ગુજરાત ઉપર ભયંકર આફત ઉતરી હતી જ્યાં જુઓ ત્યાં પાણી જ પાણી. નદી, નાળા, તળાવ બધા ય પાણીથી ઉભરાઈ ગયા હતા. સૂર્ય ભગવાનનાં દર્શન તો દુર્લભ થઇ પડેલા. અમારૂં ગામ નદીની બંને બાજુએ વસેલું. ઉજળો વર્ણ ઉત્તર તરફ અને મજૂરો તથા ગરીબ વર્ગ દક્ષિણ તરફ. નદીમાં પાણી વધતું જતું હતું કિનારા-ની આસપાસનાં મકાનો ડૂબી ગયા હતા, પણ દક્ષિણ તરફનો ભાગ ઊંચાણમાં હોવાથી સહીસલામત બચી જવા પામ્યો હતો. નદી ઉપર એક જૂનોપુરાણો પૂલ હતો. સાધારણ તો ખખડી ગયો હતો, પણ હજુ તેના ઉપરથી વાહનવ્યવહાર ચાલતો. પૂલ ઉપર લગભગ અર્ધો ફૂટ પાણી ચડી ગયું હતું. તાણ સખત હતું, પાણી વધતું જતું હતું આજથી રેલસંકટના ગણેશ મંડાયા હતા ઉજળો વર્ગ જોખમમાં હતો જીવ બચાવવા લોકો તલપાપડ થઇ રહ્યા હતા પૂલની મદદ-થી લોકો ધીમેધીમે સામે કિનારે જઇ રહ્યા હતા અને મજૂર તથા હલકા વર્ણના લોકોના ઝૂંપડામાં આશરો લેતા હતા. હજી યે કલ્પના-માં નથી આવતું, પણ આખર, એ સાચું જ હતું સગી આંખોએ જોએલું વર્ણનો ભેદ અદૃશ્ય થયો હતો તેમની સંસ્કારિતા ત્યારે પોતાનું અસ્તિત્વ ભૂલી ગઈ હતી જેમને જોઇને તેમના નસ્કોરા ફૂલતા તેમનાં ઘરમાં વસવાટ કરતા તેમને શરમ આવતી નહોતી. તેમની સાથે બેસતા અને જમતા તેમની સ્વચ્છતા લજવાતી નહોતી. ત્યારે તેમની કડવી વાણીમાં માધુર્ય આવી ગયું હતું ભગલાને ભગા-કાકા ને બનાભાઈ કહીને બોલાવતા થયા હતા. અમારા ઘરના બધાએ પણ દક્ષિણ બાજુ ગવર્નરને ઘેર જઇ વિસામો લીધો હતો આજે મારા બાપુજીને પણ ગવર્નરની મહેમાનગીરી મીઠી લાગી ને ઉલટા તેના વખાણ કરવા લાગ્યા 'મરદ છે મરદ' હોય, ગંદાપસ્ચારી છે'

વરસાદ ચાલુ રહ્યો વરોળિયો તોફાને ચડ્યાં કડાકા ધડાકા જીવને કંપાવવા લાગ્યા વીજળી જમીનમાં પેસી જઈ એને ચીરી નાખશે એવી બીક લાગતી. વૃક્ષો મૂળમાંથી ઉખડી રહ્યા હતાં. મહા-દેવના મંદિરનું શિખર તો ક્યાં યે ઉડી ગએલું કોઇનાં છાપરા તૂટતા તો કોઈનાં નળિયા ઉડી જવાથી ઘરમાં પાણીની રેલ ચાલી હતી. દૃશ્ય ખૂબ જ ભયંકર હતું. એવો દિવસ મેં મારી જિંદગીમાં ફરી જોયો નથી નદી પણ પૂર જોરામાં વહી રહી હતી, અને વરસાદ તો કઈ થોડો જ અટકે? ધડાધડ, કડાકા ધડાકા ચાલુ જ હતા. જાણે શંકરે પ્રલયનો નાદ ન કર્યો હોય એમ લાગતું હું આ બધો કુદરતનો કોપ નિહાળી રહ્યો હતો. ત્યાં એણે કહ્યું, 'ચાલ મધુ, જરા નદીએ જઇ આવીએ, જોવાની મઝા પડશે.'

મોતિયા મરી જાય એવી એ સ્થિતિ હતી, પણ એ તો એ જ બેપરવાઇથી બોલ્યો હતો મેં એનામાં ઘણી હિંમત જોઈ હતી, પણ આવા પ્રસંગે તો ગમે તે પણ આનાકાની જ કરે ત્યાં તો તેનો આ નવો ધડાકો થયો' 'ગાંડો થયો, ક્યાંક દબાઇ ગયા તો જીવથી જશું'

'તું તો છે જ ડરપોક' ચાલ ચાલ, હવે; બાયલો નહિ તો" હું શું બોલું? પાછળ ચાલ્યે જ છૂટકો

અમે પૂલ નજીક પહોંચ્યા. પૂલ ઉપર હવે પાણી કેડ સુધી આવી ગએલું અને માણસો પોતાના જીવ બચાવવા છાપરા ઉપર ચડી ગએલા ત્યાં તો અમને એક માણસ હાથમાં થેલી લઇને આવતો



અમે પૂલ નજીક આવ્યા

જાણ્યો શું મૂર્ખ લેખક બેઠું' ગવર્નરે કહ્યું, 'હવે પેલો નાખુ-વડી? મરવાનો શોખ લાગે છે' અરેખર જ તે સાંભળ્યો ને દરિયામાં શુભ અવાજ 'બચાવો, બચાવો'

એ જરા સાંભળીને એક બે મિનિટ ગુમાવ્યા વગર ગવર્નરે ગાભીરતા ઝંપલાવ્યું તેની પાસે જઈ આવવાથી પકડ્યો અને પૂન પકડી રાખવા કહ્યું પણ નાખુવડી વાળિયેર હતા તેને પોતાના જીવ કરતા પેટીની વધારે પડેલી. એક હાથે તેણે શાબજો પકડ્યો ને બીજા હાથે પેટી. આમ ઠરી રહેવું મુશ્કેલ હતું કરીથી તે તણાયો ગવર-નરે તેના હાથમાંથી પેટી ઝૂંટવી લીધી ને પોતાનું પહેરણ કાઢી સાબજા સાથે બાંધી દીધી પછી નાખુવડીના બને હાથ ગળિયા ઉપર રખાવી, હાથનો ટેકો દઈ એ નાખુવડીને કિનારે લાવ્યા' ત્યાં તો નાખુવડીએ પોક મૂકી 'મારી પેટી' હાય હાય, શું કરું?' ગવર્નર મૂંઝાયા મનમાં પાછા ગયા, અને પેટી લઈ કિનારે પહોંચ્યા ને પહેલા પવનના આવજનો ભાગ ... કરતો નીચે બેસી ગયા' મારો જીવ તાળવે બંધાનો હતો, કારણ કે તે જોખમમાં બચાનો હતો છું પણ હશે. ... એ પ્રેમભર્યું હતી એ તો હજુ આજે ય છું સમજી શક્તો નથી ... ની ગફલતથી અમે બને કિનારે પહોંચ્યા નાખુ-વડી પેટી લઈ ચાલતો થયો આજ ય અહીંથી એ જગ્યા જોઉં છું પેલા નાના છોડ ઊગ્યા છે એ જ એ જગ્યા

ને અમે આગગ લેતા કિનારા પર એ જળપ્રવાહને નિહાળતા બેઠા હતા, ત્યાં અચાનક તે પેગ અવાજ બોલ્યા 'મધુ, સાચું પુછ-જે છે હજુ પાણી ઘણું ઊંચે ચડશે ને પેલી નાગાહની અગાસીમાં લખેલા બના હતા ન હતા થઈ જશે'

'મધુ હવે શું થાય? પૂર તો આવી ગયો છે' મેં જણાવ્યું પણ તેનું ધ્યાન બીજે હતું એ વિચારમાં તલ્લીન હતા અચાનક તેણે મારો હાથ પકડ્યો ને અમે ચાલ્યા પહોંચ્યા કાકાની દુકાને

દુકાન બરાબર હતી મહેમદ, પગલો નાનો, રામજી બાપુ, બાબુ માંકડો ને છગન ગોર પત્તે રમતા હતા કાકા હાથમાં ત્રાજુડી પકડી ચા બનાવતા હતા

આવો આવો, તમારી જ ખોટ હતી —' કાકાએ આવકાર આપ્યો

'માફ કર, ચાલો કામ? બહોત જરૂરી કામ હૈ'

'હા હા, ચલો'

'ક્યાં છે' હવે, ચંદ્રલેખ આવ્યો છે તે ચ્હા તો પીતો જા'' કાકાએ સમજાવ્યા

'કાકા, ચા પીવાનો વખત નથી. ચીજ જીવ લેખાય છે. પૂર ઉપર પાણી વધતું જાય છે અને પેલી નાગાહની અગાસીમાંથી 'બચાવો, બચાવો'ની બૂમ સંભળાય છે

નાકાએ તપેલી ઉતારી ધડાધડ દુકાનના પાટિયા બંધ કર્યા

'ચાલ, અહીં બાબુ, પગલા, ઓલિયા ચાલો બધા.'


સૌ પૂરના નાકે આવ્યા. બધે જળબંબાકાર હતું આજુબાજુના બધા મકાનો પાણી નીચે ડૂબ્યા હતા—માત્ર તરતી દેખાતી એક કાચી અગાસી ને તે પરના બચાવ માગતી સિવાય

આ દેખાવ જોઈ સૌ હેબતાઈ ગયા. છતાં તે હિંમત હાર્યા નહિ. જ્યાંત્યાંથી વાસ, દોરડા વગેરે ભેગા કરી તેમણે બે તરાપા તૈયાર કર્યા અને મને તથા મહેમદને સાથે લઈ એકે ઝંપલાવ્યું બાબુ, કાકા વગેરેને દોરડા બાંધી દેવાની સૂચના આપી અમે સામે પાર ઊતર્યા તેણે બધાને કહ્યું, 'આ જુઓ, પૂર વધે છે જેને જાન બચાવવા હોય તે ચાલો, પ્રભુ ઈચ્છા હશે તો સહીસલામત ઊતરી જશું' બબ્બે ચાર ચાર કરી બધાને સામે પાર ઉતાર્યા દસબાર પણ એમના એ હતા. તેમને લેઈ અમને ચીડવવાની ઇચ્છા થઈ, ને અમે બોલ્યા, 'કાકા તારા ગવર્નર' 'બેટા, એક વાર નહિ એવા ચાર ગવર્નર કરો' એમ બોલતા તેઓ સારી નજીક આવ્યા અને આશીર્વાદ દીધો 'મા ગૌરી તારો તો આવો જ જમાનો.'

ત્યાર પછી તો નવો પૂલ બંધાયો. ગવર્નર આવી ને પૂલ ખુલ્લો મૂક્યો અને એનું નામ 'લૉર્ડ વિલ્સન ગવર્નમેંટ બ્રિજ' પડ્યું અને પણ અમારા મોહિયાઓની એક મિટિંગ તે જ દિવસે મળી ને નારણના સાહસ તથા શૌર્યની પ્રશંસા કરી—એને પ્રમુખ પદના માનની સૂચના કરેથી કે તે દિવસથી નારણનું નામ પણ ગવર્નર જ રાખવું અને ત્યારથી એ ગવર્નર તરીકે ઓળખાયો હજી નારણ નામે તો કોઈ ભાગ્યે જ તેને ઓળખે છે

'ચલ, ચાલોને, ક્યાં સુધી બેસી રહેશો? હમ થાકી ગયા' નાનુએ કહ્યું ને તરફોમાંથી તણાયા ને અમે બંને પણ ઘર તરફ વળ્યા ચાલતા ચાલતા તારાના ટમટમતા પ્રકાશમાં પૂલની વચ્ચે ચોંટેલી એક આરસની તખ્તી જોઈ એમાં લખેલું હતું 'લૉર્ડ વિલ્સન ગવર્નમેંટ બ્રિજ'

નજર ફેરવી મેં નારણના મોં સામું જોયું અંતરમાં શું આ પૂલના સાચા ગવર્નર કોણ? નારણ કે વિલ્સન? રમણભાઈ ઉપાધ્યાય



હરીફાઈનું પરિણામ

પહેલું તથા ત્રીજું ઇનામ મોકૂફ, બીજું ઇનામ 'બાળપણના સાથી'—ચન્દ્રકાન્ત પટેલ (અમદાવાદ), નોંધપાત્ર (૧) 'ઘરઆંગણે' મકસુદ માસ્તર (પાલનપુર), (૨) 'સંધ્યા'—હીરાલાલ ભટ્ટ (અમદાવાદ)

હરીફાઈના ચિત્રો ઘણાખરા ગુણ વિનાના આવતાં હોવાથી અમારે અનિચ્છાએ ઇનામો મોકૂફ રાખવા પડે છે. આ વખતે પણ એક જ ચિત્ર ઇનામને પાત્ર જણાયું છે બીજું ઇનામ જીતનાર ભાઈ ચન્દ્રકાન્તના 'બાળપણના સાથીદારો' ચિત્રમાં બે બાળક બકરીના બચ્ચા સાથે રમતા નજરે પડે છે હસી પડાવવા માટે જ ને બાળકને રમાડતા હોય તેવું એક પાત્રની જણાઈ તો આવે છે છતાં ચિત્રમાં બાળકોનું સંયોજન કુદરતી બનાવાયું છે ને તેમના હાવભાવમાં પણ સ્વાભાવિકતા ઝળકાઈ છે પ્રકાશના કિરણો કૅમેરાના ડાબા ખૂણેથી પાછળથી આવતા હોવાથી જનાવરની મુલાયમ રુવાંટી પ્રિન્ટમાં ખૂબ ઊતરી છે ચિત્રરચના અને ટૅકનીક સારા છે પ્રિન્ટને એન્લાર્જિંગ વખતે નીચેથી વધુ પેરો કરવો જોઈએ.

આગણાની આજુબાજુ, સંધ્યા સમયે ઘર તરફ પાછા ફરતા ગાડાં આદિ રચનાના ફોટો-ચિત્રનો વિષય સારો છે, પણ તેમની હમેશની ટૅકનીક આ ચિત્રમાં ઊતરી નથી. ફોકસિંગ ખામીવાળું છે એક્સ્પોઝર અને પ્રિન્ટિંગ પણ બરાબર નથી તે જ રાગોથી અનુકૂળ વાતાવરણમાં બીજી વાર ચિત્ર લેવાવું જોઈએ.

'સંધ્યા'માં સૂર્યના અને રંગાયેલી cumulus વાદળી પીછ અને આકાશના આદિ તત્ત્વના ચિત્રમાં આકર્ષક મિલાવટ છે, પરંતુ તેનો સંપૂર્ણ ઉપયોગ કરાયો નથી આગળ ઝાડ વાદળીના આકારનો અભ્યાસ કરી, મનગમતી રચના મળતાં તેને ઝડપી લીધી હોત તો કદાચ સુંદર ચિત્ર ઉપજાવી શકાત. પ્રિન્ટને જમણી બાજુથી સગવડ પ્રમાણે ટ્રિમ કરવાથી સંયોજન સારું બનીને સુંદર બને

બલવન્ત ભટ્ટ

કીટકવંશનો આદિકવિ

ઝ્યાં હાંરી ફાબ્ર

Jean Henry Fabre



માનવીના મનોવ્યાપારનો ઉકેલ કરનાર વિલિયમ જેમ્સ, હેવલૉક એલિસ ને સિગમંડ ફ્રૉઈડ. તથા બાળમાનસની ચિત્રલેખા મૉન્ટેસોરી જેવાંની હારમાં વિરાજતા ફ્રાન્સના આ મહાન કીટકવિની અસાધારણ પ્રતિભા આગળ મૅટરલિંક ને ડાર્વિન જેવાએ પણ ઋણભારથી શિર નમાવ્યું છે



લેખક · શ્રી હરિનારાયણ આચાર્ય

'તમે હૅલિક્ટીને ઓળખો છો?'

આપણાં ઘરની ભીંતે કે ભોંયતળિયાં પર, કબાટનાં ખાનાં કે છત્રીમાં, ક્વચિત્ બીડીએ ફરતા કેટકોશીમાં માટીના ઘર બાંધતી ભમરીઓ; જાળના જાળાંથી ઘરના ખૂણાખાંચરા ભરી દેતા કરોળિયા, ઓરડાના લીંપણની સાંધમાંથી વખતે-કવખતે ઉભરાતા નઘરામાના કીડીમંકોડા: આ બધું જન્મ્યા ત્યારથી જોતા આવ્યા છીએ. સમયની આંખો મીંચાશે ત્યાં સુધી જોયા કરીશું. અગવડે-સગવડે આ બધું નભાવીએ છીએ. અનેક વખત એ બાંધણીતોડી નાખીએ છીએ. છતાં એકે વખત આપણે વિચાર કર્યો છે કે આવી ભાંગતોડથી તે તે પદાર્થોના સર્જક જંતુની મનોદશામાં શા ફેરફાર થતા હશે? ઘર ભાંગતાં ભમરી ત્યાંને ત્યાં જ ફરીફરી ઘર બાંધતી નજરે પડે છે. ઓટલાની સાંધોમાંથી ઊભરાતા મંકોડાનો ત્રાસ ખાળવા સીમેન્ટથી એના પથ્થરની સાંધો ભરી દેવા છતાં સાંજ પડતાં પહેલાં તો સાંધામાંનો સીમેન્ટ ભાંગી કાઢી મંકોડાની લંગર ચાલી જ છે ને! ઝાડ મારીમારી થાકો પણ કરોળિયાના આતાન-વિતાન દોરથી છાપરાં-છાજલીના ખૂણા છવાયા જ જાય છે. જંતુની આવી બધી ક્રિયાઓ પાછળ કયું બળ કામ કરી રહ્યું છે? આ બધો અંધ પ્રેરણાશક્તિ કે ટેવનો પ્રતાપ છે, કે આપણી પેઠે 'આ સારું, આ ખોટું; આથી બગડ્યું તો એને આ રીતે સુધારી લેવાય' આવી કોઈ વિવેકબુદ્ધિનું પરિણામ છે? આ જાણવાની આપણને પડી નથી.

એ વિચારવાનું પ્રથમ સૂઝ્યું ઝ્યાં હાંરી ફાબ્રને. ફ્રાન્સના એ પ્રતિભાસંપન્ન કીટકવિએ આવો વિચાર કરવાની પ્રણાલિકા શરૂ કરી અને ચાળીસ વર્ષ પર્યંત એકધારા અભ્યાસ અને અવલોકન દ્વારા એણે કીટસૃષ્ટિના માનસ વ્યાપારની સમસ્યા ઉકેલવા ભગીરથ પ્રયત્નો કર્યા. માનવીના વર્તનમાં દેખાતી વિલક્ષણતાઓ પાછળ જઈ, એના મનોવ્યવહારનો ઉકેલ કરનાર વિલિયમ જેમ્સ, હેવલૉક એલિસ અને સિગમંડ ફ્રૉઈડ બાળમાનસની ચિત્રલેખા મૉન્ટેસોરી જેવાની હારમાં વિરાજતા આ મહાન કીટકવિની અસાધારણ પ્રતિભા આગળ મૅટરલિંક અને ડાર્વિન જેવાએ પણ ઋણભારથી શિર નમાવ્યું છે. જંતુઓનાં ચમત્કારો માત્ર કેવળ ઉપરથી નોંધ આલેખ્યાં નથી. એણે તો, એની જીવનક્રિયામાં અસાધારણ વિલક્ષણતા, ગર્ભવાસ અને અવનવી ક્રિયાપરંપરા દેખાઈ એવા જ કીટક (પછી ભલેને તે ક્ષુદ્ર રહ્યાં)ને અવલોકનપાત્ર ગણ્યા છે. એ અવલોકનમાં રસ લેવા પ્રેરતો, કીટકસૃષ્ટિનો આ વાલ્મીકિ આપણને પૂછે છે: 'તમે હૅલિક્ટી Halicti*ને ઓળખો છો?' કદાચ નહિ ઓળખતા હો. જીવનમાં આનંદની બે ચાર ક્ષણો ભલે એમાં, Halictiને ન ઓળખવાથી કશી ઊણપ આવવાની નથી. છતાં થોડી ખંતથી એ ક્ષુદ્ર જંતુઓને પૂછીશું તો એમના જીવનની કેટલીય અવનવી વાતો તે આપણને કહેશે. અને એવાની ઓળખાણ કરવામાં નામોશી પણ નથી. એમના સંબંધથી આ ચિત્રવિચિત્ર ગંધર્વનગરમાં જગત વિષેની આપણી સંકુચિત મનોવૃત્તિ જરૂર બદલાઈ જશે. આજ જગ નવરંગ જો તો આવો, આપણે એમનો પરિચય કરીએ. આપણી મહેનત નકામી નહિ જાય એની ખાતરી રાખજો.'

નાના છોકરાને કહાવતો પાઠવતો હોય એમ લાગે. ક્રાન્તદર્શી કવિની વાણી, તત્ત્વજ્ઞાની પ્રજ્ઞા અને પ્રકૃતિપ્રેમીની સહૃદયતાથી આપણને પગ નીચે કચરાતા Halicti જેવાં સામાન્ય પ્રાણીઓની ઓળખાણ આ રીતે કરાવે છે. પ્રાણિમાત્રમાં એને રસ હતો;—વિશેષ કીટકસૃષ્ટિમાં. એમના જીવનવ્યાપારની વિચિત્રતા અને વિવિધતા એને આકર્ષતી હતી. વાડવેલા અને વાડીઓ તેમ ખેતર ખરાબા એનું મન પરીઓનો પ્રદેશ હતો.

ઈ. સ. ૧૮૨૩માં ફ્રાન્સમાં રૂહોન નદીના કાંઠાના પ્રદેશમાં ગરીબ માબાપને ઘેર એનો જન્મ થયો હતો. 'મારા બાપ-દાદા કાળા અક્ષરને કૂટી મારે એવા હતાં. વારસામાં ગરીબાઈ ખેડૂતની અને ભરવાડનું જીવન જીવતા એ વાતાવરણમાં પણ નાનપણથી જ મારામાં અવલોકનનો રસ ઉત્પન્ન થયો હતો. પાંચ છ વરસની ઉંમરે જ હું ઢવારા વાછડાં અને મરઘાંબતકાંની વચ્ચે રહી વિચાર કરતા શીખ્યો. આસપાસ છવાયેલા અજ્ઞાનના ગાઢ અંધકાર વચ્ચે પણ મારામાં બુદ્ધિની ચીનગારી પડી. એની ચિરંજીવ જ્યોત હજુ પણ મારા અંતરમાં પ્રજ્વલિત રહી છે. સૂર્યનો પ્રકાશ, નીડ તમરાંનાં

* ભીની રેતીમાં દર કરી રહેતી મધમાખી જાતનાંમાં પણ એ છે

સંગીત, રૂપ અને પતંગિયાની વર્ણમાળા—આ તેનાં સમજતા, વિચારતા હું અવલોકનકાર બન્યો!'

સાતમે વરસે એ નિશાળે બેઠો. 'અમારી નિશાળ એટલે નિશાળ, રસોડું, શયનગૃહ, ભોજનાલય અને કદીકદી તો મરઘાંબતકાં કે બચ્ચાંને પૂરવાની કોઠ! અંધારી ગુફા જેવા એ ઓરડામાં પ્રકાશ અને પવન આવવા માટે એક જ નાની બારી હતી અને તેની આગળ જ અમારા ગુરુજી બેસતા. ભણવામાં મા બાપ જેવી બાળપોથી ભણાવવા કરતાં ય ગુરુજીનું મહત્ત્વનું કામ તો અમારી લેખણો ઘડવાનું હતું. અમારી કાચી પોથીઓમાં મથાળે સુન્દર મરોડદાર અક્ષરે એ સાદાં અઘરાં વાક્યો લખી આપતા અને એને અનુસરી અમે અમારો હાથ બેસાડવા પ્રયત્ન કરતા. એ ઉપરાંત થોડું ફ્રેન્ચ, બાઇબલની વાતો અને લૅટિનના બેચાર પાઠ, ગણિતમાં સરવાળા બાદબાકી, ભૂગોળ અને ઇતિહાસના નામે મીંડું. પૃથ્વી ગોળ હોય કે ચપટી, એની ને અમારે શી લેવાદેવા? અમારા ગુરુજી વિચક્ષણ પુરુષ હતા. અનેક મિલકતોનો એ વહીવટ કરતા. હજામની દુકાન પણ ચલાવતા. દેવળમાં પ્રાર્થના વખતે ઘંટ વગાડતા. ભજનમંડળી જમાવતા. ઘડિયાળી હતા. ભરતા પાળતા. જરૂર પડ્યે ખેતરમાં નીંદવા લણવા પણ અમને લઈ જતા અને આ બધાં કામોથી નવરા પડે ત્યારે અમને ભણાવતા!'

દસ વરસનો થયો એટલે એણે ગામ છોડ્યું અને રોડેઝની ધાર્મિક શાળામાં એ દાખલ થયો. ભણવા સાથે શાળામાં નોકરી પણ કરતો હતો. છતાં એનો અવલોકનનો શોખ અટક્યો નહિ. રજાના દિવસો આસપાસના ખેતર કે મહીતળાવના વાસીઓનો પરિચય મેળવવા નીકળી પડતો. પણ આ શોખ ઝાઝો વખત ચાલ્યો નહિ. ઘરની ખરાબ દશાને લીધે એને અભ્યાસ છોડી દેવો પડ્યો અને આવીન્યોંની માધ્યમિક શાળામાં તે વિદ્યાર્થી શિક્ષક બન્યો. ત્યાંનો અભ્યાસક્રમ પૂરો કરી, અઢાર વરસની કાચી ઉંમરે કારપાન્ત્રાની પાઠશાળામાં 'સન ૧૮૪૩માં મેં શિક્ષકજીવનની શરૂઆત કરી. કહેવાય પાઠશાળા, પણ અભ્યાસક્રમ તો પ્રાથમિક શાળા જેટલો જ હતો. છાત્રસંખ્યા માત્ર ૫૦! એમાંથી કોઈ મારી ઉંમરના ને કોઈકોઈ તો મારાથી ય મોટા. ધોરણ કે વર્ગવ્યવસ્થા જેવું કાંઈ ન મળે. એટલે એમની આવડતના આધારે મેં ત્રણ વિભાગ પાડી દીધા. સૌથી નાનાને કેવળ વાંચતાં શીખવતો. વચલી શ્રેણીનો હાથ લખવામાં કેમ બેસે એ ઉપર ધ્યાન આપતો અને ઉચ્ચ વર્ગને ગણિત તથા ભૂમિતિની અદ્ભુત દુનિયાની ઝાંખી કરાવતો. આ જ્ઞાનયજ્ઞની દીપશિખા સદોદિત રાખવાના માર્ગમાં એ જ સાધન હતાં: ઉજમ અને ખડીનો કકડો!'

એના અદમ્ય ઉત્સાહ ને શિષ્યસમુદાય સાથે ભળી જવાની ટેવથી એની પાસે ભણનારા વધવા લાગ્યા. એક વર્ગના બે વર્ગ થયા. મદદગાર ઉપશિક્ષક પણ મળ્યો ને એની પ્રતિષ્ઠા પણ વધવા લાગી. આ પ્રતિષ્ઠા ટકાવી રાખવા, ચાલુ અભ્યાસક્રમ ઉપરાંત 'મને થયું કે બાળકને રસાયનશાસ્ત્ર શીખવું. હું જાતે તો એ ભણ્યો ન હતો, પણ મારી ખાતરી હતી કે એના થોડા જ્ઞાનથી વિદ્યાર્થીઓને નુકશાન નહિ થાય.'

અને એ વૃત્તિથી પ્રેરાઈને એને આપણે રસાયનશાસ્ત્ર શીખવતો જોઈએ છીએ. બીજગણિતનું શિક્ષણ લેવા આવનાર વિદ્યાર્થી આગળ અજ્ઞાન દેખાડતાં શરમ આવવાથી, એને બીજે દિવસે આવવાનું કહી, શાળાના પુસ્તકાલયમાંથી બીજગણિતનું પુસ્તક છાનામાના ઉઠાવી લાવી, આખી રાત એ વાંચીને તૈયાર થઈ, બીજા દિવસથી બીજગણિત સહજતાથી શીખવતો જોઈએ છીએ. અહીંનો ઓછો પગાર ને ગુજરાનની નામે એનું નીરસ જીવન તથા મોંઘવારી ને અભ્યાસની તમન્ના એ બેની વચ્ચે એના નાજુક હૃદયને ખૂબ આઘાત પહોંચ્યો છતાં શિક્ષણના કામમાં એ કદી પણ નીરસતા દેખાડતો નહિ. એ ગણિત, બીજગણિત, ભૂમિતિ, રસાયનશાસ્ત્ર વગેરે વિવિધ વિષયો સહજતાથી શીખવતો. સાથેસાથે પોતાનો અભ્યાસ પણ ચાલુ રાખ્યો. એણે ગણિતશાસ્ત્રવિશારદની પદવી મેળવી. એ જ અરસામાં કૉર્સિકાની પાઠશાળામાં ભૌતિક અને રસાયનશાસ્ત્રના અધ્યાપક તરીકે એની નિમણૂક થઈ ને કારપાન્ત્રાના કારાગૃહમાંથી એ છૂટ્યો.

પ્રકૃતિએ જ્યાં છૂટે હાથે સુંદરતા વેરી છે, એવા કૉર્સિકાના પ્રદેશમાં જતાં જ એને પ્રકૃતિના અવલોકનનું વિશાળ ક્ષેત્ર મળી ગયું. 'મારે તો ક્ષ અને જ્ઞની જંજાળથી નવરાશ ન હતી તો ય હું પ્રત્યક્ષ અવલોકનમાં રાચતો. આ જ અરસામાં રેક્વીઅઁ નામના આવીન્યોંના પ્રસિદ્ધ વનસ્પતિવિદ્ અહીં આવી ચડ્યા. બગલમાં વનસ્પતિના નમૂના દબાવવાની પેટી સાથે એને આખો દિવસ પહાડપત્થરમાં રખડતો જોઈ મને કુતૂહલ થયું. ધીમેધીમે મેં એની ઓળખાણ કરી અને થોડા દિવસમાં તો અમારો સંબંધ ગાઢ થયો. પછી તો વનસ્પતિઓ ભેગી કરવા હું પણ એની જોડે આથડવા લાગ્યો. અમે ત્યાંથી એકાદ તરણું, લીલ કે ઝાડની ડાળખી ઉપાડી એની આગળ ધરું કે લૅટિનમાં એનું નામ એ કહી આપે. એના આવા જ્ઞાનથી હું દિગ્મૂઢ થઈ જતો. વનસ્પતિના અભ્યાસનો નાદ મને એણે જ લગાડ્યો. એ જો જીવ્યો હોત તો હું એની ઉદારતાથી બીજું ઘણું યે શીખ્યો હોત.

એની જ જગામાંથી મને તુલુઝના વિખ્યાત અધ્યાપક મોકવા તાંદોંનો પરિચય થયો. એણે મારી આંખો ઉઘાડી. ગણિતશાસ્ત્રના નીરસ વિવેચન ને શુષ્ક સિદ્ધાન્તોને તિલાંજલિ આપી, ડાર્વીનની વનસ્પતિસૃષ્ટિના અભ્યાસમાં જીવનસમર્પણ કરવા પ્રેર્યો.'

સને ૧૮૫૨માં આવીન્યોંની પાઠશાળામાં રસાયન અને ભૌતિકશાસ્ત્રના અધ્યાપક તરીકે એની નિમણૂક થઈ. એ વખતે એની ઉંમર ભાગ્યે જ સત્તાવીસ વરસની હશે. છતાં એની જુવાની, અદમ્ય ઉત્સાહ, અવ્યાહત પરિશ્રમ કરવાની ટેવ, નમ્રવૃત્તિ, સાદું જીવન અને વિશાળ જ્ઞાનસામગ્રી તથા એથી યે વિશાળ ભાવના અને વિચારશક્તિથી એણે અહીં ઊંચું સ્થાન પ્રાપ્ત કર્યું અને આ જ સ્થળે એણે વીસ વરસ સુધી એકધારું શિક્ષણકાર્ય કર્યું. શરૂઆતમાં મોંઘવારી એને મૂંઝવતી, છતાં વાચન ને વિચારમાં એનું દુઃખ એ ભૂલી જતો.


આ અરસામાં એના જીવનમાં એક એવો બનાવ બન્યો કે જેનાથી એની સમગ્ર જીવનદશા પલટાઈ ગઈ. 'શિયાળાની રાત હતી. ઘર ઠંડુ હતું. આખી રાત બળતણ બાળવાની શક્તિ ન હતી. એટલે હોલવાઈ ગયેલા અંગારાની ગરમ રાખની હૂંફે હું એક પુસ્તક વાંચતો હતો. સારા ઘરના ઘોડાવાળાને મળે એનાથી ઓછો પગાર કમાનાર મારા જેવા કમનસીબ અધ્યાપકને વ્યવહારના દુઃખ ને ચિંતાને ભૂલી જવાનો માત્ર આ એક જ માર્ગ હોવાથી હું પુસ્તક વાંચવામાં તદાકાર હતો. એ હતું લેઓં દ્યૂફૂર નામના પ્રાણિશાસ્ત્રીનો લખેલો કીટકવિદ્યાનો એક નિબંધસંગ્રહ. આ પહેલાં પણ અન્ય પ્રાણીઓનો અભ્યાસ કરતાં મેં કીટકોનો પરિચય કર્યો હતો, પરન્તુ આ પુસ્તકે મને નવી જ દૃષ્ટિ આપી. તે રાતથી હું કીટસૃષ્ટિનો પૂજારી બન્યો.'

એ દિવસના પરિવર્તન પછી ફાબ્રે કીટકસૃષ્ટિના પોતાના અવલોકન છૂટાછવાયા પ્રસિદ્ધ કરવા માંડ્યા. જંતુઓના નામકરણની નમાલી અને નીરસ સંકુચિત દૃષ્ટિ છોડી દઈ, એમના વર્તન અને જીવનવ્યાપારના પ્રત્યક્ષ અવલોકન દ્વારા એ જીવનવ્યાપાર પાછળ રહેલી સમસ્યાનો ઉકેલ કરવાના એના પ્રયત્ન અને પરિણામોથી મુગ્ધ બની વિદ્વદ્વર્ગ એના તરફ ખેંચાવા લાગ્યો.

'એક દિવસ અચાનક પાસ્તરે મારા બારણાં ખખડાવ્યાં એ પ્રતિભાસંપન્ન વ્યક્તિને મારા આંગણામાં જોતાં જ ઘડીભર તો હું ગભરાઇ ગયો. ધ્રૂજતે સાદે મેં એને આવકાર આપ્યો. પણ એણે તો મને ઓળખીતો ગણીને મારો ઉપચાર દૂર કરી દીધો. ઘરમાં પેસતા જ સીધા એણે મારી પાસે રેશમના કીડાના કોશેટા લેવા માગ્યા. મારો ઘરધણી રેશમ ઉત્પન્ન કરનાર હતો. એટલે કોશેટા લાવી આપતા વાર ન થઇ. પાસ્તરે એ હાથમાં લીધા, આંગળાંવતી ફેરવી તપાસ્યા, કાન આગળ લઈ જઈ ખખડાવ્યા અને નવાઇ પામી બોલી ઊઠ્યા કે "અરે આમાં તો કાંઈક ખખડે છે ને!" મેં કહ્યું "હા" એણે પૂછ્યું "શું" મેં કહ્યું "સુષુપ્તિ ભોગવતું પતંગિયું." "પણ દરેક કોશેટામાં આવું હોય છે?" મારી હા સાંભળી એ વિચારમાં પડ્યા. કેટલાક કોશેટા ખિસ્સામાં મેલી દીધા અને સાહેબજી સલામ કરી એ રસ્તે પડ્યા.' રેશમનો કીડો શું છે, એનું પ્રાથમિક જ્ઞાન પણ ન હતું છતાં કોઇ અકળ રોગથી નાશ પામતા રેશમના કીડાના ઉદ્યોગને બચાવી લેવાની જવાબદારી લેનાર આ પ્રતિભાસંપન્ન વૈજ્ઞાનિકની આ આત્મશ્રદ્ધા જોઇ હું તો ડઘાઈ જ ગયો. અખાડામાં ઊતરનાર પ્રાચીન મલ્લો દિગંબર બનીને કુસ્તી કરતા. રેશમના કીડાનો તારણહાર બનવા ઇચ્છતો આ અદ્ભુત વિચારક પણ નાગો—કંઈ પણ જાતના પૂર્વાભ્યાસ જનિત પૂર્વગ્રહ કે કીડો ક્યું જંતુ છે એના પણ ભાન સિવાયના કોરા-ચિત્તે આ યુદ્ધ ખેલવા તૈયાર થયો હતો. હું તો આશ્ચર્યમુગ્ધ થયો.' આગ ઓલવવા જવાનું છે, પણ આગ શું અને આગ ઓલવવાનો બંબો અને સૂંઢ શું, એનું ભાને ય ન હોય એના જેવો આ ઘાટ હતો. છતાં એની જવાબદારી તો પાસ્તર જેવા જ ઉપાડી શકે. 'આની મારા ઉપર ખૂબ અસર થઈ એનો દાખલો લઈ મેં પણ નિશ્ચય કર્યો કે જંતુઓની બુદ્ધિ સંપ્રજ્ઞાના પર્યેષણ માટે પૂર્વાભ્યાસ વિના જ હાથ ધરવાં. એટલે હું ભાગ્યે જ આ વિષયનું કોઇ પુસ્તક વાંચું છું ચોપડીનાં પાનાં ઉથલાવતો નથી કોઇને પૂછતો પણ નથી પણ મારા જંતુઓને સામી છાતીએ ભેટું છું, એમનાં જવાબ મળે ત્યાં સુધી ધીરજ રાખું છું આજે આ દિશામાં, તો કાલે બીજી દિશામાં, એમ જંતુઓનાં જીવન મને નવાનવા ઉપદેશ શીખવે છે અને ઘણી વખત ઉકેલ પણ જાતે જ દેખાડે છે કવચિત્ ચોપડીઓ ઉપયોગી પડે છે તોપણ એનાથી મારે આખું મગજ ભરી દેવું નથી એમાં થોડી જગ્યા તો કોરી રાખું છું જ.'

રસાયનશાસ્ત્રના અધ્યાપન સાથે જંતુઓના અવલોકનની પરંપરા પણ આમ એકધારી વહેતી રાખી. એમાં એ રાચતો, પણ વ્યાવહારિક ઝંઝાળો એને મન વળી એક તો ગરીબાઈ. એમાં વધતો જતો પરિવાર. આર્થિક મુંઝવણને એને વધારે કમાણી કરવાના રસ્તા શોધવા પડતા. શરૂઆતમાં એણે પાઠ્ય પુસ્તકો લખવા માંડ્યા સારી અસર ભાષામાં જુદાજુદા વિષયના એણે સો ઉપરાંત પુસ્તકો લખી નાખ્યાં. એમાંથી થોડી આવક થઈ. એ સાથે એણે મજીઠનો રંગ બનાવવાની સાદી સીધી રીત શોધી કાઢી અને એનું કારખાનું પણ બાંધવા માંડ્યું. પણ કમનસીબે એ તૈયાર થાય ત્યાર પહેલાં જ કોલસામાંથી લાલ રંગ બનાવવાની સસ્તી રીત જડી આવી અને મજીઠના રંગનો આખો ઉદ્યોગ પડી ભાગ્યો. જાતે ઉદારમતવાદી હતો, એટલે એણે સ્ત્રીશિક્ષણની ઝુંબેશ પણ ઉપાડી. પોતાની જ પાઠશાળાના અન્ય સહકારીઓની અવકૃપા વહોરીને એણે કન્યાઓને વૃક્ષવિદ્યા અને એના અંગનું સાદું રસાયનવિજ્ઞાન શીખવવા માંડ્યું પરંતુ નામ-લોકનો જ વિરોધ જાગ્યો, એટલે એની આ પ્રવૃત્તિ લાંબી ચાલી નહિ

સ્મણનાના વિષયોનું શિક્ષણ, મનપસંદ વિષયો શીખવવાની



સેરીન્યામાં ફાબ્રની પ્રયોગશાળાનો ઓરડો

સગવડનો અભાવ, સંકુચિત વાતાવરણ, આર્થિક સંકડામણ, ભાંગી પડતા મનોરથ' આમ અનેક દિશાએથી એના સુકોમળ હૃદયને આઘાત પહોંચાડનાર વાતાવરણ વચ્ચે એણે ત્રીસ વરસ કાઢ્યાં અને જર્જરિત દેહ તથા હૃદયે સુડતાળીસ વરસની ઉંમરે આ તીર્થોનો ત્યાગ કરી એણે જગતની જંજાળથી દૂર, સેરીન્યાના શાંત ગામડામાં નિવૃત્ત જીવનનો આરંભ કર્યો ને પોતાનું શેષ આયુ ત્યાં જ ગાળ્યું.

સેરીન્યાના હવાપાણી અને શાંત વાતાવરણ એને ખૂબ ગમી ગયાં. એણે લખ્યું છે 'ચાળીસ વરસની તપશ્ચર્યાનું આ ફળ. અને હું પરમ આનંદનું ધામ, મારું નંદનવન પામ્યો છું—જેની ઝંખનામાં મારી આરથી ઉંમર ગઇ.' સેરીન્યાંના સંતનું આ નંદનવન તે હાથ માપથી ગણું નાનકડું ઘર, થોડાં ફળઝાડ અને બાકી ખરાબાનું ખાલી ખેતર. 'ચાળીસ ચાળીસ વરસની કઠોર તપશ્ચર્યાથી મેં ગરીબાઈ અને નડતરોનો સામનો કર્યો તે આ ફળ સારુ. જમીનનો એકાદ ટુકડો મળી જાય, એકાદ નાનુંસરખું ઘર હોય, તો એમાં હું મારી પ્રયોગશાળા જમાવી દઉં આજે મારી એ સ્વપ્નસૃષ્ટિ સજીવ થઈ. મારા પ્રિય જંતુઓ! ખૂબ મોડું થયું, હો. દાંત પડ્યા ત્યારે સોપારી ખાવા મળી.' ઊગતી જવાનીના નિર્બંધ કલ્પનાક્ષેત્ર આજે સંકડાઈ જતાં દેખાય છે. હોય વીતી એનો શોક શો? હવે તો મહત્ત્વાકાંક્ષા પણ નથી રહી માત્ર એક જ વિચાર આવે છે કે આ બધું મળી લીધું એનું ફળ શું? આવું જીવન જીવવાનો કોઈ અર્થ હશે?' અવગણાયેલ એનું બાળુ હૃદય આશ્વાસન લેતું 'જમીનદોસ્ત થએલાં આ સ્વપ્નમંદિરના ખંડિયેરમાંથી માત્ર એક જ ભીંત અખંડ ઊભી છે' સત્યની શોધનો માર્ગ અદમ્ય ઉત્સાહ. એની મદદથી હું અપૂર્ણ રહેલાં સ્વપ્નો સિદ્ધ કરીશ. જૂના પડોશી મારાં પ્રિય જંતુઓ, હવે નીરાંતે તમારા જીવન ઉકેલીશ કોઈ તમને પૂછે તો કહેજો કે મારો ઝાઝો વાંક નથી જ્યારે વખત જ વેરી નીવડ્યો ત્યાં મારું શું ગજું? અરેરે! આદર્શો, સ્વજનહીન હું પરાણે દહાડા કાઢતો. પેટમાં દાણાનો ખાડો હોય ત્યાં જ્ઞાનગોષ્ઠી શી રીતે થાય? આટલું કહેજો અને એ મને માફી આપશે'

અધ્યાપકજીવનમાં પોતાના પ્રિય વિષય—કીટ અવલોકનનાં સાધનો વસાવવાના અનેક મનોરથ એ ઘડતો. પણ એ વાંઝિયા જ રહેલા. 'જિંદગીમાં મને થોડીક ચીજોની હંમેશાં આકાંક્ષા રહી છે. એક તો મારા આંગણામાં નાની તળાવડી હોય: માણસોની અવરજવરથી છેટે નહીં, એની સાથે રહેતા જંતુઓની જીવનચર્યા હું નિરાંતે નિ-

હાળી ગઇ પણ એવાં નશીબ ક્યાંથી? એટલે એના અભાવે મેં નાનકડા કાચના પાંજરામાં પાણી ભરી મારી પંપા બનાવી લીધી કે મરેલાં પ્રાણીઓનાં હાડમાંસ ખાઇ, પ્રકૃતિનું ભંગીકર્મ કરતી જીવસૃષ્ટિને વગડામાં રસ્તા વચ્ચે બેસી અવલોકતો જોઈ, જનારઆવનાર મને ચસકેલો ધારતા એ અપવાદમાંથી છૂટવાની મારી બીજી આકાંક્ષા એક સ્વતંત્ર ઘરની હતી. એ ગળતા જ મેં ગાડું મનગમતું પાંજરું બનાવી આંગણામાં અધ્ધર લટકાવી દીધું કે પછી મરેલા ઉંદર, સાપ વગેરે મગાવી એમાં મૂકી દઉં છું અને એનો આહાર કરવા આવનારા જીવ જંતુઓને નીરાંતે અવલોકું છું.' પણ આ બધું તો ચવાની સેવા પૂરતું જ. પ્રકૃતિના નૈસર્ગિક સાધનોની નાલેશી ન આવે, એનું એને ખરું ભાન હતું 'અનાવશ્યક તળાવડાથી ભલેને આખી પ્રયોગશાળા ભરી નાખો, પણ એકાદ ગ્રાપટથી ભરાએલા ખરિયામાં ખદબદતી જીવાતની પરખે એ બીચારા તળાવડાની કોડીની ય કિંમત નથી.'

ખરાબો ગળતાં જ એણે કીટકસૃષ્ટિનો એકાંતિક અભ્યાસ આરંભ્યો. એ એની પ્રયોગશાળા બની ગયો. એકલો ખરાબો જ નહિ એનું આખું ઘર માખીઓ, વીંછી, પતંગિયા, કીડા, કરોળિયા વગેરેથી ભરેલું સંગ્રહસ્થાન જ બની ગયું હતું. એમાં નવા મહેમાન એટલે જગ્યાના અભાવે જૂનાને જતા કરવા પડે એમને છૂટાં કરતી વખતે વિરહવેદનાને મમતાથી એ વ્યાકુળ થઇ જતો. 'મારી આંખો આગળ તમે જન્મ્યા. મારા હાથે મેં તમને ઊછેર્યા, ખાવાનું આપ્યું, સુંવાળી રેતની પથારીમાં સુવાડયા. ઇંડામાંથી ઝળકીને હું જનનો રખે તમારા રૂપરંગ બદલાઈ ગયા હોય અને હું એ જોતા રહી ના હોઉં. તમે તો મને ખૂબ શીખવાડયું. પણ તમને મારી પાસેથી કશું જ જાણવા ન મળ્યું. તમે તો વગર ગુરુ કર્યે બધું શીખ્યા. ખેર આપણો આટલો જ ઋણાનુબંધ. જાઓ સિધાવો સ્વચ્છંદે. કા મન કરો પણ જોજો પેલી ખટગાડીના પંજામાં ન પડતા. કીડા પણ વાટ જોતા બેઠા હશે. એમના હાથમાંથી છટકી જઇ તમારો વંશવેલો વધારજો, જેથી જીવનની જે થોડીઘણી આનંદની પળો તમારી પાસેથી પામ્યો છું, એવું જ સુખ તમારા વંશજો પાસેથી મારા જેવા બીજા પણ પામે.'

રાત પડે, અંધારું થાય અને એ ખરાબાનું સંગીત સાંભળવા નીકળે. 'આજે તો ગામમાં સ્વતંત્રતાદિનનું સંગીત ચાલી રહ્યું છે. હોળી રમતા છોકરા નાચી રહ્યા છે. શરણાઇઓ વાગી રહી છે. મંદિરના ઘંટનાદ પણ સંભળાય છે. પણ મારા કાન આ બધું સાંભળતા નથી. મને તો કેવળ મારા ખરાબાના તમરાંજીવડાંના મધુર સંગીત જ સંભળાય છે. એમાં સાદાઈ અને સુંદરતા તથા શાંતિનાં બળ ભર્યાં છે. એ સાંભળવા માટે તો લોકોત્તર શ્રવણશક્તિ જોઇએ. 'કુલક': એક ખૂણેથી સ્વર નીકળે છે. 'કિલક': બીજો એમાં સૂર પુરાવે છે. 'કુલૌક': ત્રીજાની પૂર્તિ થાય છે અને પછી 'કુલક' 'કિલક' 'કુલૌક', 'કુલક' 'કિલક' 'કલૌક'ની સ્વરપરંપરા ચાલી જ છે ને. આદિ યે નહિ અને અંત પણ નહિ. માત્ર શ્રુતિરૂપે એ અત્યંત આહ્લાદ આપે છે.'

અભ્યાસમાં આટલી તન્મયતા છતાં અલ્પ અને પરિમિત સાધનોથી ક્વચિત્ એ અકળાઈ જતો. એવે પ્રસંગે એને થઈ આવતું કે 'પૃથ્વીના ખૂણે ખૂણે ફરી વળી, અનેક મહાસાગર ખૂંદતા ઉત્તરથી દક્ષિણ ધ્રુવના પ્રદેશને પગ તળે કાઢી, અશેષ પ્રાણિજીવનના પ્રત્યેક આવિષ્કારને ફંફોળવા જેને સંપત્તિ મળી હોય, એ મનુષ્યને ધન્ય છે. રૉબિન્સન ક્રૂઝોના પરાક્રમ વાંચી નાનપણમાં હું આવી મુસાફરીઓ કરવાનાં મધુર સ્વપ્ના ઘડતો. પણ હાય નસીબ બધુંયે હરી અને વધતા જતા પરિવારની જવાબદારીમાં મારા એ મનોરાજ્યના

ભાંગીને ભુક્કા થઈ ગયા છે. ભાગ્યવંતના સ્થાન જંગલો, આફ્રિકાના આગળ ભરેલા વન, એન્ડીઝની ગગનચુંબી ગિરિમાળાઓ, એ બધાંને હવે તો મારા ખરાબામાં, મારા ગરીબ આંગણાની વેંત ભોંયમાં જ સમાએલાં જોવાં રહ્યાં.' પણ એથી એ હતાશ થતો નહિ. 'હોય એનો ગોખ શો કરવો? જેને કેવળ જ્ઞાનોપાર્જન જ કરવું છે, એણે આવી દૂર દૂરની યાત્રાઓ કરવી જ જોઇએ, એવું કાંઇ નથી. પરન્તુ આંગણામાંથી પણ અવલોકન દ્વારા અદ્ભુત આવિષ્કારો મળી આવે છે. એટલે મારી વાડીમાં જ હું આવી દૂરગામિની યાત્રાઓ કરું છું. કોઈ વાર આ સામગ્રી, ચારે ખૂણાને આવરી લેતી, લાંબામાં લાંબી, ક્વચિત્ આ ખૂણેથી પેલા ખૂણા સુધી, નાની નાની આડી આ તરણાંને પણ, પણે પેલા ઢોંગાની કેસર સાગુ પાણે ભરતે જવાબ મળે, વખતે દિવસો લાગે પણ અહીંના એકે એક વસનારને હું ઓળખું છું. કયાં કોણ ભરાઇ બેઠો છે, એ મારી ધ્યાન બહાર નથી હોતું.' આમ નાગરગામના રૂંધાતા જીવનમાં ભરાઈ બેસવા છતાં પણ એની કાન્તદર્શી દૃષ્ટિએ કીટકસૃષ્ટિના અત્યંત દુર્ગમ અને લોકોત્તર સત્યો શોધી કાઢ્યા છે. કદાચ દુનિયાની યાત્રામાંથી પણ એને આવું જોવાનું તો ન જ સાંપડયું હોત.

એના મનથી કીટકસૃષ્ટિમાં કોઈ હલકું, તુચ્છ ન હતું. પ્રત્યેક જંતુને એ પોતાનું સગકેરું ગણતો. એમનાં સુખદુઃખ સગાંઓનાં જેવો એમની પ્રવૃત્તિમાં રાચતો. એમની વેદના અને આનંદની લાગણીઓ સાક્ષાત સમજી અનુભવી શકતો. એ એમની સાથે વાતો કરે, એમને સમજાવે, એમને મદદ પણ કરે. આવી સમજશક્તિને લીધે જ એ કીટકવૃંદના ચમત્કારી જીવન આલેખી ગયો છે. ગુલીવરની મુસાફરી કે જુલે વર્ન અથવા કૅપ્ટન મારિયટ ઉપરની અદ્ભુત પરાક્રમકથાઓને પણ ઝાંખી કરે એવી કીટકજીવનની જીવનવાર્તાઓ એણે માંડી છે. એને જ વર્ણન કરવાનું હોવાથી એના આલેખનમાં શાબ્દિક ચમત્કાર કે ભાષાની કૃત્રિમતા નથી હોતી. કલ્પના ને વાગ્વૈભવનો આશ્રય લીધા સિવાય એ કથાઓ એણે કહી છે. એમાં તન્મય બની ક્વચિત્ એ શાસ્ત્રીયતાને પણ વીસરી જાય છે. પણ એની એને પડી નથી. "જંતુલોકમાં જાય તમારા એ વર્ગીકરણ. જંતુને છ પગ હોય કે આઠ પગ: એની જીવનક્રિયા અવલોકનારને એની સાથે શી નિસ્બત? ક્યાં એને ઝાંઝર લટકાવવા છે?"

એના મદદકર્તામાં તો એના સંતાનો. પૉલ, મારી અને આના. 'એમની ચપળ આંખો મારી ઊતરતી અવસ્થામાં ક્ષીણ ગતી નજરને તેજ આપતી.' બધાને શીખવી પણ હાથ હૂંફાળે. નોકર બાઈ પણ એમાં શામેલ હોય. પાડોશી કે ચવાણાની લાલચ આપી ગામના છોકરાની મદદ પણ એ લેતો. તેથી તરેહતરેહની જાતના જંતુઓ પકડી લાવી એનું ઘર ભરી દેવાની ચટમાચટરી ચાલતી. 'એક દિવસ કાળીઆનો છોકરો શા- આપવા આવ્યો. ગાડું આપીને પૈસા નાખી લીધા. પછી પોતાની બધ મૂકી ગાઢી આનન્દ ધરીને બોલ્યો: 'આવું કાંઇ આપશો?'' મેં કહ્યું "જરૂર લાવ, લે આ પૈસા. બીજો જોઈશે ત્યારે એટલાં લાવજે. એ ખુશ થઇ ગયો." કાળીની આનંદની માત્રા પણ હજારગણી વધી ગઇ, કારણ એ હતો એક જાતના પતંગિયાનો કોશેટો, જે મેળવવા મેં પાછલા વીસ વરસથી તલસી રહ્યો હતો.' એના આ સાથીઓ બધા યે અભ્યાસુ ન હતા. મોટે ભાગે તો ગામડાના મજૂરવર્ગના સંતાન હતા. 'ગામના બરવાડના છોકરાને છાણિયા જીવડાંના દર ઉપર નજર રાખવાનું કહ્યું હતું. એક દહાડો અચાનક મારે ત્યાં આવી પહોંચ્યો. એના હાથમાં જમરૂખ જેવો છાણનો દડો હતો. છાણિયાના દરમાંથી ઉપાડી લાવેલો એને માનીને

જોતા ગાર્ગી અમુક મ્હેનતાઓનો અંત ન થઈ જતો મેં જોયો. બીજે દહાડે વહેલી સવારે હું એની સાથે ગયો. કાળિયાનું એક દર અમે ખોદી કાઢ્યું. હાથેક ઊંડતાં અંદર પહોળો ઓરડો નીકળ્યો. એની વચ્ચોવચ છાણનું બનાવેલું નાળિયેર પડ્યું હતું કાળિયાની માદા-એ. ઈંડામાંથી નીકળતાં બચ્ચાના ખોરાકની બધી જરૂરિયાત પૂરવા આ સંગ્રહ કર્યો હતો. ગીરમીટ ખોદનારને અમારા જેટલો રસ ભાગ્યે જ થયો હશે. હું હસી પડ્યો અને હર્ષના જોરમાંના અજ્ઞાન સાથી પણ નિર્દોષ ભાવે હસી પડ્યા એને બીચારાને ક્યાંથી ભાન હોય કે મારા હસવા પાછળ તો, ત્રીસત્રીસ વરસ સુધી જેનો કેડો લાવવા હું મથી રહ્યો હતો તે મયડાનો ઉકેલ આજે અચાનક હાથ લાગવાથી ઉપજેલો સંતોષ અને સફળતાની લાગણી કારણભૂત હતી

અને આ અવલોકનના આવિષ્કારોનો જ્ઞાનભંડાર તે એના Souvenirs Entomologique. સાહિત્યના ક્ષેત્રમાં એણે પ્રવેશ કર્યો, ભમરીના વંશનાં પરોપજીવી કીટ-વિશેષના જીવનવ્યાપાર વિષે નિબંધ છપાવીને. આ પ્રથમ પ્રયાસથી જ એની પ્રતિષ્ઠા સ્થપાઈ ગઈ. ફ્રાન્સની સર્વોચ્ચ વિદ્વત્પરિષદે એને વગર માગ્યે પારિતોષિક આપ્યું. આ એક જ નિબંધના પરિશીલનથી સમર્થ અંગ્રેજ પ્રાણિ-વર્ગવિશારદ ડાર્વિને એનું પ્રથમ પંક્તિના વૈજ્ઞાનિક રૂપે અભિનંદન કર્યું. પછી તો એનો યશોરાશિ વિસ્તરવા લાગ્યો. કીટકના નામ તથા એમનાં ઉપરના અને અંતરરચનાના આધારે કરાતા વર્ગીકરણ વિષે તો અગાધ સાહિત્ય પડ્યું હતું. પરંતુ એમના સ્વભાવ વિષે એમની અહેતુક જણાતી વિચિત્ર ટેવો વિષે, કયા બળના પ્રેર્યા એ જીવનની વિવિધ ક્રિયાઓ કરે છે એ વિષે પ્રથમ વિચારણા લખનાર તો ફાબ્ર જ. એણે કશું ય નવું શોધી કાઢ્યાનો દાવો કર્યો નથી જે દેખાય છે તેને ઉકેલવાનો પ્રયત્ન માત્ર કર્યો છે વિજ્ઞાનના અદ્ભુત આવિષ્કારોથી એણે વૈજ્ઞાનિક જગતમાં ખળભળાટ મચાવ્યો નથી કેવળ સત્યના અન્વેષણથી જ એ આટલી અમોઘ કીર્તિ પામ્યા છે. છતાં એનો એણે ગર્વ કર્યો નથી 'નદીતટની રેતીના એ-ચાર કણ ફેરવ્યા એથી હું શું અનંત મહાસાગરના નીરની અગાધ-તાનો તાગ થોડો જ પામી શકવાનો હતો ? અરે, ભાઈ ' જીવન તો અનભિજ્ઞ રહસ્યોથી ભરેલું છે. ક્ષુદ્ર મનાતા આ કીટક જગતના જીવનવ્યાપારની સમસ્યા ઉકેલતા પહેલાં તો મનુષ્યનું નામ પણ પૃથ્વી-તલ પરથી ભૂંસાઈ ગયું હશે.' એની આ નમ્રતાથી ઊતરાઈ કેટલાક જડ વૈજ્ઞાનિકો એને પોતાના ચોકામાં લેવાની ના પાડે છે. પણ પ્રયોગ-શાળામાં ગોંધાઈ રહેતા આવા વૈજ્ઞાનિકો એના અવલોકનોથી સંતા-પાય ન સંતોષાય એની ફાબ્રને ચિંતા નથી. એને તો આખા જગત-ની આંખો ઉઘાડવી છે જરીબ હોય કે તવંગર, ભણેલો હોય કે અ-ભણ. બધાયને આ ક્ષુદ્ર ગણાતી કીટકસૃષ્ટિની અદ્ભુતતાઓ જોતા, એથી અહોભાવ કરતા કરે છે. એથી જ એણે, પોતાના અવલોકનોને પાંડિત્યના ડોળ કરી શાસ્ત્રીય પરિભાષાના દુર્ગમ અરણ્યમાં બનાવ્યા નથી. ભાષા પર અસાધારણ કાબૂ, રજ પણ અતિશયોક્તિ વિના સત્ય વસ્તુને સાદા સુરેખ આપવામાં કહેવાની ટેવ, આ એના લખાણના મુખ્ય ગુણો છે. ક્વચિત્ કવિત્વના ચમકારા દેખાય છે ખરા, પણ તે કેવળ કલ્પનામૂલક નહિ પણ વસ્તુસ્થિતિને રોચક બનાવવા પૂરતા. આ ગુણોને લીધે એનાં પુસ્તકો સામાન્ય જનતા તેમ શિક્ષિતવર્ગ ઉભયને આકર્ષે છે. એની આ સરળતાના કદાચિત્ કેટલાક પણ ભોગ છે એ વર્ગ છે:

'કોઈને મારી શૈલી નથી ગમતી. ન જ ગમે. વિજ્ઞાનવેત્તાઓના જડભાંતોડ શબ્દોના ખડકલા કરતા મને આવડતું નથી. એમના મનથી તો, જે સરળતાથી વંચાય સમજાય એ તે વળી વૈજ્ઞાનિક સત્ય કહેવાતું હશે ? પણ એમને મારી અરજ છે કે મુરબ્બીઓ, આપ તો જંતુને ચીરીચૂંથી એનું રહસ્ય જાણવા મથો છો; હું એમને જીવતા અવલોકું છું. આપના હાથમાં એમની મધ્યાના ટુકડા થઈ અનુકંપા દેખાય છે, મારા હાથે એમના ઉપરમ ગીત ને એવા અખંડિત મનોહર રહે છે. આપ શવચ્છેદના ઓરડામાં ગોંધાઈ રહો છો; હું ખુલ્લામાં આકાશ અને આંબો ઠારતા વનવગડામાં એમની ગોઠવણ શોધું છું. આપને રસ અને રસાયણના ગમાગમનિક સ્વરૂપ શોધવા છે, મારે એમની વિચારશક્તિ અને સંવેદનના અદ્ભુત આવિષ્કારોના રહસ્ય જોવા છે. આપ મૃત્યુમાં રાચો છો; હું જીવનની સમસ્યા ઉકેલવામાં હરખાઉં છું ' જીવનનું રહસ્ય તો જીવતા પ્રાણી પાસેથી જ જડવાનું, એમ એ માનતો; એટલે જંતુઓના સ્વભાવ જાણવા માટે એમને કામ કરતા જ અવલોકવા જોઈએ, એ પર એ ખૂબ ભાર મૂકતો. એના હાડમાંસ ચૂંથવા રહેવા કરતાં એથી સજીવ જંતુશાસ્ત્રનો અભ્યાસ, અર્થાત્ જંતુની પ્રત્યક્ષ ક્રિયા, એનું વર્તન, એની સ્વયંપ્રેરણાજનિત વિવિધ ટેવો, પ્રેમ અને ક્રોધ જેવી રાગદ્વેષની લાગણીઓ, આદિ એની જીવનક્રિયા તથા ચિત્તની વૃત્તિઓના આવિષ્કારો એ જ Souvenirsના લેખનનું પ્રધાન વસ્તુ હતું

પ્રાણીઓના વર્ગીકરણ કરી, જંતુના નામ પાડી, ગણતરી તેમને ભગવાને કે સામા એણે કૃતકૃત્યતા માની ન હતી. વિભાગજ્ઞ વ્યવસ્થા-ને એ સત્કારતો, પણ એમાં જ અભ્યાસની પર્યાપ્તિ ન માની લેઈએ એનું એ માનતો જંતુઓની અહેતુક દેખાતી પ્રત્યેક પ્રવૃત્તિનું રહસ્ય શોધવાનો પ્રયત્ન એ કરતો. દુરાગ્રહ કે પૂર્વગ્રહ ભાગ્યે સ્થા-પિત સિદ્ધાંતની બાધકતાના વિચારથી ન અટકતા, જંતુજીવનના પ્રત્યેક આવિષ્કારને ઉકેલવાનો પ્રામાણિક પ્રયત્ન એ કરતો (એથી જ એના લેખોનું અન્ય નામ 'Studies in Instincts and Habits of Insects' રાખ્યું છે.) આ અલ્પકાય પ્રાણીઓની પ્રત્યેક સ્વાભાવિક ક્રિયા પાછળ કંઈ ચોક્કસ હેતુ કે યોજના, નીતિ કે વ્યવસ્થા રહી છે કે કેમ, એ ક્રિયાનો બાધ કરી કાંઈ પ્રતિક્રિયા કે વિક્રિયા થાય તો એ પ્રસંગ જંતુ કેવું વર્તન દાખવે છે. વિક્રિયાને વિફળ કરવા એ જાતને વર્તન બદલે છે કે કોઈ પ્રતિબંધક નથી જ ક્રિયા કરે છે અથવા સ્વભાવાનુસાર બધી ક્રિયા કર્યે જાય છે કે પછી હત-બુદ્ધિ થઈ નિષ્ક્રિય બને છે, એનું આ બધું વર્તન એના અનેક પૂર્વ-જન્મના સંસ્કારોનો જડ અનુવાદ છે કે એના નાના મગજમાં રહેલી કોઈ સૂક્ષ્મ, સદસદ્વિવેકશક્તિપ્રેરિત બુદ્ધિવ્યાપાર છે,—આવા પ્રશ્નોનો ઉકેલ શોધવા એણે પ્રયત્ન કર્યો અનેક નવીન યુક્તિ-ઓ રચી જંતુઓને જીવ.ણ આપના કરવાના માર્ગ શોધી કાઢ્યા. એ માટે ન તો એણે કોઈની મદદ લીધી કે ન એ પરદેશીઓના સુપ્રસાધન આપણ્યાં. એના સાધનો અને એની યુક્તિપ્રયોગો એ જીવડા પોતે જ. 'એને પૂછો તો ખરા. પહેલું હાથમાં આવ્યું એને નહિ પણ પેલી ભમરીના મનોવૃત્તિ એ ખરેખર ઓળખાવું પારખવા શકે છે ? પણ આ શું, અજ્ઞ વિવેકશક્તિનો અર્થ શો ? તત્ત્વજ્ઞાનીઓ એની અનેક વ્યાખ્યાઓ આપશે; પણ આપણને એના બાહ્યપમ ગમ્યું ન પાલવે. જંતુઓ પૂરતી એની વ્યાખ્યા કરતા સદસદ્વિવેકશક્તિ એટલે કે ગુણ કર્મમાંથી મારકણી મર્યાદા ભાગે, નામનથી ગાળવનું સ્વરૂપ વિચારે, અકસ્માત પ્રતિકૂળતા આવતા એનો ઉપાય શોધે. આવું કંઈ ય પ્રાણીઓમાં જણાય છે ? ક્રમાનુ ક્રમાનુ વધતો મનોકલ્પ ભાગ એ નમક જો એનાં વર્તનમાં એવી કંઈ અંતર જણાય છે?

પરિચિત થતા એની સ્વાભાવિક ક્રિયાઓમા પ્રસગાનુરૂપ પરિ-વર્તનુ દેખાય છે?'
ચાળીસ વર્ષના સતત પરિચય, અવલોકન અને અનુભવથી એ ના કે 'આ નિષ્ણાત ગર્ભવેદો, અદ્ભુત શરીરશાસ્ત્રીઓ કઈ જ જાણતા નથી હોતા એમનો શિકાર શા હેતુથી છે, એની પણ એમને ખબર નથી હોતી' મનુષ્યની બુદ્ધિને કુંઠિત કરી નાખતી, એમની આ સ્વય પ્રેરણાશક્તિમા બુદ્ધિ કે વિચારનો છાટો ય દેખાતો નથી એમનામા ભાવિપ્રબધના વિચારનો અણુ યે પ્રત્યેક પ્રસગે એમનામા વિચાર અને વિવેકશક્તિનો અત્યત અભાવ જ નજરે પડે છે' આવી નિરાશાજનક શોધ કરવા છતા કીટકો પ્રત્યેનો એનો આદર ઘટતો નથી. એવા જ ગાઢ રહેતા જોઈએ છીએ કારણ ક્રિયાઓ ભલે આપમેળે થાય, પણ એના પરિણામોની ચમત્કૃતિ કે મહત્ત્વ એથી જરાય ઓછા નથી થતા આ અધકારમા જ્ઞાનનુ એકાદ કિરણ પણ જોયુ હત તો એને પરમ સતોષ થાત પણ અનેક પ્રયત્નને અને ય ના વ્યાપારમા એણે સ્વય 'દેવ'નુ જ બળ પ્રવર્તતુ જોયુ છે
પણ આટલા ખુલાસાથી એનો અતરાત્મા સતોષાતો નથી આ યે કિંકર્તવ્ય તત્ત્વાનુલક્ષી વિચારકની જિજ્ઞાસાથી આ 'દેવ'નુ ય શોધવા મથે છે કીટસૃષ્ટિના આ બધા પ્રત્યક્ષ વ્યાપાર પાછળ નક, અજ્ઞેય જે સત્તા સચાર કરી રહે છે કે પછી આ બધુ ધકા વેંક, અધકારમાથી, કોઈ જાતના પૂર્વાપર સબધ સિવાય જ બન થાય છે? 'જતુની પ્રણાલિકા, વશપરપરાગત અનુભવ અને જમાના ગોળીબાર સમી ક્રિયાઓનો જ પરિણામ છે? અધકાર, અજ્ઞતામાથી આવી નિયમબદ્ધ ક્રિયાશક્તિ, પ્રત્યવાયના ઉપાય અગમચેતી, મૂર્ખતા સમી દેખાવા છતા સાચી બુદ્ધિમત્તા જન્મી શકે ખરી? હુ જેમ જેમ વિચાર કરુ છુ તેમ તેમ મને તો આ બધા અદ્ભુત વ્યાપાર પાછળ એક ચોક્કસ યોજના જ નજરે પડે છે' એ યોજનાની કલ્પાદક બુદ્ધિશક્તિને ઈશ્વર કહો, વિશ્વનુ આદિકારણ કહો અથવા અજ્ઞેય તત્ત્વ કહો અને અજ્ઞાણ હોવાથી એ શક્તિને સહજ આપવા અજ્ઞેય તત્ત્વ કહો ને 'ઈશ્વર' નામે સબોધે છે, પણ નાસ્તિકો સાથે એને મારામારી નથી માત્ર જગતની વિવિધતાનુ મધ્યાવર્તી બળ તો મોઈ, બધા કાર-ણો આદિકારણ, બુદ્ધિઓનુ કેન્દ્રસ્થાન, એક અદ્ભુત સર્વજ્ઞ, સર્વ-શક્તિમાન, સર્વાધાર બુદ્ધિવાળુ તત્ત્વ છે, એટલુ તો એને મન ચોક્કસ છે, સર્વાધાર બુદ્ધિવાળુ તત્ત્વ છે, એટલુ તો અને મન ચોક્કસ કારક ફેબ્રી 'બુદ્ધ' ચનાના પરિશીલનમાથી એણે સત્યનુ આલુ દર્શન કર્યું ને Souvenirs Entomologiques દ્વારા જગતને કરાવ્યુ
આ 'સુવેનીર' એક અખંડ ગ્રથ નથી પણ છુટા છુટા નિબધોનો સગ્રહ માત્ર છે મધમાખી, તીડ, તમરાં, વદા, છાણિયા, ભમરી, કીડી ને કરોળિયા જેવા પરસ્પરવિરોધી સ્વભાવવાળા અનેકવિધ જતુઓના જીવનનો આ કથા-સરિતાગાર હજાર હજાર પાનાના દસ ગ્રંથોમાં વહેંચાએલો છે એમાથી વીણીવીણી એના કરેલા મહત્ત્વના લેખોના એક સગ્રહ અંગ્રેજી ભાષામા અનુવાદ પામ્યા છે

ફાબ્ર ફ્રાન્સનો વતની હતો ફ્રાન્સ-એનુ ગામ પણ-છોડીને એ બીજે કદી યે ગયો ન હતો, એટલે એના બધા અવલોકનો ફ્રાન્સમા મળી આવતા જતુઓ વિષે જ છે તેમ એમાના ઘણાખરા જતુઓ મળી આવતા જતુઓ વિષે જ છે તથા એમના નિકટના સગાવહાલા પૃથ્વીના મોટાભાગના દેશોમા નજર એમના નિકટના સગાવહાલાં પૃથ્વીના મોટાભાગના દેશોમા મળી આવતા હોવાથી, એના અવલોકનો દરેક વાચનારને પ્રેરક થઈ પડે છે વળી ફાબ્રના પગલે ચાલી, જગતના પ્રત્યેક દેશના માર્ગદર્શન કરાવે છે વળી ફાબ્રના પગલે ચાલી, જગતના પ્રત્યેક દેશના વિજ્ઞાનિઓ આજે પોતાના દેશની કીટકસૃષ્ટિની જીવનકથાઓ લખવા માડી ગયા છે ભારતવર્ષના પણ અતિસામાન્ય બગારી કરો-ળિયા જેવા વિષે અવલોકન કરનાર એક પુરુષાર્થી નીકળ્યો છે એનુ નામ આર ટબક્યુ છ હિંગ્સ્ટન. હિમાલય અને ઉત્તર ભારતના પ્રદે-શોમા અઠ્ઠાવીસ વર્ષ પર્યંત એકચિત્તે અવલોકન કરી, આ નિપુણ અંગ્રેજ ડૉક્ટરે એના પરિણામો ત્રણ ગ્રંથ રૂપે પ્રસિદ્ધ કર્યાં છે A Naturalist in Hindusthan, A Naturalist in the Himalayas અને Problems of Instinct and Intelligence. ફાબ્રને જીવનમા ઝાઝી સગવડો મળતી નથી, કુદરતપણુ અર્થ, આનદ કે શાંતિની માત્રા સિવાય, જેની આખી જિંદગી જીવનસગ્રામમા ગઈ છે, છતા કુદરતના, સત્ય અને જ્ઞાન માટે જે તલસે છે, એવા ગરીબમા ગરીબ અભ્યાસીને પણ ઘર આગળ ઘણુ જોવાનુ શોધવાનુ, વિચાર-વાનુ મળે તેમ છે અને એ બધુ ય ખર્ચાળ સાધનો વિના એની પ્રેરણા અને માર્ગદર્શન (ફાબ્ર અને) હિંગ્સ્ટનના અવલોકનોમાથી મળી આવે છે વળી ભૌતિક જીવનની પર જઈ, વિશ્વની મારામારીનો કે આદિ-કારણ અને અત્યવ્યવસ્થાનો વિચાર કરનાર આ યાત્રાવાદીની જિ-જ્ઞાસા પણ આ અવલોકનો દ્વારા કઈક અશે સતોષાય છે

આખી જિંદગી ઉપેક્ષા અને ઉપહાસના અંધકારમા ડૂબી રહેવા છતા અચાનક એક દિવસ કીર્તિ એના દ્વાર ઠોકતી આવી ઊભી અને ૧૯૧૦મા નેવુ વરસની ઉમરે આવી-યોમા એની જયતિ ઉજવાઈ ફ્રાન્સ-ના પ્રજાસત્તાક રાજ્યનો પ્રમુખ પોતે એને અભિનદન આપવા સ્વય આવી પહોંચ્યો આવ્યા દેશભરના વિદ્વાનો ને રાજપુરુષો આવ્યા વિશ્વની અનેક વિદ્વત્પરિષદોએ પોતાના પ્રતિનિધિઓ મોકલ્યા માનપત્રનો એના પર વરસાદ વરસ્યો પચાસ વરસથી બંધ પડેલુ એનુ પેન્શન આખુય આપવામા આવ્યુ એના પ્રયત્નોને આખરે મળેલા આ બહુ-માનથી એને ખૂબ લાગી આવ્યુ ઉપકારભારથી નમ્ર વદને એ સત્કાર સમિતિનો આભાર માનવા લથડતે પગે ઊભો થયો, પણ બે બોલ બોલતા તો એનુ કોમળ હૃદય ભરાઈ આવ્યુ નાના બાળક પેઠે એ મુક્ત કઠે ભર સભામાં રડી પડ્યો આખી સભા પણ એની સાથે રડવા લાગી

ઝાખી થતી આંખો અને લથડાતા શરીરે એની જિંદગીનો અવશેષ ભાગ પૂર્ણ કરતા સને ૧૯૧૫ની સાલ આવી પહોંચી વિશ્વયુદ્ધની નોબતો ગડગડતી હતી પણ ભીષણ સંગ્રામમા જગલીઓના હાથે રહેંસાતા બાળભાઈઓના રક્તથી એની પ્રિય ભૂમિને રગાતી જુએ ત્યાર પહેલા જ, તા ૧૧મી ઑક્ટોબરના રોજ સાજના ૭ વાગ્યે ફાબ્રે આ લોકનો ત્યાગ કર્યો જૂના વિચારને ટપતા એના અન્વેષણોથી, જીવતા તો એ નાસ્તિક ગણાયા હતો, પરતુ એના અવસાન બાદ એની મહત્તા સમજનાર ધર્મગુરુઓએ એના મૃત દેહને ખ્રિસ્તી વિધિથી પ્રાર્થનામદિરની પવિત્ર ભૂમિમા માન અને ભક્તિપૂર્વક સમાધિ બક્ષી

નવાં પુસ્તકો

ઐતિહાસિક વાતો (ભાગ બીજો) લેખિકા-દિવાળીબાઈ ઓધુભાઈ રાઠોડ, પ્રકાશક-કેશવ ભિકાજી ઢવળે શ્રી સરસ્વતીસદન, બનામ હોલ લેન, ગિરગામ, મુબાઈ ૦-૪-૦, **શ્રી જગન્નાથ મહાદેવ આર્ચ્યુ** લેખક પ્રકાશક ડભિયાગરનર ૭ ડાકર, ધારી-કચ્છ, આબૂદ, અમૂલ્ય, **સંગીત પ્રવેશપોથી** ભાગ પહેલો લેખક-રતિલાલ રા અધ્વર્યુ પ્રકાશક-ઉપેન્દ્ર આર અધ્વર્યુ શ્રી જગદ્ગુરુ આશ્રમ, પોરબંદર, (શ્રીમનાથ) બી એમ દવે (કાઠિયાવાડ) ૦-૮-૦, **ફુવારા** (હાસ્ય રમની ટૂંકી વાર્તાઓ) લેખક-'જયભાન', પ્રકાશક-બાવકૃષ્ણ પ્રભાકર પુરોહિત, વિદ્યો-વિચા જ્યુબિલી શાક મેરી પાછળ, રાજપીપળા(રેવાકાંઠા), ૦-૧૨-૦.

ભૂતકાળની શોધમાં

કચ્છના રણપ્રદેશ પર જ્યાં એક કાળે સાગર ઘુઘવતો તેના અવશિષ્ટ બેટો ને ખંડિયેર બંદરોની ભાળ કાઢવા માટે કરેલા પગપાળા પ્રવાસની લેખમાળા

૩ વાછડાદાદા

વાછડાદાદાની દહેરીને ફરતા દરબાર ખાટા ઊભેલા હતાં ને ત્રીસપાત્રીસ માણસોની ત્યાં ઠઠ્ઠ જામેલી હતી બધા મારી સામે જોઈ રહ્યા કે શહેરનો માનવી વળી અહીં ક્યાંથી આવી ચઢ્યો પાટલુન પહેરેલી હોવાથી ઘણાખરાએ મને મુસલમાન ધારી લીધેલો, પણ મારા ભોગિયા ઢેડે બધાને જાણ કરી કે હું 'મસલમાન નથી પણ મહારાજ' છું. મોટા શહેરનાં લોકો આવા જ કપડાં પહેરે છે ને હું છેક અમદાવાદ જેટલેથી વાછડાદાદાની માનતાએ આવ્યો છુ અમદાવાદ જેવા મોટા અને દૂરના લોકો પણ વાછડાદાદાની માનતાએ આવવા લાગ્યા છે એ જાણી બધા દાદાના મહિમાને વખાણવા લાગ્યા દહેરીની બાજુના ઝાડ નીચે મારા ગાસડાપોટલા મૂકી દહેરીમાં જઈ દાદાને પગે લાગ્યો, નાળિયેર વધેર્યું અને લાડુનું નૈવેદ્ય ધરાવી પછી બધાને એ પાચ શેર વજનની પરસાદી વહેંચી દીધી. આ પછી ત્યાંના બવો કે જે એક રબારી હતો તેણે એક વાડકામાં રાખેલી ખીચડી ભરી લાવીને મારી સામે ધરી દીધી. લોકોએ મને કહ્યુ કે મહારાજ આ ખીચડી લેવાની ના પાડતા નહિ તમે શહેરના માણસ છો એટલે તમે અજાણ્યા છો. દાદાના દરબારમાં હિંદુ-મુસલમાનનો ભેદ નથી અહીં આ જૂથમા કેટલા ય મુસલમાનો પણ માનતાએ આવેલા છે આભડછેટ રાખ્યા વગર બધાને આ ખીચડી ખાવી પડે છે એ દાદાની પરસાદી છે. જો કોઈ ના પાડે તો દાદાનો કોપ વહોરવો પડે ધર્મ કે નાતજાતના ભેદભાવ વગરની વાછડાદાદાની એ ખીચડી મેં આનંદથી આરોગી ને પછી ઝાડને છાંયડે ગોતિયુ પાથરીને પડ્યો અને હવે અહીંથી આગળ ક્યાં જવું તેના વિચારમા ગરકાવ બન્યો

'મહારાજ, કઈ ચોપડી ભણ્યા છો?' મારી સાથેની થોડીક ચોપડીઓ ને ઉમરનો વિચાર કરી બાજુમા પડી રહેલા એક માણસે પ્રશ્ન કર્યો

'હજુ તો ઘણુ ભણવાનુ બાકી છે.' મેં ગોળગોળ જવાબ આપ્યો

'શાની માનતાએ આટલે આઘેથી દાદાના દરબારમા આવ્યા છો?'

માનતા બાનતા તો મારે કશાની હતી જ નહિ, એ તો દસાઈ પડેલો એટલે વગર માનતાએ માનતા ઉતારવી પડેલી તો પણ પ્રશ્નકર્તાને સંતોષવા મેં ઉત્તર આપ્યો: 'ભાઈ, એ વાત તો દાદા જાણે કે હુ જાણું. બીજા કોઈને કહેવા જેવી નથી.'

હવે વાત આગળ ચાલી. શહેરના માણસની આ વાતો સાંભળવા લોકોનું ટોળુ જામી ગયુ 'મહારાજ' ગાંધી મહાત્મા હમણા ક્યાં છે?' ટોળામાના એકે પૂછ્યુ.

'થોડાક દહાડા ઉપર તો રાજકોટમાં હતા, પછીની કાંઈ ખબર નથી.'

મેં વાત ફેરવીને ધાર્મિક પ્રસંગો ઉપાડ્યા કે શહેરના લોકો ધર્મ ખોઈ બેઠા છે ને ધર્મ તો ગામડાંઓમા જ સચવાયેલો છે શાસ્ત્રની વાતો, ભક્તિનાં દૃષ્ટાંતો અને પૌરાણિક પ્રસંગો વગેરેની ચર્ચા ચલાવી અને તેથી બધા લોકો મારા પ્રત્યે ખૂબ આકર્ષાયા હવે સાડા ત્રણ વાગ્યા અને કેટલા યે લોકો ગાડાં જોડવાની તૈયારી કરવા લાગ્યા, પણ મારે હવે શું કરવુ તેની ખૂબ ચિંતા થવા લાગી. રણમા કાદવ હોવાથી પાછા ઝિંઝુવાડે જવાય તેમ નહોતુ. અરે, સામે કાંઠે ફતેહપુર સુધી પણ પહોંચાય તેમ નહોતુ વળી રાત્રે વાછડાદાદાનો બેટ સૂનો પડ્યો હોય છે માણસો આવા જતા રહે છે એટલે ત્યાં રાત ગાળવાય તેમ પણ નહોતુ

'મહારાજ, તમે તો ભારે ભગત છો; ખૂબ સારતર ભણેલા છો' એક ડોશી એમ બોલતા મારી પાસે આવીને ઊભા રહ્યા

'જ મારે ગામ ચાલોને, ત્યાં મહાદેવ છે, ભારે પરચો આપે છે, એમના દરશન કરજો બે'ક દિવસ રોકાજો ને આદરિયાણુ ત્યાંથી ઢૂંકડુ છે, જતાઆવતા કોઈક ગાડામા તમને બેસાડી દેશુ આદરિયાણે મોટર મળે છે ને સીધા અમદાવાદ ચાલ્યા જજો '

વાછડાદાદાએ જાણે કે પરચો બતાવ્યો હોય તેવુ મજેનું વાગ ગને થયુ મારી ચિંતા ટળી મારે તો ગમે તેમ નિર્જન રણની વચ્ચોવચ આવેલ એ બિહામણો બેટ મૂકવો હતો, એટલે ડોશીનુ ગામ ક્યુ તે પણ મેં ન પૂછ્યું ને હા પાડી દીધી ડોશીનું ગાડુ જોડાવાને કલાકની વાર હતી. હવે મારી ચિંતા મટી, એટલે બેટ ઉપર સંશોધન કરવા નીકળી પડ્યો.

કાઠિયાવાડના બરડા બારાડી પ્રદેશમાં વાછડાદાદા ગામે ગામે પૂજાય છે એનુ થાનક આવે કે દરેક ઘોડેસવાર ઘોડા ઉપરથી ઊતરીને થોડેક સુધી ચાલે એટલુ બધુ એમને ત્યાં માન છે. ઢોરઢાંખર ફાટે કરડે એટલે લોકો વાછડાદાદાની માનતાએ આવે. જેમ અહીં વાછડાદાદાને હિંદુ અને મુસલમાન બધા માને છે, તેવી જ રીતે બરડા બારાડીમા પણ માને છે ફેર એટલો છે કે ત્યાં મુસલમાનોએ વાછડા પીર તરીકે તેમની જુદી સ્થાપના કરી છે

ગુર્જરભૂમિમા અણહિલવાડ પત્તનના સોલંકી રાજ્યવંશનો દીપક હોલવાયો અને તેનુ સ્થાન દિલ્હીની ઇસ્લામી સલ્તનતે લીધુ સોલંકીઓ વેરણછેરણ થયા, અનેક શાખાઓમા વહેંચાયા અને નાના રાજવીઓ કે ઠાકોરો તરીકે જ્યાંત્યાં નાનાનાના પ્રદેશો ઉપર રાજ્ય ચલાવવા લાગ્યા મેવાડમા રૂપનગરના અભેદ્ય કિલ્લામાં તેમની એક શાખા સ્થપાઈ, મહી કાંઠે વીરપુરમા એક સ્થપાઈ, લુણાવાડા અને ગોધરા વગેરે કેટલા યે નાનામોટા રાજ્યો મૂળરાજ અને સિદ્ધરાજના વંશજોએ સ્થાપ્યા એવી જ એક સોલંકી વંશની શાખા બેચરાજીની નજીક કાલરીમા સ્થાપિત થઈ આ શાખામા મુસ્લિમ મધ્ય કાળના કોઈ સમયે વત્સરાજ સોલંકી નામના રાજવી સોળ વર્ષની ઉમરે કાલરીની ગાદીએ આવ્યા.

સિદ્ધપુર અને અણહિલવાડ પત્તનને પાવન કરનારી પ્રાચી સરસ્વતી ઉર્ફે કુવારકા નદી પુરાતન કાળમા જે સ્થળે કચ્છના રણસાગરને મળતી ત્યાં એના સંગમમુખે એક મોટું બંદર આવેલુ હતુ કોલ્હાપુર પત્તન તેનુ નામ હતું એવું પુરાતત્ત્વ સંશોધન હવે પછીના હપ્તામા આવશે. રણસાગર સુકાતાં કોલ્હાપુર પત્તન પડી ભાગ્યુ અને તેણે કુવર નામ ધારણ કર્યું. કુવારકા નદી જ સ્થળે આવીને સાગરને મળી એ સ્થળને લોકસમાજે કુવર નામ આપ્યુ કુવારકાના આ કુવર નગરને આગણે મુસ્લિમ મધ્ય યુગમા એક રાજપૂતી સના તપતી હતી એ કઈ સના ને ક્યા વરસ તેની ભાળ મને હજુ મળી નથી એ ગમે તે હો પણ કુવરના રાજવીની કુવરીનુ સગપણ કાલરીના નવજુવાન રાજવી વત્સરાજ સોલંકી સાથે થયેલુ અને પછી લગ્નનો પ્રસંગ આવ્યો મોટી ધામધૂમથી કાલરીથી વત્સરાજની જાન જોડાઈને કુવર આવી ચોરીમા પરણવા બેઠા. ત્રણ ફેરા પૂરા થયા ત્યાં તો કુવર નામ ઉપર કચ્છના આયરો તૂટી પડ્યા ને ગામનુ

ઘણુ પાણી જવા લાગ્યા ચોકીએ સાદ સનળાયો'
પોપટ પારવા લાગી રાખુ રમતુ મેલ્ય.
ઘણુ આવ્યુ વણિમર, વેગટ નાવી વાછગ *

આયો કેરો આતુરો ગાભી ઓળ વયેનો મીંઢળબંધો વત્સરાજ ગાયોની વહારે ધાયો ને આયરોની પૂઠ પકડી. આયરોએ રણના માર્ગે કચ્છ તરફ મોટ મૂકી કુંવરથી ચાર પાચ ગાઉ આગે રણમા આવેલા એક નાના બેટ પાસે વત્સરાજે આયરોને પકડી પાડ્યા ખૂબ ધીંગાણું મચ્યું અને કમનસીબે મીંઢળબંધા વત્સરાજ સોલંકી ત્યા મરાયા નાવરી અને કુંવરના પ્રદેશોમા હાહાકાર વર્તી રહ્યો વત્સરાજ (વછરાજ-વાછરો) સોલંકીની એ બેટમા લોકોએ દફન-ક્રિયા કરી પાળીઆ રોપ્યા તેની સાથે તેનો વફાદાર કુતરો પણ મરાયો હતો એટલે તેને પણ માણસની પેઠે ચિતાપર બાળી તેનો પણ પાળીઓ રોપ્યો હાલ પણ એ આજે એ બને પાળીઆ મોજુદ છે લોકસમાજ વછરાજને પૂજવા માંડ્યા ને એ વછરાજ દાદા કહેવાયા અને તેમના નામ ઉપરથી એ બેટ પણ વછરાજબેટ કહેવાવા લાગ્યો વત્સરાજ ગાયોનું રક્ષણ કરતા મરાયા, એટલે ચારણ અને રબારીઓ કે જેઓનું જીવન ગાયભેંસો પર નભે છે, તેમનામા બીજી કોમો કરતા વધુ પ્રમાણમા એમની માનતા પ્રચાર પામી વાછડાદાદાનો ભુવો પણ હમેશ રબારી જ હોય છે કચ્છના વાગડ પ્રદેશની દક્ષિણે રણમા એક વેણુ નામનો બેટ છે, તેમા પણ વાછડા-દાદાનુ સ્થાનક છે અને ત્યા તેઓ વેણુના નામથી પૂજાય છે. ઉત્તર-ના વઢિયાર, ઝાલાવાડ અને ખાગેપાટ પ્રદેશ, કાઠિયાવાડના ...ડ અને કચ્છના વાગડ પ્રદેશમા વાછડાદાદાની માનતા બહુ ...ત છે અને આ પ્રદેશોના લોકો તેમની માનતાએ વછરાજ...રા આવેલા તેમના થાનકે આવે છે ભાગ્યે જ એવો દિવસ જાય કે આ પ્રદેશોના પાચદસ માણસ ત્યા ન આવ્યા હોય, અલ-...ત, ચોમાસામા રણમા પાણી ભરાવાથી આ જાત્રા બંધ રહે છે.

કાઠિયાવાડના બીજા કોઈ ભાગમા નહિ ને વાછડા-દાદાની માન-તાના વિસ્તારથી ખૂબ દૂર અને વેગળા એવા બરડાબારાડી પ્રદેશમા એમની માનતા ક્યારે અને શી રીતે પહોચી તે વિષે હાલ હુ કાંઈ કહી શકતો નથી આ પ્રદેશના લોકો માનતાએ વછરાજબેટ આવતા નથી ને તેની તેમને ખબર પણ નથી પણ પોતાના પ્રદેશમા ઠેક-ઠેકાણે તેમણે એમના થાનકો સ્થાપેલા છે ને ત્યા જ માનતાએ જાય છે

વછરાજબેટમા વાછડાદાદાના થાનકની બાજુમા જ તેમનો અને તેમના કુતરાનો પાળીઆ ચોકાએ મને બતાવ્યા કમનસીબે રબારી-ઓએ કુહાડીઓ ઘસીઘસીને એ પાળીઆઓનો ઉપરનો ભાગ એટલે સુધી ઘસી નાખ્યો હતો કે તેની ઉપરનુ લખાણ તો તદ્દન સાફ થઈ ગયુ હતુ એ મળવાથી કદાચ તો વાછડાદાદાના સમય તથા તેમના મૃત્યુપ્રસગ વિષે કેટલુંક જાણવાનુ મળત.

વાછડાદાદાની દેરીની બાજુમા પાણીનો એક કુંડ હતો તે બાંધેલો નથી, પણ જમીનમા ખાડો છે કે તેમા ખારું અને ડહોળુ પાણી ભરેલુ રહે છે પણ લોકો ભક્તિપૂર્વક તેનુ પાન કરે છે

જે ડોશીમા મને સાથે લઈ જવાના હતા તેમનું ગાડુ હતુ એ ગાડાનો ગાડાવાળો મુસલમાન હતો અને તે પણ વાછડાદાદાની માનતાએ આવેલો હતો. ગાડીઆમાં ડોશીમા, તેમની દીકરી અને હું એમ ત્રણ જણા હતા ગાડુ ઉપડ્યું પણ ક્યે રસ્તે જવા ઉપડ્યુ તેની મને કાંઈ ખબર નહોતી પૂછવાની પણ મારે કાંઈ જરૂર નહોતી, કારણ મારે તો આજે વછરાજ બેટ મૂકી દેવો હતો, અને જહાજઘરમા જ જવાનુ થાય તો પણ મને મંજૂર હતુ હુ સવારે આવેલો તેની સામેની દિશાએ ગાડુ ચાલ્યુ જતુ હતુ આ બાજુ જગાપણુ સાફ નહોતો, કારણ આ વિસ્તારમા હાલે વરસાદ પડ્યો નહોતો એક ગાઉ ચાલ્યા પછી રણમા અમારા ગાડાની જમણી બાજુએ બે તદ્દન નાના પણ ઝાડપાનથી ભરપૂર એવા બેટો પસાર થયા ડોશીમા અને તેની દીકરી વાતો કરવા લાગી કે અહીંથી સામે કાંઠે રૂપેણ નદી (પચાસરવાળી) રણને મળે છે અને ચોમાસામા તેના પૂરનુ મીઠુ પાણી આ બેટો લગી આવી પહોચે છે

સાંજ પડવા લાગી આશરે પાંચ થયા હશે અનાજ ગાડુ રણના નાકાની નજીક આવ્યુ રણના આ તટપ્રદેશની પાળે ઊગેલા જંગલી લૂણીની લાંબી હાર દેખાવા લાગી દેખાવ દરિયાકાંઠાના જેવો જ હતો અને એવો ભાસ થતો હતો કે જાણે હુ હોડીમા બેઠો છુ, ગાડા-મા નહિ હવે કાંઠો આવ્યો, ગાડાને ઊંચી જમીન ઉપર ચઢવુ પડ્યુ ડોશીમા બોલ્યા કે હવે તારાનગર ટૂંકુ આવ્યુ સામે એક બંગલો દેખાતો હતો ડોશીમા અને ગાડાવાળો વાતો કરવા લાગ્યા કે એમા લાઈનદોરીનો સાહેબ રહે છે.

સૌરાષ્ટ્ર ઉપર લાખ ભમી તીરમનામની લાઈનદોરી ખંભાતના અખાતમા ઘોલેરાથી માંડી તેની ભેગો માઇલ ઉત્તર આવેલા કચ્છના મોટા રણને કાંઠે નગરપારકર સુધી લંબાએલી પડી છે દરેક માઇલે એક એક થાણુ છે એ દરેક થાણેદાર પોતાના તાબાના એક માઇલ-ના વિસ્તાર ઉપર નજર રાખે છે કે રખેને કાઠિયાવાડ અને કચ્છ તરફના કોઈ વટેમાર્ગુ જકાત લીધા વગરનો લાઈનદોરીને ઓળંગી જાય' દર પાચ થાણાએ બે ઘોડેસવાર અનર નો માઢિયા સવાર નીમાએલા છે એમનુ કામ પાચ માઇલના વિસ્તારમા રાત્રે સતત ચાલ્યા કરીને ચોકી ભરવાની દર દસ કે પંદરમે માઇલે એક નાનો ઇન્સ્પેક્ટર છે. એવી આ તીરમનામની લાઈનદોરીની વ્યવસ્થા છે લાઈનદોરીની પોતાની સડક છે, જેના ઉપર રાતદિવસ ઇન્સ્પેક્ટરો કે બીજા અમલદારોની મોટરો ફર્યા કરે છે આવો કડક પહેરો છતા કચ્છના રણમા થઈ આ તરફ ઝાડીના ફાવતા લાઈનદોરીવાળાઓની આ... સિફતથી પસાર થઈ હારીજ, રાધનપુર ને પાટણની બજારોમા પોતાનો માલ ઠલવ્યા કરે છે તેની વાતો મારા સાંભળવામા આવી.

તારાનગર આવ્યુ નામ ઉપરથી મને લાગ્યુ હતુ કે એ કોઈ મોટુ ગામ હશે, તેમા બજાર વગેરે હશે. પણ ત્યા તો આઠ દસ ઝૂપડાં જ નજરે પડેલા ત્યા પાણી પી ફરી આગળ ચાલ્યા. હવે રાત પડી ગઈ હતી. મને ગાડામા બેઠા બેઠા જરા ઝોકુ આવી ગયેલુ એટલે રસ્તામા શુ બન્યુ તેની ખબર નથી રાત્રે આઠ વાગ્યે ગાડાવાળાએ મને ઉઠાડીને કહ્યુ કે 'લીલો મહારાજ! કુવર આવી ગયુ આવો તમારા ઉતારાની સગવડ કરી આપું' કુવર આવ્યુ? એ તો વાછડાદાદનુ જ ગામ! મને નવાઈ લાગી છેક આઠમાથી લીતરની વખતે જ મને ખબર પડી કે મારે આજે કુંવર આવવાનું હતુ'

(ચાલુ)

અમૃતલાલ વ. પંડ્યા

---

* આ દુહો બરડા-બારાડી તરફ પ્રચલિત છે તે છે વાછડાદાદાના મૂળપ્રદેશ વઢિયારમા તેમના ચરિત્ર વિષે આવા દુહા કે રાસ પ્રચલિત છે કે કેમ તેની તપાસ હુ કરી શક્યો નથી તેનુ કારણ મારી મુસાફરીમા ડગલે ને પગલે આવતી મુસીબતો હતી બરડા-બારાડીમા મુસલમાનોએ એમને પીર માન્યા છે ને આ પ્રસગ વિષે તેમનામા જુદો જ કરુણ દુહો પ્રચલિત છે

વાય ઉડાણુ વાછડો, મક્કે મદીના,
દોતરો અલ્લી સેતલો, શાહ હુસેન લે પીયા

જીવનનું પરોઢ ભાગ ચોથો


પ્રકરણ ૩૭

વીંધાએલું હૈયું

બાપુજી આગ્રધામાં છૂટી આવ્યા તેથી અમે બાળકો હરખ-ઘેલા થઈ ગયાં. અમારું રોજનું કામ બધી દોડાદોડ કરવા લાગ્યાં અને બાપુજીનાં દર્શન આડે લડતને ને જેલવાસીઓને ઘડીભર વિસરી ગયા. પરંતુ બાપુજી તો પોતે જેલમાંથી છૂટ્યા કે ક્ષણભરનો યે વિલંબ કર્યા વિના લડતના કામમાં રોકાઈ ગયા. શરીરે તો, સુકાએલું એમનું શરીર ખૂબ જ વિસામો માગતું હતું. હડતાળિયાઓની સાથે જ્યારે તેઓએ કૂચકદમ કરી ત્યારે એમની નસ નસ થાકથી જર્જ જર્જ થઈ રહી હતી. શરીરના હાડમાંસ એક થઈ ગયા હતા. જેલમાં જઈ બેઠા ત્યારે મહિનો સવા મહિનો આરામ મળ્યો, પણ તેમાં કળ વળવા કઈ માત્રા મળે? સુકાએલું શરીર તો ખૂબ પોષણ માગે, જ્યારે જેલમાં મુઠ્ઠીભર મગ મેવો, બે લીંબુ ચાર ટમેટાં એમ ગણ્યું-તોળ્યું ખાવાનું મળતું તેમાંયે તેમનું અન્નશાસ્ત્ર ગાળતું એમાં શરીર કેટલુંક વળે? લોકો કહેતા કે 'બાપુજીએ જેલમાં શરીર ઠીક સુધારી લીધું', પણ મને તો એ સુધરેલું શરીર પણ ડરામણું કે ખાતું હતું. તેઓ રાત્રે આવ્યા ત્યારે તો કેવળ એમના પાતળા સાદી જેવા હાથ અને ક્ષીણ અવાજથી જ એમની નબળાઈની અટકળ કરી શકાઈ, પણ પછી જ્યારે દિવસને અજવાળે એમનાં દર્શન થયાં ત્યારે ગયાને દુઃખ દરમ્યાન એ દેહયષ્ટિ કેટલી વધુ સુકાઈ ગઈ હશે એની અટકળ બાંધવી પણ અશક્ય થઈ પડી. કાનથી માંડીને નાક સુધીના જડબાની ઉપરનાં હાડકાં બંને બાજુ ઉપસી આવ્યાં હતાં. ગોળ ચહેરો લાંબો લાંબો થઈ ગયો હતો. હાથપગ એટલા પાતળા કે જાણે એ બાપુજીના જ ન હોય. અને છતાં જેલમાંથી છૂટીને તરત એમણે રાત દિવસ એક કરી નાખ્યા! શરીર નહિ, અંદરનો આત્મા-પ્રાણ જ જાણે ઝળહળી રહ્યો હતો.

સત્યાગ્રહીઓ અને હડતાળિયાઓનો ઊછળતો માનવસાગર બહાર છોડી જેલમાં જઈ બેઠા કે તરત ભગવાનની લીલા ભગવાનને સોંપી પોતે તામિલ ભાષાના અધ્યયનમાં ડૂબી ગયા. જે હજારો ગરીબ હિંદી ભાઈબહેનો આફ્રિકામાં હતા તેમાંનો ઘણો મોટો ભાગ તામિલ બોલનારો હતો. એમની સાથે દિલ ખોલી વાતો ન કરી શકાય, પોતાના હૈયાની હૂંફ એમને આપી ન શકાય એ બાપુજીને ખટકતું રહેતું, એટલે જેલમાં તામિલ ગ્રંથોનું પાન કરી જનતાની સાથે તદ્રૂપ થવાનો રચનાત્મક કાર્યક્રમ બાપુજીએ ચલાવ્યો. એક આદર્શ વિદ્યાર્થીની જેમ પોતાના ભણતર સિવાય બહારની રાજનૈતિક ઉપાધિને તેમણે કોરે મૂકી દીધી. પણ એ જ બાપુ આગ્રધામાં છૂટ્યા કે તરત એમણે જનતાના દુઃખશોકનાં પૂર ખાળવા માટે પાછી કમર કસીને આખી લડતના સેનાનીનું કામ સંભાળી લીધું.

પોતાની ગેરહાજરીમાં લોકોએ કેવાં કેવાં બલિદાન આપ્યાં, સરકારે કેવો કેવો ભોગ લીધો એ જેમ જેમ તેઓ સાંભળતા ગયા, જેમ જેમ જોતા ગયા, તેમ તેમ એમને અંગે અંગે લ્હાય લાગી. પણ ક્રોધ-બળતરા કોના પર ઠાલવે? બધી આપદા પોતાની જ નોતરેલી હતી. પોતે અનંત દુઃખ વેઠવા તત્પર હતા. પોતાના દીનનિષ્ઠ સાથીઓ પાસે પણ માથાં પડતાં ને મરતાં સુધી પાછા ન ખસવાના સોગન લેવડાવ્યા હતા. પણ આવાં તો અકલ્પિત બલિદાનો હતાં




● લડતમાં જે નિર્દોષ ગરીબો મરાયા તેમનાં બલિદાન સાથે તેમજ પાછળ રહેલાઓનાં ઘવાએલાં હૈયાં સાથે તદાકાર થવા માટે બાપુજીએ પોતાની તપશ્ચર્યા અને ત્યાગમાં વધારો કરવા, જેલમાંથી છૂટી આવીને બીજે જ દિવસે એ ગરીબ મદ્રાસી ગિરમિટિયાઓનાં લુંગી ને પહેરણ (ને ઉઘાડા પગ)નો લિબાસ ધારણ કરવાનું વ્રત લીધું

હરબતસિંહ પોણોસો વરસનો બુઢ્ઢો જેલમાં મરણ શરણ થએલો અને બહાર ઍન્થની મુત્તુનો બાપ તથા બીજા હડતાળિયાઓ ગોળીએ વીંધાઈ મરણ શરણ થએલા. ગોળીથી ઘવાએલો ઍન્થની મુત્તુ, એનો નાનો ભાઈ અને કુમળી બહેન તેની વિધવા મા ફીનિક્સ આવેલાં ત્યારે તેમનું દુઃખ જોયું નહોતું જતું. સુઆંદનો કિસ્સો પણ સાંભળવો એ હૃદયભેદક હતો. આ ઉપરાંત બાપુજીના જેલમાંથી છૂટી આવ્યા પછી ત્રીજે જ દિવસે જોહાનિસબર્ગમાં કુમારી વાલિયામાનું જેલમાંથી છૂટતાની સાથે મરણ નીપજ્યું એ બનાવની એકસામટી અસર બાપુજીના કુમળા હૃદય પર ખંજર ભોંકાવાથી યે વધુ થઈ. ફૂલડી સમી, જે હજુ ઘરની શીળી છાયામાં લાંબું આયુષ્ય ભોગવી શકે એવી હતી તે કુ. વાલિયામાનું બલિદાન સ્વેચ્છાનું હતું. એની મા અને સખીઓને આ ઘા કારમો હતો. બાપુજી એમના શોકમાં શો ભાગ લે?

ઊકળતા તેલના પેણામાં કૂદી પડનાર ભક્ત સુધન્વા બાપુજીની અનેક ધ્યાનમૂર્તિઓમાંની એક રહેલી છે. અસહ્ય વેદનામાંયે શીતળતાનો અનુભવ માણવાનો કીમિયો એ સત્યાગ્રહની ખરી કસોટી બાપુજીએ માની છે. એટલે પોતાનું કે પારકાનું દુઃખ ગમે એટલું અસહ્ય હોય તો યે બાપુજી પાસે જીવનને બાળી જનારી ગ્લાનિ, ક્લાન્તિ કે લાચારી જેવી વસ્તુ ફરકી જ શકતી નથી. સેનાની એવા પોતાને પણ આગ લાગવા લાગે તો સ્વાર્પણ-ત્યાગ તપસ્યા અને બલિદાનનું પાણી છાંટતા જાય. અને બીજી તરફ સેનાનીની કઠોરતાને ધાત્રી-પણાની છાયામાંથી કુમાશ લેવી હોય ત્યારે ઘવાએલાં હૈયાં સાથે તદાકાર થયા વિના પણ કેમ ચાલે?

આ બધાનો ફળ હતો કેવળ પોતાની તપશ્ચર્યા અને ત્યાગમાં વધારો કરવો. પણ બાપુજીએ એ તો જેલ જતાં પહેલાં જ ઉઘાડી ડોકે વધારી દીધેલો અણગાર વેશ-ની ટોપી અને અદ્ધર કફની પર એ ગુજારો કરતા હતા. શરીરની આવી જેટલી આકૃતિ આપ્યા પછી દુઃખી લોકો સાથે સમાનતા માટે વધુ શું થઈ શકે? બાપુજીની અમોઘ







ડાબી બાજુથી: જેલમાં મરણશરણ થએલો પોણોસો વરસનો બુઢ્ઢો હરબતસિંહ, ૨૩-જેલમાંથી આવીને તરત મરણ પામેલી કુ. વાલિયામા; છેલ્લે—જેનો બાપ ગોળીથી વીંધાઇ મરણ પામેલો અને પોતે ગોળીથી ઘવાએલો તે ઍન્થની મુનુ, તેનો નાનો ભાઇ તથા વિધવા માતા

દ્રષ્ટિએ આનો ભલે તોડ કાઢ્યો અને જે ગરીબડા મરાયા એમનો લેબાસ ધારણ કરવાનું વ્રત લીધું એટલે છૂટીને ફીનિક્સ આવ્યા એ રાતે બાપુજીએ મનનકાકાને જે વાત કરી એનો સાર આ હતો.

'મારે હવે ભોળા, નિરક્ષર હબશીઓએ પોતાની આહુતિ આપી. એ કેવળ મારી પાછળની શ્રદ્ધાને બળે લડાઇના દાવાનળમાં કૂદી પડ્યાં. દેવનું ન જાય એટલું દુઃખ તેમણે વેઠ્યું છે એમનાથી જુદો કેમ રહું? હવે મારે એમનામાંના જ એક બનીને રહેવું જોઇએ. ત્રાસ વચ્ચે જવું પડે કે રાજધાનીમાં જવું પડે, જ્યાં સુધી રંગભેદની આ લડતનો અંત નહિ આવે ત્યાં સુધી કોટપાટલૂન વગેરે હું નહિ પહેરું. ઉજળા સમાજમાં માઝા વિનાનો દેખાઉં તો તેની દરકાર નહિ. એ નાના સમાજમાંના એક બની રહેવાની જરૂર નથી. મારે તો આ હબશી હિંદી ગિરમિટિયામાંના એક બનીને રહેવું જોઇએ. લડતને લીધે થએલી વિધવાઓના આંસુ લૂછવાને માટે આટલું તો કરવું જ જોઇએ. આવતી કાલથી એક લૂંગી ને એક સાદું પહેરણ એટલો જ મારો વેશ રહેશે. ચાકુ, પેન્સિલ, ટાંકણીઓ, કમાલ વગેરે ચીજો રાખવા માટે કરણનમાં આવતી માથે એક બગલથેલો સીવડાવી લઇશ. લૂંગી પહેરણ આજે જ તૈયાર કરી આપો.'

મનનકાકાએ દલીલ કરતાં કહ્યું, 'લૂંગી કરતાં ધોતિયું પહેરો તો કેમ? હરવા ફરવામાં પણ એ ફાવશે અને એ આપણો અસલી પહેરવેશ પણ રહેશે.'

બાપુજીએ કહ્યું, 'વાત સાચી, મને ધોતિયું ગમે પણ ખરું, પરંતુ અત્યારે સવાલ ગિરમિટિયાઓનો છે. એમાંનો મોટો ભાગ મદ્રાસી, એટલે એમના સમોવડિયા થવા માટે મારે મદ્રાસી લૂંગી જ પહેરવી જોઇએ. સાથી લૂંગી ઓઢવાનું નહિ હોય એટલો ફેર. તેઓ ઘણાખરા માથે તો કંઇક ને કંઇક બાંધે છે, પણ આપણે માથે પહેરવાનું પહેલેથી જ છોડ્યું છે, એટલે એ ફરી શરૂ કરવાની જરૂર નથી. પગમાં સૅન્ડલ્સ (ચંપલની એક વિશિષ્ટ બનાવટ) પણ હું નથી રાખવાનો. અસંખ્ય ગિરમિટિયાઓને પગમાં ક્યાં કંઇ પહેરવાનું મળે છે?'

'પણ આપના પગ એટલા કસાએલા નથી. ખાણીમાં કાંકરા ખૂંચશે. અને ચાલવાનું તો આખો દિવસ રહેવાનું.'

'કોઇ ખરું: મારા પગનાં તળિયાં તમારા બધા કરતાં વધુ આગળાં છે, પાની તરડાએલી રહે છે; પણ લોકોને દુઃખ ભાગ્યા પછી જ ત્યારે મારે ય કંઇક તો દુઃખ ખમવું જોઇએ ના? બહુ પીડા થશે તો જોઇશું. ઝીણી ચવાશે એટલું જ ને?'

આમ ફીનિક્સના એકાંત ખૂણામાં મધ્યરાત્રિએ મનનકાકા અને બીજાઓની સાક્ષીમાં એક વિસ્મયજનક પગલું બાપુએ ભર્યું. આજે તો તેઓ લંગોટીબાબા તરીકે પ્રસિદ્ધ થઇ ચૂક્યા છે અને કફ ધારણ કર્યાં એ પહેલાં તેઓ મહાત્માની પદવી પામી ચૂક્યા હતા. એટલે અહીં હિંદુસ્તાનમાં બાપુજીના વસ્ત્રત્યાગનો મહિમા કલ્પનામાં આવી શકે એમ નથી. પણ ત્યાં દક્ષિણ આફ્રિકામાં જ્યાં કોટપાટલૂન, કૉલર-નેકટાઇ અને મોજાં પહેર્યાં વિના ગોરાઓ ઘર બહાર કે દેશ અને કામ પર પગલું દેવું અસભ્યતાનું લક્ષણ જણાય ત્યાં બાપુજીનો વસ્ત્રત્યાગ એમના લાંબા ઉપવાસ અને એકટાણાંની કોટિથી યે અમુક માત્રામાં વિશેષ હતો. ઉપવાસ—એકટાણાં લોકોનાં ધ્યાનમાં નજરે પડે એવી ચીજ ન હતી, પણ બૅરિસ્ટરના જમાનાથી સતત પહેરેલો સૂટનો પહેરવેશ છોડી તે કફની ને લૂંગી પહેરે એ ત્યાં જનારે દરેક પર સારીમાઠી અસર કર્યાં વિના ન જ રહે. આવા વાતાવરણ વચ્ચે આવો ફેરફાર તો એક બાપુજીની જ હિંમત ની શકે.

હું નથી કહી શકતો કે દક્ષિણ આફ્રિકાની જનતા પર બાપુજીના આ વેશપલટાની શી અસર થઇ. એ વેશપલટો ઉપરથી લાદેલો ન હતો, પણ અંદરથી વીંધાએલા હૈયાનું પ્રતિબિંબ હતું, એટલે લોકોએ વધાવ્યો નહિ તો યે એણે ધારી અસર કરી. લોકોમાં નમ્રતા અને હિંદમાતાનું નાક ન કપાવા દેવાની દૃઢતા વધી. મને પોતાને ફરી એકવાર કોટપાટલૂનમાં બાપુજીને જોવાની ઇચ્છા વારંવાર થતી, પણ તે કદી પૂરી ન થઇ. ત્રણ પાઉંડના કરની લડતનું સમાધાન થયા પછી પણ બાપુએ વિલાયત માટે ઉપડતા સુધી પોતાનો એ જ વેશ રાખ્યો. જોહાનિસબર્ગમાં છેલ્લે દિવસે ફરી કોટપાટલૂન પહેર્યાનું સાંભળ્યું, પણ એનો તો ફોટો જ જોવા મળ્યો.

બીજે દિવસે બાપુજી ડરબન ચાલ્યા ગયા અને ફીનિક્સના વાતાવરણમાં નવા જ રંગ ભર્યા. "જનરલ સ્મટ્સે કમિશન નીમ્યું પણ એ બધા ગોરાઓ છે અને પૉલેન્ડરોના ને બાજુવાળાના મળતિયા છે. બાપુજીએ અને મિ પોલાકે ગ્મરટન સાહેબને લખ્યું છે કે એમાં ઓછામાં ઓછો એક અમે કહીએ તે માણસ હોવો જોઇએ જે અમારો

માણસ ન હોય તો ફિકર કેમ જણાતી નહિ આવે જુણાની ન આપવાના મોઝન નહિ કે એ દેશદ્રોહી ગણાશે."

'આવા દેશદ્રોહી તે કોણ થશે ભલા? સ્મટ્સ સાહેબની ઠીક ફજેતી થવાની" ઇત્યાદિ ચર્ચા અમ બાળકો સુધી પહોંચી ગઈ અને આનંદની નવી વાત એ મળી કે બાપુજી ચાર્લ્સટાઉનની કૂચ કરતા જે એક મોટી કૂચ કરી પાછા ડરબનથી કરશે. ફરી પાછા જેલ જશે, સ્મટ્સ સાહેબના દાવાદાવામાં બાપુજી નહિ ફસાય

અને અમે નાતાલની (ક્રિસ્ટમસની) છુટ્ટીઓના દિવસ પૂરા થઈ અમેરિકા નવું વરસ આવવાની રાહ જોવા લાગ્યા. પરંતુ દસ દિવસ પણ પૂરા ન હતા. અમને સૌથી વધુ આનંદ એ વાતનો હતો કે અમારી ફીનિક્સની ઓળ જનુની પહેલી ટુકડી એટલે દિવસ પછી ફરીને આવશે એ પાંચ છ દિવસ ફીનિક્સમાં રહી શકશે અને તરત જ જેલ નહિ જવું પડે અને પાંચસાત દિવસ ખૂબ લહેર કરીશું.

(ચાલુ)

પ્રભુદાસ છગનલાલ ગાંધી

શ્રી અનંત કાજીકરનો નિબંધ

જ્યોત અને જ્વાળા

થોડાક દિવસ પર મેં એક ઘણી જ રસભરી વાર્તા વાંચી પોતાને લોકોમાં કંઈક અદ્વિતીય સ્થાન મળે,—દુનિયા પોતાને કંઈ બહુ મોટા માણસ તરીકે ઓળખે, એવી તીવ્ર ઈચ્છા એક મહત્વાકાંક્ષી માણસને થઈ. ઘણા જ પ્રયાસ કરી એણે સેતાનને પ્રસન્ન કરી લીધો અને એની પાસેથી એવું વરદાન માગી લીધું કે બીજા બધા લોકોને હોય છે એવી છાયા એને ન રહે' સેતાને ઘણી જ ખુશીથી એવું વરદાન એને આપ્યું. પેલા માણસને થયું કે છાયા વગરનો એકનો એક માણસ હું, એટલે આખી દુનિયા મને માન આપશે પણ પરિણામ તો ધાર્યા કરતાં ઊલટું જ આવ્યું. એ કોઈ ભૂતપિશાચ છે એમ ધારી લોકો એનાથી ભાગતા ફરવા લાગ્યા એના બૈરીછોકરાં સુદ્ધાં એને નજીક ફરકવા પણ ન રહેવા દે. લોકોએ તો આખરે એને મારી નાખવાનો નિશ્ચય કર્યો. છેવટે આ બધું અસહ્ય થવાથી એને બિચારાને આપઘાત કરવો પડ્યો.

જાણીતા અંગ્રેજ લેખક એચ. જી. વેલ્સની પણ એવી જ એક નવલકથા છે આખી દુનિયા પોતાને શરણે આવે એવું કાંઈક કરવાની મહત્વાકાંક્ષાથી પ્રેરાઈને એક માણસ અદૃશ્ય થવાની શક્તિ મેળવે છે. પણ આખરે ટોળાંમાંથી નીકળી ગયેલા પક્ષીને જેમ તેની જાતના બધા પંખી ચાંચ મારીમારીને ખલાસ કરી નાખે છે તેમ, બધા લોકો ભેગા મળી પેલા અલોપ થઈ શકતા માણસને હેરાન કરે છે અને આખરે એને મારી નાખે છે.

નાના છોકરાનું મનોરંજન કરે એવી લાગતી આ ટચૂકડી વાતો પાછળ મને તો એક ભવ્ય સત્ય સમાયું છે એમ લાગે છે પોતાને માટે શ્રેષ્ઠતા મેળવવાનો અથવા દુનિયા પર એકહથ્થુ અધિકાર જમાવવાનો કે એવો જ સ્વાર્થ તમે સાધવા માગતા હો, તોપણ કેવળ તમારું વ્યક્તિગત મહત્વ વધારે એવું દુનિયાથી નિરાળું કંઈ સ્વરૂપ મેળવવું અથવા માત્ર તમારું એકલાનું જ વ્યક્તિગત હિત કરે એવી કોઈ અલૌકિક શક્તિ પ્રાપ્ત કરવી, એ તેમ કરવાનો રસ્તો નથી સ્વાર્થ સાધવા માટે પણ તમારે પરમાર્થ તરફ ધ્યાન આપવું જ જોઈએ. નેપોલિયન અથવા સિકંદરે જગજ્જેતા થવાની સ્વાર્થી મહત્વાકાંક્ષા ભલે સેવી હોય, પરંતુ તેની સાથોસાથ પોતાના રાષ્ટ્રનું સામર્થ્ય વધારવાનો અથવા પોતાના દેશની કીર્તિસૌરભ જગતભરમાં ફેલાવવાનો કાર્ય આદર્શ પણ એમણે સેવ્યો અને એટલે જ એમને જનતા કે સમાજ તરફથી પ્રચંડ મદદ મળી.

એમ તો દુનિયામાં નિઃસ્વાર્થી કોઈ છે જ નહિ કોઈ પણ દેશભક્ત વહેલી વિપત્તિઓનું અથવા એણે કરેલા સ્વાર્થત્યાગનું હું જ્યારે જ્યારે વર્ણન કરું છું, ત્યારત્યારે હમેશા ગણતરી મને કહે છે 'હવે બાઈ, રહેવા દેને એ વાત' જાણું છું એ સ્વાર્થત્યાગ અને બીજું બધું' નેતા તરીકે વટમાં ફરી શકાય અને હજારો લોકો તરફથી જય બોલાય એટલે બધી સ્વાર્થત્યાગની વાતો"

ગણતરીને હું એવો જ જવાબ આપું છું કે 'એમનો હેતુ કદાચ સ્વાર્થ ભરેલો હશે તેની, આપણા વાદ માટે, કબૂલ હું ના નથી પાડતો, છતાં યે કોઈપણ હેતુથી એ લોકો પોતાના દેશના—પોતાના બાંધવોના કલ્યાણ ખાતર જ પ્રયાસ કરતા હોય છે ને? બસ, ત્યારે.'

એટલે જ હું કહું છું કે મેં શરૂઆતમાં વર્ણવેલી બે વાર્તાઓનો અર્થ એ જ કે, દુનિયાનું કંઈ પણ કલ્યાણ કરી શકે, માનવ સમાજને કોઈ પણ રીતે કામ આવે એવી શક્તિ તમારે મેળવવી જોઈએ અથવા એવી શક્તિ તમારામાં હોય તો લોકોના કલ્યાણ ખાતર જ તમારે એનો ઉપયોગ કરવો જોઈએ એમાં જ તમારું વ્યક્તિગત સુખ કે સ્વાર્થ છે નહિ તો તમારું અદ્વિતીયપણું અથવા જનતાથી નિરાળું વ્યક્તિત્વ તમારા દુઃખ અથવા નાશનું જ કારણ થશે.

વ્યક્તિની જો કંઈ પણ કિંમત હોય તો તે સમાજના એક ઘટક તરીકે જ હોઈ શકે જે માણસને આવી સમજણ પડી નથી તે કોઈ દિવસ સુખી નહિ થઈ શકે. તમારે સુખ જોઈતું હોય તો પણ બીજાને તમારે સુખી કરવા જોઈએ, એ જ મારા માનવા પ્રમાણે અંતિમ સત્ય છે પોતાના વ્યક્તિત્વની અથવા વ્યક્તિજીવનની નાની સરખી જ્યોત મહાપ્રયત્ને વસ્ત્રના છેડા નીચે સંતાડી જગતના સુખદુઃખના વાવાઝોડાથી એને બચાવવાનો ફાંફાંભર્યો પ્રયત્ન કરી આખું જીવન વિતાવવામાં સુખ કેવું ને માણસાઈ કેવી? પણ એ જ જ્યોતને સમાજજીવનની જ્વાળામાં ભેળવી દીધી—એકજીવ કરી દીધી પછી એને કોઈ દિવસ બુઝાઈ જવાનો ડર નહિ રહે 'માણસ' મરી જાય છે, પણ "માનવતા" જીવે છે, એટલું જ નહિ પણ દિનપ્રતિદિન એ મોટી થાય છે, એની પ્રગતિ થાય છે આપણા વ્યક્તિજીવનની જ્યોત એ પેલી રોજરોજ અધિકાધિક તેજસ્વી અને પ્રબળ થતી અમર જ્વાળાનો એક અભિન્ન ભાગ છે, એ વિચાર જ કેટલો આશાદાયક અને ઉત્સાહવર્ધક છે' આ જ્યોત બુઝાય તોપણ પેલી જ્વાળા તો સતત પ્રજ્વલે છે, એ અંતિમ સત્યની મનોમય જાણ એ જ અમરત્વનો અનુભવ. અમરત્વ, અમરત્વ એ વળી બીજું તે શું હોતું હશે?

(મરાઠી પરથી)

વસન્ત જોષી

માણસે પોતાની જાતને હમેશા બે જ સવાલો પૂછવાના હોય છે: મેં મારા પોતા માટે શું કર્યું. ને મેં મારા દેશ માટે શું કર્યું પણ આપણામાંના ઘણાખરા પહેલો જ સવાલ પૂછીને અટકી જાય છે.

અંતરીક્ષમાં ઉડ્ડયન


ગયા અંકને અનુસંધાને હવે પૃથ્વી પરથી સો માઈલ ઊંચાઈ સુધીના અંતરીક્ષનું અજાયબીભર્યું ને શાસ્ત્રશુદ્ધ જ્ઞાન આપતો સંપૂર્ણ ભાગ

બંને જણા આ પ્રમાણે વાતો કરતા હતા ત્યાં તેમનો ઇજનેર બે જોડી વિચિત્ર, નાક, કાન વગેરે સહિત આખું શરીર ઢંકાઈ જાય તેવા, બુરખા જેવા કપડાં લાવ્યો. એમાંથી પોતે તો એ બુરખો ઓઢી જ લીધો હતો. પ્રોફેસરે એક સનતને આપ્યો અને પોતે પહેરવા માંડ્યા. આવા કપડાં શા માટે પહેરવા જોઈએ એ તો સનત સમજ્યો નહિ, પરંતુ એક બાબતમાં શંકા ઊભી થાય તો પણ પહેલા તો પ્રોફેસર કહે એ પ્રમાણે કરવું અને પછી જ શંકાનું નિરાકરણ તેમની પાસે માગવું એમ તેણે મનથી નક્કી કર્યું હતું, એટલે તેણે એ બુરખો લઈ લીધો અને પહેરવા માંડ્યો અને તેને પૂછવાની જરૂર પડી નહિ. પ્રોફેસરે પોતે જ બોલવું શરૂ કર્યું "તેં કદાચ જાંબુવાનીત (Ultra-violet) અને વિશ્વ (Cosmic) કિરણોના નામ તો સાંભળ્યા હશે. જાંબુલાતીત પ્રકાશકિરણો તો અસ્તિત્વમાં છે, જ્યારે વિશ્વકિરણો વિષે હજુ કંઈ નક્કી કહી શકાતું નથી. ઉપરાંત, તેઓ પૃથ્વી પર ક્યાંથી આવે છે એ પણ વૈજ્ઞાનિકોના સંશોધનમાં હજુ સુધી માલમ પડ્યું નથી. એ સંશોધન અર્થે જ આજની આપણી સફર ખેડાઈ છે, અને એ કિરણોની અસર આપણા રૉકેટની અંદર સ્વનિયંત્રિત યંત્રો નોંધતા જાય છે. આ કિરણોની અનહદ (energy) જોઈને અમુક વૈજ્ઞાનિકો માને છે કે અવકાશમાં ... આવેલી નિહારિકાઓમાં પદાર્થોનો નાશ થઈ તેમાંથી આ કિરણો ઉદ્ભવતા હશે. આ કિરણોનો ઘણો મોટો ભાગ પૃથ્વીની લોહચુંબકતાને અંગે ધ્રુવો તરફ ખેંચાઈ જાય છે. ઉપરાંત વાતાવરણમાં થોડોઘણો અંશ તો તે શોષાઈ પણ જાય છે. તેમ છતાં જે થોડોઘણો ભાગ પૃથ્વીની સપાટી સુધી પહોંચે છે તેની આપણા જીવન પર શી અસર થાય છે એ અત્યારે કહી શકાતું નથી. પૃથ્વીની સપાટીથી આપણે જેમ જેમ ઊંચા જઈએ તેમ તેમ આ કિરણોની અસર વધતી જાય છે અને ખાસ કરીને જે વસ્તુઓ વિદ્યુતની મદદથી ચાલતી હોય છે તેમના પર ખૂબ અસર થાય છે. આ કિરણો વિષે એક ખૂબ જ રસિક વાત જાણવા જેવી છે. પૃથ્વી પર મનુષ્યની ઉત્પત્તિ શી રીતે થઈ એ એક મહાન પ્રશ્ન છે અને એના માટે કેટકેટલાયે ઉકેલ રજૂ કરવામાં આવ્યા છે. એમાં એક વૈજ્ઞાનિકે વાંદરામાંથી માણસનો વિકાસ કઈ રીતે થયો હશે એ સમજાવવા કહ્યું હતું કે કોઈ એક વાંદરાના જીવકણ (germ plasm) પર આ વિશ્વકિરણોના આઘાતથી તેમાં મૂળભૂત ફેરફાર થયો હશે—જે સાધારણ સંયોગોમાં શક્ય નથી—અને તે પછી તેના સંતાનો માણસ જેવા થતા ગયા હશે. આપણે જાણીએ છીએ કે હંમેશા પિતાપુત્રમાં ઘણું જ સામ્ય હોય છે. આ સામ્ય માટે વૈજ્ઞાનિકો જીવકણને જવાબદાર ગણે છે. જો આ જીવકણમાં ફેરફાર થાય તો જ સંતાનોમાં મૂળભૂત ફેર પડે, એ સિવાય પિતામાં થતા કોઈ પણ ફેરફારો સંતાનોને અસર કરતા નથી. શું જાણે છે કે મનુષ્યની ઉત્પત્તિ વિષેના આ મતમાં આજે કોઈને શ્રદ્ધા નથી.

વિશ્વકિરણોના ઉદ્ભવસ્થાનની કોઈને ખબર નથી, પરંતુ જાંબુલાતીત કિરણો તો સૂર્યમાંથી પૃથ્વી પર આવે છે એ વિષે કોઈને શંકા નથી. આ કિરણો આપણા શરીરને ખૂબ જ નુકસાનકારક છે અને એટલા માટે જ આજે આ બુરખા ચડાવવાની જરૂર પડી છે. જો ભૂલેચૂકે આપણા શરીરને થોડા વખત સુધી પણ આ કિરણોની સામે ધરવામાં આવે તો આપણું મૃત્યુ જ નીપજે. આ નાશમાંથી સમગ્ર પ્રાણિસૃષ્ટિને બચાવવા માટે કુદરતે એક કરામત કરી છે.

સાધારણ રીતે પ્રાણવાયુના અણુ (molecule) માં બે પરમાણુ (atom) હોય છે, પણ જ્યારે પ્રાણવાયુના ત્રણ પરમાણુનો એક અણુ બને છે ત્યારે ઑઝોન નામનો એક વાયુ બને છે, જે, આપણે આપણા જેવું તેમ, વાતાવરણમાં રહેવા ઊંચા ઉષ્ણતામાન માટે જવાબદાર છે. આ વાયુમાં સૂર્યમાંથી આવતાં લગભગ બધા જાંબુલાતીત કિરણોને અટકાવવાની શક્તિ છે. આ વાયુનું પ્રમાણ તો ઘણું ઓછું છે—કદાચ પાયરોમાં ભાગ જેટલા જાડા તથા પૃથ્વીને વીંટળાઈ વળે તેટલા કાગળનું વજન થાય તેટલું તેનું વજન છે. પણ એટલો વાયુ આપણને સર્વનાશમાંથી ઉગારવા પૂરતો છે. આ વાયુનું પડ પૃથ્વીથી ઊંચે લગભગ અઢાર અને ચાળીસ માઈલ વચ્ચેના વિસ્તારમાં આવેલું છે.

ઑઝોન વાયુનું પડ લગભગ બધા જાંબુલાતીત કિરણો નષ્ટ થાય છે ને છતાં થોડાક નજીકને પૃથ્વી સુધી પહોંચે છે. પણ તે પ્રમાણમાં થોડા હોવાને અને નુકસાનકારક થવાને બદલે મનુષ્યને લાભકારક બને છે. આપણી ચામડીમાં એક એવો પદાર્થ છે કે જેના પર આ કિરણો પડે તો જીવનતત્ત્વ ઘ (Vitamin D—વિટામિન 'ડી') તૈયાર થાય છે. આ જીવનતત્ત્વના અભાવથી હાડકાં પૂરેપૂરા મજબૂત થતા



પૃથ્વીપરથી ૧૫૦ માઈલ ઊંચાઈ સુધીના અંતરીક્ષનું શાસ્ત્રશુદ્ધ વૈજ્ઞાનિક જ્ઞાન આપતો આલેખ

નથી અને વધારે વજન ઉપાડવાનું આવે ત્યારે વળી નમે છે. ઉપરાંત, આપણા દાંત પણ ખામીભર્યાં રહે છે. આટલા માટે જ ઑઝોન વાયુ બધા કિરણોને અટકાવતો નથી, પરંતુ થોડા ભાગને જવા દે છે. જો ઘરના બારીબારણાં સાધારણ કાચના હોય તો આ થોડો ભાગ પણ આપણા ઘરમાં પ્રવેશ પામી શકતો નથી, કારણ કે કાચ આ કિરણોને અટકાવી દે છે.

આ કિરણો આપણા અસ્તિત્વ અને નાશ માટે કેવો ભાગ ભજવી શકે છે એ તો તને સમજાયું હશે, પરંતુ જ્યારે એમ ખબર પડશે કે એકલી મનુષ્યજાત જ નહિ, પરંતુ દરેક જાતના પશુ, પક્ષી અને વૃક્ષોની પૃથ્વી પરની અત્યારની હસ્તી માટે ઘણા વૈજ્ઞાનિકો આ કિરણોને જવાબદાર ગણે છે, ત્યારે જ તેમની ખરી કિંમત આંકી શકાશે. પૃથ્વી હતી એ કાળમાં વાતાવરણમાં ઑઝોન વાયુનું પડ તો નહોતું જ, પરંતુ પ્રાણવાયુ પણ નહોતો. વૃક્ષોએ હવામાં રહેલા અંગાર-વાયુ (Carbon dioxide કાર્બન ડાયોક્સાઈડ)માંથી પ્રાણવાયુ છૂટો કર્યો અને એ પ્રાણવાયુમાંથી જ ધીમેધીમે આ જાંબુવાતીત કિરણોની અસરને અંગે ઑઝોન વાયુ ઉત્પન્ન થયો.

હ, ત્યારે એ જૂના જમાનામાં પ્રાણવાયુ ઑઝોનવાયુ નહોતા સાથે-સાથે પાંદડાંઓનો લીલો રંગ જેને આભારી છે એ વસ્તુ હરિત્-રંજિકા (Chlorophyl—ક્લોરોફિલ, પણ એ જમાનામાં નહોતી. સૂર્યના દૃશ્ય અને અદૃશ્ય કિરણોમાંથી શક્તિ (energy) લઈને ખોરાક બનાવવાનું કામ આખી સૃષ્ટિમાં આ એક હરિત્-રંજિકા જ કરી શકે છે. કરીનો રસ, કેળાંનો ગર્ભ કે નારિયેળનું કોપરું, આ બધી જ ચીજોનો સર્જન-હાર આ હરિત્-રંજિકા છે. પરંતુ જે વખતમાં હરિત્-રંજિકા નહોતી ત્યારે પણ વનસ્પતિ તો હતી જ. તો પછી ત્યારે તેનું કાર્ય કોણ ચલા-વતું હશે એ પ્રશ્ન સહેજે થાય છે. આ માટે ઘણા વૈજ્ઞાનિકો માને છે કે ત્યારે જમીન અને હવાના સાદા પદાર્થોમાંથી વૃક્ષોના જીવન માટે જરૂરી એવા સંકિલષ્ટ (complex) પદાર્થો સર્જવામાં સૂર્યના આ અનર્ગળ શક્તિવાળા કિરણોનો જ ઉપયોગ થતો હતો. પણ આ તો જીવનશાસ્ત્રીઓ અને રસાયણશાસ્ત્રીઓના પ્રદેશમાં આપણે વગર રજાએ પહોંચી ગયા; એટલે કોઈ આફત ઊતરે એ પહેલાં જ બંધ કરીએ એ સારું છે. ઉપરાંત તારું પણ કાંઈ ધ્યાન હોય એમ લાગતું નથી.'

અને ખરેખર તેમ જ હતું. જેમજેમ રાત જામતી જતી હતી તેમતેમ સનતને વધારે ને વધારે બગાસાં આવતાં જતાં હતાં અને વિરુદ્ધ પ્રયત્ન કરવા છતાં યે આંખ બંધ થઈ જતી હતી. સનત વિચાર કરતો હતો કે અત્યારે એકાદ પ્યાલો ચાનો મળે તો સ્વર્ગના દેવોને અમૃત મળવાથી થતા આનંદ કરતાં પણ તેને વધારે આનંદ થાય. પહેલાં તો ચા બનાવવાની કશી સગવડ રાખી છે કે નહિ એ પ્રોફે-સરને પૂછતાં એ શરમાયો, પરંતુ જેમજેમ નિદ્રાનું જોર વધતું ગયું તેમતેમ શરમ દબાતી ગઈ. છેવટે તેનાથી ન રહેવાયું ને તેણે પૂછી લીધું. પ્રોફેસરે હસતાંહસતાં કહ્યું 'અહીં હવાનું દબાણ અડધું ઓછું થઈ જવાથી પાણી બડબડ જ ઊકળવા માંડે અને ગરમ ન થઈ શકે; એટલે આટલી ઊંચાઈએ ચા બનાવવી શક્ય નથી. ઊંચા પર્વતો ચડતા પાર્વતિકોને આ મુશ્કેલી ઘણી વાર આવે છે. આપણે તો ચા તૈયાર લીધી છે એટલે કોઈ જાતની મુશ્કેલી નહિ આવે. પણ હવે આપણે અઢાર માઈલની ઊંચાઈએ પહોંચી જવા આવ્યા હોઈશું, એટલે પહેલાં બલૂનને રજા આપીએ ને પછી જ ચા-નાસ્તાને ન્યાય આપીએ.'

આમ કહી બંને ઊઠ્યા અને કંડેનર તરફ ગયા. ને ગૅન્ટ છોડ-વાની તૈયારી જ કરતો હતો. પ્રોફેસર તથા સનત ગૅન્ટને બલૂનની સાથે બાંધી રાખનાર દોરડાં એક પછી એક કાપવા મંડ્યા. છેલ્લું દોરડું તૂટ્યું, રૉકેટ ચાલુ કર્યું અને બલૂન સડસડાટ કરતું આકાશની ઊંચાઈમાં ગાયબ થઈ ગયું. સનત તે તરફ જોઈ રહ્યો. ત્યાં તો ઈજ-નેરનો અવાજ આવ્યો 'ચા પીવા ચાલો.' એટલે બલૂનને જોવું પડતું મૂકી સનત તરત મેજ તરફ વળ્યો. તેઓ બધા એક નાના મેજની આસપાસ ગોઠવાયા. ચા પીતાંપીતાં પ્રોફેસરે એક નવી વાત શરૂ કરી 'તને ખ્યાલ હશે, સનત, કે ૧૯૧૪ના વિશ્વયુદ્ધ દરમ્યાન ફ્લૅન્ડર્સમાં એક ખૂબ જ દારુણ તોપયુદ્ધ થયું હતું. આ તોપ ફૂટવાના અવાજ ઇંગ્લંડના પશ્ચિમ કિનારા સુધી સંભળાયા હતા, જ્યારે વચમાં આવતા ફ્રાન્સના કિનારા પરના થોડા ભાગમાં સંભળાયા નહોતા.' આ બનાવથી વૈજ્ઞાનિકો ખૂબ જ વિચારમાં પડી ગયા હતા. એટલે દૂર સુધી એ અવાજ કઈ રીતે સંભળાય? અને તે પણ વચલા પ્રદે-શમાં સંભળાતો ન હોય ત્યારે? આ વિષયમાં બીજી કોઈ રીતે તો શોધખોળ કરવી શક્ય નહોતી; પરંતુ વિશ્વયુદ્ધ જ્યારે પૂરું થયું ત્યારે દરેક સરકારની સમક્ષ, લડાઈના સમય દરમ્યાન ભેગા થયેલા અન-ગળ દારૂગોળાનું શું કરવું એ પ્રશ્ન ખડો થયો. આ વખતે થોડાક વૈજ્ઞા-નિકોને એ વિચાર આવ્યો - આ દારૂગોળાનો ઉપયોગ આ વિષયમાં શોધખોળ કરવામાં કર્યો હોય તો? ઇંગ્લંડ અને ફ્રાન્સની સરકાર આ બાબતમાં સંમત થઈ. પરિણામે જે શોધખોળો થઈ એ પરથી એવું નક્કી થઈ શક્યું કે જેમ રેડિયોનાં મોજાં વાતાવરણના કોઈ પડમાંથી પરાવર્તિત થઈને પાછાં આવે છે તેમ અવાજનાં મોજાં પણ વાતા-વરણના લગભગ ૪૦ માઈલ ઊંચા એક પડમાંથી પરાવર્તિત થઈને પાછાં આવે છે, અને અવાજો દૂર સુધી સંભળાય છે. જે વચલા થોડા પ્રદેશમાં આ પરાવર્તિત મોજાં પહોંચી શકતાં નથી ત્યાં કશા અવાજો સંભળાતા નથી.'

પ્રોફેસરે પૂરું કર્યું એટલે સનતે પૂછ્યું 'શું રેડિયોનાં મોજાં પણ ચાળીસ માઈલની ઊંચાઈએથી પરાવર્તિત થાય છે?'

'ના, રેડિયોનાં મોજાંને પરાવર્તિત કરનારાં પડો ૬૦ અને ૨૦૦ માઈલની વચ્ચે આવેલાં છે. જ્યારે રેડિયોની શરૂઆત થઈ ત્યારે એમ માનવામાં આવતું હતું - હિંદમાંથી મોકલવામાં આવતું સંગીત અમેરિકામાં સંભળાય એ શક્ય નથી, કારણ કે રેડિયોનાં મોજાં સીધી લીટીમાં મુસાફરી કરે છે, અને પૃથ્વી ગોળ છે. પરંતુ પ્રયોગો કરતાં કરતાં જ્યારે યુરોપના કાર્યક્રમો અમેરિકાના દેશોમાં સંભળાવા લાગ્યા ત્યારે તે સમજાવવાનો એક જ રસ્તો હતો. અને તે એ કે આ મોજાંને પરાવર્તિત કરનારું કોઈ પડ વાતાવરણમાં હોવું જોઈએ. અનેક પ્રયોગો પછી આવાં ચાર મુખ્ય પડો વાતાવરણમાં છે એમ સાબિત થયું છે. આમાંનું ચોથું પડ તો દિવસ દરમ્યાન સૂર્યના જાંબુવાતીત કિરણોની અસરથી ઉત્પન્ન થાય છે અને રાત્રે પાછું અદૃશ્ય થઈ જાય છે. ચારે પડો જુદીજુદી જાતની તરંગ-લંબાઈ (wave-length)નાં મોજાંને પરાવર્તે છે. આ ચારે પડો વિદ્યુતમય છે.'

'અવાજનું પરાવર્તન પડ પણ વિદ્યુતમય છે?' સનતે પૂછ્યું.

'ના, અવાજના પરિવર્તન માટે વિદ્યુતમય પડની જરૂર પડતી નથી. અવાજ જે માધ્યમ (medium)માંથી પસાર થતો હોય તેના વનત્વ કે ઉષ્ણતામાનમાં જો ફેર પડે તો અવાજ ત્યાંથી પરાવર્તાય છે. ત્રીસ માઈલની ઊંચાઈએ હવાનું ઉષ્ણતામાન વધે છે. અને પરિ-ણામે ત્યાંથી અવાજનાં મોજાંનું પરાવર્તન થાય છે.'

હજુ તો આમ વાતો ચાલે છે ત્યાં સનતને આકાશમાંથી અ-ગ્યારસ ઊતરતું હોય એવું લાગ્યું. અમારા ગૅન્ટ સાથે એ અથડાઈ પડશે તો? અને અમારું ગૅન્ટ સળગી ઊઠશે તો? તે બંનેએ નિરાંતે એ વાતની પણ ન ગણી. પરંતુ તેણે જોયું કે, સામેથી રૉકેટને બચા-

જવા માટે એન્જિનિયર ભગીરથ પ્રયત્ન કરી રહ્યો હતો. અચાનક તેની આંખ અંજાઈ ગઈ અને તેણે આંખો બંધ કરી દીધી—સનસનાટ કરતી આગ ચાલી ગઈ અને તેઓ બચી ગયા!

એન્જિનિયરે કપાળેથી પરસેવો લૂછ્યો. પ્રોફેસર એ ઊતરતી આગ તરફ જોઈ રહ્યા ને પછી બોલ્યા 'એના ડરને અંગે ચંદ્રમા પર જનારા માણસોને અહીંથી અનેક તૈયારીઓ કરવી પડે છે. તેવો એ ખરતો તારો છે. તેં આકાશમાં ઘણી વાર ખરતા તારાના પ્રકાશિત લીસોટા જોયા હશે, પણ કદી ખ્યાલ આવ્યો છે ખરો કે એ આટલા ભયંકર હશે? ખરતા તારાની ઝડપ એટલી હોય છે (બંદૂકની ગોળી કરતાં લગભગ સો ગણી) કે હવાના ઘર્ષણને અંગે જે ગરમી ઉત્પન્ન થાય છે તેનાથી એ સળગી ઊઠે છે, જેમ આપણે વાંચીએ છીએ કે કોઈ તોફાનમાં ઝાડની બે ડાળીઓ વચ્ચે થતા ઘર્ષણને અંગે પ્રકટતા અગ્નિથી આખાં ને આખાં જંગલો સળગી ઊઠે છે. આ ઉલ્કાઓની ઝડપ સેકંડના દસથી બાર માઈલની હોય છે. જેમ વાતાવરણ આપણને અજ્ઞાત કિરણોની ખરાબ અસરથી બચાવે છે, તેમ આ ઉલ્કા (meteor) અને ખરતા તારા (shooting stars)થી પણ તે આપણને બચાવે છે; કારણ કે જો વાતાવરણ ન હોત અને ઉપર ને ઉપર સળગી ઊઠ્યા વગર આ ખરતા તારાઓ જો નીચે આવી શકતા હોત તો બંદૂકની ગોળી જેવડા નાનાનાના તેના ટુકડા પણ માણસનું માથું ભાંગી નાખે એટલા વેગથી આવતા હોત. ચંદ્ર ઉપર વાતાવરણ નથી, એટલે ત્યાં ખરતા તારાઓ બધા માથા પર જ આવે. એટલે જ આગળ કહ્યું તેમ ચંદ્રપ્રિયોને ચંદ્રમાં બહુ મજા આવે તેવું નથી. વાતાવરણને અંગે દર વર્ષમાંથી એક જ ખરતો તારો પૃથ્વીની સપાટી પર પહોંચી શકે છે, અને તે પણ ઘસાઈઘસાઈને એકદમ નાનો થઈને. આ ખરતા તારા પૃથ્વી પરથી લગભગ સો માઈલની ઊંચાઈએ નરી આંખે ભાળવા શરૂ થાય છે અને સળગી ઊઠવા શરૂ થાય છે ત્યાંથી તે લગભગ પચાસ માઈલની આસપાસ તેમની રાખ થઈ જાય ત્યાં સુધી દેખાય છે. આ ખરતા તારાનું ઉષ્ણતામાન લોઢું ગાળવાની ભઠ્ઠીની અંદરના ઉષ્ણતામાન કરતાં પણ ક્યાંય વધારે હોય છે.

પણ 'ખરતા તારા'ના નામ પરથી તું રખે એમ માની લેતો કે ગગને ઝીણા દેખાતા તારાઓમાંથી કોઈ ખરી ગયા હશે. જે અનેક ધૂમકેતુઓ સૂર્યની પરિક્રમા કરે છે તેમાંના કોઈ ધૂમકેતુ ગુરુ કે એવા બીજા કોઈ મોટા ગ્રહોની નજીક આવી જાય છે ત્યારે તેના ટુકડેટુકડા થઈ જાય છે. આ ટુકડાઓ અવકાશમાં મૂળ ધૂમકેતુની કક્ષામાં આંટા-ગાળા રખડતા હોય છે. તેમના રસ્તામાં જ્યારે ફરતા ફરતા પૃથ્વીનું વાતાવરણ આવી જાય છે ત્યારે આપણને તે ખરતા તારાઓ જણાય છે.

આ પ્રમાણે તેઓ બંને વાતચીત કરી રહ્યા હતા તે દરમ્યાન તેમના એન્જિનિયરે રૉકેટનું સુકાન ઉત્તર બાજુ ફેરવ્યું હતું અને તેઓ ધીમેધીમે ઉપર જવાની સાથેસાથે ઉત્તર ધ્રુવ બાજુ જતા હતા. ઉત્તર ધ્રુવ હજુ દૂર હતો, ત્યાં અનંતની નજરે જે દૃશ્ય પડ્યું તે જોઈને તેના આનંદાશ્ચર્યનો પાર જ ન રહ્યો. એ દૃશ્ય એટલું તો સુંદર હતું, એમાં એટલું તો રંગવૈચિત્ર્ય ભર્યું હતું કે એક વખત તો અનંતને થયું કે જગતની જે સુંદરતમ ચીજ છે એને મેં નિહાળી લીધી છે,—હવે પ્રાણ જાય તો તેની પણ પરવા નહિ. પ્રોફેસર પણ તેની પાસે આવીને નિસર્ગદેવીનું આ મનોહર સર્જન નિહાળી રહ્યા હતા. ત્યાં સુધી આશ્ચર્યપાન કર્યાં પછી પ્રોફેસરે કહ્યું

'એ અરુણા (Aurora ઑરોરા) છે. પૃથ્વી પરથી પણ એ ઉત્તર અક્ષાંશો પરથી જોઈ શકાય છે. જો તેં કોઈ ઉત્તર ધ્રુવના એરિયાની સફરનું વર્ણન વાંચ્યું હશે તો તેણે ગાયેલી અરુણાની પ્રશસ્તિ તેં તેમાં જરૂર વાંચી હશે. વિશ્વકિરણો તથા સૂર્યમાંથી પૃથ્વીમાં આવતા કેટલાક વિદ્યુતમય કણો પૃથ્વીના લોહચુંબકત્વને લીધે ઉત્તર અને દક્ષિણ ધ્રુવ તરફ ખેંચાઈ જાય છે અને તે કારણે અરુણાની આ મનોહર આકૃતિ ઊભી થઈ છે. અરુણા એ જુદીજુદી ઊંચાઈએ થાય છે. ૫૦થી ૨૦૦ માઈલ અને ઉપરથી ૬૦૦ માઈલ. ખૂબ જ ઊંચે થતી અરુણાને સૂર્યપ્રકાશિત (Sunlit) અરુણા કહે છે, કારણ કે એટલી ઊંચાઈએ તો એટલી રાત્રે પણ સૂર્યપ્રકાશ ત્યાં પહોંચી શકે છે. એ પ્રકાશ અને વિદ્યુત-કિરણોના સંગમમાંથી અરુણા ઉત્પન્ન થાય છે.'

એટલામાં એન્જિનિયરે આવીને કહ્યું 'અત્યારે આપણે લગભગ સો-એક માઈલની ઊંચાઈએ છીએ. હવે આગળ જવું હિતાવહ નથી, કારણ કે લગભગ સોએક માઈલની ઊંચાઈએ વાતાવરણનું ઉષ્ણતામાન ઘણું જ ઓછું થઈ જાય છે અને ઉપર જતાં વધતું જ જાય છે, એટલે હવે આપણે નીચે ઊતરીએ તો સારું.'

પ્રોફેસરે કહ્યું 'બરાબર, હવે આપણે નીચે ઊતરવું જ જોઈએ. ચાલો, બધાને વિમાનની છત્રી સોંપી દો. અનંત, રશિયન લોકો કેટલાકમાં દસ માઈલ કરતાં પણ વધારે ઊંચાઈએથી પડ્યા હતા. આપણે દસ સો માઈલથી પડવાનું છે.'

અનંતને તો હા-ના કશું કહેવાનું જ નહોતું. પ્રોફેસરે દાખવેલી વિમાની છત્રી લીધી. એન્જિનિયરે રૉકેટનું યંત્ર બંધ કર્યું અને રૉકેટ નીચે પડવું શરૂ થયું. શરૂઆતમાં ધીમેધીમે. પણ પછી તો ઝડપ વધતી જ ગઈ. પ્રોફેસર ઊંચાઈમાપક યંત્ર પાસે, અમુક ઊંચાઈ આવે ત્યારે બધાને trap doorsમાંથી કૂદી પડવાનો આદેશ આપવા લાગ્યા. વિમાની છત્રી લઈને ઊભા હતા. મગજ બહેર મારી જાય એટલી ઝડપે તેઓ ઊતરતા હતા. આકાશનો રંગ બદલાતો હતો. સૂર્ય એકદમ ઝડપથી ક્ષિતિજ તરફ ધસ્યો જતો હતો—અરે, પણ આ બધું વિચારવા રહેવાનો વખત જ ક્યાં હતો? હમણાં પ્રોફેસરનો આદેશ આવશે ને હું એક સેકંડની પણ ઢીલ કરી પડતાં ઢીલ થઈ તો પૃથ્વી પરથી આખું જેવડા ટુકડા શોધવા પણ મુશ્કેલ પડશે. રશિયનોની એ જ દશા ૧૯૩૪માં થઈ હતી ને? કદાચ અત્યારે પણ એવું. . . . .

'કૂદો!'

લો! પ્રોફેસરનો આદેશ! અનંત, રૉકેટની બહાર કૂદી અને ફરતા ફરતા વિમાની છત્રી ઉઘાડી ધીમેધીમે તે આસમાનીથી એ નીચે ઊતરવા માંડ્યો. ક્યાં ગઈ એ ઝડપ? ક્યાં ગઈ એ અસ્થિરતા? ક્યાં ગયાં એ માનસિક નબળાઈ અને ડર? આ નીચે મુંબઈના દરિયાનું પાણી દેખાય, હમણાં પગ અડશે, હવે તો માંડ પાંચ દસ વારની જ ઊંચાઈ હશે, એ પગ અડ્યા—આ ભીનું લાગ્યું . . . . .

આગગાડીની ઘરઘરાટથી સૂતેલા અનંતની આંખ ઊઘડી ગઈ. ઓશીકા પાસે ભરેલો પાણીનો પ્યાલો ઢોળાઈ ગયો હતો અને ઓરડામાં પથરાયેલા પાણીમાં તેનો પગ આળોટતો હતો. બારી બહાર કબૂતરો ઘૂઘવતાં હતાં, પૂર્વમાં રંગરાગોને અને ઉષા મોહી રહી હતી એ તે સમજી ગયો અને પ્રાઈમસ નજીક જઈ ચા બનાવવા માટે સ્પિરિટનો ડબો ગણગણતાં તેણે બનાવવું આપ્યું.

ગુલાબરાય સી. પારેખ
અને એમ. એન. પારેખ

પોતાની નિષ્ફળતાની કબૂલાત ઘણી વાર સફળતાનું પહેલું પગથિયું બની રહે છે.
દાન એ માણસનું મનુષ્યત્વ બતાવવાનો સાદો ને સરળ રસ્તો છે.

Our Friends Abroad

'કુમાર' મારફત આ પત્રમિત્ર મેળવનાર જનુભાઈ મો. પટેલ ભાઈનું

137 Heward Avenue Toronto (Ontario, Canada)
Dec. 31, 1940

પ્રિય બંધુ,

તમારા છેલ્લા પત્રનો આ જવાબ લખું છું. આજે ક્રિસમસ પૂરી થાય છે, છતાં બરફ બહુ થોડો પડ્યો છે. ક્રિસ્ટમસમાં પણ લીલું દેખાય છે. બરફનું નામ નથી. તમારે ત્યાં વરસના કોઈ ભાગમાં બરફ પડે ખરો? હિંદુસ્તાનનાં છોકરાછોકરીઓએ કદી સાન્ટા ક્લૉઝનું નામ સાંભળ્યું નહિ હોય. એ એક લોકકલ્પિત પાત્ર છે અને તે યુરોપમાં થઈ ગયા. તેનું કામ લોકોને સુખી બનાવવાનું હતું. હજુ પણ બાળકો તેને યાદ કરે છે, કારણ કે ક્રિસ્ટમસમાં તેમને માટે તે રમકડાં લાવે છે. હિંદમાં તેને મળતું કોઈ પાત્ર છે કે?

તમારા પત્રમાં તમે અહીંની કૅનેડિયન ગવર્નમેન્ટ વિષે લખવા કહ્યું છે, પણ હું જ તે વિષે બહુ જાણતો નથી; છતાં જાણું છું તેટલું લખીશ. અમારે ત્યાં યુનાઇટેડ સ્ટેટ્સ અથવા હિંદુસ્તાન એમાંથી એકેને મળતું બંધારણ નથી. કંઈક બ્રિટનને મળતું ખરું. યુનાઇટેડ સ્ટેટ્સમાં પ્રતિનિધિત્વવાળું બંધારણ છે, જ્યારે અમારે ત્યાં જવાબદાર ગવર્નમેન્ટ છે.

યુનાઇટેડ સ્ટેટ્સમાં એક પક્ષ પાંચ વર્ષની પૂરી મુદત સુધી હોદ્દા પર રહી શકે છે; પછી ભલેને તેમનું કોઈ બિલ આખું ઊંધું થયું હોય. આ જ કારણથી યુનાઇટેડ સ્ટેટ્સના કેટલાયે પ્રમુખોના કાયદાઓ વીંધાયા છે. લોકોની બહુમતિ તેમનાથી અકળાય તોપણ પાંચ વર્ષ સુધી તો તેઓ હોદ્દા પરથી દૂર થાય જ નહિ. તમે જાણતા જ હશો કે હાલના પ્રેસિડેન્ટ રૂઝવેલ્ટ ત્રીજી વાર ચૂંટાયા છે.

પણ અમારે અહીં કૅનેડામાં તો એકાદ ધારો પસાર ન થઈ શકે તો આખું પ્રધાનમંડળ રાજીનામું આપી દે અને જે પક્ષ બહુમત હોય તે નવું પ્રધાનમંડળ રચે. વડા પ્રધાન જ પોતાના પક્ષમાંથી ચૂંટણી કરે છે. કોઈ સામાન્ય ધારો પાછો પડે ત્યારે પ્રધાનમંડળમાં માત્ર ખાતાના ફેરફારો થાય,—ન્યાય, કેળવણી, વેપાર, ખાણ, અર્થખાતા વગેરેમાં. અમારી પાર્લમેન્ટમાં બેસનારા બધા પક્ષો ને સભ્યોની ચૂંટણી પ્રજાજનો જ કરે છે. હાલ અહીં સત્તા પર આવેલ લિબરલ પક્ષના નેતા વિલિયમ લીઓન મૅકેન્ઝી કિંગ છે, તેથી તે કિંગ ગવર્નમેન્ટ કહેવાય છે. સામે જે કૉન્ઝર્વેટિવ પક્ષ છે તેના નેતા મિ. હૅન્સન છે. આ મૅકેન્ઝી કિંગનો દાદો ટોરૉન્ટોનો મેયર ને એક બળવાખોર હતો. તેણે ઈ. ૧૮૩૭માં ટોરૉન્ટો કબજે કરવા પ્રયત્ન કર્યો હતો અને જવાબદાર રાજતંત્ર લાવવામાં તેનો બહુ હાથ હતો.

મેં તમને જે ફાઉન્ટન પેન મોકલી છે તે યુનાઇટેડ સ્ટેટ્સમાં બનેલી છે. કૅનેડામાં ફાઉન્ટન પેન બહુ નથી બનતી. કારણ કે યુ. સ્ટે.માંથી ખૂબ સસ્તે ભાવે તે આયાત થાય છે. આ પેનમાં નવી કરામત એ છે કે તેમાં માત્ર પાણી ભરવાથી લખી શકાય છે. અંદર જે રસાયણ છે તેને લીધે શાહી આપમેળે બની જાય છે. હું પોતે ફાઉન્ટન પેન વાપરતો નથી; ટાંક કલમથી વધારે સારું લખી શકાય છે.

કેટલીયે ચીજો અહીં એવી મળે છે કે જે કૅનેડામાં બને છે કે યુ. સ્ટે.માં તે વિષે અમે કંઈ જાણતા નથી. કારણ કે એક જ જાતની ચીજો બંને મુલકમાં બનતી હોય છે. યુ. સ્ટે.ના પણ કૅનેડામાં કેટલાંયે કારખાનાં છે અને તેથી સરહદ પસાર કરવાની આપવાની જકાત બચે છે. આ જકાતખાતાને લઈને ઘણા રૂપિયા કૅનેડામાં રખાય છે અને પરદેશી માલ દૂર રાખી શકાય છે.

તમે મને હિંદુસ્તાનના ચિત્રોવાળા થોડાં પોસ્ટકાર્ડ મોકલશો? હું તમને થોડાં માસિકો હવે પછી મોકલીશ. આ વખતે એક વિનોદી માસિક મોકલું છું. તેમાં વચલા પાનાંઓ પર પત્રમિત્રોનાં ઉમેદવાર છોકરાછોકરીઓનાં સરનામાં છે. તમારે તેમને જાતે લખવું હોય તો થોડાંને પોસ્ટકાર્ડ લખજો.

તમે કૃપા કરી મારું ખરું નામ પત્રમિત્ર તરીકે ન આપતા, કારણ કે મને હમણાં બહુ મળી ગયા છે.

તમે મને થોડો ઇતિહાસ લખી મોકલવા કહ્યું છે, પણ તમે સ્પષ્ટ નથી કહ્યું કે તમે મારો ઇતિહાસ માગો છો – મારા દેશનો? ગયા ઉનાળાની રજાઓમાં (જુલાઈ–ઑગસ્ટમાં) મારા પિતા અને ભાઈઓની સાથે એક બાંધકામ કંપની સાથે હું ગયો હતો. એ કંપની ટ્રાન્સ-કૅનેડા હાઈવે બાંધી રહી છે. આખા કૅનેડાની આરપાર જતો મોટર રોડ હજુ પૂરો થયો નથી. ફક્ત ૩૮૦ માઈલ ઉપર [illegible] નામ છે ત્યાં સુધી અમારે રસ્તો પહોંચાડવાનો છે. ત્યાં વસ્તી માત્ર ૮૦૦ જણની છે.

દર શનિવારે અમે નવ માઈલ દૂર બીજા શહેરમાં સિનેમા જોવા જતા હતા. નજીકના પેલા ગામમાં તો કોઈ થીએટર નથી. પણ આ બીજું શહેર દસ હજાર ૨૦૦૦ની વસ્તીવાળું છે. તમે નકશામાં રેલવે લાઈન ઉપર તે જોઈ શકશો. હું કામ કરતો હતો ત્યાં અનેક પ્રજાઓના માણસો હતા. તેમાં અંગ્રેજ, ફ્રેંચ કૅનેડિયન, બાકી પણ જર્મન, આયરીશ, સ્વીસ, ચેકોસ્લોવાક, ચેક, ડચ વગેરે.

મારા પિતા એક દુકાન ચલાવે છે. મારા ભાઈ [illegible] છે ને ખેતી કરવામાં મદદ કરે છે. ગયે ઉનાળે કામ કરતાં એક અકસ્માતમાં તેમણે એક આંખ ગુમાવી. મારે એક બેન છે તે ઘણી નાની છે અને હજુ નિશાળે જાય છે. તમારા ભાઈબહેનો વિષે કંઈક લખશો? મને નકશા ઉપર તે નામ નથી જડતું. બનારસ મળ્યું ખરું.

કૅનેડામાં ૧૧ મિલિયન લોકો છે. તેમાંની ઘણી વસ્તી યુ. સ્ટે.ની હદ પરના ૨૦૦ માઈલ પર વસેલી છે. ૩½ મિલિયન ફ્રેંચ બોલનારા છે. ૫½ મિલિયન એન્ગ્લોસૅક્સન (અંગ્રેજ, આ. ઈરિશ ને સ્કૉચ મળીને); બાકીના યુરોપિયનો છે જે કૅનેડામાં વસવા આવ્યા છે.

કૅનેડામાં પહેલાં વસવા આવનાર ફ્રેંચ લોકો હતા. ક્વિબેક શહેર ફ્રેંચ છે અને ૧૬૦૮માં સ્થપાયેલું કૅનેડાનું સૌથી જૂનું નગર છે.

કૅનેડાનું બીજા નંબરનું મોટું શહેર ટોરૉન્ટો માત્ર ૧૦૬ વર્ષનું છે. મૉન્ટ્રીઅલ દુનિયામાં ફ્રેંચ બોલનારી પ્રજાનું ત્રીજા નંબરનું શહેર અને કૅનેડાનું સૌથી મોટું શહેર ૧૬૪૨માં સ્થપાયું હતું.

તમે મને પોસ્ટકાર્ડો મોકલવાનું ભૂલતા નહિ. હું તેનો સંગ્રહ કરું છું. અફઘાનિસ્તાન, નેપાલ, જાપાનને બર્મામાં ટિકિટો ચાલે છે ખરી? તમારી પાસે કોઈ આની છે?

આવતી કાલે ટોરૉન્ટોમાં દરેક જણ મેયરની ચૂંટણી માટે મત આપશે. કારણ કે દરેક નવા વર્ષને પ્રથમ દિવસે એ કામ થાય છે.

સાલ, સલામ અને શુભ ઇચ્છા.

તમારો દોસ્ત [illegible]

તા. ક. તમારે ઘર કેવું છે? આ પત્ર ઠીક લાગ્યો છે કે નહિ? તમે ટિકિટો મોકલો તો હિંદુસ્તાનની અને નજીકના દેશોની જ મોકલજો. આભાર સાથે. નવું વર્ષ સુખરૂપ હો.

પવા માટે ઈજનેર ભગીરથ પ્રયત્ન કરી રહ્યો હતો. અચાનક તેની આંખ ચમકી ગઈ અને તેણે આંખો બંધ કરી દીધી—સનસનાટ કરતી આગ ચાલી ગઈ અને તેઓ બચી ગયા.'

ઈજનેરે કપાળેથી પરસેવો લૂછ્યો. પ્રોફેસર એ ઊતરતી આગ તરફ જોઈ રહ્યા ને પછી બોલ્યા 'જેના કારણે અગ્નિ ચંદ્રમા પર જનારા માણસોને અહીંથી અનેક તૈયારીઓ કરવી પડે છે તેનો એ ખરનો નાશ છે. તેં આકાશમાં ઘણી વાર ખરતા તારાના પ્રકાશિત લીસોટા જોયા હશે, પણ કદી ખ્યાલ આવ્યો છે ખરો કે એ આટલા ભયંકર હશે? ખરતા તારાની ઝડપ એટલી હોય છે (બંદૂકની ગોળી કરતાં લગભગ સો ગણી) કે હવાના ઘર્ષણને અંગે જે ગરમી ઉત્પન્ન થાય છે તેનાથી એ સળગી ઊઠે છે, જેમ આપણે વાંચીએ છીએ કે કોઈ તોફાનમાં ઝાડની બે ડાળીઓ વચ્ચે થતા ઘર્ષણને અંગે પ્રકટતા અગ્નિથી આખાં ને આખાં જંગલો સળગી ઊઠે છે. આ ટુકડાઓની ઝડપ સેકંડના દસથી સાઠ માઈલની હોય છે. જેમ વાતાવરણ આપણને જાંબુડાતીત કિરણોની ખરાબ અસરથી બચાવે છે, તેમ આ ઉલ્કા (meteor) અને ખરતા તારા (shooting stars)થી પણ તે આપણને બચાવે છે, કારણ કે જો વાતાવરણ ના હોત અને ઉપર ને ઉપર સળગી ઊઠ્યા વગર આ ખરતા તારાઓ જો નીચે આવી શકતા હોત તો બંદૂકની ગોળી જેવડા નાનાનાના તેના ટુકડા પણ માણસનું માથું ભાંગી નાખે એટલા વેગથી આવતા હોત. ચંદ્ર ઉપર વાતાવરણ નથી, એટલે ત્યાં ખરતા તારાઓ બધા માથા પર જ આવે. એટલે જ આજ સુધી તેમ ચંદ્રપ્રિયોને ચંદ્રમાં બહુ મજા આવે તેવું નથી. વાતાવરણને આભારી છે કે ખર્વમાંથી એક જ ખરતો તારો પૃથ્વીની સપાટી પર પહોંચી શકે છે, અને તે પણ ઘસાઈઘસાઈને એકદમ નાનો થઈને. આ ખરતા તારાઓ પૃથ્વી પરથી લગભગ સો માઈલની ઊંચાઈએ નરી આંખે દેખાવા શરૂ થાય છે અને સળગી ઊઠવા શરૂ થાય છે ત્યાંથી તે લગભગ પચાસ માઈલની આસપાસ તેમની રાખ થઈ જાય ત્યાં સુધી દેખાય છે. આ ખરતા તારાનું ઉષ્ણતામાન લોઢું ઓગળવાની ભઠ્ઠીની અંદરના ઉષ્ણતામાન કરતાં પણ ક્યાંય વધારે હોય છે.

પણ 'ખરતા તારા'ના નામ પરથી તું રખે એમ માની લેતો કે રાત્રે ઊંચે દેખાતા તારાઓમાંથી આ તૂટી પડી ગયા હશે. જે અનેક ધૂમકેતુઓ સૂર્યની પરિક્રમા કરે છે તેમાંનો કોઈ ધૂમકેતુ ગુરુ કે એવા બીજા કોઈ મોટા ગ્રહોની નજદીક આવી જાય છે ત્યારે તેના ટુકડેટુકડા થઈ જાય છે. આ ટુકડાઓ અવકાશમાં મૂળ ધૂમકેતુની કક્ષામાં આડા-અવળા રખડતા હોય છે. તેમના રસ્તામાં જ્યારે ફરતા ફરતા પૃથ્વીનું વાતાવરણ આવી જાય છે ત્યારે આપણને તે ખરતા તારાઓ જણાય છે.'

આ પ્રમાણે તેઓ બંને વાતચીત કરી રહ્યા હતા તે દરમ્યાન તેમના ઈજનેરે રૉકેટનું સુકાન ઉત્તર બાજુ ફેરવ્યું હતું અને તેઓ ધીમેધીમે ઉપર જવાની સાથેસાથે ઉત્તર ધ્રુવ બાજુ જતા હતા. ઉત્તર ધ્રુવ હવે દૂર હતો. ત્યાં સનતની નજરે જે દૃશ્ય પડ્યું તે જોઈને તેના આનંદાશ્ચર્યનો પાર જ ન રહ્યો. એ દૃશ્ય એટલું તો સુંદર હતું, એમાં એટલું તો રમણીય ભર્યું હતું કે એક વખત તો સનતને થયું કે જગતની જે સુંદરતમ ચીજ છે એને મેં નિહાળી લીધી છે,—હવે પ્રાણ જાય તો તેની પણ પરવા નહિ. પ્રોફેસર પણ તેની પાસે આવીને નિસર્ગદેવીનું આ મનોહર સર્જન નિહાળી રહ્યા હતા. ક્યાંય સુધી મૌન સેવ્યા પછી પ્રોફેસરે કહ્યું.

'એ અરુણું (Aurora બૉરિયાલિસ) છે. પૃથ્વી પરથી પણ એ ઉત્તર ભાગ પરથી જોઈ શકાય છે. તેં કોઈ ઉત્તર ધ્રુવના ભોમિયાની નોંધનું વર્ણન વાંચ્યું હશે તો તેણે ગાયેલી અરુણાની પ્રશસ્તિ તેં જોઈ જ હશે. વિશ્વકિરણો તથા સૂર્યમાંથી પૃથ્વીમાં આવતા કેટલાક વિદ્યુતકણો પૃથ્વીના લોહચુંબકત્વને લીધે ઉત્તર અને દક્ષિણ ધ્રુવ તરફ ખેંચાઈ જાય છે અને તે કારણે અરુણાની આ મનોહર આકૃતિ ઊભી થઈ છે. અરુણું એ જુદીજુદી ઊંચાઈએ થાય છે. પચાસથી ૬૦૦ માઈલ અને ઉપરથી ૬૦૦ માઈલ ખૂબ જ ઊંચે થતી અરુણાને સૂર્ય-પ્રકાશિત (Sun lit) અરુણાં કહે છે, કારણ કે એટલી ઊંચાઈએ તો રાત્રે પણ સૂર્યપ્રકાશ ત્યાં પહોંચી શકે છે. એ પ્રકાશ અને વિદ્યુત કિરણોના સંગમમાંથી અરુણું ઉત્પન્ન થાય છે.'

એટલામાં ઈજનેરે આવીને કહ્યું: 'અત્યારે આપણે લગભગ સો-ત્રણસો માઈલની ઊંચાઈએ છીએ. હવે આગળ જવું હિતાવહ નથી, કારણ કે લગભગ સેંકડો માઈલની ઊંચાઈએ વાતાવરણનું ઉષ્ણતામાન ૯૦૦ અંશ જેટલું થઈ જાય છે અને ઉપર જતાં વધતું જ જાય છે, એટલે હવે આપણે નીચે ઊતરીએ તો સારું.'

પ્રોફેસરે કહ્યું: 'બરાબર, હવે આપણે નીચે ઊતરવું જ જોઈએ. ચાલો, બધાને વિમાનની છત્રી આપી દો. સનત, રશિયન લોક હોક ત્યારમાં દસ માઈલ કરતાં પણ વધારે ઊંચાઈએથી પડ્યા હતા. આપણે ફક્ત સો માઈલથી પડવાનું છે.'

સનતને તો હા-ના કશું કહેવાનું જ નહોતું. ધ્રૂજતે હાથે તેણે વિમાની છત્રી લીધી. ઈજનેરે રૉકેટનું યંત્ર બંધ કર્યું અને રૉકેટ નીચે પડવું શરૂ થયું. શરૂઆતમાં ધીમેધીમે, પણ પછી તો ઝડપ વધતી જ ગઈ. પ્રોફેસર ઊંચાઈમાપ-યંત્ર પાસે, અમુક ઊંચાઈ આવે ત્યારે બધાને trap doorsમાંથી કૂદી પડવાનો આદેશ આપવા હાથમાં વિમાની છત્રી લઈને ઊભા હતા. સનતનું બહેર મારી જાય એટલી ઝડપે તેઓ ઊતરતા હતા. આકાશનો રંગ બદલાતો હતો. સૂર્ય એકદમ ઝડપથી ક્ષિતિજ તરફ ધસ્યો જતો હતો—અરે, પણ આ બધું વિચારવા જેવાનો વખત જ ક્યાં હતો? હમણાં પ્રોફેસરનો આદેશ આવશે ને જો એક સેકંડની પણ કૂદી પડતાં ઢીલ થઈ તો પૃથ્વી પરથી આખું આખું જેવડા ટુકડા સાંધવા પણ મુશ્કેલ પડશે. રશિયનોની એ જ દશા ૧૯૩૪માં થઈ હતી ને? કદાચ અમારું પણ એવું. . .

'કૂદો!'

લો! પ્રોફેસરનો આદેશ! સનત, રૉકેટની બહાર કૂદ્યો અને કૂદતાંવેંત વિમાની છત્રી ઉઘાડી ધીમેધીમે ને આસાનીથી એ નીચે ઊતરવા માંડ્યો. ક્યાં ગઈ એ ઝડપ? ક્યાં ગઈ એ અસ્થિરતા? ક્યાં ગયાં એ માનસિક નબળાઈ અને ડર? આ નીચે મુંબઈના દરિયાનું પાણી દેખાય, હમણાં પગ અડશે, હવે તો માંડ પાંચ દસ વારની જ ઊંચાઈ હશે, એ પગ અડ્યા—આ ભીનું લાગ્યું . . . . . .

આરામખુરશીમાં સૂતેલા સનતની આંખ ઊઘડી ગઈ. તેના પગ પાસે ભરેલો પાણીનો પ્યાલો ઢોળાઈ ગયો હતો અને ઓરડામાં પથરાયેલા પાણીમાં તેનો પગ આળોટતો હતો. બારી બહાર ફુવારા ઊડતા હતા, જેમાં રજકણોને અને ફૂલો ગોઠવી રહી હતી એને સમજી ગયો અને પ્રાઈમસ નજીક લઈ ચા બનાવવા માટે સ્પિરિટનો શીશો ગોઠવતાંગોઠવતાં તેણે બગાસું ખાધું.

ગુલાબરાય સી. પારેખ
અને એમ. એન. પારેખ

પોતાની નિષ્ફળતાની કબૂલાત ઘણી વાર સફળતાનું પહેલું પગથિયું બની રહે છે.

દાન એ માણસનું મનુષ્યત્વ જગાડવાનો સારો ને સરળ રસ્તો છે

અભ્યાસ પૂરો કર્યાં પછી શ્રી વાડીઆએ ભૂસ્તરવિજ્ઞાનના અધ્યાપક તરીકેની પોતાની કારકિર્દીની શરૂઆત જમ્મુ (કાશ્મીર)માં કરી હતી ત્યાં ઈ. ૧૯૦૭ થી ૧૯૨૦ સુધીના ચૌદ વર્ષો સુધી અધ્યાપક તરીકે કામ કરી ઈ. ૧૯૨૧માં બરાબર વિજ્ઞાન પરિષદના ભૂસ્તર વિભાગના તેઓ પ્રમુખ બન્યા હતા. તે પછી એ જ વર્ષે હિંદી સરકારના ખાસ આમંત્રણથી જમ્મુની કૉલેજની નોકરી છોડી, કલકત્તામાં આવેલા હિંદી ભૂસ્તર સંશોધનખાતા (Geological Survey of India)માં સુપરિન્ટેન્ડેન્ટ તરીકે જોડાયા અને છેક ૧૯૩૮માં નિવૃત્ત થતા સુધી એ હોદ્દા ઉપર તેઓ રહ્યા. એ મુદત દરમ્યાન તેમણે નૉર્થ વેસ્ટ પંજાબ, હઝારા, કાશ્મીર, ગીલગીત પ્રદેશ (હિમાલય) અને વઝીરીસ્તાનના કેટલાક ભાગોના ભૂસ્તરનું અન્વેષણ કર્યું છે. આ ઉપરાંત ઈ. સ. ૧૯૩૨ થી ૧૯૩૪ સુધી અવશેષવિશારદ (Palaeontologist) તરીકે પણ એમણે કામ કર્યું છે. એમના કામથી મુગ્ધ બનીને ઈ. ૧૯૩૪માં લંડનની ધ રૉયલ જ્યૉગ્રાફિકલ સોસાઈટીએ એમને 'ધી બેક ઍવૉર્ડ' અર્પણ કર્યો હતો. ઈ.સ. ૧૯૩૭મા મૉસ્કોમાં મળેલી આંતરરાષ્ટ્રીય ભૂસ્તર પરિષદમાં લેનિનગ્રાડની કારોબારી સમિતિના આમંત્રણથી, કાશ્મીરી હિમાલયની ભૂસ્તરીય રચના ઉપર ખાસ વ્યાખ્યાન આપવા માટે તે ગયા હતા. ૧૯૩૬ થી ૧૯૩૮ સુધી 'જ્યૉલૉજિકલ, માઈનિંગ ઍન્ડ મેટલર્જિકલ સોસાયટી ઑવ્ ઇન્ડિયા'ના એ પ્રમુખ હતા. ૧૯૩૬થી ૧૯૩૭ સુધી 'માઈનિંગ ઍન્ડ જ્યૉલૉજિકલ ઇન્સ્ટીટ્યૂટ ઑવ ઇન્ડિયા'ના ઉપપ્રમુખ હતા. ઈ. ૧૯૩૮માં બરાબર હિંદી વિજ્ઞાન પરિષદમાં બીજી વાર ભૂસ્તર વિભાગમાં તે પ્રમુખ બન્યા હતા.

૧૯૩૮માં સરકારી નોકરીમાંથી નિવૃત્ત થયા પછી એ જ વર્ષે એમની સીલોન સરકારના ખનીજ વિષયક સલાહકાર (Mineral Adviser) તરીકે સીલોનમાં નિમણૂક થઈ. તેઓ હજુ ત્યાં જ છે અને છેલ્લાં ૨-૩ વર્ષમાં સીલોનના ભૂસ્તરવિષયક શોધખોળ કરી છે. (પ્રકૃતિ) —રતિલાલ ખરાદી

કોલસાની ખાણો


પૃથ્વીના પેટાળમાં હજારો ફૂટ ઊંડે દટાયેલી અનેક પ્રકારના ખનીજદ્રવ્યો મેળવવાની માનવીની અદમ્ય આકાંક્ષાઓ અને તે માટેના સાહસથી આપણે સુપરિચિત છીએ. લાખો વર્ષથી કાળના ખપ્પરમાં દટાતી વનશ્રી તે ભૂપૃષ્ઠની વિવિધ પ્રકારની રાસાયનિક અસરોથી માનુષને નાનાવિધ ધાતુઓ અને ખનીજો સાંપડ્યા છે. તેના આધુનિક ઉદ્યોગમાં કોલસો અનન્ય સ્થાન ભોગવે છે. પોતાના દેશના અતળ નીચે રહેલી આ સંપત્તિ મેળવવા જગતના સર્વ દેશના માનવીઓએ અથાગ પ્રયત્ન કર્યા છે. ભારતવર્ષમાં પણ કોલસા માટે રાણીગંજ તે ઝરિયાની ખાણો વિખ્યાત છે. પરંતુ પ્રાથમિક ભૂગોળના પાનાંમાંથી જાણેલી એટલી હકીકત ઉપરથી બહુ ઓછા માણસોને આ ખાણો, તેના વિસ્તાર અને તેને અંગેની વિવિધ માહિતીની જાણ હોય છે. સૃષ્ટિના નિર્માણની અને માનવીની મહેનતના અનેક નમૂનાઓ લઈ જેમ આપણે નવાઈ પામીએ છીએ, તેમ આ ખાણોની સૃષ્ટિ પણ માનવનાં અદ્ભુત સાહસ, હિંમત અને મહેનત વડે મેળવાની કુદરત માતાની પ્રસાદી છે. અર્વાચીન યુગના અનેક કારખાનાંઓ તે ઉદ્યોગોને કોલસા જોઈએ જ. ઉપરાંત એ જ કોલસામાંથી અનેક પ્રકારના રંગો, રસાયણો, વાયુઓ અને દીવા તેની અસંખ્ય વસ્તુઓ બને છે અને તેનો ઉપયોગ માનવીઓ વિવિધ રીતે કરી રહ્યા છે. મોટી સરકારો, વ્યાપારીઓ અને કરોડો માનવનાં સાહસ, મહેનત અને મજૂરીનો જ આ પરિપાક છે.

આ ખનિજ પૃથ્વીના પેટાળમાં સો, બસો, પાંચસો, હજાર કે હજારો ફીટ નીચે જુદાંજુદાં અંતરે (seams)માં વિભક્ત છે. આધુનિક ઇજનેરો આ અંતરો પારખી શકે છે. મોટામોટા કુવાઓ દ્વારા જમીનના પેટાળમાં ઉતરી અંદર ખોદકામનું એક જબ્બર નગરવિધાન જ થાય છે. આ કુવાઓ આગળના વિસ્તાર પ્રમાણે બનાવવામાં આવે છે. પણ બે કુવાઓ તો ખાસ આવશ્યક જ હોય છે. તેમાં અંદર કામ કરતા મજૂરોને જવા માટે વીજળીક લિફ્ટ મારફત ગોઠવણથી અંદર જતી ડોળી, ઘણું જ મજબૂત લોખંડના વાયરાઓનાં દોરડાંથી ઉતારવા અને ઉપર લાવવામાં વપરાય છે. આ ઉપરાંત અંદરનું હવામાન સાચવવા માટે મેલી હવા ઉપર ખેંચી શુદ્ધ હવા દાખલ કરવાની યોજના પણ હોય છે, અને તેને પાણીની નહેરોના સાંકડા આકારના એકથી બીજા વિભાગમાં મોકલી હવામાન સાચવી રખાય છે. ખાણમાં કામ કરનારાઓ પોતાની સાથે અજવાળું સાધન (લોખંડના ચોકઠામાં) એક બત્તી (Davis Safety Lamp) લઈ જાય છે તે ચાલુ ધીમો પ્રકાશ આપે છે, તે ઉપરાંત તેમાં એવી કરામત હોય છે કે ખાણમાં કોઈવાર ઝેરી ગૅસ ઉત્પન્ન થાય તો તે ગેસની હાજરીથી આ દીવો ઓલવાઈ જાય છે. તેથી માણસ એની જગ્યાથી ખસી જાય છે.

ઘેરા અંધકારમાં ખાણોમાં માણસના પ્રયાસથી છએક હજાર ફીટ, વીસ હજાર ફીટ સુધીની લાંબી સુરંગો કે ગલીઓ અંધારામાં ફેલાતી જાય છે. ઉપરાંત ડોળીમાં ખાણમાંથી આવતો જતો માલ ઉપર લઈ આવવા માટે એક નાની લોખંડની ગાડી લઈ મજૂરો નીચે જાય છે. અંદર જતા જ ડોળીના પગથીઆમાં જ આવેલા ટ્રામગાડી જેવા નાના પાટાઓ પર આ ટ્રામગાડી ધકેલીને અંદરની જુદીજુદી ગલીઓમાં ફેરવી મરાય છે. ખાણના અધિકારીઓએ કોલસો ખોદનાર, તેને ડોળી સુધી લઈ જનાર અને ઉપર આવ્યા પછી બહાર (ટીપો) સુધી લાવનાર મજૂરોની વ્યવસ્થા કરી હોય છે. તેમના દર પણ કામ મુજબ હોય છે.

કોલસાના અંતરો સામાન્ય રીતે જુદાજુદા મજલાઓમાં કુદરતી રીતે જ બંધાએલા જણાયા છે. આ થર અંતરોને આધુનિક ઇજનેરો પોતાની ઇલમથી શોધે છે અને દરેક મજલામાંથી કોલસો ખોદાયા કરે છે. ઘણીવાર આવા બે મજલાઓની વચ્ચે સોળથી બે ફુટનું જ પડ રહે છે. ખાણીઆઓને હાથીપગે ચામડાના બખ્તર પહેરી કોલસો ખોદી લેવાની ફરજ પડે છે. જમીનમાં ઘણીવાર પાણી





ડાબી બાજુએ કોલસાની ખાણમાં ઉતરવાની ડોળી સમેત જમીન પરનો તથા ભૂપૃષ્ઠની અંદરનો દેખીતો દેખાવ. જમણી બાજુએ ખાણની અંદર ગેલેરીઓના રૂપમાં કરવામાં આવતા ખોદકામનો નમૂનો. ઇજનેરો બરાબર હિસાબથી અંદર આવેલા કોલસા ખોદી લે છે.

જ્યાં જ રહે છે. આવા પાણીને બહાર ખેંચી લેવાના પંપો પણ અંદર મૂકવામાં આવે છે, જેથી અંદરનો વ્યવહાર સુગમ બને છે. જ્યારે સુધી અંદર ખનન કામ કરી શકાય તેમ હોય ત્યાં સુધી કોલસા ખાણોમાંથી બહાર કાઢવામાં આવે છે. કોલસાના થર અને ભાવ પણ તેના કદ અને ગુણ પ્રમાણે કરવામાં આવે છે. ઊંચી વધુ ઉત્તમ જાતના કોલસા કારખાનાઓમાં વપરાય છે.

ખાણ ખોદતાં પહેલાં તે જમીનની પૂરી તપાસ કરી, અગાઉ નકશાઓ જોઈને કામ થાય તો જ વધુ સુરક્ષિતતા અને સફળતા મળે કે આર્થિક દૃષ્ટિએ પણ તે વધુ લાભકારક છે. આવી તપાસણી કરવાના ખાસ નિષ્ણાતો હોય છે, અને તેઓ તત્ત્વવિધાનમાં ભૂસ્તરવિદ્યામાં પોતાનું કૌશલ્ય દાખવે છે તેમ આવી ખાણોના ઉપરીઓ, કે સામાન્ય રીતે ખાણ ઇજનેરો હોય છે, તેઓ પણ ખૂબ બુદ્ધિપૂર્વક ખાણની રૂપરેખા નક્કી કરતા હોય છે, અને તે મુજબ જ કામ ચાલતું રહે છે. એ ખાણિયાની એ ખાણોની હદ વટાવે 'ઍન્જિનિયર'—અર્થાત્ કે પૃથ્વીના એક ભાગ પર ચોક્કસ રીતે રાખવો પડે છે. અંદરનું કોઈ પણ મોટા યાંત્રિક કેમ આ ગણીને ચાલીઓ (ગૅલેરી)ના ગોઠવણ કરવામાં આવે છે અને ખૂબ ચોકસાઈપૂર્વક બંધાયેલ ઊંડાણ સુધી જવાથી કામ ચાલે છે. ખાણિયાની ખાણમાં ઉતરીને આ બધું જ્યારે ખાણમાં પેસીને ખાનગી એક નવી સૃષ્ટિ જ રચતી હોય એવી પ્રક્રિયાની કલ્પનાની ખાણો કોઈ આજે દેશને બતાવી હતી ત્યારે ખાણોના નિષ્ણાત ઇજનેરોને જણાઈ હતી. તે પછી ધીમે ધીમે કરી અને ગુજરાતી આધુનિક વેપારીઓએ તેમાં રસ લઈ પોતાની સમૃદ્ધિમાં વધારો કર્યો અને આજે એ બધાની ખાણો પોતાની છે.

—નરેન્દ્ર રાવળ

ઉનાળામાં લાગતી 'લૂ'

ઉનાળામાં કેટલીક વખત 'લૂ' વાની જવાથી માણસ મૂર્છિત થાય છે અને કદીક મૃત્યુને વશ પણ થાય છે.

પ્રખર તાપમાં ખેતરમાં કામ કરતા ખેડૂતોને, અતિ તાપમાં મુસાફરી કરનારને, ઉઘાડે માથે તાપમાં રહેનારાઓને, ગિરણી કે કારખાનાઓમાં કામ કરનારાઓને અંદરના મશીનની ગરમી તથા બહારનો તાપ એ બન્નેના લાગવાથી શરીરનું પ્રમાણ અસહ્ય થઈ પડે છે ત્યારે, તેમજ ઘણા મનુષ્યોના સમૂહથી થતા ભીડવાળા સ્થાનના ઓરડાઓને લીધે, સામાન્ય રહેવા સ્થાનનું ઉપર અસહ્ય ગરમી થવાથી મૂર્છિત થતાં તથા મૃત્યુને વશ થતા મનુષ્યો જોવામાં આવે છે. તેને માટે આયુર્વેદમાં કેટલાક તાત્કાલિક ઉપાયો અને સરળ ઉપાયો બતાવ્યા છે.

૧ શીમળાના પાનને ખૂબ ફળની એકત્ર કરીને ગામના હાડકામાં નાખી રગડવાથી ખૂબ શમન થશે તેમાં જે ફીણ ઉત્પન્ન થાય તે ફીણ માં કપડું બોળી લૂ લાગેલ માણસના મસ્તક ઉપર મૂકવા કરવું.

૨ અરીઠાની જાતને જરા સ્વરી ઉપર પ્રમાણે ખૂબ પાણીમાં મસળી તેનું ફીણ માથા પર અને પગને તળિયે લગાવવું.

૩ એક તોલો મીઠું, સુરોખાર અને નવસાર એક સેર પાણીમાં નાખી તે ગળી જાય ત્યારે તેમાં કપડું બોળી મસ્તક ઉપર મૂકવું.

૪ બકરીનું દૂધ હાથપગનાં તળિયામાં ઘસવું અને માથા ઉપર પણ તેમાં કપડું બોળી મૂકવું.

૫ મેંદીના પાન ઝીણાં વાટી તેની લુગદી પગને તળિયે મૂકવી.

૬ એક કે બે ડુંગળીનો રસ પીવો, ગોળ અને જીરું ખૂબ વાટી અને તે પગનાં તળિયામાં તથા માથા ઉપર ખૂબ ઘસવું.

૭ ગરમીમાં જવા અથવા કામ કરવા જવું પડે તો ડુંગળીના ટુકડા હાથમાં રાખવા.

૮ ડુંગળી બારીક વાટી અને ૧૫-૨૦ ફાળી ડુંગળી બનેને ખૂબ વાટી તેનો રસ કાઢી પાણી નાખી ડુંગળીથી પીવાથી આરામ થાય.

૯ નદી કે તળાવમાં શેવાળ કે લીલ થાય છે તે પણ માથા ઉપર અને પગને તળિયે ખૂબ ઘસાય છે.

૧૦ માખી ફેરી લઈ તેને છાણના કે તપેલામાં બારીક ઝીણી રીતે બનાવી જાય પછી કપડાથી તેને છાણી લેવી. તેમાં ૧-૨ તોલા જેટલું પાણી તે વધુ જરૂર હોય તો થોડું દૂધ તથા સાકર નાખી તે પીવાથી (પછી) પીવા આપવાથી શરીર ગરમીની અસર નાબૂદ થઈ જાય છે. એ પ્રમાણે બધું તે ઠાસાનાં પાન પણ ગરમી અસર કરે છે. નાળિયેરનું પાણી પણ સારું છે.

આટલા ઉપચારોમાંથી જે થઈ શકે તે ઉપચાર કરવાથી લૂની અસર નાબૂદ થઈ જશે અને એ વાત મનોવૈજ્ઞાનિક રીતે મનુષ્ય શુદ્ધિમાં આવી જશે. (નિત્યનિયમ જીવન) —આનંદજ્ઞાન વૈદ્ય

અલ-બરૂની

જગતપ્રસિદ્ધ પૌર્વાત્ય વિદ્વાન અલ-બરૂનીનું હજાર વર્ષ પહેલાંનું લખાણ એક પુસ્તક હિંદના પુરાતત્ત્વ ખાતાને હાથમાં આવી રહ્યું છે. એ પુસ્તકમાં હિંદ તથા જુદા દેશોની ભૌગોલિક, આકૃતિ તથા વૈજ્ઞાનિક પ્રગતિની નોંધ કરવામાં આવી છે.

અલ-બરૂનીનો ૧૧મી સદીનો વિદ્યાનારોહ ફિરનો નવાબગાદમાં છે તેણે આખા એશિયાની મુસાફરી કરી હતી તથા તેને અનેક ભાષા પર પ્રભુત્વ હોઈ લોકો માટે તે ખૂબ જાણીતો હતો. આથી કરીને હિંદની ભાષા, વિજ્ઞાન, સાહિત્ય, તત્ત્વજ્ઞાન, ધર્મ તથા માન્યતાઓનું તેને અગાધ જ્ઞાન હતું. તેણે જે જે લખ્યું તે તેણે અરબી ભાષામાં લખેલું તે પુસ્તકનો હિંદ સંબંધી ભાગ પુરાતત્ત્વ ખાતાએ પ્રસિદ્ધ કર્યો છે.

અલ બરૂનીના લખાણો પરથી જણાય છે કે આ પુસ્તક એ જમાનાના હિંદનો નકશો હતો તે સિદ્ધાંત શોધી કાઢવામાં તે પહેલો હતો. અરબસ્તાનમાં આવેલા ચમનની ટેકરીઓના શિખર પરથી જમીન પ્રાણીના ગણી આવેલ અગ્નિ પર રખડીને, નવલો જે વર્ષે રહેલો તેવું નિર્ણય પર આવ્યા હતો.

તે ખગોળશાસ્ત્રનો પણ સારો અભ્યાસ જણાય છે, કેમકે તેના પુસ્તકનું એક આખું પાનું ત્રિ-ગમી જવાહીન તેમજ ગામ, વાડી, નામ અને લોકો પર લખાયેલ છે.

પુરાતત્ત્વ ખાતાને આ પુસ્તક ઘણી રીતે મહત્ત્વનું તેનો ઇતિહાસ રસદાયક છે. યુરોપ અને એશિયામાં તેરવિખેર પડેલાં અલ બરૂનીના લખાણોનો પુનરુદ્ધાર કરવાનો વિચાર તુર્કસ્તાનના એક વિદ્વાન ડૉ. વાલીદી તોગનને આવ્યો. વર્ષોની શોધખોળ પછી તેણે તેનો સંગ્રહ કર્યો. તે તપાસીને તેણે એક ગ્રંથ તૈયાર કર્યો. પછી તેણે પુસ્તક પ્રકાશન ગોઠવવાને નિષ્ફળ યત્ન કર્યો. આખરે તે હિંદના પુરાતત્ત્વ ખાતાના અધિકારીને મળ્યો. પુસ્તક જોઈને તરત તેણે એ સંપૂર્ણ પુસ્તક પ્રગટ કરવાનો નિર્ણય કર્યો. તેનું અંગ્રેજી ભાષાંતર હવે પછી બહાર પડશે. (પુસ્તકાલય)

નવાં પુસ્તકો

જનપદ (ભાગ બીજો) લેખ—પ્રકાશક—મનુભાઈ જોધાણી, વિ સંગમન કાર્યાલય, ગાંધીરોડ અમદાવાદ, ૦-૧૦-૦, **અહિંસાનો પયગંબર.** સંપાદક—મોતીલાલ ર. બગવાર, પ્રકાશક—ચંદ્રકાન્ત ન. બારડબકર અને શાંતિભાઈ બી. પટેલ, મોભાગેર (પલા) ૦-૪-૦, **જોસેફ સ્ટૅલિન** લેખક—'સુદર્શન', પ્રકાશક—શ્રી કીન શાહ, ન્યૂઝિંગ બુકડેપો, ઑગેરા હાઉસ, મુંબઈ, ૦-૪-૦

કાળુ ગંદકી જૂની પણ અતિ કીમતી શાલને એક રાજવીએ દરજીને આપી તેમાંથી રાજકુટુંબ માટે બંડીઓ બનાવવાનું કહેતાં દરજી તો દિંગ થઈ ગયો અને કુટુંબના નાના-મોટાં માણસોએ પણ જ્યારે જૂની શાલની બંડી પહેરવા બાબત અણગમો બતાવ્યો ત્યારે એમણે પોતે જ એની બંડીઓ શીવડાવી પહેરી કુટુંબ વચ્ચે કરકસરના જીવંત આદ્યપાઠ બનનાર એ રાજવી તે કચ્છના સમૃદ્ધ મહારાવ સ્વ. ખેંગારજી.

અનેકાર્થી શબ્દ **સારવું**=વીંધ પાડવું, શ્રાદ્ધ કરવું, ખેરવવું કે ટપકાવવું, પરોવવું, આંજવું કે સમારવું, કરવું કે પાર પાડવું, પધરવું કે મઠારવું, તારવવું, સરકાવવું

કહેવતનો જન્મ ક્યાં? 'અક્કલ બડી કે ભેંસ?'—એમ તેવા પ્રાણીની ઓલાદ=જાત કરતાં પણ બુદ્ધિ-જ્ઞાન-વધી જાય છે એ દર્શાવવા માટે વપરાતી આ કહેવત માટે વાત છે કે સિકંદરની જોડેલો એક રાજા નરમ્યો થયો. તેને જમુનાના બે છોકરાએ વાળ્યું પાણું તેથી રાજાએ થઈ જનારા માગવાનું કહ્યું. મોટાએ પોતાની સ્થૂળ બુદ્ધિ ચલાવી તરત ભેંસ માગી, પણ નાનાએ ખૂબ વિચાર કરી અક્કલ માગી ને રાજાએ તેને ભણાવી ગણાવી હોશિયાર કરતાં તે દરબારના મોટે હોદ્દે ચડ્યો. વખત વીતે એક દિવસ સવારીએ નીકળેલા રાજાએ મોટા ભાઈને જોઈ ભેંસના સમાચાર પૂછતાં તેણે કહ્યું કે એ તો મરી ગઈ એથી રાજાએ તેને પૂછ્યું કે 'અક્કલ બડી કે ભેંસ?'

ગણિત ગમ્મત કોઈપણ રકમ ધારો તેને બમણી કરો. જે આવે તેમાં તમારી ધારેલી રકમ પછી તરત જ આવતી રકમ ઉમેરો જે આવે તેમાંથી ધારેલી રકમ પછી તરત જ આવતી રકમનો એક અંક સુધીનો સરવાળો બાદ કરો આવે તેમાં ધારેલી રકમનો એકાંક સુધીનો સરવાળો ભેળવો જે આવે તેને ત્રણ વડે ભાગતાં આવે તે તમારી 'ધારેલી રકમ' —નન્તિલાલ મ. જોષી

પૃથ્વી પોતાની ધરી પર એક ચક્કર પુરું કરે છે તે આપણો ૨૪ કલાકનો દિવસ નથી બનતો, પણ ૨૩ કલાક, ૫૬ મિનિટ અને ૪ સેકંડ જેટલો હોય છે.

આ મહિનાનું નામ મે—આ માસની પહેલી તારીખે રોમન દેવતા મર્ક્યુરી (બુધ)ની માતા 'માયા'ને બલિદાન-નૈવેદ્ય ધરાતાં એ પરથી પડયું છે



દેશદેશના શિરવેષ • બાજુએ છે તે જાપાનના વતનીનો

વીંછીના ડંખ ઉપર મૂળાનાં પાનનો રસ નીચોવી ટીપું પાડવાથી વીંછી ઉતરી જશે.

શબ્દોની વિચિત્રતા

તંદુલ=દાણા, છોતરાં સાથેના ચોખા;
અક્ષત=છોતરાં કાઢેલા—છડેલા ચોખા,
ઓદન=રાંધેલા ચોખા (ભાત)
ભાત શબ્દ મૂળ સંસ્કૃત भक्त ઉપરથી થયો છે

'મારી સ્ત્રી બહુ મોટા કુટુંબમાંથી આવી છે'
'મારી તો એ સાથે જ લેતી આવી છે!'

યુદ્ધમાં વપરાતી પેલી બીહામણી અને જબરદસ્ત બખ્તર-ગાડીનું નામ 'ટેંક' તો ગયા મહાયુદ્ધમાં દુશ્મનોને તેની બનાવટની જાણ ન પડી જાય એટલા માટે એવું ભુલાવણું રાખવામાં આવેલું પેલેસ્ટાઈનના નપાણિયા મુલકમાં સૈનિકોને પાણી પૂરું પાડવા માટેની ટાંકીઓ તરીકે તેને, તેના ઘાટ પરથી, ઓળખાવેલી.

ન્યુમોનિયા કે ક્ષયરોગ ઉપર લસણ ગુણકારી હોવાની કલ્પના શાસ્ત્રીય પ્રયોગોને અંતે ખોટી ઠરી છે

'બહુ દેખાવડી છું' એમ જણાવી પત્ની મેળવવાની જાહેરખબર પહેલવહેલી જ. ૧૬૯૫માં લંડનમાં એક માણસે આપી હતી.

ક્લોરોફોર્મ, ઈફેડ્રીન ક્લોરેટ અને કાર્બોલિક એસિડ, એ નવા રસાયણો હિંદુસ્તાનમાં હમણાં જ તૈયાર થવા લાગ્યા છે.

અશુદ્ધ જોડણીના અનર્થ

મરીચિ=સપ્તઋષિમાંના એક, કિરણ; મરીચી=સૂર્ય
વિજન=એકાંત, વેરાન . . . . વીજન=પંખો
મરુ=એક જાતનું ઝાડ. . . . મરૂ=આળસાવેલું
સાર=ને માટે; વાસ્તે . . સારુ=ઠીક; સુંદર
અંશ=ભાગ, વર્તુલનો ૩૬૦મો ભાગ . અંસ=ખભો
કણુ=ગણ, દસ લાખની સંખ્યા . . કંસ=થોડું, કનાર
પડુ=પાચ . . પડું=આગળું; શહેર બહારનું ઉપનગર
નશો=કેફી ચીજથી ચડતો કેફ . . નસો=બડબો, ગરમ
સંભારવું=યાદ કરવું . . . સંભાળવું=સંભાળ રાખવી
(રમણ અંબાલાલ ભાઈ)

ઑસ્ટ્રેલિયાની ૬૭ લાખની વસ્તીમાં પુરુષોની સંખ્યા સ્ત્રીઓ કરતાં ૮૭ હજાર જેટલી વધી, પણ શહેરોની વસ્તીમાં લીધી તેમાં પુરુષો કરતાં સ્ત્રીઓ ૧૯૦ હજાર વધુ છે

જર્મનીએ યુદ્ધસામગ્રીના ઉપયોગમાં લેવા માટે બધા દેવળોના તાંબાના ઘંટ ઉતરાવી લઈ ઍલ્યુમિનિયમના ઘંટ બાંધ્યા છે



વનસ્પતિ ખોરાકમાંના ફોસ્ફેટ દ્રવ્યો ગાય દૂધમાર્ફત માણસને પહોંચાડે છે. મન અને તનના વિકાસ માટે માણસને ફોસ્ફરસ જરૂરનું તત્વ છે.

ગાય ઘાસપાન ખાઈને આપણને દૂધ અને છાણ આપે છે તેમાંથી દૂધ દ્વારા આપણને વનસ્પતિના ફાયદા તો મળે છે, પણ તેના છાણમાં ખાતરના વનસ્પતિના ગુણ આપતિ એ છાણનાં છાણાં થાપી તેનું બળતણ કરીને વેડફી નાખીએ છીએ. એ છાણમાં કેટલાં ઉપયોગી તત્વો હોય છે તે નીચેનું ચિત્ર કહેશે (Our India by M. Masani ઉપરથી)

કીમતી ખાતરનું બળતણ,



નાઈટ્રેટ. પોટાશ ચૂનો. ક્ષારો.



શિવ-પાર્વતી

શિલ્પી: શ્રીધર મહાપાત્ર





ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ



જમણી બાજુ 'બાજપાનુના સાથીદારો'-ચન્દ્રકાન્ત પટેલ (અમદાવાદ) બીજુ ઇનામ, ડાબી બાજુ મથાળે 'સંધ્યા'-રતીલાલ મહેતા (અમદાવાદ) નોંધપાત્ર, નીચે 'ઘરભણી પ્રયાણ'—મઝહર માસ્તર (પાલણપુર) નોંધપાત્ર

ધરતીકંપને સ્મરણાંકિત કરતી ટપાલની ટિકિટો




મધ્ય અમેરિકાના ઇતિહાસમાં અભૂતપૂર્વ જેવો એક ભયંકર ધરતીકંપ ઇ. ૧૯૩૧ના માર્ચની ૩૧મી તારીખે ત્યાંના નિકારાગુઆ પ્રાન્તમાં થયો. જેમાં અગણ્ય માનવજીવોની અને લાખોની મિલકતની હાનિ થઈ. એ પ્રસંગને સ્મરણાંકિત કરવાના તેમજ એ આપત્તિથી પીડિતોને રાહત આપવાના કાર્યમાં સહાય કરવાના ઉદ્દેશથી ત્યાં ટપાલની ટિકિટોનો એક મોટો સેટ કાઢવામાં આવેલો, જેમાંનુ એક જોડકુ ઉપર આપેલુ છે. એ ધરતીકંપમાં દેશના અનેક સુંદર અને ભવ્ય મકાનોનો નાશ થએલો. તેમાંના થોડાકને ચૂંટીને એ સેટ પર છાપવામાં આવ્યાં,—એવી રીતે કે જોડકાની પહેલી ટિકિટ પર એ મકાનનુ અસલ દૃશ્ય અને બીજી ટિકિટ પર ધરતીકંપના પાયમાલીવાળુ દૃશ્ય. એ ઉપરાંત ટિકિટો પર કિંમત પણ બે છાપેલી છે. ડાબી બાજુએ ટિકિટની પોતાની કિંમત અને જમણી બાજુને ખૂણે ધરતીકંપના ફાળામાં જવાની રકમ. ખરીદનારે એ બંને ભેગી ટિકિટ ખરીદવાની. ટપાલની ટિકિટોની તવારીખમાં આ એક અપૂર્વ સેટ ગણાય છે. અમુક કારણોસર એ ટિકિટો વપરાશમાં મુકાઈ નહિ, અને તેથી ટિકિટસંગ્રાહકોને માટે એ એક રસપ્રદ વિષય થઈ પડ્યાં છે.

(શ્રી હરિલાલ બેંકર-વઢવાણ કૅમ્પ—ના સંગ્રહમાંથી)

કુમાર કાર્યાલયનાં કલાત્મક પ્રકાશનો

અજવાળી રાત
કિંમત ૨-૦-૦
રજી પોસ્ટેજ
૦-૯-૦



પંદર અજવાળી તિથિઓ સમી પંદર-રસભરી ચુનંદી વાર્તાઓનો આ સંગ્રહ, અજવાળી રાતની મધુર ચાંદનીની પેઠે, નાનાં-મોટાં, ગરીબ-તવંગર, શહેરી ગ્રામજન, સૌને એકસરખો રસ આપે એવો સર્વગ્રાહી છે. ઘરનાં સ્ત્રીજન કે ઓછું ભણેલાં ગ્રામજન પણ-સમજી શકે એવી સરળ સુબોધ, અને સૌ વિનોદ પામે એવી ઐયાણકારક પંદર વાર્તાઓ, વિવિધરંગી ચિત્રો અને મનોહર રૂપ-રંગની સજાવટ સાથે બેરંગી મજબૂત પૂંઠાવાળા સુંદર પુસ્તકમાં.

અજંતાનાં કલામંડપો
કિંમત ૧-૮-૦
રજી પોસ્ટેજ
૦-૫-૦



હિંદભરના સાહિત્યમાં આ વિષયનું આટલું ચિત્રમય ને છતાં આટલું સસ્તું આ પહેલું જ પુસ્તક છે. શ્રી રવિશંકર રાવળે લખેલો અજંતાની કલાની વિસ્તૃત સમાલોચના કરતો લેખ, એના પાનાંને રંગમય કરતાં ૯ તિરંગી ચિત્રો, તથા આર્ટપેપર ઉપર છાપેલાં ૧૬ પાનાં ભરીને આલેખનો અને ફોટોગ્રાફો, તેમજ પાનેપાને અજંતાનાં શોભનોનાં રેખાંકનો,—આ બધું ધરાવતા આ અપૂર્વ કલા ગ્રંથની ગુજરાતી તથા હિંદી બન્ને આવૃત્તિઓ મળે છે.

ગુજરાત કલા-કલાપ
કિંમત ૧-૦-૦
રજી. પોસ્ટેજ
૦-૭-૦




કલાત્મકતા અને સસ્તાપણામાં અનન્ય એવો ચિત્રસંગ્રહ વિશુદ્ધ કલાને અત્યંત સસ્તા દરે ઘરઘર પહોંચતી કરવાનો હેતુ આ પ્રકાશન પાછળ છે પાંચ અગ્રણી ગુજરાતી કલાકારો-ના છ પચરંગી સુંદર ચિત્રોનો આ સંપુટ, ૧૧×૧૪ના માપનાં આર્ટકાર્ડ પર, ફ્રેમ માટે તૈયાર રૂપમાં આપવામાં આવ્યો છે એક રૂપિયામાં આવાં રંગીન ચિત્રો આટલા સસ્તાં કોઈએ હજી આપ્યાં નથી અને તેથી જ તેની બે આવૃત્તિઓ થઈ ગઈ એવો જ બીજા છ ચિત્રોનો નવો સંપુટ (કલાકલાપ બીજો) પણ તૈયાર થાય છે

કુમારના ખાસ અંકો ૧૦૦ અને ૨૦૦
દરેકના ૨-૦-૦
બન્ને સાથે ૩-૮-૦
રજી પોસ્ટેજ
દરેકના ૦-૪-૦



'કુમાર'ના આ બન્ને ખાસ અંકો ગુજરાતના પત્રકારત્વમાં અનોખા સીમાવર્તી પ્રકાશનો મનાયા છે લબ્ધપ્રતિષ્ઠ ચિત્રકારો, કવિઓ અને લેખકોની ચૂંટેલી કૃતિઓથી ભરચક એવા, બીન-હરીફ કલાત્મક રૂપરંગે મઢેલા, અનુક્રમે ૧૬૦ અને ૧૨૫ પાના, પચરંગી તથા વિવિધરંગી ૨૦-૨૨ ચિત્રો, ફોટોગ્રાફો, નકશા, આલેખો. વાર્તાઓ, નાટકો, લેખો, કાવ્યો, ટુચકા વગેરે શિષ્ટ, સુંદર અને વિપુલ જ્ઞાનસામગ્રીથી મંડિત આ અદ્વિતીય અંકો ઘરમાં કાયમી બોધક સાહિત્ય તરીકે સંઘરવા યોગ્ય છે

ગુજરાતનું પાટનગર અમદાવાદ
કાચું ૧-૦-૦
પાકું ૧-૪-૦
રજી પોસ્ટેજ
૦-૫-૦



અમદાવાદના બાવન નામચીન સ્થાનોના ફોટોગ્રાફોનું આલ્બમ જે જગતના સ્થાપત્યમાં અદ્ભુત કારીગરી તરીકે સ્થાન પામ્યાં છે, જેણે પશ્ચિમના નામચીન કલામીમાંસકોને મુગ્ધ કર્યા છે, જેની પ્રશસ્તિ સાંભળી જગત-યાત્રીઓ અમદાવાદ આવે છે, એ શિલ્પ અને સ્થાપત્યના કાવ્યો સમાં અમદાવાદનાં મકાનોનું આ આલ્બમ દરેક ગુજરાતીના ઘરમાં હોવું જોઈએ. દરેક ચિત્ર નીચે ઐતિહાસિક અને લાક્ષણિક માહિતી આપતી નોંધ તથા શ્રી રત્નમણિરાવ ભીમરાવ જેવા વિદ્વાને લખેલા, અમદાવાદની ચડતી પડતી ને વિકાસ વર્ણવતા વિદ્વત્તાભર્યા નિબંધ સાથે

ગોવાલણી અને બીજી વાતો
કિંમત ૨-૦-૦
રજી પોસ્ટેજ
૦-૬-૦




ગુજરાતના ગણ્યાગાંઠ્યા નવલિકા-લેખકોમાં જે મોખરામાં પ્રથમ રહ્યા તે 'મલયાનિલ'ની રસનીતરતી બાવીસ વાર્તાઓ—જેમાં દસ મર્માળા હાસ્યની અને બાર મસ્ત પ્રણયની છે 'ગોળમટોળ શર્મા'ના નામથી હાસ્યકથાઓમાં અને 'ગોવાલણી'ની વાર્તાથી પ્રણયકથાઓમાં નામના મેળવનાર અને પોતાના મૃત્યુ પછીથી વધુ મશહૂર બનનાર એ લેખકનો આ સંગ્રહ ગુજરાતના જાણીતા કલાકારોનાં બેરંગી ચિત્રોથી વધુ સુંદર બન્યો છે

કુમાર કાર્યાલય · ૧૪૫૪ રાયપુર · અમદાવાદ · તથા બધા જાણીતા બુકસેલરો

KUMAR Reg. No B. 1803

SHIP BRAND FABRICS

SELL ON THEIR MERITS!



: કારણ કે :

૧ તે સ્વદેશી છે.

૨ પાકા રંગના છે.

૩ ટકાઉ છે.

૪ સર્વોત્કૃષ્ટ છે.

૫ મૂલ્યમાં સસ્તા છે.


કૉટનક્રેપ, લૉંગકલૉથ, પૉપ્લીન્સ, શર્ટીંગ્ઝ, ખાકીડ્રીલ્સ, ટ્વીલ્સ અને પથરીકલૉથ્સ, સફેદ ડ્રીલ્સ અને ટ્વીલ્સ, સાટીન ડ્રીલ્સ, બ્લ્યૂ ડ્રીલ્સ, ગ્રે ડ્રીલ્સ, ડેસૂટીઝ, કેસમેન્ટ કલૉથ્સ, શીટીંગ કલૉથ્સ, ટેબલ કલૉથ્સ, ટૉવેલ્સ, નેપકીન્સ વિ. વિ.

હેડ ઑફિસ

આવતી કાલનાં નાગરિકો ઘડતું આજનું માસિક


કુમાર

અંક ૨૨૨
વર્ષ ૧૯ • અંક ૬
જૂન • ૧૯૪૨





[illegible]



ચિત્રો

કાવ્યો

ચરિત્રો


વાર્તા

લેખો

વિભાગો

કુમાર-પ્રત્યેક અંગ્રેજી મહિનાની પંદરમી તારીખે બહાર પડે છે

મુદ્રક બચુભાઈ રાવત, તંત્રી અને પ્રકાશક – બચુભાઈ રાવત, કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય ૧૪૫૪ રાયપુર અમદાવાદ. વાર્ષિક રૂા ૬, પરદેશના રૂા ૭ાા, પરચૂરણ ... દસ આના, મુંબાઈમાં કુમાર ઑફિસ, ૧૩૬-૧૪૨ મેડોઝ સ્ટ્રીટ, ... અથવા રાયગ ... પ્રિન્સેસ સ્ટ્રીટ, ... રાયપુર



સાચી સાંકળ

ઝંડુ
બ્રાહ્મીવટી



હિસ્ટીરિયામાં
ઘેલછામાં
મગજની અવ્યવસ્થામાં તેમજ
મગજની નબળાઈમાં અકસીર દવા




અચૂક વાપરો!

૨૫ ટીકડીની બાટલીના રૂ. એક
૧૦૦ ટીકડીની બાટલીના રૂ. ત્રણ


ઝંડુ ફાર્માસ્યુટિકલ વર્કસ લિ.

અમદાવાદના એજન્ટ - મેસર્સ ભોગીલાલ - ગાંધીરોડ

મુંબાઈ-૩



આબુના દેલવાડાના મંદિરનો થાંભલો
(Photo Johnston and Hoffman)



અરિષ્ટાસુર વધ

અઢારમી સદીની આખરના પહાડી-કલમના ચિત્રના એક ખંડની અનુકૃતિ. શ્રી એચ. ડી. વાડિયાના સંગ્રહમાંના મૂળ ચિત્ર ઉપરથી શ્રી કા. ખંડાલાવાળાએ તેમના Indian Sculpture and Painting નામના ગ્રંથમાં કરેલા મુદ્રાચિત્ર ઉપરથી (અનુકૃતિ ચંદ્રશંકર ગવળ)

અરિષ્ટાસુર વધ વિષે શ્રીમદ્ભાગવતનો કથાભાગ આ રીતનો છે: 'એક વખત એક જ ડાંકી સાંઢ ખરીઓ વડે પૃથ્વીને ખોદતો તથા ગોથા મારતો ગોકુળમાં આવ્યો અને ચારે તરફ કેર વર્તાવવા લાગ્યો. નાસભાગમાં કેટલીયે ગાયોના તથા કેટલીયે સ્ત્રીઓના ગર્ભ સ્રવી ગયા અને ચોમેર હાહાકાર વર્તી રહ્યો. આ બધું જોઈ શ્રીકૃષ્ણ તરત આગળ નીકળ્યા અને તે સાંઢના માર્ગમાં શાંતિથી જઈને ઊભા રહ્યા. જેવો પેલો સાંઢ અત્યંત વેગથી દોડતો તેમની પાસે આવ્યો તેવા જ કૃષ્ણે તેના શીંગડાં પકડી, તેને અઢાર પગલાં સુધી બળપૂર્વક પાછો ધકેલી દીધો અને અને જમીન ઉપર ગબડાવી પાડ્યો. તેમણે તેના શીંગડાં બળપૂર્વક એવાં તો આમળ્યાં કે તેના માથામાંથી જ ઊખડી ગયાં. પછી તે શીંગડાં વડે જ શ્રીકૃષ્ણે તેને ત્યાં ને ત્યાં પૂરો કર્યો. શ્રીકૃષ્ણનું આ અદ્ભુત પરાક્રમ જોઈ સૌ વ્રજવાસી ખુશ થઈ ગયા અને પ્રેમભક્તિથી દ્રવિત થતા થતા તેમની આસપાસ વીંટળાઈ વળ્યા. [૩૬/૧-૧૫]'

જિરવટ

• પૃથ્વી •

વિષાદ પ્રિય હે! તું ટેકણ બની નિરાલંબન,
રહી અટલ ભેરુ શો, ગતન ચિત્તઅંતરતલે
ધરા હૃદયની સૂકી જિરવતો ઝમ્યા શો કરે!

વછોડી પયપાનથી, લઈ ખસેડીને ખોળલો,
'ગઈ જનનિ ગામ' તે નવ કદી ય પાછી ફરે;
ફૂટી પ્રથમ નિર્ઝરી નવ શકી નદા થંભાવે.

પ્રવાહ બદલ્યો ગ્યો, નિત નવીન સહુવાળીએ
મિચાઈ ઉઘડી સુવા. વદન વેગવંતાં બન્યાં;
હજી લગણ જ્યાં હતી જલઝકોર આછોતરી,
પ્રચંડ પૂર ત્યાં હવે હૃદયભેખડો તોડતું
અખંડ ગરજ્યા કરે, કરુણ-રુદ્ર ગોરંભનાં!

ઉતારી ઘૂંટ કાલકૂટ ભવના, હવે કંઠની
પિયાલી છલકે નહીં, શખ ગુમાનમાં ના ઢળે:
અહીં અધરપે સ્ફુરે સ્મિતકણી બધું પી જઈ

બાલમુકુન્દ દવે

દરદ નિતનું

• હરિણી •

દરદ નિતનું હૈયે મારે ભરાતું ધીમે ધીમે,
ક્ષણ ક્ષણ તણી ફૂંકે થાતું ગુલ્ફતરદાય એ:
વધુ વધુ જતાં ઊંડાં મૂળો, વધુ વધુ વિસ્તરે,
જમીન ઉરની ફોડી ફોડી પ્રરોહ નવાં ફૂટે.

દુઃખ નવ લહું એવી અજ્ઞાનીની જડતા નહીં:
દુઃખ ન જ ઉઠે એ તો ક્યાંથી અરે સ્થિતિ પ્રાજ્ઞની?
વચાળી સ્થિતિમાં જીવે અજ્ઞાનીની નથી જ્ઞાનીની!
મથનગર્હી આ પામું પૂરી ઘડી નવ શાન્તિની!

કદિક થતું કે 'છૂટ્યો છૂટ્યો જ પામીશ પાગલી',
વળી કદિક તો લાગે 'એ તો સદા જપતો જતો!'
* હૃદયતળિયે સદા અન્તે પલિત પ્રકાશની;
તદપિ ઉગારે છેલ્લો કો' દિ આનન્દ નિરાશની!

દરદ નિતનું લેતાં દેતું નથી ઘડી શાન્તિની:
તદપિ યદિ કો માગે તો ના દઉં કદી યે જીવી!

[illegible]

મારગડા!

([illegible])

હે મારગડા પ્યારા!
મન મારાના એકતારા ઝણઝણનારા
મારગડા પ્યારા,
હે અંતરમાંથી માગ
મારગડા પ્યારા!

દિ' ઊગ્યાની ઝરમર વેળા,
કાળનાં નદિ-નાળાં,
તારે હારે ચિંધ્યા કાપનો મારગ
જીવનના ઝનાગ!—મારગડા૦

ઉપર જડિયા આભલે તારા
વંશના વશ ઝનાગ,
આંખડી જ્યારે મીંચતી ત્યારે
ઝળુંમે કે જનમારગ!—મારગડા૦

સાંજ ગુજારે, સવાર જગાડે,
સૂરેખા માન-માનેલા
આભનાં ઘરાર કેતના સાથે
–બાપના હાથ ઝુલાળા!—મારગડા૦

ભાઈ મળ્યા મુંને વડલા હેઠે,
બેનું મળી નરાકાંઠે,
પ્રીતભરી મળી રજમાં નારી
અમરતની પાનલી!—મારગડા૦

દોસ્ત મળ્યા ગામેત મળ્યા કંઈ,
આજ બધા એક લાગે
કોઈને કાજે કોપ મને નહિ
મમતા આ શી જાગે!—મારગડા૦

તું જડે, મને પાય લે મારા
પાડની ઓઢિયું વાળા
ચંભિયું જ્યાં ક્ષિતિજનાં તારાં
ઉપડે ઝતનવાળા!—મારગડા૦

વાટ મળી વાટ. મારગે ભૂંડાં.
આકરે દાઝનારાં,
એકએને પાયા મારવા, ભૂંડા!
તેવ ન એમ અપૂર્ણ!—મારગડા૦

કાંઈ બન્યું નથી, કાંઈ બન્યું નથી,
જેમ મળ્યું એમ લીધું
મનું અંમાપે મેં ય હતીમળી
ચોખ ને અમરત પીધું—મારગડા૦

હજી હોં ચિંધા આંખવા મારા
નથી થયા'ય ફાટા
એક ભળ્યું તને પાયમાં મારા,
બીજું મારા ઝુલાળા!—મારગડા૦

'[illegible]'

([illegible])

મારી નજરે

ઉત્તર ભારતનાં કલાકેન્દ્રોની તંત્રીએ કરેલી સંસ્કારયાત્રા

આ સાથે બતાવેલા નકશાની રેખાએ રેખાએ શાન્તિનિકેતન, કલકત્તા, ઝરિયા અને પટણા પછીનો આનંદ હતો



નાલંદાનું પ્રાચીન વિદ્યાપીઠ

પટણાની પ્રાચીન ઇતિહાસગાથા તો અપૂર્વ અને અથાગ છે તે સમજવાને અથવા તેની ઝાંખી કરવાને ઇતિહાસગ્રંથો અને સમજાવેલા અદ્ભુત અવશેષોનો અભ્યાસ થવો જોઈએ, પરંતુ પટણાની તદ્દન નજીક જ બખ્તીયારપુર નામના બીજા એક સ્ટેશનથી બદલાતી નાની ગાડીમાં નાલંદા સ્ટેશને પહોંચાય છે અને તે પછીનું સ્ટેશન રાજગૃહીનું છે, જ્યાંના વનોમાં બુદ્ધ ભગવાને નિવાસ કર્યો હતો અને ઉપદેશ આપ્યો હતો. પ્રાચીનતા-પ્રેમી પ્રવાસીઓ આ બે સ્થાનોની પ્રાચીનતા અને પવિત્રતાનાં વર્ણનો કરતા થાકતા નથી. એમની વાણી પર કોઈ કલ્પનાનો આરોપ મૂકી શંકા કરે તો તેનું નિવારણ કરવા માટે પણ પ્રત્યેક સંસ્કારી હિંદીએ આ તરફના પ્રવાસમાં તેનું દર્શન કરવા નિશ્ચય કરવો જોઈએ. રાજગૃહી અને નાલંદા બંને એક જ દિવસે જોવાનો પ્રયત્ન ઘણા કરે છે, પણ અવલોકન અને ચિંતન માટે તો એ દોડધામ નકામી જ બની જાય. મારે વખતના અભાવે રાજગૃહીની મુલાકાત જતી કરવી પડી. ત્યાંની વનશ્રી અને પહાડી સૌંદર્ય (જુઓ અંક ૨૧૧નું મુખચિત્ર) વચ્ચે આવેલા પ્રાચીન ધામોના ખંડેરોવાળા ચિત્રો જોએલાં એટલે તે જતું કરતાં બહુ વસમું લાગ્યું. પણ શિલ્પ ને સંસ્કારસામગ્રી જોવાનું નાલંદામાં વધારે હતું.

હાથમાં અટેચી થેલી ને ફળાહારનો ડબો લઈ, સવારમાં છ વાગ્યે પટણાથી નીકળી, આઠ વાગ્યે બખ્તીયારપુરમાં ગાડી બદલી, દસ વાગ્યે અમે નાલંદા સ્ટેશને ઊતર્યાં. અહીં ક્યાંયે સારા ઉપાહારગૃહની ગોઠવણ નથી. વળી અહીંથી પ્રાચીન સ્થાન તો ત્રણ માઈલ દૂર છે ને ત્યાં જવાની સડક હજી હવે બંધાવા માંડી છે, એટલે મોટરબસ કે રિક્ષા જઈ શકે એમ નહોતું. અમે પગપાળા જ ફૂચ કર્યું અને સપાટાબંધ ત્યાં પહોંચી ગયા. ગરમી જણાતી હતી એટલે પહેલાં પૂરું ક્ષેત્રદર્શન કરી પાછા આરામ લેવાનું ઠરાવ્યું. દૂરથી નાની ટેકરી જેવા દેખાતા ઢગલાઓ પાસે જતાં પંદર કે વીસ ફૂટ ઊંડા ખોદાણમાં મળી આવેલા મોટા માર્ગો, ઇમારતો અને નિવાસગૃહોના વિશાળ પાયા ભૂતકાળની એ મહાન નગરીનું સ્વપ્ન ખડું કરે છે. પણ એ નગરી અનોખી જ હતી. એમાં નહોતો ધીકતો વેપારવણજ કે નહોતી વ્યાપારી વણજારોની ગર્દી. એ તો સાક્ષાત્ સરસ્વતીનું મહાધામ હતું. એ સમયની દુનિયાને ખૂણેખૂણેથી આવેલા દસેક હજાર પંડિતો પ્રતિવર્ષ ત્યાં વિદ્યાર્થી બનીને ભણી રહેતા. દરેક વિદ્વાન ઉત્તમોત્તમ પદ ત્યાં મેળવે ત્યારે જ જીવનની સિદ્ધિ મનાતી. મહારાજાઓ અને શ્રીમંતોએ એ વિદ્યાર્થીઓ તથા વિદ્યાધામના નિર્વાહ માટે ગામોનાં



કાશીના સાહિત્યકલા-રસિક સજ્જન અને યુક્તપ્રાંતોના અગ્રગણ્ય કલામર્મજ્ઞ રાય શ્રી કૃષ્ણદાસજી (જુઓ ...)

★

ગામો દાન કરી દીધાં હતાં. જગતના આત્મોત્કર્ષમાં સહાય થાય એવી પ્રત્યેક વિદ્યા ત્યાં શીખવાતી. ચીન, કમ્બોજ, જાવા, સુમાત્રા ને મલાયાના આચાર્યો ત્યાં દીક્ષા લેવા આવી જતા. આજે બનારસમાં હિંદુ યુનિવર્સિટી ૫૦૦૦ વિદ્યાર્થીઓનો વિદ્યાભ્યાસ સંભાળતાં કેવી કઠણ નાણાભીડ ભોગવે છે તેનો વિચાર કરીએ તો અગિયારમા સૈકા સુધી જાહોજલાલીના શિખરે પહોંચેલી એ નાલંદાની વિદ્યાપીઠના સંસ્કારનું ઋણ ભારત પર કેટલું હશે તેનો કંઈક ખ્યાલ આવશે. એનો

ઇતિહાસ અને એના અવશેષ ચિત્રો પણ આપણા અનેક પ્રમાણને પાત્ર બને છે (એના વિસ્તૃત પરિચય માટે આ અંકમાંના શ્રી અમૃતલાલ પંડ્યાનો લેખ જુઓ)

અમે વિશાળ નિવાસગૃહો જોયા, સુનિશ્ચિત માર્ગો જોયા, મકાનોની પીઠ પરનું વિવિધતામય બાંધકામ જોયું, સ્તૂપો અને ખંડ-મૂર્તિઓ જોઈ. અહીંના એકેએક ભાગ ઉપર સરકારી આર્કીઓલૉજી (પુરાતત્ત્વ) ખાતાની બારીક નજર છે અને બતાવનાર ભોમિયાની મદદથી ક્રમસર જોઈ શકાય છે. અહીંના ખોદકામમાંથી મળેલા પદાર્થો અને મૂર્તિઓ સુરક્ષિતરીતે નજીકના મ્યૂઝિયમમાં રાખવામાં આવ્યાં છે અને ત્યાં એક અધિકારી પણ રહે છે. કેટલીક સુંદર કૃતિઓ તો પટણા મ્યૂઝિયમમાં છે. એકાદ કલાકમાં અમે દેવનિરીક્ષણ પૂરું કરી મ્યૂઝિયમ તરફ ગયા. આંબાની ઘટાઓ વચ્ચે મીઠા પાણીનો કૂવો અને થોડા બંગલા મુસાફરને થોડી વાર આરામ અને તાજગી આપે છે. કૂવાનું પાણી તો એટલું મધુર હતું કે મારા આખા પ્રવાસમાં તેનો સ્વાદ યાદ રહી ગયો. નાલંદાના સ્થાપકોએ સંપૂર્ણ વિચારપૂર્વકની યોજના કરીને જ રચના કરી હશે. આસપાસની ભૂમિ પણ બહુ સરસ અને ફળદ્રુપ જણાઈ.

વૃક્ષછાયા નીચે બેઠક જમાવી અમે ઉપાહારનો ડબ્બો ખાલી કર્યો,—કૂવાનું પાણી બધું જ હજમ કરી આપશે એવી ખાત્રી સાથે—અને પછી મ્યૂઝિયમ જોવા ઊપડ્યા. મ્યૂઝિયમ એક નાના મકાનમાં જ છે. ત્યાંના ક્યુરેટર શ્રી સેનને મારું કાર્ડ પહોંચતા પોતાના નિવાસગૃહમાંથી ખાસ મળવા આવ્યા. તે ઘણાં વર્ષો સુધી મુંબઈની ઘારાપુરી (એલિફન્ટા)ની ગુફાના ક્યુરેટર તરીકે અધિકાર ભોગવી ગયા હતા, એટલે મારા નામને તેમણે સત્કાર્યું અને સામાન્ય માણસની નજર બહાર સહેજે જાય એવી મૂર્તિઓ, શાપો ને ધાતુપ્રતિમાઓ બતાવી. આપણા સુવર્ણકારો, શિલ્પકારો અને ચિત્રકારોના પાઠ્ય સાધનો તરીકે આ વસ્તુઓ મળે તો તેઓ જરૂર અજબ પ્રતિભાનું દર્શન અને પ્રસાદ પામે.

રાત ત્યાં રહેવાય એવી કોઈ સોઈ નહોતી અને સાંજે પાછી વળતી ટ્રેન અમારે પકડવાની જ હતી, એટલે બાળકને શિકારનો બધો થાક ભૂલી ઊઠી જવું પડે એવી લાગણી સાથે અમે ત્યાંથી ચાલી નીકળ્યા અને સાંજે તો પાછા પટણામાં હાજર થઈ ગયા



સંસારદર્શન ચિત્રાવલિ (૭)—'પાતળી પરમારો'

સુકુમાર નવપરિણિત બાળાઓના આપઘાતોના સમાચાર રોજરોજ મળે છે, પણ જ્ઞાતિઓના બુઢિયાઓ અને ડાહ્યા વડીલોના કાળજા જરા યે ફરકતા નથી. આનંદ સ્નેહોત્સવ કરવું જીવન જીવવાના કાળમાં જ આ નિર્દોષ પરણેલિઓનો ભોગ શાનું થઈ રહ્યું છે તેનો વિચાર કોઈ કરતું નથી. કુટુંબના આધારે જીવનારા તરુણની પત્ની સાસુ સસરા અને નણંદોની આકરી તાલીમ લેતા જરાક નાનો દોષ ... ન કરે તોપણ તેને મેણાં-ટોણાં અને ભયંકર આળોના ઘા પડે છે તે સહન કરવાની શક્તિ ન ગુમાવે છે ત્યારે કૂવા કે તળાવમાં પડી જિંદગીના ત્રાસથી છૂટે છે. એવી કેટલી યે પાતળી પરમારો ગુમાવ્યા છતાં સમાજને જરા યે ચિંતા નથી, ઈલાજ કરવાની કે જવાબ આપવાની તાકાત નથી; ઊલટું જ્ઞાતિના ખાનદાનોને ઉપરાઉપરી લેઈએ તેટલી કન્યાઓ મળી રહે છે અને કોઈ જ્ઞાતિજનો તરુણના ક્ષણિક વૈરાગ્યને ખંખેરવા બિચારી બાળાની ચિંતા કરી પણ ન થઈ હોય ત્યાં 'બીજ'નો હોમ કરી નાખે છે. લાચાર એવડે જુવાન તેમને શરણ જાય છે પણ

"કાશી ચાલ્યા અને ડાહ્યા નિસાસા એ જ્ઞાતિઓના સંસ્કારને બાળી રહ્યા છે'

પ્રભુનો ન્યાય એક વાર એ પૂછશે અને તરુણોની સામ ઉભું હશે

★

આ ચિત્રાવલિના અમુક ચિત્રોનું પ્રદર્શન ગામડાઓમાં પ્રચાર અર્થે કરવું જરૂરી લાગ્યું છે અને તેની અજબ લોકપ્રિયતા સાબિત થઈ છે. એના સુશોભિત ... માટે જરૂરી ... સંસ્થાઓ તરફથી કરાવવાની ગોઠવણ કરવા ઇચ્છતા હોય તેઓ તંત્રીનો સંપર્ક સાધે.



પુરાણપ્રસિદ્ધ કાશી

● પ્રવાસમાં ધાર્યા કરતાં વધુ રોકાણ થવા લાગ્યું અને બનારસ પહોંચવાની તારીખોમાં મોટો ફેર પડી ગયો. હિંદુ યુનિવર્સિટી બંધ થઈ ગઈ હશે, મિત્રો બહારગામ ચાલ્યા ગયા હશે, એ બધા ભય સામે અમારી મોટી આશા અને આશ્વાસન કાશીનું 'ભારત કલા ભવન' જોવાનાં હતાં. યુનિવર્સિટી તો બંધ થઈ જ ગઈ હતી, પરંતુ તેની આયુર્વેદિક કૉલેજના પ્રિન્સિપલ, આપણા જાણીતા ગુજરાતી શ્રી બાલકૃષ્ણ અમરજી પાઠકે મારી રાહ જોઈ જોઈ અંતે નછૂટકે અગત્યની કામગીરીએ બનારસ છોડેલું છતાં પોતાને ઘેર અમારા આતિથ્યની પૂરી સૂચનાઓ અને વ્યવસ્થા મૂકતા ગયા હતા. માત્ર અમને એમના સૌજન્યપૂર્ણ સમાગમનો લાભ ન મળ્યો. મહામના પંડિત માલવીયજીનું દર્શન પણ ન થઈ શક્યું. બાકી રહેલા પ્રાધ્યાપકોમાં પંડિત

કામણ ઈ કોણે કર્યાં હો જી

(ઢાળ—બાપ તારે પરકાશ જડેલ)

વાલિયો ભીલ હતો વાટપાડી ને, અઘોર કરમ આચારી જી
રામજી તો ય એના રૂદિયામાં પ્રગટ્યા, રામકથા ઓધારી જી
કામણ ઈ કોણે કર્યાં હો જી?
રામબોલો વળી લંપટ પૂરો, વહુની વાંસે જાય જી
ભાનુની માયા પરહરી એણે પૂજ્યા રઘુવીર પાય જી
કામણ ઈ કોણે કર્યાં હો જી?
જેસળ જગનો ચોરટો, કુડાં કરમ તણો નવ અંત જી
સતી તોળલના શરણાં લીધાં, સત શું બાંધ્યા તંત જી
કામણ ઈ કોણે કર્યાં હો જી?
બાળ નરેને ભગવા ધારી, જગવ્યો ભારતખંડ જી
મોરબીવાળા મૂળશંકર થીયા જોગંદર પરચંડ જી
કામણ ઈ કોણે કર્યાં હો જી?
તાત તજીને દારા સેવી, પરમાટીને પ્રાશી જી
રોઈ તપસીની કીરતિ સતો' [illegible] પરકાશી જી
કામણ ઈ કોણે કર્યાં હો જી?
અગન તણો એક તણખો ઊડ્યો, પડ્યો કોયલા માંય જી
પ્રાકૃત સૌ પરજળ્યા એણે, ભવની કાળપ જાય જી
કામણ ઈ કોણે કર્યાં હો જી?

તનસુખ ભટ્ટ

શ્રી સુખલાલજીની ટૂંકી મુલાકાતનો ક્ષણિક લાભ પામી અમે અમારું મથક કાશીમાં જ શ્રી રેવાબાઈ ધર્મશાળામાં ફેરવી નાખ્યું અને પહેલી જ તક ભારત કલા ભવનના સંસ્થાપક, હિંદી સાહિત્યના અભિજાત ઉપાસક અને સર્જક રાય શ્રી કૃષ્ણદાસજીની શોધ કરી. રાત્રે તેમને ખબર મળતાં જ માણસ સાથે કહાવ્યું કે સવારમાં તેઓ પોતે જ અમારા મુકામે આવશે.

રાય શ્રી કૃષ્ણદાસજી


● એમનું નામ આજે હિંદી સંસ્કાર-મંડળોમાં અગ્ર શ્રેણીમાં છે. કાશીના એક પુરાણા ખાનદાનના તે વંશજ છે. તેમનું વિશાળ મકાન બરોબર ઘાટ ઉપર બંધાવેલું છે. કેટલીયે ગલીકૂંચીઓ વીંધી ત્યાં પહોંચતાં પ્રથમ તો અકળામણ જ થાય, પણ એમના ઘરના ઝરૂખા અને અગાશીમાંથી ગંગાજીના ઘાટનું જે દર્શન થાય છે તે તિથિએ તિથિએ નવીનતાઓની અમૂલ્ય લહાણી કરે છે. પોતે આજે ૫૦ વર્ષ ઉપરની વયે પહોંચ્યા હશે. બચપણથી જ કવિઓ, વિદ્વાનો અને કલાકારોના સહવાસમાં ઊછર્યા છે. સંસ્કૃત, અંગ્રેજી અને હિંદી સાહિત્યના મર્મજ્ઞ છે. એમના ચારિત્ર્ય અને વિદ્વત્તાની સુવાસ ચારે તરફ એકસરખી પ્રસરી રહી છે. એમનું ઘર એક અનોખી પ્રતિભા ધરાવે છે. એમનું મિત્રમંડળ વિશાળ છે. ઈ. ૧૯૧૮માં હું કલકત્તાના પ્રવાસે પ્રથમ નીકળેલો ત્યારે તેઓ 'હેસ્ટિંગ્સ હાઉસ' નામના બનારસ કૅન્ટોન્મેન્ટના એક મકાનમાં રહેતા હતા અને કલારસિક પુરુષ તરીકે એ સમયે પણ મિત્રોમાં એમની ખ્યાતિ હતી. સ્વ. મોતીભાઈ અમીન પણ એ પ્રવાસમાં હતા. તેમના સ્નેહી આસિ. કલેક્ટર શ્રી છોટુભાઈ દેસાઈએ અમને તેમની મુલાકાત કરાવી હતી. તે વખતે તેમના ઘરમાં પુરાણી ચિત્રકળાનું મહાભારત જોયું હતું. એ મુલાકાત પછીના આ બધા સમય દરમિયાન તેમણે એ શોખનો એવો તો ઉત્તમ પરિપાક કર્યો છે કે તેઓ આજે યુ. પી. (યુક્ત પ્રાંતો)ના એકવા અને અગ્રગણ્ય કલામર્મજ્ઞ ગણાય છે. એમના જીવનસમસ્તના પ્રયાસથી 'નાગરી પ્રચારિણી સભા'ના આશ્રયે કાશીમાં જ તેઓ એક સરસ ચિત્રાલય અને શિલ્પસંગ્રહ જમાવી શક્યા છે. આજે પણ પોતાનો બધો સમય અને શક્તિ તેઓ માત્ર એ સંસ્થાના જ સંવર્ધનમાં ખર્ચી રહ્યા છે. અમારા ખબર મળતાં જ, પોતે એક નવા સંશોધન માટે પટણા જવાનું ધારેલું તે તેમણે બેત્રણ દિવસ આઘું ઠેલ્યું.

સવારે નવ વાગ્યે તો એમની મૃદુ હાસ્યમય સૌમ્ય મુદ્રાનું ધર્મશાળાની ઓરડીના બારણામાં જ દર્શન થયું. વર્ષોનું અંતર વીત્યા છતાં ચિરસંબંધીની જેમ તેઓ ભેટીને મળ્યા. પોતાનું મકાન છોડી અહીં કેમ રહ્યા તે બાબત નરમ ઠપકો આપ્યો, મારા પ્રવાસનો આશય ટૂંકામાં સમજી લીધો અને સમયની કિંમત પિછાનનારા તેમણે પહેલી સૂચના એ કરી કે અમારે ગરમી વધે તે પહેલાં સારનાથનું ચક્કર લગાવી આવવું, અને પોતે ભારત કલા ભવનમાં જ અમારી રાહ જોતા આખો દિવસ રોકાશે એમ નક્કી કર્યું.

સારનાથ જવાને અમે છકડો કરી લીધો. કાશીમાં ભાડાની ગાડીના 'છકડો' અને 'ટાંગો' એવા બે પ્રકાર છે. ટાંગો મોટી પહોળી નીચી ડોંગરી જેવો હોય છે. તેમાં ઘોડા તરફ પીઠ રાખી, પાછળ પગ રાખી બેસવાની સગવડ હોય છે. છકડો તો નાનકડી દેરી જેવો. બેસનારા એકબીજાની પીઠ અડાડી અંદર બેસે. હાથ વડે ખૂણાની દાંડીઓ પકડી રાખે અને પગ બહાર લટકાવી દેવાના! બે છકડા પાસેપાસેથી પસાર થાય ત્યારે પગનું જોખમ ખરું જ. પણ કાશીની ગલીઓમાં સૌ એ જ વાહન રસ્તો કરી શકે. કાશીની પ્રજા પણ એ જ પસંદ કરે. ટાંગો તો સાહેબ લોકોની સગવડ માટે નિમાયો છે. તેનું ભાડું પણ વધારે. છકડાવાળા તો કેમ કરી નિર્વાહ કરી શકતા હશે તેનો યે વિચાર થાય. અમને સારનાથની દસથી બાર માઈલની મુસાફરી સારુ ત્રણ જણ માટે માત્ર સવા રૂપિયામાં છકડો મળ્યો. તેમાં વળતી વખત ભારત માતાનું મંદિર પણ જોવાનો ઠરાવ હતો. છકડામાં બેસતું ફાવે તો લહેર તો આવે છે જ. જાણે આપણે જ રસ્તા પર દોડતા જતા હોઈએ એમ છૂટથી આસપાસનું જીવન નીરખવાનું મળે. સારનાથ પહોંચતા સુધીનો અમારો રસ્તો નગરના લોકજીવનના થરો જોતાંજોતાં સહેજમાં પસાર થઈ ગયો.

સારનાથ

● આ એ જ સ્થાન, જ્યાં ભગવાન બુદ્ધે પ્રથમ ધર્મપ્રવચન કર્યું હતું. તેના સ્મરણમાં અહીં મૂળગન્ધ કુટિવિહાર નામનો મઠ બંધાયો હતો, એક અતિ ઉચ્ચ કોટિનો કલામય સ્તૂપ હતો, વિહારો હતા, એ



સારનાથનો પ્રાચીન બૌદ્ધ સ્તૂપ (ફોટો મહાબોધિ સભા, સારનાથ)

સારનાથના સંગ્રહસ્થાનમાંથી મળી આવેલી ભગવાન બુદ્ધની ધર્મચક્રપ્રવર્તન મુદ્રાની સુંદર મૂર્તિ

વિશાળ વન હતુ, તેમા હરણોનો પાર નહોતો તે પરથી ત્યાની બૌદ્ધ મૂર્તિને લોકો 'સારંગનાથ' કહેતા, જેનુ રૂપાન્તર આજે 'સારનાથ' થયુ છે


આ સ્થાનના ખોદકામમાથી અતિ ઉત્કૃષ્ટ પ્રકારનું શિલ્પ અને પ્રતિમાઓ મળી આવ્યા છે તેનુ સંગ્રહસ્થાન બાજુમા જ છે તેને લગતી પુસ્તિકા પણ ત્યાં મળે છે, એટલે પ્રવાસીને ઘણી સગવડતા થાય છે. આ સંગ્રહ જોવાનો નિયત સમય છે. જુદાજુદા ઋતુમાં જુદો-જુદો સમય છે, તેથી તેનું જ્ઞાન પામ્યા વિના કોઈ જાય તો ઘણો ખોટીપો થાય, અથવા ફેરો અફળ જાય. અમે પહોચ્યા ત્યારે એક જ કલાક ખુલ્લુ રહેવાને બાકી હતો, એટલે તેનો પૂરતો લાભ લીધા પછી જ અમે ત્યાં થએલા ખોદકામનો વિસ્તાર જોયો તેમા એક મોટા સ્તૂપનુ ખંડિયેર પહેલુ ધ્યાન ખેંચે છે એક વખત તેની ઉપરથી તે નીચે સુધી પુષ્પો, હરણ અને હાથીઓના વેલ-કંદોરા ભર્યા હશે આજે તો બહુ જ થોડા ભાગમા તેની નિશાનીઓ છે જે ઉત્તમ કલા-વિધાનની પ્રતીતિ આપે છે બાજુમા વિહારો, રસ્તાઓ અને ઘરોના પાયા સ્પષ્ટ દેખાય છે આ સ્થાનમાથી મળેલા જે નમૂના સંગ્રહસ્થાનમા છે તે પરથી અતિ ઉત્કૃષ્ટ કોટિની સંસ્કૃતિનુ તે ધામ હશે એમા શંકા રહેતી નથી ભારતીય શિલ્પ માત્ર બજારૂ હેતુઓપર પાંગર્યું નહોતુ જીવનને ઘાટ આપનારાં અનેક તત્ત્વોની પ્રેરણાથી ભારતની કલા પણ ભારતના વેદાંત કે કાવ્યસાહિત્ય જેવી જ ઉચ્ચ કક્ષાએ પહોચી હતી. નૃત્ય, શિલ્પ, ચિત્ર અને સાહિત્યમાં એ કળાઓના પ્રણેતાઓએ યોગ, તપ અને અભ્યાસથી જે સંસિદ્ધિ પ્રાપ્ત કરી હતી તેનો આદર સરખો કરવાની બુદ્ધિ પણ આપણામા પ્રકટી નથી એ શોચનીય છે. હિન્દમા બૌદ્ધ ધર્મના હ્રાસ પછી તેની ઉપજાવેલી સંસ્કૃતિનુ મૂલ્ય આ દેશને નહોતુ તેથી અનેકગણું ચીન, જાવા, સીલોન, તિબેટ આદિ દેશોમા સચવાયુ હતું; અને ત્યાના ઉપાસકો તથા પંડિતોએ આ ભગિનીતીર્થ સમજી ફરીવાર આજે તેના સંશોધન અને સમુદ્ધારના જે પ્રયત્નો કર્યા છે એટલે દરજ્જે હિન્દી સરકાર પણ કરી શકી નથી.


સારનાથ નામ કેવી રીતે પડ્યું

બુદ્ધ ભગવાન પૂર્વાવતારમા હરણોના એક ટોળાના રાજા જન્મ્યા હતા કાશીના રાજાને શિકારનો શોખ હતો તેથી તે અનેક હરણોનો નાશ કરવા લાગ્યો તે જોઈ હરણુ બોધિસત્ત્વે રોજ એક હરણુ તેના ભોજન માટે મોકલવાનુ કરી શિકાર બંધ કરાવ્યો. કાશીરાજે પણ તે વાત કબુલ રાખી. એ રીતે રોજ એક હરણ અપાતુ એકવાર એક હરણીનો વારો આવ્યો તેણે પોતા મુખી હરણુ બોધિસત્ત્વને જણાવ્યુ કે તેની સાથે તેના ગર્ભમા રહેલા હરણની પણ હત્યા થાય એ અન્યાય ગણાશે હરણુરાજને દયા ઉપજી એટલે તેના બદલે પોતે જાતે બલી દેવાનો નિશ્ચય કર્યો અને કાશીરાજ પાસે જઈ બધી વાત સમજાવી પોતાની ડોક ધરી કાશીરાજ એ સાંભળી મહા પશ્ચાત્તાપ કરવા લાગ્યા અને કહ્યુ 'ખરેખર મનુષ્યરૂપે હું મૃગ છુ અને મૃગરૂપે તુ દેવ છે.' તે પછી તેણે હરણનો ઘાત સદંતર બંધ કર્યો ત્યારથી એ વનનુ નામ સારંગનાથ પડ્યુ. પણ તેને ખરેખરી પ્રસિદ્ધિ તો ભગવાન બુદ્ધે ત્યા રહી ધર્મચક્ર પ્રવર્તન કર્યું (ધર્મોપદેશ કર્યો) ત્યારથી થઈ છે એ સમયના ખાસ અવશેષો કંઈ મળ્યા નથી.

એ સ્થાનની પ્રતિષ્ઠા અર્થે સમ્રાટ અશોકે એક શિલા સ્તંભ આરસનો સ્તંભ ઊભો કર્યો હતો. તેના આજે મળી આવેલા ખંડો શિલ્પનો એક આશ્ચર્ય પ્રકાર છે તેનો મથાળાનો ભાગ અહીંના સંગ્રહસ્થાનમા છે એવો કઠણ પથ્થર ઘડીને તેના પર જે એક પ્રકારનો ઓપ લાવવામા આવ્યો છે તેની ક્રિયાની માહિતી હજુ સુધી મળી શકી નથી એવા આહિસ્તંભો બુદ્ધના અવશેષોવાળા સ્તૂપોની જેમ અશોક મહારાજે બંધાવ્યા હતા તેના પરનું સાંકેતિક શિલ્પકામ મોટા વિદ્વાન બુદ્ધ આચાર્યની નજર તળે થયું હશે, કારણ કે તે પર કોતરેલા ચિહ્નો ગ્રંથોના આધાર પ્રમાણે જ છે ગુપ્ત રાજ્યકાળમા બ્રાહ્મણવર્ગ અને શ્રમણોનો સુમેળ હતો, કલાકારોને કોઈ પ્રકારની હરકત નહોતી નડી

૧૧મા સૈકા સુધી સારનાથનુ ધામ જીવતુંજાગતુ હતુ ૧૨મા સૈકામા પરદેશી યવનોના આક્રમણોએ તેનો ધ્વંસ કરી નાખ્યો ૧૯૩૬મા હિન્દના આર્કીઓલૉજી ખાતાના વડા સર જ્હૉન માર્શલે તેનું ઉત્ખનન (ખોદકામ) કરી તે પર પ્રકાશ પાડ્યો તે પહેલા ત્યાંના





ડાબી બાજુ' સારનાથની પ્રતિમા અને અશોકે ઊભા કરેલા પીળા પથ્થરના ઊંચા સિંહસ્થંભનો મથાળાનો આ ભાગ એ કાળના શિલ્પકૌશલનો ઉમદા નમૂનો ગણાય છે જમણી બાજુ ૧૯૩૧માં શ્રી અનાગરિક ધર્મપાલના પ્રયત્નથી સારનાથ વિહારનો જીર્ણોદ્ધાર કરીને જેની પુન પ્રતિષ્ઠા કરવામાં આવી તે 'મૂલ ગન્ધકૂટિ વિહાર'

કેટલા યે પથ્થરો ને ચાલીસેક મૂર્તિઓ વારણા નદીનો પુલ બાંધવામાં નદીમાં ખડકાઈ ગયા હતા. ઇનિંગહામ પછી લગભગ સો વર્ષ સુધી સારનાથનું નામ કોઈએ લીધુ નહિ. ૧૯૦૬–૭માં સરકારી ખાતાના વિદ્વાનોએ તેના લેખો, શિલ્પ ને સમારકામ ઉપર ધ્યાન આપ્યુ

મૂલ ગન્ધકૂટિ વિહાર

● જે ભક્તિ અને ઉપાસનાએ સારનાથનો સંઘારામ ઘડ્યા હતો તે તો હવે કોણ જાણે પાછા ક્યારે જન્મશે, પણ સીલોનના બૌદ્ધ સાધુ શ્રી અનાગરિક ધર્મપાલે એ સ્થાનની પુન પ્રતિષ્ઠા માટે સંકલ્પ કરીને અમેરિકા આદિ દેશોમાં ભ્રમણ કરી, દ્રવ્ય એકઠું કરી, અસલ સ્થાનનો નિર્ણય કરી, ત્યાં એક ચૈત્ય મંદિર અને વિહાર બાંધ્યા છે એ મંદિર બંધાયુ ત્યારે મોટો ઉત્સવ થયો હતો અને નવા ચૈત્યમાં બુદ્ધ ભગવાનના ખરા અવશેષો, જે સરકારી ખાતાને ગાંધારના સ્તૂપોમાંથી મળેલા, તે એક સુવર્ણ-મંજૂષામાં મૂકી, હાથી ઉપર પધરાવી, સરકારી અમલદાર શ્રી દયારામ સહાણીએ ત્યાં અર્પ્યાં હતા

પણ એ સ્થાનની વિશેષતા તો એ ચૈત્ય મંદિરની અંદરની વિશાળ ભીંત પર આલેખેલા બુદ્ધ-જીવનના ચિત્રો છે. અજન્તાની શૈલીનો આધાર લઈ જાપાની કલાકાર નોસુએ પૂર્ણકાય માનવપાત્રો દોરીને બુદ્ધકથા પુન' ત્યાં સજીવ કરી છે. એ કલાકારે ધર્મપ્રીતિથી જ એ કામ કર્યું છે, એટલે એ ચિત્રો દ્વારા જે વાતાવરણનો અનુભવ થાય છે તે પાવનકારી નિર્મળ આનંદ આપી શકે છે અને જીવને પ્રેરનારા આદર્શો ઉચ્ચ હોય તો કેવું પરિણામ આવે તેનો સુંદર નમૂનો પૂરો પાડે છે. આ ચિત્રકામ જોવાને હું ઘણાં વર્ષોથી ઇંતેજાર હતો, એટલે અમારી કંઈક કમોસી કરવાને દૈવઘટના એવી બની કે બીજું જોવાના તાનમાં વિહાર બંધ થવાનો સમય ધ્યાનમાં રહ્યો નહિ અને રખવાળ કૂંચીઓ લઈ ક્યાંક જતો રહેલો. સુભાગ્યે ભાઈ મંજલાલે શાંતિનિકેતનમાં આવી ગએલા એક તિબેટી બૌદ્ધ સાધુને નિવાસગૃહમાંથી શોધી કાઢ્યા અને એકાદ કલાકની હડફડ કર્યા બાદ કૂંચીવાળા નોકરનો પત્તો મેળવ્યો. અહીંના વિહારના એ સાધુઓનો પરિચય પણ બહુ આહ્લાદક અને સુવાસમય બને છે. કેવા તેજસ્વી, નમ્ર અને તરુણ સાધુઓ સ્મિતભર્યા વદને એ વિહારની સેવામાં અને બૌદ્ધ સાહિત્યના પ્રચારના કાર્યમાં અવિરત પરોવાયેલા રહ્યા છે એ જોઈએ ત્યારે આપણા છીછરા સેવામંડળો અને સદ્ભાવનાઓના માનસ પર અનુકંપા ઉપજે. આજે પણ જો એ ધર્મને આવા સેવાભાવી અને ત્યાગી માનવો મળી રહે છે, તો પછી બુદ્ધ ભગવાન તથાગતના પાવક પરિચય અને સમાગમથી સર્વાર્પણ કરનારા તે વી જીવોની વાત શી કરવી ? અનેક વિચારોથી ઘેરાતા અમે તે સ્થાન છોડ્યું ત્યારે જ ખ્યાલ આવ્યો કે સવારથી અત્યાર સુધી પેટમાં જરા યે ટેકો મળ્યો નથી.

ર. મ. રાવળ

કૂકડો અને શિયાળ

એક ભૂખ્યો શિયાળ એક ગામના પાદરમાંથી પસાર થતો હતો. ત્યાં આગળ એક કૂકડો ચણતો હતો. તેના ઉપર દૃષ્ટિ પડતાં શિયાળે કંઈક યુક્તિથી કૂકડાને પકડવાનો વિચાર કર્યો પછી કૂકડાની નજીક જઈને શિયાળે કહ્યું, 'કાં ભાઈ' ઓળખાણ પડે છે? તમારા પિતાની સાથે મારે ઘણો સારો સંબંધ હતો. તેનો અવાજ પણ બહુ મધુર. જ્યારે પણ હું અહીંથી નીકળતો ત્યારે તેનું ગાયન સાંભળવા હું રોકાઈ જતો. કેટલો આકર્ષક તેનો સૂર' તમારો કંઠ પણ તમારા પિતા જેવો જ મીઠો હશે!"

શિયાળના ખુશામતિયા શબ્દોથી મૂર્ખ કૂકડો ફુલાઈ જતાં બોલ્યો, 'હું પણ મારા પિતાના જેવું જ ગાઈ શકું છું. કંઠની મધુરતામાં હું કંઈ મારા પિતા કરતા ઊતરતો નથી ' એમ બોલી કૂકડાની ટેવ મુજબ આંખો બંધ કરી, પાંખો ફફડાવી તેણે ગાવાનું શરૂ કર્યું. આ તકનો લાભ લઈ શિયાળે ફરી મારી કૂકડાને મોંમાં પકડી નાસવા માંડ્યું. ગામના કૂતરાંને આ વાતની ખબર પડતાં તેમણે શિયાળનો પીછો પકડ્યો. શિયાળ માટે હવે બચવાનો માર્ગ રહ્યો નહિ, ત્યારે તક સાધી કૂકડો બોલ્યો, 'જો ભાઈ' હું તો હવે અમસ્તો ય જીવતો રહેવાનો નથી. પણ તારે જીવ બચાવવો હોય તો એક ઉપાય હું સૂચવું છું. તું મોટા અવાજે બૂમ પાડીને કૂતરાઓને કહે કે જે કૂકડો મેં પકડ્યો છે તે તમારા ગામનો નથી, એટલે કૂતરા પાછા ચાલ્યા જશે!"

સંકટમાં ઘેરાઇ ગએલો શિયાળ પોતાની બુદ્ધિ ગુમાવી બેઠો, અને બૂમ પાડવા માટે મોં ઉઘાડવા ગયો કે તરત જ કૂકડો તેના જડબામાંથી છટકી ગયો. નિરાશ વદને શિયાળ બોલ્યો, 'હું કેવો મૂર્ખ' કે કસમયે મેં મોં ઉઘાડ્યું?" પસ્તાવો કરતા કૂકડાએ જવાબ વાળ્યો, 'હું પણ કેવો નાદાન! કે કસમયે મેં આંખો બંધ કરી ગાવા માંડ્યું"

(ફારસી ઉપરથી) હિંમતલાલ લીલાધર ગાંધી



રઘડો નતોડ

અરમાન અને અભિમાનના અણચિંતવ્યા અંજામની વાર્તા

સીમવદર ગામમાં જઈને તમે પૂછો કે ચોપાટનો ખેલાડી કોણ છે તો એક નાનું છોકરું પણ ટપ દઈને જવાબ આપે: 'રઘડો.'

આ ઉપરથી એમ નથી સમજવાનું કે રઘડા સિવાય બીજાઓને ચોપાટ રમતાં ન જ આવડતું. કાથડબા બાપુની ડેલીના ઓટા આજ વર્ષોથી ચોપાટ રમવાનો અખાડો હતો. કાથડબા બાપુ તેમના હજુરિયાઓ સાથે કોઈકોઈ વખત સવારો-સવાર સોગઠાં ઢોકતા. પણ એ સહુ તો, રઘડો કહેતો તેમ, માત્ર 'કોડા ફલાણી' જાણે ચોપાટ 'રમી' જાણનાર–ખરા અર્થમાં રમી જાણનાર તો એક માત્ર રઘડો જ.

રઘડો ગામ ખાતે ચોપાટનો વિજેતા (champion) હતો. ગામના ચુનંદા કહી શકાય તેવા રમનારાઓને તેણે એક નતોડિયું બરત આપીને પોતાને બીનહરીફ પુરવાર કર્યો હતો.

ગામમાં કોઈને ઘેર મહેમાન આવે અને ચોપાટ રમવી હોય ત્યારે રઘડાને તેડાવે. રઘડાની રમત જોઈને સહુ મોંમાં આંગળાં ઘાલી જાય. ધાર્યાં દાવ નાખી જાણનાર તો રઘડો જ અને કાકરીની ચાલમાં તો બીજો કોઈ ખેલાડી એના પેગડામાં પગ ઘાલી શકે તેમ નહોતો. રમત શરૂ થાય કે પહેલી જ ઘાલે રઘડો દસ કે પચ્ચીસ દાણા નાખીને દાવ લે અને ટપોટપ કાકરી માંડવી શરૂ કરે. સહુ ગમનારા ફાટી આંખે જોઈ જ રહે. ધાર્યા દાણા નાખવાની એને અજબ ફાવટ હતી. તોડ પણ પહેલવહેલો રઘડાનો જ થતો. તોડ કરવો હોય ત્યારે રઘડો પોતાના બીડીઓ ફૂંકીફૂંકીને કાળામેશ થઈ ગયેલ ઓઠ, કંઈક ગણત્રી કરતો હોય તેમ ધીમેધીમે ફફડાવતો. આ વખતે સહુ સમજી જતા કે રઘડાની ટાંપ શઈ કાકરી 'ખેરવવા' ઉપર છે. 'રઘડા, આ લીલી કૂકડી કે, ત્રણ દાણા નાખીને,'–કોઈ રઘડાને સૂચના આપતું અને રઘડો હાથમાં કોડાં લઈ, એ લીલી કાકરી ઉપર નજર ચોટાડી, એક, બે અને ત્રણ વખત ખખડાવી, સાથે જ ત્રણ દાણા નાખતો અને સહુને તાજૂબ કરી મૂકતો. કેટલાકને આમાં રઘડાનો આ રમતના જૂનો મહાવરો કારણભૂત લાગતો, કેટલાક એને રઘડાની આંગળી-ઓની અદ્ભુત કરામત ગણતા, તો કોઈ અગમ્યતાના આશકો, જેઓને બધી ક્રિયાઓમાં અગમ્યના દર્શન કરવાની આદત હતી તેઓ કહેતા: 'એ તો કોઈ બાવા પાસેથી વિદ્યા શીખી આવ્યો છે.'

એ ગમે તેમ હોય, રઘડો ગામ ખાતે ચોપાટનો અઠંગ ખેલાડી હતો એ તો નિઃશંક. એની આ ખ્યાતિ અડખેપડખેના દસવીસ ગાઉમાં પ્રસરી હતી. તેની સાથે એકાદ રમત રમવી એ જીવનનો લહાવો ગણાતો. અરે, રમવું તો દૂર રહ્યું, પણ તેને રમતો જોવામાં પણ લોકો ગર્વ લેતા. સવારસાંજ કાથડબા બાપુની ડેલીના ઓટા ઉપર રઘડો રમવા બેઠો હોય ત્યારે જોનારાઓની ઠઠ જામતી. કામે જનારા દાડિયાઓ ઘડીભર કામ વિસારે પાડી જોવા ઊભા રહેતા. નદીએ નહાવા જનારાઓ નહાવાનું મોડું કરીને પણ રમત જોવાનો લહાવ લેતા. પરગામના ગાડાખેડુઓ પણ ઓટા સામે ગાડાં ઊભાં રાખી, ઢાંઢા મૂતરી રહે ત્યાં સુધી ગાડામાં રાશ ભરાવી રાખી, રમત જોયા કરતા. ગમે ત્યાં જ્યાંએ ચોપાટની વાત નીકળે ત્યાં રઘડાનું નામ લેવાવાનું જ: 'રમી જાણનાર તો એક રઘડો સીમવદરવાળો જ; બીજા બધા એનાથી હેઠ.'

રઘડાની આ નિપુણતા અને ખ્યાતિએ એને ધીમેધીમે બેહદ ગર્વિષ્ઠ બનાવ્યો. વાતવાતમાં આત્મશ્લાઘા કરવાની તેને બૂરી આદત પડી. જેવાતેવા સાધારણ રમવાવાળાઓ જોડે તો તેણે રમવું યે બંધ કર્યું; પછી નાચાપોચા શિખાઉનું તો પૂછવું જ શું?

'હવે એવા ડબા રમવાવાળા હારે તે શું રમવું? મારી મૂછ લાજે' કહી ઘણી વખત એ મૂછને વળ આપતો.

પછી તો એનું અભિમાન એટલી હદ સુધી પહોંચ્યું કે કાથડબા બાપુની ડેલીએ રમવા જવાની પણ એણે ના પાડવા માંડી.

'ડેલીએ રમવાવાળો કોણ છે, ઈ તો બતાવો મને. મારી વચ્ચેનો કોઈ ગાની દીઓ તો ખરા કહું.'

કેટલાક રસિકો રઘડાને ચગાવતા: 'રઘડા, આપણા કાથડબા બાપુ કેવુંક રમી જાણે?'

'ઉંહ' કે વળી કે 'ઈ કોણ રમવાવાળો? મારી કાકરી ઘુમગા પૂગે ત્યાં સુધી તો એનો તોડ પણ નથી થાતો.' રઘડો અત્યંત ઉપેક્ષા-વૃત્તિથી કહેતો.

'તંયેં તો તું બાપુને ય નતોડિયું દઈ દે, કાં?'

'અરે, એને નતોડિયું દેવું એમાં તે કયો પાડો ઉકાળવો'તો?'

'ને ઓલ્યો કુબેરશંકર?' કોઈ પૂછતું.

'કૃષ્ણાશંકર તો મારા હાથનો ચેલો. કાલ સવાર સુધી મારા ગોગઠા સાચવતો.' રઘડો ગુરુની અદાથી કહેતો.

'ને બુરાભી?'

'એને તો કોડાં નાખતાં ય નથી આવડતા.'

'ટપુડો કેવુંક રમે?'

'એના બાપદાદે કોઈએ સોગઠી હાથમાં ઝાલી છે તે એને રમતા આવડે?'

આમ રઘડો સહુને ગણત્રીમાંથી કાઢી નાખતો. પોતાને એ

ચોપાટના ખેલાડીઓનો સમ્રાટ ગણાવા લાગ્યો. ક્રિકેટના ખેલાડીઓ પોતા માટે ખાસ બૅટ રાખે છે તેમ રઘડાએ ગોરધન સંઘેડિયાને ખાસ વરદી આપીને પોતા માટે લાલ ચણોઠી જેવી ચાર રમતડી સોગઠીઓ ઉતરાવી હતી. એ સોગઠીઓ વિના એ રમે જ નહિ

અને પછી તો એને દિગ્વિજય કરવાનો મોહ લાગ્યો. જેટલા જાણીતા રમવાવાળા હતા તેમની સાથે એણે લાલ સોગઠીઓ વડે રમવા માંડ્યું અને સહુની સોગઠીઓ મારીને પોતે જે તોડ કર્યા હોય તેના રંગીન ડાઘ પોતાની સોગઠીઓમાં કાયમ રહેવા દીધા. એ નિશાનીઓની કોઈ અમૂલ્ય પારિતોષિક જેટલી કિંમત તે આંકતો. કોઈ જાદુગર પોતાને મળેલ સંખ્યાબંધ ચાંદ કોટ પર ટાંગી રાખે છે તેવી અદાથી રઘડો પોતાની એ પ્રખ્યાત સોગઠીઓ રાખતો

એક દિવસ રઘડો તેના પ્રશંસકો વચ્ચે આત્મશ્લાઘા કરતો એ કોડે (in form) હતો, ત્યાં કાથડભી બાપુનું તેડું આવ્યું 'બાપુ ડેલીએ ચોપાટ રમવા બોલાવે છે'

રઘડાએ આવનાર તરફ પૂરું જોવાની પણ પરવા કર્યા વગર કહ્યું. 'હવે રમ્યા રમ્યા! મોટા રમવાવાળા નીકળ્યા છો બાપુને મારા હાથનું પદ ખાવાની ખુજલી થઈ લાગે છે'' રઘડાએ આમંત્રણનો અસ્વીકાર કર્યો

બીજું તેડું આવ્યું. રઘડાએ પહેલા કરતા પણ વધારે તુચ્છકારથી તે પાછું વાળવા કહ્યું, પણ તેના મિત્રોએ તેને સમજાવ્યો 'રઘડા, જા ને એક નતોડિયું ચોંટાડી આવ્યને, એટલે બીજીવાર તારું નામ જ ન લીએ! રમવાની ચળ ભૂલી જાય'',

'હા હા, જા એક નનોડિયું આપી આવ, એટલે સાત પેઢી સુધી ફરીથી રમવાનું નામ જ ન લીએ''

અને માંડમાંડ રઘડો ઊઠ્યો 'ઠીક, હાલ્ય ભાઈ, હાલ્ય' બાપુને અને આજ હાથે કરીને જ નતોડિયું ખાવું છે, પછી હું શું કરું?'

હાથમાં તેની પેટન્ટ સોગઠીઓ રમાડતો રમાડતો રઘડો બાપુની ડેલીએ પહોંચ્યો

ડેલીએ જઈને તેણે રમત શરૂ તો કરી, પણ અત્યંત ઉપેક્ષાવૃત્તિથી પહેલી જ ચાલે દસ દાણા નાખીને દાવ લીધો અને અડખેપડખે બેઠેલા સહુને છક કરી નાખ્યા. પછી તો એકીસાથે ચારે સોગઠીઓ ઘરમાંથી બહાર કાઢીને રમતી કરી. કાથડભીને તો હજી દાવના દાણા પણ નહોતા પડ્યા ને એકે પગડું નહોતું મુકાણું ત્યારે રઘડાની એક સોગઠી તો લગભગ પાકી જવા આવી હતી અને ઘરમાં જવા માટે પચ્ચીસ દાણા અને તોડની જ જરૂર હતી. કાથડભીનો માંડ-માંડ દસ દાણા પડવાથી ચાલવાનો દાવ આવ્યો અને એક સોગઠી ચાલવા માંડી. પછીને વખત દસદસ અને એક વખત પચ્ચીસ દાણા નાખીને એમણે બીજી સોગઠી મૂકી અને પહેલી સોગઠીને ખૂબ આગળ જવા દઈ, ફૂલ ઉપર બેસાડી

આ દરમ્યાન રઘડાની એક સોગઠીએ કાથડભીની પાકવા આવેલી સોગઠીનો જબ્બર પીછો પકડ્યો. રઘડાનો વિચાર કાથડભીની પાકી સોગઠીનો તોડ કરી તેને પાછી મુકાવવાનો હતો, પણ એ ફૂલ ઉપર બેઠી હોવાથી તેમ થઈ શકે તેમ નહોતું

'એય મવાલી' બીકણ! શંડીરાંડ બાયડીની ચોટે ફૂલ ઉપર શું ભરાઈ બેઠી છો?' કાથડભીની સોગઠી કોઈ જીવંત વ્યક્તિ હોય તેમ રઘડાએ તેને ઉદ્દેશીને કહ્યું 'પડમાં આવ્ય તો ખરી કહું!'

અને કાથડભીનું ક્ષાત્રાભિમાન ઊકળી આવ્યું. જાણે ઘરમાં ભરાઈ બેઠો હોય અને બહાર ઊભેલ દુશ્મનની ઉશ્કેરણીથી પાનો ચડે ને બહાર નીકળી આવે તેમ કાથડભીએ રાજપૂતની વંશપરંપરાગત ટેવને વફાદાર રહીને પોતાની સોગઠીને ફૂલ ઉપરથી નીચે ઉતારી

'રઘડા, લગાવ્ય' 'એને લગાવ્ય! બે લાગ્યું લગાવ્ય'' રઘડાના પ્રશંસકોએ રઘડાને પાનો ચડાવ્યો

રઘડો અત્યાર સુધી ઊંધા પગ નાખીને બેઠો હતો, તે હવે ગોઠણ ઉપર અર્ધો ઊભો થઈ ગયો. બાજની આંખો તેના શિકાર ઉપર હોય તેમ તેની બન્ને આંખો કાથડભીની સોગઠી ઉપર ઠરી હતી. આ વખતે એની મુખમુદ્રા જોવા જેવી હતી. આંખો ઝીણી કરી, બન્ને નેણને નજીક ખેંચી, મામા શકુનિની જેમ ધાર્યા પાસાઓ ફેંકવાની રેખાઓ ના કપાળમાં લાગી. 'એ . એ . એ ને આ . . બે દાણા!' કહી તેણે ગેડા ફેંક્યા અને બરોબર બે જ દાણા પડ્યા'

'ખરો! ખરો, બહાદુર! રંગ છે'' રઘડાના પ્રશંસકોએ પ્રશંસા કરી

વનરાજને પોતાનો શિકાર હાથ આવે અને જે વિજયસ્મિત સાથે એ લેવા જાય એવા તિરસ્કારમિશ્રિત સ્મિત સાથે રઘડો પોતાની સોગઠી લઈને ગોઠણભેર ઊભો થયો અને કાથડભીની સોગઠી ઉપર એ ટચાક અવાજ સાથે જોરથી પછાડી. કાથડભીની સોગઠી છટકીને રડતીરડતી ઠેઠ સામી ભીંત સુધી પહોંચી. એની પાછળ રઘડાએ પોતાની વિજયના ગર્વથી ભરેલી નજર પણ મોકલી અને થોડી વાર સુધી ત્યાં જ ઠેરવી. ત્યાંથી વાળીને એ નજર તેણે કાથડભી ઉપર માંડી. (એ આંખમાંથી વરસતો વિજેતાનો ગર્વ અને પરાજિત પ્રત્યેની ઘૃણા કાથડભીથી જીરવી શકાય તેમ નહોતા. પણ શું કરે? પોતે જ સામે ઊઠીને રઘડાને રમવા તેડાવ્યો હતો ને? પોતાનો તો હજી તોડ પણ નહોતો થયો અને રઘડાની તો બીજી સોગઠી પણ ઘરમાં પહોંચવા આવી હતી. સહુને બીક લાગતી હતી કે રઘડો જીતી જશે અને બાપુને નનોડિયું પદ ખાવું પડશે

હવે તો રઘડો પણ ઉત્સાહમાં આવીને દાણા નાખતો હતો. બીજી સોગઠીને ઘરમાં પહોંચાડ્યા પછી ચાર જ દાવમાં ત્રીજીને પણ અંદર પહોંચાડી. હવે એ ઊભો થઈને ચાલ્યા જવાની તૈયારી કરવા લાગ્યો. પણ કાથડભીને હજી તોડ થવાની આશા હતી, તેથી નનોડિયું ન ખાવા માટે તેમણે આગ્રહપૂર્વક રઘડાને બેસાડ્યો

રઘડાની એકની એક સોગઠી હતી તે પણ ત્રણ દાવમાં આગળ નીકળી ગઈ તેથી કાથડભીનો તોડ થવાની રહીસહી આશા પણ ઊડી ગઈ. પણ રઘડાની ખાનદાની કંઈ ઓછી હતી? કાથડભીની એક સોગઠી પેટઘર આવીને પડી હતી એટલે તેણે પોતાની એક સોગઠીને કોઈ અમીરની અદાથી ઘરમાંથી કાઢીને પાકી બનાવી. આમ કરવામાં તેણે કાથડભીને રમત રમવાની તક આપી મહદ્ ઉપકાર કર્યો હોય તેવો ડોળ કર્યો. પણ કમનસીબે કાથડભીની સોગઠી ફૂલ ઉપર હોવા છતાં રઘડાના ત્રણ દાણા પડવાથી પાકી સોગઠીએ તેનો તોડ કર્યો

'શું મોટા લડને રમવા બેસતા હશો?' રઘડાએ કાથડભીની ગૌરવ-હીને ભસ્મસમ [illegible] ની ઉડાડી મૂકતા કહ્યું અને પછી બીજા ત્રણ દાણા નાખીને છેલ્લી સોગઠી પણ તેણે ઘરમાં મોકલી

કાથડભીએ નનોડ પદ ખાધું

રઘડો ઊભો થતાંથતાં બોલ્યો 'હવે ચાટો કહી ચોપાટ રમતા શા હાથ કહે છે?' અને પોતાના સોગઠાં લઈ, વિજેતાની જેમ ચાલ્યો ગયો

કાથડભી તેના શબ્દો સાંભળીને રોમેરોમ સળગી ઊઠ્યા. તેમનો એક હાથ જમૈયો લેવા વળ્યો, પણ બેચારે એ તેમને વાર્યા

તે દિવસે ડાયરામાં સહુને કસુંબા કડવા ઝેર જેવા થઈ પડ્યા. કાથડભીને તો સાંજે વાળુ પણ ન ભાવ્યું. બીજું બધું તો ઠીક, પણ રઘડો જતાંજતાં કહી ચાટવાની જે ગાળ દેતો ગયો હતો તે આખી ક્ષત્રી કોમની નામોશી હતી. તેમનું જાતિઅભિમાન સળગી ઊઠ્યું

કુટુંબ આખાને આઠ દિવસ સુધી કસુંબો ગળે ન ઊતર્યો. આમ આખામાં વાત પ્રસરી ગઈ કે રઘડાએ બાપુને નનોરિયું પટ આપ્યું. 'જબરો ખેલ રમવાવાળો છે"... 'બાપુ જેવા બાપુને નનોરિયું આપી આવ્યો"... 'ભાળો રમ્યે ભારે લોંઠકો" આમ બે મોઢે તેના વખાણ થવા માંડ્યા.

આ બનાવ પછી રઘડો બીનહરીફ યોદ્ધાની જેમ ફરવા લાગ્યો. કોઈ પૂછતું 'રઘડા, તને હજી સુધી કોઈએ નનોરિયું દીધું છે?' તો એ જવાબ આપતો: 'મને નનોરિયું દેવાવાળો તો હજી એની માના પેટમાં હશે. કોની માએ સવાશેર સૂંઠ ખાધી છે?'

બીજી બાજુ, કાથડભીનો ઘા રૂઝાવાને બદલે વધારે ને વધારે અસહ્ય બનતો ગયો. તેમની એક જ અબળખા હતી: 'ગમે તેમ કરીને આ બે બદામના આહીરને નનોરિયું ખવડાવું તો હું ખરો."

દિવસ ઉપર દિવસ જવા લાગ્યા. રઘડાની આત્મશ્રદ્ધા પણ વધતી જ ગઈ. નાથ્યા વગરના માતેલા ખૂંટિયાની જેમ રઘડો ફરવા લાગ્યો. તેના બેફાટ અભિમાનવેડાથી તેના પ્રશંસકોને પણ લાગવા માંડ્યું કે હવે તો આ આફરેલ આખલાને કોઈ કાંધ નાખે તો સારું. નહીં માથાનો જડે તો ઠીક થાય. શેરને માથે કોઈ સવાશેર મળી જાય તો આનો મદ ઊતરે; નહિતર કોણ જાણે કેવાં પરિણામ આવશે?

એવામાં બન્યું એવું કે સીમવદરની એક ડેલ્ડી, જે કાથડભીની ડેલી વાળવા જતી, એ કાથડભીની બહેનના ગામ આણંદિયાળાના દેદને ઘેર નાતરે ગઈ. એણે ત્યાં જઈને વાત કરી કે કાથડભી બાપુને રઘડા આહીરે ચોપાટમાં નનોરિયું પટ આપ્યું છે તે દિ'નો બાપુને કસુંબો ગળે નથી ઊતરતો. આ વાત કાથડભીના ભાણેજ, જે ચોપાટના ભારે રસિયા હતા, તેમને કાને પહોંચી. તેઓ સારી વેળાએ સીમવદર આવ્યા અને મામાને આશ્વાસન આપી રઘડાને ડેલીએ રમવા આવવાનું ચેલેંજ—આહ્વાન મોકલ્યું.

ગામના બેચાર નવરા દાદાઓ સાથે ઓટામાં બેઠો બેઠો રઘડો ગપ્પાં ઉછાળતો હતો ત્યાં બાપુના માણસે આવીને રઘડાને ભાણાભાઈનું રમવા આવવાનું આહ્વાન આપ્યું.

આસપાસના પચીસ ઘર સાંભળે એવા અવાજે રઘડો બોલી ઊઠ્યો: 'ઈ કહીયદાવ હાર્યે આ રઘડો ચોપાટ રમશે? એક નનોરિયું ખાધું છે છતાં હજી ધરવ નથી થીયો?'

'ભાણાભાઈને સ્વાદ ચાખવો બાકી રહી ગયો લાગે છે" કોઈ બોલ્યું.

'એને ખબર છે કે આ રઘડો ડેબાં ભાંગી નાખશે? જા ભાઈ, જા, ભાણાભાઈને કહે કે રઘડા હાર્યે ચોપાટ રમવા કરતાં ઊંજરિયું હાર્યે છબા રમી લ્યો! હજી મૂછનો દોરો ફૂટવાને વાર છે' કહી રઘડાએ મૂછોને વળ આપતાં આપતાં બાપુના માણસને પાછો વાળ્યો.

બાપુએ ફરી માણસને મોકલી કહેવડાવ્યું: 'મરદનો દીકરો હો તો ભાણાભાઈ સામો પટમાં આવી જા નહિતર નનોરિયું ખાધું કબૂલ કર.'

'જા, રઘડા, જા; ઈ ભાણાભાઈને જરાક હાથ બતાવી આવ એટલે ફાંકો ગામમાં પગ મૂકતાં જ ભૂલી જાય' રઘડાના મિત્રોએ એને પરાણે રમવા મોકલ્યો. પાછળ પ્રેક્ષકોનું મોટું ટોળું ગયું.

કોઈ શહેનશાહને છાજે એવી લાપરવાહીથી રઘડો કાથડભીની ડેલીએ આવ્યો અને ભાણાભાઈ સાથે રમવા બેઠો.

આજે જોનારાઓની હકડેઠઠ જામી હતી. રઘડાના દરેક હલનચલનમાં અસીમ આત્મવિશ્વાસ દેખાઈ આવતો હતો.

ભાણાભાઈએ પહેલી જ ધાલે પચ્ચીસ દાણા નાખીને દાવ લીધો અને એક સોગઠી મારી.

રઘડાને આવી જાતનો પ્રથમ જ અનુભવ હતો, તેથી કંઈક આકુળવ્યાકુળ થઈ ગયો. તેણે ધાલ ફેંકી, પણ એક વખત ત્રણ અને એક વખત એક દાણો પડ્યો ને ગભરાઈ ગયો.

ફરી ભાણાભાઈએ દાવ લીધો અને બીજી સોગઠી સારી.

પણ રઘડાને ઉપરાઉપર ચાર ધાલમાં માત્ર બબ્બે ત્રણત્રણ દાણા જ પડતા રહ્યા. સહુ જોનારાઓને થયું કે આ તે રઘડો રમે છે કે બીજું કાંઈ? આમ કાં થાય? ઉપરાઉપર દાવ લેનાર રઘડો કસાત ધાવ સુધી કાનો બેઠો રહે?

ભાણાભાઈની ચારેય સોગઠી ચાલવા લાગી.

અને રઘડાના દસ દાણા પડ્યા અને એક સોગઠી ગંડાણી.

ભાણાભાઈની એક સોગઠી તો હવે પાકવા આવી હતી, ઘરમાં જવા માટે તોડ થવાની જ વાર હતી. ત્યાં ડાયાનીયો શનો હતો.

ત્યાં તો ભાણાભાઈએ દાવ લઈને રઘડાની એકની એક ચાલતી સોગઠીનો પથરો તોડ કર્યો. કોઈને માન્યામાં પણ ન આવ્યું.

રઘડાની આંખે અંધારાં આવ્યાં. આ દૃશ્ય એ સાચું જ ન માની શક્યો. આ આખો બનાવ એની સમજમાં ન આવવાથી તે ઊભડક થઈ ગયો અને માથું ખંજવાળવા લાગ્યો.

તેને પચ્ચીસ દાણા આવ્યા અને બીજી સોગઠી મૂકી, પણ તે દરમ્યાન ભાણાભાઈની તો બે સોગઠી ઘરમાં ચાલી ગઈ હતી.

સહુ આશ્ચર્યથી રમત જોઈ રહ્યા.

રઘડો વધુ ને વધુ મૂંઝાવા લાગ્યો. કેમે કર્યાં તેના દાણા સરખા જ નહોતા પડતા. ધાલ નાખવા જતાં હાથ થોથવાઈ જતો હતો. છતાં પોતાને પટ લાગશે એ વાત તો કેમે કરી તેને ગળે નહોતી ઊતરતી.

ભાણાભાઈની ત્રીજી સોગઠી પણ ઘરમાં ગઈ. આ બધું જોતાં કાથડભીના હૃદયમાં તો ઉલ્લાસ માતો નહોતો.

રઘડો બાઘા જેવો બનીને આ જોઈ રહ્યો. તેની માત્ર બે જ સોગઠી ચાલતી હતી. તોડ થવાની તો આશા જ નહોતી, કેમકે ભાણાભાઈની એકની એક સોગઠી પણ હવે ઘેર પહોંચવા આવી હતી. કાથડભી વેરતૃપ્તિનો ઊંડો આનંદ માણી રહ્યા હતા.

રઘડાને એ નનોરિયું લાગવાનું નક્કી જ હતું. ગમે તેમ કરીને તોડ કરવા એ ફાંફાં મારી રહ્યો. પણ ભાણાભાઈની તો એક જ સોગઠી ચાલતી હતી. પચ્ચીસ અને બે દાણા નાખે તો જ રઘડાનો તોડ થઈ શકે તેમ હતો. તેણે બરોબર સ્વસ્થ થઈને પચ્ચીસ દાણા નાખ્યા. હવે તેનામાં કંઈક કાઠો આવ્યો. ત્રણ વખત મોઢા ખખડાવીને તેણે ફરી દાણા નાખ્યા. પણ કમનસીબે બેને બદલે ત્રણ દાણા પડ્યા.

જૂડા ભાંગી ગયા હોય તેમ રઘડો હતાશ થઈને ઢગલાની જેમ બેસી ગયો. ભાણાભાઈની છેલ્લી સોગઠી એક જ દાવે ઘરમાં જાય તેમ હતી. જીવનનું સર્વસ્વ હારી ચૂકવાની તૈયારીમાં હોય તેમ રઘડાએ ઊંડો ધખધખતો નિસાસો મૂક્યો.

સહુની આંખો રઘડા ઉપર મંડાઈ હતી. કાથડભીની આંખોમાં દિન્નો સેવાયાનું ખુન્નસ તરવરતું હતું. રઘડાના પ્રશંસકો નીમાણા બનીને જોઈ રહ્યા હતા. છતાં રઘડો તો આ બધું જોતો જ ન હોય તેમ શૂન્ય નજરે બેઠો હતો.

ભાણાભાઈએ પરડ નાખીને છેલ્લી સોગઠીને પણ ઘરમાં મોકલી.

સહુને હોઠે આવી અટકેલો શબ્દ બહાર નીકળી પડ્યો: નનોરિયું! નનોરિયું!

કહે છે કે આ વખતે રઘડાની શૂન્ય આંખોમાં અગ્નિવર્ણા ચમકારા દૂર ધસી આવ્યા અને છાતી ફાટી જાય તેવા પ્રચંડ અવાજથી એ સહુની સાથે બોલી ઊઠ્યો: 'નનોરિયું!"


અને પછી હા! હા' હા! હા' —રાને માત્ર ફાડી નાખે એવું અટ્ટ-હાસ્ય મોંએ મૂક્યું.

હવે રઘલો શેરીઓ-ગલીઓમાં ભટકે છે અને જે કોઈ સામું મળે એને પૂછે છે 'તમારો તોટ શ્યા?'

અને પાછળ છોકરાઓનું ટોળું તેના ઉપર પથ્થર કે કંઈ ફેંકતું બૂમો મારે છે 'રઘલો નતોડ! રઘલો નતોડ!'

અને પરાજયથી અંકિત થએલી રડતાની મુખાકૃતિ આનો કરુણ ભર્યા સ્મિતથી મૂક ઉત્તર આપે છે

ચૂનીલાલ મડિયા



હરીફાઈનું પરિણામ

પહેલું તથા બીજું ઈનામ મોકૂફ, ત્રીજું ઈનામ 'મામાનો લાડકવાયો'—હાસમ સુતાર (નડિયાદ), નોંધપાત્ર (૧) 'પ્રવાસી'—એસ. દેશી (જામનગર), (૨) 'બોજ'—જમનાદાસ પંચોલી (અમદાવાદ)

આ અંકે પણ હરીફાઈમાં આવેલા ચિત્રોમાંનુ કોઈ પહેલા કે બીજા ઈનામને પાત્ર ઠર્યું નથી ત્રીજું ઈનામ જીતનાર ભાઈ હાસમ સુતારના 'મામાનો લાડકવાયો' ચિત્રમાંના પાત્રોનું હાસ્ય નૈસર્ગિક હોવાથી ચિત્ર આકર્ષક બને છે વિષય ને સંયોજન પણ ઠીક જણાય પરંતુ પ્રકાશ બહુ જ પ્રતિકૂળ છે મ થાઉને બરાબર માથે આવેલા પ્રકાશમાં ચિત્ર લેવાયું હોઈ ચિત્રમાં છાયા વધારે આવી છે ...ા માથાનો ભાગ પશ્ચાદ્‌ભૂમિ સાથે મળી જાય છે અને પ્રકાશ... બાજુ પર તેથી મુદ્રાલેખન મુખ પર આવ્યું નથી, જેટલું જોઈએ તેટલું ...સ્થિરતામય છે ખરે બપોરે બનતા સુધી ચિત્ર લેવું નહિ પોર્ટ્રેટ પાત્રાલેખન માટે તે પ્રકાશ અનુકૂળ નથી કોઈક જ તેમાં સફળતા... ની સફળ બની શકે બાકી હાસમે અનુકૂળ ગ્રેડના પેપર પર પ્રિન્ટ નહિ કઢાવી હોવાથી તે કોન્ટ્રાસ્ટી જણાય છે ને બાળકના ધોળા ભાગની જરૂરી બાબતો તદ્દન ઊડી ગઈ છે એટલે એ ચિત્રની ટેકનીક નબળી ગણાય

> - જરૂર કરતા વધારે કાર્બન, ડિસ્ક કે કેમિકલ ન બગાડતા ... રીતે સામાનમાં કરકસર કરો
> - પૂર્ણ વિચાર સાથે કામ કરવાની ટેવ પાડો
> - વિચાર, યોજના અને સૌંદર્યબુદ્ધિ એ ત્રણ ચિત્રના પ્રધાન અંગ છે

ભાઈ દેશીએ વાદળાંથી આચ્છાદિત આકાશની આછી ભૂરી બૅકગ્રાઉન્ડ ઉપર પ્રવાસે નીકળેલા કોઈ જુવાનની છબી લીધી છે આ 'સેમી-સિલ્હુટ' (અર્ધ-છાયાચિત્ર)ની રચના સારી છે એક્સ્પોઝર અને ડેવલપમેન્ટ બરાબર લાગે છે પરંતુ એક્સ્પોઝર દરમિયાન કૅમેરા ધ્રુજ્યો છે તેથી આખું યે ચિત્ર હાલેલું જણાય છે 'કૅમેરા-શેઇક'ના નામે ઓળખાતી આ ક્ષતિ સારા ચિત્રોમાં યે દેખા દે છે શિખાઉના ચિત્રો તો ઘણીવાર આઉટ ઑફ ફોકસ પણ હોય છે ભાઈ પંચોલીનું 'બોજ' ચિત્ર તેની સાક્ષી પૂરે છે બાકી સામા પ્રકાશમાં લેવાએલા એ ચિત્રનો વિષય ને ટેકનીક સારા છે

હરીફાઈમાં ચિત્રો મોકલતા અગાઉ દરેક હરીફે જાતે પોતાના ચિત્રોના ગુણદોષ તપાસવા જોઈએ ઉપર દર્શાવેલી તેમજ 'કુમાર'માં વારંવાર ચર્ચાતી બીજી ક્ષતિઓ ન હોય તેવા જ ચિત્રો હરીફાઈમાં મોકલવાથી સૌનો સમય અને ખર્ચ બચશે.

બલવન્ત ભટ્ટ

ચક્ષુહીન દશામાં ત્રણ ખંડની યાત્રા

'તમે અંધ હોવાથી ઘેર બેઠાબેઠા જ કંઈક ધંધો શીખી ગુજરાન નિર્વાહ ચલાવો એ ઠીક છે પરદેશ જઈને ઉચ્ચ શિક્ષણ લેવા ઈચ્છતા દેખતા લોકો હિંદુસ્તાનમાં કંઈ થોડા નથી'

બનારસ વિશ્વવિદ્યાલયની સેનેટના એક સભાસદ પાસે ઉચ્ચ શિક્ષણ માટે પરદેશ જવા સારુ શિષ્યવૃત્તિ માગવા જતાં શ્રી સુબોધચન્દ્ર રૉયને ઉપરના શબ્દો સાંભળવા પડ્યા આ વખતે તેઓ એમ. એ., બી. એડ. થઈ ગયા હતા અને વધુ શિક્ષણ માટે અમેરિકા જવાનો તેમનો વિચાર હતો પરંતુ આ તિરસ્કારયુક્ત શબ્દોથી તેઓ જરા પણ ડગ્યા નહિ આ બન્યું ૧૯૩૭ની સાલમાં ને જ વર્ષે કલકત્તા વિશ્વવિદ્યાલય તરફથી શિષ્યવૃત્તિ મેળવી આ નવા સુબોધચન્દ્ર અમેરિકા તરફ રવાના થયા, અને ૧૯૪૦ના ફેબ્રુઆરીમાં પાછા આવી કલકત્તા વિશ્વવિદ્યાલયમાં અધ્યાપનના લેક્ચરર થયા

આ કંઈ નાનીસૂની વાત નથી હિંદુસ્તાનમાં આંધળાઓની સંખ્યા કંઈ ઓછી નથી પરંતુ આવું સાહસ, દૃઢ નિશ્ચય અને આત્મવિશ્વાસ ક્વચિત જ જોવામાં આવે છે આ દૃષ્ટિએ શ્રી સુબોધચન્દ્ર રૉયનો જીવનવૃત્તાન્ત ખરેખર માર્ગદર્શક થશે.

પ્રારંભિક જીવન

શ્રી રૉયનો જન્મ ૧૯૦૮ની સાલમાં રિયેરા સંસ્થાનમાં થયો હતો ત્યાં તેમના પિતામહ ચીફ જજ હતા આખું યે રૉય કુટુંબ ત્યાં રહેતું હતું તે બે વર્ષના થયા ત્યારે તેમના પિતા નિવારણચન્દ્ર રૉય દીનાજપુરની પોસ્ટ ઑફિસમાં કારકૂન હતા ત્યાં તેમને લઈ ગયા આઠ વર્ષની ઉમર સુધી તેમણે ત્યાંની પ્રાથમિક શાળામાં અભ્યાસ કર્યો ત્યાં સુધી તેમની દૃષ્ટિ સારી અને સુદૃઢ હતી તેમનું શરીર પણ ખડતલ હતું પણ નવમા વર્ષની શરૂઆતમાં જ કૉલેરા અને ઑપ્થેલ્મિયાએ તેમના પર હલ્લો કર્યો, અને તેને પરિણામે તેમણે આંખો ખોઈ તેમનું શિક્ષણ બંધ થયું આ કુદરતી કોપથી તેમના માબાપને ઘણી જ લાગણી થઈ, અને વનભરજાણું વર્ષ સુધી જુદાજુદા અનેક દેશી-અંગ્રેજી ઉપચાર તેમણે અજમાવી જોયા છેવટે નિરાશ બની ઈશ્વરેચ્છાને તાબે થઈ તેઓ સ્વસ્થ બનીને બેઠા

પરંતુ શ્રી રૉય હતાશ થયા નહિ તેઓ દૈવ કરતા પુરુષાર્થમાં વધારે માનતા હતા ઘેર બેઠા આળસમાં સમય ગાળવા કરતા પોતાના ભાઈની સાથે શાળામાં જવાનો નિશ્ચય કર્યો, અને તે પ્રમાણે તેમણે શાળામાં જવાનું શરૂ કર્યું તે વખતે આખા બંગાળમાં ફક્ત કલકત્તામાં જ એક અંધશાળા હતી તેથી દીનાજપુરની શાળામાં તો તેમને શ્રવણશક્તિ (કાન) અને સ્મરણશક્તિ પર જ બધો આધાર રાખવો પડ્યો ...વર્ષમાં અંકગણિત, અંગ્રેજી અને બંગાળી એ વિષયોમાં તેમણે સારી પ્રગતિ કરી પરીક્ષામાં કેટલાક દેખતા વિદ્યાર્થીઓ કરતા પણ તેમને વધારે માર્ક મળ્યા તેમની આ હોશિયારી અને ઉત્સાહ જોઈ તેમના પિતાએ તેમને કલકત્તાની અંધશાળામાં દાખલ કર્યા

પરંતુ અહીં પણ તેમને મુશ્કેલીઓ નડી. શિક્ષકોની બેકારીથી ગભરાઈ જઈને વિદ્યાલયે એક ઠરાવ કરી આંધળાઓને અંગ્રેજી ચોથા ધોરણ પછી શિક્ષણ આપવાનું બંધ કર્યું, અને તેને બદલે તેમને સંગીત, સુતારીકામ અને વણાટકામ વગેરે શીખવવાનું નક્કી કર્યું આથી તેમનું શિક્ષણ અટકી જ અટક્યું તેમણે બે વર્ષ સંગીતવાદન અને વણાટકામ શીખવામાં ગાળ્યાં પણ તેમના મનમાં ફરીથી જબરો ખળભળાટ મચ્યો સંગીતવાદન અને વણાટકામથી પોતાના નિર્વાહનો પ્રશ્ન તો કદાચ ઉકેલાઈ શકે, પરંતુ આંધળાઓની સ્થિતિ સુધારવાના

...કરીને ઉચ્ચ શિક્ષણ મેળવનાર યુવક સુબોધચન્દ્ર રૉય

પોતાના કાર્યને કેવી રીતે આગળ ધપાવવું એ વિષેના વિચાર તેમને હરહમેશ આવ્યા કરતા. તેમણે પોતાની આ આકાંક્ષા પોતાના પિતાને જણાવી. પિતાએ ઘણી ખુશીથી સંમતિ આપી અને તેમના શિક્ષણ માટે બે સ્વતંત્ર શિક્ષકોને રોકવામાં આવ્યા. ૧૯૨૯ની સાલમાં તેમણે મૅટ્રિકની પરીક્ષા આપી અને સંસ્કૃત તથા ઇતિહાસમાં પ્રાવીણ્ય (distinction) મેળવી તેઓ ઉત્તમ રીતે પાસ થયા.

'દેખતા વિદ્યાર્થીઓ જેટલું પ્રાવીણ્ય તમે કેવી રીતે મેળવી શક્યા?' એ પ્રશ્નના જવાબમાં તેમણે કહેલું, 'આંખે દેખી ન શકતો હોય તે માણસની બુદ્ધિ અને પ્રતિભા કંઈ ઓછી નથ થઈ જતી છે? દેખતા વિદ્યાર્થીઓ કરતાં હું ઊતરતી પંક્તિનો છું એમ મને કોઈવાર લાગતું જ નથી. પછી હું તેમની બરોબરી કરી શકું તેમાં શી નવાઈ?'

તેમના આ ઉદ્ગારમાં અદમ્ય ઉત્સાહ ને અખંડ આત્મવિશ્વાસ તરવરે છે. આંધળાને પેપર લખવા માટે એક લેખક આપવામાં આવે છે. રૉયને મૅટ્રિકની પરીક્ષા વખતે આપવામાં આવેલો લેખક બી. એ. થએલો હતો. પરંતુ 'ostentations' શબ્દના સ્પેલિંગમાં બન્નેનો મતભેદ પડ્યો. લેખકે સદરહુ શબ્દનો સ્પેલિંગ 'austentations' લખ્યો હતો. રૉયને શંકા આવવાથી તેમણે તેને તે વાંચવાનું કહીને સાચો સ્પેલિંગ લખાવ્યો. લેખકે કરેલી સ્પેલિંગની ભૂલો માટે પણ ઉમેદવારને જ જવાબદાર ગણી તે બદલ માર્ક કાપવામાં આવે છે.

ઉચ્ચ શિક્ષણ અને શિષ્યવૃત્તિ

આ પછી ઉચ્ચ શિક્ષણ માટે તે ૧૯૨૯માં કલકત્તાની સેંટ પૉલ્સ કૉલેજમાં દાખલ થયા. કૉલેજમાં મુખ્ય કાર્યક્રમ પ્રોફેસરોના વ્યાખ્યાનો સાંભળવાનો જ હોવાથી તેમને બહુ મુશ્કેલી પડી નહિ. વળી પુસ્તકો વાંચી સંભળાવવા એક માણસ રાખ્યો હતો. બે વર્ષમાં ઇન્ટર આર્ટ્સ પાસ થઈ તેઓ પ્રેસીડેન્સી કૉલેજમાં દાખલ થયા. ત્યાંથી બી. એ. (અંગ્રેજી ઑનર્સ), અને એમ. એ. (તત્ત્વજ્ઞાન)માં પાસ થયા. આ બન્ને પરીક્ષામાં તેઓ બધા ઉમેદવારોમાં પહેલા આવ્યા.

એમ. એ. થયા પછી ૧૯૩૬માં તેઓ બી. એલ. થયા ને એક વકીલના હાથ નીચે કામ કરવા લાગ્યા તથા વકીલાત માટે સનદ પણ મેળવી. પણ આ બધું તેઓ કંઈ પૈસા મેળવવા માટે કરતા નહોતા. આંધળાઓની સ્થિતિ સુધારવા માટે પોતે કંઈક કરવું જ જોઈએ એમ તેમને અહર્નિશ લાગ્યા કરતું હતું. પોતાનો આ વિચાર અમલમાં મૂકવા માટે પરદેશ—ખાસ કરીને અમેરિકા જઈ ત્યાં અંધોના ઉચ્ચ શિક્ષણની ને બીજી શી વ્યવસ્થા છે તે જાણી લાવવાનું તેમણે નક્કી કર્યું. આ માટે તેમણે વિશ્વવિદ્યાલયને શિષ્યવૃત્તિ માટે અરજી કરી.

અને શરૂઆતમાં જણાવ્યા મુજબ અનેક નિષ્ફળતાઓ પછી કલકત્તા વિશ્વવિદ્યાલયના વાઇસ ચાન્સેલર ડૉ. શ્યામાપ્રસાદ મુખોપાધ્યાયના પ્રયત્ન તથા સહાયથી શ્રી રૉયને ૧૯૩૬-૩૭માં 'રાસબિહારી ઘોષ ટ્રાવેલિંગ ફેલોશિપ' મળી અને તેઓ ૧૯૩૭ના સપ્ટેમ્બરમાં લંડનમાર્ગે અમેરિકા ગયા.

પરદેશયાત્રા અને અધ્યયન

શ્રી રૉય પ્રવાસમાં એકલા જ નીકળ્યા હતા. 'પ્રવાસમાં સાથીઓ અને રેલવે-આગબોટના નોકરોની મદદથી તેમનો પ્રવાસ નિર્વિઘ્ને પાર પડ્યો. આશ્ચર્ય તો એ છે કે તેમને એકે અકસ્માત થયો નહિ.'

અમેરિકાની કોલંબિયા યુનિવર્સિટીની ટીચર્સ ટ્રેનિંગ કૉલેજમાં આઠ મહિના અભ્યાસ કરી તેમણે શિક્ષણશાસ્ત્રમાં એમ. એ.ની પદવી મેળવી. શરૂમાં થોડા દિવસ તેઓ અંધ-આશ્રમમાં રહ્યા, પણ પછી સ્વતંત્ર મકાન ભાડે રાખીને રહ્યા. કલકત્તા વિદ્યાલયની સાથોસાથ તેમને ન્યૂયૉર્કના અંધસંઘ તરફથી પણ એક શિષ્યવૃત્તિ મળી, એટલે તેમનો બધો ખર્ચ તેમાંથી જ નીકળી રહેતો.

લંડનમાં આગમન

ઉપરની ડિગ્રી લીધા પછી, 'હિંદુસ્તાનમાં આંધળાઓનો સામાજિક અને મનોવૈજ્ઞાનિક પ્રશ્ન' એ વિષય પર નિબંધ લખી લંડન વિશ્વવિદ્યાલયમાં રજૂ કરવા માટે બંગાલ સરકાર તરફથી તેમને એક શિષ્યવૃત્તિ આપવામાં આવી. આથી તેઓ લંડન ગયા. પરંતુ ત્યાં તેમને ઉપરાઉપરી ઘણા કડવા અનુભવ થયા. એક તો લંડન વિશ્વવિદ્યાલય જેવી સંસ્થામાં આંધળાઓના શિક્ષણ માટે કંઈ જ સગવડ નહોતી, વળી તેમને નિબંધ લખવા માટે જે સામગ્રીની જરૂર હતી તે ઇંગ્લેંડમાં મળી શકે તેમ નહોતી. પણ આ બધાને ભુલાવી દે એવો એક અનુભવ તેમને થયો. લંડન વિશ્વવિદ્યાલયે તેમનો નિબંધ સ્વીકારવાની જ ના પાડી. અંતે ઘણા પ્રયાસ ને લડધામ પછી નિબંધ સ્વીકારવાનું કબૂલાયું પણ ઉપર કહ્યા પ્રમાણે સાધનસામગ્રી માટે તો તેમને અમેરિકા જ જવું પડે તેમ હતું તેથી તેઓ ફરીથી અમેરિકા જવા નીકળ્યા.

બ્રિટનમાં રહ્યા તે દરમ્યાન તેમણે ઘણો પ્રવાસ કર્યો. આ પ્રવાસમાં તેમણે બ્રિટનમાં આંધળાની સ્થિતિ અને તેમના શિક્ષણ માટેની વ્યવસ્થા બાબત ખૂબ અભ્યાસ કર્યો. અમેરિકા અને જપાનની સરખામણીમાં બ્રિટનમાં આંધળાઓના શિક્ષણની વ્યવસ્થા તદ્દન નિર્માલ્ય લાગી. ફક્ત એડિનબરોમાં સરકારી અંધાશ્રમ અને વિદ્યાલય છે અને ત્યાં અંધશિક્ષણને માટે સારી સગવડ છે.

આ પછી ફ્રાન્સ, ઇટલિ, જર્મની, જપાન, કૅનેડા વગેરે દેશોમાં પ્રવાસ કરી તેઓ અમેરિકા ગયા. આ પ્રવાસમાં આંધળાઓની સ્થિતિ બાબત બધા દેશમાં તેમણે સુંદર જ્ઞાન મેળવ્યું. મહાયુદ્ધ શરૂ થતાં લંડન જવાની મુરાદ બર આવી નહિ, એટલે ૧૯૪૦ના ફેબ્રુઆરીમાં તેઓ હિંદુસ્તાન પાછા આવ્યા. ૧૯૪૦ના જુલાઈ માસથી તેઓ કલકત્તા વિશ્વવિદ્યાલયાન્તર્ગત બી. ટી. ક્લાસમાં અંધશિક્ષણના લેક્ચરર તરીકે કામ કરે છે. તેમનું સંશોધનકાર્ય હજી ચાલુ જ છે. હિંદુસ્તાન આવ્યા પછી, અનેક પત્રોમાં અંધશિક્ષણ સંબંધી તેમણે લેખો લખ્યા છે અને અનેક જગ્યાએ વ્યાખ્યાનો આપ્યાં છે.

અમેરિકાનું જીવન

અમેરિકાના અનુભવો ઉપરથી અમેરિકન લોકો વિષે તેમને બહુ જ માન ઉત્પન્ન થયું છે. હિંદીઓને અમેરિકામાં વર્ણભેદને કારણે જે સોસવું પડે છે તે વિષે તેઓ કહે છે કે મારો પોતાનો અનુભવ તો એવો છે કે અમેરિકન લોકોને એકવાર ખાત્રી થાય કે તમે આગ્રહપૂર્વક પ્રેરાઈને અમુક કાર્ય કરો છો, તો તેઓ તમારા તરફ સક્રિય સહાનુભૂતિ બતાવ્યા સિવાય રહેતા નથી. પણ તેઓ પોતે સ્વાભિમાની અને સ્વાવલંબી હોવાથી 'ભિક્ષા' માગનાર પર તેમને સહજ તિરસ્કાર ઉપજે છે. અત્યાર સુધી જે જે હિંદીઓ અમેરિકા ગયા છે તેમણે હિંદુસ્તાનના દારિદ્ર્યનું, હાથીઓનું, ગુલામગીરીનું વર્ણન કરી સહાયની અપેક્ષા કરી છે—ભિક્ષા માગી છે. અને તેથી જ અમેરિકન લોકોમાં હિંદ વિષે તિરસ્કાર ઉત્પન્ન થયો છે. જેથી કરીને જે અન્ય રાષ્ટ્રોએ પોતાના કાર્યનો ફેલાવો સ્વાભિમાનપૂર્વક અમેરિકા સમક્ષ રજૂ કર્યો છે તેમને અમેરિકાએ સારી મદદ કરી છે.'

અમેરિકન યુવતી સાથે લગ્ન

શ્રી રૉયે શ્રીમતી ઈવલિન નામની એક સ્વરૂપવાન અમેરિકન યુવતી સાથે લગ્ન કર્યું છે અમેરિકાના જીવનમા સામાજિક સ્વતંત્રતા કેટલી છે તે ઉપર આ ઘટનાથી સારો પ્રકાશ પડે છે

શ્રીમતી ઈવલિન ન્યૂ યૉર્કના એક ધનાઢ્ય વેપારીની પુત્રી છે હન્ટર કૉલેજમા તે ભણતી હતી ત્યારે તેનો અને શ્રી રૉયનો પરિચય થયો શ્રી રૉયનુ શરીર કદાવર અને અત્યંત સુંદર છે આંધળાની સેવા કરવાના એમના ધ્યેય પર તે આફ્રીન થઈ તેણે તેમની સાથે લગ્ન કરી તેમના કાર્યમા સર્વ પ્રકારે મદદ કરવાનો નિશ્ચય કર્યો પણ તેના પિતા અને અન્ય સબંધીઓએ વિરોધ દર્શાવ્યો શ્રી રૉયે પણ તેને સમજાવવાનો પ્રયત્ન કર્યો, પણ શ્રીમતિ ઈવલિનના દૃઢ નિશ્ચય પાસે કોઈનુ કંઈ ચાલ્યુ નહિ. છેવટે બધાએ સંમતિ આપી અને ન્યૂ યૉર્કમા તેમના લગ્ન થયા

એક સ્વરૂપવાન, સુશિક્ષિત અને શ્રીમંત યુવતી એક અંધ હિન્દી ગૃહસ્થ સાથે લગ્ન કરે એ જોઈ ઘણાને આશ્ચર્ય થાય એ સ્વાભાવિક છે આ વિષે તેમને પૂછતા તેમણે કહ્યુ, 'મારા વિવાહ પાછળની બધી હકીકત હુ કહી શકતી નથી, પણ એક બાબત તો મારે સ્પષ્ટ કહી દેવી જોઈએ કે આંધળાઓની ઉન્નતિ માટે પોતાનુ જીવન વ્યતીત કરવાના શ્રી રૉયના ધ્યેયમા બનતી મદદ કરવાના મુખ્ય ઉદ્દેશથી જ હુ તેમને પરણી છુ કેવળ જીવન જીવવામા જ માનવજીવનનુ સાર્થક નથી ખરો આનંદ તો એકાદ ધ્યેય માટે જીવવામા છે'

આંધળાઓને પરણવાની શી જરૂર છે તે વિષે શ્રી રૉય કહે છે આંધળાનુ જીવન સુખી બનાવી તેને સમાજનુ એક ઉપયુક્ત અંગ બનાવવા માટે લગ્ન એ મહત્ત્વની બાબત છે આંધળા પુરુષની સ્ત્રી (જો તે પોતે આંધળી ન હોય તો) ખરેખરી જીવનસાથી અને માર્ગદર્શક બને છે અમેરિકામા ન્યૂ યૉર્કના એક અંધ વકીલની પત્ની તેના કાગળપત્રોની દેખરેખ અને વ્યવસ્થા કરી તેની મદદનીશ તરીકે કામ કરે છે પરંતુ જેમ અંધ પુરુષને સારી પત્ની મળી શકે છે તેમ અંધ સ્ત્રીને પત્ની તરીકે સ્વીકારવા કોઈ પુરુષ તૈયાર થતો નથી આથી અંધ સ્ત્રીઓનુ જીવન અસહાય અને અત્યંત દુઃખદ બને છે' આ બાબતમા તેમણે કહ્યુ કે ન્યૂ યૉર્કમા એક અંધ યુવતી રીપોર્ટર તરીકે પોતાના કૂતરાની મદદથી ઉદરનિર્વાહ કરે છે'

બીજા દેશોમાં આંધળાઓની સ્થિતિ

જર્મની, ફ્રાન્સ, ઈટલી, કૅનેડા વગેરે ઘણા દેશોમા આંધળાઓની સ્થિતિ સુધારવાના પ્રયત્નો થાય છે, પરંતુ અમેરિકા અને જાપાન એ બે દેશોએ આ દિશામા સારી પ્રગતિ કરી છે ત્યા સરકાર તરફથી એ કાર્ય માટે સ્વતંત્ર ખાતાઓ ખોલવામા આવ્યા છે અમેરિકાના આ ખાતાનુ નામ 'સ્ટેટ કમિશન ફૉર ધ બ્લાઈન્ડ' છે આંધળાની ગણતરી કરવી, અનાવશ્યક કારણથી ઉપજેલો અંધાપો ડૉક્ટરી સારવારથી દૂર કરવો, સુદૃઢ આંધળાના રોજગાર માટે વ્યવસ્થા કરવી, આંધળાઓના શિક્ષણ માટે તેમને ઘેર જ વ્યવસ્થા કરી આપવી, શિક્ષણ પૂરુ થયુ હોય તેના આંધળાઓને ધંધો-રોજગાર મેળવી આપવાની વ્યવસ્થા કરવી વગેરે કામ તે કરે છે અમેરિકામા આંધળાઓ માટે દેશભરમાં સંખ્યાબંધ દવાખાના તો છે જ, વળી મોટા શહેરોમા તેમને માટે વ્યાયામશાળા, ક્રીડાંગણો અને મનોરંજનના બીજા સ્થળો પણ હોય છે આંધળાઓ માટે 'બ્રેલ' નામથી ઓળખાતી લિપિ છે. આ લિપિ લૂઈ બ્રેલ નામના ફ્રાન્સના એક અંધ શિક્ષકે ૧૮૨૯ની સાલમા શોધી કાઢેલી છે. આ લિપિમા લખેલા લગભગ પચીસ હજાર પુસ્તકો અમેરિકાના જુદાજુદા વાચનાલયોમા છે આ બધી વ્યવસ્થાને લીધે આજે અમેરિકામા હજારો આંધળાઓ વકીલ, પત્રકાર, શિક્ષક, સરકારી અધિકારી, સંગીતજ્ઞ વગેરે તરીકે કામ કરીને સુખથી જીવન વ્યતિત કરે છે

જાપાનમા અંધશિક્ષણને માટે થોડા સમય પહેલા જ વ્યવસ્થા કરવામા આવી છે, છતા જાપાને બીજા બધા દેશો કરતા ઘણી પ્રગતિ કરી છે આંધળાઓની સ્થિતિ સુધારવા માટે ત્યાની સરકારે ખાસ કાયદા પસાર કર્યા છે ત્યા આંધળાઓની એકંદર સંખ્યા ૭૬૦૦૦ છે. તેમના શિક્ષણને માટે જુદાજુદા પ્રકારની ૯૦ શાળાઓ છે, તેથી એકપણ આંધળો અશિક્ષિત અથવા બેકાર રહેતો નથી ત્યા બ્રેલ લિપિમા આંધળાઓ માટે ઘણા સામાયિકો અને માસિકો નીકળે છે; એટલુ જ નહિ પણ 'ઓસાકા માઈનીચી' નામનુ એક દૈનિક વર્તમાનપત્ર તો આંધળાઓ માટે પોતાની એક ખાસ આવૃત્તિ બ્રેલ લિપિમાં કાઢે છે આ પત્ર છેલ્લા સત્તર વર્ષથી નીકળે છે, અને તેના પાંચ હજાર ગ્રાહકો અને અસંખ્ય વાચકો છે આખા જગતમા આંધળાઓ માટે પ્રગટ થતુ એ એક જ દૈનિક પત્ર છે

હિંદુસ્તાનમાં આંધળાઓનો પ્રશ્ન

૧૯૩૧ની સાલની વસ્તીગણત્રીમા હિંદુસ્તાનમા આંધળાઓની સંખ્યા ૬૦૧૩૭૦ હતી અને તેમને માટેની શાળાઓની સંખ્યા ફક્ત એકત્રીસ હતી બીજા દેશોની સરખામણીએ આ આંકડાઓ હાસ્યાસ્પદ લાગે એવા છે આના કારણો તો ઘણા છે, મુખ્ય કારણ આપણી રાજકીય પરતંત્રતા અને ગરીબી છે આથી પણ મોટું કારણ છે આપણી ઉદાસીનતા! જે દેશમા મંદિરો બાંધવા માટે, તીર્થયાત્રાના સ્થાનોમા ભોજનાલયો માટે, ઉત્સવો, અન્નસત્રો વગેરે માટે કરોડો રૂપિયાનો ખર્ચ થાય છે, જ્યા પશુપક્ષીઓના રક્ષણ માટે હજારો રૂપિયા પાંજરાપોળોમા વપરાય છે, ત્યા આંધળાઓને 'મનુષ્ય' તરીકે જીવવા માટેની સગવડ પણ ન મળે તે અત્યંત દુઃખજનક નથી?

પણ હવે શ્રી સુબોધચંદ્ર રૉયે એક યોજના વિચારી રાખી છે તે તેમનુ કાર્ય થોડા વખતમા શરૂ થશે તેમની સંસ્થા—'શાઈનીંગ લૅમ્પ ફૉર ધ બ્લાઈન્ડ'(આંધળાનુ દીપગૃહ)નુ બૉર્ડ ઑફ ગવર્નર્સ વીસ સભાસદોનુ બનાવવામાં આવ્યું છે આ બૉર્ડના સભાસદ પૈકી થોડાકની એક સ્થાયી કાર્યવાહી સમિતિ નીમવામા આવી છે. આ સંસ્થામા હિંદુસ્તાનના સર્વ આંધળાઓને પ્રવેશ મળી શકશે સંદર્ભ બાબતમા પત્રવ્યવહાર નીચેને સરનામે કરવો' ૧૩૩, ધરમતોલા સ્ટ્રીટ કલકત્તા

(શ્રી એસ એસ બૅંકના લેખ પરથી) કેશવલાલ કા દવની

એક વધુ વણમાગ્યો અભિપ્રાય

'અજન્તાના કલામંડપો'ના પુસ્તક માટે તમારો આભાર માનુ છુ આટલી ઓછી કિંમતમા આટલુ સુંદર ને સર્વાંગી એ હશે એ મેં કદિ નહિ ધારેલુ મારી પાસે 'અજન્તા' ઉપર ઘણા પુસ્તકો હોવાથી મેં એ મગાવેલુ નહિ આજે તો એ બીજા બધા કરતા વધારે ઉપયોગી જણાય છે આટલા બધાં ચિત્રો સાથેની એ ચોપડી આટલી સસ્તી કિંમતે આપવા કાઢવા માટે તમને મારા અભિનંદન છે હુ હિંદી જાણતો નહિ હોવાથી એમાનુ લખાણ હજી હુ વાંચી નથી શક્યો અમારે ત્યા એક હિંદી મુનશીનો છોકરો છે તેની પાસે હુ તે અમારી ભાષામા ઉતરાવી લઈશ અમારે ત્યાના કલાકારો તથા કલાવિદ્યાર્થીઓ પોતા માટે એ પુસ્તક ખરીદવા ઈચ્છે છે . . .

વી. વ્યંકટરત્નમ
મંત્રી: રામરાવ આર્ટ સોસાયટી - રાજમહેન્દ્રી

(એક અંગ્રેજી પત્રમાંથી અનુવાદ)

પ્રાચીન ભારતનું સંસ્કૃતિકેન્દ્ર નાલંદા

એશિયાભરમાં અજોડ એવા મહાન વિદ્યાપીઠનો વૃત્તાંત

એશિયા ખંડનો એક વિરાટ પ્રદેશ સાઈબીરિયાના અલ્તાઈ પર્વત અને બૈકાલ સરોવરની દક્ષિણે દક્ષિણે છેક પાસિફિક મહાસાગર સુધી પ્રસરેલો પડ્યો છે ગોબીનું રેતી મહા રણ એના એક ખૂણામાં પડેલું છે. ચીનને જીવન અર્પનાર મહા નદીઓ હ્વાન-હો અને યાંગ-ત્સે-કયાંગ એને ખોળે રમતી રમતી હ્વાન-હાઈ (પીળો સમુદ્ર) અને પાસિફિકના અગાધ જળમાં સમાઈ જાય છે પૂર્વ દિશામાં એ મહા પ્રદેશ ચ્યાનશાન પર્વતની પુષ્પમાળા પહેરી જગતની અલકાપુરી કહેવાતા પામીર દેશનું સ્વરૂપ ધારણ કરે છે; ને તે પછી ની-બોટના[1] રહસ્યમય દેશ પર પથરાઈ જઈ માનસરોવર અને કૈલાસ પર્વતને આવરી એ નગાધિરાજ હિમાલયના ચરણે ઢળી જાય છે. ઇન્ડોચાઇના, મોંગોલિયા, મંચુકુઓ, કોરિયા, ચીન, સીકિયાંગ ને તીબેટ એ આ પ્રદેશના ભિન્નભિન્ન વિભાગો.

આ પ્રદેશની વસ્તીનો મોટો ભાગ, ભારતખંડમાં ગંગા-જમુનાના આંગણેથી પ્રગટેલા અને હિંદુ ધર્મના નવમા અવતાર બુદ્ધ ભગવાને પ્રવર્તાવેલા, બૌદ્ધ ધર્મના મહાયાન પંથનો ઉપાસક છે અને તે જગતના વિરાટ માનવસમુદાયનો ચોથો ભાગ[2] છે.

આ મહા પ્રદેશની બહાર પણ મહાયાન બૌદ્ધ ધર્મના બે ઉપનિવેશો આવેલા છે, પહેલું તે પાસિફિકના ખોળે ખેલતો ઊગતા સૂર્યનો દ્વીપ નીપોન (જાપાનનું રાષ્ટ્રીય નામ) ને બીજું એશિયા ખંડની ધરતીથી વેગળો, સર્વ જેના આગણે આથમે છે તે, કાસ્પિયન સાગરની ઉત્તરે વૉલ્ગા અને યૂરલ નદીઓથી પરિપ્લાવિત થતો સોવિયેટનો ખિરગીઝ પ્રદેશ


આ વિરાટ માનવસમુદાયે મહાયાન બૌદ્ધ ધર્મના મન્ત્રો જે હજાર વર્ષ પૂર્વે જ્યાંથી ઝીલ્યા હતા એ મહાન ધામ તે નાલંદા. નાલંદાનો ઇતિહાસ એટલે બૌદ્ધ મતના મહાયાન સમ્પ્રદાયના વિકાસ ને પ્રસારનો ઇતિહાસ. નાલંદા મહાયાનનું કેંદ્ર રહ્યું હતું એટલું જ નહિ પણ એ કાળે એના મહાન વિદ્યાપીઠનો આખા એશિયા ખંડમાં જોટો નહોતો. એકમાત્ર બૌદ્ધ ધર્મનું જ નહિ, પણ હિંદમાં પ્રચલિત તે કાળના સર્વ ધર્મો, વિદ્યાઓ અને કળાઓનું પણ એ વિદ્યાપીઠમાં શિક્ષણ અપાતું. વેદાભ્યાસી બ્રાહ્મણ પંડિતો પણ નાલંદાના સ્નાતક થએલા જ સર્વશ્રેષ્ઠ ગણાતા. નાલંદાના ભિક્ષુઓ એમના વિદ્યાપીઠમાં રચાએલું બૌદ્ધ સાહિત્ય લઈ વિદેશોમાં ધર્મપ્રચાર માટે જતા. તેવી જ રીતે બહારના દેશોના જિજ્ઞાસુ ભિક્ષુઓ પણ પોતાના તીર્થધામ હિંદ આવતા. આ રીતે બૌદ્ધકાળમાં હિંદની જે સુવાસ જગતમાં પ્રસરી હતી તેમાં નાલંદાનો ફાળો મોટામાં મોટો હતો.

રાજા બિંબિસારની રાજધાની ગિરિવ્રજ પાંચ સુંદર ટેકરીઓ આવેલી છે ગૃધ્રકૂટ, ઋષિગિરિ, વૈભાર, વિપુલ અને પાંડવગિરિ એ આ ટેકરીઓના બૌદ્ધકાળના પ્રચલિત નામો છે. એમની વચ્ચે એક નાનો શો સમતલ પ્રદેશ આવેલો છે ને તે એ ટેકરીઓમાંથી વહેતી નાની નાની સરિતાઓથી પ્લાવિત થાય છે. એ કુદરતી રક્ષણ, અપ્રતિમ પ્રાકૃતિક સૌંદર્ય અને વિપુલ જલથી પરિપૂર્ણ આ અદ્વિતીય સ્થળે જરાસંધના વખતમાં રાજગૃહની પણ પૂર્વે ગિરિવ્રજપુર નામની નગરી વસી હતી. મગધદેશની એ રાજનગરી હોવાથી સામાન્ય પણ તેને 'રાજગૃહ' કહેતી ને એ નામથી જ તે જગપ્રસિદ્ધ બની.

નાલંદા એ આ રાજગૃહનું એક સમૃદ્ધ પરૂ (બાહિરિકા) હતું. શિશુનાગ વંશના રાજ્યકાળ (ઈ. પૂ. ૬૦૦થી ૩૬૦)માં એ વખતે રચાએલા ગ્રંથોમાં તેના 'નાલ', નાલંદ', 'નાલક' જેવાં વિવિધ નામો જડે છે, અને ત્યાં બુદ્ધ ભગવાનના પટ્ટશિષ્ય (અગ્ર શ્રાવક) સારિપુત્તનો જન્મ થયાનો ઉલ્લેખ મળે છે.

નાલંદા નામની ઉત્પત્તિ શી છે, તે નિશ્ચિત રીતે કહી શકાય તેમ નથી. હર્ષવર્ધનના રાજ્યકાળ (ઈ. ૬૦૬-૬૪૮)માં નાલંદામાં અભ્યાસ કરવા આવેલો ચીનો પ્રવાસી યુવાન ચ્વાંગ જણાવે છે કે આ સ્થળે પૂર્વકાળમાં નાલંદા નામનો નાગ રહેતો હોવાથી તે સ્થાનનું એ નામ પડ્યું હતું. નાલંદાનું ખોદકામ કરાવનાર ડૉ. હીરાનંદ શાસ્ત્રી એમ પ્રતિપાદિત કરે છે કે નાલંદાની મુખ્ય વિશેષતા ત્યાંનાં સરોવરો અને તેમાંના કમળો છે...નાલ એટલે કમળની દાંડી (નાલ) જે સ્થળ આપતું હોય તેનું નામ તે નાલંદા – નાલદા

અનેક વનાચ્છાદિત પર્વતશૃંગો, અતિ રમણીય ને કમળપુષ્પોથી પરિપૂર્ણ સરોવરો અને વનવેલીઓથી ભરી ગિરિગુહાઓની ગંભીરતાથી રાજગૃહની આ ભૂમિ જેણે દીઠી તે રસિકજનોના





જગતના ચોથા ભાગની વિરાટ વસ્તી આજે જે ધર્મ પાળે છે તે બૌદ્ધધર્મના મહાયાન સંપ્રદાયનો જ્યાંથી પ્રચાર થયો

---

1 હિમાલયવાસીઓમાં તીબેટનું ખરું નામ તી-બોટ (બોટ દેશ) છે.

2 હાલ બૌદ્ધ ધર્મના બે મુખ્ય સંપ્રદાયો છે. મહાયાન અને હીનયાન. ડૉ. રૂશ ડેવિડ્ઝ કે જે બૌદ્ધ ધર્મ અને સાહિત્યના મોટામાં મોટા વિદ્વાન થયા છે તેમના કથન પ્રમાણે મહાયાન બૌદ્ધોની સંખ્યા ૪૭ કરોડ ૬૦ લાખની છે ને તેઓ ચીન, જાપાન, તીબેટ, મંગોલિયા, મંચૂરિયા, કોરિયા, સાઇબીરિયા, લીકોવેન ટાપુ, નેપાળ, ભૂતાન, સિક્કીમ અને જાવા દ્વીપમાં વસે છે. હીનયાન બૌદ્ધોની સંખ્યા ૩ કરોડ ૧૦ લાખની છે. એ બધા સિલોન, ચીન, થાઈ, બર્મા, બ્રહ્મદેશ ને સીલોનના વતની છે. આમ દુનિયામાં બૌદ્ધોની કુલ સંખ્યા ૫૧ કરોડ છે. દુનિયાની કુલ વસ્તી બે અબજની છે.





ડાબી બાજુ : નાલંદાના મહાવિહારના ખોદકામનું દૃશ્ય—જેમાં ભિક્ષુઓ અને વિદ્યાર્થીઓના આવાસો, પુસ્તકાલયો, રાજમાર્ગો, સ્તૂપો વગેરે દર્શાવતી નગરરચના જણાય છે. જમણી બાજુ : નાલંદાના મહાવિહારના ચારચાર માળવાળા ભવ્ય ભગ્નાવશેષોનું એક સળંગ દૃશ્ય

હૃદયમાં રસનો સંચાર કરતી તેમ જ રીતે પરિવ્રાજકોને પણ તપ માટે આકર્ષતી નિસર્ગની સુંદર લીલાનો પ્રભાવ માનસિક તેમજ આ યાત્રિક વિકાસ માટે ઘણો સહાયક થઈ પડે છે. આ દૃષ્ટિએ રાજગૃહપુરી આખા મધ્યદેશ (ઉત્તર હિંદ)માં તે સમયે અજોડ હતી ને તેના આ ગુણને લઈને જ મહાવીર સ્વામી ને બુદ્ધ ભગવાન તેના આશ્રયે સર્વ પ્રથમ તપશ્ચર્યા કરવા આવ્યા હતા.

કાશી પાસે સારનાથ આગળના વનમાં 'ધર્મચક્રપ્રવર્તન' કરીને ભગવાન બુદ્ધ ત્યાંથી ૧૦૦૦ ભિક્ષુઓનો શિષ્યસંઘ લઈ રાજગૃહ આવ્યા. મગધપતિ રાજા બિંબિસારે તેમને રાજગૃહની નિકટ આવેલું વેણુવન અર્પણ કર્યું ને નગરજનોએ રાજગૃહની ઉત્તરે આવેલ પ્રાવારિકામ્રવન નામનું ઉદ્યાન તેમને ભેટ કર્યું. અહીં બુદ્ધ ભગવાન શિષ્યમંડળ સહિત રહ્યા. નાલંદામાં જેનો જન્મ થએલો તે સારિપુત્ત અને મોગ્ગલ્લાન અહીં તેમના પટ્ટશિષ્યો થયા. સારિપુત્ત નાલંદામાં જ નિર્વાણ પામેલો ને તે જગ્યાએ એક ચૈત્ય બાંધવામાં આવેલો. આ કારણે એ સ્થળ બૌદ્ધ સંઘમાં પહેલવહેલું મહત્ત્વ ધરાવતું થયું.

બૌદ્ધ ધર્મમાં સંઘભેદ

બુદ્ધ ભગવાનના જીવનકાળ દરમ્યાન તેમનો પંથ મધ્યદેશ (ઉત્તર હિંદ)માં સારી પેઠે ફેલાઈ ગયો હતો. પણ તેઓ વૃદ્ધાવસ્થામાં પ્રવેશતાં જ તેમના થોડાક શિષ્યો ધાર્મિક સત્તાધીશ થવાના લોભે ભિક્ષુસંઘમાં મતભેદનાં બી રોપવા લાગ્યા હતા. દેવદત્ત એ શિષ્યોનો નેતા હતો એટલે જ તે બૌદ્ધ સંઘમાં 'સંઘભેદક' કહેવાયો છે. ઈ. પૂ. ૪૮૩માં બુદ્ધના પરિનિર્વાણ (મૃત્યુ) પછી વિરોધી ભિક્ષુમંડળ બુદ્ધ ભગવાનના મૂળ ઉપદેશોની વિરુદ્ધ જવા લાગ્યું. આથી એ ઉપદેશોને સ્થિર કરવાની જરૂર જણાઈ. એના માટે બુદ્ધ ભગવાનના પટ્ટ શિષ્ય મહાકાશ્યપે રાજગૃહમાં બૌદ્ધ સંઘની પહેલી પરિષદ[3] (જે સંગીતિ પણ કહેવાય છે) ભરી. તેમાં ધર્મ (બુદ્ધોપદેશ) અને વિનય (ભિક્ષુઓ માટે બુદ્ધ ભગવાને ઘડેલા નિયમો)નો સમાવેશ થાય ત્રિપિટકો રચાયા.

આ પછી મતભેદો પ્રબળ બનવા લાગ્યા. પણ અહીં ધ્યાનમાં રાખવાનું છે કે આ મતભેદોની બૌદ્ધ ધર્મના પ્રચાર અને પ્રગતિ ઉપર કશી અસર થતી નહોતી. એ તો માત્ર ભિક્ષુસંઘમાં જ મર્યાદિત એક નાનોશો ઝગડો હતો. આ મતભેદના કારણે બુદ્ધના પરિનિર્વાણને ૧૦૦ વર્ષે (ઈ. પૂ. ૩૮૩) સમાધાન માટે વૈશાલીમાં બીજી બૌદ્ધ પરિષદ ભરાઈ અને તે પછી અશોકે પાટલીપુત્રમાં ત્રીજી પરિષદ ભરી. તેના પરિણામે જુદા પડનારાઓનો એક વર્ગ મૂળ 'સ્થવિરવાદીઓ'થી છૂટો પડી નાલંદામાં આવી વસ્યો. આ રીતે પહેલીવાર નાલંદા બૌદ્ધ ધર્મના સુધારાપક્ષનું મથક બન્યું. લામા તારાનાથ જણાવે છે કે અહીં સારિપુત્રની સ્મૃતિમાં ઊભેલા ચૈત્યની આરાધના કરી ત્યાં અશોકે એક વિહાર બંધાવ્યો હતો. આમ નાલંદા વિહારનો પ્રારંભ અશોકના હાથે થયો હતો.

અશોકના રાજ્યાશ્રયથી બૌદ્ધ ધર્મ પરદેશોમાં પાંગરવા લાગ્યો અને એના પ્રચાર માટે અશોકે દક્ષિણ હિંદ, સિંહલદ્વીપ (લંકા), સુવર્ણભૂમિ (બ્રહ્મદેશ), ઈરાન, સીરિયા અને ઇજિપ્ત સુધી ભિક્ષુઓ મોકલ્યા હતા એ વાત તેના બધા ખડક લેખોમાં કોતરેલી છે. ગુજરાતમાં પણ આ વખતે જ પહેલવહેલો બૌદ્ધ ધર્મ પ્રવેશ્યો, અને ગિરનાર (જૂનાગઢ)નો અશોકનો ખડકલેખ આપણે ત્યાં એ સમયનો એક અવશેષ છે. આપણા પ્રાંતમાં એ ધર્મપ્રચાર સિંહલદ્વીપના ભિક્ષુઓએ કર્યો હતો એ વાત નોંધપાત્ર છે.

કનિષ્ક

અશોકના મૌર્યવંશ પછી કેટલી યે રાજકીય ઉથલપાથલ થયા બાદ રાજા કનિષ્ક (ઈ. ૧૨૪) આખા ભરતખંડનો સમ્રાટ બન્યો. ઉત્તરે અફઘાનિસ્તાન અને મધ્યએશિયા સુધી તેનો વિજયધ્વજ ફરકતો થયો. તેનું રાજ્ય અશોકના સામ્રાજ્ય કરતાં યે વિશાળ બન્યું. એ કનિષ્ક, અશોક પછી બૌદ્ધ ધર્મનો મહાન આશ્રયદાતા બન્યો. તેના ગુરુ પાર્શ્વિકના આદેશથી તેણે જાલંધરમાં ચોથી (ને છેલ્લી) બૌદ્ધ પરિષદ ભરી ને ત્યાર પછી અશોકના જગવેલા મધ્યએશિયા, તિબેટ, કાશગર, ખોતન, ચીન, મંગોલિયા આદિ દેશોમાં તેણે બૌદ્ધ ધર્મના પ્રચાર માટે અસંખ્ય ભિક્ષુઓ મોકલ્યા.

નાગાર્જુન અને મહાયાનનો ઉદય

સમ્રાટ કનિષ્કના આ ધર્મપ્રચારના સમયથી નાલંદા વિશેષ મહત્ત્વ ધરાવતું થયું. કનિષ્કના સમયમાં બૌદ્ધ ધર્મના બે મહાન તત્ત્વજ્ઞાની થયા. અશ્વઘોષ અને સિદ્ધ નાગાર્જુન. તેમાંના સિદ્ધ નાગાર્જુન મહાન બૌદ્ધ તત્ત્વચિંતક હોવા ઉપરાંત મહાન રસાયનશાસ્ત્રી પણ હતા અને તેમને આપણી જ ભૂમિએ જન્મ આપ્યો હતો. સુરાષ્ટ્ર

---

3 'ગુજરાતી સાહિત્ય પરિષદ'માંનો 'પરિષદ' શબ્દ સ્વ. રણજીતરામ મહેતાએ આ 'બૌદ્ધ પરિષદ' નામમાંથી લીધો હતો એ નોંધવા જેવું છે.


(કાઠિયાવાડ)માં ઢંકપુરી (સોરાષ્ટ્ર પાસેનું આધુનિક ઢાંક) ને એમના જન્મસ્થાન બૌદ્ધ ધર્મના આ મહાન ઉદ્ધારક માટે આપણે ગૌરવ લઈ શકીએ. સમ્રાટ કનિષ્ક પાસે અશ્વઘોષ કરતાં પણ નાગાર્જુનનું સ્થાન મોટું હતું બૌદ્ધ સંઘ જે આ સમયે ૧૮ નિકાયો (નાના પંથો) માં વહેંચાએલો હતો તે સઘળા આ બંને મહા વિદ્વાનોના પ્રયાસથી એકત્ર થઇ તેના બે યાન પડ્યાં' મહાયાન અને હીનયાન હીનયાન એટલે બુદ્ધે ઉપદેશેલો મૂળ ધર્મ. એનાથી વિરોધી નિકાય પોતે 'મહા' વિશેષણ ધારણ કરવાથી એના માટે આપોઆપ 'હીન' વિશેષણ વપરાવા લાગ્યું હતું. હીનયાનમાં બુદ્ધની પ્રતિમા પૂજવાનો નિષેધ છે, માત્ર તેમના દેહ અવશેષ ઉપર રચાએલા સ્તૂપને માન આપવાનો નિયમ છે. એ યાનમાં ઉદ્વિચુસ્તતા ઘણી છે મહાયાને ઉદારતા અપનાવી. બુદ્ધની પ્રતિમા બનાવી તેની પૂજા કરવા સાથે અવલોકિતેશ્વર, તારા, વજ્રપાણિ, જંભલ, પ્રજ્ઞાપારમિતા, મારિચિ, હારિતિ ઇત્યાદિ દેવદેવીઓની પ્રતિમાઓ પણ એ યાનમાં પૂજાવા લાગી

નાગાર્જુન નાલંદામાં આચાર્ય તરીકે રહેતા હોવાથી એ સ્થળ મહાયાનનું કેન્દ્ર થઈ પડ્યું હીનયાને પાલી ભાષાને પસંદગી આપી હતી, જ્યારે મહાયાને સંસ્કૃતને અપનાવી હતી, એટલે નાલંદા સંસ્કૃતનું પણ કેન્દ્ર બન્યું હતું. નાગાર્જુન પછી તેમનો શિષ્ય આર્યદેવ નાલંદા વિહારનો આચાર્ય થયો હતો.

નાલંદા મહાવિહાર

ફરી પાછી અનેક રાજ્યક્રાંતિ ઉથલપાથલો બાદ ઇ. ૩૨૦માં ગુપ્ત વંશનો મગધમાં ઉદય થયો એના સમ્રાટ ચંદ્રગુપ્તના સમયમાં ફાહિયાન નામનો ચીનો વિદ્વાન હિંદના પ્રવાસે આવેલો તે નાલંદાનો ઉલ્લેખ માત્ર કરે છે. પણ નાલંદાની ભરખમી પ્રગતિ તો આ ચંદ્રગુપ્તથી તેના શાસનકાળને અંતે શરૂ થઇ હતી એનો ઉત્તરાધિકારી કુમારગુપ્ત ઈ. ૪૧૩માં ગાદીએ આવેલો ત્યારથી માંડી હર્ષવર્ધનના રાજ્યકાળ (૬૪૭) સુધીનો નાલંદાનો ઇતિહાસ ચીની પ્રવાસી યુવાન ચ્વાંગની નોંધપોથીમાંથી પ્રાપ્ત થાય છે

એ યુવાન ચ્વાંગ પાંચ વર્ષ નાલંદા વિદ્યાપીઠમાં યોગશાસ્ત્ર, વેદાદિ બ્રાહ્મણ ગ્રંથો અને મહાયાનનો અભ્યાસ કરવા રહ્યો હતો. તે લખે છે કે "હિંદમાં લાખો બીજા અસંખ્ય સંઘારામો (વિહારો) છે, પણ તે સર્વેમાં વૈભવ, વિસ્તાર ને ઉચ્ચ કેળવણીની દ્રષ્ટિએ નાલંદા અજોડ છે એમાં ૩૦ ફૂટ ઊંચી બુદ્ધની કાંસાની એક પ્રતિમા ઊભેલી છે ત્યાં ૬ મહાવિહારો, ૧૦૦ અધ્યાપન માટેના ગૃહો, ત્રણથી ચાર હજાર ચાર-ચાર માળવાળા ભિક્ષુઓના આવાસગૃહો, અનેક સ્તૂપો અને બીજી ઇમારતો છે. નાલંદાનું મહાન પુસ્તકાલય ત્રણ મોટા ગૃહોમાં આવેલું છે. તે દરેક ગૃહને નવ નવ માળ છે. આ ત્રણે અનુક્રમે રત્નસાગર, રત્નરંજક અને રત્નોદધિ કહેવાય છે. નાલંદા મહાવિહારની ચારે બાજુ ઘણો ઊંચો કોટ બાંધેલો છે તેના દ્વાર પર દ્વારપાલ પંડિતો હાજર રહે છે. પ્રવેશ કરનાર પંડિત કે વિદ્યાર્થીની તેઓ પરીક્ષા લે છે ને તેમાં પસાર થાય તો જ પ્રવેશ મળે છે વિહારમાં દસ હજાર વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. ૧૫૧૦ મહાપંડિતો તેમને અભ્યાસ કરાવે છે બધા વિદ્યાર્થીઓ ધીર, ગંભીર, પ્રતાપી ને ચારિત્ર્યશુદ્ધ છે, અને વિદ્યાપીઠની ૭૦૦ વર્ષની કારકીર્દિ દરમ્યાન એક પણ વિદ્યાર્થીને શિસ્તભંગ માટે શિક્ષા કરવાનો પ્રસંગ પ્રાપ્ત થયો નથી. નાલંદા મહાવિહારના ખર્ચ માટે રાજ્ય તરફથી ૧૦૦ ગામ મળેલાં છે!



નાલંદાના ખોદકામમાંથી મળી આવેલી, આસામના રાજા ભાસ્કરવર્મનની રાજમુદ્રા (સીલ), ૧૫મા ભાગે

આદિત્ય ઉપરાંત અઢાર સંપ્રદાયોના ગ્રંથો, ચારે વેદ, હેતુવિદ્યા, શબ્દવિદ્યા, વૈદક, સાંખ્ય, ન્યાય, યોગશાસ્ત્ર ઇત્યાદિ પોતાની ઇચ્છા પ્રમાણે શીખી શકે છે ' આમ એ મહાવિહાર માત્ર બૌદ્ધધર્મનું જ વિદ્યાકેન્દ્ર ન હતું, બીજા ધર્મોનું શિક્ષણ પણ ત્યાં અપાતું

નાલંદાના આચાર્યો બૌદ્ધ જગતના મહા વિદ્વાનો હતા દેશદેશાન્તર સુધી એમની કીર્તિ વ્યાપેલી હતી યુવાનચ્વાંગ જણાવે છે કે "આર્ય અસંગે બાર ગ્રંથો લખ્યા છે ને તેના ભાષાંતરો ચીન અને તીબેટ પહોંચી ગયા છે એના નાના ભાઈ વસુબંધુએ તર્કશાસ્ત્ર અને મહાયાનના અનેક પ્રતિષ્ઠિત ગ્રંથોની રચના કરી છે તેમ સાંખ્ય દર્શન ઉપર ટીકા તથા બૌદ્ધ તત્ત્વજ્ઞાન ઉપર ચાર ગ્રંથો લખ્યા છે કમલશીલે સંસ્કૃતમાં ૧૧૦ પુસ્તકો લખીને નામના મેળવી છે બુદ્ધકીર્તિ તીબેટ અને ચીનની ભાષાઓના ધુરંધર પંડિત છે. ધર્મગ્રંથોના એ ભાષાઓમાં તેમણે અનુવાદો કર્યા છે સ્થિરમતિએ સંસ્કૃતમાં નવ બૌદ્ધ ગ્રંથોની રચના કરી છે ને તેમાંથી આઠના ચીની ભાષામાં અનુવાદો થયા છે. કેટલાં ચીની ભાષાન્તરોનું એમણે સંશોધન કર્યું છે. દિગ્નાગ તર્કશાસ્ત્રના અદ્વિતીય પંડિત છે. સ્થિરમતિના એક શિષ્ય ગુણમતિએ ૧૦ પુસ્તકો લખ્યાં છે પણ એ બધા કરતાં મહાન તો મહાવિહારના કુલપતિ આચાર્ય શીલભદ્ર છે. એમના જેવા બીજા મહાપંડિત આખા બૌદ્ધ જગતમાં મળવા મુશ્કેલ છે. બૌદ્ધ સાહિત્ય, ધર્મ, તત્ત્વજ્ઞાન, વેદ, વેદાંગો ઇત્યાદિ સર્વ વિષયોના તેઓ આચાર્ય છે. પાણિનીના વ્યાકરણ અને યોગશાસ્ત્રના તો તેઓ અદ્વિતીય વિદ્વાન છે. સમસ્ત બૌદ્ધ જગતમાં તેમના પાંડિત્યની છાપ પડે છે અને સમ્રાટ હર્ષવર્ધન ગુરુ તેમની સમક્ષ બહુ આદર અને માનથી વર્તે છે'

શીલભદ્ર પછી નાલંદાનો કુલપતિ તેમનો શિષ્ય ધર્મકીર્તિ થયો

* વર્ધમાનપાલ આ વિશ્વવિદ્યાલય વસાવ્યું (ઇ૦)ના મહાવિહારની સ્થાપી

એણે પ્રખ્યાત બ્રાહ્મણ પંડિત કુમારિલને વાદવિવાદમાં હરાવેલો નાલંદાની પ્રતિષ્ઠા એટલી બધી જામેલી હતી કે જે પંડિતે નાલંદામાં અભ્યાસ ન કર્યો હોય તેની કિંમત ઓછી અંકાતી નાલંદામાં અધ્યાપન, લેખન, ભાષણ ઇત્યાદિ સર્વે કાર્યો સંસ્કૃતમાં થતાં

અશોક અને કનિષ્ક પછી બૌદ્ધ ધર્મને રાજ્યાશ્રય આપનાર સમ્રાટ હર્ષવર્ધન થયો એ પોતે બૌદ્ધ નહોતો, (જોકે વૃદ્ધાવસ્થામાં તે બૌદ્ધ ધર્મ તરફ ઢળતો થએલો) પણ મહાયાન પ્રત્યે તેને વિશેષ ભાવ હતો કનોજમાં તેણે મહાયાન બૌદ્ધસંઘની પરિષદ ભરેલી

નાલંદાની સાથે આપણે આપણા ઘર આંગણાના વલભી વિદ્યાપીઠને ન ભૂલવું જોઈએ. હ્યુએન સ્યાંગના સમયમાં વલભીનો મહાવિહાર નાલંદાથી થોડેક જ ઊતરતો મનાતો હતો

તીબેટના બૌદ્ધ લામાઓનો સંપ્રદાય પ્રસિદ્ધ છે ઈ. ૭૫૦ની લગભગ તીબેટના રાજાના આમંત્રણથી નાલંદાના શાંતિરક્ષિત અને પદ્મસંભવ નામના આચાર્યોએ ત્યાં જઈને એ સંપ્રદાય સ્થાપ્યો હતો આમ નાલંદા તીબેટને એક મહાન વારસો આપતું ગયું છે

કલાકેંદ્ર નાલંદા

હર્ષવર્ધન પછી ઉત્તર હિંદના રાજકીય ઇતિહાસનું સ્વરૂપ તદ્દન પલટાઈ ગયું અને સર્વત્ર પ્રાચીન રાજવંશોનું સ્થાન રાજપૂત વંશોએ લીધું તેમાં પાલ નામનો રાજપૂત વંશ આઠમા સૈકામાં બિહાર અને બંગાળનો સ્વામી થયો નાલંદાના સદ્ભાગ્યે આ વંશ બૌદ્ધધર્મી હતો, એટલે તેમણે નાલંદાની પ્રગતિ માટે ખૂબ મદદ કરી આ રાજ્યાશ્રય પામીને નાલંદા વિદ્યાશિક્ષણના કેન્દ્ર ઉપરાંત કળાશિક્ષણનું પણ મથક બની રહ્યું સ્થાપત્ય, મૂર્તિકળા અને ચિત્રકળાએ ત્યાં બૌદ્ધ ધર્મમાં રંગાઈ એક નવું જ સ્વરૂપ ધારણ કર્યું ને બૌદ્ધ ધર્મના પ્રચાર સાથે નેપાળ, તીબેટ, ચીન, બ્રહ્મદેશ, જાવા અને સુમાત્રા સુધી તેનો પ્રભાવ પડવા લાગ્યો એ સમયની જ કલાસમૃદ્ધિના હંકના ખોદકામમાંથી મળી આવી છે તે પાછલા ગુપ્તકાળ અને મધ્યકાળના સ્થાપત્ય વચ્ચે એક મહત્ત્વની કડી સમાન થઈ પડે છે તેના સૌથી નીચેના થરોમાં નાગો, કિન્નરો આદિથી યુક્ત અદ્ભુત ભાસ્કર્યો મળી આવ્યાં છે એક મંદિર તો બહુ મહત્ત્વનું છે ગુપ્તકાળમાં મંદિરસ્થાપત્યનો પ્રારંભિક વિકાસ કઈ રીતે થયો તેનું એ સારું ઉદાહરણ પૂરું પાડે છે

નાલંદાને આંગણે કાળા સ્લેટ પત્થરની એક વિશિષ્ટ પ્રકારની બુદ્ધ મૂર્તિઓ ઘડાતી હતી વળી ત્યાં કાંસાની ધાતુપ્રતિમાઓ ઢાળવાની પરંપરા તો છેક સાતમા સૈકા જેટલી જૂની હતી આ સ્લેટ અને કાંસાની મૂર્તિઓ નાલંદાથી છેક નેપાલ, તીબેટ, ચીન, બ્રહ્મદેશ અને જાવા-સુમાત્રા લગી પૂજા અર્થે જતી હતી પરિણામે ત્યાંની સ્થાનિક શૈલી ઉપર આ નાલંદા શૈલીએ ઊંડી છાપ પાડી હતી

પૂર્વ-મધ્યકાળમાં નાલંદાએ હિંદી ચિત્રકળાના વિકાસમાં પણ અગત્યનો ભાગ ભજવ્યો છે પાલ શૈલીને નામે ઓળખાતી ચિત્રશૈલીનું એ આઠમાથી બારમા સૈકા સુધી મુખ્ય મથક રહ્યું હતું અહીં નવમા સૈકામાં ધીમાન અને વીતપાલ નામના મહાન ચિત્રકારો થયા હતા લામા તારાનાથ જણાવે છે કે દસમા સૈકામાં સિનયૂન નામનો ચીનો ચિત્રકાર નાલંદામાં ભારે ખ્યાતિને વર્યો હતો એણે 'પ્રજ્ઞાદેવ' એવું હિંદી નામ ધારણ કર્યું હતું અને વિહારમાં મૈત્રેય બુદ્ધ તથા બોધિસત્ત્વના ઘણાં સુંદર ભીંતચિત્રો કર્યાં હતાં સુપ્રસિદ્ધ કલાવિવેચક ડૉ. આનંદ કુમારસ્વામી જણાવે છે કે નેપાળ અને બંગાળમાં મળી આવતી ૧૧મા અને ૧૨મા સૈકાની તાડ ઉપરની હસ્તપ્રતો જે ચિત્રકામયુક્ત લાકડાની પેટીઓમાં મૂકેલી હોય છે





ઉપર અભય મુદ્રાવાળી 'બોધિસત્વ પદ્મપાણિ'ની ધાતુમૂર્તિ(ઉત્તર-મધ્યકાળ)નીચે નાગફણાવાળી દેવીની પથ્થર મૂર્તિ(પૂર્વ-મધ્યકાળ)

જ્ઞાનની અનેક શાખાઓ સાથે નાલંદાના મઠનિષ્ઠ ચિત્ર, શિલ્પ અને સ્થાપત્યકળા પણ વિકસી હતી અને તેમાં પોતાની વિશિષ્ટ શૈલી ઊભી થઈ હતી તેના બે નમૂના અહીં આપ્યા છે

તે પર કરેલા પાલ શૈલીના ચિત્રો ગુજરાતી ચિત્રશૈલી સાથે નેપાળ બ્રહ્મદેશમા પગાન મુકામે મળી આવેલા એ સમયના ભીંતચિત્રો સાથે સામ્ય ધરાવે છે આ પાલ ચિત્રકળા ચીન સુધી ખ્યાતિ પામી હતી.'

કરુણ પતન

આઠમા સૈકામાં શંકરાચાર્યે અને કુમારિલ્લે બૌદ્ધધર્મને સખત ફટકો માર્યો એ ધર્મ હિંદમા, બિહાર અને બંગાળને બાદ કરતાં સર્વત્ર નહિવત્ બન્યો હતો. આ પછી તો એ પ્રદેશોમાં પણ તેની પડતી થવા લાગી હતી આ પડતી સાથે જ નાલંદા પણ ઝાંખુ પડતુ જતુ હતું વળી મહાયાનમા તંત્રવાદનું પ્રાબલ્ય થતાં એના સમકક્ષ ઉદંતપુરી તથા બીજા નવા થએલા બૌદ્ધ મહાવિહાર વિક્રમશિલાના ઉદયને લઈને નાલંદા વધારે ફૂલી નહુ અને દસમા સૈકામાં તો તેનો વહીવટ પણ વિક્રમશિલા મહાવિહારના આચાર્યોને સોંપાયો આમ ઉત્તરોત્તર અવનતિ અનુભવી અંતે ઈ ૧૧૯૯માં, બખ્ત્યાર ખિલજીના પુત્ર મુહમ્મદે બિહાર પર આક્રમણ કર્યું તેના હાથે નાલંદા મહાવિહાર પણ સળગીને ખાખ થઈ ગયો. ને તેમા રહેતા બૌદ્ધ ભિક્ષુઓ નેપાળ, તીબેટ, બ્રહ્મદેશ અને સિલોન નાસી ગયા. કારણ આ સમય બિહારની બહાર ધર્મવિરોધને લઈ બૌદ્ધ ભિક્ષુઓને આશ્રય મળવાની શક્યતા ન હતી

આ પછી એ નષ્ટપ્રાય થએલા નાલંદાએ પણ ફરી ઊભા થવાના પ્રયાસ કર્યાં, પરંતુ એ વખતે તેને બ્રાહ્મણોના ધર્મવિરોધે છેલ્લો ફટકો લગાવ્યો પગ-સમ્ જોન ઝૅંગ નામનો તીબેટી લામા લખે છે કે તુર્કોએ કરેલા નાલંદાના વિનાશ પછી મુદિતભદ્ર નામના ભિક્ષુએ તેનુ સમારકામ કરાવેલું પછી તરત જ મગધના રાજમંત્રી કુકુટસિદ્ધે ત્યા એક મોટુ મંદિર બંધાવ્યુ. થોડાક સમય પછી ત્યા એક ધાર્મિક ક્રિયા ચાલતી હતી, તે સમયે બે આગંતુક બ્રાહ્મણો ઉપર એક નવા અને દુષ્ટ પ્રકૃતિ ધરાવનારા ભિક્ષુએ અશુદ્ધ પાણી છાંટ્યુ પરિણામે એ બ્રાહ્મણો ક્રોધાવશમાન થયા તેમણે બાર વર્ષ સુધીનુ તપ કર્યુ ને નાલંદાની નજીક મોટો યજ્ઞ આદર્યો તેના હવનકુંડમાથી અંગાર લઈ એમણે નાલંદાના ભવ્ય વિહારો અને મુસ્લીમ વિનાશથી બચી જવા પામેલા ત્યાના મહાન પુસ્તકાલયને સળગાવી મૂક્યા ને નાલંદા મહાવિહાર સદૈવ માટે નાશ પામ્યા દોઢ-બે હજાર વર્ષ સુધી સમસ્ત બૌદ્ધ જગતને પ્રેરણા આપી, આર્યાવર્તની સુવાસને દેશદેશાંતરોમા પ્રસરાવી, નાલંદા જેવુ નાલંદા આ રીતે આપણા ને આપણા જ ધર્મઝનૂનના યજ્ઞકુંડમા કરુણ રીતે હોમાઈ ગયુ

આશ્વાસન

એકલા નાલંદાનો જ ઇતિહાસ બતાવી આપે છે કે હિંદીઓ કે તેની સંસ્કૃતિ રાંક નથી પૃથ્વી પરના કોઈ પણ દેશે માનવજાતના આવા મોટા સમુદાયને એક ધર્મભાવનામાં કદી બાંધ્યા નથી આજ પણ એ હિંદી સંસ્કૃતિનું ગૌરવ નાશ પામ્યુ નથી ૫૦ કરોડ બૌદ્ધો ને ૨૫ કરોડ હિંદુઓ જગતમા આજ પણ ગંગા-યમુનાના આંગણેથી પ્રગટેલી એ મહાન સંસ્કૃતિના જ ઉપાસક છે, ને આજે ચીન, તીબેટ, બ્રહ્મદેશ, સિલોનાદિનો વિરાટ બૌદ્ધ સંઘ ફરી આવતી કાલના પ્રકાશ માટે હિંદ ભણી જોઈ રહ્યો છે


બૌદ્ધ જગતની આ તીર્થભૂમિના તીર્થો બુદ્ધગયા અને સારનાથ આજે સજીવન થયા છે ને તેની સાથે સાતસો વર્ષના ગાળા પછી ફરી નાલંદા મહાવિહાર પણ સજીવન થવાની શરૂઆત થઈ છે ફરી દેશદેશાંતરોનાં બૌદ્ધ ભિક્ષુઓના વૃંદ ત્યાં જમવા વાગ્યા છે, ને એવો જ ભાસ થાય છે કે આજે જગત જ્યારે વિનાશના મહાન ઝંઝાવાતમા સપડાએલું છે ત્યારે ફરી ગંગાયમુનાના આંગણે માનવજાતની આવતી કાલને ઉજાળનાર કોઈ મહાન સંસ્કૃતિ આકાર પામી રહી હોય

અમૃતલાલ વ. પંડ્યા



'આખું દિવસમા તો અમે આખુ કાશી જોઈ લીધુ'
'હેં, એ કેમ બને ?'
'કેમ? મારી બૈરીએ બધાં મંદિર જોયા, મારા દીકરાએ બધી શાળાઓ જોઈ નાખી, ને મેં બધી હોટલો ને સીનેમા'

શિક્ષક—જનુ, અંગ્રેજીમા તુ નબળો છે તેથી તને દરવાર આ પેરા લખી લાવવાનો કહ્યો હતો, છતા કેમ આજે ચાર જ વાર કેમ લખ્યા છે?
જનુ—કારણ કે હું ગણિતમા પણ નબળો છુ, સાહેબ'



સીદી બાદશાહ—કાગળનું રમકડું

આ સીદી બાદશાહની મજા જેવી હોય તો ઉપરનું ચિત્ર કાપી ટપાલના એક નકામા પત્તા ઉપર ચોડી દો, અને પછી તેમાથી अ અને ब ભાગોથી જુદા કાતર વડે કાતરી કાઢો ત્યાર બાદ આકૃતિ अની આંખોના કાણા, માથામા વચ્ચે એક ઝીણી ચીરી પાડી કાતરી કાઢો, તથા મોની ફાડ પણ કાળજીથી કાતરી કાઢો હવે ब વાળી પટ્ટીને अના પાછળના ભાગમા રાખી તેના ઉપલો ભાગ अના માથાના કાપામાં અને નીચલો ભાગ મોઢાના કાપામા પરોવી દો એટલે આકૃતિ क પ્રમાણે દેખાવ થશે

હવે પત્તાની એક પાતળી પટ્ટી કાપી કાઢી, સીદીભાઈની જેમ તેના અરધાં પાછળ ચોડી દેવી. પાછળની ब આકૃતિની પીઠે ચોડી દો; અને એ નુકરેને નીચે પકડીને ઉપરનીચે હલાવો એટલે આંખના ભાગમાં ને મોઢાના ગાબડામાં સીદી બાદશાહની જેમ હબસી દેખાશે, આંખો ચકળવકળ થશે અને ટોપી સાથે નીચે ઊંચે થશે

ચીનની કળા



ચીની પ્રજાની જીવન-ફિલસૂફીના પ્રતીક સમા ડ્રૅગન—મગર સર્પ (જે એમની ચિત્રકળામાં ખૂબ વ્યાપ્ત છે) અને દરિયાનાં મોજાંના વેગ ને વિકરાળતાનું સૌન્દર્ય આલેખતું ચિત્ર

આખા એશિયાખંડની સંસ્કૃતિમાં એક તત્ત્વ સર્વસામાન્ય છે એની કળાના નિરીક્ષણથી માલૂમ પડ્યું છે કે એ ખંડના એક એક દેશમાં ત્યાંની પ્રજાઓનું જીવન જ્યારેજ્યારે ખીલ્યું છે ત્યારેત્યારે એની કલ્પકતા એક જ રીતે થઈ છે એના ઇતિહાસના સુવર્ણયુગો જ્યારેજ્યારે ગૌરવશાળી થયા છે ત્યારેત્યારે તેમાં માનવ આત્માનો જ આવિર્ભાવ વિવિધ ઢબેથી પ્રકટ્યો છે ટૂંકામાં એશિયાની કળાની વિશિષ્ટતા એના આધ્યાત્મિક તત્ત્વની છે

અમારા [illegible] તરત સાથે મહાન વારસો ઊંચ અખંડ [illegible] જે કે આદર્શ [illegible] અને સૌન્દર્યદૃષ્ટિના [illegible] આ ચીન, જાપાન અને હિન્દુસ્તાન પરની કલાદૃષ્ટિના રાષ્ટ્રીય દૃષ્ટિ [illegible]

પશ્ચિમ ગમે ત્યાં માએ પ્રાચીન રાજવીઓનું સ્થાન એ કુદરતની શક્તિઓ જેમાં પાશ ન એમને રાજપૂત [illegible] હતા કે સાચું સૌન્દર્યતત્ત્વ આપનારો [illegible] ના સદ્ભાગ્યે આ, ને ભવિષ્યમાં પણ. એટલે તેમણે [illegible] પ્રગતિ માટે ત્યાં સુધી એમને [illegible] આશ્રય પામીને [illegible] શિક્ષણ

ગોશાળાસમું [illegible] સ્થાપત્ય, મૂર્તિકળા છે ને અનેક [illegible] નો આવિર્ભાવ અનેક એક નવું જ સ્વરૂપ પામ્યા છે એથી [illegible] નું જીવન [illegible] થયાળ, તીબેટ, ચીન, બ્રહ્મદેશ એમના [illegible] જીવનમાં વહેતા [illegible] ભાવ પડવા લાગ્યા એ સાચી જીવવાની [illegible] છે એ જીવનકળા એ [illegible] માંથી મળી આવી છે તે ન કેમ જીવવું? સમારની આવી [illegible] વચ્ચે એક મહત્ત્વની કડી એનો જવાબ ચીન, હિન્દુસ્તાન, ઈરાન ને [illegible] શહેરોમાં મળશે, [illegible] છે

ચીનમાં બૌદ્ધધર્મના પ્રવેશ્યાં છે એ નહિ તો બની ગોપ જીવનમાં જે ખરા ને કાલ્પનિક પ્રાણીઓ રચાય છે ન જાતની હતી જગત જીવનની એવી કળામાંથી એમનો એક ભયંકર મકરસર્પ (Dragon) ઉત્પન્ન થયો છે એ બહુ જ લાંબો, તીક્ષ્ણ દાંત તથા નહોરવાળો અને પોતાની ચૂડમાં પકડીને ભચડી મારે એવા જડા લાંબા સરીખવાળો કલ્પાયો છે એ જરૂર પડે તો પાણીમાંથી આકાશમાં ઊડી શકે છે, ઝાડ પર ચડી શકે છે, જળ કે સ્થળમાં ગમે ત્યાં વેગથી ધસી જવું એ એને મન રમત છે આકાશ, પૃથ્વી અને પાતાળ ચાહે ત્યાં જાઓ, પણ આ ડ્રૅગન-મકરસર્પ જો ધારે તો તમને પકડી પાડવાનો

આ મકરસર્પના ત્યાં ઉત્તમ ચિત્રો અને શિલ્પો થયાં છે અને [illegible] થયાં છે કે યુરોપવાસીઓને એ 'ડ્રૅગન'-મકરસર્પ ક્રૂર, ત્રાસદાયક, ભયંકર અને બેડોળ-બીભત્સ રૂપનો લાગતો અને તે જુગુપ્સા ઉત્પન્ન કરે છે એમ કહેતા કે દેશમાં આવા રાક્ષસી પ્રાણીને [illegible] આટલો બધો આદર હોય તે પ્રજા અર્ધ જંગલી જ હોઈ શકે એમ જ ધારવામાં આવતું. પરન્તુ ચીનાઓમાં તો આ વિચિત્ર વિરાટકાય પ્રાણી, માનવી પ્રત્યે દુશ્મનાવટ કે વિનાશવૃત્તિ ભરેલું હોવાનું મનાતું જ ન હતું એ પ્રજાના માનસમાં તો એ આકાર કુદરતનું સૂચક અને અમર્યાદિત કુદરતી બળોની મૂર્તિરૂપે હતું હતું અને એના પર સવાર થઈ જનતા અને નિર્ભય સ્ત્રીપુરુષોને બીટને ચમને એ [illegible] હોતું આજે તો એના શરીર પર ગમે ત્યાં બેસતા જતા એમને એ હેરાન કરતું નહિ, એટલું જ નહિ પણ ઘણી વાર તો પાણીમાં ને હવામાં એમને એ મદદ કરવા લઈ જતું

જળધોધ અને સાગરોમાં, મેઘ અને વરસાદોમાં જે બળ વ્યાપેલું છે ને વડનું અને ઈન્દ્રના અકલ્પિત કલ્પનાઈ બળની મૂર્તિ જેવું ચીનમાં એ ડ્રૅગનનું સ્થાન છે મેઘ અને સાગરમાં રહેલું મહા બળ જે સતત ગતિમાન છે, અને જે અહોનિશ વિનાશ કરતું અને નવપલ્લવિત કરતું, ભાગતું ને જીવાડતું પ્રવર્તમાન છે એવું બળવાન અને કલ્યાણકારક એ ડ્રૅગનમાં ચીનાઓએ કલ્પ્યું છે



જગતમાં પાણી જેવું કોઈ કોમળ અને નબળું નથી, પણ એ જ પાણી વખત આવ્યે ભીષણ અને ક્રૂર બની પૃથ્વી પર પ્રલય લાવે છે

કુદરતમાં ઉચ્ચ તત્ત્વ પણ એ પાણી જેવું છે પાણી કલ્યાણકારી છે, પણ એને કલ્યાણ કરવામાં કઈ શ્રમ પડતો નથી એ નીચામાં નીચે સ્થળે જઈ રહે છે ને છતાં એ વિરાટ સમું મહાન ને સર્વવ્યાપી છે

ચીની ચિત્રકારો મકરસર્પને પાણીમાંથી આસમાનમાં જતો અને આકાશમાંથી પૃથ્વી પર ઊતરતો ચીતરતા થાકતા જ નથી એના શરીરને વેગથી વાંકુંચૂંકું વાળવામાં એઓ અનેક આકૃતિઓ સર્જે છે અને એની ગતિની સુંદરતાના તથા એના ચપળ દેહની શોભાના વિવિધ પ્રકાર રૂપ બની જ જાય છે. રૂપમાં ભયંકર છતાં કર્તવ્યમાં મિત્ર સમું અનુકૂળ અને સ્નેહાળ પણ એ થઈ જાય છે એના એવા સતત પરિચયથી પછી ધીમેધીમે એની બીક જતી રહે છે ને એના દેહનું સૌન્દર્ય ને ગતિની મોહકતા ધીમેધીમે આકર્ષક બની જાય છે

ભગવાનના ભીષણ-ભયંકર રૂપમાંથી પ્રકટતી પ્રેમાળ સ્વરૂપની ભાવના તો ધર્મના જગતભરના ઇતિહાસમાં સુપ્રસિદ્ધ છે, પરંતુ ચીની પ્રજાના કવિત્વને, કલ્પનાબળને અને મનોનિગ્રહને ઘડવામાં આ મકરસર્પ-વિરાટની ભાવનાએ કેટલો મોટો ભાગ ભજવ્યો હશે તે વિચારવા અને મનન કરવા જેવું છે ચીની પ્રજાનું માનસ આ રીતે ઘડાયું છે : ભય ને સૌન્દર્યથી ભરેલા જગતમાં માનવી મુકાયો છે જગતનો એ અનુભવ કરવા નીકળે કે એનો વિચાર બાહ્ય જગત સાથે બનેતો હળીમળીને રહેવાનો છે એની અમર્યાદ શક્તિઓને જડ-ચેતનનાં રહસ્યો સમજી એને અનુકૂળ થવાની એ મહત્ત્વાકાંક્ષા સેવે છે

પણ જગતમાં બધે ભટકીને થાક્યા બાદ, આખરે ખરું સમાધાન તો પોતાના અંતર તરફ વળવાથી જ મળશે એવો એ નિશ્ચય કરે છે દુન્યવી સૌન્દર્ય અને મોહકતા એને માયાવી લાગે છે અને મન એ જ બંધન અને મોક્ષનું સાચું કારણ છે એવી પ્રતીતિ થતાં આખરે એ પોતાના અંતઃકરણ તરફ જ અભિમુખ થાય છે પવનથી હાલતી પણ ન હોય એવી સ્થિર જ્યોતની માફક ભગવાન બુદ્ધ જે ધ્યાનની

વિવિધ માધ્યમોમાં ઉતારેલી ચીની કળાના નમૂના • ડાબી બાજુ ચિનાઈ માટીકામનો નમૂનો-'નર્તકી'; વચ્ચે : વિશિષ્ટ આકારનો ચિનાઈ ઘંટ-તેના ઉપરના આંકડાને બે પડખે મકરસર્પની શોભા છે અને ચિનાઈ ધાતુકામનો એ લાક્ષણિક નમૂનો છે, જમણી બાજુ-ઉપર : ચીની માટીકામનો એક રૂપસુંદર વાટનો ઘડો, નીચે બતકના આકારનો ચીની કારીગરીનો ધાતુનો ફાળકો-જે તેની પાંખ ઉપરથી ઉઘડે છે

સ્થિતિમાં બેઠા છે તે આ નિશ્ચયનું ઉત્તમ દૃષ્ટાંત છે બુદ્ધની આ આનંદસમાધિએ ચીનને વિચાર નિમગ્ન કરી નાખ્યું છે

હિંદની કળા અને કવિતામાં પણ સૃષ્ટિસૌન્દર્યથી મળતા આનંદના વર્ણનો અને આલેખનો ઘણાં છે છતાં ચીનના જેવો કુદરતનો બારીક અને સર્વવ્યાપી અભ્યાસ તો હિંદમાં પણ નથી એમ કહેવું પડશે ચીને જેવા કેવળ કુદરતી દૃશ્યો કળામાં ઉતાર્યા છે તેવા તો હિંદે તો શું પણ કોઈ દેશે ઉતાર્યાં નથી ' ધ્યાનથી પ્રાપ્ત થતી એકાગ્રતાના ગુણને પ્રતાપે પૃથ્વી અને મનુષ્યોની મૈત્રીનો બહુ ઊંડો ભાવ ચીનની કળામાં અભિવ્યક્ત થયો છે

પશ્ચિમના પ્રજામાનસમાં જડ જગતને ખરું માનવાનો ઝોક છે એ લોકો જગતને ભોગવવાની વસ્તુ માને છે. કુદરતી બળોને વશ કરી એને મનુષ્યના ઉપયોગમાં લેવાના પુરુષાર્થ એમણે કર્યાં છે સંસારના સુખ યથેચ્છ ભોગવવામાં કંઈ દોષ હોય એમ એમને લાગતુ નથી તેથી દૃશ્ય જગતનાં સૌન્દર્યનો મહિમા એમણે પુષ્કળ ગાયો છે ને આલેખ્યો છે. પુરુષોના પ્રતાપ, સ્ત્રીઓનાં લાવણ્ય અને માનવપ્રવૃત્તિઓના હજારો દૃશ્યો એમણે કળામાં ઉતાર્યાં છે. સમુદ્રો, નદીઓ અને ઝરણાં, પાણી પર પડતા ચંદ્ર અને સૂર્યપ્રકાશના તેજછાયા, લીલાં ખેતરો અને ઘટાદાર વૃક્ષો, ભૂરા પહાડો અને વિવિધરંગી પક્ષીઓ ઇત્યાદિ તેઓ આબેહૂબ ચીતરે છે, પરંતુ એની પાછળ કંઈ ઊંડું કે અદૃશ્ય તત્ત્વ પશ્ચિમનો કળાકાર જોતો નથી આટલું બાહ્ય સૌન્દર્ય જ્યાં ન હોય ત્યાંથી એ ભાગી જાય છે

પણ એ દૃશ્ય માનવ જગતની પાર જે અગાધ ને અદૃશ્ય શક્તિઓ ઊછળી રહી છે અને વૈભવ પ્રસર્યાં છે તેને ને પશ્ચિમના લોકોને તો જાણે કંઈ સંબંધ જ નથી ઉજ્જડ રણો, નિર્જન પર્વતો, એકાકી પંખીઓ કે ઘાસનાં ફૂલને ચીની અને જાપાની કળાકારો જે ઊંડી દૃષ્ટિથી, ભાવથી ને પ્રેમથી ચીતરે છે તેવી શક્તિ પશ્ચિમના કલાકારોએ દર્શાવી નથી એમને તો મોટે ભાગે ઉપયોગિતાની જ દૃષ્ટિથી જગતને જોવું છે શુદ્ધ આનંદની દૃષ્ટિનો વર્ડ્ઝવર્થ જેવા કોઈ વિરલમાં જ હતી

નાયગરાના ધોધ જે યૂરોપિયન પ્રવાસી પહેલો જોવા ગયો હતો તે તો એના રાક્ષસી દેખાવથી ગભરાઈ જ ગયો હતો મુંબાઈ પાસેની આપણી એલિફન્ટા (ઘારાપુરી)ની ગુફામાના શિવ જેણે પ્રથમ જોયા તે તો કલાપ્રેમી અંગ્રેજ હતો, પરંતુ તે પણ એ શિવના બીજા વધારાના હાથ કાપી નાખવા જોઈએ એમ ભલામણ કરી ગયો હતો ' અને એ ભવ્ય રૂપને પણ એણે 'મોન્સ્ટર' (કદરૂપું) કહી નાખ્યું હતું '

ચીનના કલાકારો મનુષ્ય-આત્માને સંસારની ક્ષુદ્ર તૃષ્ણાઓના વાતાવરણથી ઊંચે લઈ જાય છે તેઓ એ તૃષ્ણાઓનો ત્યાગ કરાવતા નથી, પરંતુ એના ખુદ સ્વરૂપને જ બદલી નાખે છે. એથી જ પશ્ચિમના લોકોને ભયંકર અને કાળમુખો લાગતો પેલો મકરસર્પ ચીનાઓને મન મહાબળવાન છતાં રમવાની વસ્તુ લાગે છે '

શેલી જીવનથી કંટાળ્યો હતો; છતાં પશ્ચિમના ઝૂમતા વાયરા (West Wind)ને એ જેમ પોતાના વિખ્યાત કાવ્યમાં અભિનંદન આપે છે, તેના જેવો ચીનાઓનો પેલા મકરસર્પ પ્રત્યે ખ્યાલ છે વળી આકાશ, જે સર્વ જગતને વ્યાપી રહ્યું છે, જે અનંત છે અને જેના ઊંડા રહસ્યો આપણે કંઈ જાણતા નથી તે આકાશ ચીતરવાનું તો ચીના કે જાપાની ચિત્રકારોને જ આવડે છે, બીજા કોઈને આવડતું નથી

એમને મન, આકાશ એ કોઈ ભયાનક દીવાલ, ભીંત કે બીજી આડ જેવી વસ્તુ નથી, અથવા એ જોવાથી માણસ અવાક્ થઈ જાય એમ પણ નથી આકાશ-'સ્પેઈસ'-અવકાશ એ એમને મન તો મુક્ત આત્માનું ઘર છે અનંત આત્માનો ત્યાં પ્રવાહ વહે છે ને એ પ્રવાહ સાથે તરવાની ખરી મજા આકાશમાં જ છે એમ ચીનની રસદૃષ્ટિએ સિદ્ધ કર્યું છે વિશ્વને કંઈ મર્યાદા નથી એ પૂર્ણ છે અને એ પૂર્ણતા સકળ આકાશમાં છવાઈ રહી છે. આ ભાવ અને અનુભવ ઉપર કુદ-

રતના દેખાતો રજૂ કરનારી ચીનની કળાઓ ઘડાઈ છે

એમના ચિત્રોમા ખાલી જગ્યા બહુ હોય છે પરંતુ એ તો ચેતન-ભર્યા આકાશના વિધવિધ પ્રકારો છે

આકાશ એટલે, ખાલી એવો આપણો ખ્યાલ છે ચીન જાપાન-નો ખ્યાલ એવો નથી ચીનનો મહાન ધર્માચાર્ય લાઓત્સે આકાશ સાથે મૈત્રી પ્રેમે છે ખાલીપણાની તો એ બહુ પ્રશંસા કરે છે એ કહે છે કે માટીમાથી આપણે ઘડા, કુલડીઓ ને થાળીઓ વાસણો બનાવીએ છીએ એ વાસણોનો લાભ, એની અંદર જેમ ખાલી જગ્યા વધારે—આકાશ તત્ત્વ વિશેષ—તેમ વધારે.

ઘર પણ બારી-બારણા, છાપરું-સંબાદ વગેરેથી જ રહેવા યોગ્ય બને છે એમા પણ જેમ ખાલી જગ્યા વધારે—જેમ એ આકાશ વધુ તેમ—તેમ એને ભોગવવાની મજા વધારે આ સચેતન આકાશ તત્ત્વ પકડીને કુદરત જોવાની ચીના લોકો આપણને નવી જ દૃષ્ટિ આપે છે

કુદરતના દૃશ્યચિત્રો આલેખવાની ચીનાઓની આ વિશિષ્ટતા જાપાનીઓએ ખૂબ વિકસાવી છે આપણા પંજાબના ચિત્રકાર મિ અબ્દુર્રહેમાન ચુઘતાઈએ પણ એનો લાભ લીધો છે એમણે એક હરણના ચિત્રમા (જુઓ 'કુમાર'નો ૯૮મો અંક) આવુ ચીની ભાવ-નાણુ આકાશ આલેખ્યુ છે અને એ ખાલી ચેતનપૂર્ણ આકાશ હરણને નગ્ન અંદરના ઝિરિપ્રદેશને હૃદયક્ષોભ કરાવે એવા બનાવી દે છે

ચીની ચિત્રકારને મન 'લૅન્ડસ્કેઈપ' એટલે નિસર્ગદૃશ્યોની કળા કુદરતમા કુદરત છે અને મન એમા એકલી કુદરત જ નહિ, પણ સમગ્ર જીવસૃષ્ટિ—પક્ષી પ્રાણી અને વનસ્પતિ, માનવ જાતની તમામ પ્રવૃત્તિ-ને વિશાળ કુદરત જેમા દિક અને કાળનો સમાવેશ થાય છે એ આવી જાય છે 'લૅન્ડસ્કેઈપ'નો અર્થ જ ચીનમા સામાન્ય-આપણા ચિત્રકારો સમજે છે તેના કરતા વધારે ઊંડો ને વધારે ળ છે પૃથ્વી, ગામડાની બાગોનો, ખેતરો અને કુદરતમાની મ તથા આનંદ આપતી સર્વ ચીજો, એ બધુ આપણા નિસર્ગ-ામા હોય છે યાત્રાના સ્થળો, ઐતિહાસિક સ્થળો ઈત્યાદિને ના આસપાસના સૌન્દર્યથી મઢીને યુરોપી ચિત્રકારો રજૂ કરતા પહાડો, સમુદ્ર ઇત્યાદિ મુકાતા તે એમની પોતાની ખાતર નહિ, પણ અમુક દેખાવની પરિપૂર્ણતાને માટે મૂકવામા આવતા શુદ્ધ કુદરતી દૃશ્યોના ચિત્રો તો પશ્ચિમમા પાછળથી રજૂ થયા છે ઉત્તર અને દક્ષિણ યૂરોપની એ કલમો જુદી જુદી હતી

ટીશ્યા, ઍનીબાલ કેરેસી, પોસીન, કલૉડ, વાનડાઈક, કૉન્સ્ટેબલ, ટર્નર, વ્હિસ્લર અને છેલ્લે મોનેટ જેવા ફ્રેન્ચ ઈમ્પ્રેશનિસ્ટ કલાકારો—આ બધા ચિત્રકારો પોતપોતાની કક્ષામા મહાન છે પરંતુ એ બધા કુદરતના જુદા જુદા રૂપોને આલેખે છે માગળ કે કઠોર, ઘરગથ્થુ કે દિવ્ય સ્વરૂપે એમણે કુદરતને ચીતરી છે એક ટર્નરમા માત્ર અનંત કુદરતનુ સંપૂર્ણ દર્શન છે એમ કહી શકાય

પશ્ચિમના ચિત્રકારો રંગોની મિલાવટમા ચીનના ચિત્રકારો કરતાં આગળ વધી જાય ચીનમા નિસર્ગલેખન કાગળ કે રેશમના વસ્ત્ર પર ઝાંખા રંગે જ મોટે ભાગે ચીતરાય છે એમના ઉત્તમમા ઉત્તમ ચિત્રો માત્ર કાળી શાહીથી દોરાએલા છે માત્ર જરા ભૂરી કે પીળી શાહી વપરાય ખરી, પરંતુ એમના એ જૂના ચિત્રોમા રંગ તો નથી જ ચીનને રંગની સમજ નથી એમ તો હવે કોઈ કહી શકે એમ નથી, પરંતુ આવા એકરંગી ચિત્રો તેઓ હેતુપૂર્વક જ કરે છે

ચીની કલાકારને મન મનુષ્ય જીવનથી કુદરતનુ જીવન જુદુ નથી આખી સૃષ્ટિમા આપણો આત્મા ગમે ત્યા વિહાર કરી શકે એવી ભાવના સૃષ્ટિનુ સ્વરૂપ રજૂ કરવામા ચીની ચિત્રકારો સફળ થાય છે એમના ચિત્રો જોતા જાણે આપણે એના વાતાવરણમા એકરસ થઇ જઈએ છીએ !

કુદરતના દૃશ્યો ચીતરતા ચીનાઓને યુરોપ કરતા વહેલું કેમ આવડ્યુ ? અને તે પણ આટલુ બધુ સાત્ત્વિક ભાવથી ? ખેતીના ધંધાના જૂના કાળથી તો બીજી ઘણી યે પ્રજાઓ પડેલી છે, અને કુદરતના સહવાસ એમણે પણ સેવ્યા છે છતા પૃથ્વીના સંપર્ક અને ઋતુઓના રંગથી ચીની પ્રજા જેવી રસદૃષ્ટિ બીજી પ્રજાઓમા કેમ ખીલી નથી ?

કદાચ કારણ—અમર ચીનને આપણા દીપણા આકારના લાંબા ભૌ-ગોલિક નકશા કરવા પડતા, એમાથી ચિત્રવિદ્યાના સિદ્ધાંતોનું શાસ્ત્ર એમણે ખીલવ્યુ અને કૉન્ફ્યુશિયસ, લાઓત્સે આદિ એમના વિચારકો-ના તેમજ બૌદ્ધ ધર્મના વિચારોએ આખી પ્રજામા પ્રસરી જઈ ચીનને કવિત્વ, તત્ત્વજ્ઞાન અને રસિકતાના સંસ્કાર આપ્યા

આપણા સોળ સંસ્કાર જેવા એમનામાં જન્મથી મરણ સુધીના સંસ્કાર કરવાની રીતો બહુ રસિક અને સંગીતમય હતી એમનામાં પણ મંદિરો હતા, આકર્ષક ક્રિયાકાંડ હતા, સર્વવ્યાપી જાગણી હતી ધાર્મિક મૂર્તિઓ અને શિલ્પસ્થાપત્ય, તીર્થ, ધ્યાન, સ્થાન અને વ્રત-ઉપવાસથી એમનાં જીવન શિસ્તવાળા અને નવીન પ્રેરણાઓ લઈ શકે એવા બન્યા હતા મંદિરે મંદિરે પુસ્તકશાળા હતી હિંદુસ્તાનથી પણ હજારો પુસ્તકો ત્યા ગયા હતા અને એના ભાષાંતરોની સેંકડો ન-સો જુદા જુદા મંદિરો અને મઠો માટે થઇ ગઈ હતી અહીંના હજારો સાધુઓ ત્યા ઉપદેશ માટે ગયા અને ત્યાથી હજારો યાત્રીઓ હિંદુસ્તાન આવી ગયા અહીંના ધર્મવિચારો અને સાહિત્યનુ ચીની પ્રજાએ કંઈ અંધ અનુસરણ જ કર્યું નહિ, પણ એણે પોતાના વ્યક્તિત્વને એ વિદ્યાઓથી પોષીને એક નવી જ સંસ્કૃતિ ઉપજાવી

લાખકામ, લાકડાની કોતરણી, ઘરો અને મંદિરો બનાવવાની કળા, જમીન પરના અને અગાશીમાના બાગો, વસ્ત્રોના રંગ અને ભાતો, રેશમ, બંદૂકનો દારૂ અને એમાથી બનતી આતશબાજી, કિલ્લા, પુલો ઇત્યાદિ માર્ગે એની કળાઓ ખીલી. પણ સૌથી સરસ કલા તો ચીને માટીના પ્યાલા-રકાબી, ભાતભાતના ડઠોરા ને કુલ્લ, ભિલોરી કાચના વાસણ, કુમ્મરો, બગીચાઓના કુંડાં ને ફૂલદાનીઓ આદિ ચીનાઈ વાસણો બનાવવાની ખીલવી એમા તો એણે કમાલ કરી છે

ચીની કાચના વાસણના રંગ અને રણક, એની અંદરની ભાતો અને એના ઘાટના સૌન્દર્ય અનહદ છે ચીનાઈ વાસણોની કલાનો મેં ઇતિહાસ વાંચ્યા એમા લખ્યુ છે કે અમારા મૂળ આચાર્યને જ્યારે આ વાસણો, ફૂલદાનીઓ અને રકાબીઓ સંપૂર્ણ કળાએ ખીલવવાનુ મન થયુ ત્યારે એમણે એની બનાવટમા પોતાનો આત્મા રેડ્યો એમણે ભઠ્ઠી કરી, પણ ભઠ્ઠીમા હજારો પ્રયત્નો કર્યા છતા વાસણોના રંગ અને મજબૂતી બરાબર આવતા ન હતા આખરે એમણે પોતે ભઠ્ઠી-મા પડતુ મૂક્યુ અને ભડભડાટ બળતી ભઠ્ઠી સુવર્ણ તેજથી શોભી રહી '

પછી ભઠ્ઠી જ્યારે ઠરી પડી ને એ વાસણો જ્યારે બહાર કાઢ્યા ત્યારે તો જગતમા જેનો જોટો નથી એવા વાસણો નીકળ્યા એના રંગો અદ્ભુત હતા ' કેમ ન હોય ? આચાર્યના લોહીથી એ રંગાયા હતાં એની મજબૂતી ધાતુ જેવી થઇ ! કેમ ન થાય ? આચાર્યના હા-ડકાથી એ ભેળાયા હતા હજારો ભાવ ઉત્પન્ન કરે એવી એ વાસણોની મોહકતા થઇ ! કેમ ના થાય ? આચાર્યનુ આખુ હૃદય એમા હોમાઈ ગયુ હતુ એ વાસણો બુદ્ધિબળનો ભંડાર છે ! કેમ ના હોય ? આચાર્યનુ આખું મગજ ને સમસ્ત જ્ઞાનતંતુઓએ એને ગરમી આપી હતી

આવી પ્રજાની કળાઓ અપ્રતિમ હોય એમા શી નવાઇ છે'

હરિપ્રસાદ વ્રજરાય દેસાઈ

જીવનનું પરોઢ ભાગ ચોથો



પ્રકરણ ૮મું

રેલવે હડતાલનો આતંક

બાપુજીએ તો અંગ્રેજોને 'સોગ પાળવા'નું ના ને ના જ કહી દીધું હતું, એટલું જ નહિ, મૂંગા પણ ન રહી શક્યા, અને જે રીતે શહીદ બનેલા હડતાલિયાઓ તથા જેલવાસીઓના મોતને પોતાના ઘરનાના મોતથી યે અદકું માન્યું, પણ અમને બાળકોને મોટાઓના 'સોગ' સાથે શી લેવાદેવા? બાપુજી જેલમાંથી છૂટી આવ્યા એ જ અમારે મન દિવાળી હતી. વળી સોળ જણની પહેલી ટોળીને છૂટવાનો દિવસ આવી પહોંચ્યો હતો અને નાતાલે મહારાજના મોકલેલા સંત પાદરી ઍન્ડ્રૂઝ સાહેબની સ્ટીમર પણ ડરબન પહોંચવાને વાર ન હતી. એટલે શોક ને બદલે અમે તો હરખમાં તણાય જતા હતા. બાપુજી અને બીજાઓ જેલમાં હોવાથી મગનકાકા વગેરે આવી પડેલી જાતજાતની જવાબદારીમાં બને એટલી મદદ કરવા જતા અમારે પરાણે મોટા બની જવું પડ્યું હતું. લાગલાગટ મહિનાઓ સુધી આમ ઊંઘરેટાથી ગાડીને રાતના દીવામાં રહી પડતા સુધી એક પછી એક અનેક કામો ઉકેલવાની ફિકરમાં અમે નાનપણે જ આવી બની ગયા હતા. એ મહેનતાણાના બદલામાં જ જાણે અમને મગનકાકાએ છુટ્ટી આપી, એટલું જ નહિ પણ ડરબનના સ્ટેશન પર જઈ સ્વાગતો જોવા જવાની પણ ગોઠવણ કરી આપી.

હવે તારીખ યાદ નથી, પણ એટલું યાદ છે કે એ દિવસે સોમવાર હતો. ઘણે મહિને અમે ઘસીઘસીને નહાયાધોયા અને પોતપોતાનાં સારામાં સારાં કપડાં પહેરી તૈયાર થયા. ખમીસના કૉલર, કોટની કરચલી, પાટલૂનનો કમરપટો, ગોઠણ સુધી ચડાવેલા મોજાંના કાળા ઊની મોજાંના બંધ અને ચપોચપ બંધ 'સૅંડલ' (બાપુજીના ચંપલ)નું પૉલિશ વગેરે પર અમારી પૂરેપૂરી આવડત વાપરી અમે સજ્જ થયા ને નાનેથી મોટા સૌ દારબન, કોઈ ખોવાઈ ન જાય પાછળ ન રહી જાય એની સાવચેતી રાખતા, ફીનિક્સ સ્ટેશને ઊપડ્યા.

ક્યારે ટ્રેન આવે ને ક્યારે એમાં બેસીએ એ અધીરાઈથી અમે ઉતાવળીઆ થઈ રહ્યા હતા. આજે આસપાસ જોવામાં અમારું ધ્યાન ન હતું. અમે ડરબનના તરંગોમાં ગરકી ગયા હતા. આખરે ટ્રેન આવી. અમે બેઠા અને અમારા શરીરના સ્નાયુઓને નચાવતી, હેલ દેતી, રેલગાડી ડરબન તરફ ઊપડી. ડરબન પહોંચતા રેલગાડી આગળ આઠેક સ્ટેશન કરતી. ફીનિક્સ પછીનું બીજું સ્ટેશન 'અમાટો' બૂઝો. અમે આગળ વધ્યા કે રેલના પાટાની સમાંતરે ઊભેલા સોલ્જરોને જોઈ અમારી નવાઈ વધી ગઈ. ફીનિક્સમાં અમે આવ્યા પર ને ફરફર સિગ્નલ પાસે છૂટાછવાયા ગોરા પહેરેગીર જોયેલા, પણ અહીં તો આઠઆઠ કદમ પગલે ચળકતી સંગીનવાળો એકેક ગોરો સોલ્જર ઊભેલો, જાણે બહુ કમાણીઓની જીવતીજાગતી દીવાલ જ ઊભી ન કરી હોય! ગાઈડ રોડ માઈલ ગાય ને ગવરી જાય કે પછી, ત્યાં સોલ્જરોના હારની લાંબી ઝાડી નાખી પડ્યા હોય જેમજેમ અમે ડરબનની વધુ ને વધુ પાસે પહોંચતા ગયા તેમતેમ પાટાની બને બાજુ વધતા જતા સોલ્જરો જોયા. અમારી ટ્રેન લોઢાના પાટા પર નહિ પણ સોનાના પાટા પર જ જાણે ન દોડતી હોય, એવા ઠાઠથી એ પાઠીંગાનું જતન થઈ રહ્યું હતું.'

ફીનિક્સ વાસીઓએ સાથ બેન્જામીં આ દૃશ્ય કંઈક કૌતુક ભર્યું કે ખરું કે એ બાળવયે એ દૃશ્ય પર ઝાઝું મનન કરવાનું બન્યું ન હતું. પરંતુ બાળપણમાં પડેલી કેટલીક છાપ જિંદગીભર ભુલાતી નથી, એટલું જ નહિ પણ તે કલ્પના પોતાની અસર વધાર્યા જ કરે છે. મને પડેલી એવી અનેક છાપોમાં આ પણ એવી એક સૈનિક છાપની ગણું.

બાપુજીનું 'હિંદસ્વરાજ્ય' હું ને પાછી બાજુમાં ને 'સુપાત્ર એ સુધારો નહિ પણ કુધારો' એ મંત્ર રટ્યો; એ પછી એ જ વર્ષે સાબરમતી આશ્રમમાં 'મીલ વિરુદ્ધ હાથવણાટ'ની તથા સાબરમતીની આશ્રમમાં 'સ્વરાજ્યની ચાવી રેંટિયો'ની તાલીમ મેં લેવા માંડી; અને ટી-ટી-માર્ટી ફરી મહાત્મા ટૉલ્સ્ટૉયના 'ત્યારે કરીશું શું?'નું અધ્યયન કર્યું એ સર્વે મને સાવધ કર્યો આધુનિક અંગ્રેજ અને યંત્રયુગ તથા લશ્કરી કબજા પ્રત્યે મારા મનમાં સૂગ કપટ પણ એ આવી ભાવનાના મૂળમાં દક્ષિણ આફ્રિકાની રેલવે હડતાલનું ચિત્ર ગણું છું. અને એ વેળા મારા બાળમાનસ પર પડેલી અંગારી જ છાપ રહેલી છે એમ હું પોતાનું પૃથક્કરણ કરતા સ્પષ્ટ પારખી શકું છું. પણ બાળ મનને અત્યંત આનંદ આપતી રેલ, આગબોટ વગેરેની વિરુદ્ધ મારા મનમાં બચપણથી જ સાદ મેં પડી ગઈ એનો આ કેફેત મારે પોતાને માટે જેટલો રસમય હોય એટલો વાચકને ગમે ન હોય. એટલે એ વાત મૂકી હું રેલવે હડતાળના ઇતિહાસ પર આવું. એ વેળા જે ક્રમે મને એ ઇતિહાસની જાણ થઈ એ ક્રમ અત્યારે આજે યાદ ન રહી શકે, છતાં સ્મૃતિ જેટલો સાથ આપે એટલાની મદદ લઈને એ ક્રમ જાળવી રાખીશ.

બાપુજી છૂટીને ડરબન આવ્યા ત્યારે એમને ટેલીફોન કરતા દેવદાસકાકા સાથે અમે ફીનિક્સ સ્ટેશને ગયા એ વખતે રેલવે પાટાના સાથા પર ઊભેલા સંગીનવાળી સોલ્જર સાથે અમારી મુલાકાત થયેલી અને રેલવે હડતાલને અંગ મારે વાતો ઘણી જાણવાનું થયું અમે જાણ્યું એ વાત આગળના પ્રકરણમાં આવી ગઈ છે. બાપુજીને ટેલીફોન પર આવતા વાર થઈ એ દરમ્યાન એ સાર્જન્ટ સાથે અમે જે વાતો સાંભળી તે પરથી અમને ઘણું જાણવાનું મળ્યું.

પહેલું તો એ કે ૮૦ જણની જે ટુકડીએ મિ. પોલકની સાથે અમારા આશ્રમ પર છાપો માર્યો હતો અને મિ. વેસ્ટની ધરપકડ કરી હતી એ જ ટુકડીને હવે ફીનિક્સ સ્ટેશનનો પહેરો સોંપવામાં આવેલો હતો. મિ. વેસ્ટની ધરપકડ પછી બે અઠવાડિયાનો સુધી એ ટુકડીના મંત્રીઓ અમારે ત્યાં ધામા નાખી પડેલા ને એમની સાથે બાળકો સાથે સારી દોસ્તી થઈ ગયેલી, એટલે એ જ ટુકડીના નવા સોલ્જરોને પણ એમના પ્રશ્નો પૂછવામાં અમને સંકોચ જેવું કંઈ ન હતું.

છાપખાનામાં 'ઇન્ડિયન ઓપીનિયન' માટે આવેલા નવાનવા એવા કાગળો આશ્ચર્યચકિત અમને કહ્યું કે 'જોહાનિસબર્ગથી ડેલાગોઆબે સુધી આવતી 'ડાયમંડ એક્સપ્રેસ' ગાડી હડતાળિયાઓએ ઊંધી વાળી નાખી છે, જોહાનિસબર્ગનું જંક્શન સ્ટેશન બાળ્યું છે, ત્યાંની રેલવે એન્જિન પર ટોળાબંધ જઈને હુમલા કર્યા છે અને જોહાનિસબર્ગનાં કારખાનાંમાં પણ તોફાનો ચાલી રહ્યા છે. હડતાળ કેટલી કેટલી

રત્નો જેમાંથી રત્ન કમાતી ચીજની કલાનો પડઘો છે.

આગાના શિલ્પમાં આપણે જતા બહુ હોય છે પરંતુ તેનો મેળ [illegible] આગાના વિવિધ પ્રકાર છે.

[illegible], ત્યાંથી મેદાન આપણે જવાનું છે. [illegible] ભોંયના પ્રકાર [illegible] નથી. [illegible] મહાન મજાવાઓ કાદુગ [illegible] ભાષા આદિ [illegible] છે. [illegible] કે ભારતમાંથી આવતું પડ. [illegible] [illegible] જ્ઞાન, [illegible] આપણે જતા જઈએ [illegible]

પર પણ [illegible] જોવા મળે છે. [illegible] આપણે જતા જઈએ [illegible] [illegible] આ [illegible] કુદરત [illegible] આપણને [illegible]

કુદરતના [illegible] [illegible] આપણા [illegible] [illegible] ('કુમાર'નો [illegible] અંક) [illegible] [illegible] આગામ [illegible] [illegible]

[illegible] 'સિન્ડ્રેલા' [illegible] કુદરત જ નહિ, પણ [illegible] વનસ્પતિ, માનવ જાતની તમામ પ્રવૃત્તિ [illegible] [illegible] [illegible] [illegible] કુદરતમાંથી [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] ગૂઢ કુદરતી [illegible] [illegible] [illegible] [illegible] અને [illegible] [illegible] નહોતી.

ચીત્રો, [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] પરંતુ એ બધા કુદરતના જુદાજુદા રૂપોને આલેખે છે [illegible] [illegible] કુદરતને ચીતરી છે [illegible] કુદરતનું અખંડ દર્શન [illegible]

[illegible] કુદરતનું [illegible] નથી. [illegible] [illegible] [illegible] [illegible] આ પ્રાન્ત અને નિર્જીવ [illegible] [illegible]

છે. એમાંના ચિત્રો એવા બધું આપતું એના [illegible] [illegible] ન થીએ?

કુદરતના [illegible] [illegible] [illegible] [illegible] કેમ [illegible] ? [illegible] પણ [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] પહોંચી છે, અને કુદરતનું [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] કેમ ખીલ્યું નથી?

[illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] કવિત્વ, તત્ત્વજ્ઞાન અને [illegible] [illegible] [illegible]

આપણા [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] ધ્યાન, ત્યાગ અને [illegible]

[illegible], [illegible]

[illegible] [illegible]

[illegible] [illegible]

[illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

હરિપ્રસાદ વ્રજરાય દેસાઈ

Our Friends Abroad

પરદેશી મિત્રોના પત્રો

—'કુમાર' મારફત આ પત્રમિત્ર મેળવનાર વિનોદ સી. દેસાઇ અંકલેશ્વર

82 Pater Road, Walton, Liverpool

2-5-40

પ્રિય વિનોદચંદ્ર,

આજે તમારો પત્ર મળ્યો તે બદલ હું બહુ આભાર માનું છું. તમે અને તમારું કુટુંબ સર્વ કુશળ હશો. હું અંતરથી આશા રાખું છું કે તમે તમારી પરીક્ષામાં પાસ થયા હશો. હું જુલાઇમાં પરીક્ષા આપવાની છું એટલે હમણાં તો ખૂબ વાંચું છું. જો એમાં પાસ થઈ જવાય તો હું ડિસેમ્બરમાં મારા સર્ટીફિકેટમાં એક વિષયનો ઉમેરો કરીશ.

હમણાં તો વસંત ઋતુની મનોહર હવા ચાલે છે. ગયા શિયાળાની ભયંકર ઠંડી વેઠ્યા પછી અમને આ હવા બહુ ગમે છે. તમારા દેશમાં કપાસનો પાક ઉછેરનારા પ્રાંતોની વિગતોમાં મને બહુ રસ પડ્યો. તમે જેટલા મુંબઇથી દૂર છો એટલા જ અમે લંડનથી છેટા છીએ.

કૅકસ્ટનહૉલના ખેદજનક બનાવથી અમને સૌને અત્રે આઘાત થયો છે, પણ કોઈ જાન ગયો નથી એટલી પ્રભુકૃપા. હિંદમાં ફિલ્મ-ઉદ્યોગ આટલી સરસ પ્રગતિ કરી રહ્યો છે તે જાણી હું આનંદ પામું છું. ધંધા રોજગારમાં તેનો સારો ટેકો છે ખરું ને? હિંદી જીવનની મેં એકબે ફિલ્મો જોઈ છે. એક તો 'ડ્રમ' હતી, જેમાં સબુ નામનો મહાવતનો છોકરો કામ કરે છે. જોકે તે હિંદમાં તૈયાર થઈ હતી કે નહિ તે મને યાદ નથી, પણ હવે હિંદમાં બનેલી ઘણી ફિલ્મો જોવાનું અમને સાંપડે એવો સંભવ છે;—હમણાં નહિ તો યુદ્ધ પત્યા પછી. હમણાં તો એકેએક બાબત ઉપરતળે થઈ ગઈ છે. લીવરપૂલ અને તેના પરાંના મળી ૧૫૦ જેટલાં સીનેમા અહીં છે.

પેલા ફોટામાં બાઇ છે તે મારાં બા જ છે, પણ તે છબી સારી પડી નથી. મેં મારી પોતાની બીજી છબી મોકલી છે. તમારો ફોટો-ગ્રાફ મને બહુ સારો લાગ્યો છે તે મેં ફ્રેમ કરાવ્યો છે. જેની નજરે તે પડે છે તે બધા મારા પત્રમિત્ર વિશે પૃચ્છા કરે છે અને હું તેમને તમારા પત્રમાંની વાતો કહી સંભળાવું છું.

તમારા દાદાનું ઘર ઘણું સુંદર છે. અમારા ઘર પર બહારની બાજુ [illegible] ગામડાના [illegible] નથી હોતા, [illegible] ખાસ વિશાળ [illegible] અપવાદરૂપે [illegible] હોય છે [illegible] હવાનો પ્રમાણ [illegible] બહુ [illegible]. અહીં ત્યાં [illegible] છે [illegible] અદ્ભુત [illegible] છે ને [illegible] કામ [illegible].

આ યુદ્ધ વિષે તમે શું માનો છો? [illegible] રાજ્યોના પક્ષમાં વિજય મેળવવા [illegible] જરૂર કરવા પડશે, સ્વાતંત્ર્ય માટે [illegible] ખાંડ, માખણ, માંસ વગેરે ઉપર [illegible] મૂકાયો છે, પણ [illegible] જરૂર પૂરતાં તે મળી રહે છે [illegible] જોઈએ તે [illegible] પડે છે, [illegible] હૉટ [illegible] લાગે છે તેવી [illegible] અમને તો [illegible] નથી.

પણ [illegible] દુશ્મનની [illegible] ને [illegible] નામ [illegible] અદ્ભુત બહાદુરી [illegible] છે [illegible] ૧૫ કે ૧૬ વર્ષના હતા અને દરિયાના [illegible] હતા ને [illegible] શીખ્યા હતા એ વાર [illegible] એક [illegible] ૧૬ ફૂટ [illegible] પડ્યા હતા, [illegible] નિત્ય દુશ્મન સામે દરિયાની [illegible]

[illegible] લંડન [illegible] મૂલાકાતે આવ્યા હતા ત્યારે [illegible] કે આપણે આ [illegible] અને [illegible] દુનિયા આપણા માટે અને સૌના માટે સુખરૂપ [illegible] અંતરથી પ્રતિભાવ આપું છું.

તમને અને તમારા [illegible] સૌને મારા પ્રેમપૂર્વક [illegible] સાથે હું આ પત્ર બંધ કરું છું.

તમારી [illegible]

[illegible]



સંસારનાં શહેરો

૩૨–શિલૉંગ

ભારતખંડની પૂર્વ દિશાના ઢિંગાવ જેવું જે પર્વત-આચ્છાદિત આસામ આજે સૌની નજર ખેંચી રહ્યું છે તેની રાજધાનીનું આ શહેર પાટનગર બન્યું તે પહેલાં ખાસી ટેકરીઓના પરગણાનું મુખ્ય શહેર હતું. ઈ. ૧૮૬૪માં એ સિવિલ સ્ટેશન બન્યું ને પછી ૧૮૭૪માં આસામને જુદો પ્રાંત બનાવી તેને તેની રાજધાની બનાવવામાં આવ્યું.

૧૩,૨૦૩ (ઇ. ૧૯૨૧માં) જેટલી વસતિ [illegible] આ શહેર દરિયાની સપાટીથી ૫૦૦૦ ફીટની ઊંચાઇએ આવેલું છે. એનું ઉષ્ણતામાન બે ત્રણ મહિનામાં જ ૮૦ ડિગ્રીથી ઉપર નથી જતું. સરેરાશ વાર્ષિક ૧૦૦ ઈંચ વરસાદ પડે છે. હિંદનું સૌથી બીજું શહેર [illegible] ત્યાંથી ૩૩ જ માઇલ પર આવેલું છે. ઇ. ૧૮૯૭ના જૂનની ૧૨મી તારીખે અહીં જે ખતરનાક ધરતીકંપ થયો તેમાં શહેરના વગજન ખાનાં મોટા મકાનો જમીનદોસ્ત થઇ ગયાં, ત્યાર પછી તેની નવેસરથી કરવામાં આવેલી આધુનિક સુંદર નગરરચના, [illegible] દવાખાની અને મબલક [illegible] આસપાસની કુદરતની [illegible] નાની [illegible] નગરી હિંદના બીજાં [illegible] સૌન્દર્યમાં [illegible] જણાય છે. [illegible] સરકારી [illegible] પણ ને [illegible]

એની વસતિ [illegible] જાતિ [illegible] છે, [illegible] ને [illegible] મુખ્ય [illegible] નાની [illegible] છે ને [illegible] કુટુંબનો [illegible] નાગરિક [illegible] 'ખાસી' કહેવાય છે.

[illegible] ધોધ [illegible] પડતાં [illegible] ઘણાં [illegible] દિવસ [illegible] હિંદમાં [illegible] અસર [illegible] ફૂટ [illegible] (Sweet Fall) [illegible]



('પ્રતીક્ષા'માંથી)

મધુકરી

તોડી જીવનગેહેવ પથરો જેણે ચૂર્યાં,
સંસારે સ્થિતપ્રજ્ઞ બની ખરે જે ઝૂર્યાં;
ઇન્દ્રધનુ શા રંગબેરંગ રોપી જેણે
રચ્યા તારા ભવ્ય ઘુમ્મટો ભાવિક નેણે;
મનહર મુગ્ધ રસાળ તજી ગુણગરવી ગોરી,
લેઈ માતનું નામ દઢ તજી હાથની દોરી,
વન્ધ્યા વતનનું બ્હાલ ધરી જે હાથે ફરિયે
તેના પૂજન આજ અહોભાવે સૌ કરિયે

—રમણિક અરાલવાળા

ડૉ. શ્રીકાન્ત સરદેસાઈ

ગુજરાત એક અજબ પ્રાન્ત છે વિવિધ ક્ષેત્રમાં પોતાની પ્રતિભા, ખાહેશ ને શક્તિથી તેનું નામ હિંદને ખૂણે ખૂણે જાણીતું ને આદરણીય કરનારાઓને ય તે પોતે નથી પિછાનતું અજાણ્યા એ જીવે છે, આગુનાયા એ ગુજરી જાય છે કદાચ આ પ્રાન્તમાં જન્મવા અને જીવનનો હક પણ એ જ રીતે મેળવાનો હશે'

આવો જ એક આત્મા થોડુંક પહેલાં આપણને તજીને શાશ્વત શાંતિધામમાં ચાલ્યો ગયો જીવનના બેતાલીસ વર્ષ પણ પૂરા કર્યાં પહેલાં શ્રીકાન્ત સરદેસાઈએ આ જીવન ત્યજી દીધું કાર્યરત જિંદગી ગુજારનારથી ગુજરાત કદાચ અજાણ્યું છે, પણ જેણે જેણે એનો જીવન-વ્યવહાર અનુભવ્યો છે તે સહુ શ્રીકાન્તના ગુણાનુરાગી બન્યા છે

૧૯૦૭માં વડોદરામાં એ જન્મ્યા ગાંધીજીની હાકલ પડતાં ૧૯૨૧માં સરકારી કૉલેજોના અભ્યાસને તિલાંજલિ આપી અને શ્રી ગજ્જરની પ્રયોગશાળાઓમાં સંશોધનનો અભ્યાસ આરંભ્યો ૧૯૨૪ની આસપાસ પિતાની હિન્દ કેમિકલ વર્કસમાં એણે ઝંપલાવ્યું સાથે ઇન્ડિયન ઑઈલ મિલ્સ પણ શરૂ કરી, ને ૧૯૨૯માં સરદેસાઈ બ્રધર્સ નામથી કારખાનું શરૂ કર્યું ને ત્યારથી જ શ્રીકાન્તની સાચી કારકિર્દીની શરૂઆત થઈ હિન્દમાં જ હિન્દી તરીકે ઉપયોગમાં અતિ ઉપયોગી એવા ડાઈંગ, બ્લીચિંગ અને ફિનિશિંગ તથા સાઈઝીંગના રસાયણિક દ્રવ્યો સહુથી પહેલાં બનાવનાર હોવાનો યશ શ્રીકાન્તને મળ્યો હતો

શ્રીકાન્તે પરદેશી દ્રવ્યોની હરીફાઈમાં ઊતરી શકે એવા એક પછી એક રસાયણો બનાવવા માંડ્યા ખંત ધીરજ ને અભ્યાસી વૃત્તિથી એમાં એણે સફળતા મેળવી એનું લક્ષ હિન્દીઓ સાથે હરીફાઈ કરવાનું હતું જ નહિ ગુણવત્તામાં ચડિયાતી અનેકતા ય રાખી, સ્વદેશી વસ્તુઓ ઉદ્યોગને પૂરી પાડવામાં જ એને આનંદ હતો અને તેમાં યે કશું ઊતરતું ચલાવી લેવા એ તૈયાર ન હતા પરિણામે ગ્રાહકોને હંમેશ પ્રમાણભૂત અને ગુણની એકસૂત્રતા સાચવતા રસાયણો મળતાં પ્રયોગો કરતા એ જરાકે ન થાકતા એના જ પરિણામે અનુભવે ઉત્તમ જણાએલી વસ્તુઓ એ ઉદ્યોગને સાદર કરી શકતા. મિલઉદ્યોગથી પરિચિત માણસો એમ બી ૯૦૧ અને સ્ટીઅરીન મર્સીપલ પેસ્ટ વગેરે વસ્તુઓની ઉત્તમતાની સાક્ષી પૂરશે હિંદભરમાં જ્યાં જ્યાં આજે મિલઉદ્યોગ છે ત્યાં ત્યાં સરદેસાઈની પ્રમાણભૂત બનાવટો હોંશે વપરાય છે. અમદાવાદ કે મુંબાઈ, કાનપુર કોઈમ્બતુર કે કલકત્તા, સર્વ સ્થળે શ્રીકાન્તના અવિરત શ્રમના ફળરૂપ ઉદ્યોગને સાદર થએલી વસ્તુઓ ગૌરવપૂર્વક વપરાય છે.

શ્રીકાન્તનું સ્વભાગ્ય હતું કે એ એક ગુલામ દેશમાં જન્મ્યા. આઝાદ હિન્દમાં શ્રીકાન્તની પ્રતિભાને અનુરૂપ ક્ષેત્ર મળી ગયું હોત. દુઃખી બીમારી બાદ શ્રીકાન્તે દેવાસવાસ કર્યો. હિંદના ઉદ્યોગે એક પ્રખર અભ્યાસી અને પ્રખર રસાયણશાસ્ત્રી ગુમાવ્યા, ગુજરાતે એક સપૂત ખોયો (રેખા)

ગુજરાતનો ઓછો થતો વરસાદ

ગુજરાતમાં ધીમે ધીમે વરસાદનું પ્રમાણ ઘટતું જાય છે અને હવાપાણી શુષ્ક બનતા જાય છે એવી માન્યતા હાલ ખૂબ પ્રચાર પામી છે, અને એની અસર ખેતીવાડી ઉપર થતી હોવાથી ગુજરાતનો જનસમાજ ખૂબ ચિંતાતુર બન્યો છે હાલમાં 'ગુજરાત સંશોધન મંડળ, મુંબઈ'ના પ્રસ્તાવ ઉપરથી હિંદી સરકારના એક વિખ્યાત વાયુશાસ્ત્રી ડૉ. ભીમભાઈ એન દેસાઈએ આ વિષય સબંધી સંશોધન ચલાવી પોતાનો અભિપ્રાય પ્રગટ કર્યો છે. ગુજરાતમાં આવેલા વર્ષા વેધશાળાઓના છેલ્લા ૬૦ વર્ષના અહેવાલો તપાસી તેઓ જણાવે છે કે છેલ્લા એક સૈકાથી ગુજરાતના હવાપાણી કે વરસાદના પ્રમાણમાં કોઈ પણ પ્રકારનું ખાસ પરિવર્તન થએલું જણાતું નથી વરસાદની છત કે અછતને લઈ આપણે ત્યાં પડતા સૂકા અને લીલા દુકાળોની પરંપરા તો ઘણી જૂની છે

ગુજરાતના વરસાદ બે વર્ષાવાયુઓના પ્રવાહોને આભારી છે પહેલો, હિંદી મહાસાગર તરફથી આવતો નૈઋત્ય ખૂણાનો વર્ષાવાયુ અને બીજો, બંગાળના ઉપસાગર તરફથી વાતો વર્ષાપ્રવાહ. પહેલા વર્ષાવાયુ ઉપર ગુજરાતના ચોમાસાનો મુખ્ય આધાર છે અને બીજો વર્ષાવાયુ તેને મદદ કરે છે તથા તેની જ અસરથી ગુજરાતમાં અલ્પવૃષ્ટિ કે અતિવૃષ્ટિ થાય છે

સામાન્ય રીતે ગુજરાતમાં નૈઋત્યનો વર્ષાવાયુ આવવાથી વરસ

માસની અધવચ્ચે (મુંબઈમાં વરસાદ પડવા માંડે તેની એક અઠવાડિયા પછી) વરસાદ શરૂ થઈ સપ્ટેમ્બરની આખરે તે બંધ પડે છે ગુજરાતનો વરસાદ સામાન્ય હોય છે અને એક માસ પછી મુલાદમાં બંગાળાના ઉપસાગરનો વાયુપ્રવાહ જ્યારે ગુજરાત ઉપરથી પસાર થાય છે ત્યારે જ ખરેખરૂં ચોમાસું બેસે છે આ વાયુપ્રવાહ હમેશા એક જ રીતે ગુજરાતમાંથી પસાર થતો નથી કોઈક વાર તે આ પ્રદેશની નજીકમાંથી પસાર થાય છે, તો કોઈક વર્ષે તેની ઉપર થઈને વાય છે. જે વર્ષે આ વાયુપ્રવાહની સાથે ઓછો ભેજ આવે છે તે વર્ષે આપણે ત્યાં વરસાદની અછત અનુભવાય છે, અને વધુ ભેજ આવે છે તે વર્ષે અતિવૃષ્ટિ થાય છે ગયે વર્ષે ગુજરાતમાં થએલી અતિવૃષ્ટિ આ વાયુપ્રવાહને જ આભારી હતી ગુજરાતનું ચોમાસું જેના પર નિર્ભર છે એવા આ બે વર્ષાવાયુઓ હજારો વર્ષથી હાલની રીતે જ ગુજરાત ઉપરથી પસાર થતા આવ્યા છે, એટલે વરસાદ અને હવાપાણીના સર્જક તત્ત્વોમાં કાંઈ પરિવર્તન થયું નથી

વરસાદનું પડવું કે હવાપાણીની વધઘટ એ માત્ર તેના સર્જક કુદરતી તત્ત્વોને જ આભારી હોતાં નથી જે પ્રદેશ ઉપરથી વર્ષાવાયુ પ્રવાહિત થાય તેના ભૂપૃષ્ઠ ઉપર તેના ભેજને આકર્ષનારા તત્ત્વો પણ મોજૂદ હોવાં જોઈએ. આ તત્ત્વો મુખ્યત્વે પર્વતો અને વનસ્પતિ હોય છે. વર્ષાવાયુના માર્ગ આડા જ્યાં જ્યાં પર્વતો આવે છે તે તે વિસ્તારમાં પુષ્કળ વરસાદ પડે છે ધરમપુર વાંસદા, છોટાઉદેપુર, દેવગઢબારિયા, ઇડર, આબુ, ગીર, ગિરનાર આદિ ગુજરાતના પાર્વત્ય વિસ્તારોમાં સૌથી વધુ વરસાદ પડે છે તેનું કારણ એ જ છે વડોદરા પ્રાંત, ખેડા અને અમદાવાદ જિલ્લાઓ તથા ઉત્તર ગુજરાત જેવો તળ ગુજરાતનો પ્રદેશ તેની ઉપરથી વર્ષાવાયુ સીધા પસાર થઈ જતા હોવાથી ત્યાં વરસાદ ઓછો પડે છે સપાટ પ્રદેશમાં જો જંગલો ઊભેલાં હોય તો તેમનો ભેજ વરસાદને આકર્ષતો હોઈને એવા પ્રદેશમાં વરસાદ સારો પડે છે જંગલો ન હોય અને ખેતીવાડીની લીલોતરીથી પ્રદેશ ખૂબ સમૃદ્ધ હોય તોપણ ત્યાં વરસાદ સંતોષકારક પડે છે; પણ જો એ પ્રદેશમાં લીલોતરી બહુ જૂજ કે તેનો અભાવ હોય તો વરસાદ નજીવો પડે છે છેલ્લા સો વર્ષના ગાળામાં તો ગુજરાતના હવાપાણી કે વરસાદના પ્રમાણમાં કાંઈ ફેરફાર થયો નથી, પરંતુ થોડાક સૈકા ઉપર ગુજરાતના સપાટ તળપ્રદેશમાં કેટલાયે વિસ્તારોમાં જંગલો ઊભેલાં હતાં, એટલે ત્યાં હાલ કરતાં વિશેષ વરસાદ પડતો વળી પ્રાચીન કાળમાં ગામેગામ તળાવો હતાં અને રાજ્ય તરફથી તેમની પૂરતી સંભાળ લેવાતી, કેટલીયે નદીઓ બાંધવામાં આવી હતી એટલે પાણીના પૂરતા સંગ્રહને કારણે જંગલ વિહોણા સપાટ પ્રદેશો પણ વાડીઓ અને લીલાં ખેતરોથી ભરચક હતા. એ સમૃદ્ધ વનસ્પતિને લીધે હાલ કરતાં એ પ્રદેશો વરસાદને વિશેષ પ્રમાણમાં આકર્ષતા. આ પ્રમાણે પ્રાચીન તથા મધ્યકાળમાં ભૂપૃષ્ઠ પરના વરસાદને આકર્ષનારાં તત્ત્વો ખૂબ સમૃદ્ધ હોવાથી તળ ગુજરાતના સપાટ પ્રદેશમાં હાલ કરતાં વિશેષ વરસાદ પડતો

આમ, ગુજરાત કે જે હિંદની લીલી વાડી કહેવાય છે તેની ઘટી ગએલી ફળદ્રુપતા માટે માનવી જ જવાબદાર છે, કુદરત નહિ નદીઓને કોઈ બાંધતું નથી, પ્રાચીન કાળમાં ગામેગામ જે તળાવો હતાં તે આજે પુરાઈ ગયાં છે, રજવાડાઓને પ્રજાની પાણીની જરૂરિયાતની કાંઈ પડી નથી, વીઘોટી વસૂલ કરવી એ જ તેમની એકમાત્ર ફરજ અને ગરજ લાગે છે, અને જ્યાં પાણી કે જળસંચયની થોડીઘણી મદદ અપાય છે ત્યાં તેના બદલે એટલો બધો કર લેવાય છે કે પ્રજાને તે પરવડતો નથી.

—મ. વ પં

કેરી

લગભગ બધા જ ઉષ્ણકટિબંધના દેશોમાં કેરીનો પાક થાય છે. હિંદ ઉપરાંત મલાયા, જાવા, દક્ષિણ આફ્રિકા, ઇજિપ્ત, ફ્લોરિડા, ફિલિપાઇન અને સીલોનમાં પણ તે થાય છે, છતાં હિંદુસ્તાનનો પાક સૌથી વધી જાય છે. પંજાબથી મદ્રાસ અને બંગાળાથી મુંબઈ સુધી કોઈ પ્રદેશ એવો નથી કે જ્યાં કેરી ન જ ઊગી શકે એકલા મુંબઈ અને મદ્રાસ ઇલાકામાં જ ત્રણ લાખ એકર જેટલી જમીન આંબા માટે રોકાએલી છે

આંબાનો ઉછેર કદાચ અતિ પ્રાચીન સમયથી થતો આવ્યો છે. દરેક ધર્મકાર્યોમાં તેના ફળ અને પાનનું માહાત્મ્ય ગણાયું છે શોભા અને શણગારમાં તેનો કલામય પ્રયોગ થતો આવ્યો છે. ખોરાકતત્ત્વ અને ઔષધ તરીકે વૈદકગ્રંથોએ તેને પ્રમાણ્યો છે કવિ કાલિદાસથી માંડી સાહિત્યમાં અનેક પ્રસંગે આમ્રવૃક્ષરાજિ અને તેની મંજરીઓ સાથે કોયલના ટહુકાર અને પ્રેમીઓના મિલનો સંકળાએલાં છે

શહેનશાહ અકબરે દરભંગા પાસે દસહજાર આંબાનું વાવેતર કરાવ્યું હતું એના સો વરસના વૃક્ષો તો કંઈક ઠેકાણે છે. પૂર્વ ખાનદેશમાં ૩૦૦ વર્ષના ઝાડ પણ છે.

ભાવપ્રકાશમાં કેરીના રસના ગુણ બહુ વર્ણવ્યા છે પાકી કેરીનો રસ સુગંધી, મિષ્ટ, ઘન, બહુ સત્ત્વવાળો, રુચિકર, હૃદયને બળ દેનારો, બલ, નિદ્રા લાવનાર વર્ણને તેજ આપનાર, લોહી સુધારનાર વગેરે છે તપસ્વીઓને પણ તે આનંદ આપનાર છે. હમણાંની વૈજ્ઞાનિક શોધોએ જાહેર કર્યું છે કે એકબ્લી ઍપલ કરતાં છ ગણાં વીટામિન 'સી' તત્ત્વો હાફૂસ (આલ્ફાન્ઝો) કેરીમાં છે ઉપરાંત કેરીમાં વીટામિન 'એ' વીટામિન 'બી' અને વીટામીન બી (B_2) પણ છે વીટામીન 'એ'નું કેરીના રસમાં માખણના જેટલું જ પ્રમાણ છે તેમાં સાકરનું પ્રમાણ વધારે છે, પણ કેલ્શ્યમ ને ફોસ્ફેરિક ઍસિડ ઓછાં છે

કેરી ખાવાના અનેક પ્રકારો છે. તેમાંથી બનતાં અથાણાં ચટણી અને મુરબ્બાનો પાર નથી. હિંદમાં કેરીની લગભગ ૫૦૦ જાતો થાય છે, પણ તેમાં હાફૂસ શિરોમણિ છે. તે ઘણેભાગે સુરતથી ગોવા સુધીના ઘાટ પ્રદેશમાં જ થાય છે વેપારની દૃષ્ટિએ હાફૂસ કેરીનો જથ્થો ૧૯૩૨માં પહેલવહેલો યુરોપ મોકલવામાં આવ્યો હતો તેને વધુ ટકાવી રાખવાના પ્રયોગો પૂનામાં નિષ્ણાતો અજમાવી રહ્યા છે.

યુદ્ધ અને કાગળ–૨

ગઈ નાતાલ વખતે ઇંગ્લંડના સરંજામ ખાતાના પ્રધાને યુદ્ધને કારણે ક્રિસ્ટમસ કાર્ડ લખવા સામે પ્રતિબંધ ફરમાવ્યો હતો, કે જેથી એટલા વેડફાતો કાગળ કારતૂસો અને બીજી અગત્યની બનાવટો માટે ઉપયોગમાં લઈ શકાય

અમેરિકામાં કાગળની બનાવટમાં લેવાતા ક્લોરીનના ગંજાવર વપરાશ પર ત્યાંના યુદ્ધસરંજામ ખાતાએ વાર્ષિક ૬૫૦૦૦ ટન ક્લોરીનનો કાપ મૂક્યો છે. કેમકે કાગળને બ્લીચ કરવામાં વપરાતા એ રસાયનની જરૂર યુદ્ધસરંજામ માટે નીચેના વિવિધ ઉપયોગમાં પડે છે ચુબક મુરગો સામે વડાઓનું રક્ષણ કરનારા 'ડિમૉસિન ક્લોર' બનાવવામાં, હવાઈ વિમાનોમાં ઠંડક લાવનારા સાધન તરીકે, લશ્કર અને નૌકાસૈન્યના ઉપયોગના પાણીને શુદ્ધ કરવામાં, નનમૉટન બનાવવામાં, વૉટરપ્રુફ પૅરફિનના તંબૂઓ બનાવવામાં અને એવા જ બીજા ઉપયોગમાં.

યુનાઇટેડ સ્ટેટ્સમાં લશ્કરને યુદ્ધવ્યૂહની સૂચના આપનારા નકશાઓ બે કલાકમાં તૈયાર કરી આપી શકે તેવા મુદ્રણયંત્રો લશ્કરી સરંજામ માટે તૈયાર કરવામાં આવ્યાં છે. યુદ્ધભૂમિથી ૨૫ માઈલ

પાછળ હમેશાં ગોઠવાઈ રહેતા ૧૦૦ માણસો અને પાંચ અમલદારોના એ કાફલાની સાથે મોટા ફોટોગ્રાફ કૅમેરા પણ હોય છે, જે વડે કોઈ પણ ચિત્રનું ૨૮ગણું એન્લાર્જમેન્ટ બનાવી શકાય છે નકશાઓ એટલી ઝીણામાં ઝીણી વિગતોથી ભરેલા હોય છે કે કોઈ મેદાન જંગલમાં આવેલું અટૂલું દેવળ સુદ્ધાં તેમાં દર્શાવેલું હોય છે યુદ્ધસેનાપતિઓ આ નકશાઓ પર નિશાનીઓ આલેખીને લશ્કરની ગોઠવણી, મરામત પૂરી પાડનારી છાવણીઓ અને હુમલો કરવાના વ્યૂહ વગેરે ક્યાં અને કેમ રાખવા તે આલેખી આપે છે, અને પછી કાળી શાહીએ છાપેલા એ સ્થાનના ઝીણવટભર્યા નકશા ઉપર લાલ શાહીથી સેનાપતિની ઉપર્યુક્ત સૂચનાઓ છપાઈને એ ઓરની નકશાઓ બે કલાકમાં તો બધી રેજિમેન્ટોને પહોંચતા કરી દઈ શકાય એવી વ્યવસ્થા કરેલી છે આ રીતે સેંકડો શબ્દોનું કામ માત્ર થોડી રેખાઓમાં કરી બતાવતા આ બોલતા નકશાઓ એકેએક લાઇન ઑફિસરના હાથમાં આવી પડે છે

જેને આપણે [illegible] કહીએ છીએ તે કાગળ પેપરમાંથી અમેરિકાએ સૈનિકોને સૂવા માટે કાગળના કોથળા બનાવ્યા છે પાંચ પડના [illegible] પાતળા પણ અત્યંત ચિકટ અને મજબૂત એ કોથળા પર તેને વૉટરપ્રૂફ બનાવવા માટે આસ્ફાલ્ટનો પટ દીધેલો હોય છે અને બહારની બાજુએ ચીઝક્લોથનું પડ ચડાવી કિનારો એવી સીવેલી હોય છે ૭ ફૂટ લાંબા અને ૩।। ફૂટ પહોળા આ કોથળાઓ માત્ર ત્રણ રતલ વજનના હોવાથી સાથે હેરવીફેરવી શકવા સહેલા પડે છે તેની ખુલ્લી બાજુએ એક છેડો ત્રણ ફૂટ વધારે લાંબો રાખેલો હોય છે, જે સૂનાર [illegible] નો ઓશીકા તરીકે ઉપયોગમાં લઈ શકે અગર ચાહે તો હવા કે વરસાદથી બચવા મોં પર ઢાંકી શકે

બ્રિટનમાં હવેથી [illegible] ટપાલની ટિકિટો હવેથી અત્યંત [illegible] છાપવામાં આવશે, જેથી શાહીમાં વપરાતા એટલા રસાયણોનો બચાવ થાય

યુદ્ધ સમયે લેવાના રક્ષણાત્મક પગલાંઓની સૂચના આપતી જે પુસ્તિકાઓ અમેરિકામાં કરોડોની સંખ્યામાં છાપવામાં આવનાર છે તેમાં કેવા બીબાં (ટાઇપ) વાપરવા તથા તેની રચના કેવા પ્રકારની કરવી તેની સલાહ માટે અમેરિકાની રાજધાની વૉશિંગ્ટન અને ન્યૂયૉર્કમાં દેશના મુદ્રણકલાનિષ્ણાતોને બોલાવવામાં આવ્યા છે

ચીને લડાઈના ઉપયોગ માટે પોતાના ધાતુના બધા જ સિક્કા વ્યવહારમાંથી ખેંચી લીધા છે તેને બદલે બધા પ્રકારની ચલણી નોટો છાપવા માંડી, અમેરિકા લડાઈમાં ઊતર્યું ત્યાં સુધી એ દેશ પાસેથી દર મહિને વીસ ટન નોટનો કાગળ તે ખરીદતું હતું આજે હવે અમેરિકામાં નિકલ અને [illegible] નાના સિક્કાઓ યુદ્ધસરંજામ માટે મેળવી લેવાની વિચારણા વૉશિંગ્ટનમાં થઈ રહી છે

મિત્ર રાજ્યોએ હવે દારૂગોળાની બનાવટ માટે [illegible] બદલે [illegible] ને લાકડાના માવો મોટે પાયે વાપરવા માંડ્યા છે. ૧૯૪૨માં યુનાઇટેડ સ્ટેટ્સ ધીરાણ-પટા મદદ તરીકે ૨૭૫,૦૦૦ ટનનો વધારાનો જથ્થો મિત્રરાજ્યોને પૂરો પાડશે.

૧૯૪૨ દરમ્યાન અમેરિકામાં પ્રજાકીય રક્ષણના યુદ્ધપ્રયત્ન માટે ચાળીસ લાખ ટન કાગળના પૂંઠા (એ દેશની કુલ ઉપજનો ૧૦ ટકા ભાગ) વપરાશે પૅકિંગના કામ ઉપરાંત તેનો ઉપયોગ ગાડીઓ, વિમાનો અને કૅન્ટોન્મેન્ટ બિલ્ડિંગોમાં ઇન્સ્યુલેશન કરવામાં થવાનો છે

પ્રજ્વલક બૉમ્બ અને તેના આગિયા ગોળા

બર્મા અને સિંગાપોર પરના આક્રમણ દરમ્યાન જાપાની વિમાનીઓએ દોઢ દોઢ રતલ વજનના પ્રજ્વલક બૉમ્બ વાપર્યા હતા આ બૉમ્બ કોઈ પણ વસ્તુ સાથે અથડાય કે તરત જ ફાટે છે અને તેમાંથી આગિયા ગોળા વધુમાં વધુ ૫૦ વાર સુધીના વિસ્તારમાં ઊડે છે આ ગોળા ફૉસ્ફરસ મિશ્રિત રબ્બરના બનાવવામાં આવે છે તેનો વ્યાસ એક ઇંચ હોય છે, અને તે તરત જ અથવા તો એકાદ બે મિનિટ પછી સળગી ઊઠે છે. દરેક ગોળામાંથી ચારથી છ ઇંચ ઊંચી જ્વાળા પ્રગટે છે

આ ગોળા પર પાણી રેડીને અથવા તો બીજી કોઈ રીતે તેને ઓલવી શકાય છે પણ ફૉસ્ફરસમાં હવાના સ્પર્શમાત્રથી સળગી ઊઠવાનો ગુણ છે, એટલે પાણી સુકાઈ જાય અથવા તેની ભીનાશ જાય કે તરત જ તે ગોળા પાછા સળગી ઊઠે છે

આગિયા ગોળાથી બચવાનો સારામાં સારો ઉપાય એ છે કે તેમને પાવડાથી અથવા ભીની રેતીથી પ્રથમ ઓલવી નાખવા, પછી તેને પાણીથી ભરેલી બાલદીમાં નાખી, વસ્તીવાળા ભાગથી દૂર દૂર લઈ નાખી દેવા, એટલે તે બળીને રાખ થઈ જાય બૉમ્બના બધા ગોળા આ રીતે લઈ લેવાય તેની ખાસ કાળજી રાખવી જોઈએ

સ્ટિરપ પમ્પનો ઉપયોગ

આગિયા ગોળાથી લાગેલી આગ સ્ટિરપ પમ્પથી ઓલવી શકાય છે સ્ટિરપ પમ્પથી કામ લેવા માટે ત્રણ માણસોની જરૂર પડે છે, પહેલો માણસ (જે એ ટુકડીનો નેતા ગણાય) આગ બુઝાવવાનું કામ કરે છે, તેથી તેની જવાબદારી વધુમાં વધુ ગણાય છે બીજો અને ત્રીજો માણસ તેને પાણી પૂરું પાડવાનું કામ કરે છે

૨૫ ફૂટ લાંબી નળીવાળો સ્ટિરપ પમ્પ ૩૦ ફૂટ સુધી પાણીની ધારોડી ફેંકી શકે છે અને ૧૫ ફૂટ સુધી સ્પ્રે (પાણીના ફોરા) ફેંકી શકે છે. પહેલા માણસના હાથમાં પમ્પનું નાળચું (nozzle) હોય છે અને બીજો તથા ત્રીજો માણસ પમ્પ, [illegible] અને પાણી ભરેલી બે બાલદીઓ અથવા પાણી ભરેલા, ઢાંકણવાળા પેટ્રોલના ડબ્બા તૈયાર રાખે છે દરેક બાલદીમાં ત્રણ ગૅલન પાણી સમાય છે. આ સિવાય બીજાં સાધનોમાં [illegible] માણસ પાસે હોય છે તેની કુહાડી, (fireman's axe), એક વીજળીની બત્તી અને ઓછામાં ઓછું ૧૦૦ ફૂટ લાંબું દોરડું, એટલું હોય એ પણ આ ત્રણ સાધનોની આવશ્યકતા અનિવાર્ય નથી

ટુકડીનો નેતા, 'શરૂ' કહે તો તે જેવો પમ્પનું નાળચું હાથમાં રાખીને આગળ વધે છે તેવો જ બીજો માણસ [illegible] પમ્પની નળી (barrel) રાખીને [illegible] પાણી ભરવા માટે ચાર પાંચ ફટકા (strokes) મારે છે. પછી તે સામો 'શરૂ' કહે એટલે પહેલો માણસ આગ બુઝાવવાનું કામ શરૂ કરે છે, અને ત્રીજો માણસ પાણીની ધાર પૂરી પાડે છે. સતત પ્રવાહ માટે તેને મિનિટના ૭૦ ફટકા ને સ્પ્રે માટે મિનિટે ૩૫ ફટકા મારવા પડે છે ત્રીજો માણસ ડોલને પાણીથી ભરેલી રાખ્યા કરે છે અને જરૂર પડ્યે બીજા માણસને મદદ કરે છે

પહેલો માણસ 'રોકો' કહે ત્યારે બીજો માણસ પમ્પ ચલાવવાનું રોકી રાખે છે, પણ પમ્પની નળી (barrel) નો ભાગ બાલદીમાં જ રાખી મૂકે છે, અને પહેલો માણસ ફરી 'શરૂ' કહે તો ફરીથી પમ્પ શરૂ કરવા માટે તૈયાર રહે છે

જ્યારે પહેલો માણસ 'વિરામ' કહે છે ત્યારે બીજો માણસ બાલદીમાંથી નળી (barrel) કાઢી લે છે અને [illegible] પાણી કાઢી નાખી તેને લપેટી લે છે દરેક માણસ પોતપોતાની વસ્તુ સંભાળી લે છે અને રસ્તે પડે છે

—[illegible]

આ મહિનો (જૂન) ઇતિહાસમાં

તા. ૬ ચંપારણ્યની લડતનો અંત. ગાંધીજી-તેના કમિશન(પંચ)મા નીમાયા, ઇ.૧૯૧૭

તા. ૮ 'ક્લૉઇસ્ટર ઍન્ડ ધ હાર્થ'ની લોકપ્રિય પ્રેરકકથાના આલેખક, અંગ્રેજ નવલનવેશ ચાર્લ્સ રીડનો જન્મ, ઈ ૧૮૧૪.

તા. ૧૦ મિત્રરાજ્યો સામે ઈટલીએ યુદ્ધ જાહેર કર્યું, ઇ ૧૯૪૦.

તા. ૧૨ સર્વન્ટ્સ ઑવ ઇન્ડિયા સોસાયટીની પૂનામા સ્થાપના, ઈ ૧૯૦૫

તા. ૧૪ અંગ્રેજી જીવન ને સાહિત્યના જાગૃત સમીક્ષક, નવલલેખક, કવિ ને નિબંધકાર જી કે ચેસ્ટર્ટનનુ અવસાન, ૧૯૩૬.

તા. ૧૬ કચ્છમા ભયંકર ધરતીકંપ, ઈ ૧૮૧૯ (આ ધરતીકંપ સાંજના પોણા સાત વાગ્યે કચ્છ ઉપરાંત કલકત્તા ચુનાર, પૉંડીચેરી, અમદાવાદ, ભરૂચ વગેરે ઘણે સ્થળે જણાયો હતો; પણ તેની વધારે માઠી અસર કચ્છમા જ થઈ અનેક મકાનો તૂટી પડ્યા, કુટુંબોના કુટુંબો ગરક થઇ ગયા અને લખપત શહેરની આજુબાજુના પ્રદેશ પર દરિયો ધસી આવ્યો.

તા. ૧૭ ફ્રાન્સના માર્શલ પેતાંએ જર્મની પાસે યુદ્ધ તહકૂબીની યાચના કરી, ઈ.૧૯૪૦.

તા. ૨૩ હિંદમા અંગ્રેજોના અમલની ખીલી ઠોકનાર પ્લાસીનુ યુદ્ધ, ઈ ૧૭૫૮

તા. ૩૦ પોતાની સાથે મતભેદ ધરાવનારા બંડખોર અધિકારીઓને હિટલરે ઠાર કરાવી જર્મનીમા 'સાફસૂફ' કરી, ઈ. ૧૯૩૪.

આ માસની વ્યક્તિવિશેષ

ચક્રવર્તી સમ્રાટ હર્ષવર્ધન

હિંદના આખા ઇતિહાસકાળમાં થઇ ગએલા ત્રણ ચક્રવર્તી સમ્રાટો (ચન્દ્રગુપ્ત મૌર્ય, સમુદ્રગુપ્ત અને હર્ષવર્ધન)માના આ છેલ્લાનો પ્રતાપ તો છેક ચીન અને ઇરાન સુધી પ્રસર્યો હતો. પણ એ વિશેષ ખ્યાત તો એના કવિત્વથી છે. દિલ્હીની ઉત્તરે શ્રીકંઠ દેશની પાટનગરી સ્થાણ્વીશ્વર (કુરુક્ષેત્ર પાસેનુ આજનુ થાનેશ્વર)ના પ્રતાપી સૂર્યપૂજક રાજા પ્રભાકરવર્ધનના બીજા પુત્ર તરીકે ઇ.૫૯૦ના જૂન-ની ૪થી તારીખે એનો જન્મ થયો. ઇ.૬૦૩મા તેના મોટા ભાઈ રાજ્યવર્ધનને યુવરાજપદ મળ્યા બાદ ઈ ૬૦૬મા હિંદના વાયવ્ય સરહદના પ્રાંતો પર હૂણ લોકોનુ આક્રમણ થતા બંને ભાઇઓ તેની સામે ચડ્યા. દરમ્યાન અકસ્માત પિતાનુ મૃત્યુ થતાં રાજ્યવર્ધન હૂણો-ને હરાવીઆવી ગાદીએ બેઠો. એવામાં પાંચાલના રાજા ગ્રહવર્મા, જેની સાથે એમની બહેન રાજ્યશ્રીને પરણાવી હતી, તેનો માળવાના રાજાએ વધ કર્યો, રાજ્યશ્રીને કેદ કરી, ને લાટદેશ (દક્ષિણ ગુ-

ઉપર : હર્ષના હસ્તાક્ષર-જેમા લખ્યુ છે : स्वहस्तो मम महाराजाधिराज श्री हर्षस्य

જરાત તથા ગુર્જરત્રા(ઉત્તરગુજરાત)ના રાજાઓની મદદ વડે કનોજના આગળ ગાદી મોરચો રચ્યો. તેમા કર્ણસુવર્ણ(બંગાળ)નો રાજા શશાંક પણ ભળ્યો. રાજ્યવર્ધન મોટુ સૈન્ય લઇ કનોજ ગયો ને એ બધા શત્રુઓને હરાવી કેદ કર્યા. પણ શશાંકે પોતાની પુત્રી પરણાવવાના નિમિત્તે રાજ્યવર્ધનને નિમંત્રી દગાથી તેનુ ખૂન કર્યું.

એ જાણી ક્રોધાવિષ્ટ હર્ષ જબ્બર સૈન્ય લઈ ચડ્યો. તેણે શશાંકને હરાવ્યો. સમતટ, ઉત્કલ (ઓરીસા) વગેરે ગંગાના ખંડિયા રાજાઓ તેને તાબે થયા, અંગદેશ (પશ્ચિમ બંગાળ)ના રાજાને મારી તે જીત્યો, ને પાટલીપુત્ર આવતા સમાચાર મળ્યા કે પોતાના મિત્ર મહાનામન પર ગુજરાત ને સિંધુદેશના રાજાઓએ હલ્લો કર્યો છે. તેથી તેની વહારે ધાયો. તેને મુક્ત કરી, સિંધુરાજને મારી, ગુજરાત તાબે કરી, વલભી પર હુમલો કર્યો અને ત્યાના રાજા ધ્રુવભટને ખંડિયા બનાવી, લાટપતિને નમાવી વિન્ધ્યાચલની ઉત્તરના સમસ્ત દેશ પર દિગ્વિજય કરીને ઈ ૬૧૨મા તે સ્વદેશ પાછો ગયો ને ગાદીએ બેઠો. આ દિગ્વિજયના સ્મરણમા(૬૧ ના ઓક્ટોબર-થી) તેણે હર્ષસંવતનો આરંભ કર્યો.

આ સમયે દક્ષિણમા વાતાપીનો ચાલુક્ય રાજા પુલકેશી સર્વોપરિ થવા મથી રહ્યો હતો. તેણે વનવાસીના કદંબો, મૈસુરના ગંગ તથા આલુપોને જીતી, ઉત્તર કોંકણ સર કરી, મોટુ નૌકાસૈન્ય જમાવી અરબી સમુદ્ર પર આણ વર્તાવી હતી, ને ઈરાનના દરબાર સુધી એલચી મોકલ્યા હતા. તેના આ પ્રતાપથી અંજાઈ, હર્ષથી સ્વતંત્ર થવાની દરકારે લાટ, ગુર્જર અને માળવાના રાજાઓ તેના પક્ષે ભળી ગયા. એ સમાચાર મળતા જ હર્ષે તેમના પર ચડાઈ કરી, સૌને પેઠે હરાવી કાયમ માટે ખંડિયા બનાવ્યા. આ પછી નેપાળમા તેના મિત્ર રાજા શિવદેવની વિરુદ્ધ તેના અધિકારીઓ ઊભા થયા હતા તેની વહારે પહોંચ્યો. ત્યાં શાંતિ સ્થાપી પોતાના પ્રતિનિધિ અંશુવર્માને ત્યાં મૂક્યો. જે પાછળથી નેપાળનો રાજા થઈ ગયો. હર્ષે તેને ઉત્તરનો લોકપાળ નીમ્યો. આ અંશુવર્માએ પોતાની પુત્રી તિબેટના રાજા સ્રુંગગમ્પોને આપી તેની સાથે રાજકીય સંબંધ સ્થાપ્યો.

આ અરસામા ઈ.૬૩૩મા મિપુર આ વગ તેને કવિ બાણનો મેળાપ થયો. નેપાળમાંથી હર્ષની ગેરહાજરીનો લાભ લઇ આ તરફ વલભીપુરના રાજા ધ્રુવભટના પુત્ર ધ્રુવભટે લડાઈ જગાવી. હર્ષે તુરત આવી તેને નમાવ્યો. પણ વલભીપતિનુ બળ આ સમય ખૂબ વધેલુ હતું, ભવિષ્યમા તે યુદ્ધ ન આદરે તેટલા માટે હર્ષે પોતાની કન્યા આપી વલભીપતિ સાથે સબંધ બાંધી લીધો. વળી તેને પોતાનો દક્ષિણ અને પશ્ચિમનો લોકપાલ પણ નીમ્યો.

હવે હર્ષને દક્ષિણ જીતવુ બાકી હતુ. તેના સામા તરીકે પ્રથમ તેણે નોદમોડ(નાગમ) જીતી લીધુ અને પછી ૬૪૨મા કુંતલ પર ચડી, પુલકેશીને મારી ચોલમંડલ જીત્યુ. આથી મહામકશનો રાજા શરણે આવ્યો. તેને મિત્ર કર્યો. આમ, સમસ્ત દક્ષિણ પણ સર કરીને ૬૪૩મા તે ભારતખંડનો ચક્રવર્તી બન્યો.

હર્ષના પૂર્વજો સૂર્યપૂજક હતા. તેના મોટા ભાઈ રાજ્યવર્ધન બૌદ્ધ થયા હતા. તેની બેન રાજ્યશ્રી પણ બૌદ્ધ ભિક્ષુણી થઈ હતી. પણ એ પોતે શૈવ ધર્મ પાળતો હતો. તેને બૌદ્ધ ધર્મપ્રત્યે તેને પક્ષપાત હતો. હૂણોના ને મગધના આક્રમણથી નષ્ટભ્રષ્ટ થએલા નાલંદા વિદ્યાપીઠને તેણે પુનર્જીવન આપ્યુ હતુ ને તેની મદદને લીધે જ નાલંદા પ્રગતિની ટોચે પહોંચ્યુ હતુ. સુપ્રસિદ્ધ ચીના બૌદ્ધ વિદ્વાન યુવાન શ્વાંગ તેના આમંત્રણથી જ હિંદ આવ્યો હતો ને તેને હર્ષે બહુમાન આપ્યુ હતુ.

હર્ષવર્ધન મહાન સંસ્કૃત કવિ હતો. તેણે પ્રિયદર્શિકા (ઈ ૬૧૮), નાગાનંદ (ઈ ૬૨૩) અને રત્નાવલી (ઇ. ૬૪૦) એ ત્રણ નાટકો રચેલા છે. માતંગદિવાકર, મયૂર(સૂર્યશતક-નો કર્તા) અને બાણભટ્ટ (કાદંબરી ને હર્ષચરિતનો રચયિતા) આ મુખ્ય કવિઓ હતા.

હર્ષનું ચારિત્ર્ય ઘણું જ ઉજ્જ્વળ હતુ. તે આખા ભારતખંડનો ચક્રવર્તી સ્વામી હતો. પણ તેણે જેવો દેશ જીત્યો તેવો સંયમી પણ હતો. તેના ખંડિયા પ્રત્યે તે મમતા અને આદરભાવ રાખતો. પ્રજા ને તેની અત્યંત સુખી હતી. તેના સમયનો સમય હિંદનો સુવર્ણકાળ હતો. ચીનના સમ્રાટ તાઈત્સુંગ અને ઈરાનના બાદશાહ ખુશરૂ પરવેઝે તેની સાથે મૈત્રી ને રાજકીય સંબંધ બાંધી પરસ્પર એલચીઓ મોકલ્યા હતા. ઈ ૬૪૭મા હર્ષનું મૃત્યુ થયું. તેને પુત્ર ન હોવાથી તેના પછી તરત જ તેના ખંડિયા રાજાઓ સ્વતંત્ર થઈ બેઠા ને સ્વતંત્રતામા તેનુ ચક્રવર્તિત્વ એક [illegible]

લાહોરના રાજા રણજીતસિંહે પોતાના પરદેશમંત્રી અઝીઝુદ્દીનને એક વખત પૂછ્યું કે તમને કયો ધર્મ ગમે ? હિંદુ કે મુસ્લિમ ?

જવાબ મળ્યો કે 'હું તો એક મોટી નદીના પ્રવાહ વચ્ચે તરતો હોઉં એમ મને લાગે છે ત્યાં રહ્યે રહ્યે હું જમીન પર નજર નાખું છું, પણ બન્ને કિનારામાં કાંઈ તફાવત પરખી શકતો નથી '

અનેકાર્થી શબ્દો **સામ**=ચોથો વેદ સામવેદ, રાજનીતિના ચાર ઉપાયો (સામ, દામ, ભેદ, દંડ)માંનો એક ઉપાય–મીઠી વાતોથી સમજાવીને સામાને મેળવી લેવો તે, સ્વામી, માલિકની નીચેના લોખંડનો ગોળ ભાગ

કહેવતોના મર્મ 'દૂધના દૂધમાં, પાણીના પાણીમાં'–અનીતિથી મેળવેલું ધન કદિ ટકી રહેતું જ નથી એ બોધની આ કહેવત માટેની વ... નો જાણીતી છે કે ચોખ્ખું દૂધ આપવાથી જાગી ગયેલી ઘરાકીનો વધારે લાભ મેળવવા એક ભરવાડણે એકવાર લાલચથી, રસ્તામાં આવતી નદીમાંથી પાણી ભેળવી શહેરમાં જઈને દૂધ વેચ્યું પાછી વળતાં, એ જ નદી આગળ દૂધના પૈસા બહાર કાઢી તે નદી કાંઠે મૂકી તાંબડી ધોવા નદીમાં ઉતરી, ત્યાં પાછળથી એક સમડીએ ભક્ષ્ય ધારીને ઝડપ મારી થોડા પૈસા નદીમાં નાખી દીધા આથી કલ્પાંત કરતી ભરવાડણને તેની સહીઅર મશ્કરીમાં કહ્યું કે એ તો દૂધના દૂધમાં ને પાણીના પાણીમાં ગયા ' અને ભરવાડણે પૈસા ગણી જોયા તો પાણીના ભેળસેળના વધારાના આવેલા પૈસા જ પાણીમાં ગયેલા જણાયા ! એને મળતી તો બીજી ઘણી કહેવતો છે 'કુડને સદા ધૂડ', 'દગા કિસીકા સગા નહિ', 'ચોરને પોટલે ધૂળની ધૂળ', 'જયૂં વિયા સૂ દિયા, નહિ મે જીતિયા', 'ચોરીનો માલ ચંડાળે જાય, પાપી હાથ ધમનો થાય', વગેરે

ગણિતગમ્મત એકથી દસ સુધી, એકથી પંદર સુધી, કે પચાસ કે સો કે ગમે તે અંક સુધીના સળંગ અંકોનો સરવાળો કેટલો આવે તે જાણવાની એક સહેલી રીત છે જે અંક સુધીનો સરવાળો કરવો હોય તેમાં ૧ ઉમેરી, તે જ અંકના અરધા આંક વડે ગુણવાથી જોઈતો સરવાળો મળી રહેશે ધારો કે ૧થી ૧૦ સુધીના અંકનો સરવાળો કરવો છે તો ૧૦માં ૧ ઉમેરી તેને ૧૦ના અરધા અંક (૫) વડે ગુણો જે આવે તે જવાબ ૧૦+૧=૧૧×૫=૫૫ ૧+૨+૩+૪+૫+૬+૭+૮+૯+૧૦=૫૫

(પ્ર રા ત્રિવેદી)



કૉકેશસના શિરપેચ • ભાવ્યુએ છે તે રશિયાની કૉસાક જાતિનો છે

આ માહિનાનું નામ 'જૂન'–તે પશ્ચિમના પુરાણોમાંના દેવોની મહારાણી જૂનોના નામ ઉપરથી પડ્યું છે

અશુદ્ધ જોડણીના અનર્થ

પઈ=મહેમાન પાઈ=તાંબાનો એક સિક્કો

બહેડું=એક ફળ બેડું=ઘડો તથા દેગડો

મોડું=તેથી કરમોવવુ, મોઢવું=મોઢપામવું

મરિયો=જારબાજરીના છોડાનો દાંડો

મળિયો=ધાતુનો લાંબો કકડો

સાંભરવું=યાદ આવવું, સાભળવું=શ્રવણ કરવું

જિત=જિતાયેલું જીત=જીતેલ

કુચ=સ્તન કૂચ=રવાના થવું તે

સૂજ=સોજો સૂઝ=સમજ, ગમ

તામિલ=એ પ્રાંતની ભાષા

તામીલ=હુકમનો અમલ

પુર=શહેર પૂર=નદીમાં પાણીનું આવવું

—રમણ અબાલાલ શાહ


બર્મુડાના વતનીઓ શાર્ક માછલીનું તેલ એક બાટલીમાં ભરીને તેનો હવામાપક યંત્ર તરીકે ઉપયોગ કરે છે એ તેલ રોજની એકસરખી હવામાં સ્વચ્છ રહે છે, પણ વાદળિયા હવા લાગતાં ડહોળું પડવા માંડે છે

આફ્રિકાના જંગલવાસીઓ પોતાના ઢોલ વડે એક કલાકમાં ૧૦૦૦ માઈલ સુધી સાંકેતિક સંદેશો પહોંચાડી દે છે.

બ્લુ વ્હેલ નામનો મગરમચ્છ પૃથ્વી પરના હયાત પ્રાણીઓમાં સૌથી મોટું પ્રાણી છે જન્મની વેળા જ તે ચોવીસ ફૂટનો હોય છે!

અમેરિકામાં સર્વ સાધારણ લોકોની ચીજનો અંદાજ કાઢતાં 'આઈસક્રીમ' વધુમાં વધુ સંખ્યાને પસંદ પડતો જણાય છે

વીજળીના દીવાના પાંચ લાખ ગોળા રોજ બનાવનારું એક નવું યંત્ર અમેરિકામાં હમણાં તૈયાર થયું છે



ઘણા ચિત્રકારોને ચીતરતી વખતે આધાર લેવા માટે જુદા જુદા છાપાં વગેરેમાંથી કાપી લીધેલાં ફોટાઓની ચિત્રો પાસે રાખવાની જરૂર પડે છે તેઓ ભીંતના ટેકે આ રીતે બે ખીલીઓ ઠોકી દઈ તે પર બાંધેલી દોરીમાં ચપટીઓ–ટાંગી તેમાં ચિત્રો ભરાવીને પોતાની નજર સામે રાખી શકે


ગરિલા ને આરોગ્યમાં ખીલી સૌ જંતુ દરદ ચડી જાય છે તેની રાણી પંદર વર્ષ સુધી જીવી શકે છે અને મજૂરી કરનારી કીડી ચાર સાત વર્ષ જીવે છે નર માત્ર અઠવાડિયું જીવે છે



ઉંદરનું કામળ કાઢવા માટે આ રીત અજમાવવા જેવી છે પાણીથી અરધી ભરેલ એક ડોલને તેની જ ઊંચાઈની એક પેટી કે ખોખાને અડકે મૂકો, જેથી ઉંદરમામાને આવી પહોંચવાનું સાધન મળે ડોલમાં પાણી માત્ર ઢંકાઈ રહે એ રીતે ચાટ કે મરાળ આ ઝાંખી પાથરી દો ને તે પરથી વાળી દેવી, કે એવો લલચાવનારો પદાર્થ તરતો રાખો તેની વાસથી ખેંચાઈ, ખોખા પર ચડી તે ડોલમાં ભૂસકો મારશે, એવાજ તળિયે

શેઠાણી–જમના, તેં તો તારો પગાર કરતા પણ વધારે કિંમતના વાસણો ભાંગી નાખ્યા ! આનો તે ઉપાય શો કરવો ?

જમના–મને ય કાંઈ સૂઝતો નથી, બાઈ સિવાય કે તમે મારો પગાર વધારો



બીજા દેશોને મુકાબલે હિંદમાં વિજળિક શક્તિનું પ્રમાણ



ચીની કલામાં એક દૃશ્યચિત્ર - અઢારમી સદીમાં થઈ ગયેલો એનો આલેખક કાઓ-ચી-પેઇ પોતાની આંગળીનાં ટેરવાં વડે ચીતરતો. છોડ, પર્વત, ખીણ, ઝાડ અને માનવ એ સર્વને સમાવતા વિશાળ પરંતુ આ દૃશ્ય ચીની દૃશ્યાલેખનકળાનો નમૂનો છે.

ચીની માટીનો કૂંજો–ચીની માટીકામ એના રંગ અને ચળકાટ, મનોહારી ઘાટ અને તે પરના સુશોભનની કળા માટે આલમ-મશહૂર છે. એ માટીકામમાં એના કારીગરો વિશ્વકર્માની માફક એટલા આગળ વધ્યા છે કે એનો જોટો નથી. ઘેરા ભાગમાં પીળા રંગાનની ભોંય પર કરી ચળકીવાળાં આસમાની સુશોભનોથી અંકિત ૨૬ ઇંચ ઊંચું આ પાત્ર શુમારે ઈ. ૧૦૦૦ના સમયનું છે. એના પરના સુશોભનમાં આલેખેલું વિચિત્ર પ્રાણી–ડ્રૅગનનું સ્વરૂપ નમૂના જેવું છે. જેમાં સર્પ જેવો અત્યંત લાંબો અને અંગમાં મગર જેવો તીક્ષ્ણ દાંત તથા નહોરવાળો તથા બગલી માંડે એવા નવા શરીરવાળો એ ભયંકર ડ્રૅગોન–મકરસર્પ ચીનની કળામાં એક વ્યાપક આલેખન છે. ચિત્રોમાં વાસણો પર, પેટી પટારા આદિ કલા-કૃતિઓની વસ્તુઓ પર, શણગારોમાં, માળેક, પોખરાજ કે અકીકની કારીગરીમાં, બધે એનું સ્વરૂપ ઉતારવામાં આવે છે. ચીન-ઓને ક્રૂર ને ભયંકર લાગતું એ જુગુપ્સાપ્રેરક રાક્ષસી પ્રાણી ચીની પ્રજામાનસમાં આજ અનેક સૈકાઓથી હિંદુ-મગજનું સૂચક, અમર્યાદિત કુદરતી બળોની મૂર્તિરૂપ અને ભગવાનના વિગ્રહ-ભયંકર વાનતા જતાં પ્રેમાળ સ્વરૂપનું પ્રતીક છે. ચીની કથા-ઓમાં આવે છે તેમ રતનો એના પર સવાર થઈ શકે છે અને નિખાલસ સ્ત્રીપુરુષોને બાંટને વખતે એ મદદ કરે છે. નિઃસ્પ બાળકોને એ પોતાના શરીર પર બેસાડી પાણી ને હવામાં રમતા લઈ જાય છે. ચીની ચિત્રકારો એને પાણીમાંથી આકાશમાં જતો ને આકાશેથી પૃથ્વી પર ઉતરતો ચીતરતાં થાકતા જ નથી. તેનાથી વાંકાચૂંકા થતા એના શરીરની ગતિની સુંદરતા અને ચપળ દેહની લલિત-ભયંકર શોભા તેઓ વિવિધ રૂપે ઉતાર્યા જ કરે છે. એના કળા ઉપરની બીક એમના માનસમાંથી જતી રહીને તેના દેહસૌન્દર્ય અને ગતિની મોહકતા જ એમના મનમાં ઠરી છે. (જુઓ આ અંકમાંનો લેખ ચીનની કળા)







ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ
(વિવરણ માટે જુઓ પૃ ૧૬૦)

ડાબી બાજુથી અનુક્રમ (૧) 'દાદાનો લાડ-વાયો'–હાશમ સુતાર (નડિઆદ) ત્રીજુ ઈનામ, (૨) 'પ્રવાસી' જ. એલ. શેઠ (નાગપુર) નોંધપાત્ર, (૩) 'ભૂખ' રમણલાલ એમ. પંચોલી (અમદાવાદ) નોંધપાત્ર

ટપાલની ટિકિટો પર વિવિધ વાહનો


બળદગાડી, ઘોડાગાડી, ટેંડમગાડી, ઊંટસવારી, બાઈસીકલ, મોટરસાઈકલ, મોટરલૉરી, મોટર, રેલ્વેટ્રેન અને તેને ઉપયોગની મુજબ ટપાલની ટિકિટો પર અનેક દેશોએ વિવિધ ડિઝાઈનોમાં આલેખ્યા છે તેના થોડા નમુના આ ઉપર આપ્યા છે પહેલા અને છેલ્લા નબરની બળદગાડી વાળી તથા ઘોડાગાડી વાળી હિન્દની ટિકિટ જેવી ૩ ટિકિટોનો સેટ હિંદી ટપાલખાતાએ કાઢેલો હતો એ તો સૌના પરિચયમાં હશે

(શ્રી હરિલાલ એમ. વડવાળા કૅમ્પના સંગ્રહમાંથી)

કુમાર કાર્યાલયનાં કલાત્મક પ્રકાશનો

અજવાળી રાત

કિંમત ૨-૦-૦
રજી પોસ્ટેજ
૦-૮-૦



પંદર અજવાળી તિથિઓ સમી પંદર રસભરી ચુનંદી વાર્તાઓનો આ સંગ્રહ, અજવાળી રાતની મધુર ચાંદનીની પેઠે, નાનાં-મોટાં, નવીન તરુણ, ગહેરી સામાન્યજન, સૌને એકસરખો રસ આપે એવો સર્વગ્રાહી છે. ઘરનાં સ્ત્રીજન કે ઓછું ભણેલાં સામાન્યજન પણ સમજી શકે એવી સરળ સુબોધ, અને સૌ વિનોદ પામે એવી મૈત્રાબુમારક પંદર વાર્તાઓ, વિવિધરંગી ચિત્રો અને મનોહર રૂપરંગની સજાવટ સાથે બેરંગી મજબૂત પૂઠાવાળા સુંદર પુસ્તકમાં.

અજંતાના કલામંડપો

કિંમત ૧-૮-૦
રજી. પોસ્ટેજ
૦-૫-૦



હિંદના સાહિત્યમાં આ વિષયનું આટલું ચિત્રપૂર્ણ ને છતાં આટલું સસ્તું આ પહેલું જ પુસ્તક છે. શ્રી રવિશંકર રાવળે લખેલો અજંતાની કલાની વિસ્તૃત સમાલોચના કરતો લેખ, એના પાનાંને રસમય કરતાં ૯ ત્રિરંગી ચિત્રો, તથા આર્ટપેપર ઉપર છાપેલાં ૧૬ પાનાં ભરીને આલેખનો અને ફોટોગ્રાફો, તેમજ પાને પાને અજંતાનાં શોભનોનાં રેખાંકનો,—આ બધું ધરાવતા આ અપૂર્વ કલાગ્રંથની ગુજરાતી તથા હિંદી બંને આવૃત્તિઓ મળે છે.

ગુજરાત કલા-કલાપ

કિંમત ૧-૦-૦
રજી. પોસ્ટેજ
૦-૬-૦



કલાત્મકતા અને સસ્તાપણામાં અનન્ય એવો ચિત્રસંગ્રહ. વિશુદ્ધ કલાને અત્યંત સસ્તા દરે ઘરઘર પહોંચતી કરવાનો હેતુ આ પ્રકાશન પાછળ છે. પાંચ અગ્રણી ગુજરાતી કલાકારો-ના છ પૂર્ણરંગી ચુનંદા ચિત્રોનો આ સંપુટ, ૧૧x૧૪ના માપનાં આર્ટબોર્ડ પર ફ્રેમ માટે તૈયાર રૂપમાં આપવામાં આવ્યો. એક રૂપિયામાં આવા રંગીન ચિત્રો આટલાં સસ્તાં કોઈએ હજી આપ્યાં નથી અને તેથી જ તેની બે આવૃત્તિઓ થઈ ગઈ. એવો જ બીજો છ ચિત્રોનો નવો સંપુટ (કલાકલાપ બીજો) પણ તૈયાર થાય છે

કુમારના ખાસ અંકો ૧૦૦ અને ૨૦૦


દરેકના ૨-૦-૦
બંને સાથે ૩-૮-૦
રજી પોસ્ટેજ
દરેકનો ૦-૪-૦



'કુમાર'ના આ બંને ખાસ અંકો ગુજરાતના પત્રકારત્વમાં અનોખા યુગવર્તી પ્રયોગનો મનાયા છે. લબ્ધપ્રતિષ્ઠ ચિત્રકારો, કવિઓ અને લેખકોની ચૂંટેલી કૃતિઓથી સમૃદ્ધ એવા, બીન-હરીફ કલાત્મક રૂપરંગ ધરાવતા અનુક્રમે ૧૬૦ અને ૧૨૫ પાનાં, પૂર્ણરંગી તથા વિવિધરંગી ૨૦-૨૨ ચિત્રો, ફોટોગ્રાફો, નકશા, આલેખો, વાર્તાઓ, નાટકો, લેખો, કાવ્યો, ટુચકા વગેરે શિષ્ટ, સુંદર અને વિપુલ જ્ઞાનસામગ્રીથી મંડિત આ અદ્વિતીય અંકો ઘરના કાયમી બોધક સાહિત્ય તરીકે સંગ્રહયોગ્ય છે

ગુજરાતનું પાટનગર અમદાવાદ

કાચું ૧-૦-૦
પાકું ૧-૪-૦
રજી પોસ્ટેજ
૦-૫-૦



અમદાવાદનાં બાવન નામચીન સ્થાનોના ફોટોગ્રાફોનું આલ્બમ. જે જગતના સ્થાપત્યમાં અદ્‌ભુત કારીગરી તરીકે સ્થાન પામ્યાં છે, જેણે પશ્ચિમના નામચીન કલામીમાંસકોને મુગ્ધ કર્યા છે, જેની પ્રશસ્તિ સાંભળી જગત-યાત્રીઓ અમદાવાદ આવે છે, એ શિલ્પ અને સ્થાપત્યના કાવ્યો સમાં અમદાવાદનાં મકાનોનું આ આલ્બમ દરેક ગુજરાતીના ઘરમાં હોવું જોઈએ. દરેક ચિત્ર નીચે ઐતિહાસિક અને લાક્ષણિક માહિતી આપતી નોંધ તથા શ્રી રત્નમણિરાવ ભીમરાવ જેવા વિદ્વાને લખેલા, અમદાવાદની ચડતી પડતી ને વિકાસ વર્ણવતા વિદ્વત્તાભર્યા નિબંધ સાથે

ગોવાલણી અને બીજી વાતો

કિંમત ૨-૦-૦
રજી પોસ્ટેજ
૦-૬-૦



ગુજરાતના શરૂઆતના નવલિકા-લેખકોમાં જે મોખરામાં પ્રકાશ્યા તે 'મલયાનિલ'ની રસનીતરતી બાવીસ વાર્તાઓ—જેમાં દસ મર્માળા હાસ્યની અને બાર મસ્ત પ્રણયની છે. 'ગોળમટોળ શર્મા'ના નામથી કટાક્ષકથાઓમાં અને 'ગોવાલણી'ની વાર્તાથી પ્રણયકથાઓમાં નામના મેળવનાર અને પોતાના મૃત્યુ પછીથી વધુ મશહૂર બનનાર એ લેખકનો આ સંગ્રહ ગુજરાતના જાણીતા કલાધરોનાં બેરંગી ચિત્રોથી વધુ સુંદર બન્યો છે.

· કુમાર કાર્યાલય · ૧૪૫૪ રાયપુર · અમદાવાદ · તથા બધા જાણીતા બુકસેલરો